આદ્ય દ્રષ્ટા—
એક અભેદમાર્ગ-પ્રવાસી
નિજ મણિલાલ નભુભાઇ

સુદર્શન.

તન્ત્રી—
પ્રોફેસર આનંદશંકર બાપુભાઇ ધ્રુવ
એમ. એ એલએલ બી
ઉપતન્ત્રી—
મે ગ વિશ્વવિહારી અનુજ.

(ધર્મ-ગૃહ-સાહિત્ય-આદિ વિદ્યા અને તત્સંબંધી વિચાર)

" सत्यं परं धीमहि "—भागवतम

પુસ્તક ૧૮. અંક ૧.] (માસિક.) [ઑક્ટોબર ૧૯૦૨.

બ્રહ્માને—ઉપાલંભ !

(મળેલુ)

હે બ્રહ્મા શુ નવ કંઈ જડ્યુ કે રચી સૃષ્ટિ આ સૌ!
ના શુ લાધી દૃષ્ટા શક્તિ વળી વૃત્તિ એકાગ્રની તો !!
નાના એવું નવ કંઈ બને, કોક હેતુ અપૂર્વે,
દોર્યો પ્રેર્યો જગત્ સ્વજતો ભાવવૃત્તિ વિહીન !

ના શુ જાણે તવ શિર લખ્યુ નાશ છે પામવાનુ !
એવો તે તું ક્રમ કરી રચે જે સદા જે રસીલુ !!
આસુરી મૌ વિવિધ નવલી પ્રત્તિએ ભાવનાની,
નિર્મિ ક્યાં તે જગતમહિ આ દૂર કર્યો સુવૃત્તિ ?

સુના કુ વૃત્તિ હો, પણ નકી જ છે અંત સઉનો,
હશે કો સ્થાને એ પરમ શુભ વૃત્તિ મળી જતી ?
વળી બ્રહ્મા તારૂ સકલ જગ શોધી ફરી મરૂં,
તથાપિ ના લાધે, પરમ શુભ એ સ્થાન વિભુનુ !

પડી આજા જ્યારે જગત્ સરજવાની તેવ-શીરે,
વિના બોલ્યે ચાલ્યે વચન વિધિ કાં તું શીર ધરે.

હતા શંભુ વિષ્ણુ, સકલ પણ જેઓ કરી શકે,
છતાં તારે શી કેર મગરૂર બન્યો કાયે કરવે !

શંભુને વિષ્ણુના ભાળું, જન્મોત્સવ દિનો રૂડા;
આવ્યો કામ કામે છે, ના તારૂં કંઈ કાં જરા ?

વિશ્વ વિહારી—અનુજ.

કૃષ્ણનું સુદર્શન.

(મળેલું.)*

શિખરિણી.

દિસે છે આજે આ ઉદિત થતું આકાશ ઘનમાં,
હસે છે જ્યોતી તે તિમિર રિપુને ફેર કરવા;
સ્વ પુષોથે છે તે રિપુદળ વિષે બૌ વિચરતું,
કલીને કાઢતું સુદરશન આ કૃષ્ણ તણું શું !

ઉગેલો આકાશે દિનકર મણી ભારી તપતો,
હણી ડોળું વારી નિરમળ કરી તેહ ક્રવતો;
નવી વેલી વૃક્ષો જીવન જગનું આ ઉગવતું,
કલીને કાઢતું સુદરશન આ કૃષ્ણ તણું શું !

કહૂ મોટા વક્ષો ઉધત અવનીમાં અવતર્યા,
કહૂ કાને તેના પલ પલ વિશે પ્રાણ હરીયા;
ભલું ગંગા અમ્મુ પતિત તણું ઉદ્ધાર કરતું,
કલીને કાઢતું સુદરશન આ કૃષ્ણ તણું શું !

પડે કષ્ટો જ્યારે જગત જનને ધર્મ મહિં રે,
સુણી સાધુ સ્તુતી ધરણિધર ભૂમાં અવતરે;
બિગાડો બુદ્ધિના સરસ્વતિ રૂપે દૂર કરતું,
કલીને કાઢતું સુદરશન આ કૃષ્ણ તણું શું !

થયા ભર્તે ભારી યવન નૃપતી ઘોર જુલમી,
હણ્યા દેવો દેશાં ધન ધરમ ગ્રયો જન દમી;
વટાળ્યા વાણીમાં અધિક જન આચાર મહિશું,
કલીને કાઢતું સુદરશન આ કૃષ્ણ તણું શું !

---

* આ કવિતાં ઘણુ અર્થવાળી છે.

થયો એવો ભારી પ્રલય ભગ્તે સૌ જન જુઓ,
નૌવાને રૂઢીથી નયન ભરી ભાઇ ઉર રૂઓ,
સુખો બુદ્ધિ શુદ્ધે ગણિશુ મુગ જ્યોતિ જનમીયુ,
કલીને કાઢતુ સુદરશન આ કૃષ્ણ તણુ શ !

કંઇ કૃષ્ણે કીધુ સગ્વનિજ મુખે ઉચરીને,
વસી જેજે દેવી સુ ગશન મારૂ જ ધરીને
ભવીષ્યેથાશેરે પ્રગટકલિ આ પૃથ્વિ પર શુ,
કલીને કાઢતું સુદરશન આ કૃષ્ણ તણુ શુ !

ખરી ગોપી ગોરી નજર પડતા મોહિત કરે,
અરે એ દેવીનુ સગ્વદિ હે રક્ષણ કરે,
ધગવી ધર્મોને ભરમ મનના દૂર કરતુ
કલીને કાઢતુ સુદરશન આ કૃષ્ણ તણુ શ !

બિચારી નારીને મતિ ભ્રમના માગ કથતુ,
સુનામા બાળાનુ ચપળ અબળા ચીત કરતુ
મતીને ઇ મોમા શૌયળ પણ સારૂ નિભવતુ,
કલીને કાઢતુ સુદરશન આ કૃષ્ણ તણુ શુ !

નવી વિદ્યા મેલી સરન રિતથી છે શૌખવતું
વળી નાટયો ભાખ્યો કવિન રમ શાસ્ત્રો સુચવતું
પઢાવે પોથી વાલ્મિક શુકને વ્યાસ તણિ શુ,
કલીને કાઢતુ સુદરશન આ કૃષ્ણ તણુ શુ !

દિસે તેનુ સ્થાન પુરવ દિશમા તની પુરન,
નહીં જોને કાઈ જગત જનના જૂદ ગરન
થયુ છે આજે તે અવિચળ ખગે યુદ્ધ કરતુ
કલીને કાઢતુ સુદરશન આ કૃષ્ણ તણુ શુ !

બહુ જન્મો લીધા ઉદર જનનીનુ ઋણ ગણી
નથી પામ્યો ભાઈ મરણ વિણ તુ જાનજ મણી
વશેલુ વેદાતે રહસ્ય તુજને છે અગ્પતુ,
કલીને કાઢતુ સુદરશન આ કૃષ્ણ તણુ શુ !

પ્રાણશંકર છગનલાલ ત્રિવેદી

રાજયોગ.

(મળેલું)*

(અનુસંધાન ગત વર્ષ અંક ૧૧ પૃષ્ઠ ૩૪૫ થી.)

પ્રવેશક

(૧)

હવે આપણે અદ્વૈત ફીલસુફીના વિચાર તરફ વળીએ અને વિચારીએ કે, આધુનિક ફીલસુફોના સિદ્ધાંતો સાથે, તેના સિદ્ધાંતો કેટલા મળતા આવે છે બ્રહ્મને માનવિના મન અને વાણીથી અગમ્ય વર્ણવવામા આવે છે અને તેને સર્વના આધાર અને પ્રભવ સ્થાનરૂપે સિદ્ધ કરવામા આવે છે સર્વ વસ્તુઓ તેનીજ છે તથા તેમાજ છે માનવિ આ બ્રહ્મને જોઈ શકતો નથી તથા પોતાના અંતઃકરણમા અનુભવી શકતો નથી, કારણ કે તે તેને અવિદ્યા અથવા (માનસિક) અજ્ઞાન દ્વારા વિરોધે છે, જે તેના પરસ્પર અબધિ જડ અથવા પ્રકૃતિથી વિખુટી ન પડી શકે તેવી દેહ વગેરેના છે બ્રહ્મ પરિપૂર્ણ છે, જેનું અસ્તિત્વ આપણા અંતઃકરણના તત્વથી જ અને તર્કના સર્વ નિયમોથી આપણે માન્ય કરવું પડે છે સ્પેન્સર પણ એટલું કબુલ રાખે છે કે, પરિપૂર્ણનું અસ્તિત્વ છે, પરંતુ તે સદા અજ્ઞેય સ્વરૂપમા છે અને અત્રે જ ઉભયમા ખરેખરો તફાવત છે એ અજ્ઞેય, બ્રહ્મના કરતા પોતાના સ્વરૂપમા વિશેષ અભાવ વાચક છે, અને મારા ધારવા પ્રમાણે, મી ડેવીડસેઝન, એચ સ્પેન્સર માટે યોગ્ય ટીકા કરે છે, "મને તો તેની અધ્યાત્મ વિદ્યા માત્ર વિરોધ અભાવ વાચક લાગે છે."× અજ્ઞેયને જીવન નથી, તેનામા આત્મા નથી, આર્ય ફીલસુફીનો બ્રહ્મ, સર્વ જીવનમય, ભૂમા, જડ ચૈતન્ય કરતા કાંઈક વધારે, અસ્તિત્વના સારભૂત સત્ છે યુરોપીય શોધ, આર્ય રહસ્યવાદે ઉપદેશેલા માર્ગની ઝાંખી પામવા સુધી આવી શકી છે, પરંતુ અન્યનુ યથાર્થ રહસ્ય સમજવામા ગોથુ ખાધુ છે. બ્રહ્મ અને અવિદ્યાના વિચારો સર્વ તેમા છે, પરંતુ યુરોપીય સાયન્સનો અજ્ઞેય, બ્રહ્મ માત્ર જીવન રહિત સમૂહ છે, જીવ વિનાનુ શરીર છે આપણે જાણીએ છીએ કે, અજ્ઞેય છે-અસ્તિત્વ ધરાવે છે, અને કોઈ પણ સાયન્સ આનો નિષેધ કરી શકવાની નથી વળી આપણને એટલુ વિશેષ માલૂમ પડે છે કે, અસ્તિત્વ, તે શબ્દના યથાર્થ અર્થમા, આપણને જણાવવા કંઇ પણ માટે આગળથી નિશ્ચિત થઈ શકે નહિ, પરતુ તે તો અજ્ઞેય અને માત્ર અજ્ઞેયને માટે જ થઈ શકે આનો વેદાંતની ભાષામા કહેવા માંગીએ તો એવો અર્થ થાય છે કે, બ્રહ્મ, સમગ્ર અસ્તિત્વ (સત્) છે બ્રહ્મ રહિત અસ્તિત્વ અથવા સત્તા અતર્ક્ય છે એ એક પ્રકારનો નૈયાયિક વિરોધ છે ઉત્તમ વાક્યાવલિના અભાવને લીધે હું દીલગીર છુ કે, હુ મારા કહેવાનો ભાવાર્થ આથી સહેલો કરી શકતો નથી, પરતુ આશા રાખુ છુ કે, તમે મને સમજી શક્યા છો આપણે કયારનુએ જોયું કે જડ, યથાર્થ રીતે

(* ગ ન મણિલાલના અંગ્રેજી ગ્રંથને આધારે લખનાર, ગ રા વિશ્વવિહારી—અનુજ.

× 'Recent British Philosophy

અજ્ઞેય પદાર્થ છે, કારણ કે તે માત્ર તેના પ્રદર્શન દ્વારા દૃશ્ય થઈ શકે છે. આ આમ છે અને સદા એમ જ રહેશે. માટે તેને સદા અજ્ઞાત (અજ્ઞેય) કહેવામાં આવે છે. પરંતુ, જે પોતાનો તેમજ અજ્ઞેયનો દ્રષ્ટા છે, તે તો બિલકુલ અજ્ઞાત અથવા અજ્ઞેય પણ નથી. તે તો અંતઃકરણનું ખરૂં તત્વ છે, અને સદા અદ્વિતીય અને એક છે. તેજ યથાર્થ અને સર્વાસ્થિત, સર્વ વ્યાપક, પરિપૂર્ણ છે. આ વિચાર દર્શાવવાને, અજ્ઞેય, એ યથાર્થ શબ્દ નથી; કારણ કે તે તો, તેનાથી કંઈક તદ્દન વિરૂદ્ધનેજ દર્શાવે છે. પરિપૂર્ણ, સમગ્ર સત્ છે, જે માત્ર અસ્તિત્વના વાચ્ય કરતાં વિશેષ અર્થ સૂચક છે; તેતો યથાર્થ જ્ઞેય અસ્તિત્વ દર્શાવે છે, યથાર્થતા કે જે, યુરોપીય ફીલસુફીના અજ્ઞેયમાં તદ્દન ખુટતી છે. અજ્ઞેય, એક અપરિમિત અભાવ છે, પરિપૂર્ણ, એક પરિમિત સ્થિતિ છે.

સિદ્ધ સાબિતી તરીકે નહિ પરંતુ સૂચના તરીકે, એક બે સિદ્ધાંતો મારે તમારી આગળ દર્શાવવાના છે કે જે, મારા અભિપ્રાય પ્રમાણે, અજ્ઞેયને માટે અમુક આત્મિકતા અથવા ઓળખાણ ઓછી, જડાતિરિક્તતા દર્શાવી આપશે. જ્ઞેય પરિણામોનું અજ્ઞેય કારણ છે, એમ કહેવું, અને આ અજ્ઞેયની સંભાવ્યતાનો સ્વીકાર ન કરવો, એ એક નૈયાયિક વિરોધ છે. અમે અજ્ઞેયના ભાવ વાચક અસ્તિત્વ, કે જેમાં જડ અને ચૈતન્ય ઐક્યમાં ભળેલાં જ જોઈએ, એ માટે વાદ ઉઠાવીએ છીએ. દાખલા તરીકે, પરિણામવાદીઓનો મૂલ પદાર્થ, પ્રથમ પ્રદર્શન અથવા એક પ્રકારનું જીવનનું સ્વરૂપ, લઈએ. સાયન્સ વાળાઓ, પ્રથમ જીવન, જીવનના આ પ્રથમ બીજ વિષે, શો ખુલાસો આપે છે? તેઓ કહે છે કે; જડના કર્તૃત્વદ્વારા, તે સંભાવિતનું યાંત્રિક શક્તિમાં પ્રદર્શન છે. આવો વિચાર, જીવન ઉદ્ભવ માટે, જડથી અન્ય કંઈક માનવાની તેમને જરૂર પાડશે,—કેમકે કે જેની પ્રકૃતિ સમજવાને તેઓ શક્તિવાન થયા નથી. જડ પોતાની મેળેજ, જીવને ઉદ્ભવ કરવા સમર્થ નથી. ટેટ અને સ્ટુઅર્ટ, તેમના "Unseen Universe" નામના પુસ્તકમાં નિચેના શબ્દોમાં એનો એજ વિચાર બાર મૂકીને જણાવે છે. "નિર્જીવજડ, જીવન સહિત બંધારણ પેદા કરી શકે નહિ, એવો શારીર વિદ્યાના પ્રખ્યાત ઉસ્તાદોનો સર્વ માન્ય અનુભવ છે." ખરેખર, આધુનિક સાયન્સની સરલ રીતે, અને તેટલા માટેજ શોધના તેમના પોતાના નિત્ય નિયમાનુસાર, નિર્જીવ જડમાંથી પરિણામ પામતા જીવનની માન્ય સાબિતી આપવાની અશક્તિજ, જીવનપ્રદર્શનનો ખુલાસો કરવાની સ્થૂલ સાયન્સની નિર્બલતાનો સિદ્ધ પુરાવો છે. પ્રકૃતિમાં અમુક નિશ્ચિત સમયે પોતાની મેળે પ્રદર્શિત થતું, જડમાં અંતઃસ્થિત થયેલું કંઈક ધારી લેવાનો માર્ગ પણ, અસાર સુધી આપણે જેને અજ્ઞેયની આત્મિકતા કહેતો આવ્યા છીએ, એ ગુંચવાડામાં સાયન્સવાળાઓને ઉતારશે. અને તો પણ આવિ કલ્પનામાંથી બચવાનો અન્ય માર્ગ નથી. જો, કારણમાં લેશ પણ જીવન ન હોય તો, કાર્યમાં તે દેખાવાનો લેશ પણ સંભવ નથી. જો, અજ્ઞેયમાં લેશ પણ જીવન ન હોય તો, એટલું સમજવું મુશ્કિલ થઇ પડે છે કે, અજ્ઞેયથી સ્વતંત્ર બહારનું કયું તત્વ, ભાવિ અમુક સ્થિતિએ, તેના એકાદ પ્રદર્શનને જીવન અર્પવાને આવી શકે. આ જીવન અથવા આત્મિકતા, અથવા જીવન વ્યાપારો ચલાવે છે તે, વિચાર, અંતઃકરણ, જ્ઞાન, જડ બંધારણનાં પરિણામ નથી, તે તો સર્વત્ર છે. જીવનના વિશાલ અગમ્ય વિસ્તારમાં લેશ પણ ખાલી જગ્યા નથી. જડની યોગ્ય સ્થિતિઓમાં, સ્પષ્ટ કાર્યો દ્વારા, જીવન પોતાની મેળે પ્રદર્શિત થાય છે; પરંતુ પ્રથમ

કહ્યા પ્રમાણે તે સર્વત્ર છે, તથા જડનુ પણ યથાર્થ જીવન અને અસ્તિત્વ પણ તે જ છે, એ એક એવી વાત છે કે જેની કદાપિ ના પાડી શકાશે નહિ, તેમજ અપ્રતિમાદિત પણ થઇ શકશે નહિ જો, જીવન, અથવા આપણે જેને પદાર્થોનો આત્મા કહીએ છીએ ને, જડ બધારણનુ પરિણામ હોય તો, મહભાગી પદાર્થોના અભાવમા પણ તેના અસ્તિત્વનો શો ખુલાસો? અન્ય રીતે કહીએ તો, પ્રાણવિનિમયની વિશ્વદૃષ્ટિ, સમાધિ, અને એવા આત્મિક બનાવો, આપણે શી રીતે સમજાવી શકીએ? આનો ખુલાસો એમ માનવાથી થાય છે કે, સમગ્ર બ્રહ્માડ એક જીવન છે, અને આકાશની સભાવતા દ્વારા, ગમે તે ક્ષણે ગમે તે બનાવોને સમજાવી કાઢવાનો એક અને એટલો જ રસ્તો છે કે, સર્વજ્ઞતા અને સૂક્ષ્મતાના દાવા સહિત આવી વાતોને અશક્ય રૂપે વખોડી કાઢવી, મસ્તિકના મતિવિભ્રમના પરિણામ રૂપે ગણી કાઢવી, કપટ અને પ્રતારણા દ્વારા તે થાય છે, એમ ગણી કાઢવુ, અથવા કોઈ અજાણી જાળ દ્વારા અજ્ઞેયના કારગૃહમા તેમને પુરી દેવા મેસ્મેરીઝમ, વિશ્વદૃષ્ટિ, પ્રેતાવાહન, આપણા માટે લેશ પણ નવાઇની વાતો નથી આપણા ધર્મનું સમગ્ર બધારણ જ, સર્વવ્યાપક પ્રાણતત્વની સભાવતા અને શક્યતા ઉપર આધાર રાખતી ક્રિયાઓથી ભરપુર છે, આપણા દેશમા દરેકનુ પોતાનુ માનીતુ સત્ય હોય છે, દરેક ગ્રહને તેનુ સાઢ અથવા નરસુ પિશાચ હોય છે પરતુ યુરોપના જડવાદીઓને તો, આ વાત એક મહાન વિપ્લવરૂપ છે, તેમની સર્વ ગણત્રીઓને ઉથલાવી નાખનાર છે, અને તેમના સર્વ સુજ્ઞ વાદો સિદ્ધાતોનો ગુચવાડો પેદા કરનાર છે આથીજ, તેઓ એટલા બધા મતાધ છે, દ્વેષિ છે, એમ માનવાનુ કોઇનુ પણ સહજ વલન થાય છે યુરોપમાં પણ, જડાતિરિક્ત કઇકની શ્રદ્ધા, નવીન નથી તેમજ ટેકા વિનાની નથી, એ વાત નિચેના ઉતારાઓથી સ્પષ્ટ થશે

આત્મવિદ્યાના.

વિરૂદ્ધ—	અને—	લાભના—(અભિપ્રાયો)
(૧) "તમારી સાથે એસુ'! ના! મેં કોઈ પણ સાથે નહિ જોમવાનો નિશ્ચય કર્યો છે. અત્રે આવતા પૂર્વે મે માન મન સાથે નક્કી કર્યુ છે કે, આમાથી કશું પરિણામ આવવાનુ નથી"—એગેમીઝ (મેમ્બર ઓફ ઇન્વેસ્ટીગેશન કમિટી હેવર્ડ યુનીવર્સિટી) ની રૈડમેનને		(૧) "આત્મવિદ્યા તેના ઘણા ચુસ્ત ભક્તો સાથે એક ધર્મ રૂપે છે'—કુકસ
(૨) "જેઓ એમ કહે છે કે, તેઓ આ બનાવો જુએ છે, તે એ બનાવો માટેના નિપણ સાક્ષિઓ નથી"		( ) "મસ્તક રહિત મન અને સ્થુલ શરીરથી ભિન્ન બુદ્ધિને તે સિદ્ધ કરે છે..... ....ને ભાવિજીવનની' એવી સાબિતી પૂરી પાડે છે કે, જે ઘણા શોધી રહ્યા છે, અને જેના અભાવને લીધે આટલા બધા, આતુર શકામા ભાવશ્યક અશ્રદ્ધામા, મરે છે અને જીવે છે"—એ. બી વૉલેસ
"મારે માટે તો, તેમના પ્રતિ લેશ પણ વધારે ધ્યાન આપવુ, નમ્રતા સમાન છે" —ફેરાડે		(૩) "લેશ પણ શંકા વિના, આત્મવાદીઓ એવા માર્ગ ઉપર છે કે જેથી, ભૌતિક સાયન્સની સર્વ વૃદ્ધિ થઈ ચૂકી છે

(૩) "હું માનીશ એવી અતિમમાં અતિમ વસ્તુ આત્મા છે."—બ્રુસ્ટર.

(૪) "પ્રાક્-ભાવિ પુરાવા દ્વારા, મારા પોતાના મનમાં, મેં એ પ્રશ્નનો નિર્ણય કર્યો છે."—હર્બર્ટ સ્પેન્સર.

(૫) "ધારીએ કે, એ બનાવો યથાર્થ છે, પરંતુ તેથી મને આનંદ મળતો નથી."—હક્સલી.

(૬) "એમ કહેવાય છે કે, આપણામાં એવાં મનુષ્યો છે, કે જેઓ એવાં પરિણામ લાવવા સમર્થ છે, કે જેના આગળ ન્યૂટનની શોધોનો કંઈ હિસાબ નથી. સાયન્સના એવા માણસો છે, કે જેઓ, આત્મવાદીઓને મન રમત રૂપે ગણાતા બનાવોની ઝાંખી માટે, પોતાની પાસેનું સર્વ વેચી નાંખી, તેની આવક ગરીબોને વહેચી આપશે."

"દુનિયાને અમુક પ્રકારનો ધર્મ મળશે તો પણ તેને આત્મવિદ્યાની બુદ્ધિ વિષયક પ્રસક્તિ તરફ ઉડવું પડશે."
—પ્રો. ટીન્ડૉલ.

(૭) "સત્તરમા શતકના મેલીવિદ્યાના મતિભ્રમ સાથે સરખાવી શકાય, એવો ઘણોજ નુકશાનકારક મતિવિભ્રમ."—ડબ્લ્યુ. બી. કાર્પેન્ટર. *

તેમના પ્રતિપક્ષિઓ, એવાના અનુયાયિઓ છે કે, જેઓએ વૃદ્ધિના વિરુદ્ધ પ્રયત્ન કર્યા છે."—ડી. મૉરગન.

(૪) પ્રશ્ન "તેનો શો ઉપયોગ છે?" ફ્રાન્કલીને ઉત્તર આપ્યો, "નવા જન્મેલા બાલકનો શો ઉપયોગ છે?"

(૫) "પુરવો એટલો બધો વિશાલ અને યોગ્ય છે કે, ગમે તો બનાવો જેવા વર્ણવવામાં આવે છે તેવા કબુલ કરવા જોઇએ, અથવા એ બનાવોને, માનવપુરાવાથી સાબિત કરવાની વાતનો ત્યાગ કરવા જોઇએ"—પ્રોફેસર એલિસ.

(૬) "સામાન્ય રીતે ચલાવવામાં આવે છે તેમ, આત્મવિદ્યાની કયારનીએ અમેરીકામાં અદ્ભુત અસર થઇ છે, અને થોડી ઘણી પ્રાચીન દુનિયામાં પણ થઇ છે, અને દૃઢ નાસ્તિકતામાંથી તથા જડતામાંથી, ટોળે ટોળા છુટાં થયા છે, અને તેમના મનને જોઇએ છીએ તેવી ભાવવાચક સાબિતીથી તેમને સાબિત કરી આપ્યું છે કે, અન્ય દુનિયા છે,—માનવજાતિનુ અજડ સ્વરૂપ છે, તથા ઘણા ચમત્કારીક બનાવો કે જેને તેઓ અદ્યાપિ હસી કાઢતા તે સત્ય છે."—રૉબર્ટ ચેમ્બર્સ.

(૭) "નાસ્તિકતાના અતિ શુદ્ધ આકારોમાં પણ માનવહસ્તના કરતો જો તે મોટુ ન હોય તો, હું એક વર્ષાનુ વાદળ જોઉં છું, તે આધુનિક આત્મવિદ્યા છે."
—લૉર્ડ. બ્રૉગહામ. *

આટલી વાતોથી એટલું સાબિત થાય છે કે, જીવન, જડબંધારણનું પરિણામ નથી; અને પરિપૂર્ણ, કે જે બ્રહ્મરૂપે અસ્તિત્વ ધરાવે છે, અજ્ઞેય અથવા અદૃશ્ય, તે સમર્થજીવન અથવા વિચાર છે, અને સર્વમાં તથા સર્વના અસ્તિત્વમાં વ્યાપક છે. સતત બદલાતી, અજ્ઞેય એટલે જડ અને તેનાં સ્વરૂપોની અયથાર્થતામાં, તે એક યથાર્થતા છે.

(આગળ ચાલુ)

* Spiritualism—by an "M. A. Oxon"

પ્રૉ. મેક્ષમુલર અને રહસ્યવાદ.

(મળેલું.)*

પ્રૉ. મેક્ષમુલર જેવા એક વિખ્યાત પૂર્વદેશીયભાષાશાસ્ત્રીએ, કાળા અક્ષરને કુટી મારીને અને ભાવનો હિસાબ નહિ ગણીને, એમ કહ્યું છે કે, બુદ્ધ તેમજ બ્રાહ્મણ ધર્મમાં, લેશ પણ રહસ્ય જેવું નથી, એમાં નવાઈ નથી. આપણા પ્રૉફેસર પાશ્ચાત્ય રીતિ અનુસાર કેળવણી દ્વારા યોગ્ય રીતે તૈયાર થયલા હતા. આવા આધાર ઉપરથી તેઓ એમ માનતા કે, પૂર્વના ધર્મોમાં રહસ્ય-ગુપ્તવાદ જેવું કંઈ નથી તથા મૅડમ બ્લાવાટ્સ્કી " ગમે તો અન્યથી છેતરાઈ હતી અથવા પોતાની કલ્પનાઓમાં તણાયાં કરતી હતી." આ પાશ્ચિમાત્ય પંડિતે દીલગીરી ભરેલી રીતે બુલાવો ખાધો હતો. જો તેઓ અર્થમાં ઊંડા ઉતર્યા હોતતો, તેમને માલુમ પડ્યું હતું, આપણા ધર્મોમાં કઇક રહસ્ય જેવું છે. એટલું સત્ય છે કે, શાસ્ત્રોનો માત્ર એક જ અર્થ હોય છે, પરતુ સર્વ હસ્તલિખિત લેખો મળી શકયા છે કે નહિ, તથા ઘણાં અગત્યનાં શાસ્ત્રો અને ટીકાઓ છપાયાં છે કે નહિ, એ મહાસંશય પડતી વાત છે. રહસ્ય એટલે—" ખાસ દીક્ષા પામેલા માત્રથીજ સમજાતુ તથા તેને માટે જ યોજાયલું; અનુયાયિઓના સામાન્ય વર્ગને અગમ્ય તેમ જ સમજાવવામાં નહિ આવેલું."

યોગ્ય ગુરૂઓથી નહિ દોરવાયલા પરતુ માત્ર પોતાની કલ્પનાને જ તાબે થયલા પુરૂષોથી આધુનિક સમયે, શાસ્ત્રીય દરેક અને સર્વ વાક્યોના થતા મનસ્વિ ખુલાસા, રહસ્ય કહી શકાય નહિ. રહસ્ય શબ્દથી આ લેખક શુ સમજે છે, તે સમજાવવાનો તેણે પ્રયત્ન કર્યો છે. દાખલા તરીકે એક માણસ, દક્ષયાગ અથવા ત્રિપુરસંહારને એક રીતે સમજાવે, અને અન્ય કેટલાક તેજ વાતનો અન્ય રીતિઓથીથી ખુલાસો કરે, તો સાદી રીતે આપણે એટલું કહી શકીએ કે, દીક્ષિતોથી ઉપદેશાતા રહસ્યવાદને જાત્રા ખુલાસાઓ સાથે લેશ પણ સબંધ નથી, તે તો સર્વ માટે એકને એક જ છે

પ્રૉ. મેક્ષમુલર એમ માનતા હોય એમ જણાય છે કે, રહસ્યવાદ જ નથી, તથા "કોઈ પણ જીવતો પંડિત અથવા મહાત્મા, હસ્ત લેખોમાં હોય તેના કરતાં વિશેષ જાણવાવાળો " નથી. તે કહે છે કે, વળી " તેને એટલી વાતની ખાત્રી છે કે, તેમના મુખનો ઉપદેશ કે જે તેઓ છુટથી યુરોપીઅનોને પણ આપે છે, તે સંસ્કૃત મૂલ અને ટીકાઓને સમજવામાં ઘણો જ ઉપયોગી છે."

સંસ્કૃત કેળવણીના સાહિત્ય પક્ષે, બેશક આટલું સત્ય છે. પરતુ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી વિચારતાં, મેક્ષમુલરના વિચારો ભુલ ભરેલા ગણાવા જોઇએ. આપણે કેટલાક સંસ્કૃત નાલિખિત ગ્રંથોને તપાસીએ, અને જોઇએ કે તેમાં રહસ્યોપદેશનાં ચિહ્ન જડી શકે છે કે નહિ.

વાલ્મીકિ રામાયણ કાંડ-૧-અ-૨૨ માં મળી આવે છે કે, વિશ્વામિત્રે રામને બલા અને અતિબલાના જ્ઞાનની દીક્ષા આપી અને નિચે પ્રમાણે કહ્યું:—

---

* સપ્ટેમ્બર થીઑસૉફીસ્ટમાંના જી. કૃષ્ણશાસ્ત્રીના લેખને આધારે—યોજનાર—ર. ર. વિશ્વવિદ્યાર્થી—અનુજ.

"હે કાકુત્સ્થ, હું તેમને તને અર્પવાનો વિચાર રાખું છું. તારામાં ઘણા સદ્‌ગુણો શોભી રહ્યા છે, તેથી તેઓ તને અર્પાવા યોગ્ય છે, તું બલા અને અતિબલાના મંત્રોનું ગ્રહણ કર, અને તને થાક લાગશે નહિ, જ્વર આવશે નહિ, કાંતિ ક્ષીણ થશે નહિ, તથા ગર્મી તો સૂતો હો અથવા અસાવધ હો, તથાપિ રાક્ષસો તારો પરાભવ કરી શકશે નહિ; અને હે રામ! તારા શસ્ત્ર સામર્થ્યની, આ દુનિયામાં—અરે ત્રણે દુનિયામાં, કોઇ પણ બરોબરી કરી શકશે નહિ. તારા બરોબરીઓ કોઈ પણ થશે નહિ. હે રાઘવ! તું બલા અને અતિબલાનો જપ કર. જ્યારે તને આ વિદ્યાઓ પ્રાપ્ત થશે ત્યારે આ દુનિયામાં, સૌભાગ્ય, ડહાપણ, તત્વજ્ઞાન, સંસારીક કાર્ય સંબંધે બુદ્ધિ, ઉત્તર દેવો તથા પ્રતિપક્ષી સામે બોલવું, ઈત્યાદિ બાબતોમાં તારા સમાન કોઈ થઈ શકશે નહિ; કારણ કે બલા અને અતિબલા સર્વ જ્ઞાનની ધાત્રીઓ છે. માર્ગમાં જો તું બલા અને અતિબલાનો જપ કરીશ તો ક્ષુધા તેમજ તૃષા પીડશે નહિ. (આ બે વિદ્યાઓનું) જ્ઞાન પ્રાપ્ત થવાથી, ભયકર પરાક્રમી રામચંદ્ર, સહસ્ર રશ્મિવાન પૂજ્ય સૂર્યની પેઠે દીપવા લાગ્યા."

મૂલ અથવા તો ટીકા, આ બે-બલા અને અતિબલા, શું છે, તે વિષે કંઈ પણ ખુલાસો આપતાં નથી. આ જ્ઞાન, કે જેને આપણે રહસ્ય કહીએ છીએ, તેની વિશ્વામિત્રે રામને દીક્ષા આપી કહેવાય છે. કારણ કે રામમાં વિવિધ સદ્‌ગુણો હતા, તેથી તેને આ રહસ્ય જ્ઞાનની દીક્ષા મળી. વળી જુઓ મહા ભારત, વનપર્વ, અધ્યાય-૪૦, અને તેમાંથી નિચે પ્રમાણે મળી આવે છે:

"દેવાધિપતિ, યમ, યક્ષાધિપ, તેમજ વાયુ, કોઈ પણ તે જાણતા નથી. મનુષ્યો તે વિષે કંઇ પણ શી રીતે જાણી શકે? અને તે (પાશુપત) મનવડે, અક્ષિવડે, તથા ધનુવડે, પ્રયોજી શકાય છે.....આટલા શબ્દો સાંભળીને, પૃથાના પુત્રે પોતાની જાતની શુદ્ધિ કરી, અને વિશ્વના પતિ પાસે અત્યાનંદિત ધ્યાનપૂર્વક આવીને કહ્યું, "મને ઉપદેશ આપો." પછી મહાદેવે સમગ્ર રહસ્યો સહિત તે જ્ઞાનનો તેને ઉપદેશ કર્યો." પૂર્વદેશીયભાષાશાસ્ત્રી, આ મૂલમાંથી અથવા તેની ટીકામાંથી, કહી શકશે કે, અર્જુનને કયા પ્રકારના જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવ્યો હતો?

વળી એ જ પર્વના ૭૭ મા અધ્યાયમાં જુઓ, અને એટલું જડી આવશે કે, નલે પોતાની અશ્વિક્રીવિદ્યાનાં રહસ્યોનું જ્ઞાન, ઋતુપર્ણને અન્ય ગુપ્ત વિદ્યાના જ્ઞાનને બદલે આપ્યું. આવા પ્રકારના જ્ઞાનને રહસ્ય કહેવામાં આવે છે. મેડમ બ્લાવાટ્સ્કીએ રહસ્ય શબ્દને માત્ર આવા ઉપદેશોને જ લગાડયો છે; અને મેક્ષમુલરે એમ માન્યું કે, પુસ્તકોમાં વર્ણવાયું ન હોય, એવું કંઇ જ્ઞાન નથી!

શાસ્ત્રો અષ્ટ સિદ્ધિઓ અને અન્ય વિવિધ આધ્યાત્મિક શક્તિઓ વિષે કહે છે. પુસ્તકો, આવી શક્તિઓ મેળવી શકાય એવી રીતિઓ સ્પષ્ટ રીતે શીખવાડતાં નથી. સર્વ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત કરવાના, અંતરમાં દીવ્ય આત્માને અનુભવવાનો, આનુભવિક માર્ગો, સર્વ ગુપ્ત રહસ્ય યુક્ત છે, અને જેઓ, નૈતિક, બુદ્ધિક અને આધ્યાત્મિક રીતે આવા ઉપદેશો મેળવવાને યોગ્ય છે, તેમને તે ઉપદેશવામાં આવશે.

પૃથ્વિના પડ ઉપર પ્રત્યેક ધર્મને પોતાનો ગૂઢ અથવા ગુપ્ત-અથવા રહસ્યનો પક્ષ હોય છે. આજે પણ, કહેવાતી અતિમાનુષિ શક્તિઓ ધરાવતાં મનુષ્યો અત્ર તત્ર જોવામાં આવે છે; પરંતુ પૂર્વદેશીયભાષાશાસ્ત્રીઓ અથવા સંદેહવાળાની ખાત્રી કરવાની તેમને દરકાર નથી. હાલમાં ઘણા વૈદિક મંત્રો છપાય છે, અને બીજા ઘણા વૈદિક તથા અન્યમંત્રો ગુરૂ શિષ્યની પ્રનાલિકાએ ચાલ્યા આવે છે, તેમજ છપાયલા ઘણા ખરા વૈદિક અને અન્ય મંત્રોના ઉપયોગ પણ ત્રિવિધ છે. તેમનો શી રીતે ઉપયોગ કરવો, તથા તેઓ શો હેતુ સિદ્ધ કરે છે, એ વાત હસ્ત લેખોમાં મળી શકતી નથી. આ ઉપરાંત વળી કેટલીક એવી આધ્યાત્મિક વાતો છે કે જે શબ્દોમાં યથાર્થ રીતે દર્શાવી શકાતી નથી, પરંતુ માત્ર ગુરૂથી શિષ્ય દ્વારાજ દર્શાવી શકાય છે.

ભાસ્કરરાય ઉર્ફે ભાસુરાનંદ કે જે આશરે ૧૭૫ વર્ષ પૂર્વે થઇ ગયલો કહેવાય છે; તથા જેણે પોતાના આધ્યાત્મિક ગુરૂ નૃસિંહાનંદનાથ પાસેથી વેદો અને શાસ્ત્રોના ઉપદેશો મેળવ્યા હતા, અને વળી શિવદત્ત યોગી પાસેથી ગુપ્ત વિદ્યાનાં રહસ્યોની દીક્ષા મેળવી હતી, તે, વરિવસ્યારહસ્યના દ્વીતિયાર્ધના શ્લોક ૧૪-૧૫ ની ટીકામાં કહે છે કે, "ખરેખર તે તો ગુરૂ મૂખદ્વારા ભણવું જોઇએ, અને તે કદાપિ પુસ્તકોમાંથી મળી શકશે નહિ" "રહસ્ય વિષે આટલી ટીકા બસ છે." ઇત્યાદિ. આ ઉતારા સ્પષ્ટ રીતે સાબિત કરે છે કે, પુસ્તકોમાં છૂટથી ન કહી શકાય એવાં રહસ્યો છે. આ વરિવસ્યારહસ્ય અથવા (ભક્તિ માર્ગ રહસ્ય): આધ્યાત્મિક વિદ્યા કે જે દ્વારા વ્યક્તિમય આત્મા, સર્વ સામાન્ય પ્રેમ, અભેદ, અને સૌંદર્ય, કે જે, માધ્યમિક પ્રકાશ, અન્ય રીતે પરબ્રહ્મ રૂપે ઓળખાતાના અંતર્ વર્તિન્ ગુણો છે, તદનુસાર સર્વ રીતે વર્તવા માંડે છે, તેનું વર્ણન આપે છે. મનુ, ચન્દ્ર, કુબેર, લોપામુદ્રા, મન્મથ, અગસ્ત્ય, નન્દિકેશ્વર, સૂર્ય, વિષ્ણુ, પ મૂખ, શીવ અને દુર્વાસા, આ વિદ્યાના ગુરૂઓ ગણાય છે. ગુરૂઓ અને શિષ્યોની અત્રુટિત પરંપરાથી ગુપ્ત આર્ય ભ્રાતૃમંડલો દ્વારા, તેમના તરફથી આપણને તે મળી છે. ઋષિ અગસ્ત્ય અને તેની સહવાસિની લોપામુદ્રા, તેના ભક્તો તરીકે પ્રથમ પંક્તિ ધરાવે છે. તે વિદ્યાનો નૂતન પ્રવર્તક ભાસ્કરરાય ઉર્ફે ભાસ્કરાનંદ, આવરિવસ્યા રહસ્યનો કર્તા છે, અને તેના ઉપર પોતે જ ટીકા કરી છે. તેણે રહસ્યવાદના તથા અન્ય, ટીકા સાથે ઘણા ગ્રંથો યોજ્યા છે. તેમાં તેણે સ્થલે સ્થલે કહ્યું છે કે, અમુક વાર્ત દીક્ષા સબંધિ હોવાથી, તેથી વધારે સમજાવવાની તેને રજા નથી. આવા પુરાવા છતાં એમ કહેવું કે, હસ્ત લિખિત પુસ્તકોમાં લખાયા કરતાં, કોઈ પણ પંડિત અથવા મહાત્મા વિશેષ જાણતા નથી, એ યજન વિનાની વાત છે.

પ્રો. મેક્ષમુલર એમ કહે છે કે, "આવા પ્રકારનો રહસ્યોપદેશ, બ્રાહ્મણ ધર્મમાં વિશેષ હતો", કારણ કે "જાતિ રૂઢી પ્રચલિત હતી, કે જેથી શુદ્રોને તો ઘણા ધાર્મિક હકોમાંથી દૂર રાખવામાં આવ્યા હતા." પૂર્વ દેશીય ભાષા શાસ્ત્રીઓએ આપણાં શાસ્ત્રોના જેવાં અર્થ કર્યા છે અને હજુ પણ કર્યાં જાય છે, તેવા એક ખોટા નિર્ણય રૂપે, આ દાખલો ગણી શકાય. ઘણું કરીને હિંદુઓમાં, શુદ્રો અને સર્વ વર્ગની સ્ત્રીઓની, બુદ્ધ લોકોના "સામાન્ય મનુષ્ય" જેવી સ્થિતિ છે. તેમના ઉપર થોડાં જ બંધનો મૂકવામાં આવ્યાં છે, અને તેઓને માત્ર થોડાંજ ધાર્મિક વ્રત નિયમો પાળવાનાં છે. શાસ્ત્રો તેમને શિષ્યાઉ તરીકે સ્વીકારે છે, અને તેથી તેમને કેટલીક છૂટ આપાયલી છે. જો પૂર્વદેશીય ભાષાશાસ્ત્રીઓ એમ કહે કે,

શુદ્રો અનાર્ય છે, તો અમારે એટલું કહેવું પડશે કે, સર્વ જાતિની સ્ત્રીઓ અનાર્ય છે. આ પાશ્ચિમાત્ય પંડિતોનો જાતિ બંધારણ વિષે, તદ્દન ભૂલ ભરેલો વિચાર છે. અમે એટલું કબુલ કરીએ છીએ કે, એ બંધારણમાં કેટલીક ભ્રષ્ટતા પેઠી છે, અને તેના મૂલ ઉત્પાદકો તે માટે લેશ પણ જવાબદાર નથી. ત્રણ ઉચ્ચ વર્ગો, જો તેમને માટે યોજેલા નિયમાનુસાર વર્તે, તો તેઓ વિવિધ દીક્ષાઓ લેવાને યોગ્ય થાય છે. શુદ્રો અને સ્ત્રીઓને પણ જો તેજ માટે યોગ્ય થાય તો, તેમાંથી બાતલ કરવામાં આવ્યાં નથી. શુદ્ર જાબાલિને ઉચ્ચમાં ઉચ્ચ દીક્ષાઓ મળી તથા તે એક દ્રષ્ટા થયો, એ વાત જોવાનાં નેત્ર હોય તો, ઉપનિષદોમાં કોણ નહિ જોઇ શકે? જાતિ સંસ્થાથીજ સાબિત થાય છે કે, બ્રાહ્મણ ધર્મ, શબ્દના દરેક અર્થમાં રહસ્યવાદી છે, તથા તે દ્વારા હિંદુઓ, એવા ઉપદેશો મેળવવાને યોગ્ય થવા ક્રમે ક્રમે કેળવાય છે, તથા કોઇને પણ જો તે આવશ્યક જરૂરીઆતો પુરી પાડે તો, તે ઉપદેશો મેળવવામાંથી દૂર કરવામાં આવતો નથી. પૂર્વદેશીયભાષાશાસ્ત્રીઓનો એક અન્ય એવો વિચાર છે કે, શુદ્રો આ દેશના મૂલ વતનીઓ છે. આ વળી આપણા મિત્રોનો અન્ય અસલ વિચાર છે. કલા વિદ્યા નામના ભૌતિક શાસ્ત્રો ભણવાનો એકલા શુદ્રોનેજ હક છે. સ્થૂલ કાર્યદ્વારા તેઓને ત્રણ ઉચ્ચ વર્ગની શેવા કરવાની છે, અને તેઓને આધ્યાત્મિક તથા અન્ય રીતે તેમને મદદ કરવાની છે. શુદ્રો કદ્ગ ગુલામો નથી, અને શાસ્ત્રો કદી તેમને દાસ કર્મ કરવાની જરૂર પાડતા નથી. શાસ્ત્રોનો તો સદા સારો અર્થ હોય છે, અને તેમનો અનર્થ કરી નાંખનારા તો આપણા પાશ્ચિમાત્ય મિત્રો છે, મહાત્માઓ તો સદા નિષ્પક્ષપાતિ હોય છે. અદ્યાપિ સુધી પાશ્ચિમાત્ય પંડિતોએ નથી વાચ્યુ એવા એક પુસ્તકમા સ્પષ્ટ કહેવામા આવ્યું છે કે, સઘળી મળીને પચ્ચીશ જાતિઓ છે. (૧) બ્રાહ્મણ–બ્રાહ્મણ. (૨) બ્રાહ્મણ–ક્ષત્રિય. (૩) બ્રાહ્મણ–વૈશ્ય. (૪) બ્રાહ્મણ–શુદ્ર. (૫) બ્રાહ્મણ–સંકર (૬) ક્ષત્રિય–બ્રાહ્મણ (૭) ક્ષત્રિય–ક્ષત્રિય. (૮) ક્ષત્રિય–વૈશ્ય (૯) ક્ષત્રિય–શુદ્ર (૧૦) ક્ષત્રિય–સંકર. (૧૧) વૈશ્ય–બ્રાહ્મણ (૧૨) વૈશ્ય–ક્ષત્રિય. (૧૩) વૈશ્ય–વૈશ્ય. (૧૪) વૈશ્ય–શુદ્ર (૧૫) વૈશ્ય–સંકર. (૧૬) શુદ્ર–બ્રાહ્મણ (૧૭) શુદ્ર–ક્ષત્રિય. (૧૮) શુદ્ર–વૈશ્ય (૧૯) શુદ્ર–શુદ્ર (૨૦) શુદ્ર–સંકર (૨૧) સંકર–બ્રાહ્મણ. (૨૨) સંકર–ક્ષત્રિય. (૨૩) સંકર–વૈશ્ય. (૨૪) સંકર–શુદ્ર (૨૫) સંકર–સંકર. વળી ત્યાં આગળ જ સ્પષ્ટ કહ્યું છે કે, સંકર–બ્રાહ્મણ, બ્રાહ્મણ–સંકર કરતાં શ્રેષ્ઠ છે. આથી એટલું સંપૂર્ણ રીતે ખુલ્લુ થાય છે કે, જેઓએ જાતિબંધનની સંસ્થા સ્થાપિ, તેઓ દુનિયામાં ઘણા જ નિષ્પક્ષપાતિ લોકો હતા. શાસ્ત્રો, ખરા બ્રાહ્મણોને જ માન આપે છે, અને નામનાને નહિ. આ ઉત્તમ સંસ્થાનો યથાર્થ ભાવ, કે જેનો હાલમાં માનવ સ્વાર્થથી ઘણો જ દુરૂપયોગ કરાય છે, તે સમજ્યા વિના, પૂર્વદેશીયભાષાશાસ્ત્રીઓએ, આ વિષય ઉપર ઘણા નકામા લેખો પ્રસિદ્ધ કર્યા છે, અને તે દ્વારા એવી આધ્યાત્મિક સંસ્થાની ઉત્તમ વૃદ્ધિનો નાશ થાય છે, તથા જેમનું કર્તવ્ય વધારે વધારે આધ્યાત્મિક થવાનું અને તે પ્રકારે યુવાન પ્રજાઓના પાલકરૂપ આધ્યાત્મિક નેતાઓ થવાનું છે, તેમનામાં અતર્–દ્વેષ અને જાતિ વિરોધ પેદા કરે છે.

પુસ્તકોમાં છે તેના કરતાં વધારે જાણવાવાળા જીવતા પંડિતો અને મહાત્માઓ, નથી, એમ કહી શકાય નહિ હિંદુઓ (પાશ્ચિમાત્ય પવન વાયા વિનાના) આવા પંડિતો અને મ-

હાત્માઓ, યથાર્થ બ્રાહ્મણ દ્રષ્ટાઓ, મહર્ષિઓ, દીર્ઘ દ્રષ્ટાઓ,—ના આધુનિક અસ્તિત્વને શ્રદ્ધા પૂર્વક માને છે, તેઓ, પુસ્તકો કે જેમાં તેઓ જાણે છે તેમાંનુ થોડુક જ છે, તેના કરતાં ઘણુ વધારે જાણે છે સર્વ ભૂમિકાઓના દીક્ષિતો વિનાની દુનિયા ન હતી, અને હજુ હિંદુસ્થાનમાં તેમજ અન્ય દેશોમા પણ એવા દીક્ષિતો પડયા છે કે જેઓ પોતાની જાતને વિખ્યાતીમા લાવવા માગતા નથી, અને જો કે તેઓ તેમનાં પોતાનાં ખાસ કારણોથી અપ્રસિદ્ધિમા રહેવાનુ પસંદ કરે છે. તો પણ માનવ જાતને સર્વ પ્રકારે મદદ કરવાની તેમની પ્રતિજ્ઞા છે. એક પૂર્વદેશીયભાષાશાસ્ત્રીએ, એક વખતે લખ્યુ હતું કે, હાલમા હિંદુસ્થાનમાં સંસ્કૃત ભાષામા વાતચિત કરી શકે એવો, તથા તેજ ભાષામાં કિમતી પુસ્તકો લખી શકે એવો, કોઈ પણ હશે કે નહિ, એ વાતની તેને શકા છે. પરતુ યથાર્થ વાત તો એમ છે કે, પ્રથમથી તૈયાર થયા વિના સંસ્કૃત ભાષામા ભાષણો આપી શકે, તથા તેમને પસંદ પડતા વિવિધ વિષયો ઉપર તે જ ભાષામા તેટલા જ ગ્રથો લખી શકે, એવા જીવતા પડિતો છે. એટલુ પણ કહી શકાય કે, આ પડિતો દરરોજ સંસ્કૃત સાહિત્યમા ઉમેરો કર્યા કરે છે. તેમજ, આપણામાના ઘણા ખરાને એ વાતની ખાત્રી છે કે, પુસ્તકોમા છે તેના કરતા વધારે જાણનારાઓ પડિતો અને મહાત્માઓ છે, તથા તેઓ દુનિયાના આધ્યાત્મિક શુભ માટે પ્રયત્ન કર્યા કરે છે વેદો અને શાસ્ત્રોમાથી મળતા બીજા હાથના પુરાવાથી, કેળવાયલો હિંદુ કદાપિ સંતોષ માનતો નથી તે, તેમનો અમુક હદ સુધી અભ્યાસ કરે છે, અને પછીથી આત્માનુભવ મેળવવાનો પ્રારંભ કરે છે પ્રથમ તો, તે એક ગુરૂની મદદથી શરૂ કરે છે, અને જેમ જેમ તે આગળ વધતો જાય છે, તેમ તેમ અન્ય ઉત્તમ ગુરૂઓથી દોરવાતો જાય છે, અને અતે તેના તીવ્ર વેગ અને શુદ્ધતાથી, અતિમ પદ પ્રાપ્ત કરે છે જે ઉપદેશો તેને મળે છે, તે છાપેલા પુસ્તકો અથવા હસ્ત લિખિત લેખોમાં લખાયલા નથી. એક યથાર્થ બ્રાહ્મણને તો, મહાન્ આધ્યાત્મિક કાર્ય સાધવાનુ છે અભેદમય અત કરણની સ્થિતિ પામતાં પૂર્વે, તેને વિવિધ ભૂમિકાઓમાથી પસાર થવાનુ છે પુસ્તકોમાં મળતા જ્ઞાનથી, તેણે તે જ્ઞાન પામવાની કદાપિ આશા રાખવી નહિ. તેને તો એક અન્ય પ્રકારનુ જ્ઞાન અનુભવવાનું છે, કે જે યથાર્થ રીતે અપરોક્ષ કહેવાય છે માત્ર દીક્ષિતો જ આજ્ઞાન પામેલા હોય છે, અને જેઓ આવશ્યક જરૂરીઆતો પૂરી પાડતા નથી, તેમને તે મળી શકતું નથી. પૂર્વદેશીય ભાષાશાસ્ત્રીઓ અને તેમના અનુયાયિઓથી, આ વાત આધુનિક સમયે સત્ય નથી, એમ કહી શકાશે નહિ..... .....આવા મહાત્માઓ સાથે યથાર્થ સબધમાં આવનારાઓના પુરાવાની, નાસ્તિકોને તો કદાચ લેશ પણ કિંમત ન હોય !

૧૭ મા, અથવા કેટલાક પડિતોના કહેવા પ્રમાણે ૧૮ મા, શતકના અત સમયમાં, ઘણી ઉચ્ચ સ્થિતિનો દીક્ષિત ભાસ્કરરાય થઈ ગયો, આગળ કહેવાયલાં, તેનાં મૂલ લેખ અને ટીકામાં, પ્રથમ જ તે વિશ્વ વિષયક પરિણામ વાદને ચર્ચે છે, અને પછીથી સર્વના પશ્ચાત્ સ્થિત વિશ્વાત્મા વિષે ચર્ચા ચલાવે છે. પછીથી વળી, અધ્યાત્મ વિદ્યાના અમુક વિભાગને ઉદ્દેશીને કહે છે કે, તેના બે વિભાગ છે, એક પરોક્ષ અને અન્ય અપરોક્ષ, તથા વેદો પ્રથમને સ્પષ્ટ ભાષામાં, અને અન્યને વાર્તાની અથવા રૂપકની ભાષામાં ઉપદેશે છે. તેમાનાં કેટલાંક રૂપકો, તથા તે વિદ્યા સબધિ બીજી કેટલીક બાબતો તે સમજાવ્યા જાય છે, અને

અમુક પ્રસંગ સુધી આવી પહોંચતાં તે કહે છે કે, આથી આગળના ઉપદેશો માત્ર ગુરૂ મુખથી જ મેળવી શકાય છે. આ ભાસુરાનંદ (તેના દીક્ષા સમયે તેનું એવું નામ પાડવામાં આવ્યું હતું.) અભેદમય આંતર્ સ્થિતિ પામ્યો હતો, એમ કહેવાય છે. તેના જ્ઞાનનો હજુ દુનિયામાંથી લોપ થયો નથી, કારણ કે તે અત્રુટિત ગુરૂ પરંપરા દ્વારા તેના પછીનાઓમાં સ્પષ્ટ રીતે ચાલ્યું આવે છે, તો પછી પ્રો. મેક્ષમુલર કેમ કહી શકે, કે પુસ્તકોમાં છે તેના કરતાં વિશેષ જાણવાવાળા જીવતા પંડિતો નથી? દુનીનિયાનું અને ખાસ કરીને પશ્ચિમનો પવન ભરાયલા હિંદુઓનું તો, પૂર્વ દેશી ભાષા શાસ્ત્રીઓએ નિઃશંક ઘણું ભલું કર્યું છે, પરંતુ એટલું પણ કહેવું જોઇએ કે, તેમની ખોટી કલ્પનાઓ અને તેટલા જ ખોટા નિર્ણયોદ્વારા, તેઓએ ઘણો ગોટાળો પણ વાળ્યો છે. કેળવાયલા અને ધર્મપરાયણ હિંદુઓ કે જેમને આધુનિક કેલવણી અને તેના સહભગી દોષો–પૂજ્યબુદ્ધિનો અભાવ, અશ્રદ્ધા, નાસ્તિકતાનો, ફાયદો મળ્યો નથી, તેવાઓ પૂર્વદેશીયભાષાશાસ્ત્રીઓને ટેકો આપશે નહિ, પરંતુ તેમનાં કેટલાંક બાલિશ અનુમાનો, વાઓ અને નિરર્થક નિર્ણયો માટે, તેમને હસી કાઢશે.

ક્રિશ્ચિયન ધર્મનો પણ ગુપ્ત–રહસ્ય, પક્ષ છે; તોપણ તેમના દેવલોમાં પળાતા ધર્મમાંથી તે જતો રહ્યો હોય એમ લાગે છે. બાઇબલમાં જ રહસ્યોપદેશનાં ચિહ્નો મળી આવે છે. તેમાંનાં કેટલાંક નિચે પ્રમાણેઃ—

"મારે તમને હજુ ઘણી વાતો કહેવાની છે, પરતુ તે સર્વને હમણાં તમે ધારણ કરી શકશો નહિં," (સંત. જૉન. ૧૬–૧૨.)

"અને આવા પ્રકારની ઘણી વાતોદ્વારા, તેમનામાં જે ગ્રહણ કરી શકે એવા હતા તેમને રહસ્યોપદેશ કર્યો."

"વાર્તા વિના તેણે તેમને કંઈ કહ્યું નહિ; અને જ્યારે તેઓ એકલા હતા ત્યારે તેણે પોતાના શિષ્યોને સર્વ વાતો સમજાવી" (સંત. માર્ક–૪–૩૩–૩૪.)

"અને તેણે ઘણા ઉપદેશો વાર્તારૂપે આપ્યા, તથા કહ્યું કે જુઓ એક વાવનાર વાવવા ગયો;

× × × × × × × × × × × × × × × × × ×

અને તેના શિષ્યો આવ્યા, તથા તેમણે કહ્યું કે, તેમના પ્રતિવાર્તારૂપે કેમ ઉપદેશ આપે છે?

તેણે પ્રતિ ઉત્તર આપ્યો અને કહ્યું 'કારણ કે, સ્વર્ગના રાજ્યનાં રહસ્યો જાણવાને, તમે યોગ્ય છો, પરંતુ તેઓ માટે યોગ્ય નથી," ૧૩–૩–; ૧૦–૧૧.

જીસસ ક્રાઇસ્ટના જીવનમાં એવું વાંચવામાં આવે છે કે, કેટલાંક વર્ષો સુધી તે ક્યાં હતો, તે જણાયું નહતું, તથા તેટલો સમય વિત્યા બાદ તે જાહેરમાં આવ્યો અને પોતાનો રમણિય ધર્મ, શિષ્યોના સમૂહને ઉપદેશવા લાગ્યો. આ બાબત વિષે હિંદુઓ એમ કહેશે કે, દરેક હિંદુ આચાર્યો કરતા આવ્યા છે તેમ. અમુક મહાત્માના હાથ નિચે તેણે દીક્ષા લઇને કેટલાંક વર્ષ સુધી પોતાનો અધ્યાત્મિક ક્રમ સંપૂર્ણ કર્યો. આધુનિક થીઑસૉફીસ્ટ જો "મહાત્માનું" નામ દે તો, નાસ્તિક તેને હસી કાઢશે. હિંદુને તો એનો એટલો જ અર્થ છે કે, સ્વતંત્ર—"જીવન્મુક્ત" અથવા "વિદેહમુક્ત", થયલો મનુષ્ય. હિંદુઓનું માનવું છે કે, આવા એક મહાત્મામાં, તે સર્વ બંધનોની પાર જવાથી અનહદ શક્તિઓ હોય છે. વિવિધ ભૂમિકાઓના મહાત્માઓ હોય છે, તેમની પાસેથી અમુક મનુષ્યને જે શિખવાનુ મળે, તે પ્રો. મેક્ષમુલરના ઋગવેદ અને અન્ય પુસ્તકોમાથી મળી શકશે નહિ. જીસસ, શંકર, ભાસુરાનંદ, અને અન્ય એવા બીજાઓએ, આવા મહાત્માઓ પાસેથી જ તેમનું જ્ઞાન મેળવેલું હોવુ જોઇએ. આપણા હાલના સમયમાં પણ, પોતાના જીવનના પ્રથમારંભના એક અજ્ઞાની બ્રાહ્મણને, જરા પણ પુસ્તક-જ્ઞાન વિના મહાત્મા થતો, રામકૃષ્ણ પરમહંસ રૂપે જોઇએ છીએ. આપણે પુછીશું કે તેણે કયા વેદો અને શાસ્ત્રો, કોની પાસે અધ્યયન કર્યાં હતા ? હિંદુઓ કહેશે કે, તેના વર્તમાન અથવા ગત જન્મમાં, રામકૃષ્ણ પરમહંસને, આવશ્યક સાધનો પુરાં પાડવામા, મહાત્માઓથી જ્ઞાનોદ્દિપન થયુ હશે, તે દ્વારા તેનાં આધ્યાત્મિક ચક્ષુઓ ખુલી ગયાં, અને આ તે તે મહાત્મા થયો.

એક એવી દંતકથા છે કે, ૫ અથવા ૬ વર્ષના એક બ્રાહ્મણના છોકરાને એક મહાત્મા, અન્ય કોઈ પણ જાણે નહિ તેમ, હિમાલયમાં એક ગુફામાં લઈ ગયો, ત્યાં આગળ તેને આત્મવિદ્યાનાં રહસ્યોની દીક્ષા આપી, અને તે જ, હજી તો વીશ વર્ષનો થયો નહતો ઓવામા પ્રખ્યાત ભાસુરાનંદ થયો.

તેટલા માટે, જો હિંદુઓને એમ કહેવામા આવે કે, ૧૯ મા શતકના અવસાન સમયમાં, પાશ્ચિમાત્ય જડવાદ સામે યુદ્ધ ચલાવવાને, તથા પશ્ચિમનો પવન ભરાયલા હિંદુઓને સુધારવાને, મહાત્માઓએ મૅ. બ્લાવાટ્સ્કીને તેમના એક દૂત તરીકે પસંદ કરી હતી, તો તેમાં લેશ પણ નવાઇની વાત નથી, તેના મહત્વનો કોઇને પણ તેના મહાન પુસ્તકોદ્વારા વિચાર કરવા દો, તેના ચમત્કારો કે જે, શ્રેષ્ઠ અંત માટેનાં સાધનો રૂપે ધારવામાં આવતા હતા, તે દ્વારા તે વિચાર કરવાનો નથી.

તેના વિષે હજુ એક બીજી પરિક્ષા પણ થઈ શકે એમ છે જ્યારે જ્યારે તેમની ધાર્મિક બાબતો વિષે લેશ પણ ચર્ચા થતી, ત્યારે હિંદુઓ ઘુમ પાડી ઉઠતા કે, 'આપણો ધર્મ ભયમાં છે." જ્યારે ટી. એસ. ના સ્થાપકો હિંદુસ્થાનમાં તેમના ઉપદેશ સહિત આવ્યા, ત્યારે તેઓ તેમ વર્ત્યા છે ? આની સત્ય વાત તો એમ છે કે, હિંદુઓને આંતર પ્રેરણાથી ઓર લાગ્યું કે, આ તો મદદ કરવા આવેલા મિત્રો છે, તથા તેઓ અન્ય હેતુ રાખતા શત્રુઓ નથી.

અમે એટલું જ કહીને આ વિષયનો અંત લાવીએ છીએ કે, બ્રાહ્મણ ધર્મનો રહસ્ય ગુપ્ત પક્ષ છે, કે જે માત્ર ઉદ્ભવતા પંડિતો અને મહાત્માઓને જ જણાવતો છે, તથા મૅ. બ્લાવાટ્સ્કી "છેતરાઈ, તેમ જ પોતાની કલ્પનાઓમાં તણાઈ ગઈ" નહતી, તથા ટી. એસના હેતુમાંનો એક, સર્વ સામાન્ય ભ્રાતૃભાવ, પૃથ્વીના પડ ઉપરના દરેક ધર્મમાં, રહસ્યવાદના દૃષ્ટિબિંદુથી, સંભવિત છે.

॥ महाकविश्री भवभूति प्रणीत ॥

॥ महावीरचरित ॥

॥ अथवा ॥

॥ पूर्वरामचरित ॥

(અનુસંધાન ગત વર્ષ અંક ૧૦. પૃષ્ઠ ૩૨૫ થી.)

॥ नाटक ॥

राजा—(તે બંનેને જોઇને.)

(अनुष्टुप्)

(૩૧) સ્વભાવરૂપ સંપત્ત, કોણ બે ! આટલું પણ,
રાજાના બાલકો નિશ્ચે, ઉપનયન અકિર્ત.—૧૬.

---

(૩૧)—રામલક્ષ્મણને ઉદ્દેશીને આ કથન છે. એમ શંકા થાય છે કે, એ બંને સ્વભાવ અને રૂપમાં યુક્ત એવા કોણ હશે ? પણ વળી આટલું નિશ્ચિત થાય છે કે, તેઓ રાજપુત્રો છે, ઉપનયન સંસ્કાર થઈ ગયલા છે, વળી દ્વિતીય વર્ણના—ક્ષત્રિય વર્ણના, હોય એમ ભાસે છે; તથા પ્રથમાશ્રમ—બ્રહ્મચર્યાશ્રમ પાળતા જણાય છે. વળી તેમનું વય પણ બર જુવાનીનું છે, વળી શરિર નિર્માણ પણ ભવ્ય છે. વળી તે બંને ભ્રાતાનું વિશેષ વર્ણન ચલાવે છે.—

ચુલ્લઓ—શિખાઓ, બ્રહ્મચારીને પંચશિખાઓ સંભવે છે માટે બહુવચન યોગ્ય છે. ઉરએ—છાતીએ; ત્વચા—ચર્મ; રૂરૂની—રૂરૂ નામના મૃગની, મુવિં—ધનુષનીજ્યા. કાર્મુ-અલમાલા—જેમાં અકારથી અક્ષરપર્યંતના રૂદાસ વા સ્મરિકના મલામ છે એવી

દ્વિતીય વર્ણના ભાસે, પ્રથમાશ્રમનાપણુ;
અહોરમ્ય મહામૂર્તિ, નૂતનતા વયનીપણું—૧૭

તેમજ,

(शार्दूलविक्रीडित)

ચૂડાઓ સ્પૃશતાં, સુપિચ્છશરના, ભાથા પુઠે બે કશી,
ભસ્મેલાંછિત વક્ષભાગ, ઉરૂએ ધારી ત્વચા રૂરૂની,
બાધ્યુ વસ્ત્ર મજીઠીયુ કટિપરે, મુર્વિતણા બધથી,
હાથે પીપળ ડડ, કાર્મુક અને છે અક્ષમાલા ગ્રહી—૧૮.

कन्याओ—(૩૨) આ બને મધુરાકૃતિવાળા છે!

राजा—(પાસે જઈ) ભગવન્! અભિવંદન કરૂ છુ

विश्वामित्र—રાજર્ષિ જનકને સાથી, પુનરૂપ તને, ક્ષેમકુશલ આવેલો જોઉ છુ. એ અત્યુત્તમ છે, માટે આવ આલિંગન આપ

(આલિંગન કરી)

(अनुष्टुप्)

(૩૩) છે શુ પ્રવૃત્તયજ્ઞે તે, વિદેહાધિપતિ સુખી)
ગૌતમને શતાનદ, જનકોના પુરોહિતો.—૧૯.

राजा—(૩૪) નિશ્ચે, ગૌતમ અને શતાનદ સાથે, તે આર્ય એકજ સુખી છે!

कन्याओ—પ્રણામ કરીએ છીએ

राजा—

આજ શ્લોક હનુમાન નાટકમાં પર્શુરામના વર્ણનરૂપે મળી આવે છે વળી તેજ ઉત્તરરામચરિતમાં લવકુશના વર્ણનરૂપે મળી આવે છે, તથા અંત્રે રામલક્ષ્મણના વર્ણનરૂપે યોજાયલોછે. આ એકનો એક શ્લોક ત્રણ જગોએ મળી આવે છે, એ વિચારણીય છે. મહાવીર અને ઉત્તર રામચરિતનો એકજ કર્તા હોવાથી તેનોને તેનો જુદી જુદી રીતે ઉપયોગ કરે એ સ્વાભાવિક પરતુ ક્ષતિકારક લાગે છે હનુમન્નાટકમા એનો એ શી રીતે આવ્યો એ જોવાનુ છે.

(૩૨)—એ ઉભયભ્રાતાને જોતામા સ્નેહ પેદા કરે એવી આકૃતિવાળા છે

(૩૩)—વિદેહાધિપતિજનક, પોતાના પ્રવર્તતા યજ્ઞસહિત ક્ષેમકુશલ છે? આવો ઋષિનો પ્રશ્ન છે, તથા તેના પુરોહિતોનું પણ આરોગ્ય પુછે છે

(૩૪)—તે આર્ય એકજ સુખી છે, એમ કહી તેના સુખની અનવધિ દર્શાવે છે.

(अनुष्टुप्)

(૩૫) હલે વિદારવાથી તે, યજ્ઞભૂમિથી નિર્ગતા;
સીતાઆ, ઉર્મિલાઆ છે, બીજી જે જનકાત્મજા.—૨૦.

विश्वामित्र—કલ્યાણ હો !

लक्ष्मण.—(૩૬) (કાનમાં) આશ્ચર્ય ! આ આર્યા અદ્‌ભૂત જન્મવાળાં છે.

राम—

(अनुष्टुप्)

(૩૭) ઉત્પત્તિ યજ્ઞ ભૂમિથી, બ્રહ્મવાદી પીતા નૃપ;
સુપ્રસન્નોજ્જ્વાલામૂર્તિ, આની સ્નેહ કરે મને.—૨૧.

राजा.—ભગવન્ !

(अनुष्टुप्)

(૩૮) કોણ આ અનુગોએ છે, ક્ષત્રિય બ્રહ્મચારીઓ;
પ્રતાપ વિક્રમો જાણે, અગ્રે ધર્મ કરી રહ્યા.—૨૨.

विश्वामित्र—એ દાશરથિ રામલક્ષ્મણ છે. (૩૯)

---

(૩૫)—એવી કથા છે કે, યજ્ઞભૂમિને હલવડે ખેડતાં પેટી મળી આવી તેમાથી જનકને સીતારત્ન પ્રાપ્ત થયું. હલની કોશતુ સીતા એવું નામ છે, અને તેની પ્રાપ્તિ તેનાવડે થઈ માટે તેનું નામ સીતા પાડવામાં આવ્યુ; તથા બીજી ઉર્મિલા, ઉભય, જનકની પુત્રીઓ.

(૩૬)—જ્યાં એકજ જણને અર્થ જણાવવાનો હોય અને પછીથી પ્રસગ પડતાં સર્વને જણાવવાનો હોય તે, કાનમાં કહેવુ કહેવાય છે. આ પ્રમાણે કુશધ્વજ તથા વિશ્વામિત્ર ન જાણે અને રામ માત્ર જ જાણે, એમ લક્ષ્મણ કઈક કહે છે. આર્યા—પૂજનીય સીતા; અદ્‌ભૂત જન્મવાળાં—વિસ્મય પમાડે એવા જન્મવાળા છે, એટલું અગ્રે આશ્ચર્ય છે વળી અન્ય આશ્ચર્ય શું છે, તે રામજ જણાવે છે.

(૩૭)—જે ભૂમિમાં યજ્ઞાદિ કરવામાં આવે છે તે-યજ્ઞભૂમિ, તેમાંથી જેની ઉત્તપત્તિ અવિર્ભાવ-જન્મ છે. બ્રહ્મવાદી-વેદવિદ-વેદને જાણવાવાળો સજ્જનપિતા છે. તથા તેની મૂર્તિ-આકૃતિ-સુપ્રસન્ન-મધુર-મનોહર તથા ઉજ્વલ-કાંતિમાન છે, તે, મને સ્નેહ-ઔત્સુક્ય પેદા કરે છે. અત્રે મારામાં સ્નેહ પેદા કરે છે એથી ઔત્સુક્યાત્મક આરભ થાય છે. ઔત્સુક્ય માત્રથી થયલો આરંભ ઘણા ફલનો લાભ કરે છે.

(૩૮)—સ્થાનમાં રહીનેજ શત્રુને તાપ પમાડવાની શક્તિ તે-પ્રતાપ-તેજ. શત્રુ પાસે જઇ તેનું પીડન-કરવું તે-વિક્રમ-પરાક્રમ, અલૌકિક શ્રેયઃસાધનતે-ધર્મ, અનુગ-પાછળ ગમન કરનારા, તારા અનુચરોના જેવા, બ્રહ્મ-વેદ, પ્રમાણે ચાલનારા, શેવનાગ, ભણનારા તે-બ્રહ્મચારીઓ વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે, "ઉપનયન સંસ્કાર થયલો, વેદ ભણવાને તત્પર, ગુરૂના ગૃહમાં વસતો બાલતે—બ્રહ્મચારી." એવા એ ક્ષત્રિઓ કોણ છે ? જેઓ ધર્મને આગળ કરીને, ધર્મરૂપ તારી પાછળ, પ્રતાપ-તેજ અને વિક્રમ-પરાક્રમના જેવા તે અભય આપી રહ્યા છે.

(૩૯) દશરથના પુત્રો તે દાશરથિ વિશ્વામિત્ર એમ કહેવા માગે છે કે, દશરથના પુત્રો રામને લક્ષ્મણ છે.

કુમારો.—(સવિનય પાસે જઈ.) (૪૦) ગુરો ! અભિવંદન કરીએ છીએ !
રાજા.—(૪૧) અહોભાગ્ય ! આજે મહારાજા દશરથની પ્રસૂતિ જોવાયં છે.
(આલિંગન કરી.)

(अनुष्टुप्)

રઘુવંશથી અન્યત્ર, વત્સ જન્મ ન સંભવે;
દુગ્ધાર્ણવ વિના ક્યાંથી, ચન્દ્ર કૌસ્તુભ જન્મશે !—૨૩.

(૪૨) પ્રથમથીજ અમે એ કર્ણામૃત સાંભળ્યું હતું;

(शालिनी)

પામ્યો કષ્ટે ઋષ્યશૃંગોપચારે,
રમ્યાત્માઓ પુત્ર જે કોશલેન્દ્ર;
જે ચારો એ દીપ્ત કલ્યાણ કાર્યે,
ઉત્કૃષ્ટોતે બ્રહ્મચર્યે ચરે છે.—૨૪

(૪૩) તમારાવડે તે પૂર્ણ મનોરથવાળાનું યથેષ્ટ શુભ ઇચ્છિએ છીએ; બાકી રઘુકુળની પ્રજાની ઉન્નતિ તો સિદ્ધ જ છે.

(शार्दूल विक्रीडित)

જ્યાં મૈત્રાવરૂણિ પ્રશાશન કરે શુદ્ધાવિધિ વેદની,
જ્યાં હંમેશ પ્રજાતણો શુભદજે રક્ષાધિકારે ઠર્યો;
શ્રીવૈવસ્વતના મહા કુલ મહીં જેનો થયો જન્મ તે,
રાજાનો મહિમા ન જાય વચન પ્રજ્ઞાનના ગોચરે.—૨૫.

---

(૪૦) પિતાનો સખા હોવાથી કુમારો તેને ગુરૂ રૂપે સંબોધે છે. અભિવંદન–પ્રણામ.

(૪૧) રાજા દશરથની પ્રસૂતિ–પુત્રોને, જોઇને પોતાની જાતને કૃતકૃત્ય માને છે. રઘુવંશ વિના અન્યત્ર અન્યવંશમાં આવા રામલક્ષ્મણ સમાન પુત્રોનો જન્મ ભાગ્યે જ સંભવિશ કે–ન સંભવે. દુગ્ધાર્ણવવિના–ક્ષીર સમુદ્ર વિના, ચન્દ્ર અને કૌસ્તુભનો જન્મસંભવ પણ અન્ય સ્થલે ક્યાંથી હોય ? ચન્દ્ર અને કૌસ્તુભમણિની ક્ષીરોદધિમંથનમાંથી ઉત્પત્તિ મહાભારત આદિપર્વ અરાઢમા અધ્યાયમાં જોઈ લેવી. અત્રે દૃષ્ટાન્તાલંકાર છે. **दृष्टान्तस्तुसधर्मस्य वस्तुनः प्रतिबिंबनम्** । સમાન ધર્મવાળી વસ્તુનું પ્રતિબિંબ વર્ણવવું તે દૃષ્ટાન્તાલંકાર. સાહિત્ય દર્પણ–કા–૬૮૮.

(૪૨) કર્ણામૃત–કર્ણને અમૃતની પેઠે શાંતિ આપનાર વાક્ય. ઋષ્યશૃંગોપચારે—
ઋષ્યશૃંગ મુનિના ઉપચારથી–અનુષ્ઠાનવડે–તેણે કરાવેલા પુત્રેષ્ટિ યજ્ઞવડે, કષ્ટે કરીને, કોશલેન્દ્ર–કોશલ દેશનો ઇન્દ્રસમાન રાજા–કોશલેન્દ્ર, કોશલાધિપતિ દશરથ, રમ્યાત્માઓ–મધુર મનહર, આકૃતિવાળા પુત્રો પામ્યો; તે ઉત્કૃષ્ટ–શ્રેષ્ઠ, ચારે જણા શ્રેય–કલ્યાણના, હેતુ માટે બ્રહ્મચર્ય પાળે છે.–વેદાધ્યયન કરે છે.

(૪૩)—તમે–વિશ્વામિત્રે, આશિશવડે તે દશરથનું તેની ઇચ્છાનુસાર કલ્યાણ તો ઇચ્છિ ચૂક્યા છે; તેવા તમારાવડે અમે પણ તેનું શુભ ઇચ્છિએ છીએ, બાકી રઘુકુલની પ્રજાની ઉન્નતિ તો છેજ. મિત્રાવરૂણનો પુત્ર મૈત્રાવરૂણિ–વશિષ્ઠ, જે કુલમાં વેદની શુદ્ધ વિધિવડે પ્ર-

विश्वामित्र.—(४४) (अनुष्टुप्)

અશ્રાન્ત પૂણ્ય કર્મોના, પાવન પ્રાયકીર્તિના;
મહાભાગ્ય વિદોતેની, તમો છો સ્તુતિને ક્ષમ.—૨૬.

સખે ! મનુષ્યો વિશ્રામસ્થાનમાં બેશી વિશ્વસ્ત કથાઓ કરે છે; માટે આવો આપણે પણ આ વિકંકતની છાયા નીચે મૂહૂર્ત માત્ર બેસીએ.

(સર્વે પરિક્રમણ કરીને બેસે છે.)

(આગળ ચાલુ.)

શ્રી કૃષ્ણ.

(મળેલું)*

(અનુસંધાન ગત વર્ષ અંક-૯-પૃષ્ટ-૩૦૦ થી).

(૪)

પરંતુ આનો એક અન્ય વિચાર પણ સંભવી શકે છે. જેઓ આવી ભાવનાને વિચારી શકવાને અતિકોમલ પ્રકૃતિના છે, તેઓ એ સમયને એક રૂપકરૂપે સ્વિકારે, (કારણ કે આપણા સમાજની આધુનિક સ્થિતિમાં કોઈ પણ આવી વાતની રજા આપી શકે નહિ, અને એવી વાતનું અસ્તિત્વ કોઈ પણ સમયે કોઇપણ સમાજમાં, તે સમયના સમાજની સ્થિતિ આધુનિકના જેવી ધારીએ તો પણ અસંભેવિત હોઈ શકે.) અને ગોપીઓનો પ્રેમ, એક શિષ્યના ગુરૂ અથવા ઇષ્ટદેવ પ્રતિના પ્રેમના સમાન હતો, એમ માને; જ્યારે આ પ્રેમ અત્યંત તીવ્ર થાય છે ત્યારે કોઇની પણ દરકાર રાખ્યા વિના, પોતાના પ્રેમસ્થાનનો મધુર અને શાંત સાથ ભોગવવાનો નિશ્ચય કરે છે. દુનિયાની ભીતિ રાખનારા કેટલાક તેની એકાંતમાં

કર્મથી હિતાહિતના જ્ઞાનનો ઉપદેશ કરે છે. વશિષ્ઠ તમારા નિત્યના પુરોહિત છે એમ અર્થ છે. જ્યાં પ્રજાને શુભદ-શુભ આપનાર-કરનાર, રક્ષાધિકારમાં સ્થિત થયલા છો; તમે જ મૂખ્ય રક્ષક છો. સૂર્યનો પુત્ર વૈવસ્વત, તેનો મનુ, તેના મહાવંશમાં જેનો જન્મ થયો છે; એવા ભૂપતિનો પ્રભાવ વચન અને પ્રજ્ઞાનને ગોચર થતો નથી, જણાતો નથી; જણાવો અશક્ય છે. અત્રે પ્રથમ પાદથી વિદ્યા કહી, બીજાથી વૃત્ત કહ્યું, ત્રીજાથી અભિજન વર્ણવ્યું; આ પ્રમાણે અભિજન, વિદ્યા, વૃત્તના ઉત્કર્ષરૂપ, તમારો મહિમા અપ્રેમયજ છે, એમ અર્થ છે.

(૪૪)—જેનાં પૂણ્યકર્મો શ્રાન્ત થયાં નથી-વિરામ પામ્યાં નથી, એવા અશ્રાન્ત પૂણ્ય કર્મવાળા; જેની મહત્તરણ કરે એવી કીર્તિ છે, એવી પાવન વિશુદ્ધ કીર્તિના, તેમના મહાભાગ્ય પરમ સૌભાગ્યને જાણવાવાળા, તમે જ તેમની સ્તુતિ કરવાને યોગ્ય છો. વિશ્રામસ્થાન આરામ લેવાનું સ્થલ વિશ્વસ્ત-છાની-વિશ્વાસથી ભરેલી, ગુપ્ત રાખવા યોગ્ય. વિકંકત-એક જાતનું વૃક્ષ છે. પરિક્રમણ કરીને-ચારે તરફ અંત્રતત્ર ફરીને.

* લેખક—શ. વિશ્વવિહારી—અનજ.

ઉપાસના કરે છે, અને તેને અંતઃકરણમાં પામવા પ્રયત્ન પરાયણ થાય છે; દ્વીતિય વર્ગમાં એવાં મનુષ્યો છે કે, જેઓ દુનિયાદારીનાં કામકાજ પણ કરે છે, તથાપિ સાથે સાથે જ પોતાના પ્રભુની ગુપ્ત ઝાંખી રાખવાને પ્રયત્ન કર્યા કરે છે; પ્રથમ વર્ગના તો સમગ્ર વિશ્વની દરકાર રાખ્યા વિના તેના સાથમાં સદા સર્વદા રહેવાનો નિશ્ચય કરે છે. વૃદ્ધિ ક્રમની આધુનિક સ્થિતિએ મનુષ્યોને આ સમજાવી શકાય; પરંતુ મારા ધારવા પ્રમાણે તેમને એમ મનાવી શકાય કે, ગુરૂ અને શિષ્ય વચ્ચેનો સબંધ કદાપિ પતિપત્ની સમાન હોઈ શકે, તથા એ ઉભય વચ્ચે એટલું બધું સંસર્ગ સ્વાતંત્ર્ય સંભવી શકે; આનું કારણ ધારવા પ્રમાણે જેઓ પોતાની હઠીલાઇને લીધે કંઈ પણ આનંદિ, વિલાસિ હોય, તેમાં દોષ જોયાં કરે છે, તેમની બુજાઈ જતી શુદ્ધતાના આવેશના પ્રચારને લીધે એમ સંભવે છે, એટલું જ છે. પરંતુ આના જવાબમાં સાદી રીતે આપણે એટલું કહી શકીએ કે, જો આપણે પ્રભુના પિતૃત્વ અને માતૃત્વનો વિચાર કરી શકીએ, તો પતિત્વનો વિચાર, કે જે આપણા હિંદુઓમાં થોડી પવિત્રતાની ગાંઠ નથી, અને જેનો હમેશાં એમ અર્થનથી કે, એક કુટુમ્બિ મનુષ્ય તરીકે બાંધી લેવો, તે કેમ ન સંભવી શકે? કારણ કે જીવનના તે પ્રકારનું પરિણયનનાં ત્રણ ઉચ્ચ સ્વરૂપો—દૈવ, આર્ષ, અને બ્રાહ્મમાં, શાશન કરાતામાં આવ્યું નથી, પરંતુ તે તો માત્ર પ્રજાપતિ સ્વરૂપમાં આદેશાય છે. આ સબંધે એટલું હિંમત પૂર્વક કહી શકાય કે, જો આ ક્ષણભંગુર દુનિયામાં, દૃઢ, ચિરસ્થાયિ અને સુખી બંધન કંઈ પણ હોય તો તે, પતિનો પત્ની પ્રત્યેનો શુદ્ધ પ્રેમ, અને પત્નીની પતિ પ્રત્યેની ભક્તિ છે; આવો સબંધ પવિત્ર અને ચિરસ્થાયિ, તથા અતિ ઉન્નતિકારક, ઉભય છે, એ કોઇથી ના કહી શકાશે નહિ; વળી રાગી, પ્રેમી તથા સ્વરૂપવાન પતિ માત્રજ, પત્ની પ્રતિના પોતાના પ્રેમની તીવ્રતા સારી રીતે સમજી શકે છે. આટલું જાણીને જો આપણે જગત્પતિનો સૌમ્ય આશ્રય શોધીએ તો તેમાં કયા બાધનો સમાવેશ થાય છે? પરમાત્માના પોતાના પ્રભાવના લાભનો ત્યાગ કરવાની શી જરૂર છે? આપણું મસ્તક સદા તેના ચરણ કમલમાં રહે એવી પ્રાર્થના સહિત, આપણી જાતને સમગ્ર રીતે તેને સમર્પણ કરવા દો. પરંતુ જો આપણે આટલી ઉચ્ચ સ્થિતિ સુધી ન આવી પહોંચીએ, તો તેના અસ્તિત્વનો નકાર ભણતા પૂર્વે, તેજ માર્ગે ધીમે ધીમે આગળ વધવા પ્રયત્ન કરવો આવશ્યક છે. જેઓ આવી ઉચ્ચ સ્થિતિ સુધી પ્રયાણ કરવાની ઇચ્છાવાળા છે, તેમના લાભને માટેજ આ વિષય ચર્ચાવામાં આવ્યો છે, અને એવી આંશા રાખવામાં આવે છે કે, એનું વાચન મનન કરવાથી; શ્રી કૃષ્ણ અને ગોપીઓ વચ્ચે અસ્તિત્વ ધરાવતા પ્રેમની દીવ્યતાની ભાવનાનો સહજ ખ્યાલ બાંધવાને, યોગ્ય સમયે તેઓ શક્તિવાન થઈ શકે; આવી ઇચ્છાથી એમ આશા રાખું છું કે, સામાન્ય જન પ્રવાહની પાર જવાની ઇચ્છાવાળા, ઉચ્ચ જીવનની અભિલાષાવાળા, અને પરમાત્માને, પિતૃત્વ અને માતૃત્વનાજ નહિ પરંતુ, પ્રભુ કે જે સર્વ વ્યાપક છે તથા જે માનવ હૃદયની ભાવનાઓને સંતોષવા સદા તત્પર છે, તેને પુત્રત્વ, પિતા મહત્વ, મિત્રત્વ, તથા સખ્યના સ્વરૂપમાં અનુભવવાની ઇચ્છાવાળા, શિષ્યની આત્મિક આંતર્ દૃષ્ટિ સહિત આ વિષયનું મનન કરવામાં આવશે; ભાવનાની વૃદ્ધિ થવા માટે, આવી ભાવનાનો વિષય પણ તે પોતે જ હોવો જોઇએ, એટલું આવશ્યક છે, કારણ કે જ્યારે ભાવનાના વિષય અને વિષયિ

વચ્ચે સંપૂર્ણ ઐક્ય, અભેદ પ્રવર્તે છે, જ્યારે ખાસ કરીને વિષય ઉચ્ચ સ્થાન ધરાવે છે, ત્યારે ભાવના શ્રેષ્ઠ પ્રકારે વૃદ્ધિમતી થતી ચાલે છે. આથી હિંદુઓ પ્રભુને એક ભાવનામય બાલકરૂપે, ભાવનામય મિત્રરૂપે, ભાવનામય અધિકારી રૂપે તથા ભાવનામય રક્ષક રૂપે વર્ણવે છે, તેમાં તેઓની આધ્યાત્મિક ભાવનાની ઘણી વૃદ્ધિ આગળ તરી આવે છે. તેઓ વળી આથી પણ આગળ વધીને એમ સાબિત કરે છે કે, શ્રી ગૌરંગના કૃષ્ણ પ્રતિના પ્રેમમાં જણાઈ આવે છે તેમ, મનુષ્ય પણ તેના ઉપર પતિ સમાન પ્રેમ રાખી શકે, અને અત્રેજ આપણને એક ભક્ત અને તેના ઇષ્ટદેવ વચ્ચે અસ્તિત્વ ધરાવતા મધુર પ્રેમનું સંપૂર્ણ ભાન થાય છે,—કારણ કે શ્રી ગૌરંગના અવતારમાં પ્રભુએ પતિ તથા પત્ની ઉભયની ભૂમિકા ભજવી છે—કોઈ કોઈ સમયે પત્નીના પતિ પ્રતિના પ્રેમ સમાન આ પ્રેમ દર્શાવ્યો છે, અને કોઈ કોઈ સમયે પતિના પત્ની પ્રતિના પ્રેમ સમાન દર્શાવ્યો છે, અને આથી દુનિયાને એમ સાબિત કરી આપ્યું છે કે, આવા પ્રકારનો પ્રેમ વૈષયિક સંતોષના વિચાર વિના પણ પુરૂષ અને સ્ત્રી વચ્ચે હોઈ શકે છે; વળી હિંદુઓને તેમની આધ્યાત્મિક ભાવનામાં ટેકો આપવા પોતે જ ગીતામાં ગાયું છે:—

पिताहमस्य जगतो माताधाता पितामहः ।
वेद्यं पवित्रमोंकार ऋक्साम यजुरेवच ॥ अ. ९. श्लो. १७.

આ વિશ્વનો પિતા, માતા, ધાતા, પિતામહ, પવિત્ર વેદ્ય, ૐકાર તથા ઋક્ અને સામ પણ હું છું.

गतिर्भर्ताप्रभुःसाक्षी निवासःशरणंसुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥ ९.। १८ ॥

વળી, માર્ગ, પતિ, પ્રભુ, સાક્ષી, નિવાસસ્થાન, શરણસ્થાન, સુહૃત, ઉત્પત્તિ, પ્રલય, મૂલાધાર, કોષ, ગૃહ તથા અનશ્વર બીજ પણ હું છું, વળી અધ્યાય ૧૦—શ્લોક—૪૧ માં કહ્યું છે કે:—

यद्यद्विभूतिमत्सत्वं श्रीमदूर्जितमेववा ।
तत्तदेवावगच्छत्वं ममतेजोंशसंभवं ॥

જે જે પ્રાણિ વિભૂતિવાળું છે, તથા લક્ષ્મીવાળું છે, તે તે સર્વ મારા તેજના અંશનો જ સંભવ છે. આ પ્રમાણે જે જે સામાન્યની પાર છે, તે તેના પ્રદર્શન રૂપ છે, અને તેને અર્પણ કરવાથી પરમાત્માને પહોંચે છે. વળી કહ્યું છે કે:—

पत्रं पुष्पं फलंतोयं योमेभक्त्याप्रयच्छति ।
तदहं भक्त्युपहृत मश्नामि प्रयतात्मनः ॥

જે મને ભક્તિવડે પત્ર, પુષ્પ, ફલ, જલ અર્પે છે, તે શુદ્ધ બુદ્ધિવાળા પુરૂષે ભક્તિ પૂર્વક અર્પણ કરેલું સર્વ હું અંગીકાર કરૂં છું.

આથી એટલું સિદ્ધ થાય છે કે, જો આપણે તેને પાણી, (જે તેની સૃષ્ટિમાંનું એક છે) જેવો એક સામાન્ય પદાર્થ અર્પણ કરી શકીએ, તો એક સ્ત્રી પોતાના પતિ પ્રતિ જેટલો પ્રેમ ધરાવે છે, તે તેને કેમ અર્પણ ન કરી શકે? કારણ કે તેના આવા પ્રેમ શિવાય ઉચ્ચ, રમણિય શું છે, અને તેને તે પ્રેમ પ્રભુ પ્રત્યે લગાડવાની પ્રેરણા થાય છે, તો તે એક સ્ત્રી તરફથી આવે છે, માટે શું તે તેનો અંગીકાર નહિ કરે? તેણે પોતાના અંતઃકરણમાં વાવેલા પ્રેમ બીજનું તે પરિણામ નથી? પોતે જ નમ્રતાથી તથા પવિત્રતાથી ઉછેરેલું, નિજ અંતરમાં વાવેલા દિવ્ય બીજના વૃક્ષનું ફલ તેને અર્પણ કરવામાં, શું તે યથાર્થ નથી? ખરી વાત છે કે, જે લેશ પણ અશુદ્ધ હોય, કંઈ પણ જડ અથવા કાર્મિકથી રંગાયલું હોય, તેવાએ તેને અર્પણ કરતાં ભીતિ રાખવી જોઇએ, પરંતુ જો તે હિમવત્ શિખરોના હિમસમ શુદ્ધ હોયતો, જેના તરફથી તે આવે છે, એવા પરમ શ્રેષ્ઠને તે અર્પણ કરવામાં કોણ આનાકાની કરશે, અને કયો પતિ પોતાની પત્નીના આવા અર્પણમાં બાધ લેશે? જેને આવી પત્ની મળી છે તેનાં સદ્ભાગ્ય છે, અને સર્વના પ્રભવ અને અંતસ્થાન પ્રભુને પોતાના પ્રેમનું ફલ સાદી અને નિર્દોષ રીતે અર્પણ કરે છે, તેઓ પણ ધન્ય ધન્ય છે. કોઈ આવા કારણથી જ નીચેના શ્લોકમાં પ્રાતઃકાલિન પવિત્ર નામ સ્મરણમાં હિંદુઓએ, અહલ્યા, દ્રૌપદી, કુન્તી, તારા અને મન્દોદરીનાં નામને અમર કર્યાં છે:—

अहल्या द्रौपदी कुन्ती तारा मन्दोदरी तथा ।
पंच कन्या स्मरेन्नित्यं महापातक नाशनं ॥

"અહલ્યા, દ્રૌપદી, કુન્તી, તારા અને મંદોદરી, એ પાંચ સ્ત્રીઓનાં નામનું નિત્ય સ્મરણ કરો, મહાત્ પાપને દૂર કરવાને તેઓ સમર્થ છે." દિવ્ય—શ્રી કૃષ્ણ અથવા રામ; પ્રતિના ગાઢ પ્રેમ અને ભક્તિનુંજ આ પરિણામ છે. આ પ્રેમ, કે જે બહુવાર વિચિત્ર રીતે સમજવામાં આવે છે, તેની ઉપયોગિતા અને શુદ્ધતાની મારા વાચકોને ખાત્રી કરાવવાને, આ વિષય આટલો લંબાણથી ચર્ચાયો છે, અને મારી એવી પ્રાર્થના છે કે, એ દિવ્ય ઉપદેશક આ દિવ્ય પ્રેમની યથાર્થ કિંમત આંકવામાં આપણને સદા મદદગાર નિવડે, અને પ્રભુપાસે, એક પ્રેમી પત્નીનાં પ્રેમાલ સાદાઈ, નિર્દોષિત્વ, વિશ્વાસ અને નિષ્કપટત્વથી જવાને શક્તિવાન કરે.

આ વિષયની સમાપ્તિ કરતાં, આ રાસલીલાના વિષયથી ઉભા થતા કેટલાક અવળા વિચારો દૂર કરવાની મારી ઇચ્છા છે. ગોપીઓએ શ્રી કૃષ્ણ પાસેથી ઇચ્છેલો, "સ્થૂલ સંસર્ગ." એ વાક્યના ઉપયોગ વિષે મારે એટલું કહેવું જોઇએ કે, કેટલાક ધારે છે તેમ તેમાં "વિષય સબંધ" નો ગંધ માત્ર પણ નથી; અને વળી ભાગવતમાં આવું કૃત્ય વર્ણવવામાં આવ્યું નથી, તેમજ તે વિશે મારો ઇશારો પણ નથી. ભાગવત સ્કંધ—૧૦—અ—૩૩—શ્લો—૨,૩,૯,૧૧,૧૨,૧૩,૧૪,૧૭,૨૦ અને ૨૧ માં, જેમ વર્ણવવામાં આવ્યું છે, તેટલો જ અર્થ એ વાક્ય વાપરવામાં વિવક્ષિત હતો, અને આ સર્વમાં "વિષય સબંધ" સાથે સબંધ ધરાવતું કોઈ પણ વાક્ય વા શબ્દ મને તો માલૂમ પડતાં નથી.

આ વાતની મારા વાચકોને ખાત્રી કરાવવાને, સ્કંધ-૧૦-અધ્યાય-૩૩-માંના દોષવાળા શ્લોકો નીચે ઉતારું છું, તેમાં દોષીત ભાગ તજી લીધી દોરવામાં આવશે, તથા સામાન્ય લાભ માટે તેટલાંનું જ ગુજરાતી કરવામાં આવશે.

શ્લોક—૨

तत्रारभत गोविन्दो रासक्रीडा मनुव्रतैः ।
स्त्रीरत्नैरन्वितः प्रीतैरन्योन्यावद्धबाहुभिः ॥२॥

અન્યોન્યના હાથ ઝાલીને.

શ્લોકઃ—૩—

रासोत्सवः संप्रवृत्तो गोपीमण्डल मण्डितः ।
योगेश्वरेण कृष्णेन तासांमध्येद्वयोर्द्वयोः ॥
प्रविष्टेन गृहीतानां कण्ठे स्वनिकटं स्त्रियः ॥३॥

દરેક યુગલના વચ્ચે ઉભા રહીને, ઉભયના કંઠનું અવલંબન કર્યું

આટલી બધી ગોપીઓના મધ્યમાં એકી વખતે જ ઉભા રહેવાનો શ્રી કૃષ્ણનો માયા જાળ પાથરવાનો આ દાખલો છે. સામાન્ય વસ્તુ સ્થિતિમા તો આ અસંભવિત છે

શ્લો—૯—

उच्चै जगुर्नृत्यमाना रक्त कण्ठयो रतिप्रियाः ।
कृष्णाभिमर्शमुदिता यद्गीतनदमावृतम् ॥ ९ ॥

કૃષ્ણના આલિંગનથી આનંદિત થઇને, તાણીને ગાવા માંડયું.

અત્રે **रतिप्रिया** અને **कृष्णाभिमर्श मुदिता**, એ શબ્દો વિચારવા જેવા છે. **रतिप्रिया** એટલે રમતિયાળ અથવા પ્રેમાલ, રતિ એટલે રમન અથવા પ્રેમ, તેનો "વિષય સંભોગનો" અર્થ અત્રે અપેક્ષિત નથી; આવો અર્થ બાકીના શ્લોક સાથે બંધ બેસતો થઈ શકતોનથી **अभिमर्शनम्** નો અર્થ સ્પર્શ, ઘર્ષણ, એટલે, "આલિંગન" થાય છે, વળી તેનો અશ્લીલ અર્થ કરવામાં આવે છે તે અત્રે નથી, કારણ કે તે સમયે ત્યાં આગળ એ સર્વે જણાં એકઠાં નાચતાં અને ગાતાં હતાં, અને આવે સમયે એવા કાર્યનો અવકાશ સંભવી શકતો નથી.

શ્લો—૧૨—

काचिद्रास परिश्रान्तापार्श्वस्थस्यगदाभृतः ।
जग्राह बाहुनास्कन्धं श्लथद्वलयमल्लिका ॥ १२ ॥

પોતાના બાહુને (ગદાધર અથવા શ્રી કૃષ્ણના) સ્કંધ ઉપર મૂક્યા.

શ્લો.—૧૩—

तत्रैकांसगतं बाहुं कृष्णस्योत्पलसौरभम् ।
चन्दनालिप्तमाघ्राय हृष्टरोमाचुचुम्बह ॥ १२ ॥

આનંદથી રૂવાં ખડાં થયાં અને તેને ચુંબન કર્યું.

શ્લો—૧૪—

कस्याश्चिन्नाट्य विक्षिप्त कुण्डलत्विषमण्डितम् ।
गण्डंगण्डे संदधत्या अदात्ताम्बूल चर्वितम् ॥ १३ ॥

પોતાનો ગાલ શ્રી કૃષ્ણના ગાલ ઉપર મૂક્યો, જેણે પોતે ચાવેલું પાન તેને આપ્યું.

શ્લો—૧૫—

नृत्यन्तीगायतीकाचित्कूजन्नूपुरमेखला ।
पार्श्वस्थाऽच्युतहस्ताब्जंश्रान्ताधात्स्तनयोःशिवम् ॥१४॥

એક નાચતાં ગાતાં થાકી ગઈ, શ્રી કૃષ્ણ પાસે આવી, તેના પવિત્ર હસ્ત દ્વયનુ ગ્રહણ કર્યું, અને તેમને પોતાની છાતી ઉપર મૂક્યા

અત્રે શ્રી કૃષ્ણે નહિ પરતુ ગોપી વડે જ હસ્ત દ્વય મૂકાયા હતા. ગોપીનું આવું વર્તન તેનો પ્રેમ, નમ્રતા, તથા તેનામાં વિશ્વાસ પ્રતિપાદન કરે છે.

શ્લો—૧૬—

एवं परिष्वङ्गकराभिमर्श स्निग्धेक्षणोद्दामविलासहासैः ।
रेमेरमेशोव्रजसुन्दरीभिर्यथाऽर्भकः स्वप्रतिबिम्बविभ्रमः ॥१५॥

આવા પ્રકારે તેમને આલિંગન આપવાથી, તેમના હસ્તો દબાવવાથી, તેમના પ્રતિ પ્રીતિ ભરી દૃષ્ટિએ જોવાથી, અનિયન્ત્રિત વિલાસોથી તથા ખડખડાટ હસવાથી, જેમ એક બાલક દર્પણમાં ભાસતા પોતાના પ્રતિબિંબ સાથે રમે છે, તેમ શ્રી દેવીનો ઈશ, વ્રજ સુંદરીઓના સાથમાં રમવા લાગ્યો.

આમાં બાધ લઇ શકાય એવો. રેમે શબ્દ છે, જેનો કોઈ કોઇ પ્રસંગે ખરાબ અર્થ કરવામાં આવે છે, પરતુ અત્રે તો "પ્રોતાની મેળે આનંદ પામ્યો" એટલો જ છે, અને જે જે કાર્યોથી તેને આનંદ થયો તે ઉપર વર્ણવ્યાં છે,—આલિંગનાદિ અને આ પ્રમાણે જે જે કાર્યો વર્ણવાયાં છે, તે વિના અન્ય અર્થમાં એ શબ્દ બેશી શકતો નથી. વળી અત્રે તેનો ખરાબ અર્થ તો નથીજ, કારણ કે તે રમવાને, પોતાનાં પ્રતિબિંબ સાથે રમતા બાલકના આનંદ સાથે સરખાવવામાં આવ્યું છે, તેમાં લેશ પણ અધમતાનો સમાવેશ નથી.

(આગળ ચાલુ.)

વકીલ—(આવી રીતે અકસ્માત પકડાઇ જવાથી મનમાં શરમાયો—અપ્રતિભ થયો નહિ. તર્ક કરવા પ્રવૃત્ત થયો. સન્યાસિને લક્ષ કરીને કહેવા લાગ્યો.) મહારાજ ! ફિરંગી બટલરનું અન્ન ખાવામાં તમારે આટલી બધી શંકા કરવાની જરૂર શી ? ફિરંગી પણ ઇશ્વરના સર્જેલા, બ્રાહ્મણ પણ ઇશ્વરના સર્જેલા, ઉભય મનુષ્ય છે. બ્રાહ્મણનું અન્ન શુદ્ધ ભોજ્ય અને ફિરંગીનું અન્ન અશુદ્ધ—અભોજ્ય ! એમાં તાત્પર્યાર્થ શું ?

સન્યાસિ—(હસીને) ભાઇ જરાક તાત્પર્યાર્થ છે. તમે તેનું તત્વ શોધતા નથી, તો પણ મનગમતો યથેચ્છાચાર કરી રહ્યા છો. આ દોષથીજ સઘળો અનર્થ ઉપજી રહ્યો છે. આપણી જે કંઈ સંપત્તિ હતી તે જવા બેઠી છે. શાસ્ત્રમાંનાં તત્વ જાણી, સમજી, તે પ્રમાણે સઘળાં કાર્ય કરી, ત્યારપછી જો સારા માઠાનો બોધ થાય તો, કાવે તેમ કરી શકો છો ખરા; પરંતુ કંઈ જાણ્યા સમજ્યા વગર, કેવળ પારકી વાતથી આવા અદ્‌ભૂત બની જવું, એ બુદ્ધિમાનને માટે ઉચિત નથી. કહ્યું છે કે—**मूढःपरप्रत्ययनेय बुद्धिः ।**

વકીલ—અર્થ શું ? અમે સમજી શકતા નથી.

સ.—(મધુરસ્વરથી.) ભાઈ, ફિરંગી પણ માણસ ખરો, બ્રાહ્મણ પણ માણસ ખરો, પરંતુ ઉભય માણસમાં પ્રભેદ અનેક છે.

વ.—ક્યાં ? કોઈ તરેહનો પ્રભેદ તો દેખાતો નથી.

સ.—વકીલ સાહેબ ! માણસ કહેવાથી તમે શું સમજો છો ?

વ.—બે પગ, બે હાથવાળા મારા જેવા લોકો—માણસ.

સ.—માણસ શું ? દેહ—ના, દેહ ધારી જીવ.

વ.—આતો એક જ વાત—જે દેહ, તે જ દેહ ધારી જીવ.

સ.—આ તે કોઈ દહાડો થાય ! દેહ તો મરણ પછી પણ પડી રહે છે, પરંતુ દેહ ધારી જીવ ત્યારે તે દેહની સાથે સબંધ શૂન્ય. એટલાજ માટે એ દેહને માનવ-દેહ કહેવામાં આવે છે: પરંતુ કોઈ તેને માનવ કહેતા નથી

વ.—મહારાજ ! આતો કેવળ નાતનીજ વાત; તમારા લોકોનો તે વખતનો અંધકાર સાયન્સની રોશનીથી હવે દૂર થયો છે. જીવ-શીવ, કશુંએ નથી. ઇંજીનના ફોર્સ જેવો દેહનો પણ ફોર્સ છે. તે ફોર્સ જ—પ્રાણ. જીવ, આત્મા, જે કહો તે. ઇંજીનની કળા—બંધના જેવું, તે ફોર્સનું બંધ થવું—ને જ મૃત્યુ. માટે ફોર્સ જ્યારે દેહનું કાર્ય, ત્યારે તેને દેહના બહાર મૂકવાથી ચાલશે નહિ.

સ.—વારૂ, તમારી વાત જ માની—હવે જરાક પુછવાનું છે. તમારો તે અતીત બાલ્યદેહ શું અત્યાર સુધી છે ?—ના. તેની ક્ષય વૃદ્ધિથી દેહની પુનઃસૃષ્ટિ થઈ છે ?

વ.—જગત્ સદા પરિવર્તન શીલ, દેહનો પણ સર્વદા પરિવર્ત થઇ રહ્યો છે; માટે આ દેહને પુનર્સૃષ્ટ કહી શકાય છે.

સ.—ત્યારે તમે જેને ફોર્સ કહો છો, તે પણ પરિવર્તિત થાય છે; કારણ કે, દેહધર્મ દેહને છોડી શકતો નથી.

વ.—એમજ.

સ.—હું એક વખત હરિદ્વાર ગયો હતો; જે દિવસે ત્યાં પહોંચ્યો, તે દિવસે બહુ જ વરસાદ પડતો હતો, પાણી ખુબ તાઢું હતું; કેમ તમને એ યાદ આવે છે કે?

વ.—આ શું મહારાજ! શું બોલો છો? હું શું તમારી સાથે તે દિવસે હરિદ્વારમાં હતો?

સ.—નહતા, તેમાં શું? મને જે વિષય અનુભૂત (મને જે અનુભવ થયો) તે તમારા મનમાં પણ થઈ જ શકે તો?

વ.—(મનમાં) વાહ અદ્દષ્ટ! આવા માણસની સાથે પણ મને આજે તર્ક કરવો પડે છે. (પ્રકાશ) મહારાજ! બસ, ચુપ રહો. ઘણું થયું. મહારાજ! તમને કશાનું ભાન નથી. એ તે શું કોઈ દહાડો થાય; એક જણનો અનુભૂત વિષય બીજાની સ્મૃતિમાં ભાસતો નથી. જે અનુભવ કરે છે, તે જ સમયાન્તરે કેવળ તે વિષયનું સ્મરણ કરી શકે છે. આ સહેજ વાત તમે જાણતા નથી તે વળી તર્ક કરો છો!

સ.—ભાઇ સાહેબ! ક્રોધ કરશો નહિ; શિક્ષાથી અનભિજ્ઞ માણસને શિખવાડવામાં ધર્મ છે. તમને બચપણની કોઈ વાત હવે યાદ આવે છે?

વ.—કેમ ન આવે?

સ.—આ તો બચપણનાં શરીર નથી; ત્યારનાં શરીર અને આ શરીરમાં જ્યારે આટલું પાર્થક્ય ઘટયું છે, ત્યારે બાલ્ય શરીરે—જે અનુભવ કર્યું છે, તેનું સ્મરણ આ યૌવન શરીર કરી શકતું નથી, તમે હમણાં જ કહ્યું છે કે, જે, જે વિષયનો અનુભવ કરે છે, તે જ કેવળ સમયાંતરે તે વિષયનું સ્મરણ કરી શકે છે.

વ.—(મનમાં) હવે તો જરાક વધારે બોલવું પડશે. (પ્રકાશ) મહારાજ! સાંભળો. જ્ઞાન, મગજનો ધર્મ; મગજ શરીરનો જ ભાગ છે. દેહમાં જ્યાં સુધી ફોર્સ રહે છે, ત્યાં સુધી મગજ,—જ્ઞાનને કોઈ એકાદ રૂપથી ધારણ કરે છે; તે ધૃત-જ્ઞાનના સમયાંતરે પ્રકાશને "સ્મરણ" કહેવામાં આવે છે; તે પણ મગજનો જ ધર્મ, આવી તરેહના મગજનો વિશેષ ભાગ જ્યારે વિનષ્ટ થાય છે, ત્યારે સ્મરણ કરવાની શક્તિ રહેતી નથી. તે મગજ પણ પરિવર્તન શીલ છે ખરૂં, પણ તેનું પરિવર્તન—પોતાના ધર્મ સાથે લઇને જ થાય છે, તેને છોડીને નહિ મારી જાંગ ઉપર એક ચુમહું થયું હતું તેનો ડાઘ હજી પણ છે. અવશ્ય આ ડાઘનું પણ પરિવર્તન થયું છે; પરંતુ તે એકદમ ભુસાઈ ગયો નથી, વળી ઘણા ન્હાના ન્હાના ડાઘો

સ્ટીમરમાં—ધર્મ કથા.*

(મળેલું.)

"But just for this I am di-possess'd
Of all that givs pleasure to life & zest.
I can't even jugge myself to own,
There is one thing to be truly known?
Or ought to be taught in science or arts,
To better mankind and to turn their heart."

કરાંચિબંદર—માઘમાસ; પરોઢિયે—દશોદિશ ઝાકળથી ભરપૂર. આઘોર અંધકારમાં કોઇને કોઇનું સ્વરૂપ દેખાતું નથી. વચ્ચે વચ્ચે જળવાયુનાં સંઘર્ષણથી પૂર્વોત્તર ખૂણામાં વિજળીના ચમકારા થતા હતા. ત્હાડથી પશુ પ્રાણિઓ કંપાયમાન. નાતિભીષણ મહોદધિ સાગરના અનતિ તરંગ પ્રવાહ ઉપર મુંબાઇ મેલસ્ટીમર સુસજ્જિત. પ્રબળ ઉતારૂઓ દુર્બળને ઠેલી ચગદી, ઉતાવળથી સ્ટીમર ઉપર ચઢી રહ્યા છે. પાસેના ઘાટથી મહોદધિમાં સ્નાન કરી એક સન્યાસિ નિષ્કંપદેહ અને પ્રફુલિત અંતઃકરણથી સ્ટીમર ઉપર આવી ચઢયો. સંન્યાસિ ઉમ્મરમાં વૃદ્ધ પણ ફલમાં જુવાન.

આ વૃદ્ધ સન્યાસિના પાછળ બીજો એક ઉતારૂ પણ આવીને સ્ટીમર ઉપર ચઢયો; એ નવીન ફેશનનો એક દેશી વકીલ—આપાદ મસ્તક વિવિધ પ્રકારનાં શીત-વસ્ત્રથી આચ્છાદિત. મુખમાં દગ્ધાસ્ય સિગરેટ, બે હાથ ઓવર કોટના ગજુઆમાં. વકીલ સાહેબ ઉમ્મરમાં જુવાન, ફલમાં વૃદ્ધ. સન્યાસિએ સાઠની સીમા અતિક્રમ કીધી છે, પણ એમની દૃષ્ટિ શક્તિ તીક્ષ્ણ, હાથમાં લાકડી બાકડી કશું નથી; મુખ પ્રફુલ્લ અને ગંભીર, દેહ આરોગ્ય અને સુદૃઢ. વકીલની દૃષ્ટિ શક્તિ ક્ષીણ, સદાચશ્માથી શોભિત ચક્ષુ, હાથમાં લાકડી, મુખ વિષાદ યુક્ત મલિન, દેહ વાંકો ચૂકો અને દુર્બળ. સ્ટીમર ઉપર વહેલા આવી અનુકુલ જગ્યા અધિકાર કરી લેવાની ઉતાવળ હોવા છતાં પણ, સન્યાસિનાં લિનાં લુગડાંમાંથી ટપકતાં જળ-બિંદુઓ જોઇને વકીલ સાહેબ ધીમે ધીમે સન્યાસિના પુઠે પુઠે ચાલવા મંડ્યા, અને મનમાં ચિંતન કરવા લાગ્યા—" ઓહો! આ સન્યાસિનાં અસાધ્ય કોઈ પણ કામ નથી! આ મહોદધિ સાગર, મગર વિગેરે હિંસક જીવજંતુઓથી પરિપૂર્ણ; એમને જરાક પણ જીવની મમતા નથી! દરિઆવના પાણીમાં નિર્ભયતાથી તરી, ભુસ્કો મારી નાહ્યા છે! અરર! એ કંઈ સ્હેજ વાત નથી! ભલે, આ વાત જાણે છોડી જ દીધી કે આ અભણ સાધુ જાણ્યા જોયા વિના આવી રીતે દરિઆવમાં ઉતરી ન્હાયો છે; પરંતુ આ તો ન સહન થાય એવી તાઢ વાય છે; આ બધાં ઉનનાં વસ્ત્રની અંદર જો લગીર પવન પેસે તો તાઢથી થરથરવું પડે છે;—અને આ વૃદ્ધ સન્યાસિ તો જાણે ઉન્હાળાના મધ્યાહ્નકાળ જેવો જ હર્ષથી પાણીમાં તરી ભુસ્કા મારી આનંદથી ભીના શરીરે આવ્યો છે! શરીરે કંપ નથી—મુખમાં અવસાદ નથી—ચાલમાં ઉતાવળ નથી! આ કંઈ ઓછું આશ્ચર્ય!"

* લખનાર—એક સન્યાસિ.

સન્યાસિ, બીનાં લૂગડાં બદલી, પોતાના કંબલ આસન ઉપર બેઠા. વકીલ સાહેબે પણ ચિંતન, સમાલોચન ત્યાગ કરી, અનુકુળ જગ્યા શોધી, પથારી પાથરવામાં ચિત્ત પરોવ્યું. સ્ટીમર બંદર છોડી ચાલવા લાગી. વકીલ સાહેબે ફિરંગી—બટલરોની સાથે વાતચીત કરી, એક રૂપીઆમાં ૨–૩ વખત ઉદર–પૂજાનો ઠરાવ કર્યો. વૃદ્ધ સન્યાસિ અને જુવાન વકીલ બન્ને સેકન્ડ કલાસના ઉતારૂ—એક બીજાનાં આસનમાં વિશેષ વ્યવધાન નહતાં. ઉભય, ઉભય તરફ જોતા હતા,—પણ વાતચીત ચાલી નહિ. પાટલુન, શર્ટ, વેસ્ટકોટથી સુસજ્જિત ઉઘાડા માથાવાળા બટલરના અસ્પષ્ટ ઇશારાથી, વકીલના અન્યત્રગમન અને થોડાક સમય પછી પરિભ્રમ થઈ પુનરાગમન જોઇ, વૃદ્ધ સન્યાસિ જરાક ચિંતા યુક્ત થયો. ૧૧ વાગ્યા, સન્યાસિએ વકીલને બોલાવ્યા. વકીલ સાહેબ આવી તરેહના બીજા કોઈ સાધુ સન્યાસિના તેડવાને ગણકારે એ આશા શી? પણ આતો તેનો સમાલોચિત અદ્ભૂત વૃદ્ધ—તેનો વિસ્મયકારી સન્યાસિ,—એમની જોડે એક બે વાત કરવાની મરજી વકીલ સાહેબને હતી; છતાં પણ આવા સાધુ સન્યાસિની પાસે પોતાની ઇચ્છાથી કંઈ કહેવું સાંભળવું આ વકીલ સાહેબને અપમાન જેવું લાગે છે, તેથી ઉભયમાં અત્યાર સુધી વાતચીત થઈ નહિ. હવે સન્યાસિએ જ્યારે બોલાવ્યા ત્યારે વકીલ સાહેબને તેની સાથે વાત કરવાનો લાગ મળ્યો, તે સન્યાસિની પાસે ગયો, અને ઉભય વાતચીત કરવામાં પ્રવૃત્ત થયા.

સન્યાસિએ પુછ્યું—સાહેબ! તમે કોઈ સારા કુલના હિંદુ ગૃહસ્થ જેવા લાગો છો! તે ફિરંગી બટલરે શી ઇશારત કરી? તમે પણ તેની સાથે શા માટે ગયા? જો કંઈ હરકત ન હોય તો, આ સવાલોના જવાબ આપો.

(સન્યાસિના મુખમાંથી આવા પ્રશ્નની આશા ન હતી; અકસ્માત સવાલ સાંભળી યુવકનુ હૃદય જરાક ધ્રુજી ઉઠ્યું; પરંતુ તરત તેણે શુષ્ક અને અસ્પષ્ટ સ્વરથી કહ્યું.)

વકીલ—મહારાજ! તમારે આવી વાતોની જરૂર શી.

(કેબીનની અંદર—ઘણા સાંભળનાર અને બોલનારાઓ હતા.) એક સદ્ગૃહસ્થે પ્રશ્નોત્તર સાંભળી સન્યાસિને કહ્યું—મહારાજજી! આપે જે પ્રશ્ન કર્યો છે તેનો ઉત્તર આપવામાં આ વકીલ સાહેબ સંપૂર્ણ અક્ષમ, અને આપને એ ઉત્તર સાંભળવાથી કેવળ મનોકષ્ટ.

સન્યાસિ—મનોકષ્ટ સહન કરવાને માટે જ આપણો જન્મ. લોકોના મુખથી જે સઘળી વાતો સાંભળીએ છીએ તેમાં વિશ્વાસ થતો નથી,—તેટલા જ માટે મેં એમને પ્રશ્ન કર્યોછે.

ઉતારૂ સદ્ગૃહસ્થ—આપે જે કંઈ સાંભળ્યું છે, તે સમસ્ત સત્ય. આપની નજર આગળ જ આ બનાવ બન્યો છે. સ્પષ્ટ રૂપે હું કહું છું,—આ તે ફિરંગી બટલરે ઇશારો કર્યો અન્ન પ્રસ્તુત ખાવા ચાલો; આ વકીલ સાહેબ તરત તેની સાથે જઈ ખાઇને આવ્યા છે. હું આ વકીલ સાહેબને સારી પેઠે ઓળખું છું; એ–તો ઉચ્ચ કુલના સંતાન એમ. એ. એલ. એલ. બી. છે; આવી રીતે ફિરંગી બટલરનું અન્ન ખાનાર, એ એકલા નથી. સ્ટીમરમાંના ઘણા ઉતારૂઓ આ પંગતમાં બેસનારા હોય છે.

દમ મારી નાખ્યો હતો; તે હત્યા કરનારને શોધી કાઢવું બહુ જ અસંભવિત થયું, પરંતુ દૈવની લીલા વિચિત્ર. તે મુવેલા માણસે મરી જતા પહેલાંથી મરણ પછી પણ આંખ ઉઘાડી રાખી હતી; તે ઉઘાડી આંખની કીકીમાં તે હત્યા કરનારનો પ્રતિબિમ્બ પડી ઠરી ગયો; તે જ પ્રતિબિમ્બ જોઇ પોલીસના માણસોએ હત્યા કરનાર ખુનીને શોધી કાઢયો. આ વાત પડતી મૂકો. પણ ચક્ષુ સ્થિત, પ્રતિબિમ્બ, ઓપ્ટિક નર્વસ નામની નસદ્વારા મગજના કોઈ અમુક ભાગમાં જઇ પ્રતિબિમ્બત થાય છે. તે પ્રતિબિમ્બ જ પ્રત્યક્ષ.

સ.—વારૂ, મગજમાંનો તે પ્રતિબિમ્બ દેખાય છે?

વ.—ના.

સ.—તે પ્રતિબિમ્બનાં, સ્પર્શ, શ્રવણ, સ્વાદ ગ્રહણ અને ઘ્રાણન લઇ શકાય?

વ.—ના, આ બધું કંઇ જ થાય નહિ.

સ.—ભાઇ સાહેબ! ત્યારે જરાક વિચારી જુઓ—ઘટ સાકાર, તેનો પ્રથમ પ્રતિબિમ્બ અર્થાત્ ચક્ષુ સ્થિત પ્રતિબિમ્બ પણ સાકાર. પરંતુ તેનો એટલે ઘટ-પ્રતિબિમ્બનો પ્રતિબિમ્બ નિરાકાર, અતિ નિરાકાર—ફક્ત અદૃશ્ય માન નહિ—પણ અદૃશ્ય, અશ્રાવ્ય, અસ્પૃશ્ય, અનાસ્વાદ્ય અને અનાઘ્રાણીય છે. તમારી વાત મુજબ ત્યારે શું, સાકારનો નિરાકાર પ્રતિબિમ્બ માની લેવા જેવું જ થયું કે નહિ?

વ.—વારૂ, તેમ જ માની લીધું, પણ તેમાં વળી હરકત શી?

સ.—હરકત છે ભાઇ! આ તો તદ્દન યુક્તિ વિરૂદ્ધ વાત;—જે કદાચ દેખાય નહિ, તેની કલ્પનામાં કંઈ સાર નથી. જુઓ વળી તમારો મત એમ છે કે,—ચક્ષુઃ પ્રતિબિમ્બિત ઘટનો નિરાકાર પ્રતિબિમ્બ જ, ઘટ-પ્રત્યક્ષ, તેનો ક્ષુદ્ર અને બૃહત્—એ પ્રકારનો નિરાકાર પ્રતિબિમ્બ, ક્ષુદ્ર પ્રતિબિમ્બ, બૃહત્ પ્રતિબિમ્બ ઉત્પન્ન કરવા સમર્થ છે. આ બૃહત્ નિરાકાર પ્રતિબિમ્બ જ સુયોગ પ્રમાણે ફુટી નીકળે છે, તે જ સ્મૃતિ; એમેજને?

વ—હા મહારાજ! એમ જ.

સ.—વારૂ, હવે થોડુંક વિચારી જુઓ, જે અદૃશ્ય, જેનો સ્પર્શ નથી અથવા જેનો સ્પર્શ અજ્ઞેય છે, તેવી કોઈ વસ્તુ રહ્યા છતાં પણ તેનો ક્ષુદ્ર-બૃહત્ પરિમાણ ભેદ થઈ શકતો નથી; કારણ કે તેના અવયવના અસ્તિત્વનું પ્રમાણ નથી. માટે તેને ક્ષુદ્રાદપિ ક્ષુદ્ર અથવા તો મહતે પિમહત્ કહી શકો છો પરંતુ તેના કેટલાક ન્હાના અને કેટલાક મ્હોટા એવી કલ્પના કરવી અન્યાય છે. વળી બીજી એક વાત, તેનું ફુટી નીકળવું, એટલે શું? જે નિરાકાર, તેનો વળી વિકાસશો? સાકારબિમ્બ, પ્રતિબિમ્બ રોશનીના સંયોગથી પ્રકાશ થાય છે; પરંતુ નિરૂપબિમ્બ પ્રતિબિમ્બ, વળી કયા રૂપથી પ્રકાશ થશે? પોતાના બળથી પોતાનો પ્રકાશ થાય તોજ સર્વદા તેનો પ્રકાશ થઈ શકે. જેમ નિરાકાર પ્રતિબિમ્બનો પ્રકાશ કેવળ કલ્પના માત્ર છે, તેમ નિરાકાર પ્રતિબિમ્બનો લોપ પણ કાલ્પનિક સમજી લેવો.

વ.—મહારાજ! સાંભળો; તમે કોઈ દિવસ જોયું હશે કે, ફોનોગ્રાફ—એક પ્રકારનું શબ્દયંત્ર, આ યંત્રમાં શબ્દનો પ્રતિબિમ્બ પડે છે. આપ જે સ્વરથી જે વાત તે યંત્ર સામે કરશો, તેવાજ સ્વરથી બરોબર તેવીજ વાત યંત્રમાંથી ઉચ્ચારિત થશે. યંત્રની કળને

ડાબવાથીજ આ શબ્દ પ્રતિબિમ્બ પ્રકાશિત થાય છે, સર્વદા થતો નથી. માટે આ ઉપરથી જોવામાં આવે છે કે, યંત્રની ક્રિયા જ તે શબ્દ પ્રતિબિમ્બનો પ્રકાશ છે. અહિંયાં પણ મગજની ક્રિયાને પ્રત્યક્ષ અને તત્પ્રતિબિમ્બને પ્રકાશ કહીશું. જે સમયે મગજની ક્રિયા થાય છે, ત્યારે જ પ્રત્યક્ષ થાય છે, ત્યાર પછી ક્રિયા વિનષ્ટ થવાથી, પ્રત્યક્ષ પણ વિનષ્ટ થાય છે; પરંતુ તે ક્રિયાથીજ પ્રત્યક્ષનો પ્રતિબિમ્બ પડે છે; વળી અન્ય પ્રકારની મગજ-ક્રિયાથી આ પ્રત્યક્ષ પ્રતિબિમ્બ પ્રકાશિત થાય છે. આ પ્રકાશિત અવસ્થાજ સ્મૃતિ. સુયોગ અથવા ઉદ્બોધક ઉપસ્થિત થવાથીજ આ મગજની ક્રિયા થાય છે, નહિ તો થતી નથી. વળી જુઓ મહારાજ! સર્વદા પ્રત્યક્ષ અથવા સ્મૃતિ થવાનો પણ સંભવ રહ્યો નહિ. માટે જ્ઞાનને મગજનો ધર્મ કહેવામાં કાંઈ દોષ નથી.

સ.—વાહ ભાઇ! શાબાશ, તમારા બુદ્ધિ વિચારથી મને ઘણો સંતોષ થયો છે. હવે શબ્દ-તત્વની બાબતમાં મારી બે ચાર વાત સાંભળો. આપણાં દર્શનશાસ્ત્ર-મતમાં શબ્દનિત્ય; અને ન્યાયશાસ્ત્ર મતમાં શબ્દ અનિત્ય છે. મીમાંસક મતમાં શબ્દની ઉત્પત્તિ વિનાશ નથી; અભિવ્યક્તિત્વ અને તિરોભાવ છે. નૈયાયિક મતમાં શબ્દની ઉત્પત્તિ અને વિનાશ માન્યાં છે. હવે મીમાંસક મતનું અનુસરણ અને પોષણ કરી અમે કહી શકીએ છીએ કે, શબ્દ કરતાં વાયુ વધારે સ્થૂલ છે. વાયુને ખસેડી શબ્દનો અનુભવ કરવો પડે છે; પરંતુ નિરંતર ગતિશીલ વાયુ શિઘ્રજ પોતાનાં સ્થાન અધિકાર કરી લે છે. શબ્દ ત્યારે વાયુ આવરણથી આચ્છાદિત થઈ, લોકોની શ્રુતિને અગોચર થઈ પડે છે, પરંતુ શબ્દ વિનષ્ટ થઈ જતો નથી. કંઠ, તાલુ, જીભ, વીગેરેના અભિઘાતથી શબ્દ અભિવ્યક્ત થઈ, વાયુનું અવલંબન કરી વેગથી ક્રમાગત તે શબ્દ દૂરથી દૂરાંતરમાં પ્રતિધ્વનિત થાય છે. ત્યાર પછી વાયુ સાગરમાં તે નિમગ્ન થઈ જાય છે કંઠ, તાલુ, જીભ, વીગેરે અવયવોની ગોઠવણ સઘળાં માણસમાં એક સરખી નથી, માટે અભિઘાત પણ વિભિન્ન હોય છે. આ અભિઘાતથી જ શબ્દ-સ્વરનો ભેદ દેખાય છે. કોઇનો સ્વર ગંભીર તો કોઇનો કોમળ, કોઇનો કર્કશતો કોઇનો મધુર સ્વર હોય છે. આ સ્વર, શબ્દનો અનુગામિ એટલે પુઠે જનાર છે; પરંતુ શબ્દ-સ્વરૂપ નહિ. જ્યારે શબ્દ અભિવ્યક્ત થઈ વાયુસ્તરનો આશ્રય કરી તીવ્ર વેગથી દૂર દૂરાંતરમાં ચાલ્યો જાય છે, ત્યારે શબ્દનો અનુગામિ સ્વર પણ થોડે થોડે વિચ્છિન્ન થાય છે; ગંભિર-કોમલ-કર્કશ-મધુરભાવ વિનષ્ટ થઈ જાય છે; ત્યાર પછી શબ્દ વાયુથી ઘેરાઇ પડે છે. જ્યાં વાયુ ધીમો, અને વાયુની સ્વાભાવિક ગતિ સીમા બહ છે, ત્યાં શબ્દની પ્રતિધ્વનિ થાય. દ્રુતગામિ શબ્દ સ્થૂલતર વાયુનાં આવરણમાં પ્રતિહત થઇ પુનઃ પ્રત્યાવૃત્ત થાય છે આવા વર્તન સમયે તે વાયુ તેને આવૃત કરવા મંડી જાય છે; શેષ જેટલો ભાગ અર્થાત્ શેષ ભાગ આવરણના ગ્રાસથી મુક્ત થઇને રહે છે; આ પ્રતિહત શબ્દ-ભાગ જ પ્રતિધ્વનિ—તે પ્રતિબિમ્બ નહિ, ફોનોગ્રાફ યંત્રમાં શબ્દ પ્રવિષ્ટ થાય, ત્યારે તે દૂર દૂરાંતરમાં જઈ શકતો નથી; અને વળી બીજો કોઇ વાયુ સાગર પણ ત્યાં નથી કે, વાયુવડે વિક્ષિપ્ત અને સ્વરભ્રષ્ટ થઈ ઘેરાઇ પડશે. કલને ડાબી, તે સ્થૂલ વાયુને ખસેડી નાંખવામાં આવે છે, ત્યારે સ્વર મિશ્રિત શબ્દ, શ્રોતાને શ્રુતિગોચર થાય છે; માટે એ પણ પ્રતિબિમ્બ નથી.

(અપૂર્ણ.)

મારા શરીર ઉપર હતા તે હવે એકદમ લોપ થઈ ગયા છે, જ્ઞાનની બાબતમાં પણ આવી જ વાત છે. બચપણમાં જે જ્ઞાન જોરથી મગજનો અધીકાર કરી બેસે છે, તેનો ડાઘ ગંભિર; મગજનાં પરિવર્તનની સાથે તે જ્ઞાન-ડાઘ અથવા જ્ઞાન-છાયાનાં પરિવર્તન થયા છતાં પણ, તે એકદમ લોપ થઈ જતાં નથી;—કોઈ અમુક સમય અથવા અમુક બાબતમાં તરત ફુટીને નીકળી પડે છે. ઘણાએ જોયું હશે કે, સેકન્ડરી સીફીલીસ અથવા પારાનો ઘા એકદમ મટી ગયો, અથવા તો જરાક અમથો બાકી રહી ગયો, પરંતુ પથ્યના ફેરફારથી અમુક સમયે તે ફરીથી શરીરમાં ફુટી નીકળે છે. એને જ કહેવામાં આવે છે સ્મરણ. વળી એવાં તો અનેક જ્ઞાન છે—જેની છાયા ફીકી, તરત મટી જાય છે; તે જ્ઞાન ફુટી નીકળતાં નથી, તેને જ કહેવામાં આવે છે વિસ્મૃતિ-પરંતુ બીજાના અનુભવમાં એની વ્યાપકતા, અથવા મેલાપ નથી. બીજો કોઈ માણસ અનુભવ કરવાથી મારા મગજમાં તેનો ડાઘ પડતો નથી. સ્મરણ ત્યારે થાય કેવી રીતે ? હવે સમજ્યા છો મહારાજ !

સ.—ભાઈ સાહેબ ! સમજ્યો છું ખરો, પણ એક બે વાત પુછવાની બાકી છે.

વ.—પુછો મહારાજ !

સ.—મગજનો જે ભાગ લોપ થવાથી સ્મૃતિ શક્તિનો લોપ થાય છે, તે ભાગ ઔષધિ અને પથ્યથી સંપૂર્ણ થાય તો ફરીથી સ્મૃતિ શક્તિ ઉત્પન્ન થાય કે નહિ ?

વ.—તે થઈ પણ શકે છે.

સ.—ભાઈ સાહેબ ! આ શું કહો છો;—મગજના જે ભાગમાં જ્ઞાનની છાયા હતી, તે ભાગ વિનષ્ટ થવાથી, તે છાયાનો લોપ થયો; માટે સ્મરણ થતું નથી—તમે પહેલાં એમ જ કહ્યું છે. હવે તમે કહો છો કે, તે ભાગ પૂર્ણ થાય ત્યારે ફરીથી સ્મરણ થઈ શકે છે. એકવાર વિચારીને જુઓ તો ખરા, આ કેવી અસંભવિત વાત છે ! મગજનો જે ભાગ વિનષ્ટ થઈ ગયો છે, તે ભાગ ઔષધિ પથ્ય પૂર્ણ થયા પછી પણ ફરી આવતો નથી. તેની જગ્યા નવો ભાગ અધિકાર કરે છે. જ્ઞાનની છાયા હતી,—વિનષ્ટ ભાગમાં; નવા ભાગમાં તે છાયા ક્યાંથી આવશે, જે છાયા ફુટીને ફરીથી સ્મરણ થશે !

વ.—વિનષ્ટ મસ્તિષ્કનું જે મૂલ, તેમાંથી જ નવો મસ્તિષ્કાંશ ઉત્પન્ન થાય છે. મૂલમાં છાયા-બીજ રહે છે, માટે નવા મગજમાં પણ તેની છાયાની ઉત્પત્તિ થાય છે.

સ.—વારૂ; છાયા-બીજ એટલે શું ?—ક્ષુદ્ર છાયા ? મગજના દરેક ભાગમાં—દરેક પરમાણુમાં—અકેક ક્ષુદ્ર છાયા રહે છે. તે ક્ષુદ્ર છાયા—આપેક્ષિક (Relative) બૃહદ્ ભાગમાં બૃહદાકારમાં પરિણત ન થવાથી સ્મરણ થતું નથી—એમ જ તમારો અભિપ્રાય, પરંતુ તેમ થવાનો પણ સંભવ નથી. શતસહસ્ર જ્ઞાનની છાયા અકેક ક્ષુદ્ર પરમાણુમાં નિયમિત થઈ, તે જ્યારે સ્મરણ રૂપે ફુટી નીકળે છે ત્યારે વિવર્ત-નિયમ (Law of Evolution) રહેતો નથી; કારણ કે પ્રથમ છાયા ઉપર પાછળથી કેટલી બધી છાયા પડેલી છે; પરંતુ

ડાબવાથીજ આ શબ્દ પ્રતિબિમ્બ પ્રકાશિત થાય છે, સર્વદા થતો નથી. માટે, આ ઉપરથી જોવામાં આવે છે કે, યંત્રની ક્રિયા જ તે શબ્દ પ્રતિબિમ્બનો પ્રકાશ છે. અહિંયાં પણ મગજની ક્રિયાને પ્રત્યક્ષ અને તત્પ્રતિબિમ્બને પ્રકાશ કહીશું. જે સમયે મગજની ક્રિયા થાય છે, ત્યારે જ પ્રત્યક્ષ થાય છે, ત્યાર પછી ક્રિયા વિનષ્ટ થવાથી, પ્રત્યક્ષ પણ વિનષ્ટ થાય છે; પરંતુ તે ક્રિયાથીજ પ્રત્યક્ષનો પ્રતિબિમ્બ પડે છે; વળી અન્ય પ્રકારની મગજ-ક્રિયાથી આ પ્રત્યક્ષ પ્રતિબિમ્બ પ્રકાશિત થાય છે. આ પ્રકાશિત અવસ્થાજ સ્મૃતિ. સુયોગ અથવા ઉદ્બોધક ઉપસ્થિત થવાથીજ આ મગજની ક્રિયા થાય છે, નહિ તો થતી નથી. વળી જુઓ મહારાજ! સર્વદા પ્રત્યક્ષ અથવા સ્મૃતિ થવાનો પણ સંભવ રહ્યો નહિ. માટે જ્ઞાનને મગજનો ધર્મ કહેવામાં કાંઈ દોષ નથી.

સ.—વાહ ભાઇ! શાબાશ, તમારા બુદ્ધિ વિચારથી મને ઘણો સંતોષ થયો છે. હવે શબ્દ-તત્વની બાબતમાં મારી બે ચાર વાત સાંભળો. આપણાં દર્શનશાસ્ત્ર-મતમાં શબ્દનિત્ય; અને ન્યાયશાસ્ત્ર મતમાં શબ્દ અનિત્ય છે. મીમાંસક મતમાં શબ્દનાં ઉત્પત્તિ વિનાશ નથી: અભિવ્યક્તિત્વ અને તિરોભાવ છે. નૈયાયિક મતમાં શબ્દની ઉત્પત્તિ અને વિનાશ માન્યાં છે. હવે મીમાંસક મતનું અનુસરણ અને પોષણ કરી અમે કહી શકીએ છીએ કે, શબ્દ કરતાં વાયુ વધારે સ્થૂલ છે. વાયુને ખસેડી શબ્દનો અનુભવ કરવો પડે છે; પરંતુ નિરંતર ગતિશીલ વાયુ શિઘ્રજ પોતાનાં સ્થાન અધિકાર કરી લે છે. શબ્દ ત્યારે વાયુ આવરણથી આચ્છાદિત થઈ, લોકોની શ્રુતિને અગોચર થઈ પડે છે, પરંતુ શબ્દ વિનષ્ટ થઈ જતો નથી. કંઠ, તાલુ, જીભ, વીગેરેના અભિઘાનથી શબ્દ અભિવ્યક્ત થઈ, વાયુનું અવલંબન કરી વેગથી ક્રમાગત તે શબ્દ દૂરથી દૂરાંતરમાં પ્રતિધ્વનિત થાય છે. ત્યાર પછી વાયુ સાગરમાં તે નિમગ્ન થઈ જાય છે કંઠ, તાલુ, જીભ, વીગેરે અવયવોની ગોઠવણ સઘળાં માણસમાં એક સરખી નથી, માટે અભિઘાત પણ વિભિન્ન હોય છે. આ અભિઘાતથી જ શબ્દ-સ્વરનો ભેદ દેખાય છે. કોઇનો સ્વર ગંભીર તો કોઇનો કોમળ, કોઇનો કર્કશતો કોઇનો મધુર સ્વર હોય છે. આ સ્વર, શબ્દનો અનુગામિ એટલે પુંઠે જનાર છે; પરંતુ શબ્દ-સ્વરૂપ નહિ. જ્યારે શબ્દ અભિવ્યક્ત થઈ વાયુસ્તરનો આશ્રય કરી તીવ્ર વેગથી દૂર દૂરાંતરમાં ચાલ્યો જાય છે, ત્યારે શબ્દનો અનુગામિ સ્વર પણ થોડે થોડે વિચ્છિન્ન થાય છે; ગંભિર-કોમલ-કર્કશ-મધુરભાવ વિનષ્ટ થઈ જાય છે; ત્યાર પછી શબ્દ વાયુથી ઘેરાઇ પડે છે. જ્યાં વાયુ ધીમો, અને વાયુની સ્વાભાવિક ગતિ સીમા બદ્ધ છે, ત્યાં શબ્દની પ્રતિધ્વનિ થાય. દ્રુતગામિ શબ્દ સ્થૂલતર વાયુનાં આવરણમાં પ્રતિહત થઇ પુનઃ પ્રત્યાવૃત્ત થાય છે આવા વર્તન સમયે તે વાયુ તેને આવૃત કરવા મંડી જાય છે; શેષ જેટલો ભાગ અર્થાત્ શેષ ભાગ આવરણના ગ્રાસથી મુક્ત થઇને રહે છે; આ પ્રતિહત શબ્દ-ભાગ જ પ્રતિધ્વનિ—તે પ્રતિબિમ્બ નહિ, ફોનોગ્રાફ યંત્રમાં શબ્દ પ્રવિષ્ટ થાય, ત્યારે તે દૂર દૂરાંતરમાં જઈ શકતો નથી; અને વળી બીજો કોઇ વાયુ સાગર પણ ત્યાં નથી કે, વાયુવડે વિક્ષિપ્ત અને સ્વરભ્રષ્ટ થઈ ઘેરઇ પડશે. કલને ડાબી, તે સ્થૂલ વાયુને ખસેડી નાંખવામાં આવે છે, ત્યારે સ્વર મિશ્રિત શબ્દ, શ્રોતાને શ્રુતિગોચર થાય છે; માટે એ પણ પ્રતિબિમ્બ નથી.

(અપૂર્ણ.)

આદ્ય દ્રષ્ટા—
'એક અભેદમાર્ગ-પ્રવાસી'
હનિષ્ઠ મણિલાલ નભુભાઇ

સુદર્શન.

તન્ત્રી—
પ્રોફેસર આનંદશંકર બાપુભાઇ ધ્રુવ
એમ. એ. એલએલ. બી
ઉપતન્ત્રી—
રા. રા. વિશ્વવિહારી અનુજ

(ધર્મ-ગૃહ-સાહિત્ય-આદિ વિદ્યા અને તત્સંબંધી વિચાર)

" सत्यं परं धीमहि "—ભાગવતમ્.

પુસ્તક ૧૮. અંક ૨.] (માસિક.) [નવેમ્બર. ૧૯૦૨.

અતિદીર્ઘ આશા.

(મળેલું.)

ગઝલ.

હું તો માનવી હું! વિશ્વના હું! બ્રહ્મના! જ્ઞાની નહીં!
હજુ તો ઉછરતા પ્રેમમા—છે અરુ તું એ હું સમી!

માયા અલક*લટ તું તણી—
તુજ ગાલની આ સુરખી—
તુજ નેત્રની મીઠી ઝરી—
મુજ પાંખ લાં બાંધી પડી! હું તો.

કોકિલ તણો ચાળો રમી,
તિરછી કરીને પાંખડી,
મુજ કાળજે મીઠી છરી,
દેવી તને રૂચી રહી!— હજુ તો.

કુંજે એકલાં બે ચાલવા—
કદિ સ્મિત ફુવારે મ્હાલવા—
કદિ પાદમાં આળોટવા—
હજુ આ ઉરે હોંશો ભરી!— હું તો.

* સંપાદક—રા. રા. વિશ્વવિહારી—અનુજ.

આ છાતી પરે કંઈ હાંફતું—
આ હાય ઝાલી હીંચતું—
મુજ બાગનું ફુલડું થયું—
તેમાં ના તને તૃપ્તિ હજી !— હજુ તો.

મનનું બધું મનમાં ભર્યું,
આ વિશ્વ સાં વચમાં નડ્યું,
હાવા ગીત એક જ આ રહ્યું,
ગાવું ગીત આંસુડાં ભરી !— હું તો.

"આંસુ" નામ જે અળખામણું—
તેમા એ નિસાસે દાઝતું—
દુખમા મદા સુખ માનવું !
જો એ-હાણુ શી છે આપણી ?— હજુ તો.

જીવ જળવી પણ રાખવા,
તે એ એક કે આશા ભર્યો,
વ્હાલાંએ હુકમ એવા કર્યો,
દૂરી મૈત્રી એવાં અંધની !— હું તો.

કહે છે લાખ જન્મો પામશો '
આથે લાખ જન્મો માણશો !
હાવાં રહાવ રોપાનો લીઓ '
પાણીનું પતાસુ ઝિંદગી !— હજુ તો.

પોતાની ન દૃષ્ટિ જ્યાં પડે,
જેને માનતાં પોતે ડરે,
એવી આશ આપણને ધરે !
નાના દેવ કોટી માનવી !— હું તો.

ભૂલી આપ વીતી સૌ જતાં,
જ્યારે દર્દ જોયાં પારકાં !
વ્હાલાં દૂરનાં તે દૂરનાં !
જીવ્યું કોણ પર પોતે ગણી !— હજુ તો

કદિ હોય સાચુ તોય શું ?
આ તો જીવવું એલે ગયુ !

ખારાં આંસુમાં ચાલ્યાં જવું !
એ સૌ કોણ ભોગવશે પછી ?— હું તો.

નટવો ચઢે દોરી પરે,
ચૂકી આંખ તો નક્કી મરે,
મળે મોજ કે નાએ મળે,
એવો દોર આશા-આ સખિ !— હજુ તો.

પ્હેલાં તો મરીને દાઝવું !
ઉની ખાક થઇને ઉડવું !
કાંઈ તે પછી મીઠું હશે !
તેમાં તું કહે શું ? બોલની !— હું તો.

તારાં ભ્રૂ અને તુજ આંખ આ,
તારૂં અંગ સૌષ્ટવ આજ આ,
તારૂં સર્વ આનું આજ આ,
તેમાં આ જીગરની પ્રીતડી !— હજુ તો.

બાળ્યા પછી એ કોણ દે ?
ત્હારાં તો રડી ભૂલી જશે !
ભૂતો આપણાં રોતાં હશે !
તેની અન્યને તે શી પડી ?— હું તો.

વર્ષા બાકીય વહી જશે,
ત્યારે શું પછી જલદોદયે ?
નાના માવડે જગ જીવશે !
તે મેં કોણ જાણે ક્યાં ગયાં ?— હજુ તો.

આ છાતી પરે કંઈ હાંફવું—
આ હાથ ઝાલી હીંચવું—
મુજ બાગનું ફુલડું થયું—
તેમાં ના તને તૃપ્તિ હજી !— હજુ તો.

મનનું બધું મનમાં ભર્યું,
આ વિશ્વ સાં વચમાં નડ્યું,
હાવાં ગીત એક જ આ રહ્યું,
ગાવું ગીત આંસુડાં ભરી !— હું તો.

"આંસુ" નામ જે અળખામણું—
તેમાં એ નિસાસે દાઝવું—
દુઃખમાં સદા સુખ માનવું !
જો એ-લ્હાણ શી છે આપણી ?— હજુ તો.

જીવ જાળવી પણ રાખવો,
તે એ એક કૈં આશા ભર્યો,
વ્હાલાંએ હુકમ એવો કર્યો,
દૂરી મૈત્રી એવાં અંધની !— હું તો.

ફરે છે લાખ જન્મો પામશો !
સાથે લાખ જન્મો માણશો !
હાવાં લ્હાવ રોવાનો લીઓ !
પાણીનું પતાસું ઝિંદગી !— હજુ તો.

પોતાની ન દૃષ્ટિ જ્યાં પડે,
જેને માનતાં પોતે ડરે,
એવી આશ આપણને ધરે !
નાના દેવ કોટી માનવી !— હું તો.

ભૂલી આપ વીતી સૌ જતાં,
જ્યારે દર્દ જોયાં પારકાં !
વ્હાલાં દૂરનાં તે દૂરનાં !
જીવ્યું કોણ પર પોતે ગણી !— હજુ તો

કદિ હોય સાચું તોય શું ?
આ તો જીવવું એળે ગયું !

ખારાં આંસુમાં આલ્યાં જવું !
એ સૌ કોણ ભોગવશે પછી ?— હું તો.

નટવો ચઢે દોરી પરે,
ચૂકી આંખ તો નક્કી મરે,
મળે મોજ કે નાએ મળે,
એવો દોર આશા—આ સખિ !— હજુ તો.

પહેલાં તો મરીને દાઝવું !
ઉની ખાક થઇને ઉડવું !
કાંઈ તે પછી મીઠું હર્યું !
તેમાં તું કહે શું ? બોલની !— હું તો.

તારાં ભ્રૂ અને તુજ આંખ આ,
તારૂં અંગ સૌષ્ટવ આજ આ,
તારૂં સર્વ આનું આજ આ,
તેમાં આ જીગરની પ્રીતડી !— હજુ તો.

બાળ્યા પછી એ કોણ દે ?
ત્યાંનાં તો રડી ભૂલી જશે !
ભૂતો આપણાં રોતાં હશે !
તેની અન્યને તે શી પડી ?— હું તો.

વર્ષો બધીય વહી જશે,
ત્યારે શું પછી જલદોદયે ?
નાના માવડે જગ જીવશે !
તે એ કોણ જાણે ક્યાં રહ્યા ?— હજુ તો.

" मार्ग प्रदीपिका. "

(મળેલું.)*

" आ नियमो सर्व शिष्यो माटे लखायछेः तमे ते प्रमाणे वर्तो ॥ "

કોને અને કેવાને શિષ્ય કહેવો ? જે અન્ય પાસેથી ઉપદેશ મેળવે છે તે, અથવા અન્ય કે જેને તે નિયામકરૂપે ગણતો હોય, તેની પાસેથી ઉપદેશ ગ્રહણ કરે છે તે; આ વ્યાખ્યા નિશાળે જતા બાલકને તેમ જ ગુરૂ અથવા શિક્ષકસહ ટીએટીય (લાનુ) શિષ્યને લાગી શકે; ઉભય વાતમાં પસંદ કરાયલી શિષ્યવૃત્તિ છે, અને તેથી ઉત્સાહિ, ઇચ્છાવાળો અનુયાયી તથા વિદ્યાન ગુરૂ સૂચવાય છે. આપણો એક એવો ગુરૂ છે, અને તે કહે છે કે;– " આ નિયમો સર્વ શિષ્યો માટે લખાય છે. " જેઓ ધ્યાન આપવાનું પસંદ કરે છે તેવા કોઇને તેમાંથી વિદૂર ગણવામાં આવતા નથી, અને અમુક એમ ઇચ્છે કે, એટલી બાત જ, જે કહેવાનું છે તે સાંભળવાને તે તૈયાર છે, તેની પુરતી સાબિતી છે. આથી તેનું શું શ્રેય થશે એનો આધાર તેને મળેલા ઉપદેશનો ઉપયોગ કરવા ઉપર રહે છે, તો પણ તે સઘળો સંપૂર્ણ નકામો જતો નથી. પછી વળી આદેશાય છે કે, " તમે તે પ્રમાણે વર્તો. " કેવી રીતે ? સંભાળ પૂર્વક વિવેકથી, રહસ્યાર્થ સમજવાને પ્રયત્ન કરવાથી, ગુરૂ ઉપદેશાનુસાર જીવન ગાળવાથી તથા અધ્યયન કરવાથી; આ પ્રકારે મેળવેલા શ્રેયનો, નબળા મન અને શરીરવાળાઓને લાભ આપવાથી, તથા જે શાલામાં એકને દાખલ થવાનો માન ભર્યો હક છે, તે પાર પાડવા પ્રયત્ન પરાયણ થવાથી.

" चक्षुओ जोड शके ते पूर्वे तेओ अश्रुओ माटे अयोग्य थवांज जोइए ॥ "

કાયિક શરીરમાં મધ્ય બિંદુ ધરાવતા વિકારનાં બહિર પ્રદર્શનો અશ્રુઓ છે, અને તેનાં અસંખ્ય, વિવિધ કારણો હોઈ શકે. મનુષ્યો હર્ષ તેમજ શોક ઉભય માટે અશ્રુ સારે છે. માનવ વિકારોનો ક્રમ, શ્રેષ્ઠ ઉચ્ચ સૂરોથી તે, નિચે ઉંડામાં ઉંડા સૂરો સુધી દોડે છે, ઉંડાઇ કે જેમાંથી કોઇ અવાજ આવતો નથી, પરંતુ અશ્રુઓ નિગળે છે, અશ્રુઓ કે જે અંતઃકરણ અને મસ્તિષ્કમાં પ્રજળે છે, તથા તેમના માર્ગને નિશ્ચિત કરવાને ભયંકર ચિહ્નો મૂકી જાય છે. તથાપિ આ આનંદાશ્રુઓ છે, કારણ કે તે દ્વારા મન ઉચ્ચ વિચારપ્રતિ જાગ્રત થાય છે, તથા જીવાત્મા અન્યનાં શોકદુઃખોને અનુભવવાનું શિખે છે. એક સરખો અનુભવ થાય નહિ ત્યાં સુધી આપણે તેમની લાગણીઓમાં પ્રવેશી શકીએ નહિ, પરંતુ જેમ જેમ વખત વીતે છે તેમ તેમ શોકનાં બહિર્ ચિહ્નોને દાબી દેવાનું આપણે શિખીએ છીએ; વર્તમાન કાલની નિરાશા, ભુતકાલના પુનઃસ્મરણમાં એકદમ મળી જાય છે, અને દરેક અનુ-

* થીઓઓફીસ્ટમાં આવેલા " Light on the path " નામના લેખને આધારે યોજનારઃ—ર. ર. વિશ્વવિહારી અનુજ.

ભવ, ગત અનુભવના કરતાં આપણને બલવાન્ તથા વિશેષ શ્રદ્ધાવાન બનાવે છે, અને અંતે શાંત અંતઃકરણથી, આસપાસની વિકટતાની પાર ભાવિ આશાની શાંતિમાં જોવાને શક્તિવાન થઇએ છીએ, અને પછી આપણને માલૂમ પડે છે:—

" कर्ण श्रवण करी शके ते पूर्वे तेनी विषय ग्रह–क्षमता दूर थवीज जोइए ॥ "

અવાજને પ્રત્યુત્તર આપનાર અવયવો કર્ણ છે, અને પ્રકૃતિના સર્વ ગુણોમાં ઘણોજ ગુંચવાડો પેદા કરે એવો અવાજ છે. માત્ર વિવેકવડે ઇચ્છાશક્તિને અધીન કરવાથી, આપણા આંતરૂચિત્તને, પ્રત્યેક કૃચિમાં ચલાયમાન થતા અવાજના સામ સામેના સતત પ્રવાહોના ક્ષોભથી બચવાનું શિખી શકાય છે. ઘણા અવાજ એમને એમ જતા રહેવામાં પણ પરિચય અને ટેવ મદદ કરે છે. પરંતુ જેમજેમ અમુક વ્યક્તિ ઉચ્ચ પરિણામ પામતી જાય છે તેમતેમ તે અવાજની વિશેષ ગ્રાહક થાય છે, અને ભીતિ પણ વધતી જાય છે, તેથી વૃદ્ધિ પામેલી વિષય ગ્રહણ યોગ્યતા સાથે જ તેના વિરોધી વૃદ્ધિ પામેલી ઇચ્છા શક્તિ ઉદય પામે છે. સૂક્ષ્મ શરીરની સાથે સંબંધ ધરાવતું શ્રવણ કરવાનું અવયવ હોય છે, અને આધ્યાત્મિક વૃદ્ધિ વિકાસની સમીપમાં પહોંચતાં એકને, એટલું યાદ રાખવું જરૂરનું છે કે, જ્યારે તે સ્થૂલ શરીરથી વિંટાયલો હોય છે ત્યારેજ તેનાથી કાર્મિક પ્રવાહો ઉપર અંકુશ રાખી શકાતો નથી, તો તેનાથી પાર સૂક્ષ્મમાં, કે જેમાં પ્રવાહો હજાર ઘણા વધારે પ્રબલ છે ત્યાં જતા પૂર્વે સંભાળ પૂર્વક વિચાર કરવો ઉત્તમ છે. જો આપણે આ ભુવન ઉપર જ બનાવો સાથે યુદ્ધ મચાવી જય મેળવીએ નહિ, તો ઉચ્ચ ભુવનો ઉપર તો તે થઈ શકશે નહિ જ. આવી અધમ અસરોથી અડગ, અનિયંત્રિત, અસર વિનાના, દોરવાયા વિનાના, રહેતાં આપણે શિખવું જોઇએ, અને પછીથી આપણે કહી શકીએ કે, કર્ણની વિષય–ગ્રહ–ક્ષમતા દૂર થઇ છે.

" गुरुश्रीओना सांनिध्यमां वाणी उच्चार करी शके, ते पूर्वे तेनी प्रहार करवानी शक्ति जती रहेवी ज जोइए ॥ "

ગુરુશ્રીઓનું સાંનિધ્ય એક એવી પવિત્ર જગ્યા છે કે જેમાં માત્ર પવિત્રતાના માર્ગદ્વારાજ કોઈ પણ પ્રવેશ કરી શકે છે. પ્રથમ તો માત્ર સ્થૂલ સંસર્ગદ્વારા પ્રાપ્ત થતા અસ્તિત્વના કરતાં, અન્ય તથા વધારે સંતોષકારક અસ્તિત્વ માટે સ્પષ્ટ ઇચ્છા હોય છે, અને કાંઈ વળગવાનું ન મળે ત્યાં સુધી જીવાત્મા બહિર્ ધાવન કર્યાં કરે છે, જ્યારે તેનાં જુનાં શરીરો ધીમે ધીમે બદલાતાં જાય છે, અને પવિત્રતાનું કાર્ય યથાર્થ રીતે શરૂ થઈ ચૂક્યું હોય છે. અન્યને માટે વધતાં આદર અને અનુકંપાદ્વારા, લાગણીઓને દુઃખવવાનું ત્યાગદ્વારા, કર્તવ્યો અને જવાબદારીઓને બડબડાટ અથવા ક્રોધ વિના યુક્તિ પૂર્વક પાર પાડવાદ્વારા, ફેરફારની ઉત્તમ સ્વાભાવિક સાબિતી મળી આવે છે. દુનિયામાં ગુરૂશ્રીઓના કાર્યને પાર પાડવામાં આ અપરોક્ષાનુભવગમ્ય સિદ્ધાંતો, વખત વિતતાં શિષ્યને તેમની પ્રકૃતિના સમાન વહન સાથે વધારે વધારે અભેદ થતો જાય છે, તેથી કોઇક દિવસે જ્યારે ગુરૂશ્રીનો અવાજ સંભળાય છે ત્યારે તે, પ્રત્યુત્તર આપવા શક્તિનો અદ્ભુત રીતે અનુભવ કરે છે.

" गुरुश्रीओना सांनिध्यमां जीवात्मा खडो रही शके, ते पूर्वे अंतःकरणना रुधिर वडे तेना पाद धोवावाज जोइए ॥ "

દરેક વ્યક્તિમય જીવાત્માને, ગુરૂશ્રીના સાંનિધ્યમાં આવવાને યોગ્ય ગણાઈ શકાતા પૂર્વે, અમુક અનુભવોમાંથી પસાર થવાનું હોય છે. કૃષ્ણના સમયમાં એવા પણ ઘણા હતા કે જેઓ તેને ઓળખી શક્યા નહતા, કારણ કે તેઓને એવા અનુભવો નહતા, અને તે તો બગલા આગળ મોતી વેરવા સમાન હતું. ઘણી વખતે યથાર્થ શિષ્ય દુઃખની ખીણમાં ઉતરી પડે છે, અને વારાફરતી કસોટીઓ અને દુઃખદ્વારા અંતઃકરણમાંથી નિગળતા રૂધિરવડે જીવાત્માના પાદ ધોવાય છે, પરંતુ દરેક માનવ સ્વરૂપમાં ગુપ્ત રહેલી વિજયવંત દિવ્યતાનો આથી જ ઉદય થાય છે. ભૂતકાલની મૃત્ ભસ્મમાંથી પુનરૂજ્જીવન પામતા ફીનીક્ષપક્ષિની પેઠે પોતાના અંતરમાં વસતા પ્રભુમાં તથા મહાભાગ પાસેથી તેને મળવાના આવકારમાં, શ્રદ્ધા પૂર્વક આધ્યાત્મિક મનુષ્ય, પોતાના ગુરૂશ્રીના સમીપ જઈ પહોંચે છે. " હે સૌમ્ય અને શ્રદ્ધાવાન શેવક તેં યોગ્ય કર્યું છે,—તું તારા પ્રભુમના આનંદમાં ભળી જા—એક સ્વરૂપ થઈ જા. "

॥ सारांश ॥

વિશ્વમાં નાનાથી તે મોટા સુધી દરેક કર્તવ્ય, નિયમ અને અનુક્રમાનુસાર નિયમાય છે; તેથી અમુક શિષ્ય જ્યારે, નવ-શિષ્ય-વૃત્તિ-માર્ગમાં દાખલ થાય છે, ત્યારે કાયદા અને નિયમો, કે જેને અધીન વર્તવાથી તેને ઇચ્છિત અંત સુધી લાવી મૂકશે, તેને અધીન વર્તવાની તેણે આશા રાખવીજ જોઇએ. આટલે સુધી કહેવાયલા ચાર નિયમોમાં, તે કેવા પ્રકારની કેલવણી લેવાની આશા રાખી શકે તથા તેનાં જે પરિણામો આવે, તે અમુક હદ સુધી દર્શાવવામાં આવ્યું છે. પરંતુ તે તો બહિર્ દેખાવોનો સંબંધ હોય છે ત્યાં સુધી ભોમીયા અથવા દિશાદર્શકયંત્ર વિના અજાણ્યા દેશોદ્વારા મુસાફરીએ નિકળવાં સમાન છે, મુસાફર સર્વ જાણે છે તે એટલું જ કે, અમુક સ્થલે " અંગીકૃતભૂમિ " છે. જ્યાં પહોંચાય તો, તેની શોધનાં દુઃખો અને કંટાળાના બદલા કરતાં પણ વધારે મળે એમ છે; પરંતુ ત્યાં શી રીતે જવાય, એ જ તેના મનનો આતુર પ્રશ્ન હોય છે. તેણે શું કરવું જોઇએ ? તેણે કઈ દિશામાં જવું જોઇએ ? અને તેથી તેના ભાવિને ભેટવાને અંધવત્ પરંતુ હિમંતપૂર્વક બહાર નિકળી પડે છે,—પ્રારંભ કરે છે.

(આગળ ચાલુ.)

પ્રશ્નોત્તરમાલા.

(મળેલું.)*

પ્રશ્ન—હિંદુ ધર્મમાં વૃદ્ધિક્રમનો નિયમ કેમ સ્વીકારાતો નથી?

ઉત્તર—એ સ્વીકારાતો નથી, એમ અમને માલૂમ નથી. આથી ઉલટી રીતે પોતાના વૃદ્ધિક્રમને શીઘ્ર કરવાને તથા જેમ યોગ્ય હોય તેમ દેવો અથવા ઋષિયોમાં વૃદ્ધિ પામવાને, ઉદ્યોગપૂર્વક પ્રયત્નપરાયણ થતાં મનુષ્યો મળી આવે છે. અને કર્મનો નિયમ પોતાની મેળેજ "અનુરૂપ" નો નિયમ છે. એટલું સંપૂર્ણ સત્ય છે કે, અધોપતન તેમજ વૃદ્ધિ વર્ણવવામાં આવે છે, પરંતુ તેતો યથાર્થ વાતના અનુસાર હોય છે. આપણને બહિર્ પ્રકૃતિ, વ્યક્તિમય જીવ અથવા પ્રજાઓની વૃદ્ધિનો અભ્યાસ કરતાં, પ્રકૃતિમાં સતત વૃદ્ધિ માલૂમ પડતી નથી.

પ્ર.—હિંદુ ધર્મે, સ્વધર્માવલંબન કરાવનાર ધર્મ કેમ ન હોવો જોઇએ? તેની સંખ્યામાંથી, પરધર્મીઓ થઈ જવાથી બલ ઘટયું છે, અને અન્ય ઇચ્છાવાળા તથા ઉત્સુકને તેમાં દાખલ ન કરવાથી તે ખોટ સંપૂર્ણ થઈ શકતી નથી.

ઉ.—કર્મનો નિયમ સમજનારા જાણે છે કે, સ્થૂલ વિશ્વમાં તેનાં પૂનર્જન્મમાં તેની વિશેષ વૃદ્ધિને વધારે યોગ્ય થઈ પડે એવાં પરિવર્તનોમાં જીવ દોરવાય છે. આમાં પણ ધર્મ એજ મુખ્ય બાબત છે, અને ઘણું કરીને જે ધર્મમાં અમુક મનુષ્યનો જન્મ થાય છે, તેજ તેને તેની આધ્યાત્મિક વૃદ્ધિ માટે વધારે યોગ્ય હોય છે. આ સત્યમાં સંપૂર્ણ શ્રદ્ધા હોવાને લીધે, સ્વધર્માવલંબન કરાવવાનો આગ્રહ આ ધર્મમાં નથી. જવલ્લે કોઈક દાખલામાંજ અમુક જીવાત્મા એવા ધર્મમાં અવતરે છે કે જે તેના ગત જન્માનુસાર અયોગ્ય છે; કેટલાંક કારણો તેનો પોતાનો ધર્મ શોધવાની વૃત્તિને દબાવી દે છે, અને પછીથી પોતાનો ધર્મ બદલવાનું દૃઢ વલણ જણાઇ આવે છે. જો તેમની સંપૂર્ણ ઇચ્છા હોય તો આવાઓને હિંદુ ધર્મમાં દાખલ કરવાની કદાચ જરૂર પડે, પરંતુ આ ઉપક્રમ ધર્માનુયાયીઓથી નહિ પરંતુ ભાવિ-શિષ્યથી હમેશાં થવો જોઇએ. વળી કોઈ પણ દાખલામાં એટલું યાદ રાખવું જોઇએ, બહિર સ્વરૂપ નહિ પરંતુ આંતર્ સ્વરૂપજ અગત્યની વસ્તુ છે.

પ્ર.—ગંગાજીમાં નહાવાનો શો ઉપયોગ છે? આપણે તેને પવિત્ર ગણીને શા માટે પૂજવી જોઇએ?

ઉ.—ઘણી સહેલાઇથી પ્રાણતત્વાધાન થઈ શકે એવો પદાર્થ પાણી છે, તેથી તે શુદ્ધિની તથા આરોગ્યદાયક અસર કરી શકે છે. ગંગાના પાણીમાં મહાન ઋષિયો વખતો વખત પ્રાણ વિધાન કરતા હતા, અને તે પ્રથમ હતું તેના કરતાં હાલ તો વિશેષ નિર્બલ છે, તથાપિ હજુ તેનામાં કેટલીક પવિત્ર અને ફાયદાકારક અસરો છે; થોડા સમય ઉપરજ મી. હેન્કીન નામના અંગ્રેજે ગંગાજીના પાણીનું પ્રયત્નકરણ કરી જોયું હતું. અને પાણી મેલામાં મેલી

* C. H. C. magazine ના આધારે યોજનાર—રા. રા. વિશ્વવિહારી અનુજ.

જગ્યાએથી લેવામાં આવ્યું હતું તોપણ, તેને માલૂમ પડયું કે, આરોગ્યને હાનિકારક સત્વો તેમાં જીવી શકતાં નથી. તેણે આ વાત એક ચોપાનીઆમાં પ્રસિદ્ધ પણ કરી હતી.

નાજુક સુંદર દેવીના અધીનમાં આ નદી છે, તથા તેજ તેની અધિષ્ઠાતા છે, અને પૂજા કરવામાં આવે છે તે આ ગંગા દેવીની છે. એનું નામ આવતું હોય એવો એક મંત્ર જપવાથી, તેની પવિત્ર અસરનો, ભક્ત વધારે ગ્રાહક થાય છે, અને આ પ્રકારે તેની પાસેથી વિશેષ લાભ મળે છે.

પ્ર.—જો ઇશ્વર સર્વ વ્યાપક હોય તો, અન્યના કરતાં એકજ પદાર્થમાં શા માટે તેની ભક્તિ કરવી જોઇએ ?

ઉ.—થોડા વિચાર પછી આ પ્રશ્નનો ઉત્તર પોતાની મેળેજ આપી શકાશે. ઇશ્વરને ઓળખવામાટે મદદ રૂપે, કોઈ પ્રાકૃતિકપદાર્થ કે જેનું પ્રાણતત્વ મનુષ્યની ઇચ્છાઓ અને આવેશોના સંસર્ગથી અશુદ્ધ થયું ન હોય તે, અથવા અમુક દિવ્ય ગુણને દર્શાવતો કૃત્રિમ પદાર્થ, પસંદ કરવો એ વિવેકનું કામ છે. સામાન્ય ઉપયોગમાં આવતો એક કૃત્રિમ પદાર્થ, માનવિની અમુક જરૂર પૂરી પાડવામાં યોજવામાં આવેતો, તે ઇશ્વરની યોગ્ય પ્રતિમા થઈ શકશે નહિ, તેમજ મનને તેના (પ્રભુના) સુધી ઉચ્ચ સ્થિતિએ ચઢાવશે નહિ. મન તો સાહજીકરીતે, તે પદાર્થના સાધારણ ઉપયોગ તરફ ખેંચાશે, અને તેનાથી પ્રભુ સુધીની ઉચ્ચ સ્થિતિએ ચઢી શકાશે નહિ.

પ્ર.—આપણાથી દેવો જોઈ શકાય ?

ઉ.—તેઓ તેમની મેળે જડજીવનમાં આવવાનુ પસદ્દ ન કરે—એટલે તેમનાં શરીરમાં સ્થૂલવિશ્વમાંથી જડ પદાર્થ ગ્રહણ ન કરે, ત્યાં સુધી, આ સ્થૂલ ચક્ષુઓથી તો દેવો જોઇ શકાશે નહિ આમ તેઓ ભાગ્યે જ કરે છે. પરંતુ મનુષ્યને આંતર્ દૃષ્ટિ છે, અને તે પવિત્રતા, ભક્તિ તથા યોગદ્વારા ખીલી શકે છે; જ્યારે તે ખીલે છે ત્યારે સાધારણ મનુષ્યોને જોઇએ છીએ તેવીજ સ્પષ્ટતાથી દેવો પણ જોઈ શકાય છે.

પ્ર.—"દેવોનાં રાત્રિ દિવસ એક પછી એક થયાં જાય છે." એટલે શું ?

ઉ.—આપણા સૂર્યમંડલ જેવી સંસ્થા જેટલા સમય પર્યંત ચાલે છે, તેટલાને "બ્રહ્માનો દિવસ" કહેવાય છે. હાલ આપણે "બ્રહ્માના દિવસમાં" રહીએ છીએ, અને સૂર્યમંડલનો અંત આવતા સુધી આ દિવસ ચાલ્યાં કરશે. પછી સૂર્યમંડલનો જાણે અંત આવ્યો હોય તેમ "બ્રહ્માની એક રાત્રિ" થશે. આ પછી વળી "બ્રહ્માનો અન્ય દિવસ" આવશે, જ્યારે તે મંડલને સુધારશે અને પછી અન્ય "રાત્રિ" અને એમને એમ આગળ ઉપર; જેમ મનુષ્ય પ્રાતઃકાલમાં જાગી ઉઠે છે, દિવસમાં કામ કામ કરે છે, અને રાત્રિ પડતાં ઉંઘે છે, તેમ બ્રહ્મા જાગે છે, કાર્ય કરે છે, અને ઉંઘે છે.

પ્ર.—શ્રી કૃષ્ણ ઘણી સ્ત્રીઓ સાથે પરણ્યા હતા,—એ શું ?

ઉ.—લગ્નના રીવાજો વિવિધ સમયે ઘણા ભિન્ન હોય છે; અને પ્રાચીન સમયમાં એક કરતાં વધારે સ્ત્રી કરવાનો ચાલ સામાન્ય હતો, તે પણ ખાસ કરીને નાયકોમાં. આ રીવાજ હજુ સુધી પણ ચાલતો આવે છે; શ્રીમંત રાજવર્ગમાં તે આગળ પડે છે. જ્યારે શ્રી કૃષ્ણ જન્મ્યા હતા ત્યારે ઘણા ખરા યુવરાજોને એક કરતાં વધારે પત્નીઓ હતી, અને તે પણ તેના સમયને જાતની રીત અનુસાર વર્તો. તે પાપ ભરેલું હતું નહિ, તેમજ છે પણ નહિ, તોપણ આધુનિક સમયમાં ઇચ્છવા લાયક નથી, અને પ્રાચીન સમયમાં તો ઘણા મહાન ઋષિયો અને સાધુઓ તદનુસાર વર્તતા હતા. શ્રી કૃષ્ણના દાખલામાં, તો, શ્રેષ્ટ પ્રભુના પ્રકટીકરણ સાથે, આવા સબંધમાં આવનાર દરેક સ્ત્રીના પછવાડે અદ્દભૂત શ્રેષ્ટ કર્મ હતું. અતિમાનુષી પૂણ્યનો બદલો હતો.

પ્ર.—શીવ પાપીઓને પણ શાંતિ આપે છે?

ઉ.—ભગદ્દગીતા અધ્યાય ૯ શ્લોક ૩૦ માં આનો ઉત્તર મળી આવે છે.

अपिचेत्सुदुराचारो भजतेमामनन्यभाक् ।
साधुरेवसमंतव्यः सम्यग्व्यवसितोहिसः ॥

જો ઘણોજ પાપીમાં પાપી મનુષ્ય પણ અનન્ય હૃદયથી મને ભજે, તો તેને સાધુ ગણવો જોઇએ, કારણ કે તેણે યથાર્થ નિશ્ચય કર્યો છે.

હૃદયમાં પવિત્રતાનો પ્રેમ ઉદય ન પામ્યો હોય, તથા પૂર્વથી આચરણ થતાં પાપોમાંથી પાછું ફરાતું ન હોય ત્યાં સુધી, તેનું પવિત્રતાના પ્રભુ તરફ વળવું બની શકતું નથી; અન્ય અડધા શ્લોકમાં, આ આમ છે, એ જણાવ્યું છે,

क्षिप्रं भवतिधर्मात्माशश्वच्छांतिंनिगच्छति ।

જલદીથી તે ધર્માત્મા થાય છે અને સદા માટે શાંતિ પામે છે.

"પાપી" શાંતિ પામી શકતો નથી, પરંતુ શુદ્ધ થયા પછી પામી શકે છે.

પ્ર.—ક્રાઇસ્ટ થયો હતો, અથવા બાઇબલમાંનો વૃત્તાંત શ્રીમદ્દભાગવતમાંથી લઇને ફેરવી નાંખવામાં આવ્યો છે?

ઉ.—ક્રાઇસ્ટના નામથી ઓળખાતો જીસસ ઐતિહાસિક પુરૂષ છે, અને ઇ. સ. ના નામથી ઓળખાતા શતકના સો વર્ષો પૂર્વે તે જન્મ્યો હતો. તેનું ઘણું ખરૂં લખાયલું જીવન દંતકથામય છે, તેનાં કારણો આપતાં ઘણું લંબાણ થઇ જાય. તે જન્મથી ક્રિશ્ચ હતો બાધ રૂપ પવિત્રતાનો તથા ઉચ્ચ ચારિત્રનો નમુનો હતો, અને પાશ્ચિમાત્ય કેલવણીને મદદ કરવાને ક્રિશ્ચિયન ધર્મ સ્થાપવા માટે, એક મહાન્ આધ્યાત્મિક સત્વ તેના રૂપે અવતર્યું હતું.

પ્ર.—જો એક હિંદુ, એક ક્રિશ્ચિયન, એક મુસલમાન, પરમેશ્વરનો, શ્રી કૃષ્ણ, જીસસ ક્રાઇસ્ટ અને મહમદ રૂપે વિચાર કરે, તો તે દરેક સ્વર્ગમાં જશે ?

ઉ.—ખાત્રી પૂર્વક; જો પવિત્ર અને પ્રેમાળ અંતઃકરણથી પ્રભુને ભજવામાં આવે તો, પ્રાર્થના તેને પહોંચે છે; ગમે તે નામથી તેને ભજો. પરંતુ મુસલમાન મહમદને પ્રભુ રૂપે ભજતો નથી, તેને તો પ્રભુના પેગંબર રૂપે તેઓ માન આપે છે; તેઓ માત્ર અલ્લાનેજ ભજે છે.

પ્ર.—આપણા પ્રભુ શ્રીકૃષ્ણ અર્જુનને આત્મા વિષે કહે છે, नायंहन्तिनहन्यते । સમજાવો. સ્થૂલ આવરણોથી થતું પાપ આધ્યાત્મિક તત્વને લાગી શકે ?

ઉ.—જીવ, જુદી પડેલી વ્યક્તિ, શરીરમાં રહેવા છતાં, શરીર મરી જાય છે ત્યારે તેને હાની થતી નથી; જે સ્થૂલ આવરણમાં તે ઢંકાયલો છે તેના કરતાં તેનું જીવન સ્વતંત્ર છે, અને જેમ મનુષ્યના કોટના ટુકડે ટુકડા કરી નાંખવાથી, મનુષ્યનો નાશ થતો નથી, તેમ શરીરનો નાશ થતાં તેનો નાશ થતો નથી.

આચરેલું પાપ જીવને ડાઘ લગાડી શકતું નથી.

यथासर्वगतं सौक्ष्म्यादाकाशंनोपलिप्यते ।
सर्वत्रावस्थितोदेहे तथात्मानोपलिप्यते ॥
(गीता–१३–३२.)

સર્વગત સૌક્ષ્મ્યનેલીધે જેમ આકાશનો ઉપલેપ થતો નથી તેમ દેહમાં સર્વત્ર અવસ્થિત થયલો આત્મા પણ ઉપલેપાતો નથી.

પરંતુ જેમ જીવ, ઇન્દ્રિયોદ્વારા ઇન્દ્રિયોપભોગના પદાર્થોને ભોગવે છે, તેમ તેને ઇન્દ્રિયોદ્વારા દુઃખ પણ સહન કરવું પડે છે. મુખ્યત્વે કરીને સ્થુલ શરીરજ—અને જ્યારે અજ્ઞાનને લીધે એક પાપ, શરીર દ્વારા, શરીર વડે, તથા શરીરમાં, આચરવામાં આવે છે, ત્યારે જીવ પણ પાપના પરિણામો, શરીર દ્વારા, શરીર વડે, તથા શરીરમાં ભોગવે છે.

હું શા માટે હિંદુ ધર્મ પાળું છું.

(મળેલું.)*

સર્વ દેશોમાં મનુષ્યોનાં મન એટલાં બધાં જડવાદ પરાયણ થયાં છે કે, તેમાંનાં થોડાકજ સ્વધર્મ સમજવાની દરકાર કરે છે. પ્રાચીન સમયથી ધાર્મિકતા માટે પ્રસિદ્ધ થયલા હિંદુઓ પણ જડવાદના ચેપમાંથી બચવાને શક્તિવાન્ થઇ શક્યા નથી, અને તેમના મધ્યમાં તેમના ધર્મ માટે આટલાં બધાં અસ્પૃહા અને પ્રમાદ વાસ કરી રહ્યાં છે. એટલું કહી શકાશે કે; દુનિયામાં જડવાદ અને દેખિતા પ્રકાશિત વિજયોને લીધે આધુનિક હિંદુની આત્મિક દૃષ્ટિ ઝાંખ મારી ગઈ છે.

૧૮૦૦ વર્ષમાં એક કરતાં વધારે પરદેશીય પ્રજાઓએ લોકો ઉપર વિજય મેળવ્યાથી પેદા થતાં કેટલાંક સંકટોની નિરોધકારક કૃતિને લીધે, હિંદુ ધર્મના અભ્યાસ અને અનુભવને પણ અદ્ભૂત રીતે ખમવું પડયું છે. આવાં વિવિધ સંકટોમાં સપડાવાને લીધે, પ્રાચીન હિંદુસ્થાનના મહાન્ મહાત્માઓએ, તેને ગ્રહણ કરવા માટે નિયોજેલાં ધાર્મિક સિદ્ધાંતો અને ક્રીયાઓના ગૂઢ રહસ્યની શોધ કરવાની આધુનિક હિંદુને હિંમત નથી. ખરેખર, અમુક ધાર્મિક સંસ્થાની સૂક્ષ્મ ગુંચવણોનો પાર પામી જવો, એ સહેલી વાત નથી; માત્ર તેવાજ પુરૂષો કે જેઓ પ્રથમથીજ બુદ્ધિ વિષયક અને આત્મિક શ્રેષ્ઠ કેળવણી પામ્યા હોય છે, તેઓજ એ ગૂઢ સિદ્ધાંતોને સમજી શકે છે.

આ પ્રમાણે એક હિંદુને પોતાનો ધર્મ યથાર્થ સમજવો ઘણો કઠિન છે; વળી એક આવા ટુંકા લેખમાં અન્ય ધર્મનાઓને, તેમના ધર્મનાં રહસ્યોનાં આંતર કારણો સમજાવવાં, એથી વધારે કઠિન છે. નિષ્પક્ષપાતિ મનથી વિલોકયા વિના એક સુદૃઢ ધાર્મિક સંસ્થા રૂપે હિંદુ ધર્મની ગૂઢતાની ખાત્રી કોઇપણ હિંદુને ભાગ્યેજ થઈ શકે. હિંદુ ધર્મના વિવિધ મૂખ્ય ઉપદેશો સમજાવવાનો આ પ્રયત્ન એવી નિર્વિવાદીત દૃઢતાથી કરવામાં આવ્યો છે કે અત્રે દર્શાવેલા હિંદુ ધર્મના આશયો, હિંદુધર્મના નહિ એવા વાચકો મોટા મનથી તથા ઉદારતાથી અવલોકશે; તથા તેમના મનમાં પૂર્વથી અસ્તિત્વ ધરાવતા આ ધર્મના વિચારો વિશેષ નહિ તો આટલો લેખ વાચતા સુધી, દૂર રાખવા વિનતી કરવામાં આવે છે. આટલા ઉપોદ્ઘાત પછી, હું શા માટે હિંદુ ધર્મ પાળું છું, એનો ખુલાસો કરીશ.

૧. **હું હિંદુ છું, કારણ કે મારાં માતપિતા હિંદુ છે.** હિંદુ ધર્મમાં મુખ્યત્વે કરીને એટલી તો જરૂરજ છે કે, દરેક હિંદુ, હિંદુ માતપિતાથી અવતરવો જોઇએ. કંઈ પણ તકરાર વિના માતપિતાનો ધર્મ છોકરાં માટે નિયોજાયલો છે, અને તેઓ પણ ખ્યાલ કરીને જન્મ તથા પ્રાસંગિક સંબંધોને લઇને, તેમનાં માતપિતાનો ધર્મ મેળવવાને અને અનુભવવાને યોગ્ય હોય છે. આ પ્રકારે મારો ધર્મ મારે માટે યોજવામાં આવ્યો છે, મારાથી યોજાયો નથી. તે એક એવું કંઈક છે કે જે, મારામાં મૂલથીજ સાહજીક છે.

---

* C. H. C. Magazine ના ઓકટોબ્બર, નવેમ્બરના અંકોના એક લેખને આધારે યોજનાર રા. રા. વિશ્વવિહારી—અનુજ.

૨. હું હિંદુ ધર્મ પાળું છું, કારણ કે મારા સ્વતંત્ર અભ્યાસથી તથા વિચારથી તેમજ અપરોક્ષાનુભવથી, મારાં માત પિતાના ધર્મની યથાર્થતાની મને ખાત્રી થઈ ચૂકી છે. જ્યારે હું મોટી વયનો અને મારી જાતે વિચાર કરી શકું એવો થયો ત્યારે સ્વાભાવિક રીતે, મારી આસપાસના હિંદુ ભાઇઓથી પળાતા વિવિધ સિદ્ધાંતો અને ક્રીયાઓના બુદ્ધિમાં ઉતરે એવા ખુલાસા શોધવાનો પ્રયત્ન આરંભ્યો. ધાર્મિક પુસ્તકોના ઉપદેશોના ધીરજ અને પૂજ્ય બુદ્ધિથી વાદવિવાદ અને અભ્યાસદ્વારા, સાધુ, સંત, આધ્યાત્મિક નેતાઓ, મહાત્માઓ પાસેથી મળતા જ્ઞાનદ્વારા મારો શોધ કરવાનો જુસ્સો ધીમે ધીમે શાંત થતો ચાલ્યો. હાલ હું એટલું ખુશીથી કહી શકું છું કે, માત પિતાના ધર્મનો વારસો, મારા જીવનની શરૂઆતનાં વિચાર વિનાનાં વર્ષોમાં અંધવત મેં મેળવેલો તે તદ્દન વહેમની સંસ્થારૂપ નિવડયો નથી. હિંદુ ધર્મનાં રહસ્યોની દીક્ષા પામ્યા પછી મને માલૂમ પડયું છે કે, મારો પરંપરાથી ચાલી આવતો ધર્મ, મારા જીવાત્માની આધ્યાત્મિક જરૂરીઆતો બની શકે તેટલા સંપૂર્ણ વિસ્તારથી પૂરી પાડે છે. હિંદુ ધર્મનાં રહસ્ય યુક્ત સિદ્ધાંતો અને ક્રીયાઓનો મર્મ અને યથાર્થતાના વિશેષ જ્ઞાનદ્વારા મારા ધાર્મિક જીવનને એટલી બધી અસર થઈ છે કે, જે હું બાલ્યાવસ્થામાં કંઈપણ જાણ્યા વિના ગ્રહણ કરતો હતો, તે હવે મનુષ્યાવસ્થાથાં ધારીનેજ સ્વીકારૂંછું. દુનિયાની વિવિધ ધાર્મિક સંસ્થાઓના મૂખ્ય સિદ્ધાંતોના સામાન્ય જ્ઞાનદ્વારા, માત્ર હિંદુ ધર્મ, દુનિયાના જુદા જુદા લોકથી પળાતા પ્રાકૃતિક અને ગૂઢ ધર્મોમાં શ્રેષ્ઠ છે, એવી માન્યતાને ટેકો મળે છે.

૩. હું હિંદુ ધર્મ પાળું છું, કારણ કે મને માલુમ પડયું છે કે, દુનિયાની ધાર્મિક સંસ્થાઓમાં હિંદુ ધર્મ પવિત્રતા માટે અગ્રસ્થાન ધરાવે છે. પોતાની પવિત્ર હદમાં સર્વ મનુષ્યોને કોઇપણ જાતના વિવેક વિના દાખલ કરતો, સ્વધર્મ ગ્રહણ કરાવતો, આ ધર્મ નથી, એવી સબલ વાતથી, સર્વ ધર્મ કરતાં પવિત્રતામાં હિંદુધર્મની શ્રેષ્ઠતાને, ટેકો મળી શકે છે. તે એટલો બધો ઉત્તમ અને પવિત્ર છે કે, અધમ માનસિક તથા આધ્યાત્મિક છિદ્રોવાળાં મનુષ્યોના તેમાં દાખલ થવાથી, તેને દુષિત થવાનો સંભવ છે. આમ, આ ધર્મનો સ્વીકાર એક પ્રકારનો હક છે, કે જેના ભોગવટા માટે, બહિર્ પરિક્ષાથી નિશ્ચિત થતું મનુષ્યનું હિંદુ માતપિતાથી અવતરી આવવા રૂપ ખાસ અધ્યાત્મિક સાધન, અત્યંત આવશ્યક ગણાય છે. આ જન્મ માટે તો, હિંદુ નહિ એવા પુરૂષોમાં આ સાધનની ખોટજ છે; પરંતુ તેમનાં આ અવતારનાં પૂણ્યાત્મક ધાર્મિક કૃત્યોના યથાર્થ પરિણામ દ્વારા, તેમના અન્ય જન્મમાં તેમને તે મળશે. આ પ્રકારે હિંદુ નહિ એવો પુરૂષ હિંદુ થઈ શકે, એ વાતની તદ્દન ના પાડવામાં આવતી નથી; હિંદુ નહિ એવો અભ્યાસી, એક અથવા વધારે જન્મમાં, આવશ્ય આત્મ વિષયક કેલવણી પામીને યોગ્ય રીતે તૈયાર થતો નથી, ત્યાં સુધી તે વાત મુલતવી રાખવામાં આવે છે. એવું મનાય છે કે, જ્ઞાનવિના મોક્ષનો માર્ગ, આર્ય ઋષિયોના આધર્મ દ્વારાજ છે, અને અન્ય ધર્મો તો, માત્ર તેમના અનુયાયીઓને, મોક્ષ માટે આ ધર્મમાં સભ્ય પદો મેળવવા માટે તૈયાર કરે છે. જેમ એક નિશાલના નિચલા વર્ગના શિષ્યોને ઉપલા વર્ગમાં ચઢાવવાને તૈયાર કરવામાં આવે છે, અને ત્યાંથી જ તેઓ છેવટની પરિક્ષા માટે જઈ શકે છે, તેમ અન્યધર્મો, હિંદુધર્મના નહિ એવાઓને હિંદુધર્મમાં

દાખલ કરવાની આનુક્રમિક તૈયારીઓ રૂપે છે. હિંદુધર્મ સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ સ્થાન ધરાવે છે, અને તેને અત્યંત જરૂરનો મોક્ષ માર્ગ પણ તે દ્વારાજ ખુલ્લો થઈ રહે છે.

૪.—હું હિંદુધર્મ પાળું છું, કારણ કે હિંદુધર્મ પ્રાચીનમાં પ્રાચીન છે, અને સમયની કસોટીમાંથી આબાદ બચવાથી તથા તેના શત્રુઓના જુલમ અને દુઃખરૂપી અસંખ્ય કાર્યો છતાં જીવતો રહેવાથી, તેનું સ્થાયિતત્વ સિદ્ધ થયલું છે. સત્યના સમાન અન્ય કંઈ પણ અક્ષય્ય નથી. માનવજાત સાથે સમકાલિન ઇતિહાસ ધરાવતા પ્રાચીનમાં પ્રાચીન ધર્મરૂપે હિંદુધર્મનું આજ જીવતા રહેવું, તેમ જ તેના મૂખ્ય સિદ્ધાન્તોનું આંતર્ સત્ય ટુંકામાં સિદ્ધ થવું, તેથી પણ તેની દિવ્ય સંસ્થા બની આવે છે. ઘણા વિશાલ પંથો આકાશના ચમકતા તારાઓની પેઠે, જેટલા જેલદીથી નાશ પામ્યા તેટલી જ ત્વરાથી અસ્તિત્વમાં આવ્યા; હિંદુઓનો હિંદુધર્મ, દૃઢ રીતે અને કંઈ પણ ડોળ વિના, અન્ય ધર્મોના જુલમિ હૂમલા સામે, પોતાનું સ્થાન જાળવી શક્યો, તથા મૂલ તત્વમાં તેમનાથી લેશ પણ ફેરફાર થયો નહિ. તેટલા માટે, અનુયાયીઓનાં ઉત્તમ સ્થુલ સામર્થ્ય અને જડસાધનોના ટેકાવાળી અન્યધર્મોની વૃદ્ધિથી હિંદુઓને નિરાશ થવાનું તથા બ્હીવાનું કારણ નથી; તેમને તો પ્રભુએ, અમર અને ઇર્ષ્યાજનક આત્મિક સામર્થ્ય તથા કીર્તિ બક્ષેલાં છે, કે જેના આગળ અન્ય ધર્મોના ક્ષણભંગુર વિજયો. કંઈ વિસાત વિનાના થઈ જાય છે.

૫.—હું હિંદુધર્મ પાળું છું, કારણ કે મારી ધાર્મિક શક્તિને રૂચે તેવું ભક્તિનું કોઇ પણ સ્વરૂપ પસંદ કરવા માટે હિંદુધર્મે વિવેકથી અને છૂટથી, મારે માટે, ગોઠવણો કરી મૂકી છે. હિંદુશાસ્ત્રોના પ્રવર્તકોનાં જ્ઞાન અને સામાન્યતા, ભક્તોની વૃદ્ધિના વિવિધ ક્રમાનુસાર ભક્તિનાં વિવિધ સ્વરૂપો નક્કી કરી આપવામાં સ્પષ્ટ જણાઈ આવે છે. આધ્યાત્મિક વૃદ્ધિ ક્રમમાં ઉચ્ચાથી તે અધમપર્યંતના સર્વ અનુયાયીઓ માટે, હિંદુધર્મ, ભક્તિનો એક જ નિયમિત માર્ગ દર્શાવતો નથી. આત્માભ્યાસક ઋષિનો ઇશ્વર વિષેનો વિચાર ઉચ્ચરીતે સંપૂર્ણ સર્વાતિરિક્ત હોય છે, અને તદનુસાર તેની ભક્તિનું ખાસ સ્વરૂપ શાસ્ત્રોમાં નિશ્ચિત કરવામાં આવ્યું છે. પ્રભુના ગુણોને, તથા તેની સર્વવ્યાપક પ્રકૃતિને, કોઈ પણ જાતના મૂર્તિરૂપ, ઇન્દ્રિય ગ્રાહિ અને બહિરૂપક વિના, તે સમજી શકે છે; કલ્પનારહિત તથા વિચારહીન પુરૂષ કે જે પોતાની સહજ વૃદ્ધિને લીધે, માત્ર ભાવવાચક વિચાર ચલાવવાથી પ્રભુને સમજી શકવાને તદ્દન અશક્ત છે. જેમ એક જ પ્રકારનો ખોરાક સર્વનાં ઉદરોને માફક આવતો નથી, જેમ એક જ કોટ સર્વ મનુષ્યોને બેસતો થઈ શકતો નથી, તેમ ભક્તિનું અચલ એક જ સ્વરૂપ, કોઈ પણ જાતની શરત વિના, સર્વ ભક્તોને, તેમની વિવિધમાનસિક અને આત્મિક શક્તિયોનો વિચાર કર્યા વિના, બધ બેસતું થઈ શકતું નથી. માનવજાતમાં વ્યક્તિઓના જુદા જુદા નમુનાઓની ખાસ જરૂરોને લક્ષમાં લઇને જ, હિંદુશાસ્ત્રકારોને, હિંદુઓ માટે ભક્તિનાં અનેક સ્વરૂપો નિશ્ચિત કરવાં પડ્યાં છે. દરેક ભક્તને, ભક્તિનું અમુક સ્વરૂપ અને રીતિ કે જે તેની જાતનાં ભાવ અને શક્તિને અનુકૂલ આવે તથા તેના જીવાત્માની આત્મિક વાંછનાઓ પાર પાડે, તે પસંદ કરવાનું સ્વાતંત્ર્ય છે. આમાં પણ મૂખ્ય મદદ તો તેના આત્મિકનેતા તથા ગુરૂ તરફથી મળે છે; ભક્તની પ્રકૃતિને અનુકૂલ થઈ પડે તેવા દિવ્ય ભક્તિના યથાર્થ માર્ગમાં, તે તેને દોરે છે.

૬.—હું હિંદુધર્મ પાળું છું; કારણ કે ધાર્મિક રીતે પૂજાતી મૂર્તિઓને, ઇશ્વરનાં સ્વતઃ પ્રદર્શિત સ્વરૂપ (પ્રતીક) રૂપે ગણવામાં આવે છે. જો મારે, મારી આત્મિકશક્તિ અનુસાર ગ્રહણ કરાયલા ભક્તિના સ્વરૂપ પ્રમાણે પ્રભુની મૂર્તિની જરૂર પડે તો, યથાર્થ રીતે અદૃશ્ય પ્રભુની આવી મૂર્તિ મને ક્યાંથી મળી આવી, તેનો ખુલાસો કરવાનો મને પ્રશ્ન પૂછવામાં આવે. ભહાન્ અરૂપ આત્મિક સત્વને અસત્ય રીતે જડ બનાવવાને, દેવતાના દૃષ્ટાંતરૂપે તેને બેસાડવામાં આવી છે ? અથવા અદૃશ્ય પ્રભુની પ્રકૃતિનું આલંકારિક અને બહિર્ રૂપકદ્વારા ધ્યાન ધરવાના અનુકૂલ સાધનરૂપે, હેતુ પૂર્વક નિયોજવામાં આવી છે ? હિંદુધર્મના આ મૂખ્ય સિદ્ધાંત વિષે ઘણો મતભેદ ચાલે છે, તેથી ઉપરના શંકા ભરેલા પ્રશ્નોનો સ્પષ્ટાર્થ નકાર ભણીને, પાશ્ચિમાત્ય લોકોનાં તથા આધુનિક હિંદુસ્થાનના તેમના પૂર્વદેશીય અનુયાયીઓનાં મૂર્તિનિંદક મનનો મોહ મારે દૂર કરવો જોઇએ. પ્રભુરૂપે પૂજવામાં આવતી પ્રતિમાઓ, હિંદુની કાલ્પનિક ઉત્પત્તિ નથી, પરંતુ ભક્તિવંત ભક્તો તથા પવિત્ર પુરૂષોને, પ્રાચીન હિંદુસ્થાનમાં, સર્વ શક્તિમાન્ પ્રભુ પોતાની ગેબે દૃશ્ય થતો ગયો, તેવા જ સ્વરૂપમાં તે યોજાયલી છે; સત્ય અને ભાવિક અભ્યાસીઓને પ્રભુ-ભાવ સમજી શકાય એવું થાય માટે અથવા દુનિયામાંથી અધર્મ અને નાસ્તિકતાનું અંધકાર અદૃશ્ય થઈ જાય તે માટે, આમ થાય છે. હિંદુ ઋષિયો અને શાસ્ત્રકારોની અનાપવાદિત સત્યતા; તથા ઐતિહાસિક સમયના પૂર્વથી અદ્યાપિ સુધી પરંપરાથી ચાલી આવતો લોકોનો વિચાર, જીવતા પ્રભુની દૃશ્યમાન આકૃતિરૂપેની મૂર્તિઓની સત્યતા, સાબિત કરવાને પૂરતી વાત છે. આ અધ્યાનના દિવસોમાં પણ, ચુસ્ત મૂર્તિપૂજકોને પ્રભુના વિરાટ સ્વરૂપનાં દર્શન થયાના સ પ્રમાણ દાખલા આપણી પાસે છે; તે મૂર્તિઓમાં જ તે સ્વતઃ—પ્રદર્શિત થયો છે, અને તેઓ પણ એકદમ જીવતા શરીરના અનુરૂપ થાય છે અને ભક્તની, જોવાની, શ્રવણ કરવાની આદિ ઇન્દ્રિયોનેજ તે દૃશ્ય થઈ શકે છે. મૂર્તિપૂજક હિંદુને, મૂર્તિપૂજનના યથાર્થ પરચારૂપી સત્ય અને ભાવવાચક સાબિતીઓની સહાય તથા આધારને લીધે હવેથી તેના ધર્મના આચારમાં " મૂર્તિ-પૂજા " ના નામથી ઓળખાતી રીતિને વળગવાથી, તેની હાંસી અથવા નિંદા થઈ શકશે નહિ.

૭.—ઋષિયોએ શાસ્ત્રોમાં પ્રતિપાદિત કરેલા કેટલાક સિદ્ધાંતો અને આચારોનું સત્ય મારાથી બરોબર સમજી શકાતું નથી તો પણ હું હિંદુધર્મ પાળ્યા કરૂં છું; કારણ કે મને એટલી સંપૂર્ણ ખાત્રી છે કે, મારી કેલવણી શાસ્ત્રના આદેશોના રહસ્યાર્થમાં પ્રવેશવાને અસંપૂર્ણ પણ હોય. આપણે ઉપર કહેતા આવ્યા છીએ તેમ, હિંદુધર્મના સર્વ સિદ્ધાંતો અને આચારોના યથાર્થ અર્થ બરોબર સમજવાને શ્રદ્ધિમતિ આત્મિક આંતર્ દૃષ્ટિ તથા ભક્તિની જરૂર છે, અને તે પણ માત્ર માનસિક કેલવણીના પર્યાયરૂપે નથી. માટે મારી અલ્પ શક્તિ અનુસાર નિરાકરણ ન થઈ શકે એવા, શંકા પડતા અને ગહન સિદ્ધાંતોના નિરાકરણ માટે, હિંદુસ્થાનના પ્રાચીન ઉત્તમ ગ્રંથકારોની શ્રેષ્ઠ પ્રજ્ઞા અને શક્તિમાં મારે વિશ્વાસ રાખવો પડે. આ સંબંધે તો શાસ્ત્રોજ મારાં દેવવાણિ તુલ્ય છે; કારણ-કે તેઓ પ્રાથમિક ઇશ્વર-પ્રેરિત-જ્ઞાન તથા વ્યક્તિકરણ, કે જે માનવ-

જાતના આત્મિક ઇતિહાસના સત્ય યુગમાં, પ્રભુના પસંદ કરાયલા અને નિર્મલ મરીચિ, અંગિરા, મનુ તથા અન્યના જેવા પુત્રોને, પ્રભુ પાસેથી પ્રાપ્ત કરવાનો હક હતો, તેના વિશ્વાસ કરવા યોગ્ય લેખો છે વિચિત્ર વાત કે, જર્મની. અમેરિકા તથા પશ્ચિમના ઉચ્ચ કેલવણીની પ્રસાદિ પામેલા દેશોમાં, આત્મિક-વાદ અને તાત્વિક શોધની શીઘ્ર વૃદ્ધિ દિવસે દિવસે, પેલા હિંદુસ્થાનના ઋષિયો કે જેઓ એક શતક પૂર્વે, તેમના હિસાબમાં પણ ન હતા, તથાં વ્હેમી જંગલીઓ તરીકે ધીક્કારાતા હતા, તેમના ઘણા પ્રાચીન વિચારોની સત્યતા સિદ્ધ કરી આપે છે, એ વાતની યોગ્ય આશ્ચર્ય સહિત અવલોકનમાંથી, ઘણા હિંદુ સિદ્ધાંતો અને આચારો કે જે હજુ પણ મારાથી સમજાયા નથી, તેમની ધાર્મિક સત્યતામાં મારો સંપૂર્ણ વિશ્વાસ રાખવાને મતે વિશેષ ઉત્તેજન મળે છે તેથી હું એમ ધારૂં છું કે, મૂખ્ય વિગતો સંપૂર્ણતાથી સમજાતી નથી તો પણ મારો ધર્મ અનુસરવામાં હું શુદ્ધિ પૂર્વક વર્તુ છું. વળી આધુનિક હિંદુઓથી થતો, પશ્ચાત્તાપ યુક્ત ધર્મ ભ્રષ્ટોને હિંદુ ધર્મની પવિત્ર હદમાં પુનઃ પ્રવેશ કરાવવાનો પ્રયત્ન, મારી આમાન્યતામાં મને ઉત્તેજીત કરે છે.

૮.—હું હિંદુ ધર્મ પાળુ છું, કારણ કે હિંદુ ધર્મના ઐહિક અને પારલૌકિક લાભો, એક ફલવંત સંસ્થા રૂપે તેની ગૂઢતા સિદ્ધ કરવામાં દૃશ્ય રીતે મહાન્ છે તથા નિર્વિવાદિત છે. જેમ એક વૃક્ષ તેનાં ફલથી ઓલખાય છે, મનુષ્યની પરિક્ષા તેનાં કર્મવડે થાય છે, તેમ આ ધર્મને તેના પરિણામદ્વારા આપણે તપાસીએ. આપણને અત્રે એકદમ માલૂમ પડે છે કે, હિંદુનાં પારમાર્થિક અને ઐહિક સાધનો, તેના ધર્મના આશ્રય તળે તો અદ્‌ભૂત છે. જ્યાં સુધી તેઓ પોતાના ધર્મના સિદ્ધાંતો ચુસ્ત રીતે પાળતા હતા, ત્યાં સુધી પ્રાચીન હિંદુઓ, પ્રભુની ભીતિવાળા, સત્ય પરાયણ, નિયમાધીન, ઉદ્યમી, અને સુખી હતા, એ વાતના આપણી પાસે ઐતિહાસિક પુરાવા છે. જ્યારે હું જોઉં છું કે હરિદાસ જેવા હિંદુસ્થાનના યોગીઓ દિક્ તથા કાલનાં બંધનોને ઉલ્લંઘી ગયા છે, પ્રભુ પરાયણ મનુષ્યો હજુ પણ ઔષધો વિષે સ્વપ્રદ્વારા ઉપદેશ મેળવે છે, હિંદુ જ્યોતિષિઓ અદ્‌ભૂત નિશ્ચય પૂર્વક ભુલ વિના મનુષ્યનું ભાવિ કહી શકે છે, અને ધાર્મિક મંત્ર પ્રયોગો સ્થૂલ વિશ્વમાં સ્પષ્ટ અને નવાઇકર પરિણામો લાવવામાં અસરકારક છે, ત્યારે પોતાના ધર્મને ચુસ્ત રીતે પાળવાથી એક હિંદુ, અનંત શક્તિ તથા શ્રેયઃ પ્રાપ્તિની ઉપયોગિતા, મેળવી શકે, એ વિષેની એક ક્ષણભર પણ મતે શંકા થાય ? અલૌકિક પ્રદેશમાં ચમત્કાર કરવાની આવી સહજતા નાસ્તિક હિંદુને, હિંદુ ધર્મને આશાજનક ધર્મરૂપે અનુસરવામાં, આકર્ષણ ન કરે એવી વાત નથી. પરંતુ હિંદુ ધર્મનું આજ ઉત્તમોત્તમ સુખ નથી, તેતો દરેક મનુષ્યને ઇશ્વરી જીવન ગાળવાની તથા જીવાત્માને સદા માટે જડના દુઃખકારક બંધનમાંથી છૂટો કરવાની, જરૂર પાડે છે. એક હિંદુમાં ધાર્મિક પ્રેરણા એટલી બધી વૃદ્ધિમતિ થયલી હોય છે કે પોતાનાં કોઈ પણ જાતનાં વિચારો અને કાર્યોમાંથી ઇશ્વરના વિચારને જુદો પાડી શકતો નથી. તેના પ્રભુનાં પૂજા અને ધ્યાનમાં અર્પાયલો દરેક દિવસ તેને તો પવિત્ર છે. પોતાના ધર્મના આદેશો તથા સાધનો અનુસાર ઝીણી ઝીણી બાબતો પરત્વે પણ જીવન ગાળવામાં હિંદુના જેવો સૂક્ષ્માચાર પાળવામાં અન્ય મનુષ્ય નથી. દુનિયાના સર્વ મનુષ્યોમાં હિંદુ જ એક એવો છે કે જે, તેના સ્થૂલ જીવન કરતાં આત્મિક જીવનને, તેના ખોરાકનાં પ્રકૃતિ અને ગુણાનુસાર

લેશ પણ થોડી અસર થતી નથી, એવું જાણે છે. વિવિધ જાતના ખોરાક વાપરવાનાં હિંદુને માટે નિયોજાયલાં આજ્ઞા અને નિષેધ, સ્થૂલ કરતાં ધાર્મિક હેતુ પુરઃસર હોય છે હિંદુ લગ્નના વિચારમાં પણ ધર્મ માટેનું શ્રેષ્ઠમાન જણાઈ આવે છે; હિંદુને તો તે, સભ્ય કરાર અથવા સામાજીક બંધનની બાબત નથી પરંતુ ધાર્મિક જરૂરીઆતોમાંની એક છે. આ પ્રમાણે સ્થૂલ મનુષ્યની માગણીઓને, આત્મિક મનુષ્યની માગણીઓને તદ્દન તાબે કરવામાં આવે છે. ચુસ્ત હિંદુઓથી દરરોજના જીવનમાં સખ્ત રીતે પળાતા ધાર્મિક આચારો, તેની જડતાને ઓછી કરી, આધ્યાત્મિક બનાવવાનાં સાધનો રૂપ જ છે. વેદાંતમાં કહેવાતા "પિંડ" અને "બ્રહ્માંડમાં" પ્રભુને હાજરાહજુર અનુભવવાનું હિંદુને દરરોજ શિખવવામાં આવે છે. તેને વાદમાં તેમજ આચારમાં બેવડા સત્યનો અનુભવ થાય છેઃ-પ્રભુ સર્વ છે, અને સર્વે પ્રભુ છે. તેનો સતત પ્રયત્ન, જીવાત્માનો પરમાત્મા સાથે સંયોગ કરવાનો, તથા પોતાના વ્યષ્ટિમય જીવાત્માને, પ્રભુના સમષ્ટિમય પરમાત્મામાં પ્રવિલાપવાનો હોય છે. તેનો આત્મા, પરમાત્મા કે જે મન અને જડની દુનિયાદ્વારા પોતાની જાતને સદા અનુભવ્યાં કરે છે, તેની સાથે પુનઃ-યોગ પામવા ઉત્સુક થાય છે. સર્વ વાસનાઓની આ વાસનાની પ્રાપ્તિ તેના જીવનની સુખમય પરાકાષ્ઠા છે, તથા તેનો બ્રહ્મમાં ભાવનામય અસ્તિત્વનો અપરોક્ષાનુભવ છે.

ટુંકામાં મારા હિંદુ ધર્મ પાળવાના આ કારણો છે; સામાન્ય રીતે મારા હિંદુભાઇઓથી રખાતા વિચારોનું જ લોકપ્રીય અને પ્રામાણિક વિવરણ આપવા અત્રે મેં પ્રયત્ન કર્યો છે. શાસ્ત્રોમાં ચર્ચાયલા સર્વ વિષયોનુ વિસ્તારથી વર્ણન આપવું અશક્યવત્ છે; વિષયો જેવા કે, પ્રારબ્ધ વિષેના અમૂલ્ય વાદો, ગત જન્મ તથા આવતા જન્મના વાદો, દિવ્ય ભક્તિમાં આવશ્યક મદદ રૂપ આધ્યાત્મિક ધ્યાનનો વાદ, સમયાનુસાર પ્રભુના દશ અવતારોનો વાદ, લોકોના જ્ઞાતિઓ રૂપે કાર્ય નિર્વાહ સંબંધિ વિભાગ, લગ્નગ્રથીનો સંપૂર્ણ નિત્ય સંબધ, માનવજાતના ફાયદા માટે પ્રાક-ભાવિ વૈદિક પ્રેરણાઓ અને પ્રકૃતી કરણોના સમૂહ રૂપે, હિંદુ વૈદ્યક શાસ્ત્રોની ઉત્પત્તિ, જીવતાં સર્વ પ્રાણીઓ માટે સર્વ સામાન્ય દયા, મોક્ષવાદ, તથા કર્મનો નિયમ,-આ સર્વ વાતો, શ્રેષ્ઠ અને ઉચ્ચ ધર્મ સસ્થારૂપે હિંદુ ધર્મની યથાર્થતા નિરૂત્તરિત રીતે સિદ્ધ કરે છે. હિંદુ ધર્મમાં સમય જતાં કેટલાંક દોષ અને અધમતા પ્રવેશ પામ્યાં છે, તે આધુનિક હિંદુઓએ તેનો દુરૂપયોગ કર્યાથી છે; કહેવાને દીલગીર છું કે, આધુનિક હિંદુઓ, સત્ય અને નમુના રૂપ પ્રાચીન હિંદુઓના વિરૂપ નમુના છે, માટે આ જડ વાદના સમયમાં, મારે હિંદુ ધર્મ પાળવાનાં મારી પાસે પુરતાં કારણો છે.

શિષ્ય—વૃત્તિ.

(મળેલું.)*

(મહાભારતના આધારે.)

મહર્ષિ અયોદધૌમ્યને ત્રણ શિષ્યો હતા,—અરૂણિ, ઉપમન્યુ અને વેદ. એક દિવસે ઋષિયે અરૂણિને ક્ષેત્રમાંથી વહીજતા પાણીને અટકાવવાને મોકલ્યો; શિષ્યે ગુરૂની આજ્ઞાને પાર પાડવાને તેનાથી બન્યું તેટલું કર્યું, પરંતુ પાણીને વહી જતાં અટકાવી શક્યો નહિ; આખરે અન્ય કોઈ ઉપાય નહિ જડવાથી, પાણીના માર્ગમાં પોતાની જાતે લંબો થઇને પડ્યો, અને આ પ્રમાણે તેના માર્ગને થોડો ઘણો અટકાવ્યો.

ગુરૂએ આશ્રમ આગળના શિષ્યોને અરૂણિ વિષે પૂછ્યું. તેઓએ કહ્યું કે, તેમણે જ તેને ક્ષેત્રમાં મોકલ્યો છે. "સારે તો" ગુરૂએ કહ્યું, "આપણે ક્ષેત્રમાં જઇને જોઇએ કે તેણે શું કર્યું." આમ કહીને બે શિષ્યો સહિત ધૌમ્ય, ક્ષેત્રમાં આવ્યા. ત્યાં આગળ અરૂણિને નહિ જોવાથી, તેણે તેને બૂમ પાડી. "મારા પ્રીય શિષ્ય અરૂણિ! તું ક્યાં છે? મારી પાસે આવ." અરૂણિએ આ શબ્દો સાંભળ્યા કે તરતજ તે ઉભો થયો અને ત્વરાથી ગુરૂપ્રતિ દોડયો. યોગ્ય રીતે નમસ્કાર કરીને તેણે કહ્યું "હે ભગવન્! આ રહ્યો હું તારો નમ્ર શેવક; અન્ય કોઈ પણ રીતે પાણી નહિ અટકાવી શકાવાથી, તેના માર્ગમાં મેં મારી જાતનેજ મૂકી. આપનો અવાજ સાંભળીને આપની પાસે આવવાને મેં તે જગ્યા છોડી. મારા પૂજ્ય પીતાજી હું આપને વંદન કરૂં છું. હવે હું આપને માટે શું કરૂં તે કહો."

અરૂણિની ભક્તિથી ગુરૂ ઘણાજ ખુશી થયા, તેને આશિષ આપી અને કહ્યું "તારી ભક્તિદ્વારા તને પરમશ્રેય પ્રાપ્તિ થશે. તારા પ્રકાશિત અંતઃકરણમાં વેદો અને શાસ્ત્રોનું સ્વતઃજ પ્રકટીકરણ થશે." અરૂણિની શિષ્યવૃત્તિ પૂરી થઈ, અને તેની જ્યાં જવાની મરજી હોય ત્યાં જવાની તેને રજા મળી.

પછી ઉપમન્યુનો વારો આવ્યો. તેનો અભ્યાસ પૂરો થયા પછી જંગલમાં ગાયો સંભાળવાની ગુરૂએ તેને આજ્ઞા કરી હતી. તેને પ્રાતઃકાલમાં વહેલાંજ આશ્રમ છોડી જવું પડતું હતું, અને સંધ્યા સમયે પાછા આવવાનું હતું. તેને તેનું અન્ન ખાવાનો પણ સમય નહતો. એક દિવસે ગુરૂએ તેને પૂછ્યું કે, તું તો ખોરાક લીધા વિના જાય છે, છતાં કદમાં ઘટયો નથી, તેનું કારણ શું. શિષ્યે નમ્રતાથી કહ્યું, "સાંજે ગાયોને પાછી આણ્યા પછી, ભિક્ષા માગીને અન્ન પ્રાપ્ત કરૂં છું." "પરંતુ" તરત જ ગુરૂએ પ્રત્યુત્તરમાં કહ્યું, "મને અર્પણ કરતા પૂર્વે તારે કંઈ પણ લેવું જોઇએ નહિ." આ દિવસથી આરંભીને તેને ભિક્ષામાં જે કંઈ મળતું તે દરેક સંધ્યાએ ગુરૂ પાસે આણવા માંડયું. ગુરૂએ પણ આ પ્રમાણે અર્પાતું સર્વ લઈ લેવા માંડયું, અને ઉપમન્યુએ શી રીતે ભુખ શાંત કરવી, એ વાતના વિ-

* નવેમ્બર પ્રબુદ્ધ ભારતના એક લેખને આધારે, યોજનાર,—રા. વિશ્વવિહારી-અમુજ.

ચાર વિનાના જણાયા. થોડા સમય પછી ગુરૂએ ઉપમન્યુને કહ્યું, " તું તો પહેલાંના જેવો જ હષ્ટ પુષ્ટ નિરોગી જણાય છે. તને ખાવાનું કંઈ પણ મળતું નથી, અને આખો દિવસ સખ્ત કામ કરવાનું છે; આમ છતાં તું પાતળો અથવા નબળો કેમ થયો નથી ? " ઉપમન્યુએ કહ્યું, " મારા ગુરૂજી હું ભુખે મરતો નથી, પરંતુ સંધ્યાએ બીજીવાર ભિક્ષા માગીને અન્ન પ્રાપ્ત કરૂં છું. " " હે મારા શિષ્ય, " ગુરૂએ ગંભિરતાથી કહ્યું, " પોતાના ગુરૂ કુલમાં વસતા એકનો ઉદર પોષણાર્થે આવો માર્ગ હોવો ન જોઇએ. જેઓ માત્ર ભિક્ષા ઉપરજ રહે છે, તેવાના શ્રેયને તેથી અસર થાય છે. વળી એથી એટલું સ્પષ્ટ થાય છે કે, હજુ તું લોભને વશ છે. " " હું ફરીથી એમ નહિ કરૂં, " ઉપમન્યુએ નરમાશથી ઉત્તર આપ્યો. આ પ્રમાણે તેણે બીજીવાર ભિક્ષા માગવાનું છોડી દીધું, તો પણ તેનું માંસ ઘટયાનાં કંઈ પણ ચિહ્નો દેખાયાં નહિ. ગુરૂએ ફરીથી તેને પૂછયુ કે, ઉદર પોષણનાં સર્વ સાધનો દૂર કરવામાં આવ્યા છતાં, તું આવો હષ્ટપુષ્ટ કેવી રીતે રહે છે. ઉપમન્યુએ તુરતજ જવાબ આપ્યો, " પૂજ્ય ગુરૂજી ! હું ગાયોના દુધવડે જીવું છું. " ગુરૂએ સખ્ત ઠપકા સાથે કહ્યું, " પરંતુ મેં તને એમ કરવાની રજા આપી નથી. " " હું ફરીથી એમ નહિ કરૂં. " ઉપમન્યુએ સાદા અને શાંત વલનથી ઉત્તર વાળ્યો.

આ પ્રમાણે એક પણ દિવસ ચૂકયા વિના, તે ગુરૂની ગાયોને સંભાળતો હતો, પ્રાતઃકાલમાં ઉઠતો હતો અને સાંઝે પાછો આવતો હતો, તથા તે સમયે શુશ્રૂષા માટે ગુરૂ પાસે હાજર થતો હતો. ગુરૂએ નવાઈ સાથે જોયું કે, તે તો પૂર્વે હતો તેના કરતા જરા પણ પાતળો થયો નહતો. તેણે પહેલાં ઘણીવાર પૂછયું હતું તેમ વળી એક વધારેવાર પૂછયું જેના ઉત્તરમાં ઉપમન્યુએ કહ્યું કે, ધાવીને તૃપ્ત થયલાં વાછડાંના મોંમાંથી ફેંકાતા ફીણનો ઉપયોગ કરૂં છું. ગુરૂ મુખથી વળી ફરીથી ઠપકો મળ્યો, " તને શું એટલું જોવાની એ દૃષ્ટિ નથી કે, આ માયાળુ વાછડાં, તારા પોષણના હેતુ પૂર્વક ફીણ ફેંકે છે—તારે માટે તેઓ જાતે ભુખે મરે છે ? આ ગરીબ પ્રાણીઓ માટે તારા અંતઃકરણમાં લાગણી થતી નથી!" ઉપમન્યુને થયલા અપરાધ માટે ઘણું લાગી આવ્યું, અને ફરીથી તેમ નહિ કરવાનું ગુરૂને વચન આપ્યું.

ઉપમન્યુને આ પ્રમાણે તદ્દન ભુખે મરવું પડતું હતું. એક દિવસે ટોળાની પાછળ જતાં તેને ઘણી ભુખ લાગી, અને આકડાનાં પત્રો ચાવવા લાગ્યો. પત્રોનું દુધ તેની આંખમાં પડયું, તે અંધ થયો, અને આસપાસ ફાંફાં મારતામાં એક પાણી વિનાના કુપમાં પડયો.

સાંઝ પડવા છતાં ઉપમન્યુ પાછો આવ્યો નહિ, ત્યારે ગુરૂએ અન્ય શિષ્યને પૂછયું કે, એયુવકને આટલી બધીવાર કેમ થઈ. તેણે કહ્યું, " મેં ઉપમન્યુને અન્ન લેવાની મના કરી છે, કદાચ તેથી તેને ખોટું લાગ્યું હશે, અને મારી પાસે ફરિથી નહિ આવવાનો તેણે નિશ્ચય કર્યો હશે. આપણે તેને શોધવા માટે જઇએ. " આમ વિચારીને તેઓ જંગલમાં ગયા, અને ગુરૂ વારંવાર ઉપમન્યુના નામની બૂમો પાડવા લાગ્યા. પોતાના ગુરૂનો શબ્દ સાંભળીને ઉપમન્યુ બોલી ઉઠયો, " મારા પૂજ્ય ગુરૂજી ! હું કુવામાં પડી ગયો છું. "

ગુરૂએ પૂછયું, " આમ કેમ થયું ? " ઉપમન્યુ પાસેથી આનું કારણ જાણીને, ગુરૂએ

તેને સ્વર્ગના વૈદ્યો અશ્વિની કુમારોની, દૃષ્ટિશક્તિ પુનઃપ્રાપ્ત થવા માટે પ્રાર્થના કરવાનું કહ્યું. ઉપમન્યુ તે પ્રમાણે વર્તો અને તેને પુનઃ દૃષ્ટિ આવી. પછી તેને ગુરૂએ કહ્યું કે, તારે જ્યાં જવું હોય હોય ત્યાં જવાની હવે તને સંપૂર્ણ છૂટ છે, કારણ કે તારા અંતરમાં સર્વ જ્ઞાન સ્વતઃજ ઉદ્‌ભવ પામશે. આ પ્રમાણે ત્રીજા શિષ્યની કસોટી કાઢવામાં આવી, અને ગુરૂએ જ્યારે તેને પોતા પ્રતિની ભક્તિમાં ખડક જેવો અડગ જોયો ત્યારે તેને આશિષ આપી, અને તેનામાં વેદોના શ્રેષ્ઠ જ્ઞાનનો પ્રકાશ થયો.

સત્સંગ અને શિષ્યવૃત્તિની, વ્યક્તિયોના ચારિત્ર ઉપર તેમ જ વ્યક્તિયોના સમૂહો ઉપર થતી અસર આધુનિક સમયમાં સર્વ પાસા સુવિદિત છે, એટલે તેનો વિશેષ વિસ્તાર કરવાની જરૂર નથી. પરંતુ ઉપરની વાતમાં દર્શાવવામાં આવેલી ગુરૂ શેવા સંસ્થામાંથી પ્રતિત થતી અધીનતામાં ઘણાઓ એવા આધાર ઉપરથી બાધ લેછે કે, તે તો દાસોચિત અધીનતાના સમાન છે, કે જે ચારિત્રને સુધારવાને બદલે સમગ્ર આત્મ—વિશ્વાસને મારી નાંખે છે. સર્વત્ર આત્મ—વિશ્વાસ, ચારિત્ર બંધારણના સારરૂપ મનાય છે. જે તત્વો ઉપર ગુરૂ શેવા સંસ્થાનો આધાર છે, તેને બારીકીથી તપાસવાથી, આ વિરોધ એકદમ દૂર થાય છે, અને એ સંસ્થા સ્થાપનારા લોકોનું અનંત જ્ઞાન પ્રતિત થાય છે.

સ્વાર્થના બંધનમાંથી સ્વાતંત્ર્યદ્વારાચારિત્ર વૃદ્ધિ જણાઈ આવે છે. ઉચ્ચમાં ઉચ્ચ ચારિત્ર તેજ છે કે જેમાંથી સ્વાર્થી અધમતાનો અંશ તદ્દન દૂર થયો છે. સારભૂત સર્વ પ્રાણીઓનો અભેદ ઉપદેશતો ધર્મ માત્રજ, આવા પ્રકારના ચારિત્રની ઉપપત્તિ પૂરી પાડે છે, અને અન્ય કરતાં તેના ઉન્નતિ ક્રમને મદદ કરે છે. ધાર્મિક વિના અન્ય વિચારો ઉપર આધાર-રાખતાં નીતિ, વિવેક, સ્વના સંપૂર્ણ ત્યાગમાં શ્રદ્ધા રાખતાં નથી. વળી અન્યપાસા સ્વના પાયા ઉપર જ એ ઇમારત ખડી કરાય છે, કારણ કે આદર્શનો નીતિને ત્યાં સુધી જ ઉત્તેજન આપે છે કે જ્યાં સુધી તે સર્વને ઘણામાં ઘણું સુખ પ્રાપ્ત કરાવી શકે.

મનુષ્યે પોતાના સ્વને વિસારે પાડવો જોઇએ, પોતાના સ્વને સમગ્ર બ્રહ્માંડ સાથે અભેદ પમાડવો જોઇએ, તેણે ભગવાન શ્રીકૃષ્ણના શબ્દોમાં, સર્વ પ્રાણી માત્રનાં સુખ દુઃખોને પોતાનાં જ જાણવાં જોઇએ; પોતાના ભક્તો પાસેથી ધર્મ જે માગે છે તે આ છે. અને તે શા માટે ? કારણ કે યથાર્થ રીતે બહુત્વ, એવો શબ્દ જ નથી. (કઠ. ઉપ. ૨-૧-૧૧.) કારણ કે સત્ય વાત તો એમ છે કે, "માત્ર એક જ અસ્તિત્વ ધરાવે છે." (ઋગ્વેદ. ૧-૧૬૪-૪૬.) આ ઐક્યપ્રતિ મનુષ્ય જેમ જેમ વધારે પાસે આવતો જાય છે તેમ તેમ તેને પ્રકૃતિમાં અલ્પ અનેકતા માલૂમ પડે છે. પોતા અને અન્ય વચ્ચેનો ભેદનો ગંધ તેને થોડો માલૂમ પડે છે, અથવા અન્ય શબ્દોમાં કહેવા માગીએ તો, તેની અહંવૃત્તિ ધીમે ધીમે ગળવા માંડે છે. અથવા આથી ઉલટી રીતે કહીએ તો, જેમ જેમ મનુષ્યની અહંવૃત્તિ થોડી થતી જાય છે, તેમ તેમ તે આધ્યાત્મિક રીતે વિશેષ વૃદ્ધિ પામતો જાય છે.

માટે મુમુક્ષુને અગત્યનો પ્રશ્ન એ છે કે,"અહંવૃત્તિનો નાશ શી રીતે કરવો ?" સંતોષકારક રીતે ધર્મના આ ઉપયોગી સિદ્ધાંતનું નિરાકરણ કરવાની પોતાની શક્તિને લીધે, ગુરૂ શેવાની

શ્રેષ્ઠ ઉપયોગિતા થાય સાબિત છે. આપણે આગળ ઉપર જોઇશું કે, આ આમ કેમ છે.

સ્વાતંત્ર્ય અને આત્મ-શ્રદ્ધા વિષે થોડુંક વિચારીએ. જે મનુષ્ય પોતાની ઇચ્છાનુસાર કાર્યો કરી શકે, તેને આપણે સ્વતંત્ર કહીએ છીએ. અમુક મનુષ્યથી ભોગવાતા સ્વાતંત્ર્યની નૈતિક પ્રકૃતિ, એ ઇચ્છાના વલનદ્વારા નિશ્ચિત થાય છે. અમુક મનુષ્ય પોતાની ધનની તૃષ્ણાને સંતોષવાને લૂંટ ચોરી કરવા માટે સંપૂર્ણ શક્તિવાન્ છે, તે એક રીતે સ્વતંત્ર કહી શકાય, પરંતુ તેની ઇચ્છા ઘણી અધમ કક્ષની હોવાથી—આપણે તેના સ્વાતંત્ર્યને યોગ્ય ગણતા નથી.

અમુક ગુરૂના નિયમ તજે પોતાની જાતને મૂકતો શિષ્ય, તેને તેમ કરવાની ફરજ પાડવામાં આવે છે માટે તેમ કરતો નથી, પરંતુ પોતાની સ્વતંત્ર ઇચ્છા શક્તિદ્વારા જ તેમ કરે છે. પોતાની ઇચ્છાથીજ, કરાયલું અમુક કામ, તેના કરનારના સંબંધમાં લેશ પણ આત્મ શ્રદ્ધાની ખામી દર્શાવતું નથી. વળી શિષ્યને ગુરૂ પસંદ કરવામાં દોરતો હેતુ, ઘણા ઉચ્ચ ક્રમનો હોવાથી,—અનંતના અપરોક્ષાનુભવ રૂપ—ખરા શિષ્યના સંબંધમાં તો, સ્વાત્મ-સ્વાતંત્ર્યની ખામીની તકરાર લેશ પણ ખડી થઈ શકતી નથી.

ઇંન્દ્રિયોનો સંયમ પ્રાપ્ત કરવો, વિષયપ્રવાહોથી જરા પણ ક્ષોભ ન પામવો, એ જ ધર્મનો આરંભ તેને સંપૂર્ણ કરવા માટે, ઉચ્ચ સ્વ-ચેતના કે જે, પાશવ પ્રકૃતિને સંયમમાં લાવવા માટે, સંભાળ પૂર્વક ખીલવવામાં આવી હતી અને સ્થિર કરવામાં આવી હતી, તેનો પણ લય થવો જોઇએ. મુમુક્ષુના જીવનમાં એવો એક સમય આવે છે કે જ્યારે, આપણે જેને ઉચ્ચમાં ઉચ્ચ જાતિ સિદ્ધાંતો કહીએ છીએ, તે પણ તેને સંતોષ આપી શકતા નથી: વળી જ્યારે ઉચ્ચ અહંવૃત્તિ—કે જે આરંભમાં ઘણી જ મદદગાર હતી—તે સંપૂર્ણ સ્વાનુભવમાં એક બોધ રૂપે જણાય છે. આ ભૂમિકાએ સાધકને, દીવ્ય પ્રભા જોઇ શકાશે, એમ લાગે છે, પરંતુ પાતળા પારદર્શક આવરણના વચ્ચે આવવાથી, તે તેનો સ્પર્શ કરી શકતો નથી. આ પાતળા આવરણને ચીરી નાંખવાનું છે. આ શ્રેષ્ઠ કાર્ય સાધવા માટે, તેણે પોતાની સ્વેચ્છાનો તદ્દન ત્યાગ કરવાની જરૂર છે. પરંતુ તેણે કેવી રીતે આરંભ કરવો ? તેણે પોતાનું સ્વાતંત્ર દરેકને અને ગમે તેને અર્પી દેવું જોઇએ ? ના. ઉપર દર્શાવેલી નીતિની ઉચ્ચ સ્થિતિ સુધી આવી પહોંચેલો મનુષ્ય, દુષ્ટ મનુષ્યોથી લાભ લેવાવા દ્વારા સત્ય માર્ગમાંથી દૂર થવાની ઘણી ભીતિમાં હોતો નથી, તથાપિ તે ભીતિને તદ્દન તરી ગયો નથી. જ્યાં સુધી અહંવૃત્તિનો લેશ પણ ડાઘ હશે ત્યાં સુધી અમુક મનુષ્ય સંપૂર્ણ રક્ષિત નથી. અમુક મનુષ્ય કે જેનામાં સ્વ નથી (કારણ કે સત્ય ગુરૂઓ આવા હોય છે.) તેવાને પોતાની ઇચ્છાશક્તિ અર્પવા દ્વારા, તેટલા માટે તે પ્રારંભ કરે છે; તેવા પુરૂષ નેથી ભુલ ખાતો નથી, તેમ જ અન્યને ભુલાવામાં દોરતો નથી. જ્યારે શિષ્ય, પોતાના સ્વના ત્યાગ દ્વારા સ્વ-હીન થાય છે ત્યારે તે સર્વ સાથે પોતાનું ઐક્ય-અભેદ, જુએ છે—અનુભવે છે, તેને સર્વમાં પ્રેમ થાય છે, અને પોતાના પ્યારા સ્વની પેઠે જ સર્વની શેવા કરે છે. તેના બદલામાં તે, "સર્વને સુખ શાંતિ દાતા વસંત જેવો થાય છે." આજ સત્ય જ્ઞાન-અંતઃકરણમાં વેદોનું પ્રકટી કરણ-સત્ય સ્વાત્મ-શ્રદ્ધા.

ક્રિશ્ચિયન મિશનરીઓ.

(મળેલું.)*

આપણને કહેવામાં આવે છે કે, જ્યારે એક ઇંગ્લીશમેન સુવેઝ છોડીને પૂર્વ તરફ આવે છે, ત્યારે તેનામાં અમુક વિકૃતિ થઈ જાય છે. માનસિક તથા નૈતિક રીતે, તે એક તદ્દન જુદોજ મનુષ્ય થઇ જાય છે; પરંતુ હતભાગ્યે અવળી દિશામાંજ થાય છે. આ ગમેતેમ હો તોપણ અમે એવું જોઇને ઘણી વાર નવાઇ પામ્યા છીએ કે, ઘણા ખરા હિંદુસ્થાનમાં આવતા અંગ્રેજ મિશનરીઓને, તેમના અત્રે આવવાના હેતુ સંબંધિ વિચારમાં ફેરફાર કરવાનું કદાપિ જરૂરનું લાગતું નથી. ઇંગ્લન્ડમાં મળેલી મિશનરી સભાઓના રીપોર્ટો વાચતાં એટલું સ્પષ્ટ થાય છે કે, મિશનરીઓએ તેમના આ દેશમાંના કાર્ય વિષેનો, ત્યાંના લોકોના મનમાં જે વિચાર ઠસાવ્યો હોય છે, તે તદ્દન અસત્ય હોય છે. કારણ કે તેઓ, હિંદુ ધર્મને એક તદ્દન અપવિત્ર તથા ઢંગધડા વિનાના ધર્મ રૂપે, અને લોકોને, માનસિક, નૈતિક તથા આધ્યાત્મિક ગાઢ અંધકારમાં ડુબેલા રૂપે, દર્શાવે છે. બુદ્ધિમાન્ બ્રાહ્મણથી તે અધમમાં અધમ જાતિ સુધીની, આ મહાન અને પ્રાચીન દેશની પ્રજાને, આશાવિના તથા પ્રભુવિના, જીવન ગાળનારી રૂપે, યથાર્થ રીતે દર્શાવવામાં આવે છે; અને એવું જણાય છે કે, એ પ્રજા અન્ય હેતુ માટે નહિ પરંતુ એટલાજ માટે ઉત્પન્ન થઇ છે કે, ક્રિશ્ચિયન મિશનરીને ધાન્યના તૈયાર થયલા ક્ષેત્ર રૂપે, બાઇબલના દાતરડા વડે લણીને, ગાડાં ભરી તેમના ચર્ચ, ચેપલ અથવા, ગોસ્પેલ હૉલમાં, જેને તેઓ અનુસરતા હોય છે, તે ઘણા ફાંટા વાળા ધર્મની અમુક જાતિ અનુસાર, ઘસડી જવામાં ઉપયોગિ થઇ પડે. વિશ્વના સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન નિયામકનું કાર્ય પછીથી તો, ઇંગ્લન્ડના લોકોના કોથળી છૂટી મૂકેવા ઉપર, તથા તેને માટે તેનું કાર્ય થવા દેવા ઉપર, આધારવાળું થઇ પડે છે. યથાર્થ રીતે આ સમગ્ર કાર્યમાં, ઍંગ્લો-ઇન્ડિયન મિશનરીને દેવના ઉપકારની કંઇ પણ હદ રહેતી નથી. આ કંઇ આક્ષેપ દૃષ્ટિથી કહેવામાં આવતું નથી; પરંતુ અમને હિંદુસ્થાનમાંથી જણાય છે તેવું સત્ય વાતોનું પ્રમાણિક કથન છે.

આપણે સારી રીતે એવો પ્રશ્ન કરી શકીએ કે, મિશનરીને આ દેશનો થોડો અનુભવ મળ્યા પછી, શું તે મોહ જાલમાંથી કદાપિ છૂટી શકતો નથી? એમ જણાય છે કે તે છૂટો થતો નથી. ઉપર વર્ણવાયલા વિચારોનાં હદ પારનાં વર્ણનો ધ્યાન પૂર્વક સાંભળતાં, તેની કલ્પના શક્તિએ કંઇ કંઇ ચિત્રો ખડાં કર્યાં હશે, તથા તેના અત્રેના કાર્ય વિષે તેણે કંઇ કંઇ વિચારો યોજ્યા હશે, તથાપિ મિશનરીને અત્રે આવતાં ખાત્રી પૂર્વક માલૂમ પડે છે કે, એક સગવડ વાળા બંગલામાં તેનું નિવાસસ્થાન કરવા કરતાં, તેને કંઇ પણ વધારે વીરત્વનું કાર્ય કરવાનું હોતું નથી; તેના પોતાના દેશમાં સામાજીક જીવન ગાળતો હોય છે તેવું જ તેને ગાળવાનું હોય છે; સ્કુલ માસ્તરો અને સરકારી પરિક્ષાઓ માટે ગોખણપટ્ટી નિશાલીઆઓ

* નવેમ્બર પ્રબુદ્ધ ભારતમાં આવેલા એક ક્રિશ્ચિયનના લેખને આધારે—યોજનાર—રા. વિશ્વવિહારી—અનુજ.

તૈયાર કરવાના હોય છે; અથવા કદાચ પ્રજાના નીચામાં નીચા વર્ગોમાંથી થયલા ક્રિશ્ચિયન કહેવાતા યોડાકના નૈતિક અને ભૌતિક શુભની સંભાળ રાખવાની હોય છે. અને તથાપિ મિશનરીઓના વંશજના વંશજો ઇંગ્લન્ડ પાછા જાય છે, અને પાકેલાં ધાન્યક્ષેત્ર તથા મિશનરી ઉદ્યોગની અલ્પતાની પ્રાચીન દંતકથાઓ, ફરી ફરી ચર્ચાવે છે. એવું કોઇક સમયે જ માલૂમ પડે છે કે, બાઇબલનો અમુક બાધરૂપ જ્ઞાની ઉપદેશક, લોકોની ધાર્મિક સ્થિતિની સત્યતા વિષે, ઇંગ્લન્ડના લોકોના મનમાં સહજ પ્રકાશ પાડવા પ્રયત્ન કરે છે.

કારણ કે ગત અનેક દશકાઓથી યુરોપના જ્ઞાની પુરૂષો, આ દેશના પ્રાચીન સુશિક્ષિતતાના લેખોથી અજાણ્યા નથી. પ્રાચીન હિંદુઓનાં તત્વ શાસ્ત્ર તથા અન્ય લેખોનાં ઘણાંખરાં ભાષાંતરો થયાં છે, અને કોઇપણ બુદ્ધિમાન્, જે હિંદુસ્થાનમાં આવે છે તથા લોકો સાથે સહેજ પણ ઓળખાણ પાડે છે, તેને તો પોતાની મેળેજ માલૂમ પડી આવે છે કે, મિશનરીઓ તેમને જેવા બતાવે છે તેવા, હિંદુઓ અજ્ઞાની, જંગલી નથી. દરેક જણે આ દેશના ઉચ્ચ વર્ગો અને જ્ઞાતિયો વિષે સાંભળ્યું છે; અને આમાંની કોઇપણ વ્યક્તિ પ્રતિ એક દૃષ્ટિપાતજ, તેનો જન્મ અને સભ્યતાનાં ચિહ્નો દર્શાવવાને સંપૂર્ણ થશે. બ્રાહ્મણનો દેખાવજ, બુદ્ધિમાન્ અન્વયમાંથી ઉતરી આવેલા મનુષ્ય રૂપે તેને દર્શાવવાને સંપૂર્ણ છે; અને રાજપૂતનો દેખાવ તેને વંશ પરંપરાનો લડવૈયો દર્શાવે છે. લોકોને તેમની વિવિધ જાતિયો અને ઉપજાતિયોમાં, તેમની પ્રાચીનકાલથી પૂજાતી સંસ્થાઓ હોય છે, લાંબા સમયથી સ્થપાયલાં રીત રીવાજો હોય છે, ધાર્મિક ક્રીયાઓ તથા બહુ શ્રમસિદ્ધ દેવમંદિર પૂજા હોય છે, અને આ સર્વ ઉન્નતિ તથા પ્રાચીનતાની સુગંધવાળાં હોય છે. અમુક મનુષ્ય, એક સાધારણ બુદ્ધિમાન્ હિંદુ સાથે, ધાર્મિક પ્રશ્ન વિષે, તેના તરફથી તાત્વિકરીતે આધ્યાત્મિક સિદ્ધાંતોમાં ગુંચવાયા વિના, વાત કરી શકશે નહિ; આવા સિદ્ધાંતો ટુંક-દૃષ્ટિવાળા અને સાંકડા યુરોપીયન જડવાદની હદની પારના છે. તેથી અમુક ડાહ્યો મનુષ્ય, આ દેશમાં આવે અને સઘળે ઉન્નતિ અને સભ્યતાના પુરાવા જુએ, અને લોકોને "પ્રતિમા પૂજનના અંધકારમાં" ડુબેલા દર્શાવે, એ વાત આપણને તો અજ્ઞાન અથવા સત્ય વાતના ઇચ્છા પૂર્વક ફેરફાર કરતાં, જોવાની જરૂર ના હોય તેના પ્રતિ ચક્ષુ બંધ કરવા કરતાં—વિશેષ લાગતી નથી. આપણે એટલું કબુલ કરીએ કે, ક્રિશ્ચયન મિશનરીઓને હિંદુસ્થાનમાં ઘોહુંક કાર્ય કરવાનું હોય. અધમતા પામેલા વર્ગોમાં નૈતિક અને ભૌતિક સુધારણા તરફ તે ઘણું શુભ કરી શકે, અને આવું ઘણું કાર્ય તેનાથી ત્યારનુંએ થઇ ચૂક્યું છે, એ વાત પણ આપણે કબુલ કરીશું. પરંતુ આધાર્મિક દેશમાં, એક ધાર્મિક ઉપદેશક રૂપે મિશનરીની શક્તિયોની આટલીજ હદ છે, એવું તેણે પોતા તરફથી સ્પષ્ટ રીતે કબુલ કરવું જોઇએ. આ દેશમાં આવતા, કહેવાતા મિશનરીઓનો અડધો અડધ ભાગ ન છૂટકે, કેળવણીના કાર્યમાં જોડાય છે. આનું કારણ શું ? કારણ કે ધાર્મિક ઉપદેશકો તરીકે તેમને માટે અત્રે કોઈ પ્રદેશ નથી, અને તેમને માટે પણ પાછા જવું અને પાકેલા ધાન્ય ક્ષેત્રનાં અસ્તિત્વ નથી, એવો રીપોર્ટ કરવો, એ થઇ શકે એમ નથી; મિશનરી પરપોટો ફુટી જશે; તથા બાઇબલના દાંતરડાની અને સગવડવાળા બંગલાઓમાં કંટાળી ગયલા કાર્ય કરનારાઓની, મહાન્ મોહ મિળને ટકાવવાને, ઉધરાણાં થઇને ફંડો આવશે નહિ.

ક્રિશ્ચિયન કરવા યોગ્ય વર્ગોના સબંધમાંજ, આ દેશમાં ક્રિશ્ચિયન મિશનોની તદ્દન નિષ્ફલતાની, સર્વને આટલી બધી નિશ્ચિત થઇ ગયલી સત્ય વાત હોવા છતાં, ત્યાંતો હજુપણ જેને "હિંદુસ્થાનનું ધર્મોપદેશ કાર્ય." કહેવામાં આવે છે, તે વિષેની વાતો થઇ રહી છે. ઇંગ્લેન્ડનાં ભોળાં મનુષ્યોને હજુ પણ મનાવવામાં આવે છે કે, આવું એક કાર્ય શક્યતાની હદમાં છે. આમાન્યતા વિષે આપણે અત્રે એટલું કહી શકીએ કે, બ્રિટનના વતનીનો પોતાની જાતમાં તથા સ્વદેશીઓમાં એવો વિશ્વાસ હોય છે કે, તેથી તે ગમે તેવી વાંત પોતાની શક્તિની હદમાંજ છે, એમ માને છે, એ સર્વ પાસા સુવિદિત છે. માટે આપણે નવાઇ પામવાની નથી કે, ઍગ્ઝીટર હૉલમાં તથા ઇંગ્લેન્ડનાં ધાર્મિક વિચારતાં અન્ય સ્થલોમાં, ફરતા હરતા લોકોમાં, આવો ઉડાઉ વિચાર પ્રસરેલો હોય છે, અને બેર્ય સ્વમા પાછળ હજારો રૂપીઆ ફેંકી દેવામાં આવે છે. તેમના માટેનું ક્ષેત્ર અલ્પને અલ્પ થતું જાય છે તો પણ મિશનરીઓની વૃદ્ધિ થયાંજ જાય છે, તેનું ગમે તેમ પરંતુ એક કારણ છે, અને તે એ છે કે, ઇંગ્લેન્ડમાં મિશનરી સાહસ મુખ્યત્વે કરીને એક વ્યાવહારિક કાર્ય ગણાય છે. પૈસો પેદા કરતા ઇંગ્લેન્ડમાં તો ક્રિશ્ચિયન ધર્મોપદેશની વાત, જેટલી તે ધાર્મિક ભાવના સંબંધિ ગણાય છે, તેટલીજ પૈસાની વાત છે. ઘણું કરીને પ્રથમારંભમાં કેટલાંક યથાર્થ ધાર્મિક મનુષ્ય અથવા મનુષ્યો, એ કમિશનની એજન્સી સ્થાપવાની જરૂર જુએ છે. પરંતુ તરતજ અન્ય યોગ્ય ઉત્સાહવાળા અને યોગ્ય આધ્યાત્મિક મનવાળા પુરૂષો, આવા કાર્યની શક્યતાઓને, રોટલી-કમાવાના સાધન રૂપે જુએ છે, અને એ એજન્સી આવાં મનુષ્યોના હાથમાં આવી પડે છે, જેમને પુત્રો, ભાઇઓ, સગાઓ પુરા પાડવાના હોય છે; અને આ પુત્રો, ભાઇઓ અને સગાઓને, આપણા મધ્યમાં ધર્મના ઉપદેશકો રૂપે વિભાગ કરી સ્થાપવામાં આવે છે ! ઘણી મિશન એજન્સીઓ કૌટુમ્બિક વ્યાપાર રૂપે કેમ થઇ પડે છે, તેનો આથી ખુલાસો થાય છે. ઠાઠમાઠથી ધાર્મિક હેતુ માટે આવતા મનુષ્યોના મોટા ભાગની તદ્દન અયોગ્યતાનો પણ આથી ખુલાસો થઇ રહે છે. અને ઇંગ્લેન્ડના લોકોમાં, આ દેશ સંબંધના ધાર્મિક પ્રશ્નોનો પ્રકાશ પાડવામાં અનુભવાતી મુશ્કેલીનો પણ આથી વિશેષ ખુલાસો થાય છે.

તેના શાબ્દિક પંથો અને પુસ્તકકૃત ધર્મ સહિત ક્રિશ્ચિયન મિશનરી, વેદાંત ઉપર પોષાયલા હિંદુને, આધ્યાત્મિક પ્રકાશ આપવાને શક્તિમાન્ થાય, એ એક વિચારનો વિરોધ છે; અને કોઇ પણ જ્ઞાની પુરૂષ તે માટે દોષપાત્ર થશે નહિ. ઘણું કરીને પ્રથમના મિશનરીઓ વેદાંત વિષે જરાક જાણતા હતા અથવા કંઇપણ જાણતા નહતા. પરંતુ તેમના અને આપણા સમયના મધ્યમાં, યુરોપીયન શોધે હિંદુ ધાર્મિક તત્વજ્ઞાન વિષે ઘણો પ્રકાશ પાડયો છે. વળી આનુષંગિક ધર્મના અભ્યાસદ્વારા, સઘળે કેળવાયલા પુરૂષો, પૂર્વના વિવિધ ધર્મની કિંમત કરવાને શક્તિવન્ થઇ શક્યા છે, અને યુરોપમાં એક સમયે મનાતા, ક્રિશ્ચિયન ધર્મમાં, નવીનારંભક પગથીઉં હતું, એ વિચાર ઉડાડી દીધો છે. જીસસને પોતાનેજ કંઇ નવું સત્ય શીખવવાનું નહતું. તેણે તો માત્ર દરેક સત્ય બોધક જીવાત્માને વિચારમાં દોરતાં નિત્ય સત્યોને દર્શાવ્યાં હતાં, અને પોતાના અધોપાત પામેલા દેશીઓમાં આધ્યાત્મિક સત્યનો પ્રકાશ કે જે તેઓ તદ્દન ખોઇ બેઠા હતા, તે પુનઃ ઉદ્દીપિત કરવાનો તેણે પ્રયત્ન કર્યો હતો. પરંતુ

ક્રિશ્ચિયન મિશનરીઓ "જીસસમાં જેવું સત્ય છે", તેવાનો પણ ઉપદેશ કરતા નથી, કારણ કે તેમ કરે તો તેથી તેઓ થોડા સ્વધર્માભિમાની તથા થોડા સ્વધર્માનુયાયી થઇ જાય. તેમના ક્રિશ્ચિયન ધર્મનો, સત્તામાં અને લિખિત લેખોમાં, ચમત્કારો અને પ્રતિનિધિ રૂપ પ્રાયશ્ચિતમાં, અંધ શ્રદ્ધા સહિત, મધ્યકાલિન ચર્ચોના (દેવલોના) સાંકડા સ્વધર્માભિમાન માત્રમાંજ સમાવેશ થાય છે. તેમને આધ્યાત્મિક સત્યના તત્વનું ભાન નથી એ સ્પષ્ટ વાત છે. યુરોપનો ઉત્તમ અને શ્રેષ્ઠ વિચાર ક્રિશ્ચિયન ચર્ચોથી ભિન્ન પડતો જાય છે, એ વાત, તત્વજ્ઞાનવિષયક સત્યના મૂખ્ય વિચારો, કે જે ગ્રહણ કરવાથી, માનવ મનની દરેક વૃદ્ધિઓ સાથે, માત્ર નવીન જીવન ધારણ કરે છે, તેની શાસ્ત્રીય ક્રિશ્ચિયાનીટીમાં ખોટ છે, એની ખાત્રી લાયક સાબિતી છે. શાસ્ત્રીય ક્રિશ્ચિયાનીટીને બુદ્ધિવિષયક સંસ્થારૂપે સાયન્સ સાથે લેશ સંબંધ નથી, અને પોતાની જાતનો તર્કમાં ઉતરી શકે એવો ખુલાસો આપવાને પણ અશક્તિવાન્ છે. તેથી પાદરીની ફીલસુફીનું અંતિમ આશ્રય સ્થાન, "મારાં પુસ્તકો કહે છે તે ધ્યાન પૂર્વક સાંભળો, અથવા અધમ પ્રદેશોમાં જાઓ!! એ નિપુણ સૂત્ર છે. યથાર્થ વાત તો એમ છે કે શાસ્ત્રીય ક્રિશ્ચિયાનીટી, પોતાની જાતે, પ્રાચીન પૂર્વ દેશની ફીલસુફીનું અપક્વ પુનરૂજ્જીવન છે, કે જે અજ્ઞાની, જડવાદ પરાયણ, અને યુરોપીમ મધ્ય કાલિન ઉપદ્રવ કરતા પાદરીઓના હસ્તદ્વારા રૂપાંતર પામી છે. તેથી શાસ્ત્રીય ક્રિશ્ચિયાનીટીને, હિંદુસ્થાનના પંથોને બદલે સ્થાપન કરવાનો પ્રયત્ન કરતા પૂર્વે, તેની મૂલની સ્થિતિએ હજુ પણ ચઢવાનું છે,

---

સુખશાંતિ.

(મળેલું.)*

(આ નીચેની વાતને આપણાં શાસ્ત્રાનુસાર વિચારી કાઢવા વીનતિ છે.)

એક મનુષ્ય પાછળ વાઘ પડયો છે, તેને બચવાનો માર્ગ જડતો નથી, એક જુનો પુરાણો પાણિ વિનાનો કુપ તેના જોવામાં આવે છે, અને તેમાં તે પડે છે; તે અડધે પહોંચે છે તે પૂર્વે તો તેને માલુમ પડેછેકે, કુપના તળીએ એક મોટો નાગ, તેના પડવાથી પડેલી માટી આદિથી ચીડવાઇને, પોતાની ફણાને કુપની આસપાસની ભીંતમાં, ફુંફાટા મારતો પછાડી રહ્યો છે. આગળ નીચે જવામાં ભીતિને લીધે, તે મધ્ય ભાગે અટકી પડે છે, અને એક લટકતા વેલાનો આશ્રય લે છે. આ વેલો ભારનેલીધે નીચે ખેંચાવાથી મૂલ સહિત ઉખડી પડવાની ભીતિ રહે છે. વળી એ મૂલોને મૂષકો કાપી રહ્યા છે. આવી દશામાં ઘાસમાં એક મધપૂડો તેના જોવામાં આવે છે, ખળભળાટ પામેલી મક્ષિકાઓ તેની આસપાસ ગણગણાટ કરી મૂકે છે, તેના ઓષ્ઠને દંશ દે છે, અને સાથેસાથેજ એક બે મધનાં ટીપાં લાં મૂકે છે—અને નવાઇની વાત એ છે કે, તે મનુષ્ય તે આનંદથી ચાટે છે; અરે તેમાંથી તે સુખ પણ ભોગવે છે. ઉપર, કુપની ચારે પાસા આંટા મારતો, વિકરાળ ચકચકિત અક્ષિઓથી તેનાપ્રતિતાકતો વાઘ આવી રહ્યો છે, શાંતિનો ભંગ કરનારને દંશવાની રાહ જોતો નાગ વીચે ફુફવાટા મારી રહ્યો છે; દરેક ક્ષણે મૂલ અને શાખાઓ સહિત વેલાઓ અને ઘાસ તુટી પડવાની ભીતિ રહે છે; મૂષકો વળી તેને તોડી પાડવામાં મદદ કરી રહ્યા છે. ઘણાનું, અરે સમગ્ર જગતનું, કે જેને યથાર્થ રીતે "અશ્રુક્ષીણ" કહેવામાં આવે છે, આ શું ભાવિ છે. "સમગ્ર, વૃથાગર્વ અને જીવાત્માને દુઃખી કરવા રૂપ છે." જોઈ જોઇને અક્ષિઓ પણ કંટાળતી નથી, તેમજ શ્રવણો પૅણ શુણિ શુણિને ધરાતા નથી "ત્યારે તો તારા જીવાત્માને દૃશ્ય પદાર્થોના મોહમાંથી બચાવવાને અનહદ વિવેકનો તું ઉપયોગ કર, અને તારી મોહ વૃત્તિયોને જે અદૃશ્ય છે, તેના ઉપર લગાડ." એમ થોમસ–એ–કૅમ્પીસ, એક ક્રિશ્ચિયન મહંત કહેછે.

૨. આદમના અધોપાતની વાત માનવ ભાવિના રૂપકરૂપે થઈ પડે છે. "જન્મવું એજ દુઃખ છે." એવી આપણા લોકની સામાન્ય કહેતી છે. તેમાંથી છૂટા થવું, એટલે જન્મ મરણનો ફેરો બંધ થવો, એજ હિંદુસ્થાનનાં સર્વ સત્ય ધાર્મિક તત્વશાસ્ત્રોનો ઉદ્દેશ છે.

૩. આ દુઃખ ત્રણ પ્રકારનું છે–પોતાની જાતથી થયલું (અધ્યાત્મ), આસપાસનાં પરિવર્તનોથી થયલું (આધિભૌતિક), ભૂત કાલના કર્મથી થયલું (આધિદૈવિક), તે પરિવર્તનોને નિશ્ચિત કરનાર વિભાગ છે. સર્વે તત્વ શાસ્ત્રોનો ઉદ્દેશ, આ દુઃખનુ કારણ શોધી કાઢવાનો, તથા તેને દૂર કરવાનો ઉપાય શોધવાનો હોય છે

૪. બેદનો ગંધ, સ્વની પૂજા, એજ આ દુનિયામાં દુઃખનું નિદાન છે, અને આપણી સાથે સંબંધ વિનાનું આ દુનિયામાં કંઈ પણ દુઃખ નથી. " સાદી રીતે કહેવા માગીએ તો, દરેક મનુષ્ય પોતાના ચિત્તની હદમાં જ બંધાયલો છે, અને જેમ પોતાના શરીરની બહાર તે

---

* નવેમ્બર થીઓસોફીસ્ટમાં આવેલા એક લેખને અધારે–યોજનાર–ચ. ચ. વિશ્વ વિહારી–અનુજ.

ગતિ કરી શકતો નથી, તેમ તેનાથી તેની હદની પાર પણ એકદમ જઇ શકાતું નથી; તેથી બહારથી મળતી મદદ તેને લેશ પણ ઉપયોગિ નથી. રંગભૂમિ ઉપર એક મનુષ્ય યુવરાજ નો વેશ ભજવતો હોય છે, અન્ય પ્રધાનનો સ્વાંગ ભજવતો હોય છે, વળી ત્રીજો ચાકર અથવા સીપાઈ અથવા સૈન્યાધિપતિનો ભાગભજવતો હોય છે, અને એવા અનેક વેશ ભજવનારા હોય છે; આ સર્વ માત્ર બહિરૂ ભેદો જ છે; આંતરૂ યથાર્થ વાત, આ સર્વ વેશોનું આંતરૂ સ્વરૂપ એક જ હોય છે–નિજનશિબની સર્વઆશા તૃષ્ણાઓવાળો એક ગરિબ વેશધારી. જીવનમાં પણ આવું જ છે. કુલ અને વિત્તના ભેદોને લઇને દરેક મનુષ્યને પોતાનો ભાગ ભજવવાનો હોય છે, પરંતુ આથી આંતર સુખનો ભેદ લેશ પણ સૂચવાતો નથી. " ગરિબને સ્થૂલ દારિદ્રય દુઃખ કર્તા છે; વિત્તવાન્‌ને માનસિક દારિદ્રય દુઃખનું નિદાન છે. અન્યને તો જીવન નિરસ અને ક્ષુદ્ર લાગે છે." સૅનેકા કહે છે, " નિરક્ષરની વિશ્રાંતિ, મરણનું જ અન્ય સ્વરૂપ છે, જીવતાં મરવા સમાન છે."

૫. સ્વાર્થવૃત્તિયોને ખૂબ મહાલવા દો; શું પરિણામ આવશે? ન્યૂનતા ઉપર ન્યૂનતા ખડી થાય છે, ઇચ્છાઓ ઉપર ઇચ્છાઓ ઉભરાઈ જાય છે; જેવી એક ઇચ્છા તૃપ્ત થાય છે કે તરતજ અન્ય ઉભી થાય છે, ચિત્તના સમુદ્રમાં મોજાં ઉપર મોજાં ઉછળે છે અને નીચે પડે છે. તમારી જરૂરીઆતો વધારો, ગમે તો શારિરીક અથવા માનસિક અને તેથી ચિત્ત ક્ષોભ વૃદ્ધિંગત થાય છે. " ભોગમાં કદાપિ સુખ નથી" –એમ સેકસપીઅરે પણ કહ્યું છે; કારણ કે, આપણી ઇચ્છાનો એક પદાર્થ પ્રાપ્ત થાય છે કે તરતજ અન્ય ઇચ્છાનો બીજ પ્રક્ષેપ થાય છે; અને એમને એમ આગળ ઉપર ચાલે છે. શોપનહોર કહે છે: " સામાન્ય મનુષ્ય પોતાના જીવનના સુખનો પોતાથી બહિરૂના પદાર્થોમાં સમાવેશ કરે છે, સમૃદ્ધિ, સ્થિતિ બાલકો, મિત્રો, સમાજ અને એવાં અન્યમાં, તેથી જ્યારે તેમાંનું એક ખોવાય છે ત્યારે તેના સુખનો પાયો પડી જાય છે અન્ય શબ્દોમાં કહેવા માગીએ તો, તેનું ગુરૂત્વાકર્ષણનું કેન્દ્ર તેના પોતામાં નથી. દરેક, આશા, તૃષ્ણા, આકાંક્ષા, ઇચ્છા સાથે, તે સમયે સમયે પોતાનું કેન્દ્ર બદલે છે." તમારા બાગમાંનાં સોઝાડોમાંથી એકાદ સુકાઈ જાય કે–તમને જરા પણ નિદ્રા આવતી નથી, સર્વ સુખ જતું રહે છે. અમુક કરોડાધિપતિ રેલ્વે ટ્રેનમાં રૂ. ૧૦૦ ની નોટ ખોવાવાથી આત્મઘાત કરે છે. જ્યારે સૉક્રેટીસે મોજ શોખના વિવિધ પદાર્થો વેચવા મૂકાયલાં જોયા, ત્યારે તે નવાઇથી બોલ્યો, " દુનિયામાં એવું કેટલું બધું છે કે જેની મારે લેશ પણ જરૂર નથી."

૬. તેથી **માણસ પાસે જે છે** તેના કરતાં **માણસ કેવો છે,** એના ઉપર તેના સુખનો વિશેષ આધાર હોય છે. " સુખી થવું એટલે સ્વ–સંપૂર્ણ થવું એજ. " એમ એરિસ્ટોટલે એક સ્થલે કહ્યું છે.

૭. મનુષ્ય વિવિધ સુખોપભોગ શોધવામાં ભટકયાં કરે છે, એ વિચારો—જેમ અધમ અને વિશેષસ્થૂલ આનંદતાપદાર્થો, તેમ વિશેષસ્વાર્થી અને સંકુચિત તથા અલ્પસ્થાયિ આનંદ આપનારા હોય છે. જેમ વધારેવધારેસ્થૂલઆનંદતાપદાર્થો તેમ તે વધારે ભેદ પ્રવર્તક અને તેમનો આનંદોપભોગ પણ વધારે થકવનારો હોય છે. વિશેષ માનસિક આનંદ ના પદાર્થો, અલ્પને અલ્પ ભેદજનક, અને ઘણો થોડો જ થાક લગાડનારા હોય છે, અને તેથી તે વધારેને વધારે સ્થાયિ હોય છે. અભિલાષાઓ, સ્વાદનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, દર્શન શ્રવ-

ણેન્દ્રિયો, બુદ્ધિ વિષયક ઉચ્ચક્રમ સૂચવે છે. જેમ જેમ આપણા આનંદ વધારે વધારે બુદ્ધિ વિષયક થતા જાય છે, તેમ તેમ તેની સાથે સંબંધ ધરાવતી સ્વ-વિહીનતા, સ્વ-વિસ્મરણ, વૃદ્ધિ પામે છે. આના પરિણામરૂપે માનસિક વિભાગ વધારે વધારે થતો જાય છે. સર્વ ઇન્દ્રિયોમાં દર્શનશ્રવણેન્દ્રિયો વિશેષ બુદ્ધિ વિષયક છે. યથાર્થ રીતે આપણા અનુભવની બે દુનિયાઓનો સમાવેશ તેમાં થાય છે,—નામ દુનિયા, રૂપદુનિયા; એ ઉભયમાંથી પણ વધારે બુદ્ધિ વિષયક અને લેશ શ્રમવાહક, શ્રવણેન્દ્રિયો છે. સર્વ ભોગોમાં વિશેષ સ્થાયિ, લેશ શ્રમવાહિ, અને સાથે સાથે જ વધારે સંસાર્ગાત્મક સંગીત છે. જીવાત્માને પ્રભુના નિકટને નિકટ દોરવામાં તેથી જ સંગીત ધર્મની સહચરીરૂપે છે. નારદને સદા વીણા વગાડતા અને શ્રીકૃષ્ણને વાંસળી વગાડતા, દર્શાવવામાં આવે છે, એમાં પણ ઘણા અર્થનો સમાવેશ થાય છે.

૮. તમારી સ્થૂલ જરૂરીઆતોને બને તેટલી થોડી કરો, અને ધીમે ધીમે માનસિક આશાતૃષ્ણાઓનો નિરોધ કરો, અને અંતર્મૂખ થવા પ્રયત્ન કરો, તમને સુખ શાંતિ મળશે. બહિર્ પદાર્થોના સ્પર્શમાંથી અંતર્મૂખ થવા દ્વારા મન પોતામાં જ સ્થિત થાય છે, અને શાંતિ અનુભવે છે. "**स्वाप्ययात्**" એ વેદાન્ત સૂત્ર પણ એક વાક્યમાં "સુષુપ્તિ"નો ધાતુ તથા સુષુપ્તિ અને તેના સુખનું તત્વજ્ઞાન, સમજાવે છે

૯. પરંતુ આ શાંતિ આપણને કેમ મળે—ચિત્ત સહિત શાંતિ? દરેક ઇચ્છા મનનો ક્ષોભ છે. ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિ શાંતિદાતા છે, અને તમે જે સુખ અનુભવો છો, એમ કહેવાય છે, તે પણ તે જ છે. આપણી દરેક કામનાઓમાટે સંતોષ પ્રાપ્ત કરવો, એ સંભવિત વાત નથી.

૧૦. જેણે કામનાના પદાર્થોનો ત્યાગ કર્યો છે, તેને તો કામનાનો પદાર્થ પ્રાપ્ત ન થતાં પણ શોક થતો નથી. "હે પાર્થ! જ્યારે મનુષ્ય હૃદયની સર્વ કામનાઓનો ત્યાગ કરે છે, અને આત્માવડે આત્મામાં સંતોષ પામે છે, ત્યારે તે સ્થિર મનનો થાય છે." આ સ્થૈર્યદ્વારા સમજશક્તિની પારની શાંતિ અનુભવવા તમે દોરવાઓ છો.—બ્રહ્માનંદનું ધામ, શ્રેષ્ઠ સુખ તૈત્તિરીયોપનિષદમાં કહેવામાં આવ્યું છે કે, આ વિશ્વમાં સુખના દરેક અંશમાં, ક્ષુદ્ર જંતુથી તે બ્રહ્માપર્યંતમાં, ઇશ્વર તરફનું એક અંશ-દાન છે. આનંદ અથવા સુખ અથવા શાંતિ, ઝાડમાં રસની પેઠે સર્વવિશ્વમાં વ્યાપી રહ્યાં છે. એક ક્ષુભિત સરોવરની લહરીઓમાં, ચંદ્રનું બિંબ વિવિધ, ક્રમાનુસાર પ્રતિબિંબિત થાય છે, તેમ આ સુખ અથવા શાંતિ, પરમાણુથી મનુષ્ય પર્યંતમાં, મનુષ્યથી વિવિધ દેવકોટિ પર્યંતમાં, બ્રહ્મા પોતાના પર્યંતમાં, વિવિધ સ્વરૂપોમાં પ્રતિબિંબિત થાય છે. વળી ત્યાં આગળ કહેવામાં આવ્યું છે કે, શ્રોત્રિય અકામિ એટલે જ્ઞાની અને રાગરહિતનું સુખ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. અમુક ખીલતા યૌવનવાળાની કલ્પના કરો, ભણેલો, ઉત્સાહિ, સ્થિર હેતુંવાળો, શરિર સંપત્તિવાળો, આ સમગ્ર દુનિયા તેને માટે અર્થથી સંપૂર્ણ થાઓ, આ સુખને એકમ ગણીએ. હવે અનુક્રમે, મનુષ્યગંધર્વો, ગંધર્વો, પિતૃદેવો, કર્મદેવો, દેવો, બૃહસ્પતિ, ઇન્દ્ર, બ્રહ્મા, આ સર્વની સ્થિતિ અનુસાર તે સુખને સોસોગણું કરો, અને આ સર્વના કરતાં જ્ઞાની તથા રાગરહિત પુરૂષનાં સુખ અથવા શાંતિ શ્રેષ્ઠ છે

આનન્દમય કોષને (થીઓસોફીસ્ટોના બુદ્ધિક શરિરને.) પક્ષિના યોગ્ય રૂપકમાં વર્ણવતાં કહે છે:—" તેનું શિરસ પ્રેમ છે; મોદ દક્ષિણ પક્ષ છે; પ્રમોદ ઉત્તર પક્ષ છે; આનંદ સ્વ(આત્મા) છે; બ્રહ્મ પુચ્છ છે." વૈદિક ઋષિયોથી ગવાયલી ગાયત્રી સુખની કૂચિ અત્રે છે—પ્રેમ, હા, આત્માનો પ્રેમ, વિશ્વમાં સર્વભાંસ્વસમપ્રેમ. બૃહદારણ્ય કોપનિષદ્માં યાજ્ઞવલ્ક્ય ઋષિ, અમરત્વ વિષે પ્રશ્ન કરતી પોતાની પત્ની મૈત્રેયિને પ્રેમનું આ તત્વજ્ઞાન ઉપદેશે છે:—" અરે! પતિના પ્રયોજનથી પતિપ્રિય થતો નથી પરંતુ આત્માની કામનાથી પતિપ્રિય થાય છે; અરે! જાયાની કામનાથી જાયાપ્રિય થની નથી પરંતુ આત્માની કામનાથી જાયાપ્રિય થાય છે; અરે! પુત્રોની કામનાથી પુત્રો પ્રિય થતા નથી પરંતુ આત્માની કામનાથી પુત્રો પ્રિય થાય છે! અરે! વિત્તની કામનાથી વિત્તપ્રિય થતું નથી પરતુ આત્માની કામનાથી વિત્તપ્રિય થાય છે; અરે! બ્રાહ્મણની કામનાથી બ્રાહ્મણ પ્રિય થતો નથી પરંતુ આત્માની કામનાથી બ્રાહ્મણ પ્રિય થાય છે; અરે! ક્ષત્રની કામનાથી ક્ષત્ર પ્રિય થતું નથી, પરંતુ આત્માની કામનાથી ક્ષત્રપ્રિય થાય છે; અરે! લોકોની કામનાથી લોકોપ્રિય થતા નથી પરંતુ આત્માની કામનાથી લોકોપ્રિય થાય છે; અરે! દેવોની કામથી દેવોપ્રિય થતા નથી પરંતુ આત્માની કામનાથી દેવોપ્રિય થાય છે; અરે! ભૂતોની કામનાથી ભૂતો પ્રિય થતાં નથી પરતુ આત્માની કામનાથી ભૂતોપ્રિય થાય છે; અરે! સર્વની કામનાથી સર્વપ્રિય થતું નથી પરંતુ આત્માની કામનાથી સર્વપ્રિય થાયછે; અરે! આ આત્મા શ્રોતવ્ય, મંતવ્ય, નિદિધ્યાસવ્ય છે; હે મૈત્રેયિ! આત્માના વા અરે! દર્શનથી, શ્રવણથી, મતિવડે વિજ્ઞાનથી સર્વ વિદિત થાય છે."

સુખનું નિદાન આ પ્રેમ માત્ર સ્વ- ત્યાગ. સ્વાર્પણ છે, જેનું પરિણામ બ્રહ્મ દના ઉત્સમાં સ્વ—વિસ્તાર અભેદ પામવાનું છે.

અનુભવ વાક્યાવાલ.

(મળેલું)*

૧ હે શિષ્ય! આ અનુભવ વાક્યો, માનવજાતિના નિમિત્તે તથા પરમાત્મા પ્રત્યે ભક્તિદ્વારા કહું છું.

૨. કારણ કે અસ્તિત્વ ધરાવતા પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરવા કરતાં તથા જેણે સર્વ પદાર્થો નિર્મ્યા તેના પ્રત્યે ઉપકારવૃત્તિ દર્શાવવા કરતાં, સત્ય અથવા પ્રમાણિક, અન્ય ઉત્તમ ધર્મ ભાગ્યે જ હશે.

૩. હે ગુરૂદેવ! અત્રે કંઇપણ સત્ય નથી એમ જાણીને, સ્વસ્થજીવનગાળવાને મનુષ્યે શું કરવું જોઇએ?

૪. હે શિષ્ય! ભક્તિમાન્ તથા ધાર્મિકથા, કારણકે જે તેમ થાયછે તેજ શ્રેષ્ઠ તથા ઉત્તમ તત્વવેત્તા છે; અને તત્વશાસ્ત્ર વિના ભક્તિ અથવા ધર્મની, યથાર્થતા તથા ઉચ્ચસ્થિતિપ્રાપ્તથવી તદ્દન અસંભવિત છે

---

* એક અંગ્રેજી લેખને આધારે યોજનાર—રા. રા. 'વિશ્વવિહારી—અનુજ.

૫. પરંતુ જે અસ્તિત્વધરાવતાપદાર્થો, તથા તેઓનું શી રીતે નિયમન તથા પાલન થાય છે, તથા તે કોનાથી થાય છે, અને તે શા કારણથી અથવા શા નિમિત્તે થાય છે, એ સર્વનો મનમ કરી અભ્યાસ કરશે, તે, કાર્યનિયંતાને, એક સારા પિતા, ઉત્તમ માતા તથા આજ્ઞાનુવર્તિ ભૃત્યરૂપે, ધન્યવાદ આપશે; જે ધન્યવાદ આપે છે તેજ ભક્તિમાન્ અથવા ધાર્મિક થશે, અને જે ધાર્મિક થશે, તે જ સત્ય ક્યાં છે, તે જાણશે, અને એ પ્રમાણે જાણીને તે વધારેને વધારે ધાર્મિક થતો જશે.

૬. હે શિષ્ય ! જે જીવાત્મા, શરીરમાં અસ્તિત્વ ધરાવતો હોય છે ત્યારથી જ, જે જે શ્રેય અને સત્ય છે તે જાણવાને તથા અનુભવવાને, જન્મ પ્રાપ્ત કરે છે તથા ઉચ્ચ સ્થિતિયે ચઢે છે, તે તો તેનાથી વિરુદ્ધ પ્રતિ કદાપિ પુનઃપ્રયાણ કરતો નથી; કારણ કે તે તેના પ્રતિ જ પ્રેમમાં વિલીન થાય છે તથા સર્વ અશ્રેય વિસરી જાય છે, અને જ્યારે તે, પરમાત્મા-ઉત્પન્ન કર્તાને, જાણીને અનુભવે છે ત્યારે તે પરમશ્રેયથી, સ્વધર્મત્યાગી અથવા વિદૂર થઈ શકતો નથી.

૭. અને હે શિષ્ય ! ભક્તિ અને ધર્મનું પરિણામ આજ થવા દે; આ પ્રતિ એકવાર આવી પહોંચતાંજ, તું સારી રીતે જીવનવહન કરીશ અને સુખેથી મરણ શરણ થઇશ; તારો જીવાત્મા, ફરીથી આવશે અથવા પુનઃપ્રયાણ કરશે કે નહિ, તેથી અજ્ઞાત નહિ રહે.

૮. હે શિષ્ય ! આજ ફક્ત સત્યનો માર્ગ છે અને આપણા પૂર્વજો પણ તેજ પ્રમાણે ચાલ્યા છે; અને તે જ માર્ગે માર્ગ ક્રમણ કરીને અંતે તેઓ પરમશ્રેયને પામ્યા છે. તે સાદો અને વંદનીય માર્ગ છે, પરંતુ શરીરમાં વસતા જીવાત્મા માટે કઠિન તથા દુઃસાધ્ય છે.

૯. કારણ કે, પ્રથમ તો તેને પોતાના અધોમન સાથે જ સંગ્રામ ચલાવવાનું છે, અને અત્યંત વિવાદ અને કલહને અંતે, એક અંશને જીતિ શકાય છે; કારણ કે, એકના પ્રતિ ઉભયનું યુદ્ધ છે; જ્યારે તે દૂર દૂર ઉડયાં જાય છે ત્યારે તેઓ તેને પકડીને બાંધી રાખવા પ્રયત્ન પરાયણ થાય છે.

૧૦. પરંતુ ઉભયની જીત એક સરખી નથી: કારણ કે જ્યારે એક શ્રેયપ્રતિ પ્રયાણ કર્યાં કરે છે ત્યારે અન્ય અશ્રેય પદાર્થોનોજ નિકટ વર્તિ છે; અને જે શ્રેય છે તે સ્વતંત્ર થવા ઉત્સુક બને છે; પરંતુ અશ્રેય પદાર્થો, બંધન અને અસ્વાતંત્રયને જ વળગી રહે છે.

૧૧ અને જો ઉભય અંશ જીતાય છે તો ઉભયશાંત થઈ જાય છે અને તેને તેમના સ્વામિ પ્રમાણે સ્વીકારવામાં સંતોષ માને છે; પરંતુ ઉભય એકને જીતે તો, તેઓથી તેનું નિયમન થાય છે અને અત્રે તેના અસ્તિત્વ તથા અવિરામદ્વારા શિક્ષા પમાડવાને વહન થાય છે.

૧૨. અને હે શિષ્ય ! ત્યાં લઈ જતા માર્ગનો આ જનાયક છે; કારણ કે, પ્રથમ તો તારે તારા અંતર્ગૂર્વે શરીરને વિસારે પાડવું જોઇએ, અને આ વિરોધિ અને કલહમય જીવનમાં વિજય પ્રાપ્ત કરવો જોઇએ, અને તેમ થયા પછી પાછો આવજે.

૧૩. પરંતુ હવે હે શિષ્ય ! હું, અસ્તિત્વ ધરાવતા પદાર્થો નામ માત્રથી જ ગણાવી જઇશ; હું જે કહું તેનું શ્રવણ કર, અને શ્રવણ કરેલાનું મનન પણ કરજે.

૧૪. અસ્તિત્વ ધરાવતા સર્વ પદાર્થો ગતિમાન્ છે; ફક્ત જેનું અસ્તિત્વ નથી તે

૧૫. પ્રત્યેક પદાર્થ અસ્થિર છે.

૧૬. પ્રત્યેક પદાર્થ ક્ષરણશીલ નથી.

૧૭. કેટલાક પદાર્થો ક્ષરણશીલ છે.

૧૮. જીવનધર્તા દરેક પદાર્થ મર્ત્ય નથી.

૧૯. જીવનધર્તા દરેક પદાર્થ અમર્ત્ય નથી.

૨૦. જે ક્ષરણશીલ છે તે ભ્રષ્ટ પણ છે.

૨૧. જે સર્વદા રહે છે તે સ્થિર છે.

૨૨. જે સ્થિર છે તે અનાદિ છે.

૨૩. જે સદા થયાં જાય છે તે સદા ભ્રષ્ટ છે.

૨૪. જે એકજવાર બનાવવામાં આવે છે તે કદાપિ ભ્રષ્ટ થતું નથી તેમ જ અન્ય પદાર્થમાં બદલાઈ જતું નથી.

૨૫. પ્રથમ પરમાત્મા; પછી વિશ્વ; અને તત્પશ્ચાત્ મનુષ્ય.

૨૬. મનુષ્ય માટે વિશ્વ અને પરમાત્મા માટે મનુષ્ય.

૨૭. પરમાત્માનો જે અંશ ઇન્દ્રિયગમ્ય છે તે મર્ત્ય છે, પરંતુ જે પ્રજ્ઞાંશ છે તે અમર્ત્ય છે.

૨૮. પ્રત્યેક મૂલવસ્તુ અમર્ત્ય છે.

૨૯. પ્રત્યેક મૂલવસ્તુ સ્થિર છે.

૩૦. પ્રત્યેક અસ્તિત્વધર્તાપદાર્થ દ્વિવિધ છે.

૩૧. અસ્તિત્વ ધરાવતો કોઈ પદાર્થ સ્થિર રહેતો નથી.

૩૨. સર્વ પદાર્થો પરમાત્માથી ગતિમાન્ થાય છે એમ નહિ, પરંતુ જે જે અસ્તિત્વ ધારી પદાર્થો છે તે પરમાત્માથી ગતિમાન થાય છે.

૩૩. જે પદાર્થ દુઃખી થાય છે તે ઇન્દ્રિયગમ્ય છે, જે જે પદાર્થ ઇન્દ્રિયગમ્ય છે તે દુઃખી થાય છે.

૩૪. જે પદાર્થ શોકગ્રસ્ત છે તે આનંદગ્રસ્તપણ થાય છે અને તે જીવનધર્તા મર્ત્ય સત્વ છે.

૩૫. જે પદાર્થ આનંદગ્રસ્ત હોય છે તે શોકગ્રસ્તપણ નથી થતો પરંતુ જીવન ધર્તા આનંદિ પદાર્થ હોય છે.

૩૬. દરેક પદાર્થ રોગગ્રસ્ત નથી; જે જે પદાર્થ રોગગ્રસ્ત છે તે ક્ષરણશીલ છે.

૩૭. પરમાત્મામાં મન.

૩૮. મનુષ્યમાં પ્રજ્ઞા.

૩૯. મનમાં પ્રજ્ઞા.

૪૦. મન દુઃખથી વિદૂર છે.

૪૧. શરીરનો કોઈ પદાર્થ-સત્ય નથી.

૪૨. અશરિરી સર્વ અસત્યતા રહીત છે.

૪૩. જે જે પદાર્થ બનાવાય છે તે ભ્રષ્ટ થાય છે.

૪૪. પૃથ્વિ-ઉપર કંઈ પણ શ્રેય નથી, સ્વર્ગમાં કંઈ પણ અશ્રેય નથી.

૪૫. પરમાત્મા શ્રેય છે, મનુષ્ય અશ્રેય છે.

૪૬. શ્રેય ઇચ્છિત છે અથવા સ્વતઃ જ થાય છે.

૪૭. અશ્રેય અનિચ્છિત છે અથવા તેની ઇચ્છા વિરૂદ્ધ છે.

૪૮. દેવો શ્રેયપદાર્થોને જ શ્રેયપદાર્થરૂપે ગણે છે.

૪૯. કાલ દૈવિપદાર્થ છે.

૫૦. નિયમ માયાળુ છે

૫૧. દુર્ગુણ વિશ્વનો પોષક છે.

૫૨. કાલ મનુષ્યની ભ્રષ્ટતા છે.

૫૩. જે જે સ્વર્ગમાં છે તે વિવર્તાતીત છે.

૫૪. પૃથ્વિ ઉપર સર્વ વિવર્તાધીન છે.

૫૫. સ્વર્ગમાં કંઈ પણ સ્વાતંત્ર્યહીન નથી, પૃથ્વિ ઉપર કંઇ પણ સ્વાતંત્ર્ય સહિત નથી.

૫૬. સ્વર્ગમાં કંઇ અજ્ઞાત નથી, પૃથ્વિ ઉપર કંઇ જ્ઞાત નથી.

૫૭. પૃથ્વિ ઉપરના પદાર્થો સ્વર્ગના પદાર્થો સાથે વ્યવહાર રાખતા નથી.

૫૮. સ્વર્ગના સર્વ પદાર્થો અનિંદ્ય છે, પૃથ્વિ ઉપર સર્વ નિંદ્ય છે.

૫૯. જે જે અમર્ત્ય છે તેમર્ત્ય નથી, જે જેમર્ત્ય છે તે અમર્ત્ય નથી.

૬૦. જે વવાય છે તે હમેશાં પ્રાપ્ત નથી થતું, પરંતુ જે હમેશાં પ્રાપ્ત થાય છે તે વવાયલું હોય છે.

૬૧. ક્ષરણશીલ પદાર્થના બે સમયો હોય છે, એક વાવતાથી તે પ્રસૂતિ સુધીનો અને અન્ય પ્રસૂતિથી મરણ સુધીનો,

૬૨. અમર પદાર્થનો સમય તો ફક્ત પ્રસૂતિથીજ ગણાય છે.

૬૩. ક્ષરણશીલ પદાર્થો વધે છે અને ક્ષયપામે છે.

૬૪. ક્ષરણશીલ પદાર્થો વિરૂદ્ધ જાતિમાં બદલાયાં જાય છે,—બુદ્ધિવિલાસ, ભ્રષ્ટતા, પ્રસૂતિ ઇત્યાદિ; પરંતુ અમર પદાર્થો તેમની સરખી જાતિમાંજ તથા તેના સદૃશ અન્યમાં બદલાય છે.

૬૫. મનુષ્યની પ્રસૂતિ એજ ભ્રષ્ટતા છે, અને મનુષ્યની ભ્રષ્ટતા એજ પ્રસૂતિનો પ્રારંભ છે.

૬૬. જેમાંથી અન્ય ઉત્પન્ન થાય છે તે જાતે જ અન્યથી ઉત્પન્ન થયલું હોય છે.

૬૭. જેટલા અસ્તિત્વ ધરાવતા પદાર્થો છે, તેમાંથી કેટલાક શરીરમાં છે, કેટલાક તેમના વિચાર માત્રમાંજ છે.

૬૮. જે જે વસ્તુઓનો કૃતિ અથવા કાર્યના અંગમાં સમાવેશ થાય છે, તે શરીરમાં છે.

૬૯. જે અમર્ત્ય છે તેમર્ત્યમાં ભાગ પડાવતું નથી.

૭૦. જેમર્ત્યછે તેઅમર્ત્ય શરીરમાં પ્રવેશતું નથી પરંતુ જે અમર્ત્ય છે તે મર્ત્યમાં પ્રવેશેછે.

૭૧. ક્રિયા અથવા કૃતિ, ઉચ્ચ પ્રયાણ નથી કરતી પરંતુ નીચે ઉતર્યાં જાય છે.

૭૨. પૃથ્વિ ઉપરના પદાર્થો સ્વર્ગીય પદાર્થોનું હિત કરી શકતા નથી. પરંતુ સ્વર્ગીય પદાર્થો પૃથ્વિ ઉપરના પદાર્થોનું હિત કરે છે.

૭૩. સ્વર્ગ, અમરપદાર્થોનું શક્તિવંત અને યોગ્ય નિવાસ સ્થાન છે, પૃથ્વિ ભ્રંશશીલ પદાર્થોનું નિવાસસ્થાન છે.

૭૪. પૃથ્વિ પશુતૂલ્ય છે, સ્વર્ગયથાન્યાય્ય અથવા સયુક્તિક છે.

૭૫. સ્વર્ગના સર્વ પદાર્થો તેને અધીન થઇ વર્તે છે પરંતુ પૃથ્વિ ઉપરના તેમ વર્તતા નથી.

૭૬. સ્વર્ગ શ્રેષ્ટ તત્વ છે.

૭૭. વિધિ દૈવિ નિયમ છે.

૭૮. નિમિત્ત, વિધિના અમાર્ગ અથવા ભૂલ રૂપે છે.

૭૯. જે અનિયમિત છે તેના વાહન અથવા પરિણામ રૂપ ભાગ્ય છે; કર્તવ્યમૂર્તિ, ભુલાવામાંનાંખતી કલ્પના અથવા મતપ્રદર્શન.

૮૦. ઇશ્વર શું છે ? નિર્વિકાર અથવા વિવર્તાતીત શ્રેય.

૮૧. મનુષ્ય શું છે ?—અચલ અશ્રેય.

૮૨. જોતું આ વિવિધ વિષયોનું સંપૂર્ણરીતે મનનકરીશતો, જે વિષયો તને વિસ્તારથી સમજાવવામાં આવ્યા છે, તેનુ વિસ્મરણ થશે નહિ; કારણ કે તે સર્વનું આ સંક્ષેપ સ્વરૂપથીજ વર્ણન છે.

૮૩. જનસમૂહ અથવા સામાન્યમનુષ્યોસર્વ સંભાષણનો ત્યાગ કર, કારણ કે તને ઇર્ષ્યાવશ અથવા ઘણાનો હાસ્યાસ્પદ થયલો જોવાને હું ઇચ્છતો નથી.

૮૪. કારણ કે જે જે સમાનશીલ હોય છે તે હંમેશાં સમાનશીલ પ્રતિજ આકર્ષાય છે, પરંતુ અસમાનશીલ, અસમાનશીલ સાથે કદાપિ એકમત થતા નથી. આવાં અનુભવ વાક્યોના શ્રવણ કર્તા ઘણા જ થોડા હોય છે, અને કદાચ અલ્પનાશ્રવણમાં આવે છે કારણ કે તેમને તેમની પ્રકૃતિ અનુસાર કંઇ ખાસ મળી ચૂક્યું હોય છે.

૮૫. તેઓ તો વળી દુષ્ટ મનુષ્યોને, તેઓની દુષ્ટતામાં, તીવ્ર બનાવે છે અથવા ઉદ્દીપન કરે છે—તેટલા માટે તારે જનસમૂહથી વિદૂરરહેવુંજ યોગ્ય છે, તથા તેમની પરવા રાખવી પણ યોગ્ય નથી, કારણ કે તેઓ આવા ઉપદેશોનાં ઉદ્દેશ અને સામર્થ્ય બીલકુલ સમજી શકતા નથી.

૮૬ હે ગુરૂજી ! આમ કહેવામાં આપનો શો ઉદ્દેશ સમાયલો છે.

૮૭. હે શિષ્ય ! સાંભળઃ મનુષ્યનાનામેકહેવાતા જીવનધારણકર્તા પદાર્થોની પ્રકૃતિ અને બંધારણ દુષ્ટતાપ્રતિ વિશેષ વળતાં જાય છે, અને તેઓ વિશેષ પરિચિત હોય છે, અને જાણે તેથી જ તેઓ પોષાય છે, તથા તેટલા માટે જ તેમાં આનંદ માને છે. હવે જો આ વર્ગના પ્રાણીઓ, એટલું જ જાણશે અથવા જાણવા પ્રયત્ન પરાયણ થશે કે, પૃથ્વિ એક વખતે બનાવવામાં આવી હતી, તથા સર્વ બનાવો, વિધિ, નિમિત્ત, પ્રારબ્ધ અથવા નશીબ પ્રમાણે થયાં કરે છે, તથા તેજ સર્વ ઉપર સામ્રાજ્ય ભોગવે છે, તો, શું તે છે તેના કરતાં વિશેષ ભ્રષ્ટ થયા વિના રહેશે અને સર્વને ધિક્કારશે નહિ ? કારણ કે તે નિર્માણ થયાં છે, અને કદાચ જો તે ભ્રષ્ટતા અથવા દુષ્ટતાનું કારણ વિધિ અથવા નશીબને જ ગણશે તો તે કોઇ પણ જાતના દુષ્ટ કાર્યથી પાછો હઠશે નહિ

૮૮. આવા કારણથી આવી પ્રકૃતિનાં મનુષ્યપ્રતિ આપણે ઉપેક્ષ્ય વૃત્તિ રાખવી ઉચિત છે, કારણ કે તેઓ અજ્ઞાનમાં રહેતાં હોવાથી, જે જે તેમના પ્રતિથી ગુપ્ત રાખવામાં આવ્યું હોય તેના ભયથી પણ તેઓ જરાક થોડા દુષ્ટ થતા જાય.

" જોવનનોઇચ્છાવાળાનીપેઠે જોવનની દરકારકરો ॥ !"

આ પ્રદેશમાં પ્રવેશપામતામાંજ ઘણા આધ્યાત્મિકશિષ્યોનું એવું વલણ હોય છે કે, ઉચ્ચભૂમિકાઓમાં પ્રવેશકરવાની ઇચ્છાથી તેઓ સ્થૂલજીવનની દરકારકરતાનથી, અને આનેલીધે, સ્થૂલશરીર તથા તેને સજીવન કર્તા જીવનપ્રતિના કર્તવ્યની ઉપેક્ષામાં તે દોરવાઈ જાય છે. શ્રેષ્ઠ જાતનું " રત્ન અવિરોધ છે, " અને આપણે ઉન્નતિક્રમમાં એક પક્ષના વલણના ન થઈ જઇએ માટે પ્રકૃતિનાં સર્વ ભુવનોમાં તેનો ઉપયોગ કરવાની આવશ્યકતા છે. ગમેતે સ્વરૂપમાંવસતુંજીવન, દરકાર કરવા યોગ્ય છે, અને તેથી જ સ્થૂલ ભુવન, સર્વને હારવાનું અથવા જીતવાનું યથાર્થ યુદ્ધ-ક્ષેત્ર છે; આના કારણમાં ઊંડા ઉતરી વિચારવાની જરૂર છે, અને આવીપડતા કોઇપણ પ્રતિબંધ માટે બલવાન્ શરીર તૈયાર કરવાનું છે. આટલું તો વગર કહ્યે પણ નક્કી જ છે કે, જો આપણે આપ્રમાણે તૈયાર ન હોઇએ તો, ગુરૂશ્રીઓના કાર્યને આપણે ન્યાય આપી શકીશું નહિ, અથવા સંપૂર્ણ વિસ્તારથી આપણાથી કોઈ પણ કાર્ય થઈ શકશે નહિ.

સારાંશ ॥

જો આપણે આપણી પ્રકૃતિમાંથી દોષો દૂર કરી સદ્ગુણ દાખલ કરવાની મરજી હોય તો, શુદ્ધિનાનિયમપૂર્વક આનુક્રમિકમાર્ગેથી આરંભવું જોઇએ; તે પણ મન અને શરીર ઉભયની હોવી જોઇએ. અડધુંઅડધું કાર્યકરવાનું નથી, અરૂચિકર પરિવર્તનોને દૂરકરવાનાં નથી, પરંતુ સંપૂર્ણ નવીનરીતિ સ્થાપનકરવાની છે, કે જેથી આપણને દુનિયામાં બાંધી રાખતાં બંધનો સદા માટે દૂર થાય. દરેક શિષ્યે નિષ્પક્ષપાત રીતે પોતાનાં વૃત્તિ અને સ્વભાવનો અભ્યાસ કરવાનો છે, અને જોવાનું છે કે, પોતાની સ્થિતિ સાથે યુદ્ધ ચલાવવું કેવું ઉત્તમ છે; જોતે ખરેખરો ઉદ્યમિ હશે તો તેને માર્ગ દર્શાવવામાં આવશે, પરંતુ કઠિન કાર્ય તો તેણે જાતે જ કરવાનું છે.

" સુખમાટે જોવનારાઓનીપેઠે સુખી થાઓ ॥ "

માનવજાતનો ઘણોખરો ભાગ, જીવનદ્વારા સ્થૂલસુખોપભોગરૂપે તેમને જે કંઇ મળી શકે તે માટે જીવે છે, ગમે તો તે અધમગ્રામ્ય આનંદ હોય અથવા સુધારાવાળું, કેલવણીવાળું સુખનું સ્વરૂપ હોય. આ ઉભય દૃષ્ટાંતોમાં શોધાતી વસ્તુઓ મેળવવામાં ઇન્દ્રિયો મદદ કરે છે. શિષ્યના દૃષ્ટિબિંદુથી આ કોઇપણપ્રકાર એકભાવનામય અસ્તિત્વ નથી, પરંતુ માનવજાતના મોટા વિભાગને જણાયલું શ્રેષ્ઠ અસ્તિત્વ છે; ઉત્તમ કારણને શોભતી ખંતથી તેઓ તેને શોધે છે. પરંતુ એક જ્ઞાની મનુષ્ય પણ તેના બલહીન ભ્રાતાના પાસેથી જાણી શકે અને જોઈ શકે કે, તેનું સુખ સ્પર્શજન્ય છે, તથા સંતોષ અને અભેદની વૃદ્ધિ કરે છે. સુખી મનુષ્ય, સદય, આર્ય તથા દોષ નિશ્ચય કરનાર હોય છે, તેમજ વળી કોઇપણ સ્વરૂપમાં આનંદ હીનતા દુષ્કાલની માફક ત્યાગ કરી દૂર કરવામાં આવે છે; શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સત્યોને અનાકર્ષક રીતે તેના આગળ ધરવામાં આવે તો તે સ્વીકારતો નથી. જો અમુક

મનુષ્ય મહાન્ નિયમ સાથે અભેદ પામીને તદનુસાર કાર્ય કરે તો, સુખી થવું એ ઉત્તમ યુક્તિ છે; એ નિયમની પ્રકૃતિ આનંદ અને અવર્ણ્ય શાંતિ છે; તેનાથી વિરૂદ્ધ કર્તવ્યદ્વારા, શોક, દુઃખ, નિરાશા, તથા પોતાના સહભાગીઓથી ભિન્નતારૂપ પરિણામ આવે છે. "હસો, અને દુનિયા પણ તમારી સાથે હસશે; રડો, અને તમે એકલાજ રડશો"

"અંતઃકરણમાં પાપનું મૂલ શોધો અને તેનો બહિષ્કાર કરો ॥"

અમુક બંધારણની નિર્બલતાનો, ઘણું કરીને મુખ્ય સ્થાન, જીવનપ્રવાહોનામધ્યબિંદુ પાસે જ સમાવેશ થયલો જોવામાં આવે છે. મનુષ્યમાં સ્થૂલ, નૈતિક અથવા માનસિક શક્તિનું મહાન્ પ્રભવસ્થાન અંતઃકરણ છે; અને અત્રેજ સર્વ અગત્યના ફેરફારો થાય છે કે જેથી માનવિના જીવનવહનનુંવલણ નિશ્ચિત થાય છે. તેથી એટલું કહી શકાય કે, મનુષ્યનું અંતઃકરણ, તેના ચારિત્રનુ સુચિપત્ર છે, તથા દરેક ભુવન સાથે સબંધ રાખતા આ કેન્દ્રદ્વારા થતાં કૃત્યોવડે તે ઓળખાય છે જ્યારે અધ્યાત્મવિદ્યા કહે છે, "અંતઃકરણમાં પાપનુ મૂલ શોધો," ત્યારે લક્ષને અંતરમૂખ કરવું ઉત્તમ છે, અને જોવું જરૂરનું છે કે, કાચા ફલની પેઠે, બહિર જોવાતો દેખાવ સુંદર હોય તો પણ અંતરમાં તે સડેલું છે કે નહિ. પછીથી જો પાપ અથવા અશુદ્ધતાનો લેશ પણ અંશ માલુમ પડે તો તેને દૂર કરવાનાં પગલાં સત્વર ભરવાં જોઇએ, અને તેને બદલે જે સમાર અને વિશ્વસનીય હોય તેને સ્થાન આપવું જોઇએ.

"ભક્તશિષ્યના અંતઃકરણમાં તેમજ વાસનાવાળા મનુષ્યના અંતઃકરણમાં તે ફલપ્રદ રીતે રહે છે ॥

પાપ શેવાળની પેઠે વૃદ્ધિ પામે છે અને નિર્બલ અનિશ્ચિત ચારિત્રને વળગી રહે છે, તથા મનુષ્યની બગડવા માંડેલી માનસિક પ્રકૃતિદ્વારા પ્રબલ થતું જાય છે. તેની એટલી બધી વિવિધજાતો છે કે, તેની યથાર્થ પ્રકૃતિ સહેલથી પકડી શકાતી નથી; આકર્ષક વેશમાં પોતાની મેલે વિંટાઈ વળવાની સૂક્ષ્મ રીતિને લીધે, તેને જોનાર તેમજ તેનાથી વિંટાયલો દુઃખીભોગ, ઉભય છેતરાય છે, તેટલા માટે જ્યારે આપણને કોઈ અમુક પદાર્થ ખાસ આનદ આપતો જણાય, ત્યારે તેના કારણ માટે શોધ કરવી તથા સ્વાર્થ અથવા કોઈ અન્ય દૂર્ગુણનો તેના અંતરમાં સમાવેશ થતો હોય તો તે તપાસવો, એ અત્યંત જરૂરનું છે. શિષ્યોમાં પણ, વૃદ્ધિની, આગળ વધેલાં ઉપદેશો મેળવવાની, શક્તિ તથા શીઘ્રવિકાસની, અભિલાષા હોય છે, એ સર્વ આંતર્ ચેતનમાં કંઈક સદોષ છે, એ વાતનો સંભવ પુરાવો છે, અને સંપૂર્ણમનુષ્ય ભુલમાંથી છૂટો થઇ શકે, તે પૂર્વે તે દૂર થવુંજ જોઇએ.

" માત્ર પ્રબલજ તેને મારી કાઢશે ॥"

પોતાના શીકારની શોધમાં સર્વ દિશામાં પોતાના લાંબા પંજા ચલાવતા દરિયાઈ રાક્ષસની ઉપમા પાપને આપી શકાય. જ્યારે પાપ, પોતાનાં પ્રબલ બંધનોમાં માણસને બાંધી લે છે, તથા તેને દૃઢ બાંધી લેવાને નવી શક્તિ ઉમેરતું જાય છે, ત્યારે તેમાંથી છૂટા થવાને

ભીમ સમાન બલની તથા ઇચ્છાશક્તિસ્વાતંત્ર્ય પ્રતિપાદન કરવાની જરૂર છે. "માત્ર પ્રબલજ તેને મારી કાઢશે."—જેમનામાં હજુ પણ, વીર પ્રકૃતિમાં સમાવેશ થાય છે તેવાં શૌર્ય, ખંત, તથા સહનશીલતા હોય તેવાજ. અત્રતત્ર એવાં મનુષ્યો મળી આવે છે કે, જેઓ, જો તેમને આવશ્યકતા પ્રદર્શિત કરવામાં આવશે તો, પોતાની જાતને ઇચ્છાપૂર્વક બચાવી શકશેજ, તથા તેમની અલ્પ દુનિયા આ ફેરફારથી આનંદથી ઉભરાઇ જશે, અને મોક્ષનો ચમત્કાર એકલા હાથેજ થશે.

"निर्बलेतो तेनी वृद्धि तेनो अनुभव, तेना अंत सुधी वाट जोवी जोइए॥"

માત્ર યોગજ, ફક્ત ચારિત્રના બલદ્વારા મોક્ષ મેળવી શકે, પરંતુ સમય વીતતાં પાપનો નાશ કરવો તથા કાર્મિક કૃત્યોના નિયમને ધીરજથી અધીન થવું, એટલી વાત તો સર્વની સત્તામાં છે. પવનમાં જોરથી ફેંકાયલા ગોલની પેઠે, પૃથ્વિ ઉપર પડતા પૂર્વે. તેને તેની ગતિનો અંત લાવવાનો હોય છે, માત્ર પૂર્વે કહ્યું તેમ પ્રબલ મનુષ્યના હસ્તમાં પકડાય નહિ તોજ. જેવું આપણે વાવીશું તેવું લણીશું પરંતુ આપણા લણતા પૂર્વે, દુઃખ ઉત્સાહ સહ રાહ જોવી પડે છે. અને તે ઘણા કંટાળા, ભરેલા જન્મો પર્યંત પણ આપણને ખેંચ્યાં જાય. પરંતુ સદ્ભાગ્યે ઉન્નતિક્રમનું વલન ઉચ્ચપ્રતિ છે, અને અંતે નબળામાં નબળા પણ ભરતિમાં તણાવાજ જોઇએ, કે જેથી સમગ્ર અનંતદ્વારા કોઇપણ બાકી રહી જાય નહિ.

॥ सारांश ॥

પૂણ્યના (સત્ના) વિરૂદ્ધ તે પાપ (અસત્) કહી શકાય,–ઉભય સીમાના મધ્યમાં કર્તવ્ય, ઇચ્છા, વિચાર, પ્રવર્તી જાય છે, અને તોપણ વિવિધ વિભાગ ઉપવિભાગોમાં વહેંચાઈ શકે એવો સાપેક્ષ ગુણ પાપ છે. પૂર્ણ (સત્) સ્થિર છે અને તેથીજ અનંત છે; તેનામાં ફેરફાર થઈ શકતો નથી કારણ કે પછી તો તે જરાવાર પણ પૂણ્ય (સત્) કહેવાય નહિ, પરંતુ પાપનો (અસત્નો) અંશ થઈ રહે. પાપ (અસત્) અસ્થિર, ગતિમાન્ છે, અને શુદ્ધ સુવર્ણમાંથી ભેગની પેઠે, તે તદ્દન દૂર થઈ શકે છે; તે અમુક સમય માટે આવશ્યક છવનનો રૂપ–પક્ષ દર્શાવે છે, પરંતુ સદ્ભાગ્યે તે નિત્ય નથી. વળી પાપ (અસત્) મનુષ્યોને અન્યોન્યથી વિખુટા પાડનારી શક્તિ છે; તે ઐક્યની વિરૂદ્ધ છે, અને સ્વાર્થને લાભકારક છે, તથા આત્મિકભુવનવિના અન્ય દરેકભુવનોઉપર તે મળી આવે છે.

(આગળ ચાલુ.)

રાજયોગ.

(મળેલું)*

(અનુસંધાન અંક–૧૧–પૃષ્ટ ૭ થી.)

(પ્રવેશક.)

(૧)

અજ્ઞેયની આત્મિકતાસુધી લઈજતો વળી એક અન્ય વિવાદ છે, અને જો એક એવો શબ્દ વાપરવાની રજા લઉં તો વિપરીતઉન્નતિક્રમ અથવા શોષણની અનુરૂપતા ઉપર આધાર રાખતો તે વિવાદ છે. પૃથ્વિનું, જલમાં શોષણ થાય છે; જલનું તેજમાં; તેજનું વાયુમાં શોષણ થાય છે; અને વાયુનું આકાશમાં શોષણ થાય છે આ અનુક્રમથી સ્પષ્ટ માલૂમ પડે છે કે, ક્રમમાં સૌથી નીચેનાને ઘણી જ વિશેષ જડસ્થૂલતા હોય છે, અને ઉચ્ચમાં ઉચ્ચને થોડામાં થોડી હોય છે. દરેક ભૂમિકાનુ વલન સૂક્ષ્મપ્રતિ હોય છે, અને તે અજ્ઞેયમાં પણ હોય, અને તે શુદ્ધ જડથી કઈક ભિન્ન તથાપિ અજ્ઞેયપ્રતિ હોય, તથા તે કંઇક ચેતન અને જડ ઉભયનું યથાર્થ સત્વ હોય. તે કે જેમાં જડ, અજડ છે, અને ચેતન, અચેતન છે, તે જ સંપૂર્ણ નામ રહિત, એક બ્રહ્મ છે. જે કોટિમાં જડ અને ચેતન ભિન્ન તથાપિ જુદાં ન થઈ શકે એવાં દેખાય છે, તે ઉન્નતિ ક્રમની એવી કોટિ છે કે જે અદ્વૈત ફીલસુફીનું અંતીમ તત્વ નથી, તથાપિ તે પાશ્ચિમાત્ય સાયન્સ અને ફીલસુફીના અજ્ઞેય કરતાં આગળ વધેલી છે.

આ પ્રમાણે આપણે એવા સાર ઉપર આવીએ છીએ કે, યથાર્થ અજ્ઞેયમાં કેટલીક અમુક સંભાવિત શક્તિયો હોવી જોઇએ, અને અ–જડ તથા અ–ચેતન હોવી જોઇએ, આધુનિક સાયન્સને વિલોકીએ. તે, જડ અને ચેતનને સહ–વર્તિન્ તથા સહ–વિસ્તારવાન્ સ્વરૂપમાં સ્વીકારે છે; પરંતુ તેમની યથાર્થ પ્રકૃતિ અદ્યાપિ સમજાઈ નથી. જડ અને ચેતનની પ્રકૃતિ તેમજ તે ઉભયનો સંબંધ, હજુ સુધી પણ સ્થૂલ સાયન્સને તો વિવાદનો વિષજ છે. "અમને તો, જડ શું છે? એ પ્રશ્ન.....તદ્દન ખુલાસો ન થઈ શકે એવો છે.....અને સ્થૂલ વિજ્ઞાનવાદીઓ તરીકે અમારે એટલું કહેવાની જરૂર પડે છે કે, જડના ધર્મો વિષે આપણે થોડું ઘણું જાણીએ છીએ, તથાપિ તેની યથાર્થ પ્રકૃતિ તો આપણને તદ્દન અજ્ઞાત છે. તેમજ, ચેતન શું છે? એ પ્રશ્નનો સંપૂર્ણતથા સંતોષકારક ઉત્તર આપવાને પણ આપણે થોડાજ શક્તિવાન્ છીએ." x અદ્વૈતવાદી કહે છે કે, અજ્ઞેયમાં અથવાયથાર્થ રીતે બ્રહ્મમાં, જડ, ચેતન છે અને ચેતન, જડ છે. તેમનું અસ્તિત્વ ગૂઢ છે અને તેટલા માટે દ્વૈત પણ અદ્વૈત જ છે, કે જે પ્રદર્શિત થતાં તેની મેળે

* રા. રા. મણિલાલના અંગ્રેજી ગ્રંથને આધારે લખનાર–રા. રા. વિશ્વવિહારી–અનુજ. Principles of Physics.—A. Daniell.

ત્રિપુટી થાય છે, કારણ કે માત્ર જ્યારે પુત્રનો (Logos) જન્મ થાય છે ત્યારેજ પિતા અને માતા (નિત્ય વસ્તુનાં ઉભય પ્રદર્શનો) દૃશ્ય થઈ શકે છે. જ્યાંસુધી સર્વવ્યાપિ ચેતન (બ્રહ્મ)માં વિવર્ત હોતો નથી ત્યાં સુધી આ સંભવિત શક્તિયોને—જડ અને ચેતનને, જોવાને વ્યક્તિમય ચેતન પણ સંભવિ શકે નહિ.

આધુનિક સ્થૂલવિજ્ઞાનવિદ્યાથી (Science) નિશ્ચિત થતાં તથા પૂરણપ્રાચીનતા વાળી અદ્વૈત ફીલસુફીથી ઉપદેશાતાં, આ સત્યોની ઝાંખી, સભ્યયુરોપનાં મનને ઘેરી લીધેલા જડવાદના અંધકારદ્વારા, કોઇ કોઇ સમયે થઈઆવે છે; આધુનિક યુરોપનું વૈજ્ઞાનિક (Scientific) મન, પોતાની જાતને ગુંચવાડામાં પડેલી જુએ છે, અને નીચેના વિચારનો આશ્રય શોધેછે. " તત્વવેત્તાને ચેતનનાવાદમાં સ્થૂલવિશ્વમાં માત્ર યથાર્થવસ્તુરૂપે, એક વિચાર કે જે નાશકારક વિચારવાદની (Idealism) સંપૂર્ણ જરૂરીઆતો પૂરી પાડી શકે છે, તે જડી આવે છે; અને તોપણ, વિચારવાદે રહેવા દીધેલા દુઃખદાયક ખાડાને પૂરી લેવાને, આવશ્યક યથાર્થ "સર્વ વ્યાપક" આપણને પૂરો પાડશે .....ચેતન, મૂખ્યઆવશ્યકસ્થિતિ ધરાવે છે, અને હજુ પણ તે એકલુંજ સ્થૂલ વિશ્વમાં રાજ્ય કરશે."* એક પ્રખ્યાત લેખક પ્રો. ફ્રેરીઅરની ફીલસુફીનું વલન આ પ્રમાણે વર્ણવે છે અને દર્શાવી આપે છે કે, મહાન્ વિચારપ્રતિ માનવમનના આ પુનરાગમનમાટે ફીલસુફીએ જાતે ધન્યવાદ લેવો ઘટે છે. "કર્તા અને કાર્યનો અભેદ, જાણવા અને હોવાનું ઐક્ય,—આવાદજ સર્વ પ્રકાશક, સર્વાનંદ કર જ્ઞાનદીપરૂપે, સદા માટે મધ્યસ્થાન આપવા યોગ્ય હતો: આથી સમગ્ર અંધકાર શી રીતે શીઘ્ર પ્રકાશમય થશે ! સર્વ વસ્તુઓ સાથે સંયોગવાન્ એક સંપૂર્ણ મનની પ્રતિજ્ઞારૂપે, ઉચ્ચ દૃષ્ટિબિંદુથી કેવી રીતે જોવાથી, તેને ભીતિ રાખવાની જરૂર નથી, કારણ કે, સાયન્સ અશાસ્ત્રીય રીતે જરૂર પાડશે તેમજ જગત્વિષયકવિચારના ગમેતેટલા વિસ્તારને, ગમે તો તે એક ધવલ સમૂહથી (Nebula) ફરીથી અન્ય ધવલ સમૂહ સુધીનો વિશાલકાલ ક્રમ હોય તોપણ, પૂર્ણ તથા સર્વ પાસા તે હરાવી શકશે અને ચેતનરૂપ કરી શકશે, —તેની જડવાદ વિષયક ભીતિના અથવા શૂન્યતાના કિનારે લાધવાની ધાસ્તીના સમગ્રકાલ ક્રમને ઉડાવી દેતો હોય તેમ; ભૂત વર્તમાન અને ભાવિકાલને એક ચેતનમાં જોડી દીધાછે; વળી એક વધારે વાર, તારાઓને દેવતાઓનાં મંડલો અથવા પ્રભાઓ બનાવ્યા છે, અને તેમના અંતરમાં, સર્વ પૃથ્વિ અને મનુષ્યનાં અંતઃકરણ સુધી, તેની (પ્રભુની) હાજરી અને પ્રેમથી ભરી દીધાં છે. આમ" લેખક કહે છે કે, "મારા ધારવા પ્રમાણે કર્તાએ પોતાના વાદનાં પરિણામો પોતાના આગળ દર્શાવ્યાં છે." જર્મનીમાંહે હેજલે પ્રવર્તાવેલા સંપૂર્ણ ઐક્યવાદનું, આ વળી અન્ય રૂપાંતર છે—"ભયપ્રદ હેજલ, દુનિયાના મહાન્ આત્મવિદ્યા પ્રવર્તકોમાંનો અંતિમ એક."

આમ આપણે એવા મૂખ્યસાર ઉપર આવીએ છીએ કે, આ વિશ્વનું એક સર્વ વ્યાપક તત્વ તે અવર્ણ્ય નામ, બ્રહ્મ છે. સાયન્સને સ્પષ્ટ રીતે કબુલ કરવો પડતો તથા ફીલસુફીથી

* Matter and Energy—B. L. L.

+ David Mason—Recent British Philosophy.

ભાર મૂકીને ફરી ફરીથી કહેવાતો, આ એક સિદ્ધાંત છે. સાધારણ બુદ્ધિનોન્યાય દરેક વિચાર કરનારને કબુલ કરાવે છે, તે પણ આજ છે આર્ય અદ્વૈત ફીલસુફીએ સ્પષ્ટ રીતે તથા ન્યાયપુરઃસર પ્રતિપાદન કરેલું આસત્ય છે. કે જેની આસપાસ દુનિયાના સમગ્ર ઇતિહાસમાં માનવમન, એકત્ર થાય છે તથા આકર્ષાય છે.

વિશ્વને ઉત્પન્ન કરતો અને નિયમતો તથા આપણાં કૃત્યોનાં ફલો વહેંચી આપતો, ઇશ્વર કહેવાતા, તટસ્થ દેવનો વાદ વિચાર કરવો જરૂર વિનાનો છે. સમગ્રરૂપે વિચારતાં વિશ્વ વિવર્ત રહીત છે, પરંતુ તેના વિભાગ પાડવા, જેમાંનો એક અન્યને અધીન હોય, એ વિચાર માત્ર કાલ્પનિક અથવા વાર્તામય છે. પોતાના વિશ્વથી અલગ રહેતા વ્યક્તિમય ઇશ્વરમાં, માનવજાત પોતાની મૂર્તિની મહાન્ પ્રતિચ્છાયાને જ પૂજે છે. અસ્તિત્વમાં અથવા સાદી રીતે કહીએ તો અસ્તિત્વ અને શન્યના મિશ્રણમાં, સાધારણ ધર્મ પ્રદર્શિત કરી શકે એવું વિશ્વ છે પરંતુ એકપાસા તે ઘણી સાંકડી અને એકપક્ષિ ફીલસુફી છે, કે જે તેને પોતાની જાતમાં તથા એક તટસ્થ કર્તામાં પ્રથક્કરણ કરી શકે છે, અને અન્યપાસા અંધજડવાદ કે જે તેનું માત્ર શન્યમા પ્રથક્કરણ કરી શકે છે. અદ્વૈત સ્થાપિત કરે છે તે એવું એક દ્વંદ્વક નથી કે જે વિશ્વથી તદ્દન જુદુ હોય. તેને જોયા વિના ક્ષણની પણ વાત કરવી વ્યર્થ છે અને મહાન્ દૃષ્ટિ વિષય, દૃશ્ય વિશ્વથી જરા પણ અલગ નથી. આપણે કહી ગયા તેમ તે, વિચાર અને અસ્તિત્વનું મિશ્રણ છે, કારણ કે એ બેમાંના એક વિના પણ વિચાર ચલાવવો અશક્ય છે; પરંતુ માત્ર આટલું જ દરરોજ યાદ રાખવા લાયક છે કે, અસ્તિત્વ અથવા પ્રદર્શન સમગ્ર વિવર્ત છે, અને વિચાર અથવા અદૃશ્ય, અવિવર્ત છે. આજ તે સંપૂર્ણ છે કે જે વિશ્વનાથી અલગ વ્યક્તિ નથી.

જ્યારે આપણે જોઇએ છીએ કે, વિશ્વ નિત્યબ્રહ્મનુંમાત્ર પ્રદર્શન છે, ત્યારે જે સિદ્ધાંતથી આપણે શરૂ કર્યું હતું તે સહેલથી સિદ્ધ થઈ શકે છે. સર્વ યથાર્થતાની યથાર્થતા, એક જીવન, સર્વ વ્યાપક પરંતુ અવર્ણ્ય બ્રહ્મ છે, જેનું સંપૂર્ણ દર્શન જ અથવા જેની સાથે સંપૂર્ણ અભેદ જ, યથાર્થજ્ઞાન અને યથાર્થસુખ હોવાં જોઇએ. યથાર્થવાત તો એમ છે કે, દર્શન અને અભેદ ઉભય અન્યથા ખ્યાપન કરતા શબ્દો છે. તે કે જે સર્વદા સર્વત્ર છે, તેને દર્શનની તેમ જ અભેદની જરા પણ જરૂર નથી; તથાપિ સત્ય વાત એવી છે કે, જ્યાં આગળ જડ અને ચેતન ભિન્ન કાર્યો સ્વીકારે છે, તે બિંદુના અધોભાગમાં, પૂર્વનું પછીનાને અધીન કર્યા જાય છે. જ્યારે યોગ્ય પ્રથક્કરણદ્વારા આ ઉભયનાં પ્રકૃતિ અને સંબંધ સમજીએ છીએ ત્યારે આપણને જાણે, વિશ્વની નિત્યવસ્તુ સાથે આપણે એક છીએ, એ વાતની પુનઃ ખાત્રી થાય છે. સુખ, દુઃખ, એ સઘળા આપેક્ષિક શબ્દો છે, અને આપણા મનના ધર્મો છે, વસ્તુઓની આંતરપ્રકૃતિ નથી. જો આમ જ હોય તો એકનો એક જ પદાર્થ, વિવિધ મનુષ્યોને વિવિધ રીતે કદાપિ અસર કરી શકે નહિ. ત્યારે તો સુખ અને દુઃખ માત્ર આપણાં મનમાંજ અસ્તિત્વ ધરાવે છે; સદા-સ્થિત બ્રહ્મમાં અમુક જાતની જડ બુદ્ધિનું, મન માત્ર પરિણામ છે. જ્યારે જડની યથાર્થ પ્રકૃતિ સમજાય છે, અને જ્યારે જાણવામાં આવે છે કે, સારમાંસારવસ્તુ બ્રહ્મવિના અન્ય નથી, ત્યારે મનનું અસ્તિત્વ કોઈ

સ્થળે હોતું નથી, અને તેથીજ સુખ અને દુઃખ દૂર થાય છે. આવાજ અર્થમાં અમે કહીએ છીએ કે, આપણી જાતે બ્રહ્મમાં અભેદ ભાવ પામવામાં જ સુખનો સમાવેશ થાય છે. વળી, જડ કેવી રીતે આપણાં અંતઃકરણને પ્રદર્શિત થાય છે? કદાપિ તેના મૂલ સ્વરૂપમાં તો નહિ જ; માત્ર તેનાં સ્વરૂપોદ્વારા આ સ્વરૂપો કાલ અને દિક્થી મર્યાદિત થયલાં છે. પરંતુ આનું—કાલ અને દિકનું, ઉચ્ચભુવન સ્થૂલ કરતાં ઉચ્ચ, ઉપર અસ્તિત્વ નથી. સ્થૂલથી ક્રમમાં અન્યભુવન સૂક્ષ્મ છે, જેનું આપણને સ્વપ્નમાં ભાન થાયછે. કાલ અને દિકનું ત્યાં અસ્તિત્વ નથી, તથાપિ સ્વરૂપોનું અસ્તિત્વ હોય છે. પરંતુ વળી સ્વરૂપો પણ ક્રમમાં તેના પછીના કારણભુવનમાં અસ્તિત્વ ધરાવતાં નથી: ત્યાં તો માત્ર, સુષુપ્તિનો અનુભાવ સાબિત કરશે તેમ, આનંદિ અથવા કહેવા માગો તો શુદ્ધ અસ્તિત્વની સ્થિતિ બાકી રહે છે. અંતિમભુવન સંપૂર્ણનું ભુવન છે, અને ત્યાં તો અસ્તિત્વનું ભાન પણ રહેતું નથી. યથાર્થ રીતે તે કંઈ પદાર્થ નથી તથાપિ તે શૂન્ય નથી; અને તેથી જ તેનું વર્ણન થઈ શકતું નથી. આ ભુવન ચતુર્થ અથવા તૂર્યા કહેવાય છે. તે યોગીઓના, સમાધિવાળાઓના તથા લયસાધનવાળાઓના અનુભવમાં આવેલું છે. આપણને એકદમ માલૂમ પડે છે કે, કારણ ભુવન ઉપર સ્વરૂપો અસ્તિત્વ ધરાવતાં નથી, અને અસ્તિત્વનું ભાન પણ તૂર્યા ભુવન ઉપર હોતું નથી. અંતઃકરણ અને અસ્તિત્વના ચતુર્થ ભુવનમાં જ, યથાર્થ સુખ અવશ્ય કરીને રહે છે. તે, બ્રહ્મ સાથે અભેદ ભાવ પામવા સમાન જ છે.

સાયન્સ અને અદ્વૈત ફીલસુફીનાં, વિશ્વોત્પત્તિ વિદ્યા અને ભૂત વિચાર વિષે લંબાણથી વિચાર ચલાવીને, હવે ચેતન—શાસ્ત્રના પ્રશ્નનો વિચાર કરીએ. એવું માલૂમ પડે છે કે, વિવિધ નામરૂપદ્વારા માત્ર જડના પ્રદર્શન કરતાં દુનિયા જરા પણ વિશેષ નથી; માત્ર યથાર્થ વસ્તુ કે જેના દ્વારા અને જેનાવડે સર્વ જોવાય છે અને જણાય છે, તે સંપૂર્ણ બ્રહ્મ છે. વિશ્વમાં વ્યાપક એક જીવન, જડની વિવિધસ્થિતિયોદ્વારા પોતાની મેળે પ્રદર્શિત થાય છે, અને વિવિધ નામો મેળવે છે. જડ વિષયક વૃદ્ધિની અમુક સ્થિતિયે માત્ર આ જીવનનું પ્રદર્શન જ, જીવ અથવા આત્મા છે. એક અર્થમાં સર્વ વસ્તુને જીવ છે: પરંતુ મનુષ્યનામાં વિશેષ વૃદ્ધિ પામેલો જીવ હોય છે. મનુષ્યના જીવને અંતઃકરણ અથવા આન્તર દૃષ્ટિની ઇન્દ્રિય કે જે દ્વારા તે પ્રકૃતિ સાથે સંબંધ યોજે છે, તે હોય છે. સાયન્સ, મનુષ્યને પ્રાણીમાંથી ઉતરી આવેલું ગણે છે, પરંતુ ભાષાના અંતરવર્તિત્ તથા ખાસ ગુણોને લીધે. તેમજ બુદ્ધિ શક્તિના સબંધમાં, અધમમાં અધમ મનુષ્ય અને ઉચ્ચ સ્થિતિના એપ જાતિના વાનરા સાથે પડતા તફાવતના વિશાલ ખાડાને લીધે, ઘણા ખરા પ્રખ્યાત પ્રકૃતિ વિદ્યાનુયાયીઓ (Naturalists)* માનવ જાતને સ્વતંત્ર ઉત્પન્ન થયલી સ્વીકારવાનો આગ્રહ કરે છે. આ પાછળનો વિચાર અદ્વૈત ફીલસુફીને માન્ય છે, મનુષ્ય, પ્રાણીઓથી નહિ પરંતુ દેવતાઓ (પિતૃઓ) થી ઉતરી આવેલું છે. માનવ ગર્ભની વૃદ્ધિના ઇતિહાસ ઉપર આધાર રાખતાં અનુમાનો દ્વારા "માનવ" જાતના વૃદ્ધિ ક્રમનો અનુક્રમ શોધવાને સાયન્સ પ્રયત્ન કરે છે, પરંતુ અદ્વૈતવાદ ભાર પૂર્વક સિદ્ધ કરેછે કે, મનુષ્ય, નિત્યવસ્તુ, પ્રકૃતિનો નમુને નમુનો છે, અને આ પ્રકારે પ્રાણીઓથી

* De Quatre-Fages; L. Figuier; Bois Raymond.

દેવોથી અને સર્વથી શ્રેષ્ઠ છે. પિંડ, બ્રહ્માંડનો નમુને નમુનો છે. પૂર્વે સમજાવાયલી અંતઃકરણની ચાર ભૂમિકાઓ, અને આ ભૂમિકાઓ સાથે સંબંધ ધરાવતાં ચાર "શરીરો" અથવા અસ્તિત્વની સ્થિતિયો, પ્રકૃતિમાં તેમજ પ્રકૃતિના સર્વ કાર્યમાં, તથા મૂખ્યત્વે કરીને ભુલ વિના મનુષ્યમાં, જોવાની છે. પિંડ અને બ્રહ્માંડનું યથાર્થ ઐક્ય અનુભવવામાં જ સત્ય યોગનો સમાવેશ થાય છે. જો મનુષ્યનું મન, આ અગત્યની વાત સમજે અને અનુભવે તો, તેનું વ્યક્તિવાચકશરીર, મહાન્ શરીર પ્રકૃતિના અનુસાર સદા વર્તશે. માત્ર તેનું મનજ (અંતઃકરણ) આવું જીવન ગાળવામાંથી તેને દૂર રાખે છે, આ પ્રકારે તેને રોગ આલસ્યાદિને અધીન કરે છે. ત્યારે આ મન અથવા અંતઃકરણ તે શું?

આપણે પૂર્વે કહી ગયા કે, પ્રકૃતિના તામસ્ અંશથી પંચ મહાભૂતો પેદા થાય છે. પરંતુ આ હજુ તો સ્થૂલમાં સ્થૂલ હોતાં નથી, કારણ કે તેમનામાં હજુ પણ કેટલાક અંતઃસ્થિત સાત્વ અને રજસના અંશમૂલ પ્રકૃતિના હોય છે. પાંચ ભુતોમાંના દરેકની આ બે ગૂઢ સંભાવિ શક્તિયોદ્વારા અનુક્રમે જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો પેદા થાય છે. અન્ય રીતે કહીએ તો, જ્યારે ઉન્નતિ ક્રમમાં જડ એવી સ્થિતિએ આવે છે કે જ્યાં તમસ ઉપર સત્વનું પ્રાબલ્ય હોય છે, ત્યારે અનન્ય રીતે અંતઃસ્થિત થયલી જીવનની સ્પષ્ટ ભાવનાને તે પ્રદર્શિત કરવાને શક્તિવાન્ થાય છે. અને આ પ્રકારે, અનુભવ, બોધ, અને વિચારનાં કાર્યો કરે છે આ અંતઃકરણ કહેવાય છે અને તે, કાન, ચક્ષુ, નાસિકા, જીહ્વા અને ત્વચાના માર્ગોદ્વારા કાર્ય કરે છે. આ પ્રકારે એકઠા કરેલા વિચારોના બે વિભાગ પાડવામાં આવે છે. એક માત્ર અનુભવ સાથે સંબંધ ધરાવતો હોય છે અને અન્ય વિચાર અને ઇચ્છા સાથે સંબંધ ધરાવતો હોય છે. પ્રથમને મનસ્ અને અન્યને બુદ્ધિ કહેવાય છે. આપણે અમુક પદાર્થ જોઇએ છીએ અથવા અમુક બોધ મેળવીએ છીએ, અને મનનું પ્રથમ કાર્ય, તે પદાર્થને અથવા બોધને અમુક વ્યક્તિતા અર્પવાનું હોય છે. આ રીતિને ચિત્ત કહેવાય છે. અન્ય ઉપક્રમ એ વ્યક્તિતાને આપણી પોતાની જાત સાથે જોડવાનો હોય છે. આ અહંકાર કહેવાય છે. આ પછી અનુક્રમમાં ચિંતવન અને ઇચ્છા એટલે બુદ્ધિ આવે છે. આ ચારનું આખું અંતઃકરણ થાય છે. અમુક જીવ, જીવ છે, એટલું એથી કહી શકાય છે કે, અંતઃકરણના દૈવયોગથી, એક જીવનમાં થતા વિવર્ત રૂપ પરિણામ રૂપે જ તે જીવ હોય, એમ લાગે છે. દરેક જીવને પોતપોતાનું અંતઃકરણ હોવાથી, સર્વ માન્ય અભેદનો અનુભવ થઈ શકતો નથી. તે આજ અંતઃકરણ છે કે જે, જ્ઞાનનું મૂલ છે, તેમજ સાથે સાથે સુખી અથવા દુઃખી વ્યક્તિ અનુભવનું કારણ પણ તે જ છે. જો અંતઃકરણ ન હોય તો જરા પણ દુઃખ ન હોય. વ્યક્તિતા અને અહંતાનો નાશ કર્યા વિના, તેનો નાશ થવો અસંભવિત લાગે છે. પરંતુ સર્વ યોગનો, આ યથાર્થ અંત છે. તેમ આ વાત લેશ પણ અસંભવિત નથી. મનને પ્રદર્શિતથતા પદાર્થો જોવામાં આવે છે, પરંતુ તેમના ખરા સ્વરૂપમાં તો નહિ જ. મન જાણે પદાર્થનું સ્વરૂપ લેતું હોય એમ કરે છે, અને આ પ્રમાણે વિચારે છે કે, તેને તે સમજ્યું છે. અથવા વધારે પારિભાષિક રીતે કહીએ તો, મનમાંનો સત્વ, પ્રદર્શિત થતા વિચારો અથવા પદાર્થોના સત્વ સાથે એક થાય છે, તથાપિ આ પ્રમાણે ઐક્ય ભાવ પામ્યા પછી, જ્ઞાન અથવા બોધ થાય છે. આ વૃત્તિજ્ઞાન કહેવાય છે. આપણો સર્વ અનુભવ આ પ્રકારનો છે. માટે જો, એક જીવન સાથે મન ભેદ પામે, જો તેની સતત્ વૃત્તિ બ્રહ્મમય અને અન્ય કંઈ મય ન રહે, તો યથાર્થ

રીતે મનનું અસ્તિત્વજ નહિ રહે. કારણ કે તેના કાર્યનાં પરિણામ—સુખ દુઃખ, અનુભવાશે નહિ. વૃત્તિના તદ્દન નિરોધને જ યોગ રૂપે વર્ણવવામાં આવ્યો છે,* પરંતુ યથાર્થ યોગનો અથવા રાજયોગનો, મનને, મહાન્ ભૂમામાં સદા માટે પ્રવિલાપવામાં, સમાવેશ થાય છે. જ્યારે પિંડ, બ્રહ્માંડાનુસાર વર્તે છે, ત્યારે જ આમ થાય છે; અને યોગની સર્વ ક્રિયાઓના અંત રૂપે આ પરિણામ હોય છે. જો એમ કહી શકાય તો, આ સંભવિત નાશ, આપણા અનુભવની તદ્દન પાટની વાત નથી. આપણો સર્વ અનુભવ માનસિક વિવર્તોનો બનેલો હોય છે. મનુષ્યના મનમાં તથા મન માટે જ દુનિયાનું અસ્તિત્વ છે; ભાવનામય અર્થમાં નહિ પરંતુ જ્યાં સુધી પદાર્થોને તેમના ખરા સ્વરૂપમાં જોવાની આપણી અશક્તિનો, તથા માત્ર મનના વિવર્તો દ્વારા તેમને જોઇ શકાવાના સંભવનો હોય ત્યાં સુધી જ. માટે જ્યાં સુધી ચિત્ત અને અહંકાર સંપૂર્ણ જાગતાં છે ત્યાં સુધી દૃશ્ય સ્પષ્ટ દુનિયા આપણે માટે અસ્તિત્વ ધરાવે છે. ગાઢ સુષુપ્તિમાં, જાગ્રતમાં અનુમાનાતા માત્ર અસ્તિત્વના ભાન વિના અન્ય કોઇનું પણ અસ્તિત્વ હોતું નથી. મધ્યવર્તિ સ્વપ્નની સ્થિતિમાં, માત્ર ચિત્ત જ કામે લાગેલું હોય છે, તેનો સહભાગી અહંકાર અર્ધ દબાયલો રહે છે, અને બુદ્ધિ તદ્દન ગેરહાજર હોય છે. આ પ્રમાણે, જે સર્વ છે, તે માત્ર અંતઃકરણમાં અને અંતઃકરણ દ્વારા જ છે. તેના નિરોધ દ્વારા દુઃખના કારણનો નિરોધ થશે, અને અનુભવને પ્રકૃતિ સાથેના અભેદના અનિવાર્ય પરિણામ રૂપી અભેદ અને સુખથી સંપૂર્ણ કરશે. આજ યથાર્થ યોગ છે, આજ યથાર્થ સુખ છે. જડના દેખાવમાં સુખ રહેતું નથી, તેમ જ મનનામાં પણ તે નથી. પરંતુ સર્વ વ્યાપક જીવનના ભાનમાં અથવા તેની સાથે સંપૂર્ણ અભેદમય થવામાં, તેનો સમાવેશ થાય છે.

ઉચ્ચ સુખની પ્રાપ્તિનો સમાવેશ, શ્રેષ્ઠ બ્રહ્મમય થવામાં, આપણા આત્મિક અને નિત્ય અસ્તિત્વના નિયમને અનુસરવામાં થાય છે. જે બદલાય છે અને અદૃશ્ય થાય છે, તે દૃશ્ય છે. માનવ મનની ઉત્પત્તિ છે, પરંતુ તેની પછવાડે રહેલો અદૃશ્ય છે, કે જે હંમેશાં દૃશ્યમાં દેખાય છે અને પોતાના મૂલ સ્થાનમાં અદૃશ્ય થાય છે. જો મનુષ્ય, વ્યક્તિતા અને અહંતાનો માત્ર નિરોધ કરે, જો યથાર્થ રીતે પોતાની જાતને ઓળખે, તો તે સમગ્ર દુઃખની, સમગ્ર શોકની સમગ્ર વિવર્તની પાર જઈ શકે છે. તે, દુનિયાનો તથાપિ તેના પારનો રહે છે. તે, જડનો તથાપિ તેના પારનો રહે છે. તે, વિવર્તવાળો તથાપિ તેની પારનો રહે છે. તે, બ્રહ્માંડ, શ્રેષ્ઠ બ્રહ્મ સાથે અભેદભાવ પામશે. માનવ જાત માટે નિઃસ્વાર્થિ સર્વ સામાન્ય પ્રેમ રાખવો, સમગ્ર માનવ શોકનું કારણ વ્યક્તિતાનો, નિરોધ કરવો—એ પોતાની જાતે જ કરવા યોગ્ય સાધનો છે, અને હાસ્ય અથવા નિંદાથી ધીક્કારી કાઢવા યોગ્ય નથી. મન અને તેને ક્રમ વિના લાડ લડાવવામાં જ આપણાં સર્વ દુઃખનો પ્રારંભ થાય છે; તેના નાશ અને યથાર્થ આધ્યાત્મિક નિયમન દ્વારા, નિત્ય, શાશ્વત સુખતરફ લઇ જતા જ્ઞાનનો પ્રારંભ છે.

(આગળ ચાલુ.)

---

* યોગસૂત્ર.

॥ દર્શનશાસ્ત્રની ઉત્પતિ અને ફેલાવ ॥

(મળેલું.)*

(અનુસંધાન ગત વર્ષ અંક ૧૨–પૃષ્ઠ–૩૭૦)

આપણાં દર્શનશાસ્ત્ર અવલંબી, ગ્રીક દર્શનશાસ્ત્રની ઉત્પત્તિ થઈ હતી, આ વાત એટલી બધી માથાકુટ કરીને સમજવી પડે છે, તેનું કારણ એ છે કે, આપણા વીલાયતી પંડિતો આ વાત સ્વીકારવા માગતા જ નથી,—જાણે સ્વીકારવાથી તેમનાં માન મર્યાદાને બહુ જ હરકત થતી હશે. પંડિત મેક્ષમુલર કહે છે કે—મનુષ્ય જાતિનો ઇતિહાસ આલોચન કરી જોવામાં આવે છે કે, એક જાતિને માટે જે સાધ્ય અને સંભવિત હતું, તે જ બીજી જાતિને માટે પણ સાધ્ય અને સંભવિત છે, તો આ વાત કેવી રીતે માની લેવામાં આવે કે, ભારતમાંથી જ ગ્રીક પંડિતોએ દાર્શનિકતત્વ સંગ્રહ કરી દર્શનશાસ્ત્ર રચ્યાં હતાં (૧) પાશ્ચાત્ય પંડિત વેબરવીગે પણ તેના કૃત દર્શનશાસ્ત્રના ઇતિહાસમાં આવો સંશય જણાવે છે. (૨)

---

(૧) પંડિત મેક્ષમુલર કહે છે:—

"A wider study of mankind has taught us that what was possible in one country or nation was possible in another also. But the fact remains never-the-less that the similarities between these two streams of philosophical thought in India and in Greece are very startling, nay sometiems most perplexing."—Vedant Philosophy. P 9.

(૨)પંડિત વેબર વીગ એમ કહે છે :– To what extent the philosophy of the period (and hence the genesis of the Greek philosophy in general) was affected by Oriental influences, is a problem whose definite solution can only be anticipated × × × Critics have manifested an increasing tendency to search for the explanation of the various philosophers of the Greeks, in the progressive inner developement of the Greek mind: but they have urged perhaps too near to the opposite extreme. The labours of both Gladisch make a reaction against this extreme, both of them laying stress in the influence of Orient, Gladisch × × × maintains that this (Oriental) element entered into Greek philosophy through the medium of Greek religion. × × × that therefore later philosophers × × × were indirectly (Plato also directly) affected in the shaping of their doctrine by oriental influence, as quite conceivable, and some of these hypotheses have no slight degree of probability."—History of Philosophy. Vol. I. P. 31–32.

* લખનાર—એક સન્યાસી.

પંડિત વેબરે પણ થોડી આવી જ વાત કહી છે. (૩) પરંતુ અજાએબ પામવા જેવી વાત એ છે કે, ભારતમાં જેવા પૂર્ણ રૂપે દર્શનશાસ્ત્રના સઘળા ભાગ વિભાગોની ચર્ચા થઈ હતી, અને ત્યાર પછી યુનાન અથવા ગ્રીસ દેશમાં દર્શનશાસ્ત્ર જેવાં ચર્ચાયાં હતાં તેવાં આજ સુધી કોઈ સમયે કોઇ દેશમાં ચર્ચાયાં નથી. હાલ યુરોપમાં દર્શનશાસ્ત્રની ચર્ચા ખુબ થઇ રહી છે: એમાં કંઈ શક નથી; પરંતુ હજી પણ તે બાલિક, અપૂર્ણ અને એક દેશી દોષથી દૂષિત જણાય છે. ઇંગ્લેન્ડ, ફ્રાન્સ વગેરે દેશમાં હજી પણ બહુ દાર્શનિક પંડિતો દર્શનશાસ્ત્રનું પહેલું ચક્ર-ચાર્વાકમત અથવા પ્રત્યક્ષવાદ, અર્થાત્ જડવાદને અતિક્રમ કરી ઉપર ચઢી શક્યા નથી. આ દાર્શનિકચક્ર અથવા ક્રમવિકાસની વાત આ સ્થલે આલોચન કરવાની કંઈ જરૂર નથી. માટે મનુષ્ય જાતિના ક્રમોન્નતિના ઇતિહાસ આલોચન કરવાથી, મેક્ષમુલર, વેબર, વિગેરે પાશ્ચાત્ય પંડિતોના તે સંકલ્પિત અને પ્રચારિતમત સમર્થિત અને માનવા યોગ્ય થઈ શકતો નથી. (૪)

તે ગમે તેમ હોય પરંતુ અમે આ કરતાં પણ વધારે સ્પષ્ટ રૂપે ગ્રીસ દેશના દર્શનશાસ્ત્રના સબંધમાં એમ જ બોલી શકીએ છીએ કે, વેદાંતદર્શન અવલબીને જ ગ્રીક લોકોની દર્શનશાસ્ત્રની ચર્ચા થઈ હતી. પૂર્વે કહેવામાં આવ્યું છે કે, ગ્રીસ દેશમાં પહેલ વહેલી થેલ્સ નામના પંડિતથી જ દર્શનશાસ્ત્રની ચર્ચા શરૂ થઈ. પ્રથમ યુનાનિ દાર્શનિક પંડિતોનાં નામ, થેલ્સ, અનાક્ષીમંદાર, અનાક્ષીમિનિસ હીરક્લેતુસ અને પીથાગોરાસ છે. આ લોકો સઘળા જ એક બીજાના સમસામયિક કહેવાય છે, એટલે તેઓ સઘળા એકજ યુગના હતા. ઈ. પૂ. ૬૦૦ થી ૫૫૦ સૈકા સુધી એમના પ્રાદુર્ભાવનો વખત ગણાય છે. આ લોકોએ પહેલ વહેલાં જગતના સૃષ્ટિતત્વની ચર્ચા કરી હતી; તેમાં કોઈ વેદાંતના (ઋગ્વેદ અને છાંદોગ્ય વિગેરે ઉપનિષદમાંના) તત્વ અવલંબિને બોલ્યા છે કે, જલથી જગતની સૃષ્ટિ થઈ છે. (आप:॥ વેદાંત દર્શન—૨-૩-૧૧.) કોઈ બોલ્યો છે કે, તેજમાંથી જગતની સૃષ્ટિ થઈ છે.

(૩) "It is not yet possible to decide whether in the beginning of Greek philosophy any connection with Hindoo speculation can be established."—Weber's History of Sanskrit Literature. P. 233.

(૪) મેક્ષમુલર વિગેરે વીલાયતના પ્રમુખ પંડિતો કહે છે કે,-એક દેશમાં અથવા એક જાતિમાં જે સંભવિત હતું તે બીજા દેશમાં અથવા જાતિને પણ સંભવિત થઇ શકે છે, તે વાત સઘળા સમયે સર્વજન ગ્રાહી સાબ નથી. જો તેમ હોત તો, જુના વખતમાં ભારત અને ગ્રીસ શિવાય બીજા કોઈ દેશમાં પણ સ્વાભાવિક સ્વતંત્ર રીતે દર્શનશાસ્ત્રની ચર્ચા થાત. જેમ વાલ્મીકિ, વ્યાસ, કાલિદાસ, શેક્ષપીઅરના જેવા કવિ, કપિલ જેવા જ્ઞાની, શંકરાચાર્ય, પ્લેટોના જેવા દાર્શનિક, સરઆઇઝકન્યુટન જેવા વૈજ્ઞાનિક વિગેરે જગતમાં માત્ર એક જ વખત જન્મે છે,—જેમ શ્રી રામચંદ્ર, શ્રી કૃષ્ણ, ગૌતમ બુદ્ધ, ઇસુખ્રીસ્ટ, મહમદ, એક જ ફેરી આ દુનિયામાં આવે છે; તેમજ આ વ્યક્તિ વિશેષના નિયમાનુસારે કોઈ અમુક જાતિ અથવા અમુક દેશમાં સર્વ પ્રથમ દાર્શનિક ચર્ચા થઇ હતી અને તેમાંથી જ બીજા દેશો અથવા બીજી જાતિમાં દાર્શનિક ચર્ચા ફેલાઈ પડી હતી, એમ કહેવું, એ કંઈ ન્યાય વિરૂદ્ધ વાત નથી.

(तेजोऽतस्तथाह्याह ॥ વેદાંત દર્શન-૨-૩-૧૦). કોઈ બોલ્યા છે કે આકાશથી જગતની સૃષ્ટિ થઈ છે. (नवियदश्रुतेः ॥ વેદાંત દર્શન-૨-૩-૧.) કોઇએ તો વળી વેદાંતના જન્માંતર તત્વને ગ્રહણ કર્યું છે.

ત્યાર પછી આ સઘળા યુનાનિ દાર્શનિક પંડિતોના સમ સમયના ઇલીયેટીક પંડિતોએ આવા આંશિકરૂપે વેદાંત મતને ગ્રહણ કરી, એકદમ અદ્વૈતતત્વ ગ્રહણ કરવા સારૂ કોશીશ કરી છે, તે પહેલાં કહેવામાં આવ્યું છે. ઇ. પૂ. ૫૬૯ માં ઝેનોફેનિસજ આ બધા ઇલીયેટીક પંડિતોમાં પ્રથમ પુરૂષ ગણાય છે; માટે એમને પણ બતાવેલા થેલ્સના સમયના પંડિત કહેવાય છે. અર્થાત્ ઝેનોફેનિસ પણ ગ્રીસ દેશના એક જ પ્રથમ દાર્શનિક તરીકે ગણાય છે. તેના રચેલા પુસ્તકમાં એ સ્થલે તેણે કહ્યું છે કે,—" આ જગતની ધારણા અને (એક) ઇશ્વરની ધારણા, એ જ દર્શનશાસ્ત્રની અંત સીમા છે. આ ઉભયનો સંબંધ નિર્ણય કરવાનું પ્રયોજન થાય છે. કોઈ જગત્ ઇશ્વરને એક જ માને છે; વળી કોઈ આ જગતનું બહુત્વ. ઇશ્વરના એકત્વમાં ડુબાડી દે છે; અથવા બહુત્વને સ્વીકારતા નથી, આ જગતને તે એકની માયામય છાયા તરીકે સમજે છે." (૫) આઝેનોફેનિસે જે સઘળા દાર્શનિકમત ઉલ્લેખ કર્યા છે, તેનો પુરાવો તેનાથી વહેલાંના કોઇ પણ ગ્રીક દર્શનશાસ્ત્રમાં મળતો નથી. કોઇ દેશમાં કોઇ પણ, કોઇ તરેહનાં દર્શનશાસ્ત્ર પોતાની પ્રતિભાવડે. બીજા કોઇ દેશનાં દાર્શનિકતત્વ આલોચન કરી, સ્વતંત્ર રીતે, એકદમ દાર્શનિક ભાવ વિચારની અંતસીમા અથવા મહત્ સિદ્ધાંત સુધી પહોંચી શક્યા નથી; અને આમ કોઇ વખતે તે થયું છે, તે વિષે પણ હજી સુધી પુરાવો મળતો નથી. માટે અમે નિઃસંદેહથી આજ સિદ્ધાંત કરી શકીએ છીએ કે, ઝેનોફેનિસ પ્રમુખ ઇલીયેટીક પંડીતોના દર્શનશાસ્ત્ર, આપણાં ઉપનિષદ વિગેરે વેદાંત દર્શનનાં સમુજ્વલ કીર્ણ અવલંબિનેજ રચિત થયાં છે.

આ ઉપર બતાવેલા ઇલીયેટીક દાર્શનિક પંડિતોમાં, ઝેનોફેનીસ, પરમેનાઇડસ્, ઝીનો અને મઇનીયસ—આ કોલેજ પ્રધાન ગણાયે છે. આ ઇલીયેટીક પંડિતોની પાછળ સૉક્રેટીસના શિષ્યોમાં વેદાંત પ્રતિષ્ઠિત મતો ચાલુ થયા. તેમનામાં યુક્લીડ, પ્લેટો અને પ્લેટોના શિષ્ય એરિસ્ટોટલ વિગેરે ગ્રીક પંડિતોનાં નામો ઉલ્લેખ કરવા યોગ્ય છે. પ્લેટોનો પ્રતિષ્ઠિત મત અનેક રીતે રામાનુજ પ્રચારિત વેદાંતમતના સમાનજ છે. એરિસ્ટોટલે ન્યાયમત સાથે વેદાંતમત એકત્ર કર્યો હતો. ન્યાયસ્રષ્ટા ઇશ્વરને બદલે સર્વમય એકેશ્વર સબંધિ થોડીક ધારણા કરી હતી. સ્ટોઇક મતનો પ્રવર્તક ઝેનોએ, એરિસ્ટોટલ પછી વેદાંતના અનેક મત પ્રચાર કર્યા હતા.

"The ideas of the world and that of God are the two extromes of all specuelation. It *remains to find* their relation. Some (theists) identify the world with God and God with the *world* Pantheism is the conrception of the whole world with God alone to mirge plurality *with unity*. The plurality denied and the world (plurality) is regarded as a deceitful shadow of the absolute unity." Quoted by Cousin in this History of Philosophy. Vol. I.

ગ્રીક લોકોના ઉક્તરૂપે દર્શન શાસ્ત્રના આલોચન કરવાના વખતથી માંડીને આજસુધી યુરોપમાં જેટલા બધા નવા નવા મતામત પ્રચારિત થયા છે, તે સઘળાનો પાયો ગ્રીકદર્શન શાસ્ત્ર છે, તે હાલના દર્શનશાસ્ત્રવિદ્ પંડિત માત્ર જ જાણે છે અને સ્વીકારે છે. માટે તે આ સ્થળે વિશેષ વિસ્તારથી ઉલ્લેખ કરવાની જરૂર નથી. પરંતુ વેદાંતદર્શન અથવા વેદાંત શાસ્ત્ર ભારતમાં ઉત્પન્ન થઇ કેવી રીતે કાલની પ્રેરણાથી, પરંપરા ઉન્નત જગતની જાતિઓમાં પ્રતિષ્ઠા મેળવી ધીમે ધીમે સર્વત્ર વિસ્તરિત થઇ પડ્યું છે, તે જ આ સ્થળે સ્પષ્ટ રૂપે દેખાડવાની જરૂર છે.

ભારતમાંથી કેવી રીતે જઈ, ગ્રીસ દેશમાં આપણાં દર્શનશાસ્ત્ર કેવા કેવા રૂપથી પ્રચાર થયાં, તે વાત પૂર્વે કહેવામાં આવી છે. ગ્રીસ દેશમાંથી પછી દર્શનશાસ્ત્ર મીસર અથવા ઈજીપ્ત દેશમાં ગયાં. તે સમયે મીસર દેશ ગ્રીસના તાબામાં હતો. ટોલેમીસોટરે, એરિસ્ટોટલની સહાયતાથી તે દેશમાં જે અદ્ભુત વિદ્યામંદિર અને વિશાટપુસ્તકશાલા સંસ્થાપન કર્યાં હતાં, તે આ પહેલાં જણાવવામાં આવ્યું છે. ગ્રીસનું અધઃપતન થયા પછી, તેજ મીસર દેશમાં ઉક્ત પુસ્તકશાલા અને વિદ્યામંદિરના પ્રભાવથી, દર્શનશાસ્ત્રનાં આલોચન અને દાર્શનિક ભાવના વિચારો ખુબ થવા લાગ્યા. અહિંયાં દર્શનશાસ્ત્રનાં આલોચન કરનાર વિદ્યાર્થિઓ પ્રધાન એરિસ્ટોટલના શિષ્ય હતા. માટે તેઓ કેટલીક રીતે વેદાંતવાદી થઇ પડ્યા હતા. (૬) આ લોકો યાહુદી, એલેકઝેન્ડ્રીયન—સંપ્રદાયના કહેવાતા હતા લગભગ સઘળા દર્શનેતિહાસલખનારાઓ સ્વીકારે છે કે, આ સંપ્રદાયના દાર્શનિક પંડિતોએ પ્રાચીન દાર્શ-

(૬) આ બાબતમાં વીલાયતી પંડિત ડ્રેપરે જે કહ્યું છે તે વિશેષ ઉપયોગી હોવાથી આ નીચે સંગ્રહ કરવામાં આવે છે; તે કહે છે કે,—"પ્રાચીન ગ્રીક અને રોમન લોકો એમજ વિશ્વાસ કરતા હતા કે, 'આત્મા દેહના જેવીજ આકૃતિવાળો છે. (જૈનમત.) ખીસ્ચિયન લોકોએ પહેલવહેલાં એજ મત ગ્રહણ કર્યો હતો. બહુ પૂર્વે યુરોપમાં આ વાત ચાલતી હતી. પરંતુ પૂર્વ એશિયા (ભારત) માં આકરતાં સંપૂર્ણ ભિન્નમત ચાલુ હતો. આ દેશમાં (ભારતમાં) બ્રહ્મ (Impersonal God) સબંધિ ધારણા અથવા કલ્પના થઇ હતી. જીવાત્મા એજ બ્રહ્મનું સ્વરૂપ (જ્યોતિર્મય) અને તેમાંથી જ સૃષ્ટિ તથા લય કાલમાં તેનામાં જ એકીભૂત થઇ જાય છે. તે દેશના (ભારતના) પંડિતો એવોજ વિશ્વાસ કરતા હતા, અને સઘળા જગત્ પદાર્થ માત્રજ, એક બ્રહ્મ કારણથીજ અભિવ્યક્ત થયા છે, એમ સમજતા હતા. સમસ્ત વૈદિક ધર્મ આવા વિશ્વાસ ઉપરજ સ્થપાયલો છે. બૌદ્ધ ધર્મ પણ આ વૈદિક ધર્મ ઉપર પ્રતિષ્ઠિત થયો હતો. વળી ઝેરીસ્ટોલથી ચાલુ થઈ આ મત પૂર્વ યુરોપમાં સર્વત્ર ફેલાઈ પડ્યો હતો. ડ્રેપરની વાત નીચે મુજબ છે:—

"Through Aristotle these doctrines of emanation and absorption etc. were introduced into Eastern Europe, indeed eventually.....he was regarded as the author of them. They exerted a dominating influence in the latter period of the Alexandrians school." (Draper's, conflict between Religion and Science—P. 122.

નિકબાવવિચારની મદદ લીધી હતી (૭) માટે એરિસ્ટોટલા શિષ્ય હોવાથીજ આ લોક કેટલાક પરિણામથી વેદાંતવાદી થયા હતા; એમ કહી શકાતું નથી. વિશેષતઃ પ્લેટોના દાર્શનિક મતની સાથે પ્રાચીન આર્ય દાર્શનિક મત મેળવી. એમમાંમાં નવિનપ્લેટોનીક સંપ્રદાયના નામથી બીજા એક વર્ગની દાર્શનિક ટોળીનો આ સમયે પ્રાદુર્ભાવ થયો હતો. આ નવી ટોળીના દાર્શનિક મતની સાથે વેદાંત મતનું વિશેષ સૌસાદૃશ્ય છે. ફાઇલો; ઉક્ત એલેક્ઝાન્ડ્રીયન સંપ્રદાયમાંનો એક જનપ્રમુખપંડિત તરિકે ગણાતો હતો. આમોનિઅસ, પ્લોટીનસ, અરેનિઅસ, પોરફેરી,—આ લોકો નવિન પ્લેટો સંપ્રદાયમાંના પંડિત હતા. ઝોબલીઅસ, પ્રોકલાસ, વગેરે પંડિતો પણ આ સંપ્રદાયના અંતરૂગત જ હતા. આ સઘળા કેટલીક રીતે વેદાંતવાદી હતા. આ લોકોને સમાધિતત્વ પણ માલમ હતું. (૮)

---

(૭) વીબરવીગે, તેના કૃત દર્શનેતિહાસમાં એક સ્થળે કહ્યું છેઃ—

"This state of Greek philosophy could not but induce a greater supceptibility to Oriental influence than hitherto existed and such influences did operate.....to determine the form and substance of the speculation of his period." (Vol. I. P. 222)

વળી પંડિત લીટરે પણ, તેના દર્શનેતિહાસમાં કહ્યું છે કે.—

"The influence of Orient was an important Co-operating factor in determining the character of the philosophy of their period." (Vol. IV. P. 330)

જીમરમેન કહે છે—"Plato's attempt to translate Oriental mysticism into scientific speculation ends in Neo-platonism with a re-translation of thought into images.

(૮) આ વેદાંતવાદ કોને કહેવામાં આવે છે, તે સંક્ષેપથી સમજવા માટે વીલાયતી પંડિત ડ્રેપરની વાત નીચે આપવામાં આવે છેઃ—

"Philosophy has never proposed but two hypotheses to explain the system of the world;—First a personal God existing apart, and a human soul called into existance or created and thenceforth immortal: Second an impersonal intelligence or indeterminate God and a soul, emerging from and returning to Him. As to the origin of beings there are two opinions: First that they are created from nothing, second that they come by development from pre-existing forms. The theory of creation belongs to the first of the above hypothesis, that of evolution to the last. Draper's conflict between Religion and Science. P. 140.

આ બે મતની અંદર પહેલો મત યુરોપનો; અને બીજો ભારતનો છે. આ બીજો મતજ વેદાંતવાદ કહેવાય છે. વેદાંત મતમાં બ્રહ્મ શિવાય બીજું કશું નથી. તેનાથી જ જીવ અને જગત અભિવ્યક્ત થાય છે વળી પ્રલયની વખતે તેનામાં જ લીન થઇ જાય છે. આપણા શાસ્ત્રમાં છેઃ—

श्लोकार्धेनप्रवक्ष्यामि यदुक्तं ग्रंथ कोटिभिः ।
ब्रह्मसत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ॥

આ સઘળા દાર્શનિક પંડિતો ઈ. સ. પહેલા સૈકાથી પાંચમા સૈકા સુધીમાં જીવતા હતા. એમના પછી યાહુદી અને સેરેસીન લોકોમાં દાર્શનિક ચર્ચા શરૂ થઈ હતી. યાહુદી લોકોના "કબલા" મત કેટલીક રીતે વેદાંતના સૃષ્ટિવાદના અનુરૂપ છે. આ લોકોએ પણ પ્લેટો, એરીસ્ટોટલના દર્શનશાસ્ત્ર ઉપર, એમના દાર્શનિક મતનો પાયો સંસ્થાપન કર્યો હતો. એમનામાં કોઇએ વિશેષ ઉલ્લેખને યોગ્ય નથી. યાહુદીઓ કરતાં, સેરેસીન અને અરબી મુસલમાન લોકો, દર્શનશાસ્ત્રની ચર્ચામાં વધારે અગ્રેસર થયા હતા. નવિન ધર્મ બલથી બલવાન થઇ તેઓએ અતિશય અલ્પ સમયમાંજ ચારે તરફ પોતાનો અધિકાર વિસ્તાર્યો હતો. તે સાથે તેમની જ્ઞાનચર્ચા પણ ખૂબ વધી ગઈ હતી. આ લોકો પશ્ચિમમાં યુરોપની અંતસીમા, સ્પેનથી પૂર્વ તરફ ભારત સુધી સમસ્ત દેશ પોતાની ભાષા મય કરી લીધા હતા. આવું કથિત છે કે, પૂર્વે સ્પેન દેશમાંજ ખલીફાની રાજધાની—રાજદ્વારી પુસ્તક શાલમાં, છ લાખથી વધારે પુસ્તકો એકઠાં કરવામાં આવ્યાં હતાં તેમ જ આ લોકોના રાજ્યમાં પૂર્વ સીમા બગદાદમાં પણ બહુ જ વિદ્યાની ચર્ચા થઈ હતી. માટે આ સેરેસીન લોકોમાં તે વખતે દર્શનશાસ્ત્રની ચર્ચા પણ બહુ જ થઈ હતી. આપણા દેશ ભારતનાં સમસ્ત દર્શનશાસ્ત્રનાં ભાષાંતર ત્યાંની ભાષામાં થયાં હતાં એટલા જ માટે સેરેસીનનાં દર્શનશાસ્ત્રમાં જેટલું જડે છે, તેટલાને ભારત દર્શનશાસ્ત્રની સાથે બહુ જ મેળ દેખાય છે એશિયાના સેરેસીન દાર્શનિક પંડિતોમાં પ્રધાન—અલકેન્દિ, અનફાર્બટ, અબિનિયા, અલગાજેલી, કહેવાય છે. એમના મત ઘણે દરજ્જે વેદાંતના અનુરૂપ જ છે. (૯) પંડિત વીબરવીગ સાહેબે કહ્યું છે કે, એરીસ્ટોટલ અને નવીનપ્લેટોનીક સંપ્રદાયના મતના સંવાય સબંધથી, આ સઘળા સેરેસીન લોકોનાં દર્શનશાસ્ત્ર ઉત્પન્ન થયાં છે.

સ્પેન દેશના સેરેસીન દાર્શનિકોનામત પણ આવી રીતે, નવીનપ્લેટોનીક અને એરિસ્ટોટલના મતના અનુકરણથી જ બંધાયા હતા. આ સ્પેન દેશના સેરેસીન દાર્શનિક પંડિતોમાં આમેરોનું નામ જ વિશેષ ઉલ્લેખને યોગ્ય છે. આમેરો, એરિસ્ટોટલનો અનુવર્તિ હતો; તેનાં દર્શનશાસ્ત્ર એણે જ પહેલવહેલાં ભાષાંતર કર્યાં હતાં અને ટીકા ટીપણી કરી વ્યાખ્યાન કર્યાં હતાં. આમેરો એક રીતે અદ્વૈત વાદ જ માનતો હતો; મૃત્યુ પછી જીવાત્મા પરમાત્મા એકદમ લય થઈ જાય છે અથવા મૃત્યુથી એક દમ મુક્ત થઈ જવાય છે, એમ વિશ્વાસ કરતો હતો.

આ આમેરો પાસેથીજ યુરોપમાં આત્મા સબંધિ વેદાંતમત પ્રચારિત થયો હતો.

---

(૯) આ બાબતમાં પંડિત ડ્રેપરે કહ્યું છે કે;—

"Philosophy among the Arabs thus took the same direction that it had taken in China, India, and indeed throughout the East. Its whole spirit depended on the admission of the indistructibility of matter and force..... and the emanation of the spirit of man from the universal intellect, the divinity, and its final reabsorption."—Draper's Conflict between Religion and Science. P. 140.

(૧૦) ગ્રીસરાજ્યનો ધ્વંશ થયા પછી સમસ્ત યુરોપ જે અજ્ઞાન-અંધકારથી ઘેરાઈ ગયો હતો. તેથી યુરોપમાં ઈ. સ. પ્રથમ સૈકાથી વિદ્યા ચર્ચા, જ્ઞાનાલોચન, એકદમ ઉઠી ગયાં હતાં. ખ્રીસ્ટધર્માવલંબિ પંડિતોમાં કોઈ ખરેખર દાર્શનિક પંડિત હતા નહિ., જેઓ દર્શનશાસ્ત્ર ભણતા હતા, તેઓ ફક્ત ખ્રિસ્તી મતને પોષણ કરવા લાયક યુક્તિ બતાવતા હતા. ત્યારે ગ્રીક લોકોનાં દર્શનશાસ્ત્ર યુરોપમાં ચાલુ હતાં નહિ ક્વચિત્ કોઈ ખ્રિસ્ચીયન મંક (પાદરી) છાનો માનો દર્શનશાસ્ત્ર વાચતો હતો. ઈ. સ ૮૦૦ સૈકામાં પહેલવહેલા ઇરીજ નામના એક પંડિતે, એરીસ્ટોટલનાં દર્શનશાસ્ત્ર શિખી, તત્પ્રતિપાદિત વેદાંત મત લોકોમાં પ્રચાર કરવાને માટે બહુ જ કોશિશ કરી હતી. પરંતુ તેની મહેનત સઘળી નિષ્ફળ થઈ ગઈ. તે ખ્રિસ્ચીયન પાદરી લોકોના અત્યાચારથી બહુજ દુઃખ પામ્યો હતો.

ત્યાર પછી ઇ સ ૧૩૦૦ સૈકામાં આબેરો દ્વારા યુરોપમાં ઉક્ત વેદાંતમત સર્વત્ર પ્રચાલિત અને ગ્રહિત થયો હતો. આબેરોનો મત સ્પેનથી દક્ષિણ ફ્રાન્સ અને ત્યાંથી ઉત્તર ઇટાલીમાં ફેલાઈ પડયો હતો. બીજી તરફ સીસીલીમાં થઈ દક્ષિણ ઇટાલીમાં તેનો મત ચાલુ થઈ પડયો હતો. ત્યાર પછી ઇંગ્લન્ડ અને જર્મનીમાં તે મત ફેલાઈ પડયો. ફ્રાન્સમાં ખ્રીસ્તી ધર્મ પાલનાર ફ્રાન્સીસકન સંપ્રદાયે તે મત ગ્રહણ કર્યો હતો. કોઈ કોઈ ખ્રિસ્ચીયન દાર્શનિક પંડિતો પણ તે મત પ્રસાર કરવાને પ્રવૃત્ત થયા. યુરોપીયન યાહુદી ધર્મપાલનારાઓમાં ઘણાઓએ તે મત અવલંબન કર્યો. (૧૧) ત્યારે ખ્રિસ્ચીયન પાદરી લોકોની આંખ ઉઘડી, તેઓ આખા યુરોપમાંથી તે મતનું મૂલ ઉખાડી નાંખવાને માટે તત્પર થયા. મધ્ય યુગમાં કેટલાક ખ્રિસ્ચીઅન દાર્શનિક પંડિતો વિશેષે કરીને, આલ્બર્ટ અને થોમસ—એ—કેમ્પીસે તે મત ખંડન કરવામાં મન યોજ્યાં હતાં સ્પેનમાં ખ્રિસ્ચીયન પાદરીઓ તે મત પાલનાર

(૧૦) પંડિત ડ્રેપર કહે છે. "The intellectual history of Arabs is the few and the Saracenes are continuously seen together..... from them conjointly western Europe derived its philosophical ideas, which in the course of time culminated in averriasm + + The Doctrine of emanation and absorption was introduced into Europe by the Spanish Arab."—Draper's Conflict between Religion and Science. P. 119-151.

(૧૧) મેક્ષમુલરકૃત Centuary Translation of Kant's Critique of pure Reason નામની ચોપડીના પ્રથમ ભાગમાં યુરોપના આ સમયની દાર્શનિક ચર્ચાની સાધારણ અવસ્થા કેવી હતી, તે નીચે મુજબ લખેલું છે:—

"Medieaval Philosophy is the Christian philosophy of pure subjectism the doctrines of absolute Intelligence or mind, out of Ego or the subject..... the world was made subjective in God.....The Doctrine is a kin to Platonic Idealism and Pythogorean harmony. Everything it held proceeded by emanation from the Eternal One ××× This led to the renunciation of the objective world and to asceticism and mysticism Enthusiasm, Ecstacy, subjective absorption in the infinite depths became powerful."

લોકોના ઉપર જૂલમ કરવા લાગ્યા. લગભગ ૧૦૦૦૦ લોકોને તે માટે બાળી મારી નાંખવામાં આવ્યા હતા. લાખો માણસને દેશ નિકાલની સજા ભોગવવી પડી. જાતે પોપજ તે મતના વિરૂદ્ધમાં ઉભો થયો. (૧૨) આવી રીતે ઇ. સ. સોળમા સૈકામાં વેદાંત મત યુરોપમાં પ્રચાર થતો બંધ થવા લાગ્યો. (૧૩)

પરંતુ યુરોપમાં જ્યારે એકી વખતે જ્ઞાન પ્રકાશવાને શરૂ થયું હતું, ત્યારે તે પ્રકાશ બંધ કરવાની શક્તિ કોઈ માણસની હતી જ નહિ. આ સમયે યુરોપમાં ગ્રીક અને લાટીન ભાષાની ચરચા શરૂ થઈ હતી. નિશાળમાં આ સઘળી ભાષાઓ ભણાવવાનો આરંભ થયો. ત્યાર પછી ધીમે ધીમે વળી ફરીથી એરિસ્ટોટલ અને પ્લાટોના મત તથા બીજા ગ્રીક દાર્શનિક પંડિતોના મત સર્વસાધારણમાં ચર્ચાવા અને ફેલાવા લાગ્યા. યુરોપીઅન પંડિતો પ્લેટોનો મત ગ્રહણ કરવા લાગ્યા. એકી રીતે, યુરોપમાં ફરીથી દર્શનશાસ્ત્રનાં આલોચન અને પ્રચાર થવા લાગ્યાં. વળી ત્યાં વેદાંતમતની પ્રતિષ્ઠા થવા લાગી. મીસ્ટીસીઝમ અને આઇડીઆલીઝમનામથી આવેદાંતમત પોતાનું મૂલ બેસાડવા લાગ્યો. યુરોપનું મીસ્ટીસીઝમ કેટલીક રીતે વેદાંત મત અને યોગમતના સંવાય સબંધથી ઉત્પન્ન થયું છે. જારસન નામના એક પંડિતે ઈ૦ સ૦ ૧૪ મા શતકમાં મીસ્ટીસીઝમ મત પહેલવહેલાં યુરોપમાં પ્રચાર કર્યો હતો. ત્યાર પછી એટર્લ નામના એક પંડિતે આ મત અવલંબન કર્યો હતો. બ્રુનોએ પણ આ મત પ્રચાર કર્યો હતો—ખ્રિસ્ચીઅન પાદરીઓએ તે માટે તેને અગ્નિમાં બાળી મારી નાંખ્યો હતો.

આધુનિક ૧૯ મા શતકમાં યુરોપના દાર્શનિક પંડિતોમાં સ્પાઇનોઝા, મેલ્બ્રાંચ, બર્કલે વિગેરે લોકો પણ આવો મત પ્રચાર કરી ગયા છે. હાલ, જર્મન દેશ જ આ મીસ્ટીસીઝમ મતની મૂખ્ય જગ્યા કહેવાય છે. કેન્ટના સમયથી આજ સુધી જર્મન દેશમાં જેટલા દાર્શનિક વિચાર તથા દર્શનશાસ્ત્રનું આલોચન થયું છે, અને જેટલા બધા નવા નવા દાર્શનિક મતના પ્રચારને માટે જર્મન પંડિતો યુરોપમાં પ્રતિષ્ઠિત થયા છે, માન માર્યાદા મેળવી રહ્યા છે, એ સઘળાનું મૂલ કારણ જર્મનીમાં સંસ્કૃત વિદ્યાની વધારે ચર્ચા છે. જર્મન પંડિતો આપણા ભારતના દાર્શનિક મતોને પોતાના કરી લઈ, તેને આધુનિક રૂચિ મુજબ ભુષણથી શ-

---

(૧૨) તે મતના વિરોધમાં ઉભા થઈ પોપે જે આજ્ઞા કરી હતી તે નીચે મુજબ છે:—

"Let his be Anathema who says that spiritual things are emanations of the Divine substance, or that the divine are emanations of the divine substance or that the divine essence by manifestation or development becomes all things."

(13) "Eclasiastical authorities succeeded in representing them (these opinions) in the sixteenth centuary but they never altogether disappeared!"—Draper's Conflict between Religion and Science. P. 121.

ણગારી સર્વ સાધારણમાં પ્રચાર કરી રહ્યા છે! (૧૪) જર્મન દાર્શનિકોમાં કોઈ વેદાંતમત, કોઈ સાંખ્ય મત, પ્રચાર કરી રહ્યા છે. વળી કેટલાઓએ તે ઉભયમત એકઠા ભેળાસેળ કરી લીધા છે. આ સઘળા પંડિતોમાં, કેન્ટ, ફીચ, શેલીંગ, શોપનહોર, હેજલ, હાર્ટમેન, એમનાં નામ ઉલ્લેખ કરવા યોગ્ય છે. શોપનહોર અને ત્યાર પછી તેના મતને અનુસરી ચાલનાર પૉલડયૂસને, ઉપનિષદમાંથી જ તેમનો મત સંગ્રહ કરી લીધો છે; તે તેઓએ સ્પષ્ટરૂપે સર્વ સાધારણમાં સ્વીકાર્યું છે. આ વાત પૂર્વેજ કહેવામાં આવી છે. હાલ ઇંગ્લેન્ડમાં સ્ટાર્લીંગ, ગ્રીન, કેયાર્ડ, બ્રાડલી, વિગેરે જે મત પ્રચાર કરી રહ્યા છે, તે કેટલાક પરિમાણથી વેદાંત મતનોજ અંશ છે.

વળી યુરોપના કેવલ દાર્શનિક પંડિતોમાં જ આવો વેદાંતમત પ્રચારિત છે એમ નથી; પરંતુ હાલના વધારે ભણેલા ગણેલા લોકો વેદાંતમતના અનુગામિ છે. (૧૫) સાહિત્યમાં, કાવ્યમાં આ વેદાંત મતે પ્રવેશ કર્યો છે. વીલાયતના કાર્લાઇલ, અમેરીકાના ઇમરસન. વેદાંત મતના પ્રચારક કહેવાય છે. ઇંગ્લેન્ડમાં વર્ડસવર્થ, શેલી, ટેનીસન, વિગેરે અને જર્મનીમાં સુપ્રસિદ્ધ ગેટે, વિગેરે પંડિતો ભારતનો વેદાંતમત પ્રચાર કરી રહ્યા છે. "ઝેનોની" વિગેરે અનેક નૉવેલમાં આવા મતની અવતારણા થઈ છે. માટે ખ્રિસ્ચીયન યુરોપની નસેનસમાં વેદાંતમતે પ્રવેશ કર્યો છે. એમ કહેવું કંઈ ખોટું નથી ઇશુખ્રિસ્તની પાસેથી યુરોપને કેવલ "ભક્તિ" અને "પ્રેમ" જ મળ્યાં હતાં. પરંતુ ભારત અને ગ્રીકદર્શન શાસ્ત્રમાંથી, યુરોપ જ્ઞાન શિખ્યુંછે, એમ કહેવું કંઈ વધારે નથી. આધુનિક યુરોપની ઉન્નતિ મુજબ જે જ્ઞાન ચર્ચા જોવામાં આવે છે, તે જ્ઞાનભારતમાંથીજ યુરોપમાં લઈ જવામાં આવ્યું હતું. ફકત જ્ઞાનચર્ચા કહેવાથી ચાલશે નહિ, યુરોપનો ધર્મ પણ આપણા સનાતન ધર્મ ઉપર સંસ્થાપન થયોછે. બાઇબલને ખ્રિશ્ચીયન ધર્મ મતતેટલાજ માટે અનેક સ્થળે બહુજ બાબતમાં આપણા ધર્મ મતના અનુરૂપ જેવો દેખાયછે. તે વાત શોપનહોરના જેવા નિરાપેક્ષ ખ્રિશ્ચીયન પંડિતો સ્વીકારી ગયા છે. (૧૬) માટે એમ

---

(૧૪) ડેબીસતેનાકૃત "હીન્દ ફીલસુફી" નામના ગ્રંથમાં કહે છે કે:—

"It is interesting and instructive to note how often the human mind moves in a circle. The latest German Philosophy; the system of Schopenhe aur and Von-Hartmann is mainly a reproduction of the Philosophic System of Kapil.-વળી તેજ-ચોપડીમાં એક બીજે સ્થળે તેણે કહ્યુંછે:-"The oldest and latest system of philosophy though severed in time by more than two thousand years speak with the same voice."

(૧૫) જર્મન પંડિત શોપનહોરે સ્વીકાર્યું છે:—"That the inner nature of all things is absolutely the same, this age has already grasped and understood after the Elatics, Erigena, Burns, Spinoza, had thoroughly taught and Schelling had revived this doctrine."

(૧૬) સુપ્રખ્યાત જર્મન પંડિત શોપનહોર કહે છે:-"New Testament Charistinity..... is Indian in spirit and therefore more than probably also of Indian origin, al-

સમજવું જોઇએ કે, હાલનું સમગ્ર સભ્ય જગત્ (civilized world) ધર્મ અને દર્શન માટે એકલા ભારતની પાસે જ કરજદાર છે. આ ઉપકાર તેમણે માનવો જોઇએ. પરંતુ દુઃખની વાત એ છે કે, હાલના યુરોપીઅન પંડિતો આ કરજની વાત સ્વીકારવાને ઇચ્છતા નથી. એટલાજ માટે તેઓ કહે છે કે ભારતનાં સમસ્ત દર્શનશાસ્ત્ર તદ્દન આધુનિક—બૌદ્ધ ધર્મ પ્રચાર થવાના અનેક દિવસ પછી રચાયલું,—એટલે ઇ. સં. ચોથા શતક પછી રચિત થયાં છે—આ સઘળી અને આવી આવી ખોટી અતિ અસાર વાતો અસાર યુક્તિવડે પ્રતિપન્ન કરી બતાવવા માટે કોશિશ કરી રહ્યા છે, એટલા જ માટે આ નિબંધમાં આટલી વાતો આપણે બોલવી પડી છે.

તે ગમે તેમ હોય પરંતુ ઉપર આપેલી હકીકતો સ્પષ્ટ રૂપે સિદ્ધ કરી બતાવી આપે છે કે, ભારતજ દર્શનશાસ્ત્રનાં ઉત્પત્તિનું સ્થાન છે, અને ભારતમાંથી ગ્રીસમાં, ત્યાંથી સમસ્ત યુરોપના અને એશેઆિયા વિગેરે દેશોમાં ફેલાઈ પડ્યો છે. હાલ યુરોપ વિગેરે દેશોમાં આપણું વેદાંત દર્શન અવલંબિનેજ નવા નવા અદ્‌ભૂત મતો ઉત્પન્ન થઇ રહ્યા છે. પરંતુ દુઃખની વાત એ છે કે, પાશ્ચાત્ય રોપનિથી દૃષ્ટિ દોષ થયલા આપણા ઇંગ્રેજી ભણેલા જુવાનીઆઓ આ બધું બીલકુલ જોઇ શકતા નથી, અને જોવાને માટે કોઈ દહાડો કંઈ કોશિશ પણ કરતા નથી. તથાપિ થોડા વખતની અભ્યાસિક ટેવ પ્રમાણે, પાશ્ચાત્ય આચાર વિચાર દર્શનશાસ્ત્ર વિગેરે સઘળાને, આપણા કરતાં શ્રેષ્ઠ અને ફાયદાકારક સમજે છે અને તેમનાં પ્રશંસા સ્તુતિ તથા અનુકરણ કરવા તત્પર છે. અફસોસ! અફસોસ!! અફસોસ!!

---

though only indirectly through Egypt."—World as will and Idea; Vol.III.P.281. એમણે વળી બીજા સ્થળે કહ્યું છે—"*True spirit and Kernal of Christianity as* also of Brahmanism and Budhism is the knowledge of the vanity of earthly happiness, the complete contempt for it and the turning away from it to an existence of another, nay an opposite kind."—World as Will and Idea; Vol. III. P. 226.

હાલ ક્રૈસ્ત દેશના પ્રાદરી નટભીસ સાહેબે ટીબેટમાંથી ઇશુખ્રીસ્તનું જે જીવન ચરિત્ર શોધી કાઢ્યું છે, તેમાં સ્પષ્ટ લખેલું છે કે, ઇશુખ્રીસ્ત પોતે, ભારતમાં અને ટીબેટમાં બહુ દિવસ રહી, હિંદુ ધર્મશાસ્ત્ર અને બૌદ્ધ ધર્મશાસ્ત્ર સઘળું શિખી સ્વદેશમાં પધાર્યો હતો. પરંતુ મેક્ષમુલર વિગેરે પંડિતો પાદરી નટભીસ સાહેબની શોધી કાઢેલી ચોપડીને બનાવટી ગણી કાઢી, તેમાં લખેલી હકીકતોને અગ્રાહ્ય ગણે છે.

શ્રી કૃષ્ણ.

(મળેલું)*

(અનુસંધાન અંક ૧ પૃ૪ ૨૪ થી.)

શ્લોક—૨૦—

कृत्वातावन्तमात्मानं यावतीर्गोपयोषितः ।
रेमेसभगवांस्ताभिरात्मारामोऽपिलीलया ॥२० ॥

જેટલી ગોપીઓ હતી તેટલા પોતાની જાતે થઇને, પોતે તો સ્વાત્મસતોષિ હતા તો પણ તેમની સાથે રમ્યા.

અત્રે પણ रेमे શબ્દ ફરીથી આવે છે, તેનો અર્થ માત્ર "રમ્યો" એટલોજ છે માયા શક્તિવડે પોતાની જાતના ઘણાં સ્વરૂપ કર્યા, એનો અર્થ "જાતિ–સંભોગ" માં ઠીક પડે માટે તેમ કરવામા આવ્યુ હતું, એવો કરવાનો નથી, કારણ કે રાસ રમવામાં બે ગોપીઓ વચ્ચે એક શ્રીકૃષ્ણ જોઇએ. અને તેથીજ પોતાની જાતનાં એટલાં બધાં સ્વરૂપ કરવાની જરૂર પડી હતી બૉલનો નાચ કે જેમાં પુરૂષ અને સ્ત્રીઓ વિરૂદ્ધ જાતિનાં યુગલોમાં નાચે છે, તેના જેવો આ નાચ હતો. માટે કૃષ્ણના આ ઘણાં સ્વરૂપ ધારણ કરવાના કાર્યને, લેશ પણ વૈધયિક વિચાર લગાડી શકશે નહિ "હીપ્નૉટીઝમ"ના નામથી જાણીતી વિદ્યાદ્વારા, અથવા આપણને અજ્ઞાત અન્ય દિવ્ય શક્તિદ્વારા, ઘણા સ્વરૂપ ધારણ કરવાનુ કાર્ય થઇ શકયુ હતુ

શ્લોક—૨૧—

तासामतिविहारेण श्रान्तानां वदनानिसः ॥
प्रामृज्करुणः प्रेम्णा शंतमेनाङ्गपाणिना ॥ २१ ॥

તેણે મહા પ્રેમને લીધે, લાબા વખત સુધી ચાલેલા નાચમાં થાકી ગયલી ગોપીઓનાં સુંદર વદનો લોહ્યા.

અત્રે મારે ખાસ કહેવું જોઇએ કે, આ શ્લોકને અશ્લીલ ગણીને ભાષાંતરકારોએ તેનુ ભાષાંતરજ કર્યું નથી, પરતુ આપણે ઘણોજ બાધકારક अतिविहार શબ્દ લઇએ, તો માલૂમ પડે છે કે તેનો અર્થ બહુજ રમત અથવા લાબા વખત સુધી ચાલેલો નાચ, એટલોજ થાય છે. શ્લોકના પૂર્વાપર સબંધમાં આ અર્થને વિચારતાં, તેનો અન્ય અર્થ થઈ શકતો નથી, કારણ કે લાબો સમય ચાલેલા નાચથી નાચનારાઓ થાકી જાય એ સ્વભાવિક છે, અને આવી સ્થિતિમાં શ્રીકૃષ્ણ કે જે સદા શ્રમ વિનના હતા, તેમને નબળાઓને લાડ

* લેખક—રા. વિશ્વહારી–અનુજ.

લડાવવાં યોગ્ય હતાં। અને વાચકને આ રમતની નિર્દોષતાની ખાત્રી કરી આપવાને, એક માન્ય અંગ્રેજી કવિમાંથી નીચેનો ઉતારો કરૂં છું. હું આશા રાખું છું કે, આ ઘણીજ ઉલટી રીતે સમજાતા નાચનો નિષ્પક્ષપાત વિચાર કરવાને તેઓ શક્તિવાન થાય:

"The Dancing pair that simpaly sought renown
By holding out to tire each other down."

Goldsmith

પછી વળી એમ કહેવામાં આવે છે કે, જેવામાં તે ગોપીઓના સાથમાં હતો, તેવામાં શ્રમ નિવારણ કરવાની ઇચ્છાથી, હસ્તિનીઓના સાથવાળા હસ્તિઓના નાયકની પેઠે, તેણે યમુનાના જલમાં પ્રવેશ કર્યો સર્વ માટે દરકાર વિનાના પરંતુ પોતાના વિચારમાં ગુંથાયલા હસ્તિની પેઠે ચાલતા શ્રીકૃષ્ણ પ્રતિના ગોપીઓના પ્રેમને ઉદ્દેશીને આ ઉપમા છે.

પછી, ગોપીઓના વક્ષસ્થલ ઉપર વપરાયલા કુંમકુંમ સાથે કચાવાને લીધે રંગાયલી માલાઓ તેણે ધારણ કરી.

પછીથી વળી હસતી અને પ્રેમ કટાક્ષ નાંખતી યુવાન બાલાઓએ તેને પાણીથી છાંટી કાઢયો.

"स्वात्म-संतोषि" તે, એક હસ્તિની પેઠે રમ્યો.

પછી તે, યમુનાના તટ ઉપર વનોપવનોમાં રમ્યો.

પછી વળી અન્ય શ્લોક આવે છે કે જેને માટે વાંધો લેવામાં આવે છે.

एवं शशांकांशु विराजिता निशा
ससत्य कामोऽनुरताबलागणः ॥
सिषेव आत्मन्यवरुद्ध सौरतः
सर्वाः शरत् काव्य कथा रसाश्रयाः ॥ १०-३०-२७.

અશ્લીલતાના દોષને લીધે આ શ્લોકનું પણ ભાષાંતર કરવામાં આવતું નથી, અને એથી એમ દર્શાવવામાં આવે છે કે, આનો પણ ઉપર કહેલા અન્ય બાધકારક શ્લોકનાં જેવોજ ભાવ છે, પરંતુ આ અયોગ્ય વિચાર દૂર કરવાને માટે, મારે તેનું ભાષાંતર કરી બતાવવું છે.

ચંદ્રથી વિરાજીત એક રાત્રીએ, નિર્દોષિ અબલાઓનું પ્રેમપાત્ર સંપૂર્ણ કામનાવાળો તેણે, માત્ર આત્મામાંજ આનંદ પામીને, શરદ્ઋતુનું સંગિત શ્રવણ કરવામાં એકતાર થયલી અબલાઓના સાથને ભોગવ્યો.

આ ઉપરનામાં શંકા પડતા શબ્દો નિચે પ્રમાણે છે:—

सत्यकामः ॥ જેની ઇચ્છાઓ "સંપૂર્ણ થવાથી" સત્યતીવડી, અને તેથી જેને કોઇ

પણ જાતની ઈચ્છા અપૂર્ણ રહી નથી; કોઈપણ ઈચ્છા પૂર્ણ થયા વિનાની ન રહેવાને લીધે, દુનિયાના પદાર્થો પ્રતિ તે દરકાર વિનાનો હતો.

अनुरतावलागणः । જેને નિર્દોષિ બાલાઓ પ્રેમ પૂર્વક લાગેલી હતી. બાલાઓં પણ દોષ રહિત હતી, તેથી તેઓ, મિથ્યા પ્રેમ પ્રકાશનના અથવા વૈષયિક વૃત્તિયોને ઉત્તેજીત કરે એવા કૃત્રિમ હાવ ભાવના દોષ વિનાની હતી.

सिषेव "તેમના આનંદી સાથને ભોગવ્યો." ભોગ શબ્દનો અર્થ વૈષયિક સંસર્ગ થઈ શકશે નહિ. કારણ કે પોતાના અંતઃકરણની ઈચ્છાઓને નિમકહલાલ નીવડનારી, કલા-વિનાની બાલાંઓના, નિર્દોષિ સાથમાં હોવું, એ જ એક આનંદ-ભોગ, નથી ? "કામોપભોગને" આની સાથે સરખાવતાં, શુદ્ધ આનંદવાળો ઉપભોગ ગણી શકાશે ? દોષ વિનાના રમતિયાળ છોકરાંના સાથને આપણે "ભોગવતા" નથી ? જો "ભોગ" શબ્દના, દોષ વિનાના આનંદના સંબંધમાં આટલા બધા અર્થ થાય છે, તો તેને અત્રે અશ્લીલ વિચાર સાથે શા માટે જોડીને, એથી એવું દર્શાવવા માગો છો કે, સ્ત્રીઓ સાથેના સર્વ વ્યવહારને હમેશાં શંકાથી જોવા.

आत्मन्यवरुद्ध सौरतः । આ સામાસિક શબ્દ છે, અને **आत्मनि** "આત્મમાં," **अवरुद्ध** "બંધાયલો અથવા લાગી રહેલો," **सुरत** "હદ પારનો રાગ-પ્રીતિ," એ શબ્દોનો બનેલો છે, એ સમગ્રનો અર્થ એમ છે કે, તેનો હદ પારનો રાગ આત્મામાં લાગેલો છે. **शरत्काव्य**, શદ્ઋતુ, **कथा**-શબ્દો; શરદ્ઋતુના શબ્દો, એટલે સ્કં-૧૦-અ-૨૯-શ્લો ૧ થી ૫ માં વર્ણવેલા પ્રકૃતિ સૌંદર્યદ્વારા પ્રદર્શિત થતું, શરદ ઋતુનું સંગીત, અથવા એનો અર્થ એમ થાય કે, સ્કં-૧૦ અ-૨૯-શ્લો—૪ માં વર્ણવાયલા પ્રકૃતિ સૌંદર્યનું શ્રી કૃષ્ણે વાંસળીમાં વગાડેલું ગીત; એ શ્લોક અત્રે ઉતારવાની જરૂર નથી. આ પ્રકારે રાસલીલાનો અંત આવે છે, અને ઉપર વર્ણવેલું તેનું સંપૂર્ણ વર્ણન છે. માત્ર વિચારવંત તેમાં ઉંડા ઉતરી શકશે, અને પોતાની જાતે વિચારી જોશે કે, આમાં લેશ પણ અધમ હેતુ છે કે નહિ.

આ ઉપરના રાસલીલાના વર્ણનને એકલું જ રહેવા દઇને, પ્રથમ અને પછીથી વર્ણવવામાં આવેલી રાસમાં યોજાયલા ઉભયપક્ષોની વર્તણુંક તપાસીએ, તો માલૂમ પડે છે કે, તેની સાથે લેશપણ વૈષયિક વિચાર લગાડી શકાતો નથી, અને આ સાબિત કરવાને, મારા વાચકોનું લક્ષ નીચેના વિચારો તરફ દોરૂં છું:—

ગોપીઓની શ્રી કૃષ્ણને પતિ રૂપે પામવાની પ્રાર્થના લઇએ:—

कात्यायनि महामाये महायोगिन्यधीश्वरी ॥
नन्द गोप सुतंदेवि पतिंमे कुरु तेनमः ॥
इति मन्त्रं जपन्त्यस्ताः पूजां चक्रुः कुमारिकाः ॥

१०-२२-४.

"હે કાત્યાયની! હે મહામાયા! હે મહાયોગિની! હે અધીશ્વરી! તું એવું કરજે જેથી ગોપ નંદનો પુત્ર અમારો પતિ થાય. હું તને નમસ્કાર કરું છું."

ગોપીઓની આ ઉપરની એકકી પ્રાર્થનાથી એટલું સ્પષ્ટ થાય છે કે, તેમનો હેતુ સામાન્ય પતિ પત્ની રૂપે રહેવાનો હતો, કારણ કે જ્યાં આટલી બધી સ્ત્રીઓ એક જ પ્રાર્થનામાં એક પુરૂષને, જો હું એમ કહેવા માગું તો તેમના પતિ રૂપે પામવાને જોડાઈ, એ કેમ સંભવિત હોય? અનેક પત્ની કરવાના રીવાજને તેઓ દોષવિના ન જોતિ હોય તો, આ શી રીતે સંભવિ શકે? પરંતુ ગોપીઓ જો જાતિ ઈચ્છાઓથી જરા પણ દોરવાઈ હોય તો, તેઓ અનેક સ્ત્રી કરવાના રીવાજને કેમ પસંદ કરે? આવી ઈચ્છાઓનો સંતોષ થવો, એ સામાન્ય પતિ પામવાના વિચાર સાથે અયોગ્ય નથી લાગતો? કારણ કે ઈર્ષ્યા અને ફક્ત પોતાને અધીન કરી લેવાનો વિચાર, વૈષયિક વૃત્તિઓના મુખ્ય અવયવો છે, અને આવા કારણને લીધે જ પાશ્ચિમાત્ય સભ્ય દેશોમાં અનેક સ્ત્રી કરવાના રીવાજની મના કરવામાં આવી છે, અને પાશ્ચિમાત્ય કેલવણીની અસરે કરેલા ફેરફારને લીધે તથા ખાસ કરીને પુરૂષોમાંથી સ્વ-સંયમના અભાવને લીધે, હિંદ વાસીઓ પણ એ જ માર્ગને અનુસરે છે; ઘણા જ લંપટ પુરૂષો તદનુસાર વર્તે છે તો પણ અનેક સ્ત્રી કરવાનો રીવાજ આધ્યાત્મિક પરિણયન સાથે અનુરૂપ છે. તેથી એટલું સ્પષ્ટ પ્રતિત થાય છે કે ગોપીઓએ, શ્રી કૃષ્ણને સામાન્ય પતિ રૂપે પામવાની દેવિની કરેલી પ્રાર્થનામાં, લેશ પણ વૈષયિક વૃત્તિનો સમાવેશ થતો નથી.

જો જાતિ કામનાએ તેમના હેતુને પ્રેર્યો હોત તો, દેવિની પ્રાર્થના કરવાની, આટલાં બધાં વ્રત પાળવાની, જરા પણ જરૂર નહતી, કારણ કે જ્યારે ઉભય પક્ષો તેથી જ દોરવાય છે અને ન્યાય્ય અથવા આત્મિક પરિણયનનો હેતુ લક્ષમાં રાખવામાં ન આવતો હોત તો, તેઓ તેમની અધમ વાસનાઓને પૂરી પાડવાને ગમે તે સ્થળે ગમે તે સમયે મળી શકે, અને વળી આ દૃષ્ટાંતમાં તો એ વાત તદ્દન સંભવિત હતી, કારણ કે તેઓ સંપૂર્ણ સ્વાતંત્ર્ય ભોગવતાં હતાં, તથા એકાંત જગ્યાઓમાં વખતો વખત સાથે મળતાં હતાં, જ્યાં આગળ તેમની વાસનાઓની પરિતૃપ્તિને અટકાવનાર કોઈ નહતું.

વળી જો તેમનો આવો જ હેતુ હોત તો, જ્યારે તેઓ અન્યોઅન્યના વિચાર જાણતાં થયાં ત્યારે પણ તથા શ્રીકૃષ્ણે ગોપીઓનાં વસ્ત્ર હરણ કરવાના પ્રસંગે, તેને એકાંતમાં મળવાનો લાગ હતો તે સમયે પણ, તે સંતોષિ શકાત; પરંતુ આપણે જાણીએ છીએ કે, એવો હેતુ હતો જ નહિ. ગોપીઓને પણ તેમ જ હતું, એમ કહેવું, (કારણ કે શ્રી કૃષ્ણને કેટલાક આવી ક્ષણિક વાતોની પારનો ગણે છે, અને તેનું ગોપીઓ સાથેનું વર્તન પણ, ભક્તની નૃત્યના પૂરી પાડવા તત્પર રહેવાના તેના દિવ્ય ચારિત્રને જ લીધે હતું, એમ મનાય છે.) વર્ણનના ભાવ સાથે તથા ઉભય પક્ષોના વલન સાથે બધ બેસતું થઇ પડે છે.

"શ્રી કૃષ્ણને પોતાના પતિ રૂપે" પામવાની ગોપીઓની પ્રાર્થના, જાતિ-સંતોષનો વિચાર દર્શાવતી નથી; કારણ કે હિંદુસ્થાનમાં, આવો સંબંધ સર્વ જાતનાં પરિણયનનાં સ્વરૂપોમાં ખાસ નિયમ નથી, કારણ કે પ્રથમનાં ત્રણ સ્વરૂપોમાં, આવા કોઇ પણ નિયમની

ફરજ પાડવામાં આવતી નથી. માત્ર પ્રાજાપત્ય વિવાહના સ્વરૂપમાંજ કુટુમ્બિઓ તરીકે રહેવાની ફરજ અદા કરવામાં આવે છે મનુ-૩-૩૦.

सहोभौचरतांधर्म मिति वाचानुभाष्यच ।
कन्या प्रदानमभ्यर्च्य प्राजापत्यो विधिः स्मृतः ॥ ३-३० ॥

હિંદુ અર્થમાં પતિના વિચારમાં, પત્ની તરફની પૂજ્યભાવ અને માનની લાગણીઓનો સમાવેશ થાય છે. ગોપીઓના મનમાં જરા પણ ક્ષુદ્ર વિચાર નહતો, એ નીચેના ઉતારાથી સાબિત થશે: સ્કંધ—૧૦—અ—૨૨,— શ્લો—૨૦.

इत्यच्युते नाभिहितं व्रजाबलामत्वाविवस्त्रा प्लवनं व्रतच्युतिम् ।
तत्पूर्तिकामास्तदशेष कर्मणां साक्षात् कृतंनेमुखच्च मृग्यतः ॥२०॥

આ પ્રકારે અચ્યુત શ્રીકૃષ્ણથી કહેવાતાં, વ્રજાબલાઓએ વિવસ્ત્ર સ્નાનના કાર્યને વ્રત-ભંગ રૂપ ગણ્યું, અને આ અપરાધનું પ્રાયશ્ચિત્ત કરવાની ઇચ્છાથી, સર્વ કાર્યોનાં પૂણ્યો સાથે અભેદ ભાવ પામેલા શ્રીકૃષ્ણને તેઓ નમી પડી

આથી સ્પષ્ટ જણાય છે કે, તેઓ તેને મહાન્ પ્રભુરૂપે જ સ્વીકારતી હતી, અને તે-મનો કામ કે જે તેમને આટલી નાની વયમાં હોય પણ નહિ, તે સંતોષનાર તે સાધારણ મૂર્ત્ય ન હતો.

તેમજ શ્રીકૃષ્ણે પણ તેમના પ્રેમના હેતુનો આથી અન્ય અર્થ કર્યો નથી. જુઓ સ્કંધ—૨૦—અ—૨૨.

तासां विज्ञाय भगवान्स्वपादस्पर्शकाम्यया ।
व्रत व्रतानां संकल्पमाहदामोदरोऽ बलाः ॥२४॥
संकल्पो विदितः साध्व्यो भवतीनां मदर्चनम् ।
मयानुमोदितः सोऽसौसत्यो भवितु मर्हति ॥२५॥

આ ઉપરથી, તેના પાદસ્પર્શ માટે તેમની સેવે વ્રત ધારણ કરવામાં લાગેલી આ બા-લાઓનો સંકલ્પ જાણીને, દામોદરે તેમને આ પ્રમાણે કહ્યું—હે સાધ્વીઓ! મને માલૂમ છે કે તમારા અંતરની ઇચ્છા મારૂં અર્ચન કરવાની છે. હું તેનું અનુમોદન કરૂં છું. તે સત્ય હોવી જોઇએ.

આ ઉપરનામાં અર્ચન શબ્દ સ્પષ્ટ રીતે દેખાડી આપે છે કે, શ્રીકૃષ્ણ, પોતાનું અ-ર્ચન કરવાની તેમની ઇચ્છા જાણતા હતા, અને તેથી જ તેમણે તેમને અનુમોદન આપ્યું,

અને રાસલીલા દ્વારા તેને પરિપૂર્ણ કરી. આવી રીતે પણ થઇ શકે કે નહિ, એ તો પૂર્વે જ સમજાવવામાં આવ્યું છે, અત્રે મારે દર્શાવવાનો હેતુ એવો છે કે, તેમની ઇચ્છા કામવાસનાથી રંગાયેલી નહતી અને આ ૨૦—૨૪—૨૫ શ્લોકો કોઈ પણ મતાંધતા રહિત મનુષ્યને તેની સાબિતિ માટે પૂરતા છે. જો આપણે કવીનું ગુણદોષ વર્ણન કરવું હોય તો, તેના પોતાના શબ્દોને કોરે મૂકીને, આપણા પ્રથમથી નિશ્ચિત થયલા વિચારાનુસાર, તેનો અર્થ કરવાનો નથી.

ઉપરના ૨૫ મા શ્લોકથી એટલું સ્પષ્ટ થાય છે કે, શ્રીકૃષ્ણનું ગોપીઓ માટેનું માન પણ તેમની ભક્તિની દૃઢતા કરતાં લેશ પણ ઓછું હતું નહિ, એ વાત એ શ્લોકમાં વપરાયલા "साध्व्य" અને "भवतिनां" શબ્દોના ઉપયોગથી જણાઈ આવે છે.

પછી વળી એમ સમજાવવામાં આવે છે કે "સ્થૂલ સંસર્ગ" પામવાની ઇચ્છા, ઐહિક પદાર્થોના બંધનમાંથી છૂટા થવા રૂપ મોક્ષ પામવાના હેતુ સાથે, શી રીતે બંધ બેસતી થઈ શકે. કારણ કે અત્રે શ્રીકૃષ્ણ જાતે કહે છે:—

नमय्यावेशितधियां कामः कामायकल्पते ।
भर्जिता क्वथिता धानाप्रायोबीजायनेष्यते ॥२६॥

કામનાઓને પણ (તેના પાદસ્પર્શની સ્થૂલકામના) જ્યારે મારામાં લગાડવામાં આવી હોય છે ત્યારે કામનાઓનાં પરિણામ બંધન કરવા રૂપ—હોતાં નથી, કારણ કે શેકેલું, ઉકળેલું, ધાન ઉગી શકતું નથી.-૧૦-૨૨-૨૬ ॥ (મારામાં આવેશિત બુદ્ધિવાળાનો કામ, કામ રૂપે કલ્પાતો નથી; અવશ્ય કરીને શેકેલાં, કાપેલાં, ધાન બીજ તરીકે વાવવામાં આવતાં નથી.) કામનાઓને તેના પ્રતિ લગાડ્યાનું આવું પરિણામ છે.

અત્રે જ એક મહાન્ તત્વશાસ્ત્રનો સમાવેશ થાય છે, મોક્ષ એટલે શું—જન્મના ફેરામાંથી છુટા થવું તે? અથવા બલાત્કારાધીન જન્મમાંથી છુટા થવું તે? પોતાના ગુરૂદેવ અથવા ઇષ્ટદેવના સાથમાં સદા માટે રહેવાનું, ગમે તો તે શોક અને દુઃખમય હોય તો પણ દુઃખ રૂપે કોણ ગણશે? તેઓ વાતાવરણને દિવ્ય બનાવતા નથી! અને આવા પરિવર્તનમાં હોવાની વાતને બંધન રૂપ કોણ સ્વીકારશે?—સદા માટે આપણા ગુરૂદેવના સાથમાં રહેવું.—"જીવન ચક્રને અનુસરવું, સગાં સંબંધિ, મિત્ર પ્રતિના કર્તવ્ય ચક્રને અનુસરવું, તથા સુખ દુઃખથી મનનો નિરોધ કરવો. કર્મફલના નિયમનો અંત લાવવો." એમ કહેવામાં આવ્યું છે કે, "જીવાત્મા માટે શાંતિ અને મોક્ષનાં ફલ મિષ્ટ છે, પરંતુ વિસ્તીર્ણ અને ઉગ્ર કર્તવ્યનાં ફલો તેના કરતાં પણ વધારે મિષ્ટ છે. અન્યના—દુઃખી જાતિભાઇઓના, લાભ માટે સ્વાત્માર્પણ."

મહાન્ ત્રાતાના સાથમાં સદા માટે રહેવું; તેના કાર્યમાં ભાગ લેવો; અને તદ્દન તેની

ઇચ્છાઓને જ પાર પાડવાને પોતાની જાતનો ભોગ આપવો, આ કરતાં ક્રિયા વિશેષ સ્વાતંત્ર્યની કોઈ પણ ઇચ્છા કરી શકે ?

અને તેથી જ તેમની ઇચ્છાઓ પૂરી પાડવાનું તેનું વચન હતું.

यातावलाव्रजं सिद्धामयेमारंस्यथ क्षपाः ।
यदुद्दिश्य व्रतमिदंचेरुरार्यार्चनं सतीः ॥१०–२२–२७.

અબલાઓ, તમે વિજય પ્રાપ્ત કર્યો છે, હવે વ્રજમાં પાછી ફરો, પ્રાર્થનાનો આ સ્વીકાર સંભાળ પૂર્વક વિચારવાની જરૂર છે, કારણ કે જો તે સ્વીકારવામાં આવી તો તે પૂર્ણ કરવાની હતી,—આપણે જાણીએ છીએ કે એક સાધારણ પતિની પેઠે તે તેમની સાથે કદાપિ રહ્યો નથી, તેમ જ તેમની સાથે કદાપિ પરણ્યો નહતો, તથાપિ તેણે તેમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો હતો, તેનો માત્ર તેમના અધ્યાત્મિક પતિ થવાના અર્થમાં ન હોય તો, આ કેમ સંભવી શકે ? આવા પતિ થવા દ્વારા, એક પ્રેમી સ્ત્રીનાં સાદાઇ અને ભક્તિપૂર્વક, તેમને તેની ભક્તિ કરવાનો ઉત્તમ પ્રસંગ આપવામાં આવ્યો હતો. આથી શ્રીકૃષ્ણનો ગોપીઓ પ્રતિનો ભાવ જણાઈ આવે છે. હવે ગોપીઓનું તે પછીનું વર્તન શ્રેષ્ઠ રીતે સમજવાને, આ નીચેનો ઉતારો કરૂં છું:—

इत्यादिष्टा भगवतालब्ध कामा कुमारिकाः ।
ध्यायन्त्यस्तत्पदाम्भोजं कृच्छ्रान्निर्विविशुर्व्रजम् ॥२८॥

ભગવાનથી આ પ્રકારે આજ્ઞા થતાં, પ્રાપ્ત કામ થયલી બાલાઓએ તેના પાદ કમલનું ધ્યાન ધરતાં ધરતાં ધીમે ધીમે વ્રજમાં પ્રવેશ કર્યો.—૧૦—૨૨—૨૮.

તેમને તેના પાદનું ધ્યાન ધરાવીને, કર્તાએ વર્ણનમાં અન્ય ઉત્તમ ખુબીનો સમાવેશ કર્યો છે, અને માત્ર તેના ભક્તોજ તેની કિંમત કરી શકે છે આવા ભાવમાં વિષયોપભોગનો લેશ પણ વિચાર હોઇ શકે નહિ. શ્રીકૃષ્ણ માટે તેમની કેટલી બધી ભક્તિ હતી. તથા તેમનાં અંતઃકરણની શી ઇચ્છા હતી, અને તે વૈષયિક વૃત્તિના સંતોષથી કેટલી દૂર હતી, તે આથી સ્પષ્ટ થાય છે. કારણ કે જો તેમાં લેશ પણ વિકારનો વિચાર હોય તો, તેમના વિચાર કદાપિ જરાએ શ્રીકૃષ્ણના પાદમાં યોજાત નહિ, પરંતુ "અન્ય અવયવો" જેવાં કે, "વદન" અથવા "કામાસક્ત નેત્રો" માં યોજાત, પરંતુ જેનું તેઓ ધ્યાન ધરતાં હતાં તે "વદન" પણ નહતું પરંતુ "પાદ" હતા, અને તેનો વિકાર સાથે લેશ પણ સંબંધ નથી, તથા એ ભાગતો એક એવા સ્થાન રૂપે ગણવામાં આવે છે કે જ્યાં અમુક મનુષ્ય ધ્યાન લગાડવાથી, કોઈપણ પુરૂષ અથવા સ્ત્રી સંબંધિ વિકારના વિચારનો નાશ કરી શકે છે. તે એજ ભાગ કે જેમાંથી ઘણી આધ્યાત્મિક અસર પ્રસરતી ધારવામાં આવે છે, અને તેથી સર્વ ભક્તોની ઇચ્છા તેમના ગુરૂદેવ અથવા દેવનાપાદ સ્પર્શ કરવાની હોય છે. શ્રીમદ્ ભાગવતનો કર્તા કે જે, મૂલમાં આવો "કામગ્રસ્ત વૃત્તાંત" દાખલ કરવા માટે દોષપાત્ર ગણાય છે, તેણે વર્ણવેલી યથાર્થ વાતો આવી

આદ્ય દ્રષ્ટા
'એક અભેદમાર્ગ-પ્રવાસી'
બ્રહ્મનિષ્ઠ મણિલાલ નભુભાઇ

સુદર્શન.

તન્ત્રી—
પ્રોફેસર આનંદશંકર બાપુભાઇ ધ્રુવ
એમ. એ. એલએલ. બી.
ઉપતન્ત્રી—
રા. રા. વિશ્વવિહારી અનુજ

(ધર્મ-ગૃહ-સાહિત્ય-આદિ વિદ્યા અને તત્સંબંધી વિચાર.)

"सत्यं परं धीमहि"—भागवतम्.

પુસ્તક ૧૮. અંક ૪.] (માસિક.) [જાન્યુઆરી ૧૯૦૩.

આત્મ-નિવેદન!!

(મળેલું.)

(શિખરિણી.)

વધો બેમાંથી એ "નકિ નકિજ તે શોક કરશે,
કહીએ જો આને સકલ જગ વેરાન બનશે."
કહ્યું બીજે ત્યાંતો "મરણ મુજને જ્યાં ધસડશે,
ગજો થવાનું તે જરિ ન પરવા છે મમ દિલે."

કરી નીશ્ચે શંકા સરવ તજતાં જીવન ખરૂં!
અનાસ્થાથી આસ્થા મહિંજ ફરવું એ જીવનનું!!
રૂડો જીવાત્માહા સુખિ બન તું તો સર્વ બલથી,
ખરૂં જીવ્યું એ છે મરણ તુજ અંતે નકિ ખરે.

ભ્રમંતું ચક્રે આ સતત વળતું ક્રૂર બનવા,
હશે રીતી તારી સરવ જનને ક્રૂર દીસતું;
અને ક્રૂર પૃથ્વિ કદિ તુજ શિરે અંતર વળી,
છુપાં રત્નોનોતો સકલ પણ ભંડાર જડશે.

અરે આતો નિશ્ચે જીવન રહિને બે ત્રણ દિનો!
ઘણું જાતું જાણે ઝરણ નદિનું ગાઢ વનમાં!!
પરંતુપર્વાતા જરિપણ વળી બે દિન તણી!
થયું ને થાવાનું દિન દ્વય મહિં જે કંઇ લખ્યું!!

યુવાને આનંદે વયપણ વધ્યું છે નકિ હવે,
તણાયો પ્રીતિમાં મધુરમુરલિ ગાન શુણિને;
પ્રીતિને ના નિંદો કટુ અનુભવોને જરિ ગણી!
કટૂતા એનીતો અધિક ઘટતી આ જીવનમાં!!

અરે જીવાત્મા શું તુજ નશિબમાં દુઃખજ લખ્યું?
અને નિત્યે મોટાં વહન વહવાનું વિધિ તણાં!
શું કર્યો તું આવ્યો વળી અહિંજ આતે જીવનમાં?
જરા જાણ્યું જો તે જલદિથી જવાનું અહિં ખરૂં!!

રમી લે આજે તું નવ કઈ ધરી કાલ પરતો,
સદા ભાવી આશા દિલગિરી વિના અન્યન કરે;
ગુમાવી ના દે તું જીવન વળી જે ઇશથી મળ્યું!
ન તે કાંઇ નક્કી વળી જીવન બીજું કયમ થયું!!

વૃથા આ રીતે તો ભટકવું અહા સર્વ જગમાં!
રહું માણી લેને નશિબ તું કરી દૂર અવળું!!
નકી જાણી લેકે સરવ જનતો દાવ રમશે!
પડે પાસા જેવા નિરમિત વિધિએ કંઈ હશે!!

હશે જોયા પ્યાલે પ્રણય રસ ભગો પ્રીતિતણા!
અને વિંટાયો એ કબરિ લનનાની મંહિં કદા!!
અને તેનો આતે લચિત પણ જે ભાગ નિરખો!
ઘણીવારે એતો અધિક દિપતો હસ્ત કુમળે!!

હતાના હુંકે તું દિનરજનિઓ તો બહુ ગઇ!
અને તેને ધંધે સતત ધપતું અબ્ર પ્રીતિથી!!
અરે ધીમે મૂકો રજપર તમારો પગ વાળી!-
કદા નીશ્ચે એતો હતું પણ વળી રૂપ નવલું!!

અરે આ મંદીરો મસિદસમ છે પ્રાર્થન ગૃહો!
ખરે સ્તુતિ સૌએ રસિક રવ જે ઘંટ કરતા!!
ઇસુ અલ્લા કૃષ્ણ વળી પણ કહો અન્ય કંઇ એ!
બધે વિશ્વે વ્યાપી વિવિધ વળી વાણી સ્તુતિ તણી!!

લખાયું આ ભાલે કંઈક બનવાનું સરવ તે!
અહા છૂપા હસ્તે સુખદુખ ન જે લેશ ગણતો!!
લખાયું જે ત્યાંતો નહિ નહિ કદાએ ફરી શકે!
વૃથા સામે થાવું બડબડ કરી મોહ ધરીને!!

વિલોકો આ પાત્રો નિરમિત થયાં જે થકીજ સૌ,
કદા કર્મો થું તે રમત રમતાં નાશ કરિએ,
અને તેનાં આસૌ અધિક દિપતાં તે અવયવો,
કયી પ્રીતિ ક્રોધે સરવ કરીને ભાગી પણ દે.

નિચા વીચારોથી અધિક ભિતિ વાધે મરણની!
અરે એ મૃત્યુ તો અમર તરની આશ પણ દે!!
પરંતુ જ્યાં દરો જીવન નવલું આ ક્ષ દિધું!
પછી મૃત્યુ નાહું કહિ જઇ ઍડયું ના ગમ પડે!!

નભાવિ, તો લેખે પ્રબલ વળી વૃત્તિ મનુષ્યની!
અહા શાંતિ ધારો મનુજ બલને ના બહુ ગણી!!
અહિંયાં નો રે'શું સતત નમિને શોક તરશા!
અદા મોક્ષ આવ્યા જઇશું પણ વ્હેલા અહિંથી તો!!

રડે શાને તુંતો જીવન નિચ તારૂં વળી લહી!
રડીને શું પામે ખુશિથી વસ આનંદિત થઈ!!
કૃપાની પવૈના નવ કંઈ કર્યા પાપ જરિએ!
દયા પાપી માટે નવ કંઈ તને શોક તજને!!

વિશ્વવિહારી—અનુજ.

યોગ.

(મળેલું)*

વિભાગ-૧.

વિવિધ અનુયાયીઓએ, પરમાત્માની પ્રકૃતિ કે જેનુ તેઓ જ્ઞાન પામવા માગે છે, તેના વિષે ઘડી કરેલી ભાવનાઓ ઉપર હોય છે. કારણ કે યોગનાં ઘણાં વિવિધ દર્શનો ઉપદેશવામાં આવ્યાં છે. કેવી રીતે આત્મપ્રકૃતિ વિષે શોધ કરવામાં આવી હતી, અને કેવી રીતે અજ્ઞાનદ્વારા કોષ પછી કોષને, જેમાં જીવાત્મા ઢંકાઈ રહ્યો છે, તેમને મહત્ એક, 'અમર અભય બ્રહ્મન્" રૂપે ધારવામાં આવ્યા હતા, અને અંતે શિષ્યના મનમાં અપરોક્ષાનુભવદ્વારા અધમ કોષોનુ મિથ્યાત્વ અનુભવાયું હતું, એ વાત છાંદોગ્યોપનિષદ્‌ના અંત ભાગમાં, આપણા વાંચવામાં આવે છે. પ્રથમ શરીરને ભૂલથી ભૂમારૂપે માનવામાં આવ્યું હતું, પછી ચેતનનાં અધમ વાહનો તેમ મનાયાં હતાં, પરંતુ આખરે આ સર્વ માત્ર 'અશરીર એકનાં આશ્રમ સ્થાનો" રૂપે જણવામાં આવ્યાં હતાં; કારણ કે આ અધમ કોષો, વિશ્વના વિવિધ પ્રદેશોમાં કાર્ય કર્તા આત્માના વિવિધ દેખાવો છે, સર્વમાં સ્થિત થયલા તે એક જીવનનાં, "જેમાં આ સર્વ ભુવનોનો લય થાય છે" તેનાં વાહનો છે. શાસ્ત્રોમાં ઉપદેશાયલી યોગની આ અનેક શાખાઓમાંથી, આપણે પ્રથમ અધમ સ્વરૂપનો, હઠયોગના ત્રણ વિભાગોનો, કે જે અધમ ત્રણ કોષો સાથે સબંધ ધરાવે છે, તેનો અભ્યાસ કરીશું; કારણ કે આ વિવિધ શાખાઓને સમજવી, એ વિષયનો સત્ય વિવેક થવા માટે આવશ્યક છે.

હઠયોગ.

હઠયોગના અભ્યાસમાં આપણને તેનાં બે મૂખ્ય સ્વરૂપો માલુમ પડે છે, સ્થૂલવિષયક અને આધ્યાત્મિક; તેમાંથી આધ્યાત્મિકના ફરી વળી બે વિભાગ થાય છે. સ્થૂલશરીર વિષયક પરિણામો માટેની ક્રીયાઓમાં, ઇચ્છાને અધીન નહિ એવાં, અવયવો, અને કેટલીક સ્થૂલવિષયક રીતિયો ઉપર સત્તા મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે તે. શરીરનાં આ કાર્યો,

* થીઑસૉફીસ્ટમાં આવેલા એક આર્ટીકલને આધારે-લખનાર—

રા. રા. વિંધહારી-અનુજ.

ઇચ્છાનેઅનઅધીન જ્ઞાનતંતુસંસ્થાદ્વારા નિયમાય છે, અને નિયમિતરીતે ઇચ્છાશક્તિને અધીન નથી, કે જે ઉન્નતિક્રમની આ ભૂમિકામાં પાચનક્રીયા જેવાં અધમસ્થૂલકાર્યોને નિયમતી નથી, પરંતુ ઉચ્ચ બુદ્ધિ વિષયક પ્રયત્ન માટે ઉપયોગી થઇ પડે છે; તેથી તેને સ્થૂલ વિષયક કાર્યોમાં લગાડવાથી, તથા શરીરનાં આવાં અધમ કાર્યો ઉપર સંપૂર્ણ સંયમ પામવા પ્રયત્ન પરાયણ થવાથી, આવાં કાર્યોની વિકૃતિ થાય છે, અને એ અવયવોની રોગી સ્થિતિ ઉત્પન્ન થાય છે એટલુંજ નહિ, પરંતુ આ શક્તિને મસ્તિષ્કસંબંધિ-પૃષ્ઠવંશવિષયક સંસ્થામાંથી ખેંચી લેવાથી, બુદ્ધિ મંદ થતી જવાનું પરિણામ આવશે, અને તેનાં વિજયવંત અભ્યાસદ્વારા એટલું જ પરિણામ આવશે કે, શરીરની સ્થૂલ રીતિયોમાં એકદમ અસર કરી શકાશે, તથા તેનાં અવયવોના ચમત્કાર થઈ શકશે. હૃદયસ્પંદન પણ અમુક હદમાં નિયમિ શકાય છે; ઇચ્છા થતાં ઉલટી કરી શકાય છે; હઠ પ્રદીપિકામાં લખ્યા પ્રમાણે, ૧૬ ફુટ લાંબી લુગડાની પટ્ટી ગળી જવાની ટેવથી, કંઠ અને શરીર મધ્ય દેશનાં ઇચ્છાનેઅનઅધીન અવયવોને તાબે કરવાનું સહેલું થાય છે: કોઈ કોઈ વખત આંતરડાંનું કૃમિ સદૃશ કાર્ય થઈ આવે છે. જ્યારે પાચનક્રીયા જેવી વધારે અંદરની સ્થૂલરીતિયો ઉપર જીત મેળવવામાં આવે છે, ત્યારે બુદ્ધિવિષયક પ્રયત્ન માટે મન વધારે નબળું પડતું જાય છે, અને મસ્તિષ્કમાંથી તેની શક્તિયોને ખેંચી લેવાથી, કદાચ ખરેખર તૂટી પણ જાય. આ પ્રકારે માત્ર શરીર ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરવા તરફ સર્વ પ્રયત્ન વાળવામાં આવે છે એટલું જ નહિ, પરંતુ અભ્યાસની આ ક્રીયાઓથી થતાં પરિણામો ઉન્નતિ ક્રમના વિરૂદ્ધ છે, કારણ કે આ પ્રકારે તો પ્રાણી પ્રેરણા સાથે મળતી આવતી અંતઃકરણની અધમ ભૂમિકા વૃદ્ધિ પામે છે. રાજયોગમાં અધમ કોષોનાં વલનોને ઉચ્ચના અધીનમાં લાવવાથીશરીર સંયમ પ્રાપ્ત થાય છે; ઉચ્ચકોષો ઉદ્યોગિતાધિક્યથી અધમને નિયમે છે. શરીરને, મનન કર્તાને સ્વચેષ્ટાથી અધીન થવાનું શિખવવામાં આવે છે, પરંતુ તેનાં કાર્યોમાં વચ્ચે પડવામાં આવતું નથી. હઠ યોગમાં જે અવયવોને અધીન કરવાની ઇચ્છા હોય છે તેમના ઉપર ધ્યાન તથા ઇચ્છા શક્તિને વારંવાર લગાડવાથી, આ ક્રીયા થઈ શકે છે, અને તે તે સ્થાનના જ્ઞાનતંતુ-કોષો આ પ્રકારે ઉશ્કેરાવાથી, તેમની ગતિ વૃદ્ધિ પામે છે, તથા અભ્યાસદ્વારા તેમની ચેતનામાં, ઇચ્છાશક્તિ અસર કરવાને શક્તિવાન થાય છે.

આવાજ વાદ ઉપર હઠયોગના આધ્યાત્મિકસ્વરૂપનો આધાર છે. સમગ્ર શરીરમાં ઉભય જાતનાં જ્ઞાનતંતુ-કોષો તથા જ્ઞાનતંતુ-રેષાઓ જડી આવે છે—ઉભય મસ્તિષ્કસબંધિ પૃષ્ઠવંશવિષયક હોય છે, અને ઇચ્છાનેઅનઅધીન જ્ઞાનતંતુસંસ્થાને તાબે છે. આ, ઇચ્છાને અનઅધીન જ્ઞાનતંતુ-કોષોના શરીરમાં મૂખ્ય સાત સમૂહો છે, તે ઉપરાંત વળી અન્ય ઘણા નહાના છે; આ સમૂહોને ચક્રો કહેવામાં આવે છે, અને તેમાં જ્ઞાનતંતુરેષાઓ પણ હોય છે. પૃષ્ઠવંશ પણ કોષ સમૂહનો બનેલો હોય છે. દરેક જ્ઞાનતંતુ-કોષનું કાર્ય ચેતના છે, અથવા તેના શક્તિ ગ્રહણ કરવાથી ચેતનાના વાહન રૂપ થવાનું હોય છે. મસ્તિષ્કના જ્ઞાનતંતુ-કોષો દ્વારા ચેતના સ્થૂલ સૂક્ષ્મ દુનિયામાં કાર્ય કરે છે. ઇચ્છાને અનઅધીન સંસ્થાતાને તો, જન્મત થયલી ચેતના હોતી નથી, તો પણ રોગની બાબતમાં, ઘણી નકામી વૃત્તિયો કે જેને સામાન્ય ચેતના ઉપર સામ્રાજ્ય કરવા દેવામાં આવે તો ઘણા જ્ઞાનતંતુ વિકારો થાય છે,

તેનું તેઓ ઉત્પત્તિ સ્થાન થઈ પડે છે. વળી હઠયોગના આ વિભાગનો આધાર, ઇન્દ્રિયોદ્વારા આવતી શક્તિયોના કરતાં અન્યના ગ્રાહક કેન્દ્ર રૂપ થવાને, આ કોષોને ઉદ્યોગિ ચેતનામાં જાગ્રત કરવા ઉપર છે, અને તેમનાં કાર્યોનો નિરોધ, ક્રમે ક્રમે તેમની ખોલી નિઃળતી લાગણીઓ સાથેના તેના યુદ્ધમાં વિકસિત ઇચ્છાશક્તિદ્વારા પ્રાપ્ત થાય છે. મસ્તિષ્ક અને જ્ઞાનતંતુ-સંસ્થા ઉપરનો બોજો ભયંકર છે, પરંતુ જીવન ઉન્નતિક્રમની વૃદ્ધિમતિ શીઘ્રતા, એક નિત્યપરિણામ પણ છે. નીચેના હેતુ ઉપર આધાર રાખતું, હઠયોગનું આધ્યાત્મિક સ્વરૂપ ઉભય પ્રકારનું છે. ઉન્નતિ ક્રમના આ માર્ગોમાંના એકમાં, સૂક્ષ્મ શક્તિયોનો વિકાસ, સિદ્ધિયોની પ્રાપ્તિ, ચેતનાના વાહન રૂપે ઉપયોગમાં આવવાને મનોમય કોષના આંતર્ સ્વરૂપની જાગ્રતિ, હેતુરૂપે હોય છે, જ્યારે અન્યનો હેતુ ભક્તિ હોય છે. આ શરીરનો વિકાસ સરખામણીમાં એક અધમ કોષનો છે, તેથી વિજ્ઞાનમય કોષની માયા જાલને ભેદવાને ચેતના શક્તિવાન્ થઈ શકશે નહિ, અને જે આ પ્રકારે અન્ય ઉચ્ચ કોષોની સાથે વૃદ્ધિહીન રહી જાય છે એટલું જ નહિ, પરંતુ જીવાત્માના આ અધમ કોષો સાથેના અભેદદ્વારા, તથા આંતર્ અને બહિર્ શક્તિયોને લીધે ઉત્પન્ન થતા અનુભવોદ્વારા, ભિન્નતા અને વ્યક્તિતા વૃદ્ધિ પામશે; કારણ કે અધમ કોષમાં કાર્ય કરવાના જીવાત્માના લાંબા અનુભવથી, અને અધમ મનની આનુક્રમિક વિશેષવૃદ્ધિની શક્તિયો પ્રાપ્ત થવાથી, જીવાત્માની વ્યક્તિતા કે જે મૂલરૂપે શક્તિયોની પ્રાપ્તિદ્વારા અધમ મનની વૃદ્ધિ હોય છે, અને હવે આ અસાધારણ શક્તિયોથી ઘણી વધેલી હોય છે, તે એટલી બધી દૃઢ થઈ જશે કે આગળ ઉપર તેને દૂર કરવા માટે ઘણા પ્રયત્ન અને સમયની જરૂર પડશે; કારણ કે આ અભ્યાસનો મૂખ્ય હેતુ અંતઃકરણનો કેટલોક વિસ્તાર કરવાનો હોય છે, કે જેથી તેના નિરોધમાં ઇચ્છાશક્તિનો ઉપયોગ થઈ શકે, પરંતુ ભક્તિના હેતુ વિનાનો હોવાથી ઉચ્ચપ્રકૃતિ વૃદ્ધિ વિનાની રહેવા દેવામાં આવે છે, અને અંતઃકરણના અધમ કોષોની વૃત્તિયોનો આ પ્રમાણે ઉન્નતિ પામેલી માત્ર ઇચ્છાશક્તિથી જ નિરોધ કરવામાં આવે છે, તથા રાજયોગમાં હોય છે તેમ ઉચ્ચ પ્રકૃતિની આગળ પડતી ઉદ્યોગિતાથી આમ કરવામાં આવતું નથી. આ અધમ મનની આગળ પડતી વૃદ્ધિને લીધે કારણશરીરને આમ સ્પષ્ટ નુકશાન થાય છે, કારણ કે અધમની વૃદ્ધિ માટે જીવનને ઉચ્ચમાંથી તદ્દન ખેંચી લેવામાં આવે છે એટલું જ નહિ, પરંતુ આ ભિન્નતા અને વ્યક્તિતાને લીધે, આધ્યાત્મિક ક્રમવિકાસ કે જેમાં વ્યક્તિને સર્વ વ્યાપક સાથે અભેદમય માનવામાં આવે છે, તેમાંથી તે વિદૂર થાય છે. જો આ શ્રેષ્ઠ આત્માની ક્રીયાઓ આગળ પડતી કરવી હોય તો, અધમ કોષોને આટલા બધા જાગ્રત કરવા જોઇએ નહિ,- અને હઠયોગનાં આવાં આધ્યાત્મિક પરિણામો અસ્થિર છે, અધમ ભુવન ઉપર શક્તિયોને જાગ્રત કરવામાં આવે છે, અને મરણ સમયે અધમ કોષોના નાશ સાથે અદૃશ્ય થાય છે એટલું જ નહિ, પરંતુ સૂક્ષ્મ સંસ્કારોની સાધારણ ચેતના અન્ય જન્મમાં સાથે આવે છે, અને તે ઉચ્ચ પ્રકૃતિની શ્રેષ્ઠ વૃદ્ધિ સાથે સંબંધ વિનાની હોવાથી, તેની અસરની ગતિ મનમાં પહોંચવાથી, ભીતિનું ઉત્પત્તિ સ્થાન થઈ પડે છે. રાજયોગમાં તો ઉચ્ચ કોષોનું પોષણ કરવામાં આવે છે કે જેથી તેમની ઉદ્યોગિતા અધમ મનને નિયમાં રાખે: આ ઉચ્ચ પ્રકૃતિની

વૃદ્ધિદ્વારા તેની અધ્યાત્મિક શક્તિયો ખીલી નીકળે છે, અને ઉચ્ચ ભુવન ઉપર કાર્ય કરવા દ્વારા, આ પ્રમાણે અંતઃકરણના અધમ કોષોને જાગ્રત કરે છે. પરંતુ સિદ્ધિયોને હેતુમાં રાખી હઠયોગની આ ક્રીયાઓમાં, ત્રણ અધમ કોષોને જ અસર થાય છે—અન્નમયકોષ, પ્રાણમયકોષ, મનોમયકોષઃ એ ઉચ્ચ, ઉચ્ચમન અને બુદ્ધિનાકોષોમાં, પ્રબલ સૂક્ષ્મ વિક્રિયાઓ બુદ્ધિકભુવનમાં પહોંચી શકે તેટલા જ પ્રમાણમાં અસર થાય છે. શરીરનાં આ ચક્રોદ્વારા યોગની આ ક્રીયાઓવડે ઉચ્ચ મનની પ્રાપ્તિ થતી નથી, કારણ કે તેનો આધાર તો ઉચ્ચક્રમવિકાસ ઉપર હોય છે; વળી જ્યારે સૂક્ષ્મ શરીરનાં ક્રયો વિભિન્ન અવયવોદ્વારા કરવામાં આવે છે, ત્યારે એવું કહેવાય છે કે, માનસ શરીર " માત્ર એક સ્વરૂપે જ થયું છે. "

(માંડયૂક્યોપનિષત્—૫.)

ભક્તિને હેતુમાં રાખતો હઠયોગનો અભ્યાસ ક્રમ રાજયોગની પ્રકૃતિને મળતો આવે છે; કારણ કે સૂક્ષ્મભુવનના ઉચ્ચપ્રદેશો પ્રતિ, હેતુદ્વારા પ્રયત્ન દોરવાય છે, અને ઉચ્ચ કોષોની શક્તિયો પણ, તેમની પ્રકૃતિ આ અંદરના હેતુ સદશ હોવાથી, જાગ્રત થઈ જાય છે; કારણ કે અધમ કોષોના સદ્ગુણો, ઉચ્ચ શક્તિયોમાંની આત્મિક શક્તિયો કે જે ચેતનાના ઉચ્ચ કોષોનાં અવયવો અને શક્તિયો હોય તેના જેવી છે, તેનાં પ્રતિબિંબ છે, જેની ઉન્નતિ થવાથી તેઓ ક્રમે ક્રમે ઉન્નત થતા જાય છે, અને ઉચ્ચ ભુવનો ઉપર મનન કર્તાને રહેવાનાં ચેતનાનાં વાહનો રૂપે થઇ પડે છે. કારણ કે રાજયોગની ક્રીયાઓ દ્વારા ક્રમે ક્રમે ઉચ્ચ કોષોનું પોષણ કરવાથી, યોગના ત્રીગુણ માર્ગને અનુસરવા દ્વારા તેમને વિચાર પૂર્વક પોષવાથી, ઉચ્ચ કોષોનું કાર્ય આગળ પડતું થવા માંડે છે, અને આ અધમ કોષોમાંથી જીવન ધીમે ધીમે ખેંચી લેવાવાથી, અંતઃકરણનો ફેરફાર થઈ જાય છે, અને ઉચ્ચ કે જે આ પ્રકારે અંતઃકરણનું યોગ્ય વાહન થઈ પડે છે, તેમાં અંતે મનન કર્તા નિવાસ કરે છે.

અને આમ તેની ક્રીયાઓના મૂખ્ય સ્વરૂપમાં, આ અધમ કોષોના બંધારણના વૃત્તિવિવર્તો સામે, ઉદ્યોગપૂર્વક રાજયોગને યુદ્ધ ચલાવવાનું નથી, અને તે દ્વારા સૂક્ષ્મ શરીરમાં મહત્ પ્રતિક્રાર્ય કરવાનું નથી, કે જેથી ઘણીવાર મનમાં અધમ સંસ્કારોની જડ ઘાલી બેસે છે, પરંતુ આ અધમ વિવર્તોનું સ્થાન ઉચ્ચ માનસિક ભાવનાઓથી રોકાવાની જરૂર છે. આ કોષોના ઉચ્ચ પદાર્થોને વિચાર પૂર્વક જાગ્રત કરવાથી, તે અંતઃકરણનાં અધમ સ્વરૂપોનો ત્યાગ કરે છે. " જેમ એક દેખાવનું અદૃશ્ય થવું, એક જોનારને નહિ જોનાર રૂપે બનાવી દે છે." તેમ ઉચ્ચની વિશેષ ઉદ્યોગિતાને લીધે અધમ અદૃશ્ય થાય છે.

મંત્રયોગ

વળી યોગનો એક અન્ય વિભાગ છે કે જે મૂખ્યત્વે કરીને અંતઃકરણનાં અધમ વાહનોના બંધારણને અસર કરે છે, અને તેના ઉચ્ચ સ્વ-રૂપમાં ઉચ્ચ વિદ્યામાં પણ તે પ્રણો મદદગાર થઈ પડે છે. આ મંત્રયોગ છે કે જે, ભ્રમણોની મહાન્ સંસ્થા જેના દ્વારા વિશ્વમાં

આ સર્વ વિભાગોને, —એકજ ભુવનના હોય તોપણ, ચેતના જુદી છે, કારણ કે દરેક ભુવનના સપ્ત પ્રદેશો જુદી જુદી જાતનાં મોજાને ગ્રહણ કરે છે.

પ્રાકૃતિક-ચેતના.

મન્ત્રો અને શ્લોકોથી સૂક્ષ્મ અને પ્રાકૃતિક ચેતનામાં ફેરફારો થાય છે.

પ્રાકૃતિક—બાહ્ય.
પ્રાકૃતિક—ઇથર વિષયક.....સ્નાયુથાકયાનું ભાન.
પ્રાકૃતિક—પ્રાણ.....કામ.
પ્રાકૃતિક—કામ-મનસ્.....વર્ષા પછીનાં વૃક્ષો.
પ્રાકૃતિક—મનસ્.....પ્રાણીપ્રેરણા અને તર્ક.
પ્રાકૃતિક—બુદ્ધિ.....(સંયોગ.)

હઠયોગ અને મંત્રયોગ

સૂક્ષ્મ-ચેતના.

સૂક્ષ્મ—બાહ્ય. } જડ સ્વરૂપ ધારણ કરે છે.
સૂક્ષ્મ—ઇથર વિષયક. } જડ પદાર્થ સાથે મિશ્રણ થતાં.
સૂક્ષ્મ—પ્રાણ.....પ્રેરણા.
સૂક્ષ્મ—કામ.....દૂર્ગુણ પ્રદેશ.

સૂક્ષ્મ—મનસ્.
સૂક્ષ્મ—બુદ્ધિ.
સૂક્ષ્મ—આત્મા.
} ...ભુવર્લોકના ઉચ્ચ પ્રદેશો.

માનસિક-ચેતના.

અહંકારની દ્વૈતિય ભૂમિકા.

મનસ્—બાહ્ય.
મનસ્—ઇથર વિષયક.
મનસ—પ્રાણ.
મનસ્—કામ.....અક્કલની રીશીયારી..
મનસ્—મનસ્.
મનસ્—બુદ્ધિ.....અભેદ યોગ.
મનસ—આત્મા.

રાજયોગ

બુદ્ધિક-ચેતના.

બુદ્ધિક—પ્રાકૃતિક—૧.
બુદ્ધિક—પ્રાકૃતિક—૨.

બુદ્ધિક—સૂક્ષ્મ—૧.

બુદ્ધિક—સૂક્ષ્મ—૨.

બુદ્ધિક—મનસ.

બુદ્ધિક—બુદ્ધિ.

બુદ્ધિક—આત્મા.

પરંતુ આ અધમ શરીરોમાં વસતા અને દરેક ભુવનમાં કાર્ય કરનારી ઉપચેતનાની અવસ્થાઓ વિષે આપણા વાચવામાં માત્ર આ ચાર અવસ્થાઓ જ આવે છે. દરેક ભુવનને પોતાને માટે ચેતનાની આ ચાર અવસ્થાઓ જ હોય છે, અને એક પછી એક આ અવસ્થાઓનું ઉલ્લંઘન કરવાથી, ઉચ્ચ ભુવનોમાં જવાથી, યોગના ઘણા નજીક આવી શકાય છે. કારણ કે આ ઉચ્ચ ભુવનોમાં ઉચ્ચ કોપનો સૂક્ષ્મ પદાર્થ હોવાને લીધે, ચેતનાનો વિસ્તાર થાય છે. રાજયોગની ક્રીયાઓ ઉચ્ચ અંતઃકરણની આ સ્થિતિ પામવાનાં સાધનો છે; પરંતુ ભક્તિ વિનાનું જ્ઞાન સંપૂર્ણ નથી.

માનસિક અંતઃકરણના સબંધમાં વિચારતાં આ અવસ્થાઓમાંની ઉતરતામાં ઉતરતી વૈશ્વાનર છે, જેમાં મન બહિર્ પદાર્થોને જુએ છે. બહિર્ સંસ્કારો પામવાને તેની શક્તિયો બહિર્ ધાવન કરે છે. આ બહિર્ પદાર્થોનો નિષેધ નહિ હોવાથી, તે તરત પ્રત્યુત્તર આપે છે, અને તેને મોજાં પહોંચવાથી તેમના વડે અંતઃકરણને અસર થાય છે. પરંતુ તે કંઈ સ્વતંત્ર કાર્ય કરતું નથી, તો પણ તેની વૃદ્ધિની રીતિવડે, ગુણનાં કાર્ય દ્વારા બહિર્ શક્તિયોના જેવી જ ઘણી આંતર્ શક્તિયો તેમાં ખીલી નીકળેલી હોય છે.

બીજી અવસ્થા તૈજસ છે, જેમાં અંતઃકરણ આંતર્ પદાર્થો સાથે કાર્ય કરે છેઃ બહિર્ની શક્તિયોનો નિષેધ થાય છે, અને પોતામાં જ કાર્ય કરે છે. આ પ્રમાણે બહિર્ સંસ્કારોને લક્ષ આપવામાં આવતું નથી, અંતઃકરણ અંતર્ મૂખ થયલું હોય છે, પોતાની ક્રીયાઓમાં જ લાગેલું હોય છે, અને તેમનું આકર્ષણ એટલું બધું પ્રબલ હોય છે કે, બહિર્ના કરતાં આંતર્ પ્રવૃત્તિ આગળ પડે છેઃ પરંતુ આ પ્રવૃત્તિ અનિયમિત હોય છે, પદાર્થો ઘણા છે, અને તેમની ઉત્પત્તિ માટેનાં અવયવો પણ ઘણાં છે.

પ્રાજ્ઞની ત્રીજી અવસ્થા વિષે આપણા વાચવામાં આવે છે કે,અંતઃકરણ "માત્ર એક જ થઈ જાય છે." તે આંતર્ શક્તિયોનાં આકર્ષણની પારની છે, અને પોતામાં જ એકાગ્ર છે. બહિર્ સંસ્કારો તેમજ આંતર્ વૃત્તિયો, કોઈ પણ તેને અસર કરી શકતાં નથી, કારણ કે તે ઉભયના કાર્યનો નિષેધ થયો હોય છે. તેનો માત્ર એક આધાર હોય છે, અને કાલ ક્રમનું ઉલ્લંઘન કરે છે, પરંતુ અધમમનની ઉચ્ચ વૃદ્ધિ સાથે બાહ્યતાની સ્થિતિમાં રહે છે.

ચતુર્થાવસ્થાતુર્યા, કેટલીક એક ભુવન ઉપર અસ્તિત્વ ધરાવે છે, અને કેટલીક તેના ઉપરના ભુવનને સ્પર્શ કરે છે. તે બહિર્ પદાર્થોની ચેતના નથી તેમજ આંતર્ પદાર્થની પણ

નથીઃ તે ચેતનાના એક હેતુના પારની છે અને માનસિક વૃત્તિયોના પશ્ચાત્ છે. વિચારની પાર વ્યાખાન ન થઈ શકે એવું; તેનામાં સર્વ વસ્તુઓનો અંત આવે છે, અને તેના વિસ્તારમાં બાહ્યતાને ઉલ્લંઘી જાય છે. માંડ્યૂક્યોપનિષદમાં અંતઃકરણની આવી અવસ્થાઓ વર્ણવવામાં આવી છે.

અંતઃકરણની ચાર અવસ્થાઓના પારના પ્રદેશમાં, તેનાથી અન્ય ઉપરનું ભુવન પ્રાપ્ત થાય છે, અને આના વિભાગો સાથે પણ ચાર અવસ્થાઓનો સંબંધ હોય છે.

યોગની ક્રીયાઓને અનુસરવામાં આવે છે કારણ કે એક પછી એક આ ચાર અવસ્થાઓની પાર જવાનું છે, પ્રથમ અવસ્થા વૈશ્વાનરની છે કે જેમાં એક બહિર્ પદાર્થનું સ્વરૂપ મનમાં ધારણ કરાય છે, અને અન્ય સર્વ બાહ્યશક્તિયોનો વિષેધ કરવામાં આવે છે. ઇન્દ્રિયોદ્વારા કાર્ય કરતી બહિર્ ધાવન કરતી અધમ મનની શક્તિ અંતર્મુખ થાય છે, અને ઇન્દ્રિયોનાં આકર્ષણોમાંથી વારંવાર પાછી અણાય છે. ઇન્દ્રિયોદ્વારા આવતા મનના સંસ્કારોને અધીન કરવામાં, હઠયોગની કેટલીક ક્રીયાઓ મદદરૂપે ઉપયોગી છેઃ કારણ કે ઇન્દ્રિયોને પોતાની કોઈ પણ જાતની પ્રવૃત્તિ નથી,* તેમના દ્વારા કાર્ય કર્તા મન છે, અને તેઓ તો માત્ર તેનાં અવયવો છે; તેનાથી ભિન્ન તેમને કોઈ પણ વૃત્તિયો હોતી નથી, અને અધમ મનને બહિર્ શક્તિયો તેમનાદ્વારા મળે છે, તેથી તેમનો નિરોધ કરવાથી મન સ્થિર થાય છે, અ કેન્દ્રોના સંસ્કાર ઓછા થવા જોઇએ અથવા તેનો નિષેધ થવો જોઇએ. નિમિષ વિના એક પદાર્થ ઉપર દૃષ્ટિને ઠરાવી રાખવાની હઠયોગની ક્રીયાથી—એક મોટો પદાર્થ કે જેથી તે ક્રીયા નુકશાનકારક ન થાય—મન કે જે પોતાની જાતે જે પદાર્થ જુએ છે તેના જેવુ સ્વરૂપ ધારણ કરે છે, તેના સુધી આ ઇન્દ્રિયોદ્વારા આવતીઘણી શક્તિયોને અટકાવવામાં આવે છે એટલું જ નહિ, પરંતુ અમુક આંતર્ પદાર્થના માનસિક ધ્યાનને મદદ મળે છે; જાણે એક માનસિક કેન્દ્ર બનતું હોય તેથી તથા મનના સ્થિર થવાથી કે જે આ ક્રીયાદ્વારા થાય છે, તેથી આ મદદ મળી રહે છે. શ્રવણેન્દ્રિય અને અન્ય ઇન્દ્રિયોદ્વારા આવતી શક્તિયોનો વિવેક પૂર્વક નિષેધ થાય છે, અને મનની શક્તિયો પાછી ખેંચાઈ જાય છે, અને આંતર વૃત્તિમાં લાગી રહે છે, હઠયોગદ્વારા શરીર પણ એક આસનમાં સ્થિર થાય છે, કે જેથી અંતઃકરણમાં લાગણીની ભાવના પ્રવેશકરી શકતી નથી.

વૈશ્વાનર—સ્વપ્નની અન્ય ભૂમિકા, આ ધ્યાનમાં બાધ કરતાં આંતર્ શક્તિયોનો નિષેધ કરવા રૂપ છે. બહિર્ ઇન્દ્રિયોનો નિરોધ થઈ શકે પરંતુ મન તો પોતાની આંતર્ વૃત્તિને અનુસરે. બહિર્ શક્તિયોનો નિષેધ થાય છે તો પણ એક આંતર્ સંસ્કારનું આકર્ષણ ધ્યાનીને તેના ધ્યેયમાંથી વિદૂર કરે; તેથી એક આંતર્ વિચાર લેવાય છે—વિચારના શ્રેષ્ઠ આકર્ષણ માટે એક મૂર્તિનો ઉપયોગ કરવામાં આવે છે, કે જેની પ્રકૃતિદ્વારા, બહિર્ પ્રવૃત્તિઓના સદૃશ આંતર્ પ્રવૃત્તિયોના પાર મન જઈ શકે છે. તેથી ધ્યાન માટે વાસના વૈરાગ્યની જરૂર છે, કારણ કે વાસનાના વિષયો મનમાંથી દૂર થવા જોઇએ તથા ઉત્તમ આકર્ષણને લીધે મનને અસ્થિર ન કરી શકવા જોઇએ; કારણ કે વાસનાદ્વારા જ મન વિવિધ સ્વરૂપો (વૃત્તિયો) ધારણ કરે છે. તૃતીય ભૂમિકા અથવા વૈશ્વાનર—સુષુપ્તિમાં, સર્વ સંસ્કારો " માત્ર એક જ

થાય છે." મન આ વિચારમાં જ મશગૂલ રહે છે, વાસનાથી નિવૃત્ત થાય છે, બાહ્ય પદાર્થોની તેમ જ આંતર્ વિવર્તોની પ્રવૃત્તિથી તથા માનસિક સંકલ્પોથી છૂટું થાય છે. આ એકમાં પ્રવિલાપનદ્વારા, અહંતા અને અધમતાના વિસ્મરણને લીધે, આ પ્રમાણે વિચાર અને વિચાર કર્તાનો અભેદાનુભવ વધારે સંભવિત થાય છે. કારણ કે એવું કહેવામાં આવ્યું છે કે, "જે આ પ્રમાણે જાણે છે તે જેના વિષે તે વિચાર કરતો હોય છે, તેની પ્રકૃતિ અનુસાર થાય છે." પરંતુ આ અભેદાનુભવ માટે અધમ વ્યષ્ટિતા અને જીવાત્માની મોહક ચેતનાનો નાશ થવો જોઇએ, કારણ કે અહંકારની ચેતનાના પ્રદેશમાં જે આવે છે, તેને તે બાહ્ય બનાવે છે: અને આ દ્વૈતની પાર વાસનાત્યાગવિના જઈ શકાશે નહિ, કારણ કે "વિચાર-જનક" ને તો બધું અનુભવના પદાર્થ રૂપે જણાય છે.

અંતઃકરની ચતુર્થ ભૂમિકા વિચાર પ્રદેશની પાર વિસ્તરે છે, વૈશ્વાનર તૂરિયા ભૂમિકામાં અંતઃકરણનો વિસ્તાર થાય છે, જ્યારે મનમાંના એક વિચારની પણ પાર જવાય છે, કે જે ભક્તિદ્વારા સાપેક્ષિક બહ્યતાના ભુવનની પણ પાર જવાનું શોધે છે, વિચારની પારની તથા દ્વૈત વિનાની ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત થાય છે. અને સમાધિની આ ઉચ્ચ સ્થિતિયો વિષે, મહાભારતમાં વશિષ્ઠે આપેલા યોગના ઉપદેશમાં કહેવામાં આવ્યું છે: "જ્યારે ઇન્દ્રિયોની પ્રવૃત્તિ તદ્દન બંધ થાય છે, અને દરેક હેતુમાંથી મન તદ્દન છૂટું થાય છે, પોતાની જાતના ભાન વિનાનું અને પોતા સામે કોઈ પણ પદાર્થ વિનાનું થાય છે, દેહમાંનો દેહિ પોતાની કાર્ય કરવાની રીતિયોની પાર જાય છે, ત્યારે જ્ઞાતા અને જ્ઞેયનો સંપૂર્ણ અભેદ થાય છે, તથા જ્ઞાન અને યોગી આ પ્રમાણે શ્રેષ્ઠને જોવાને શક્તિવાન્ થાય છે."

(મહાભારત-શાન્તિ-૩૦.)

"કારણ કે તે"—શ્રેષ્ઠ—"યોગ છે, યોગનો પ્રભુ છે, જેની પાસે માત્ર યોગદ્વારા જઈ શકાય છે.....વેદોપવેદોમાં, ઉપનિષદોમાં, પુરાણોમાં તથા આત્મા વિષે વર્ણન કરતાં શાસ્ત્રોમાં જે, ઘણું જ રહસ્ય યુક્ત, ગૂઢ છે, તે જ મહાન્ પ્રભુ, મહેશ્વર પણ છે. વળી તે સદા સ્મશાન ભૂમિમાં રહે છે. તે શ્રેષ્ઠ વિભુની મનુષ્યો એવા સ્થાનમાં ભક્તિ કરે છે કે જ્યાં માત્ર નિર્ભયવાળાજ જઈ શકશે: કારણ તેનાં સ્વરૂપો ઘણાં તથા ભયંકર છે."

(દ્રોણપર્વ-પૃ-૬૯૩.)

(આગળ ચાલુ.)

પ્રશ્નોત્તર—માલા.

(મળેલું. *

પ્રશ્ન.—જડ અને ચેતન એટલે શું?

ઉત્તર.—સંસ્કૃત "પુરૂષ" શબ્દના જેવા જ અર્થનો "ચેતન" માં સમાવેશ થાય છે, તેજ સર્વમાંનું જીવન છે, ચૈતન્ય છે. "જડ", "પ્રકૃતિ" છે, કે જેને વિસ્તાર છે, જે રૂપ ધારણ કરે છે, અને તેના ઘણા સમુદાયોમાં, ઇન્દ્રિયોથી જાણી શકાય છે, જોઈ, સાંભળી, સુંઘી, આસ્વાદિ અથવા અનુભવી શકાય છે. તમારૂં શરીર જડનું બનેલું છે; તમે, એક વિચાર કર્તા, લાગણી અનુભવતા, સત્વરૂપે, ચેતન છો. શરીરમાં જે વિચાર કરે છે, જે જુએ છે, સાંભળે છે અને અનુભવે છે, તે જડમાં બંધાયલું ચેતન છે જડ, ચેતનને મૂર્તિમાન કરે છે. જડ અને તેના ગુણો વિષે તમને આધુનિક સાયન્સનાં (ભૌતિક વિજ્ઞાનનાં) પુસ્તકોમાં ઘણું જ મળી આવશે; અને ઉપનિષદોમાંથી તમે ચેતનના ધર્મ વિષે કંઈક શિખી શકશો.

પ્ર.—આપણે ઇશ્વરને કેમ જોતા નથી?

ઉ.—એક પંડિતે આનો આવો ઉત્તર આપ્યો: તમે દરેક વસ્તુનાં, સ્પર્શન, શ્રવણ, દર્શન, ઘ્રાણન, તથા સ્વાદન, કરી શકશો નહિ, અમુક એક વસ્તુને જાણવા માટે આપણે અમુક એક ઇન્દ્રિય વાપરીએ રીએ, ધારો કે હું મારી કલમની દૃઢતાનું પરિમાણ જાણવા માંગું છું; મારાથી તેની વાસ લઈ શકાશે નહિ, પરંતુ મારો હાથ વાપરવો પડશે. જો મારે શર્કરાનો સ્વાદ જાણવો હોય તો, તેને સ્પર્શ કરી શકીશ નહિ, પરંતુ જીભ ઉપર મૂકીશ. અને તેવી જ રીતે દરેક વસ્તુ માટે; આ પ્રમાણે ઇશ્વરને જોવાને શુદ્ધ મન જોઇએ. (ઉપરના દૃષ્ટાંતોમાં ઇન્દ્રિયો નિરામય જોઇએ.) અને જો સદાચારમય જીવન ગાળવામાં આવતું હોય તોજ મન શુદ્ધ થઈ શકે. તેથી પ્રભુને જાણવા (જોવા) માટે, આપણે સદાચારમય જીવન ગાળવાની જરૂર છે. અને આપણામાંના ઘણાંનાં મન શુદ્ધ હોતાં નથી, તેથી ઇશ્વરને જોઈ શકતા નથી.

પ્ર.—જો પ્રભુ એક છે, તો મનુષ્યો પોતાના ધર્મ શા માટે બદલે છે?

ઉ.—અજ્ઞાનને લીધે મનુષ્યો ધર્મ બદલે છે. ગમે તે ધર્મદ્વારા પ્રભુને જાણી શકાય, અને ઘણાં મનુષ્યો, તેમને મદદ મળે એવા ઘણા જ યોગ્ય ધર્મમાં જન્મે છે. કોઈ સમયે, જ્યારે ઘણાજ ન સમજાય એવા સ્વરૂપમાં અમુક ધર્મ સમજાવવામાં આવે, ત્યારે અમુક બુદ્ધિમાન્ પુરૂષ, તેના ન સમજાતા સ્વરૂપમાં તેનો ત્યાગ પણ કરે, અને આગળ ઉપર જ્યારે તેનાં ઉત્તમ સ્વરૂપો જુએ, ત્યારે પણ તેમનાથી સંતોષ ન પામે અથવા એ ધર્મના અનુયાયિરૂપે પોતાનું પૂર્વ સ્થાન ધારણ કરવાને વલન પણ ન રાખે. તેની રૂચિને વધારે ગોઠતું

* C. H. C. Magazine ને આધારે યોજનાર—રા. વિશ્વવિહારી-અનુજ.

આવતું ધર્મનું અન્ય સ્વરૂપ, પછીથી તે ધારણ કરી શકે. પાણી ભરવાનાં વાંસણો જેવા ધર્મો છે; વાસણનો આકાર પાણી ગ્રહણ કરે છે, તથા તૃષા મટાડવા યોગ્ય શુદ્ધ પાણી રહે છે. તેવી રીતે સર્વ ધર્મોમાં આધ્યાત્મિક જીવન રેડાયલું છે, અને ધર્માનુસાર આકાર ગ્રહણ કરે છે, પરંતુ એક આધ્યાત્મિક જીવન જ રહે છે, અને જીવાત્માની પ્રભુજ્ઞાનની તૃષાને મટાડે છે,

પ્ર.—જમવા બેસતા પૂર્વે આપણે ઉપરનાં વસ્ત્રો શા માટે ઉતારી મૂકવાં જોઇએ? તેમને રહેવાદઇનેજ ખાવામાં શી હાનિ છે? અને આપણે ઉન અથવા રેશમનાં વસ્ત્રો રહેવા દઇનેજ કેમ ખાઇ શકીએ?

ઉ.—ઉપરનાં વસ્ત્રો રાખવામાં આવ્યાં હોય ત્યારે પણ ખાવામાં બાધ નથી. પરંતુ પ્રાચીનો ખોરાક શુદ્ધિની બાબતમાં ઘણા સૂક્ષ્મ દર્શી હતા અને ખાતા પૂર્વે તરતજ નહાતા તથા શુદ્ધ વસ્ત્ર પહેરતા હતા, જેથી કોઈપણ તરત ધોઈ શુદ્ધ કર્યા વિનાનો પદાર્થ અથવા મલિન થઈ શકે એવો પદાર્થ, ભોજનના સંસર્ગમાં આવવાનો પ્રસંગજ રહે નહિ. વસ્ત્રોના અને અન્નના નજીકના સંસર્ગમાં હોય ત્યારે સહેલાઈથી આકર્ષાતું બહારનું પ્રાણતત્વ, દૂર રાખવાની તેમની અન્ય ઇચ્છા હતી. તથાપિ આ રીવાજ હિંદુઓમાં કોઇપણ રીતે સર્વ માન્ય નથી, અને હિંદુસ્થાનના શીત પ્રદેશોમાં તે અનુસરાતો નથી. આવા ઘણા રીવાજો સ્થાનિક હોય છે, અને પૂણ્યપાપના કોઇપણ પ્રશ્નનો તેમની સાથે સંબંધ નથી. તેઓ નિરૂપયોગી છે. ઉન અને રેશમ, પ્રાણતત્વાકર્ષણમાં રક્ષણ કરે છે, અને તેથી કેટલાક તેનો ઉપયોગ કરે છે. તમે જો બધી દુનિયામાં અથવા માત્ર હિંદુસ્થાનમાં જ બધે ફરશો તો આ વિષયોમાં તમને વિશાલ ભેદ માલૂમ પડશે. અસાર અને સારને પારખતાં શિખો. આવા ઘણા પ્રાચીન રીવાજો માત્ર આરોગ્ય વિષયક હોય છે, અને તે ધર્મે માન્ય કર્યા હતા ધારણ કે આરોગ્યને ઉપયોગી હતા.

પ્ર.—હિંદુ ધર્મ, અનેક પત્ની કરવાના રીવાજને શા માટે ટેકો આપે છે.

ઉ.—સર્વ પ્રાચીન ધર્મો અનેક પત્ની કરવાના રીવાજને ટેકો આપે છે. કારણ કે પ્રાચીન સમયમાં, સમાજનાં, રક્ષણ સ્થૈર્ય અને શીઘ્ર વૃદ્ધિ માટે તે આવશ્યક હતો. તે સમયે પુરૂષો કરતાં સ્ત્રીઓ વધારે હતી અને તેઓ પુરૂષ રક્ષણ વિના રક્ષિત નહિ થવાને લીધે, એકજ પુરૂષને ઘણી પરણાવવામાં આવતી હતી. આ પ્રકારે, સમાજને અસ્થિર કરી નાંખનારા આડા વ્યવહારોનો અંત આણવામાં આવ્યો હતો, અને હાલમાં ઘણા સભ્ય દેશોમાં પોતાની જાતને અન્ન માટે વેચી નાંખનારી દુરાચારી સ્ત્રીયો જોવામાં આવે છે, તેવી તે સમયે ન હતી. મનુષ્યો આત્મસંયમ અને એક સ્ત્રીમાં અનુરાગ રાખવાનું શિખશે નહિ ત્યાં સુધી, અનેક સ્ત્રી કરવાનો રીવાજ અથવા વેસ્યાવૃત્તિ, બેમાંનું એક તો ચાલ્યાં જ કરશે. પૂર્વને મુખ્યત્વે કરી અનેક સ્ત્રી કરવાનો રીવાજ પસંદ પડયો છે; પશ્ચિમને વેસ્યાવૃત્તિ. ઉભયે—ઉપર દર્શાવેલી સ્થિતિયોને બાદ કરતાં—વૈષયિક નીતિની અધમ સ્થિતિ દર્શાવે છે. જ્યારે અમુક મીશનરી, હિંદુ યુવકના ઉપર અનેક સ્ત્રી કરવાના રીવાજ માટે હુમલો કરે ત્યારે, તેણે ભીતિ રાખવાનું કારણ નથી, કારણ કે ક્રિશ્ચીયન બાઇબલમાં જ, "પ્રભુના મિત્ર" અબ્રહામને ઘણી પત્નીઓ હતી, તેમજ 'પ્રભુના અંતરાનુસાર મનુષ્ય" ડેવિડને પણ હતું. પ્રાથમિક સમાજોમાં ઉપર જણાવેલાં કારણો માટે અનેક સ્ત્રી કરવાના રીવાજને ધાર્મિક,ઉ-

પદેશકો ટેકો આપતા હતા, અને મહાત્માઓ તદનુસાર વર્તતા હતા તથા વર્તવાની રજા આપતા હતા. માટે બ્રહામ, ડેવિડનો દોષ કાઢવાનો નથી, પરંતુ આધુનિક મિશનરી જાણે છે કે તેના ઓલ્ડટેસ્ટામેન્ટના મહાત્માઓ તદનુસાર વર્ત્યા હતા. તોપણ હિંદુ યુવક ઉપર હુમલો કરે છે, કારણ કે તેના મહાત્માઓ તદનુસાર વર્તતા હતા, તે દોષપાત્ર છે. આજના હિંદુ સમાજમાં એક પત્ની વ્રત સામાન્ય છે. તથાપિ બાધરૂપે કેટલાક મળી આવે છે; અને કેટલીક અધમ જાતિયો છે, કે જેમાં આ વિષય સંબંધિ નીતિ અત્યંત અધમ છે. અત્રેજ સુધારો થવાની જરૂર છે, પરંતુ બાધરૂપ દાખલાઓ માટે હિંદુ ધર્મનો તિરસ્કાર કરવાનો નથી.

પ્ર.—જ્ઞાતિ રૂઢિ આવશ્યક છે?

ઉ.—જ્ઞાતિ રૂઢિએ સ્વીકારેલી વાત સર્વ માન્ય છે; આ વાત એ છે કે, ઉન્નતિક્રમના માર્ગમાં ચાર મહાન દશાઓ છે. અને દરેક જીવાત્માને આ ચારેમાં આવી જવાની જરૂરછે. જ્ઞાતિરૂઢિ, સ્થાનિક અને પ્રાકૃતિક નિયમાનુસાર સમાજની થોડા સમય માટેની ગોઠવણ છે. જો, કોઈપણ સમયે બહિર્ સંસ્થા અને પ્રાકૃતિક વાત, એક રૂપે હોય તો, જ્ઞાતિ રૂઢિ સારી રીતે ચાલે છે. જ્યારે તેઓ ભિન્ન હોય છે ત્યારે દુઃખ પેદા થાય છે.

પ્ર.—વિવિધ જ્ઞાતિઓમાં, અન્યોઅન્ય કન્યાદાન અને અન્યોન્ય જમવા વ્યવહાર ઈચ્છવા યોગ્ય છે?

ઉ.—શાસ્ત્રો તો તેમ કરવાની ના કહે છે, અને જ્યારે જ્ઞાતિઓ શુદ્ધ અને યથાર્થ હતી ત્યારે એ બંધનો સામાન્ય ભલું અને સુખ કરતાં હતો. હવે તો જ્ઞાતિઓ પોતાના ધર્મો પાળતી નથી તેથી તે બંધનો થોડાંજ ખરા ઉપયોગનાં છે.

પ્ર.—જ્યોતિષ વિદ્યા ખરી છે?

ઉ.—જ્યોતિષની સત્ય વિદ્યા છે, અને અત્રતત્ર ખરો જ્યોતિષિ પણ મળી આવશે. પરંતુ મુખ્યત્વે કરીને બનાવોના આધુનિક જ્યોતિષિય ભવિષ્યકથનો વિશ્વાસ લાયક નથી. તોપણ આધુનિક જ્યોતિષ વિદ્યા, ઘણી વખતે ચરિત્ર વર્ણનમાં યથાર્થ હોય છે.

પ્ર.—રોગ ઉપર મંત્રોની કંઇપણ અસર થાય છે?

ઉ.—હા, જો યોગ્ય મંત્ર હોય અને યથાર્થ રીતે ઉચ્ચારવામાં આવે તો; રોગ સમયે શરીરમાં અનિયમિત પ્રવાહો હોય છે; યોગ્ય રીતે ઉચ્ચારાતો મંત્ર તેમને નિયમિત કરે છે. પ્રાણતત્વવિષયક માર્જન કરવાથી પણ તેવીજ અસરો થાય છે. ઉભયમાં એકજ કારણ છે.

પ્ર.—યથાર્થ અર્થ જાણ્યા વિના સંધ્યાવંદન કરવાનો કંઇપણ ઉપયોગ છે?

ઉ.—મનની ભક્તિમય સ્થિતિ. જેમાં તે કરવામાં આવે છે તેમાં મંત્રના જપથી પેદા થતી પ્રાણતત્વ વિષયક સ્થિતિયોમાં, અને અધીનતા કે જેથી શીઘ્ર કાર્ય થાય છે તેમાં, તેનો ઉપયોગ છે. પરંતુ દરેક સંધ્યા કરનારને તેનો અર્થ શિખવો આવશ્યક છે.

પ્ર.—પત્રાળામાં ભોજન પીરસવામાં આવે છે, તેની આસપાસ પાણીનું કુંડાળું કરવામાં શો હેતુ હશે?

ઉ.—પ્રાણતત્વ વિષેની અસર થાય છે. પાણીના પ્રાણતત્વથી બાધકારક પ્રાણતત્વ દૂર થાય છે. આવા ઘણા જુના રીવાજો શિષ્યનું બાધકારક પ્રાણતત્વ સામે રક્ષણ કરવા સાથે સંબંધ ધરાવે છે.

ડૉકટર વેલિસ આ સંબંધમાં લખે છે કે, 'ઈ. સ. ૧૬૪૫માં એક દિવસ ઓક્સફર્ડના કેટલાક વિદ્યાર્થીઓ ડૉકટર વિલકન્સની ઓરડીમાં એકત્ર થયા હતા. એજ ડૉકટર વિલકન્સ આગળ ઉપર બિશપ થયો અને ત્યાર બાદ લંડનમાં આવ્યો, અને તેણે બીજા ચાર્લસ રાજાની મુલાકાત લીધી અને પોતાની મંડળીના આશયો જણાવ્યા. જો કે બીજા ચાર્લસ રાજાને માટે લોકોમાં સારૂં બોલાતું નહતું. તે હમેશાં નિશામાં અને મન પસંદ સુંદરીઓના ઘેરામાં ઘેરાયલો રહેતો અને મોજી હતો, પણ તે તો વિદ્યા વ્યસની હોવાથી તેણે આ બિશપના કાર્યને પ્રોત્સાહન આપ્યું, નાણાં સંબંધી કઢંગી હાલતમાં આવી ગયા છતાં પણ તેણે આ વખતે પોતાથી બનતું કર્યું અને એક સૂવર્ણાસન, તથા સંસ્થાના સ્વાતંત્ર્યને માટે સનંદ આપી પોતાની કીર્તિ અમર કરી, અને તેથી જે સંસ્થા માત્ર થોડા તરૂણ વિદ્યાર્થીના પ્રયાસથી સ્થાપન થઇ હતી તે રાજ્યાશ્રયને પાત્ર થઈ ઘણી સંગીન થઇ સતરમા સૈકાની આખરમાં તો તે સંસ્થા મનુષ્ય બળ તથા દ્રવ્ય બળમાં ઘણી વધી અને આગળ જતાં તે સૃષ્ટિજ્ઞાન વધારનારી રાજકીય મંડળી 'Royal Asiatic Society.' એ નામથી પ્રસિદ્ધિમાં આવી. અને હાલ પણ દિન પ્રતિ દિન આ સંસ્થાનો એક સરખો ઉત્કર્ષ થયાં કરે છે, અને તેનું ઇંગ્લિશ રાષ્ટ્રોને પૂર્ણ અભિમાન છે. હવે તો તે સંસ્થા સર્વ શાસ્ત્રીય શોધનું કેંદ્ર સ્થાન થઇ પડેલી હોઇ જે હેતુથી તે સ્થાપવામાં આવેલી તેને શબ્દશઃ અનુસરે છે.

આ જ રોયલસોસાઇટીની મદદથી સર ઐઝાક ન્યૂટન તરફથી પ્રિન્સિપિયો નામનો ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો હતો આ સંસ્થાના ગ્રંથ ભંડાર સિવાય જો સૃષ્ટિમાંના તમામ ગ્રંથ ભંડાર નાશ થાય તો પણ શાસ્ત્રીય વિષયોનો પાયો જરા પણ ડગે નહિ એવો એ વિપુલ છે. એટલું જ નહિ પણ પાછલાં બે સૈકામાં જે જ્ઞાનની વૃદ્ધિ થઇ છે તે દર્શાવી આપે તેમ છે. વળી આ જ સૂધી આ સંસ્થાના આરોગ્યનાં સર્વ ચિહ્નો સ્પષ્ટ જણાય છે. ડૉકટર વાલિસના વખતની પેઠે હાલ પણ આ સંસ્થા ધાર્મિક અને રાજકીય બાબતોની ચર્ચાથી વિરક્ત રહે છે. હાલ આ સંસ્થાને લીધે આપણું ગણિત શાસ્ત્ર એટલું બધું તો વધ્યું છે કે, સર ઐઝાક ન્યૂટન જેવાને પણ તે શિખવા શાળામાં જવું પડે! ગ્યાલીલીયો વસેલિયસહાર્વે, એઓના વાવેલા સૂક્ષ્મ બીજમાંથી ફલિત થયલા આ મહાન્ વૃક્ષને ઇશ્વર ઇચ્છાએ જો તેઓ જોવાને શક્તિમાન થાય તો ખચિત પોતાના પ્રયાસના પરિણામરૂપ એ વૃક્ષને જોઇ તેવો સાનંદાશ્ચર્યમાં ગરક થયા વિના રહે નહિ!

માનવ બુદ્ધિનો દિવસે દિવસે વધતો જતો પ્રભાવ તથા વ્યવહારમાં આશ્ચર્યકારક તેનો ઉપયોગ. એ બે વાતો હવે લોકોની નજર આગળ આણવી પડતી નથી. તે તેમની નજરમાં પાયો આપ આવી જાય છે. એ કંઈ જેવી તેવી વાત નથી. આ રોયલ સોસાયટીના કામનું અપૂર્વ ફળ છે કે જેના જેવાં બીજાં ઉદાહરણ મનુષ્યના ઇતિહાસમાં જડશે નહિ.

આ સોસાયટીએ સ્થાપન થયા પછી જે શાસ્ત્રીય જ્ઞાનમાં વધારો કરેલો છે, તે પહેલા યુગના ઘણા વિદ્વાનોના શ્રમથી લખાયલા સેંકડો ગ્રંથોથી કોઈ રીતે ઉતરતો નથી!

એટલું જ નહિ પણ આ સોસાયટી આગળ તે કશા હિસાબમાં નથી.

રોયલ સોસાયટીનો પહેલો અધ્યક્ષ પુનઃ દેહ ધારણ કરીને હાલની તેની સુધારણા જોવાને ક્ષણભર પૃથ્વીપર આવે તો જરૂર તેને અત્યંત આનન્દ થાય એટલું જ નહિ પણ ખ્રિસ્તિ શકના પહેલાંના સત્તરસો વર્ષોમાં પણ જે વાત બની નહતી તે કરતાં ઘણી કિમ્મતી અને સ્વતંત્ર બાબતો હાલનાં બસો વર્ષોમાં બની આવી તેની તેને પ્રતીતિ થાય. તેના પ્રતિપક્ષીઓને પણ ખાતરી થશે કે, આગબોટ, આગગાડી, તારયંત્ર, ફેકટરી, કારખાનાં, છાપખાનાં, ઇત્યાદિ કે જેના વિના ઇંગ્લિશ સમાજનું બંધારણ ટૂટી જાય, અને અન્ન અન્નકને ! માટે રખડાવનાર દારિદ્રનો વાસ થાય. તે સર્વ આ સંસ્થા એટલે જે જ્ઞાનના પ્રતાપે તેણે તથા તેના મિત્રોએ સુખના ખરેખરા ઝરા જોયા તે ઝરા ભરાઇને થયલા સરોવરના પરપોટા છે એમ લાગશે. અને તેથી તે પરપોટાને દુષિત કિંવા કલુષિત જરા પણ ન થવા દેવા એ જ આપણને ઉચિત છે એમ તેમને પણ કબૂલ કરવું પડશે. કારણ તેમના વખતના પ્લેગની વાત તેમને યાદ આવે તો પછી આ જ બસેં વર્ષમાં લંડન શહેરમાં આગ કેટલી વખત થઈ તેની તથા પ્લેગથી કેટલા માણસો મરણ પામ્યાં તેનો તપાસ કરવાનું સહજ તેમના મનમાં આવશે. અને એ તપાસને અંતે તેમને એમ જણાશે કે, ઇ. સ. ૧૬૬૬ મા લંડન શહેરમાં જે ઘરોની સંખ્યા હતી તેથી દસ ઘણો વધારો થયા છતાં, તેમ તે ઘરો બાંધવામાં વાપરેલો લાકડાંનો સામન તથા શિઘ્ર જવાલા ગ્રાહી પદાર્થો વગેરે પ્રથમના કરતાં વધ્યાં છતાં તેમ તે સિવાય પ્રકાશને માટે ઘરના દરેક ખૂણે ખોચરે અત્યંત જવાલા ગ્રાહી વાયુ (Oxygen) ના લેશદ્વારા અગ્નિ પસરેલો છતાં પ્રથમના જેટલો આગનો પ્રલય કેમ થતો નથી ? તેનું કારણ શું ? તો જરૂર, સૂમજાશે કે, આ ભયંકર બનાવ બન્યા તેનું કારણ 'સૃષ્ટિ જ્ઞાન' ની અભિવૃદ્ધિ એ છે. કારણ કે સૃષ્ટિજ્ઞાન અધિકાધિક વૃદ્ધિગંત થવાથી તેના પરિણામે આગ હોલવવાનાં સેંકડો યંત્રો નીકળ્યાં વળી આ સોસાઇટીનું 'સંગ્રહ સ્થાન' એટલું તો વધ્યું છે કે **રોયલસોસાયટી**નો પહેલો કયુરેટર તથા એક્ષપેરિમેંટર (અદ્ભુત વસ્તુ સંગ્રહાલયનો વ્યવસ્થાપક તથા પ્રયોગ કરનાર) મિ. હૂકને તેમાંના પ્રત્યેક વિષય ઉપર છ છ ભાષણ આપવા જેટલી સામગ્રી મળી હોત; અને કોઈ પણ માણસ આ વાત કબૂલ કરશે કે સૃષ્ટ નિયમનું જ્ઞાન થાય તો ઇંજિન તો શું ! પણ ઇંજિન તૈયાર કરવાનાં ન્હાનાં મ્હોટાં પરસુરણ હથિયારો પણ બનાવતાં આવડત નહિ. યદ્યપિ કોઈ કોઈ વખત આગથી જો કે ઘણું નુકશાન થાય છે તો તે નુકશાન જૂદી જૂદી મંડળી પોતાના ધંધાથી ભરી કાઢે છે. અને અનેક ધંધાથી જે દ્રવ્ય પ્રાપ્ત થાય છે તે પણ સૃષ્ટિજ્ઞાનના પરિણામથીજ એમ કહેવું જોઇએ કારણ સૃષ્ટિજ્ઞાનના નિયમનું જો જ્ઞાન ન થાય તો ધંધાનું પણ ક્યાંથી થશે. ! !

આ પ્રમાણે આગ બદલ ખુલાસો થયો પણ પ્લેગ બદલ તમારૂં શું કહેવું છે ? એમ જો પૂછવામાં આવે તો તેનો ઉત્તર પણ એ જ છે કે, જે સૈકામાં બોયલ એ (વ્હુલન, અથવા મિલટન સરખા ધાર્મિક પુરુષો નિર્માણ થયા તે કરતાં હાલના ઓગણીસમા સૈકામાંના અગ્રેજ આચરણમાં અધિક શુદ્ધ તથા ધાર્મિક હશે એ વિચાર માનતાં મને શંકા લાગે છે. સમાજનો અધર્મ જો તે વખતે સ્પષ્ટ દિસી આવતો હતો અને છુપો હશે તો

તેથી તે નહી જેવો થયો એમ મનાય કે? એકંદર તે વખતની સમાજની સ્થિતિ અને હાલની સમાજની સ્થિતિ મુંકાબલે એક જ. અહીં એક વાત ઉઘડપણે અને નિઃશંક જરા પણ ન સંકોચાતાં કબૂલ કરવી જોઇએ છે, અને તે એકે ઇંગ્લન્ડમાં ગયાં બસેં વર્ષમાં પ્લેગ થયો નહિ એટલા જ પરથી અમારી ધર્મપરની શ્રદ્ધા વધી કિંવા અમારી નીતિ (morality) સુધરી એમ માનવાને કંઈ પણ કારણ નથી. આ સર્વ કેવળ અમારી સૃષ્ટિ જ્ઞાનની સુધારણાનું ફળ છે.

હવે અમે સમજવા લાગ્યા છિયે કે, પ્લેગ, મહામારી દુખિત તાવ, વગેરે સાંસર્ગિક રોગોનો ઉપદ્રવ જે થાય છે તે પ્રથમ તો હમેશાં શહેરમાંના ગલીચ અને અસ્વચ્છ ઘરમાંથી ઉત્પન્ન થાય છે. જે શહેરમાંના રસ્તા સાંકડા, જ્યાં રસ્તા ઉપર વરસાદ સિવાય પાણીનો છંટકાવ ન થાય, ત્યાં તેમ જ્યાં ઠેર ઠેર કચરાપટ્ટીના ઉકરડા પડયા હોય, જ્યાંના ઘરમાં તાજી શુદ્ધ હવાનો અવર જવર ન હોય કે સૂર્યના પ્રકાશને માર્ગ ન હોય, જે ઠેકાણે લોકો મહિનાના મહિના સૂધી નહાતા ધોતા નથી, જેને પેટ પૂરતો ખોરાક મળતો નથી, અથવા જરૂરિયાત શરીરે પહેરવાને કપડાં મળતાં નથી એવા ઠેકાણાના લોકો હમેશાં ચેપી રોગને ભોગ થઈ પડે છે. ઈ. સ. ૧૬૬૫ માં લંડન શહેર આવી સ્થિતિનું હતું પૂર્વ તરફના દેશોમાં એટલે હિંદુસ્તાન અને ચિનમાં, આવા પ્રકારનાં શહેરો ઘણાં હોવાથી પ્લેગ જેવા આજાર તેમના મુલકમાં હમેશને માટે રહે છે!+

આ દેશના હવે સૃષ્ટિ જ્ઞાનના નિયમને સમજવા લાગ્યા છે. અને પાળવા પણ લાગ્યા છે. હજી પણ સૃષ્ટિજ્ઞાનમાં અંશતઃ સુધારણા થયલી હોવાથી, અને સૃષ્ટિના નિયમનું ઉલ્લંઘન, ન કરવા માટે અમે બને તેટલી સાવધગીરી રાખીએ છિયે તેથી, અમારા તરફ પ્લેગ પગ પેસારો કરતો નથી. તેમજ સૃષ્ટિના નિયમનું અમારૂં જ્ઞાન અપૂર્ણ હોવાથી, તથા તેનું પાલન અમારે હાથે જેટલું સપ્ત રીતે થવું જોઇએ તેટલું ન થવાથી, ટાય ફાઇડ તાવ અમારો નેહી થઇને રહેલો છે. સિવાય કોઇ વખત મહામારીની પણ મુલાકાત થાય છે તે તો જૂજ જ!! તથાપિ સૃષ્ટિના નિયમનું જ્ઞાન જેમ અધિકાધિક પ્રાપ્ત થતું જશે તથા તેનું ઉલ્લંઘન માં આવે તે માટે જેમ જેમ અમે અગચેતી રાખીશું તેમ તેમ જે પ્લેગે સત્તરમાં સૈકાના આરંભમાં લંડનને ત્રણ ત્રણ વખત પાયમાલ કર્યું તે પ્લેગ સિવાય બસો વર્ષો ગયાં પછી જ રીતે ટાયફાઇડ તાવ, તથા મહામારી સિવાય લંડન શહેરનાં સૈકાને સૈકા પસાર થશે એમ કહેવું ભૂલ ભરેલું નહિ ગણાય!

તેના પ્લેગ વગેરે અનેક ભયંકર રોગોના ઉપદ્રવના કારણો વિષે તથા નિવારણાર્થે કરેલા ઉપાય ઇત્યાદિ વિષે ઉપર કહ્યું તેમાં નિરાધાર કે કાલ્પનિક એક અક્ષર પણ નથી. ઉપર આપેલી માહિતીમાં જે તત્વો છે, તે સર્વ વિચારવંત માણસોને માન્ય છે. મિલ્ટનના વખત કરતાં હાલમાં ઇંગ્લન્ડમાં આગ, દુષ્કાળ, ભયંકર રોગોનો ઉપદ્રવ, ઇત્યાદિ અનર્થોનું પ્રમાણ ઘણું ઘટયું છે. આરોગ્ય તથા સંપત્તિના પ્રમાણમાં પણ તે વખત કરતાં લંડન હવે

+ યૂરોપ.

પુષ્કળ સુધરેલું છે આ સર્વ સુધારણા તથા પૂર્વની અને હાલની સ્થિતિમાંનો આ ભેદ કેવળ સૃષ્ટિ જ્ઞાન વધતું જવાથી કિંવા તે જ્ઞાનનો ઘેરે ઘેર ઘણો ફેલાવો થવાથી તથા લોકોને તેમના રોજના ઉદ્યોગમાં વધુ અનુકૂળતા થતી ગયાને લીધે છે. એ તદન નિર્વિવાદ છે.

સૃષ્ટિ જ્ઞાનની કિમ્મત નહિ સમજનારા અથવા તેના તિરસ્કાર કરનાર કેટલાક એવું કહે છે કે, 'સૃષ્ટિ જ્ઞાન વધવાથી આપણી સાંપત્તિક સ્થિતિ માત્ર સુધરે છે. તે તેમનું કહેવું આપણે ક્ષણભર માન્ય કરીએ તેમ જ 'રોયલસોસાયટી' સ્થાપન કરનારનો હેતુ સાંપત્તિક સ્થિતિ સુધારવા કરતાં અધિક નહોતો, એમ પણ કેટલાકનો આક્ષેપ છે, તે પણ સંભવનીય છે' એમ ક્ષણભર માનીએ તો પણ જેને નિરૂપયોગી અને મહત્વની એ બે વસ્તુઓનો ભેદ સમજવા જેટલી શક્તિ છે તેમને તો એમ લાગશે કે, સૃષ્ટિજ્ઞાન વધારવાના આશયથી ચાર મિત્રોએ ઐક્યથી (એક દિલથી) અર્થાત યત્ન કર્યો, જેનું પરિણામ એવું તો ઉત્તમ આવ્યું કે જેથી પ્લેગ, આગ, ઇત્યાદિ ભયંકર અનર્થથી થનારી નુકશાની પણ અસર કરી શકતી નથી એમ કહેવું એ અતિશયોક્તિ નથી.

વ્યાપાર સુધારવા માટે નવ નવીન યંત્રો શોધીને, કિંવા તે તૈયાર કરવાથી હજારો લોકોનો ઉદર નિર્વાહ થાય છે તથા દેશની સંપત્તિ વધે છે તે પ્રમાણમાં જોવા જતાં પણ પ્લેગ નિવારણના ઉપાયથી વિશેષ કંઈ થાય છે એમ નથી, કારણ પ્લેગથી એવાં કેટલાં માણસો મરશે ? પ્લેગથી રક્ષણ કરવા માટે ઉપાય શોધી કાઢવાને જેટલો શ્રમ કરવો પડે તેટલા શ્રમમાં લોકોનું સંરક્ષણ થાય તે કરતાં હજાર ઘણું વધારે માણસોના જીવનું રક્ષણ એકાદ યંત્રની શોધથી થાય છે તો સૃષ્ટિ શાસ્ત્રીના નિયમોનું જ્ઞાન મેળવવાનો મુખ્ય હેતુ સાંપત્તિક સ્થિતિ દેશની સુધારવી એ જ છે. તે જ પ્રમાણે આગથી પણ એવું કેટલું નુકશાન થશે ? સર્વ રાષ્ટ્રનો ઉત્કર્ષ કરનાર વ્યાપાર, ધંધા તથા કારખાનાં જેથી ચાલે છે, તેના સાધનરુપ કોલસા તો આગથી જમિનમાં નાશ પામવાના નથીને ? આ પ્રમાણે પણ કેટલાકનું કહેવું છે !

હોય એ બધું ખરૂં ! પણ વરાળયંત્ર, તારયંત્ર, કપાસ કાંતવાનો યંત્ર ઈ. ઈ. યંત્રો હાલના જમાનામાં આપણને વધારે ચકિત કરી શકે એમ નથી. અને તે છતાં પણ જે જ્ઞાનને પ્રતાપે આવી વિચક્ષણતા જનસમાજને પ્રાપ્ત થાય છે તેવા 'સૃષ્ટિ જ્ઞાન' નું કોઈ નામ પણ જાણતું નથી તેનું કારણ એ જ છે તેથી કંઈ પ્રત્યક્ષ સંપત્તિની વૃદ્ધિ થઈ શકતી નથી. એવા લોકોને હજી કેટલીક અમૂલ્ય સૃષ્ટિ શાસ્ત્રની શોધ હાથ લાગ્યા છતાં પણ 'મર્કટ હાથે મણિ' ની પેઠે તે તેમને મન નજીવું લાગશે અને તેનો સદુપયોગ કરશે નહીં અને તેથી તેવા ઔદાસિન્ય પ્રકૃતિના લોકોને સૃષ્ટિ સૌંદર્ય કુપાત્રને દાન પ્રમાણે થશે. આ સ્થિતિ લક્ષમાં આણીએ તો આપણને આલ્પ્સ પર્વત ઉપર રહેનાર ખેડુતોનું સ્મરણ થાય છે. તે લોકો દિવસે માથે બાર લઇને પર્વતપર ચઢીને છોકરાંને લઇને ઘેર જાય છે, અને ઘેર ગયા પછી છોકરાંના પગ ટાઢથી ધ્રૂજે નહિ. માટે બાકી રહેલો સમય તેના માટે પગનાં મોજાં તૈયાર કરવામાં ગાળે છે. ટાઢના મુલકમાં મોજાંએ વસ્તુ ખરેખર ઉપયોગી હોવાથી બાળકોને અલબતે તેથી સુખ થાય છે. હવે આવાં બાળકો જો પોતાની મા એટલે પત્રનાં મો-

જા બનાવનારૂં યંત્ર કહે તો કેટલું કૃતઘ્ન અને નિષ્ઠુર કહેવાય વારૂ ! આ પ્રમાણે સૃષ્ટિ જ્ઞાન ઘણું કિમ્મતી છતાં તેનો આવી દૃષ્ટિથી વિચાર કરનાર અંધલોક કંઈ યોગ્ય ઘણા નથી ! ! સૃષ્ટિ એ એશઆરામની કામધેનુ છે, એ કરતાં તેમની બીજી ઉન્નતિ ભાગ્યે જ હોય છે. તેમના મને સૃષ્ટિ જ્ઞાનમાં સુધારણા કરવી એટલે એશઆરામનાં સાધનો તથા માર્ગ વધારવા પ્રવૃત્ત થવું તે છે. એ સિવાય અન્યથા નથી.

સૃષ્ટિ (સૃષ્ટજ્ઞાન) એ માનવ માત્રની માતા છે અને તે મનુષ્ય માત્રના કલ્યાણ માટે તેનું માનસિક વલણ કઈ દિશા તરફ વળે છે તેનો વિચાર કરી અત્યંત પ્રેમથી, પ્રસંગવશાત્ કદાપિ ધાક બતાવીને યોગ્ય શિક્ષણ આપે છે. એવી સૃષ્ટિ વિષયક કલ્પના સુદ્ધાં તેના મનમાં આવતી નથી. તેને એમ લાગે છે કે, સૃષ્ટિએ સ્વર્ગિય દેવતા હોઈ તે જો આપણને પ્રસન્ન થાય તો આપણે ચાહીએ તે કરી શકીએ. ચાહીએ તો શનિ (એક ગ્રહ) ઉપર તારાયંત્ર મુકાં લગાડી શકાય, માટે જ ઇતર હત્ ભાગી મનુષ્યમાત્ર કરતાં અમે વિશેષ ભાગ્યવાન હોવા બદલ ઇશ્વરના ઘણા આભારી છિયે.

આ પ્રમાણે સૃષ્ટિ જ્ઞાન મેળવવાના પક્ષના પ્રતિસ્પર્ધીનું કહેવું જો ખરૂં હોય તો સૃષ્ટિ જ્ઞાન સંપાદન કરવા માટે હું આટલો પરિશ્રમ કરવા કદાપિ પ્રવૃત્ત થયો નહોત ! પરંતુ મેં તે કરતાં પાંચ સાત હજાર વર્ષની પૂર્વેના લોકોની પેઠે લોઢાની કુહાડી લઈ બેલાશક જંગલમાંના લાકડાં કાપવા જવાનું પસંદ કર્યું હોત ! પરંતુ હું બે ધડક છાતી ઠોકીને કહું છું કે આ તેમનો મત અવિચારી તેમ નિરાધાર છે. એવા મંડળને સૃષ્ટિમાં આંખો આગળ શું દેખાય છે તે જોવાની ઇચ્છા થતી નથી. સૃષ્ટિની અંદર શું છે તે જોવા માટે તે ઘણા આતુર હોય છે,

આ વાત સત્ય છે એ બદલની મને પ્રતીતિ છે. અને તેથી જ હું બે ધડક કહી શકું છું કે, સૃષ્ટિ જ્ઞાન વધારવાના યત્નથી પછી તે યત્ન કોઈ પણ દિશાએ શરૂ હો, અથવા તે યત્ન કરવાના હેતુ પણ ક્ષુદ્ર હોય એ વાત તો નિર્વિવાદ છે કે મનુષ્ય માત્રનું તેથી વ્યવહારિક દૃષ્ટે અત્યંત શ્રેય થયું છે એટલું જ નહિ પણ સૃષ્ટિમાં તથા પોતા સંબંધી તેમની જે ભલંતી જ કલ્પના હતી તેમાં પણ ફેરફાર થયો છે ! તેની વિચાર સરણી તદ્દન બદલાઈ ગઈ છે; તેને સારૂં નરસું સમજાવા લાગ્યું છે; ઐહિક સુખ પ્રાપ્તિ માટે જો આપણે સૃષ્ટિ જ્ઞાન વધારવાને યત્ન કરીએ તો પણ તેથી બીજો ફાયદો થતો અટકતો નથી. પારમાર્થિક સુખની કલ્પના આપણા હૃદયમાં ઉત્પન્ન થવા માટે પણ સૃષ્ટિ જ્ઞાનનો ઉપયોગ કરતાં વર્તનના અને આચરણના નિયમ મનુષ્યને સહજ જણાઈ આવે છે તથા તેથી માનવ જાતની નીતિ ઘણે અંશે સુધરી જાય છે એમ મ્હારૂં માનવું છે.

આ બન્ને મુદ્દા જૂદા જૂદા લઈ વિચાર કરીએ.

૧ સૃષ્ટિ જ્ઞાનના યોગે મનુષ્યના મનમાં શી નવી કલ્પના ઉદ્ભવે છે તે જોઇએ.

સૃષ્ટ પદાર્થ તથા મનુષ્યની બુદ્ધિની પ્રત્યક્ષ સ્પર્ધા થતાં સૃષ્ટિ જ્ઞાનનો પાયો નંખાય છે દાખલા તરીકે, બે હાથની આંગળીઓ કરતાં એક હાથની કુમી છે, નદીના કાંઠે આગળ સુધી

જઇને પછી પેલા તીરે જવા કરતાં નદી ઓળંગીને જવું એ ઘણો નજદીકનો માર્ગ છે. પથ્થર વગેરે જડ પદાર્થો તેમને મુદ્દામ હલાવ્યા વગર પોતાની જગાએથી ખસતા નથી. પ્રકાશ અને ઉષ્ણતા સૂર્ય સાથે આવે છે, અને જાય છે. અગ્નિમાં લાકડાં નાંખીએ તો બળે છે, પ્રાણી અને વનસ્પતિ ઉત્પન્ન થાય છે અને મરી જાય છે. એકાદ જંગલી માણસને થાપડ મારીએ તો તેને ક્રોધ ચઢે તથા કોઈ વખત તેનો બદલો વ્યાજ સાથે પણ લે, તેજ જંગલી માણસને એકાદ ફળ વગેરે આપીએ તો તે ખાય અને સંતુષ્ટ થઈ તેનો બદલો આપવા પ્રવૃત્ત થાય. ઇત્યાદિ—વાતોનું જ્યારે માણસને જ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે સૃષ્ટિ શાસ્ત્રની અનેક શાખાના ઉદાહરણાર્થ ગણિત રસાયન શાસ્ત્રી નીતિ તથા અર્થ શાસ્ત્ર, રાજનીતિ ઇત્યાદિ અનેક શાસ્ત્રોના પાયા પછી તે ઓડોળ ભલે હોયની! કેટલાકની સમજુત એવી છે કે શાસ્ત્રીય જ્ઞાનના જન્મની સાથે ધર્મનો નાશ શરૂ થયો, મને આ મત માન્ય નથી. સૃષ્ટિના ચમત્કાર જોઈ તેની ઉત્પત્તિ સંબંધે વિચાર કરવાથી ઇશ્વર તરફની ભક્તિ યત્કિંચિત્ પણ કમી ન થતાં અતિ દૃઢ થાય છે એમ હું ધારૂં છું.

'ધોળી દૂધ જેવી ચાંદની પ્રકાશી રહી છે, આકાશમાંના ગ્રહો તેજ=પુંજ ચકચકિત રહેલા છે! વાયુ બંધ થવાથી ચારે તરફ વાતાવરણ શાંત થયું છે, ચંદ્રપ્રકાશને લીધે ગિરિશિખર સ્વચ્છ પણ ગગન ચુંબન કરતાં જણાય છે. એવે વખતે વનમાં ફરનાર ભરવાડને મુઝાં કેટલો આનંદ થતો હશે વારૂ!"'

ત્રણ હજાર વર્ષ પૂર્વે અર્ધી જંગલી સ્થિતિમાંના ગ્રીક લોકોને જો સૃષ્ટિ ચમત્કાર જોઇને આટલો આનંદ થતો હશે તો તે ચમત્કાર અદૃશ્ય થતાં જ તેને તે બદલ દુઃખ થતું નહીં હશે એમ કહેવું અતિ ભૂલ ભરેલું ગણાય. એટલા જ જ્ઞાનથી તેની બુદ્ધિ થોડીક પ્રફુલિત થઇને ઇતર અજ્ઞેય, અજ્ઞાત સૃષ્ટિ ચમત્કારરૂપિ અજ્ઞાનાંધકારમાં નાના દિપક પ્રમાણે ચમકવા લાગી! ફક્ત તેટલાથી જ તેના દોષ તેને દેખાડવા કરતાં તે જ્ઞાનદીપનો વિશેષ ઉપયોગ થતો નથી; તેના મનની હોંસ અને ઉત્સુકતા તેટલાથી જ તૃપ્ત થતી નથી. તથાપિ એકાદાના મનને આલ્હાદ આપનારો સૃષ્ટિ ચમત્કાર અદૃશ્ય થયો એટલે જે દુઃખ થાય તેમાં પ્રત્યેક માણસને એમ લાગે છે કે આપણી બુદ્ધિ કેટલી ચાલે છે. આપણાથી સમજાય તેટલી વસ્તુ સૃષ્ટિમાં કેટલી છે. આ સૃષ્ટિ કેટલી અગાધ છે. અને તેને જ માનવી બુદ્ધિથી નિગ્રનિરાળાં સ્વરૂપ આપવાંથી નિરનિરાળા ધર્મ સ્થાપન થયેલા છે.

વિષયમાં પણ તેવીને તેવી રહેવાની નથી.૦ બુધ્ધો આવિશ્વને ક્ષણોનું બનેલું કહે છે.† અને એમ સૂચવવા માગે છે કે, મૂખ્યત્વે કરીને તેની પ્રકૃતિ ક્ષણિક છે. આમ આપણને એકદમ માલૂમ પડે છે કે, જેઓ આ વિશ્વને પ્રકૃતિથી પરિવર્તાધીન અને તેથીજ અવિશ્વસનિય કંઇકરૂપે માને છે, તેમના પક્ષનો તાત્વિક વિચાર આમાં જડી આવે છે. હિંદુસ્થાનમાં આ સર્વમાન્યવાદે કેટલા બધા વાદવિવાદનું સ્થાન થઈ પડયો છે, તથા આર્ય તત્વ શાસ્ત્રનાં સર્વ મૂખ્ય દર્શનો, માત્ર અનંત સત્ય માટે પોતપોતાના વિચારમાં એક બીજાથી કેટલાં બધાં ભિન્ન પડતાં જાય છે, એ જોવાનો આપણે પ્રયત્ન કરીશું. એમ ધારીએ કે વિશ્વ અનિત્ય છે, તો પણ નિરાકરણ કરવાનો પ્રથમ પ્રશ્ન એ ખડો થાય છે કે, વિશ્વના પદાર્થનું નિત્યત્વ નથી અથવા સ્વરૂપનું નિત્યત્વ નથી. આર્ય તત્વશાસ્ત્ર આ પ્રશ્ન વિષે બે ભાગમાં વહેંચાઇ ગયું છે. સર્વ, શાસ્ત્રમતાનુસારિ આર્યો, કંઇક (સત્-ens)માંથી આ વિશ્વ ઉત્પન્ન થયુ એમ માને છે;‡ વળી એવા કેટલાક છે અને તેમાં પણ ખાસ કરીને બૌધ્ધોનો એક વિભાગ § જેઓ એમ માને છે કે, આ વિશ્વ શન્યમાંથી ઉત્પન્ન થયું છે. માટે ન્યાયપુરઃસર, કંઈમાંથી સર્વ ઉદ્ભવવાનો વાદ સ્વીકારીને અનિત્ય વિશ્વનો નિત્ય કંઇક સાથે શો સંબંધ છે, એ વિચારવું આવશ્યક થઈ પડે છે. આ પ્રશ્નનો વાદવિવાદમાં ઉતરતા પૂર્વે, તે કંઇક કે જેનો સંબંધ આપણે નિરાકરણ કરવા માગીએ છીએ, તેની પ્રકૃતિ નિર્ણય કરવી જરૂરની છે. પરંતુ વધારે સગવડવાળું અને સુગમ પડે માટે આપણે આ બે પ્રશ્નોનો સાથેજ વિચાર ચલાવીશું. વિશ્વના ઉત્પત્તિક્રમ માટે હિંદુસ્થાનના તત્વવેત્તાઓએ ત્રણ વાદ ઉઠાવ્યા છે. તેમાં સૌથી પ્રથમ આરંભવાદ છે; પછી પરિણામ વાદ ઉપસ્થિત થાયછે, અને ત્રીજો વિવર્તવાદ છે. નૈયાયિકો અને વૈશેષિકો આરંભવાદ સ્વીકારે છે. નૈયાયિકો તેમજ વૈશેષિકો કાર્યોથી તેમનાં કારણ સુધી તર્ક ચલાવતાં ચલાવતાં, એક ઈશ્વરના અસ્તિત્વનું અનુમાન કરે છે, અને તેની ઇચ્છાનુસાર મૂલ સૂક્ષ્મ અને અદૃશ્ય, વિશ્વના મૂલ તાત્વિક પરમાણુઓ, દૃશ્ય મિશ્રણોમાં સંયોજાય છે, એમ તેમનું માનવું છે. સાત મૂલ તત્વો છે, અને તેમનાં આનુષંગિ મિશ્રણો દ્વારા આ વિશ્વનો વિચિત્ર દેખાવ પરિણમે છે. આ આરંભવાદનો સિદ્ધાંત છે. સાંખ્યના સંસ્થાપક કપિલે, વિશ્વની ઉત્પત્તિમાં પ્રભુ કોઈ પણ જનતનો ઉદ્યોગિ ભાગ લે છે, એ વાત નહિ સ્વીકારી, અને સર્વને આર્ય પ્રકૃતિને અથવા તેના કહેવા પ્રમાણે મૂલપ્રકૃતિને અથવા અભિન્ન વિશ્વવિષયક જડને, અધીન સ્વીકાર્યું. મૂલપ્રકૃતિમાંથી પ્રાથમિક અથવા આનુષંગિક રીતે અન્ય તેવીસ તત્વો ઉત્પન્ન થાય છે, અને તેઓ પ્રકૃતિ સાથે, પોતામાંથીજ વિશ્વને ઉત્પન્ન કરવા સંપૂર્ણછે. આ પ્રમાણે વિશ્વને ચોખ્ખા જડ આધાર ઉપર સ્થાપવા છતાં, પ્રકૃતિમાં સ્પષ્ટ સૂચવેલું તંતુની માફક પરોવાયલા ચૈતન્યથી

૦ ભગવદ્ગીતા. અ-૨-શ્લો-૨૮.

† સર્વ દર્શન સંગ્રહ.

‡ "હેપ્રાણ ! આ સર્વ પ્રારંભમાં સત્ હતું"-છાન્દોગ્ય. વળી જુઓ ભગવદ્ ગીતા-અ-૮-૧૮.

§ માધ્યમિક.

(Intelligence.) કપિલ અંધવત રહ્યો નહતો; આ બુદ્ધિ-તત્વને તે પુરૂષનું નામ આપે છે, અને કહે છે કે, પ્રકૃતિ અને પુરૂષ અન્યયોન્યથી કદાપિ જુદાં રહી શકે નહિ.* ઉભય એક બીજામાં અસર કરવા તેમજ ફેરફાર કરવા શક્તિવાન નથી. દરેક પોતપોતાની જાતે કાર્ય કરે છે, પરંતુ કદાપિ સ્વાતંત્ર્યથી નહિ. નિરાધાર પુરૂષ, એમ કહેવા માગીએ તો, અંધ પ્રકૃતિનો નિયામક છે.× પતંજલિએ સાંખ્યનોજ વિશ્વોત્પત્તિવાદ સ્વીકાર્યો પરંતુ પવિત્રતા અને દયાથી પરિપૂર્ણ તટસ્થેશ્વરને સ્વીકાર્યો. કપિલનો સિદ્ધાન્ત પરિણામવાદનો છે. પછીથી વળી મિમાંસકોએ, તટસ્થેશ્વર સ્વીકાર્યો નહિ. તેઓ, જે છે અથવા થવાનું છે, તેનો તેઓ જેને ધર્મ કહે છે, તેના ઉપર આધાર રાખે છે; એ ધર્મનો સમાવેશ પણ વેદમાં કહેલાં નિયમો અને ક્રીયાઓના અચૂક આચરણમાં થાય છે. મિમાંસકોને, વેદાંતીઓ કે જેઓ ઉત્તર મિમાંસકો એટલે મિમાંસક કે જેણે પૂર્વ મિમાંસા-શોધ, પૂરી કરી છે, તેમના વર્ગમાં ગણી શકાય છે. વેદાંત અથવા ઉત્તર મિમાંસા વિશ્વનું તેના વિવિધ વિભાગોમાં વર્ણન કરીને, દૃશ્ય અને અદૃશ્યની વચ્ચે અંતીમ સ્થુલ સંબંધરૂપે આકાશને (Ether.) સ્થાપે છે.° દરેક સ્થુલ બનાવના બુદ્ધાંસામાં સદા એક એવો અવયવ રહે છે કે સમગ્ર બુદ્ધિમત્તાને હરાવે છે, એવું તે સ્વીકારે છે, એટલુંજ નહિ. પરંતુ તે યથાર્થ રીતે માને છે કે વિશ્વ પોતા વિષે પણ, સૂત્રાત્મામાં ચિત્તના અમુક ફેરફાર વિના, તે વિશેષ જાણતો નથી.* તેથી, પારિભાષિક રીતે વપરાતા અજ્ઞાનમાં વિશ્વનો પ્રારંભ થાય છે, અને સાથે સાથેજ જ્ઞાન કાર્યોની વસ્તુત અવિનાશી પ્રકૃતિને લીધે, અજ્ઞેય કારણનો, સત્ (સમગ્ર અસ્તિત્વ.) ગુણ, પ્રથમથી નિશ્ચિત કરે છે. શોધની એક દિશામાં આટલું કર્યા પછી, તે અંતઃકરણના સ્વરૂપના અભ્યાસમાં રોકાય છે. તે કહે છે જે આંતર્ બાહ્ય વિશ્વના સમગ્ર દેખાવમાં અંતઃસ્થિત થયલું છે તથા તેટલા માટે સમગ્રવિશ્વમાં તેનું તેજ, એક, સમાન, અને અજ્ઞાત તથા અજ્ઞેયસત્ રૂપજ, તથા તેથી અનંત છે, તેની જડ વિકૃતિરૂપે પ્રાનને ગણવામાં આવ્યું છે.° ગમે કહીએ, તેને બ્રહ્મ અથવા ગમે તે કહો, તેજ માત્ર આ સર્વ દૃશ્યનો પ્રકાશ છે.‡ તેજ, સમગ્ર ચિત્ત∧ અને આનંદ હોવું જોઇયે. વિચાર અથવા ચેતના, એજ માત્ર સર્વ વસ્તુઓમાં યથાર્થ વસ્તુ છે, આપણે તેને દૂર કરવા પ્રયત્ન કરીએ છીએ તોપણ તે રહ્યાં કરે છે. આપણે માંહ્યથી માંહ્ય એટલું કહી લઇએ કે, આ કઇક દ્વારાજ આપણે જ્ઞાન પામીએ

* ભગવદ્ગીતા—અ—૧૩—શ્લો—૧૯.

× પંગ્વંધ ન્યાય.

° ભગવદ્ગીતા—અ—૭—૪૭—પંચદશી—પ્રં—૨.

* પંચદશી—પ્ર—૬.

° પંચદશી—પ્ર—૬ અજ્ઞાનુ અવિદ્યા, માયા.

‡ ભગવદ્ગીતા—અ—૧૭—૧૬—૨૨.

∧ વાક્ય સુધા—૫ વળી જુઓ ભગવદ્ગીતા—અ—૩—૪૨.

છીએ, અને જ્ઞાન આનંદ છે; આ સમગ્રજ્ઞાન સમગ્ર આનંદ પણ છે. આ પ્રકરણાનુસાર વિશ્વ પાંચ ભાગમાં વહેંચાઇ જાય છે. સત્, ચિત્, આનંદ, નામ, રૂપ. દરેક નામ ધારી પદાર્થમાં આ પાંચ ગુણો હોય છે, અને કંઇ વિશેષ હોતું નથી. પ્રથમ ત્રણ તેના તેજ અને સર્વમાં એક છે, અન્ય બે દરેકમાં ભિન્ન પડે છે.S. આ પ્રમાણે વિશ્વ માત્ર નામ રૂપાત્મક છે, અને તેઓ અનિત્ય છે; અને મૂલ વસ્તુ સત્ ચિત્ આનંદમય અથવા બ્રહ્મમય છે, તે કદાપિ બદલાતી નથી. મનદ્વારા નામ રૂપાત્મક ભેદો ઉત્પન્ન થાય છે, અને તેમના પ્રતિ રાગ વિરાગદ્વારા, સુખ દુઃખ પેદા કરે છે. આ સિદ્ધાંતનો સાર આટલો જ થાય છે કે, વિશ્વનો બ્રહ્મ સાથે માત્ર અભેદ છે, તથા વિશ્વ બ્રહ્મનું એક અંશ છે.8 અત્રે બ્રહ્મના જગત્ સાથેના સંબંધમાં મતભેદ ઉત્પન્ન થાય છે. એક પક્ષના A એમ માનનારા છે કે, અક્ષય બ્રહ્મ પોતાની જાતે વિશ્વમાં પરિણામ પામે છે, એટલા જ અર્થમાં વિશ્વ બ્રહ્મ છે. અન્ય પક્ષના B. એમ માનનારા છે કે, આપણને વિશ્વનું વસ્તુતઃ કંઇ જ્ઞાન હોતું નથી, માત્ર આપણને તેના અસ્તિત્વનું ભાન હોય છે, અને સર્વ વ્યાપક તથા સગુણ બ્રહ્મ, તેના ત્રિકાલસિદ્ધ પદાર્થમાં સ્થુલ નૈતિક, અથવા બુદ્ધિ વિષયક, ફેરફારો ભાગ્યે જ સ્વીકારી શકે, માટે વિશ્વ બ્રહ્મ એવા અર્થમાં છે કે, સર્વ એવી રીતે-કહેવાતા અ-બ્રહ્મ પદાર્થો, અનાદિ અજ્ઞાન કે જે અમુક સમય માટે આપણને બંધનમાં નાંખે છે, અને સર્વ સામાન્ય જ્ઞાનના એક વિભાગમાં આપણને ઘેળે ઘેળે મનાવવાં પડતાં સ્વપ્નો પેદા કરે છે, તેનાં પરિણામ માત્ર છે. પ્રથમના પ્રમાણે માનવ બુદ્ધિએ દૃશ્ય વિશ્વમાં ઉત્પન્ન કરેલાં બંધનો નાશવંત છે, અને અન્યના પ્રમાણે સમગ્ર દૃશ્ય વિશ્વ પોતાની જાતે માત્ર સ્વપ્ન રૂપ અથવા વિવર્ત રૂપ થઈ જાય છે. વિવર્ત શબ્દથી ગુંચવાવાનું કારણ નથી, કારણ કે વિવર્ત એટલે, જેનાં નામ રૂપો આપણા અંતઃકરણદ્વારા આપણને પ્રતિત થાય છે, તેના મૂલ પદાર્થને જાણવાની આપણી અસંભાવ્યતા. આ ઉભય સિદ્ધાંતોમાંનો પ્રથમ એમ સિદ્ધ કરે છે કે, સમગ્ર બ્રહ્મ ઘણાં રૂપોમાં પરિણામ પામે છે: અન્ય સિદ્ધ કરે છે કે, આ અસંભવિત છે કારણ કે, બ્રહ્મ એક અને અનંત છે, જે પોતે જાતે પરિણામ પામે છે તે તો તેનું સહવર્તિન જડ (અજ્ઞાન) છે. આ ઉભય સિદ્ધાંતોના ઉપર ઉપરથી આવા સિદ્ધાંતો હોવા છતાં, બારીક તપાસથી માલૂમ પડે છે કે, ઉભયનો એક જ આકાર છે. આપણે આ પ્રશ્નને અન્ય દૃષ્ટિબિંદુથી વિલોકીએ. વિશ્વ કે જેનું શ્રેષ્ઠ રીતે સત્તામાં (Being) સામાન્યતઃ નિરૂપણ થઈ શકે એમ છે, તેને એક દૃઢ અને અસીમ સમગ્ર રૂપે, નામ તથા રૂપ અથવા બંધનના ભેદોથી રહિત રૂપે, અવલોકવાનું છે. ખરેખર માત્ર આવાને આવા અર્થમાં જ, વિશ્વ બ્રહ્મ છે.* આ પ્રમાણે

S વાક્ય સુધા—૨૦.

૪–ભગવદ્ગીતા–અ–૧૦,૪૨.

A–વલ્લભ અને અન્યના અનુયાયીઓ.

B–શંકરાચાર્યના અનુયાયીઓ–વિવર્તવાદીઓ.

* "જેમ હે સૌમ્ય! એક મૃત્તિકાના સમૂહને જાણવાથી, જે જે મૃત્તિકાનું બનેલું છે તે માત્ર નામ રૂપ, રૂપે જ્ઞાત થાય છે, તેમ વળી, ઇત્યાદિ....."—છાન્દોગ્ય.

એટલું જોઈ શકાય છે કે, એક જેને માનવ બુદ્ધિથી પેદા થતાં બંધનોના સ્વરૂપમાં મૂકવા માગે છે, તેને અન્ય અજ્ઞાનના સ્વરૂપમાં નિર્મુલ કરવા માગે છે. ઉભયનો મૂખ્ય ઉદ્દેશ, વિશ્વને બ્રહ્મપરિણતિ રૂપે સ્વીકારવાથી અથવા વિશ્વનો એક માત્ર વિવર્ત રૂપે વિલય સ્વીકારવાથી, તટસ્થેશ્વર અને તેની સૃષ્ટિ વચ્ચેના ભેદને દૂર કરવાનો છે. આટલું સ્પષ્ટ રીતે કહેવા પછી અન્ય અનેક ઉપયોગિ પ્રશ્નો સાથે આ ઉભય વાદના સંબંધનો વિચાર, આગળ ઉપર કરીશું. આ પ્રમાણે મૂલ કારણની પ્રકૃતિ અને તેનાં પરિણામ, વિશ્વ, સાથે, તેના સંબંધની શોધની મૂલ તપાસનો અંત આવે છે. આપણે જોયું કે, માનવ મન તટસ્થેશ્વરના વાદથી પ્રારંભ કરીને, જ્યાં સુધી આવશ્યક અભેદ અને જ્ઞાનમય બ્રહ્માંડની એકતામાં પોતાની જાતે પ્રવિલાપે છે ત્યાં સુધી ઉંચેને ઉંચે ઉડ્યાં જાય છે. હું અત્રે એટલું હિંમત પૂર્વક કહી શકું કે માનવ મનને આથી ઉચ્ચતર સ્થિતિયે ઉડવાનો પ્રતિબંધ કરવામાં આવ્યો છે; અને પ્લેટો બર્કલી, કેન્ટ, હેગલ જેવા ફીલસુફોએ, જુદા જુદા દેશોમાં અને ભિન્ન ભિન્ન સમયે, ઉપરના કરતાં તદ્દન જુદા પક્ષોદ્વારા, લગભગ એવાને એવો જ નિર્ણય કર્યો છે, એ વાત માન્યતાનું ઘણું બલ વધારે છે.

(આગળ ચાલુ.)

ઉપતંત્રી.

સ્ટીમરમાં—ધર્મકથા.

(મળેલું.)*

(અનુસંધાન-અંક-૧-પૃષ્ઠ-૩૨ થી.)

વકીલ.—મહારાજ ! આપની આ શબ્દ સંબંધી યુક્તિ સુદૃઢ નથી; એટલે શબ્દ વાયુ સાગરમાં લીન થાય છે, અને વળી વાયુનાં સંસ્તર (Layers) ખસેડી નાખવાથી શબ્દ નીકળી પડે છે, એમ સ્વીકારવામાં બે પ્રકારના દોષ દેખાય છે: ૧. યંત્રની મદદથી કોઈ સ્થાન વાયુશૂન્ય (vacume) કરવામાં આવે, અથવા જાડી હવા ખસેડી નાખવામાં આવે, તો તેમાંથી એમને એમ વિવિધ તરેહના શબ્દ પોતાની મેજે જ પ્રકાશિત થઈ શકે છે; કારણ કે આપના મતમાં, "સ્થિર સ્થાયી, અવિનાશી શબ્દ—વાયુ તેને ચોતરફથી ઘેરી ઢાંકી નાંખે છે." આ વાયુનું ઢાંકણ અથવા આચ્છાદન ઉઘડી જાય તો શબ્દનો પ્રકાશ અનિવાર્ય. ૨: "क" વર્ણ ઉચ્ચારને માટે જે અભિઘાત થાય છે, તે અભિઘાત વડે, વાયુ ખસી જાય છે. માટે "क" સાંભલવામાં આવે છે. પરંતુ તે સમયે સમસ્ત વર્ણ કેમ સંભલાતા નથી ?

સન્યાસિ.—વાહ વકીલ સાહેબ ! તમારી વિચાર શક્તિ જોઈ મને સંતોષ થયો. હવે મારી વાત સાંભળો.

---

* લખનાર—એક સન્યાસિ.

પ્રથમ આપત્તિનો ઉત્તર—આ વાયુમાં શબ્દ એવો મળેલો અથવા ભળેલો છે કે, અન્ય દ્વારા વાયુ ખસેડતાની વારમાં શબ્દ પણ ખશી જાય છે. પરંતુ "વાગ્યંત્ર" (ફોનોગ્રાફ) અથવા તદનુકરણથી નિર્મિત યંત્રના પ્રતિઘાત કૌશલ્યથી તેમ થાય નહિ.—વાયુ પણ શબ્દમાં સંચ્છિન્ન થઈ, વાયુ ખશી જઈ શબ્દ નીકળી પડે છે.

દ્વિતીય આપત્તિનો ઉત્તર—આ સમસ્ત વાગ્યંત્ર સરખું સમાન નથી,—તેનો પ્રતિઘાત પણ એક સરખો સમાન નથી, અને તેમ જ વાયુની સાથે સમસ્ત શબ્દનાં મિશ્રણ પણ એક સરખાં નથી. માટે કોઇ એક યંત્રના એક પ્રકારના પ્રતિઘાતથી, વાયુ સાથે એક રીતે ભળી રહેલો "ક" વર્ણ ફુટી નીકળવાને લીધે, વાયુની સાથે બીજી રીતે ભળી રહેતા સમસ્ત વર્ણ તેજ યંત્રના તેજ પ્રતિઘાતથી ફુટી નીકળશે, તેમ થવાનો સંભવ નથી. અસલ વાત એ છે કે, વાગ્યંત્ર અથવા તદ્રૂપ યંત્રના પ્રતિઘાતથી શબ્દ પ્રકાશ થાય છે, અન્ય કોઇ પણ રીતે નહિ. આ પ્રતિઘાતના પણ સારા માઠા ભેદ છે. વાયુ ખસેડવાના પ્રભેદથી અમુક અમુક શબ્દની મૂર્તિ પ્રકટ થાય છે.

વ.—આ તો બહુજ મોટી અને ગુંચવણ ભરેલી કલ્પના છે.

સ.—કલ્પના મોટી અને ગુંચવણ ભરેલી હશે ખરી, એટલી અનેક તર્ક વિચારથી સમજવા લાયક વાત છે ખરી; પરંતુ અતિશય અઘરી ન સમજાય એવી વાત નથી. શબ્દને અસ્થાયી—નાશમાન્ કથવાથી કેટલી બધી અધિક કલ્પના કરવી પડે છે, તે એક વાર વિચારી જુઓ તો ખરા! અસીમ કાલ; અસીમ પૃથ્વિ; અસંખ્ય માણસ; દરેક માણસના વળી અસંખ્ય શબ્દ! તે સઘળા શબ્દની ઉત્પત્તિ અને વિનાશની કલ્પના, મારી કલ્પના કરતાં કેવી મોટી અને કેટલી ગુંચવણ ભરેલી ભયંકર છે, એ વિચારો તો ખરા!

વ.—તે ગમે તેમ હો પરંતુ મહારાજ! તમારા ન્યાય શાસ્ત્રમાં ફોનોગ્રાફના શબ્દ અને પ્રતિધ્વનિને શું કહે છે,—પ્રતિબિંબ કે બીજું કંઈ; એ સાંભળવાની ઇચ્છા રાખું છું.

સ.—ફોનોગ્રાફ યંત્રની વાત મિમાંસાશાસ્ત્રમાં પણ નથી અને ન્યાયશાસ્ત્રમાં પણ નથી; પરંતુ તે શાસ્ત્રોની અનુમોદિત યુક્તિવડે જે કંઇ સમજાય છે તે કહું છું, સાંભળો. ફોનોગ્રાફયંત્ર વાગ્યંત્ર જેવું જ છે. તે યંત્રસ્થિતવાયુકૌશલ મનુષ્યની ઇચ્છાનુસાર ક્રિયાશીલ છે. અબાધ્ય વાયુની આ નિયમિત ક્રિયા બુદ્ધિમાન્ મનુષ્યની અપૂર્વ કીર્તિ પ્રદર્શિત કરે છે. ઉચ્છલિત જલ પ્રવાહ જ્યારે નાના માર્ગે પ્રધાવિત થવાને તત્પર થાય છે, ત્યારે એકાદ રસ્તો ઉઘાડો કરી આપવાથી જલ તે જ માર્ગે જાય છે; રસ્તાનું મુખ બંધ કરવાથી જલ પણ બંધ થાય છે; અને વળી મોંઢું ઉઘાડી આપવાથી જલ તે માર્ગે પ્રધાવિત થાય છે. ફોનોગ્રાફ યંત્રમાં પણ એજ નિયમ દેખાય છે. ફોનોગ્રાફ યંત્રમાંના વાયુને વાગ્યંત્રના પ્રતિઘાતથી ઉત્પન્ન થયલા વાયુવડે એક નિર્દિષ્ટ માર્ગ બતાવી આપવામાં આવે છે. વાયુ તે માર્ગે જવાથી યંત્રની અંદરનાં વાયુસ્તર (volume of the air) માં પ્રતિઘાત થાય છે, તે પ્રતિઘાતથી જ શબ્દની ઉત્પત્તિ છે. જેમ કોઇ માણસ એક જાતના વાગ્યંત્રમાં પ્રતિ-

ઘાત કરી સ્વેચ્છાથી વારંવાર એક તરેહના શબ્દ ઉચ્ચાર કરી શકે છે, તેમ જ વાગ્યંત્રના અનુરૂપ ફોનોગ્રાફ યંત્રનાં અભ્યંતર સ્તરમાં પ્રતિઘાત થવાથી એક તરેહના શબ્દની ઉત્પત્તિ થાય છે. આ પ્રતિઘાતને માટે જ યંત્રની કલ દાબવી પડે છે. પ્રતિઘાતના માર્ગ ચિહ્નિત (mark) કરવા માટે યંત્રના મુખ પાસે શબ્દ કરવો પડે છે. એટલે ફોનોગ્રાફ યંત્રના જે ભાગને તમે શબ્દ ધારક (sound catcher) યંત્ર કહો છો, તે ખરેખર શબ્દ ધારક નથી, પ્રતિઘાત કરે છે; અર્થાત્ શબ્દોચ્ચારણ સંભૂત વાયુ ધારક યંત્રમાં, તે વાયુવડે વાગ્યંત્રનો સદૃશ પ્રતિઘાત-સ્થાનમાં આભ્યંતર વાયુનો અમુકામુક પ્રતિઘાત થાય છે, તેમાંથી જ અમુકામુક શબ્દ ઉત્પન્ન થાય છે. માટે તે શબ્દ કહેવાય છે, પ્રતિબિંબ નહિ. ઘણું ખરૂં પ્રતિધ્વનિ પણ પ્રતિબિંબ ન હોય. પ્રતિધ્વનિ શ્રવણના સાંભળનારનો ભ્રમ જ કહેવાય છે. જેમ કે ચક્ષુને એક રીતે દાબવાથી બે ચંદ્ર અથવા બે સૂર્ય દેખાય છે; પરંતુ બે ચંદ્ર અથવા બે સૂર્ય સત્ય નથી;—દૃષ્ટિનો ભ્રમ છે; તેમ જ વાયુના ગતિ દોષથી પ્રતિધ્વનિ સંભળાય છે. તે શ્રવણેન્દ્રિયનો દોષ—સાંભળનારની ભ્રાંતિ છે; વસ્તુતઃ પ્રતિધ્વનિ કંઇ નથી—તેની કંઇ સત્તા પણ નથી. એમ જ અમારાં શાસ્ત્રોનો સિદ્ધાંત છે. હવે આ બાબત માટે વધારે કંઇ કહેવાનું પ્રયોજન દેખાતું નથી, ત્યારે આટલું નિશ્ચય રૂપે યાદ રાખજો કે, નિરાકારનું પ્રતિબિંબ પડતું નથી.

વ.—વાહ મહારાજ! વધારે તર્ક કરવાની કંઇ જરૂર નથી; માની લીધું કે નિરાકારનું પ્રતિબિંબ પડતું નથી. જ્ઞાન છાયા નિરાકાર, તેના વિરોધમાં આજે તમારી પાસે કશુંએ બોલી શકતો નથી. જો કદાચ કહેવાનો સુયોગ મળશે તો, તમને કહીશ; પણ આજે તો મારે સ્વીકારી લેવું પડે છે,—મગજમાં જ્ઞાન છાયા પડતી નથી.

સ.—સારૂં, ભાઈ સારૂં, ત્યારે આટલું તો ઘણુંજ થયું;—જ્ઞાન દેહનો ધર્મ નથી.

વ.—તે હજુ પણ સંપૂર્ણ સ્વીકારી શકતો નથી. કારણ કે જ્યારે મગજનો કોઇ ભાગ નષ્ટ થવાથી જ્ઞાન શક્તિ લોપાય છે, ત્યારે જ્ઞાનની સાથે મગજનો જે સુદૃઢ સંબંધ જોવામાં આવે છે, તે સંબંધ જ્ઞાન દેહ ધર્મ ન થવાથી કોઈ દિવસ થઇ શકતોજ નથી. દેહમાંની અધમ વસ્તુ, જ્ઞાનનો આશ્રય થાત તો, દેહનો કોઈ અમુક ભાગ નષ્ટ થવાથી જ્ઞાન-લોપ કદાપિ થાત નહિ. માટે તમને તે હું ન સમજાવી શકવાથી પણ, જ્ઞાન દેહ-ધર્મ છે, તે વિષેની કોઈ તરેહની શંકા નથી.

સ.—એ પણ તમે ખોટું સમજ્યા છો. ત્યારે સાંભળો,—મનની સાથે ત્વચાનો સંબંધ એ જ્ઞાનનું નિમિત્ત કારણ છે; અને વળી તેમજ કોઇ અમુક ઇન્દ્રિયની સાથે મનનો સંબંધ, એ પ્રત્યક્ષ વિષયમાં કારણ છે. આવા કાર્ય કારણ ભાવ છે તે માટે, જ્ઞાનને દેહ-ધર્મ તરીકે માની લેવું પડશે, એવું કોઇ યુક્તિથી દેખાઈ આવતું નથી. મગજનો જે ભાગ નષ્ટ થવાથી જ્ઞાન-લોપ થઈ જાય છે, તે ભાગજ મનની સાથે ત્વચા સંયોગ દ્વાર,—તે ભાગ નષ્ટ થવાથી મનનો ત્વચા સંયોગ થતો નથી, માટે જ્ઞાન લોપ થાય છે. કોઇ અમુક

ભાગ નષ્ટ થવાથી, કોઈ અમુક ઇન્દ્રિયની સાથે મનનો સંબંધ દૂર થાય છે; માટે તે ઇન્દ્રિયનું કાર્ય થઇ શકતું નથી, મનની સાથે મગજના કોઈ અમુક ભાગ અથવા કોઈ અમુક ત્વચાનો સંયોગ સંબંધ, એ સ્મૃતિનું પ્રતિકારણ છે. આટલી વાત માની લેવાથી અન્ય કોઇ જાતની તકરારજ રહેતી નથી.

અસલ વાત એમ છે,—જ્ઞાન જો તમારા કહેવા મુજબ દેહ-ધર્મ હોયતો, કદાપિ સ્મૃતિ થઇ શકતી નથી. માટે જ્ઞાન દેહ-ધર્મ નથી,—આત્માનો ધર્મ છે. આ આત્મા દેહ નથી; પરંતુ દેહની સાથે મનનો કોઇ અમુક ભાગનો સંબંધ થવાથી અને તે ઉપરાંત અન્ય કેટલાંક કારણ એકઠાં થવાથી, આત્માનું જ્ઞાન ઉત્પન્ન થાય છે. નહિતો થાય નહિ. જે જ્ઞાનનો આશ્રય, તેને લઇનેજ માણસ, આત્માને ત્યાગી, મનુષ્ય નથી.

ભ્રાતૃત્વ-ભાવના વાદ*

" અભેદજ્ઞાન મંડલનો ", " જાત, જાત, દેશ, વિદેશ, પંથસંપ્રદાયના ભેદ વિનાનું માનવજાતનુંસર્વસામાન્ય ભ્રાતૃભાવનું કેન્દ્ર સ્થાપવાનો " પ્રથમ ઉદ્દેશ, એક એવો છે કે, શોધકની સગજ શક્તિને શરૂઆતમાં તો વિનોદકારક લાગે છે, સર્વને ભેટતી સહનશીલતાના વિસ્તીર્ણ પ્રચારની ભાવના અનુકૂલ થાય છે, કારણકે તેનાથી સર્વવ્યાપક પ્રેમની રસિક પ્રતિમા મનસમીપ ખડી થાય છે. ઘણી વખતનો જીજ્ઞાસુના મનમાં ખાસ કરીને તેની સંતોષકારક અસર થાય છે, કારણ કે તેની ખાત્રી થાય છે કે પોતાની જાતેજ તેમાં ગણાવાનો છે, કોઈ પણ એકાંત સમૂહથી તે વિદૂર ગણાવાનો નથી. પરંતુ સર્વ બંધનો તોડીનાંખવાનાં છે તથા જ્યાં જ્યાં તેની ઇચ્છા થાય ત્યાં ત્યાં સમાન ભાવની સ્થિતિમાં રહેવાનું છે. આ તેના વ્યાક્તિત્વને-અહંપદને, પસંદ પડે છે અને તે એકદમ આ વાદને ટેકો આપવા તૈયાર થઈ જાય છે. પરંતુ ચિંતવન તેના ઉત્સાહને શંકાશીલ ઉત્સાહ વડે ઢાંકી દે છે, તેનાથી વિરૂદ્ધ વિચારો ઉદ્ભવ પામે છે, અને તેથી તેની પ્રથમ રસિક ભાવનામાં વિચિત્ર કલહ પેદા થાય છે. તેનું અનિવાર્ય મગજ, રસિકતાની અવગણનાને લીધે, અનુભવગમ્ય યથાર્થ વાત માટે શાંત રહેતું નથી, અને આવા પ્રકારની ભાવનાઓ ઉભરાઇ આવે છે; " દક્ષિણ આફ્રિકાના ગંદા હબશીને અથવા રૂવાંમાં દંટાયલા ઉત્તર ધ્રુવના વાસિને, શું મારે એક ભાઇની પેઠે ભેટવાનું છે ? " આ " ભાઇઓની " ટેવો અને રીતરીવાજો સંબંધિ ન ગમે એવી વાતો, દાક્ષિણાત્ય શાંત નદીમાં ડોકીયાં કરતા મગરોની પેઠે, તેની રસિક ભાવનાના પ્રવાહમાં પૂર જોસથી ડોકીયાં કરવા માંડે છે, તથા તેનાને તેના વિચારમાં તેની ઇન્દ્રિયો પણ કહ્યું કરતી નથી. તેના નજીકના કુટુંબના ભાઇની ભાવનાના લાંબા પરિચયને લીધે, ને ઉભય વચ્ચે સરખામણી કરવા દોરાય છે; અને તેથી ગંદા ગણાતા જંગલીને

* થીઓસોફીસ્ટમાં આવેલા એક લેખને આધારે.

ખમવું પડે છે. જેઓ ભ્રાતૃત્વભાવનાનો આ પ્રમાણે અર્થ ઉઠાવે છે તેમનાથી ઉભય માંની એક વાત થાય છે; ગમે તો તેઓ આ વાદની ભાવના માત્ર ગ્રહણ કરે છે અને તેને અનુભવમાં ઉતારવાનો સ્વીકાર કરતા નથી, અથવા વર્તમાન સમયની સામાજીક વિદ્યાથી ઘણી સારી રીતે તે દર્શાઈ આવતી બનાવોની સ્થિતિને જાળવવા પ્રયત્ન પરાયણ, થાયછે.

સામાજીક વિદ્યા વિષે બોલતાં તેનું વિવેચન કરવાનો મારો વિચાર નથી; મારા મનથી તેની પ્રાકૃતિક બનાવો સાથે સામાન્યતા છે અથવા નથી, એટલું કહી શકવા જેટલો હજુ મેં તેનો સંપૂર્ણ ઉંડો અભ્યાસ કર્યો નથી. ક્રાઇસ્ટ પૂર્વે નવમા શતકમાં લાઈકરગસે ગ્રીસમાં એનો પ્રચાર વિજયવંત રીતે કર્યો હતો, એ મારા જાણવામાં છે; તેણે લોકોને એટલી બધી એકયતાની કેળવણી નીચે આણી મૂકયા હતા કે, બજાર વચ્ચે બેઠીને ગરિબ અને તવંગર એકજ ટેબલે ખાણું લેતા, કોઈ પણ, પોતાના પાડોશી કરતાં સારા ઘરમાં રહેતો નહિ તેમજ સારાં કપડાં પણ પહેરતો નહિ; આવી અપરોક્ષાનુભવગમ્ય નીતિ, એવી સ્થિતિયે પહોંચી કે, કોઇ પણ જડ-સ્યુઝ કેળવણી હજુ પણ તેનું પ્રતિબિંબ પાડી શકી નથી, અને જોસાદી રીતે જોઇએ તો, દક્ષિણ આફ્રિકાની નહિકેળવાયલી જાતો, તે ભાવનાની નજીક આવી પહોંચતી જણાય છે. મને એટલું ભાન છે કે, સ્પાર્ટાની આ કૃતેદમંદ સામાજીક-વિદ્યાએ, કલા ભંડારોને સુખોપભોગનાં સાધનો ગણવામાંથી બહિષ્કાર કરવાને લીધે, કલાપ્રવૃત્તિઓને કચડી મારવામાં આવી છે; પરંતુ આ સંબંધે આધુનિક અનુકર્તાઓ-ઘણું ખરૂં તો પ્રાચીન સામાજીક-વિદ્યા-શાસ્ત્રીઓનાજ પૂનર્જન્મો-ઘણું ખરૂં કામ કરે છે, કારણ કે, કવી, કલાવાન્, અને સામાજીકનેતા તરીકેનો વીલીઅમ મોરીસનો, સાબિતી રૂપે ઝળકતો દાખલો હતો.

આપણે " બ્રહ્મજ્ઞાનમંડળ "ના (Theosophical Society) ઉદ્દેશ ઉપર આવીએ, તેમાં પણ તેને યોજી કાઢનારાઓના મનમાં સામાજીક ભાવના નહતી-પરંતુ જે ભાવના તેમણે પ્રવર્તાવી અને હજુ પણ તેમના આગળ પડતા લેખકોના લેખોમાં ફરી ફરી પ્રતિપાદન થયાં જાય છે, તે તેના સાદા સ્વરૂપમાં એક વિશાલ કુટુંબની ભ્રાતૃભાવના સમાન છે, તેને વિશાલતાથી વિલોકીએ તો, જ્યારે પાશ્ચિમાત્ય પ્રજાઓ માધ્યમિક સમયના સ્યુઝ પંકમાં ગોથાં ખાતી હતી ત્યારે હિંદુસ્થાનની પ્રાચીન જ્ઞાતિરૂઢિ જેવા શુદ્ધ સ્વરૂપમાં હતી, તેના સમાન છે. વળી તે ભાવનાનું આથી પણ વિશાલ સ્વરૂપ આપણા બ્રહ્માંડ ભુવનનાં કુટુંબ મંડલોમાં જોવામાં આવે છે; એથી પણ વિશાલ ભાવનાનો, જ્યારે આપણે, જેઓ બ્રહ્મ સાથે અભેદ પામ્યા છે અને તે પામીને પણ પોતાનું વ્યક્તિત્વ જાળવી શકા છે, તેમને સમજવા માટે પ્રયત્ન પરાયણ થઇએ છીએ ત્યારે, અંદ્‌ભૂત અધ્યાત્મ ભ્રાતૃમંડલ, જેના વિષે આપણે વિચાર ચલાવીએ છીએ, તેમાં સમાવેશ થાય છે.

વિશાલ દૃષ્ટાંતો દૂર રાખીને, આપણે એક સાદાથીજ આરંભ કરીએ અને જોઇએ કે, એક સાધારણ કુટુમ્બમાં યથાર્થ રીતે શું થાય છે. ત્યાં, જુદી જુદી ઉમ્મરના, વિવિધ ઉદ્દેશવાળા, અમુક હદ સુધી ખીલેલી ભિન્ન ભિન્ન બુદ્ધિવાળા, ભ્રાતાઓ આપણા જોવામાં

આવે છે. આજ ભાઇઓ એક ભાવનામય કુટુમ્બમાં, એક બીજા પ્રતિનાં પ્રેમ અને સહાયતાના સામાન્ય બંધનમાં, એકત્ર જોડાયલા હોય છે. આવી વૃત્તિઓ સ્વભાવિક હોય છે અને એટલા સંબંધમાં તો કંઈ પણ તર્ક—વિચાર વિના અનુભવમાં ઉતારવામાં આવે છે; તેઓ જન્મથી માંડીને જ ભાઇઓ છે અને કુટુમ્બઐક્ય માટે એટલું કારણ પણ પૂરતું છે. સર્વમાન્યભ્રાતૃભાવનો મહાન્ નિયમ કુટુમ્બના નાના મંડળમાં પ્રતિબિંબિત થાય છે, સ્વાભાવિક રીતે તેનું ગ્રહણ પણ થાય છે અને તેના મૂલ સ્વરૂપના સમાન એકતાર અલ્પસ્વરૂપ ખડું કરે છે. પરંતુ આવી કુટુંબભાવનાનો અર્થ, સર્વની સ્થિતિયો સમાન કરી નાંખવી, એમ નથી. સ્થુલ રીતે જોતાં એનો અર્થ એમ નથી કરવાનો કે; નાના ભાઇને, મોટા ભાઇનાં જેવો ખોરાક ખાવાનો છે અથવા નાનાને મોટાના સમાન ચાલવા પ્રયત્ન કરવાનો છે; વિકારદ્વારાવિલોકતાં પણ એનો અર્થ એમ નથી કે, મોટા ભાઇએ, નાનાભાઇ સાથે રડવા લાગવાનું અને હુસકાં ભરવાનાં છે, અથવા નાનાને, મોટાના જેટલો સ્વાત્મ સંતોષ ધારણ કરવાનો છે; માનસિક રીતે અવલોકતાં એનો અર્થ એવો નથી કે, મોટોભાઈ વા ચાલ થતામાંજ કક્કો શિખી જશે અથવા તેનાથી મોટાભાઇની સમાન ભૂમિતિના સિદ્ધાંતો સિદ્ધ કરવા માંડશે. વળી એનો એમ પણ અર્થ નથી કે, એ સર્વ એક મતના થઈ શકે એવી એક સમાનતાની સ્થિતિ પણ જડી શકવાની નથી—મોટાભાઇ ઉચ્ચ ઉચ્ચ માર્ગે પ્રયાણ કરે છે, નાનાભાઈ અધમતાના ખાડામાં ગબડ્યાં જાય છે. સમાનતાની માત્ર એક ભૂમિકા, પ્રેમ છે, અને આ સ્થિતિમાં પણ વર્ગીકરણદ્વારાજ સામાન્યઐક્ય જળવાઈ રહે છે. મોટાભાઇ માટે, નાનાનું રક્ષણ કરવું, મદદ કરવી, ઉત્તેજન આપવું, એ કેટલું બધું સ્વાભાવિક છે) સમાન વયના સહેલથી શી રીતે મૈત્રિ ઉપજાવે છે ! અને સર્વની અન્યોઅન્યના સાથમાં ઘણીજ સંપૂર્ણ મૈત્રિ હોય છે.

આવા પ્રકારના એક કુટુમ્બમાં ગર્વને લીધે ઉચ્ચતા નીચતાના વિભાગો પડી જતા નથી; નાનો ભાઈ, મોટા ભાઇની આગળ વધેલી બુદ્ધિ અને વિશાળ અનુભવ પ્રતિ માન પૂર્વક જુએ છે, તેમ જ મોટાને પણ નાના પાસેથી સાદાઇ અને સરલતાનો ધડો લેવાનો છે. અન્યોન્યને દરેક આવશ્યક પાઠનો ઉપદેશ કરી શકે છે, અને પ્રત્યેક ભાઇની કીમતનો આધાર, પોતાની વય અને બુદ્ધિ અનુસાર ઉત્તમ કર્તવ્ય કરવા ઉપર છે.

માનવ જાતની મહાન્ કુટુમ્બ માટે આનો આ જ વિચાર લંબાવી શકાય, અને ઘણો ખરો વિચારતો ઉભય સામાન્ય છે; નાનાં કુટુમ્બમંડલોને યોગ્ય થઈ પડે એવી વિચાર પરંપરા ચલાવવાની જરૂર નથી, પરંતુ કુટુમ્બાં જેને મોટા બનાવ ગણવામાં આવે છે, તે જ મોટા કુટુમ્બના નાના બનાવ હોય છે. એક દૃષ્ટાંત તરીકે, દક્ષિણ આફ્રિકાના હબશી અથવા ઉત્તરધ્રુવવાસિની ભ્રાતૃભાવનાને લીધે આપણે તેને સ્થૂલ રીતે ભેટવાની જરૂર નથી પરંતુ પ્રેમળ દયા અને સહાયતાની માનસિક ભેટમાં તેમને સ્વીકારી લેવાના છે. જેમ; એક રડતા બાલકને શાંત પાડવામાં મોટા ભાઇને કંઈ જ મહાન્ પ્રયત્ન કરવો પડતો નથી તેમ જ અમુક એક પોષણ માટે તેના વિરૂદ્ધ આશ્રય લે છે અથવા ક્રોધે ભરાઈ તેને કોમલ મુષ્ટિ પ્રહારો કરે છે, તો પણ તેને તેથી દુઃખ થતું નથી, તેવી રીતે,

માનવ જાતના આગળ વધેલાઓ, બાલક-જીવાત્માઓને, જરા પણ મહાન્ પ્રયત્ન વિના, અને તેમના મિજાજના બાલિશ આવેશોથી માનસિક સ્વાસ્થ્ય ખોયા વિના, મદદ કરી શકે છે.

જેમણે વિષયનો શોધ ચલાવ્યો છે તેમનાદ્વારા માલૂમ પડે છે કે, હિંદુસ્થાનના જ્ઞાતિ બંધનનું બંધારણ, મૂળતો પ્રજાની જરૂરીઆતો પ્રમાણે શ્રેષ્ઠ બુદ્ધિ અનુસાર બાંધવામાં આવ્યું હતું, અને તેનો હાલમાં થયલો અધોપાતતો, તે એક સમયના સુવર્ણ કણોનાં સડી જતાં ફોતરાં માત્ર છે. પદાર્થોની ચઢતા પડતીના કાલ્પનિક નિયમને દર્શાવતી હિંદુસ્થાનની આધુનિક સ્થિતિ, ચક્રના અધોભાગમાં છે. ઉચ્ચતાના શિખરે મહાલતા મહાત્માઓની દેખરેખ નીચે, એક સમયે નિયમ પૂર્વક સદાચરણ પળાતા હતા એવા જીવાત્માઓનો સમૂહ શાંતતામાં અસ્ત થઈ ગયો છે, અથવા જન્માન્તર પામ્યો છે; અને તેમનાથી ઉન્નતિ—ક્રમમાં પછાત રહેલા જીવાત્માઓએ તેમનું સ્થાન રોક્યું છે અને ઉન્નતિ—ક્રમની જે સ્થિતિએ તેઓ આવી પહોંચ્યા છે, તેને આગળ વૃદ્ધિમતિ થતી માને છે, પરંતુ તેમના પૂર્વજો, આધુનિક સ્થિતિનું અવલોકન કરે તો તેમને આગળ વધવાને બદલે પછાત પડતા જોયા વિના ભાગ્યે જ રહે. જ્ઞાતાઓ કહે છે કે, મહાન્ મહાત્માઓએ હજુ હિંદુસ્થાનને ત્યાગ્યું નથી, પરંતુ તે જ્યાં સુધી મંડલના ઉચ્ચતા પ્રતિ પ્રયાણ કરતા બિન્દુની સ્થિતિ સુધી ન આવે, અને વળી એથી પણ આગળની સ્થિતિ કે જ્યાં તેમની શેવાઓ સ્થુલ ભુવનમાં પ્રદર્શિત થશે, ત્યાં સુધી વાટ જોવાનું યોગ્ય ધારે છે. આગળ વધેલા જીવાત્માઓએ, હજુ પણ જન્મ પામવાનું, અને પ્રાચીન જ્ઞાન તથા નીતિના બુજાઈ જતા અંગારાના પ્રકાશને જીવતો રાખવાનું ઉચિત ધાર્યું છે, અને ધાંધલમાં મચેલા સમૂહો ઉપર તપાસ રાખીને, આગળ વધવા પ્રયત્ન કરતા દરેકને મદદ કરવાનું સ્વીકાર્યું છે.

જ્ઞાતિ સંસ્થાની ભાવનામય ભ્રાતૃભાવનામાં, આધુનિક સમયે જ્ઞાતિ નિયમોનું સ્થુલ દૃષ્ટિથી અવલોકન કરવાથી પેદા થતા અસહ્ય ગર્વનો સમાવેશ નહતો; પ્રજાનો અધોપાત થવાનું તેજ ખરૂં સ્વાભાવિક કારણ હતું. હિંદુસ્થાનની રાજ્યકરતી કોમે એ નિયમોનો ઇચ્છિત રીતે અર્થ ઉલટવવાને લીધે, એ અધોપાત કેટલો બધો જલદી થતો ગયો હતો, તે કહેવાને હું એક ઇતિહાસવેત્તા નથી, પરતુ એટલું તો સ્પષ્ટ છે કે, જ્યારે હિંદુસ્થાન વર્તુલના ઉચ્ચમાં ઉચ્ચ બિંદુ એ હતું અને જ્યારથી અધોપાત થવાનો પ્રારંભ થયો ત્યારથી જ એ અધોપાત સાથે, સ્થુલતા, સ્થુલભાવના, પ્રાકૃતિક રીતે વૃદ્ધિ પામતી ચાલી, ગમે તેમ હો પરંતુ હિંદુસ્થાનમાં સત્ય યુગમાં પળાતાં જ્ઞાતિબંધનો, સર્વ જાતના વાદવિવાદ સામે ટટાર રહી શકે એવાં ભ્રાતૃભાવનાં ઉત્તમ દૃષ્ટાંતો છે; તેમ આપણા ગ્રહનાં, વનસ્પતિ, પ્રાણિ આદિ ભુવનોની, ભ્રાતૃભાવનાનું વર્ણન કરતાં વર્ગીકરણની રૂઢિ પણ તેવી જ સહજ સિદ્ધ છે. હિંદુસ્થાનની કીર્તિના દિવસોમાં, મોટા ભ્રાતાઓ—બ્રાહ્મણો, નાનાઓના આધ્યાત્મિક ગુરૂ હતા, અને તેઓ પોતાના વિશાલ જ્ઞાનનો, તેમનાથી ભિન્ન પડવાના સાધન તરીકે નહિ, પરંતુ એક મોટો ભાઈ નાના ભાઈ તરફ દર્શાવે તેમ, રક્ષણ કર્તા અને નિયમન કર્તા સત્તારૂપે ઉપયોગ કરતા હતા ક્ષત્રિયો ઉપદેશને અનુભવમાં ઉતારતા હતા, રાજ્ય કરતા હતા, રક્ષતા; તેમનાથી ઉતરતા પ્રમાણની બુદ્ધિના વૈશ્યો—વય પ્રમાણે જોતાં ત્રીજા ભાઇરૂપ—ખેતી

સંભાળવા લાગ્યા, ધંધા વેપારમાં પડ્યા; તેમના પછી શુદ્રોએ—ઘણા નાના ભાઇઓના નમુનારૂપ—જેમ એક નાનો ભાઇ મોટા માટે સંદેશો કહેવા જાય અથવા કંઈ અન્ય કાર્ય કરે, તેમ, તેમનાથી શ્રેષ્ઠની સેવા કરવાનું સ્વીકાર્યું. સર્વના અંતે જેઓ જાતિ ભ્રષ્ટ ગણાતા હતા, —જિન જવાબદાર બાલકના નમુનારૂપ—તેમને અન્યની પેઠે વિચારવાનું અને કાર્ય કરવાનું નહતું પરંતુ જીવન વહન આનંદથી કરવાનું હતું અને કાર્ય કરવાનું હતું અને ધીમે ધીમે બુદ્ધિમાં દૃઢ થતા જવાનું હતું. દાર્શનિક કુટુમ્બ મંડલની પેઠે આ કુટુમ્બમાં પણ પ્રેમ અને ઐક્યની જ સર્વ સામાન્ય ભૂમિકા હતી. જેમ, નાના ભાઇનું મન તૈયાર થયું હોય તો એકદમ મોટા ભાઇનાં પુસ્તકોનો ઉપયોગ કરવા લગાડી શકે છે, તેમ અધમ વર્ણનો કોઈ માણસ, ઉચ્ચ વર્ણના માણસના જેટલો બુદ્ધિ વિકાસ પામી શકે તો, તેના જેટલી સ્થિતિનો ગણવામાં આવતો, તે વર્ણમાં દાખલ કરવામાં આવતો. જ્યાં સુધી ગર્વ, લોભ, ઈર્ષા, અવિનય, ઉપેક્ષા આદિનો ઉદય થયો નહોતો ત્યાંસુધી આ કુટુમ્બ મંડળમાં ઐક્યભાવના પ્રવર્તતી હતી; તે સર્વનો ઉદય થતાં, આધુનિક સમયે આપણાં ઓળખાણનાં નજીકનાં મંડલોને જેવાં જોઇએ છીએ, તેવી તે કુટુમ્બભાવના ઘટાઈ મૂળ રૂચિઅનુસાર બુદ્ધિ પ્રમાણે જાતિ નિર્ણય થતો, અને તેનું ઉચ્ચતાનું શિખર તે સગયના બ્રાહ્મણો—વિનીત ઋષિયોમાં જણાઇ આવતું જ્ઞાન હતું. પ્રકૃતિના મહાન નિયમમાં પણ, હમેશાં બુદ્ધિ અનુસાર વર્ગ નિશ્ચિત થાય છે, અને આ નિયમને ન અનુસરવાથી કોઇ પણ મંડલમાં અવ્યવસ્થા થઇ જાય છે. વર્ગ સમૂહોમાં વૃદ્ધિક્રમનાં કાર્યને વિલોકતાં પણ, ચેતનને પ્રાણિના અધમ મનથી, મનુજના ઉચ્ચ મનસુધી, અને ત્યાંથી તે અધ્યાત્મિક મનુષ્યના બુદ્ધિક જ્ઞાનસુધી ધીમે ધીમે વૃદ્ધિ પામતું જોઇએ છીએ, આથી આગળનું પ્રથક્કરણ હાલ કરીશું નહિ. ચેતના, જ્ઞાન, બુદ્ધિ, મન, અથવા તેને જેને જે પાલવે તે કહો તો પણ તે જ નિયમિત ક્રમનું નિશ્ચિત તત્વ છે.

અમારામાં હાલ કંઈ જાત નથી, વર્ગીકરણ રૂઢિ નથી, તેથી અમારી જાતે કઇ સ્થિતિના ગણવા એ જડી શકતું નથી, કે જેથી અમારૂં કર્તવ્ય નિશ્ચિત કરી શકાય; અમારાં કાર્યનું મિશ્રણ અશુભ રીતે થયું છે અને વખતો વખત સ્થિતિ બદલ્યા કરીએ છીએ. અમે અમારા માટે અથવા અન્ય માટે ભાગ્યે જ અમુક સ્થિતિ નિશ્ચિત કરી શકીએ છીએ. પરંતુ માનવ જાતનું સમગ્ર સ્વરૂપે અવલોકન કરતાં, માનવ જાતને વર્ગોના દૃષ્ટાન્તરૂપ ગણતાં આવા વિભાગ પાડી શકાય; ખનિજ—મનુષ્ય, વનસ્પતિ—મનુષ્ય, પ્રાણિ—મનુષ્ય, મનુષ્ય—મનુષ્ય. માનવની આવી ભ્રાતૃભાવનાનાં, નાનાથી મોટા સુધીનાં અથવા મોટાથી નાના સુધીનાં વર્ગીકરણ થઈ શકે. જેમ ખનિજ આદિ વર્ગો એક બીજાની પાસે જ હોય છે, તેમ માનવ જાતના આ વિભાગો પણ અન્યોન્યમાં ભેળવાયલા હોય છે. આધુનિક સમયે આપણા જીવનના સાંકડા મંડલનો વિચાર કરીએ તો આસપાસના વિભાગો જડી આવે છે. ખનિજ વર્ગના મગજનું દૃષ્ટાંત, પથ્થર ફોડનારો કે જે આપણાં આંગણાં આગળ ફરસબંધી બાંધવામાં મદદ કરે છે, તે હોઇ શકે; વનસ્પતિ વર્ગનું દૃષ્ટાંત આપણને શાક ભાજી વેચનારા વર્ગમાં પ્રત્યક્ષ જણાઇ આવે છે; પ્રાણિ વર્ગના મનુષ્યનું દૃષ્ટાંત સર્વને વિદિત છે, અને માનવ વર્ગના મનુષ્યનું દૃષ્ટાંત, વિચાર કરનાર વર્ગમાં, તેના વિભાગ પાડીએ અથવા નહિ તે ગણ

*પાશ્ચિમાત્યો.

સહજ જણાઈ આવે છે. ઘણા ઉભય વર્ગની મધ્ય સ્થિતિયો છે, અને ઉભયના ખાસ ગુણો તેમનામાં તરી આવે છે. હવે અમુક નિશ્ચિત માર્ગ લેવાને અને આપણા ભાઇપ્રતિની ફરજ વિવેકપૂર્વક બજાવવાને, આપણે આપણી સ્થિતિનો પ્રથમ નિર્ણય કરવો આવશ્યક છે. આ સર્વ અંતર્ અવલોકનદ્વારા કરવાનું છે. આપણે જે સ્થિતિ ધારણ કરવાના હોઇએ તેમાંથી શાંતિથી પ્રતિનિવૃત્ત થવાય છે, અને જે સ્થિતિના હોઇએ, તે સ્થિતિના છીએ એમ ધારી, આપણી જાતને છેતરીએ છીએ, અને કેટલાક માનસિક પ્રશ્નોનો ઉત્તર નકાર પૂર્વક અપાય છે, તથા કેટલાકનો હકારપૂર્વક હોય છે, તે જોવાય છે. આટલો સરવાળો થયા પછી આપણે નિર્ણિત પાયા ઉપર ઉભા રહીએ છીએ—આપણે પ્રશ્ન કરીએ છીએ, "શું હું એક ખનિજ જાતિનો મનુષ્ય છું?" જો ઉત્તર સ્પષ્ટ નકારપૂર્વક હોય છે તો નિર્ણય કરીએ છીએ, "ભ્રાતૃભાવનાનો ખરો જુસ્સો દેખાડવા માટે, ખનિજ જાતિના મનુષ્ય સાથે, ખનિજ જાતિના મનુષ્ય તરીકે રહેવાની મારી ફરજ નથી." સ્પષ્ટ રીતે આ દૃષ્ટાંતમાં કોઇની પણ ફરજ બાલકના ખોરાક ઉપર રહેવાની નથી. "હું વનસ્પતિ વર્ગનો મનુષ્ક છું?" એ પ્રશ્નનો ઉત્તર તદન "નકાર" પૂર્વક થાય તો એટલું નિશ્ચિત છે કે, તે વર્ગનો મનુષ્ય જેમ કરે છે તેમ કરવાની તથા ઝુંપડા અથવા મહેલમાં તેની પેઠે રહેવાની ભ્રાતા તરીકેની આપણી ફરજ નથી. "શું હું પ્રાણિ વર્ગનો મનુષ્ય છું?" એનો ઉત્તર વિચિત્ર આવશે, પરંતુ આપણે ઘણું ખરૂં એવો નિર્ણય કરીશું કે, મનુજ–મનુષ્યના, ખનિજજાતિ–મનુષ્ય–મનુષ્ય, વનસ્પતિ વર્ગ–મનુષ્ય–મનુષ્ય, ઇત્યાદિ વિભાગો પાડવા ઠીક થઈ પડશે, અને આમ અંતઃકરણ તો નકારના ઉત્તરમાંજ આનંદ લેશે. "નકાર" પૂર્વક ઉત્તરો આપ્યા પછી આપણે એમ કહીશું કે, "ત્યારે તો મારો ભ્રાતૃભાવ દર્શાવવાને, જેમ પ્રાણિ વર્ગનો મનુષ્ય કરે છે તેમ કરવાની મારી સ્થિતિ નથી. માનવ વર્ગના મનુષ્ય પ્રમાણે, એક મોટા ભાઈ માફક, મારે અમુક એક એવા પ્રકારની સ્થિતિ રાખવી જોઇએ કે, આથી મારી સ્થિતિ તરફ ધીમે ધીમે પ્રયાણ કર્તા કુટુમ્બના નાનાભાઇઓને હું એક યોગ્ય દૃષ્ટાંતરૂપ થઈ પડું" કોઇ કોઈ સમયે પોતાનું કર્તવ્ય નિશ્ચિત કરવામાં, મિશ્રિત વર્ગીકરણના પ્રથમ ભાગનો ત્યાગ કરવાથી અને દરેકને અમુક અમુક વર્ગના ગણી લેવાથી ઠીક થઇ પડે છે. આટલા પછી આમ વિચાર થઇ શકે ખરો કે, બળદ સાથે ગમાણમાં સુઇ જઇને અથવા કુતરા સાથે હાડકું કરડવામાં ભાગ લઇને, ભ્રાતૃભાવ દર્શાવવાની તેની લેશ પણ ફરજ નથી; તેમજ બળદને તેના જેવા પલંગ ઉપર સુઈ જવાની આજ્ઞા કરવાની નથી, અથવા કુતરાને, પોતે જે સ્વાદિષ્ટ ભોજન કરતો હોય તે ખવરાવવાનું નથી. પરંતુ તે બળદ માટે શોખ ધરાવે, અને તેની સહનશીલતાને પ્રેમપૂર્વક વિલોકે, અને કુતરાનાં, ઝાકલ, ચપળતા, અને નિમકહલાલી જોઈ પ્રેમ દર્શાવે; તેજ પ્રમાણે તેણે માણસ પ્રતિદૃષ્ટિ નાંખવી જોઇએ, અને પોતાની ભૂમિકાનો ત્યાગ કર્યા વિના તેમનીજ ભૂમિકાએ આવીને તેમની સાથે મળવું જોઇએ. વળી આપણે પ્રાણિ વર્ગનો પક્ષ લઇએ, તો પ્રાણિ વર્ગનો એક મનુષ્ય, તેના મોટા ભાઇનાં બુદ્ધિ અથવા જ્ઞાનને, પોતાની ભૂમિકા છોડવાની લેશ પણ જરૂર છે, એમ જોયા વિના, માન ભરી દૃષ્ટિથી જોશે, અને ઉચ્ચ ભૂમિકાએ પહોંચવાને પ્રયત્ન કરવા માંડશે. ઉન્નતિ-માર્ગમાં, પોત પોતાની ફરજ બજાવવાના પ્રમાણમાં કર્તવ્યની કિંમત અંકાય છે, અને તેઓ પોતાના ગજા ઉપરાંતનો ભાર ઝોરી લે છે, તે જરા પણ ડાહ્યો ગણાતો નથી.

જ્યારે આપણે ઉત્તમોત્તમ ભૂમિકાએ પહોંચીએ છીએ, ત્યારે વિશ્વની કોઈ પણ ભૂમિકાએ આવી શકાય છે, અને તેટલો સમય આપણી જાતે તે ભૂમિકાની ચેતનાની હદમાં બંધાઇએ છીએ, તથા તે અનુકૂલ રહે છે, પરંતુ આપણાં આધુનિક સ્થિતિ, એકદેશીયજ્ઞાન અને અસંપૂર્ણ શક્તિને લીધે, આવા કોઈ પણ પ્રયોગો કરી જોવા નુકશાન કારક છે. આપણા વિચારાનુસાર જે ભૂમિકાએ આપણે હોઇએ—આપણાથી ઉચ્ચ અને અધમ ભૂમિકાવાળા સાથે જોડાયલા, તદનુસાર આપણું દૃઢવર્તન રાખવામાં આપણું કર્તવ્ય છે, ઉન્નતિ—ક્રમ, ક્રમચિહ્નથી અંકિત અંકોડાવાળી સાંકલ છે, અને આપણાથી નીચેના અંકોડા પ્રતિના કર્તવ્યના ભૂલ ભરેલાં વિચારને લીધે, ઉપરના અંકોડા પ્રતિનું આપણું કર્તવ્ય ભૂલાવું જોઇએ નહિ.

શ્રેષ્ઠભ્રાતૃમંડલવિષે હું ઘણું કહેવાનો દાવો કરી શકું નહિ. તે અદ્‌ભુત એકતાનતા શું છે, તેનો માત્ર સહ જ ખ્યાલ, અંતઃકરણની ઉચ્ચ સ્થિતિ પ્રાપ્તિના સમયે જ આવી શકે છે. પરંતુ આપણાં અંતઃકરણની આધુનિક વિસ્તારની ભૂમિકાએ, કદાચ તેના સૌંદર્યનું પ્રતિબિંબ શોધી શકીએ—ઘણા સમયે સદા સાંકડા થતા પ્રમાણમાં પ્રતિબિંબિત થાય છે તે માનવ ભ્રાતૃભાવનામાં જણાઇ આવે છે. મહાન્‌ની પેઠે આ અલ્પ એકતાનતામાં પણ દરેકને પોત પોતાનો સૂર હોય છે, તો પણ એક તો અન્ય સર્વ સાથે એક તાલ હોય છે. આ એક નિયમ પૂર્વક ગોઠવાતા સીતારના તાર સમાન છે, અમુક ભ્રાતા, તેના કોમલ અથવા તીવ્ર ગાંધાર સૂરનો સંવાદિ નિવડે છે, અને તેજ માનવ ભુવન ઉપર તેના કરતાં અમુક ઉચ્ચ અથવા અમુક નીચના પ્રતિ, તેના ખાસ આકર્ષવાની એકજ રૂચિ હોય છે. જ્યારે માનવ મિશ્રણના સૂરો, એક તાલ કરે એવા મધ્યના સૂરો વિના, એકઠા મિલાવવામાં આવે છે, ત્યારે તાલ ભંગ અનુભવાય છે. એકતાલ મિલાવવાને આપણે તુટતા સૂરો પૂરવા જોઇએ, અને જ્યાં જ્યાં ભ્રાતૃભાવના મંડલ સ્થાપવા પ્રયત્ન કરતા હોઇએ, ત્યાં ત્યાં માનવ સૂરોને એવા ગોઠવવા જોઇએ કે જેથી સમગ્ર એકતાલ જમાવટ થઈ રહે. આપણે આપણા કાનમાં ડૂચા મારવાની અને "બે તાલ" ની ધૂમ મારવાની ટેવ દૂર કરીને, એકતાલ ઉપજાવે એવા તુટતા સૂરો પૂરા પાડવા પ્રયત્ન પરાયણ થવું જોઇએ, સર્વ તારવાળાં વાદ્યો એકતાલ હોય છે; સીતાર ઉપર એક સૂર છેડો, અને ધ્યાન દઇને સાંભળો; તે સૂરને અન્ય તારો પણ ઉપાડી લેશે. સીતાર સૂક્ષ્મતા પૂર્વક ગોઠવાલું વાદ્ય છે, અને તેનું આ પરિણામ યોગ્ય છે. ગાયકના સૂરની યથાર્થતાની એક પરિક્ષા એવી છે કે, તેણે સીતારના પાટીયા સામે સૂર અલાપવો; જો સૂર યથાર્થ હશે તો સર્વ તાર પ્રત્યુત્તર આપશે, જો તેમ નહિ હોય તો શાંતિ ધારણ કરશે. યોગ્ય રીતે એકઠાં મિલાવવામાં આવેલાં મનુષ્યો, તારવાળાં વાદ્ય સમાન છે; તેમનો મજ્જાતંતુક્રમ તારે સમ છે. જો યથાર્થ સૂર છેડવામાં આવશે તો, તારોમાં ઉપર નીચે એકતાલ જમાવટ થશે. જ્યારે શ્રોતા મંડલ, વક્તાની એકે અવાજે પ્રશંસા કરે છે ત્યાં આવું ઘણી વખત થાય છે; અને બરોબર મિલાવવામાં આવેલા પ્રકૃતિ વાદ્યનું પણ તેમ જ છે; જો આપણે યથાર્થ સૂર છેડીએ તો સમગ્ર પ્રકૃતિ પ્રત્યુત્તર આપશે, જો તે યથાર્થ નહિ હોય તો શાંતિ પ્રવર્તશે. જો એક જણ સીતાર ઉપર સૂર છેડે તો, તે ઓરડામાં તે સૂરની સ્થિતિ સુધી એક તાલ થયલું કંઈ પણ તેનો પ્રત્યુત્તર આપશે; ભલે તે

માત્ર માટીનો ઘડો હોય તો પણ તે સંગીતનો સૂર પૂરશે. તેમ એક જણ, શ્રોતા મંડળમાંના એક માનવ માટીના ઘડાનો સૂર પૂરે, અને તે પ્રત્યુત્તર આપશે. આપણે માનવ તારો સમજતા નથી, તેમ જ સીતાર બજાવનાર તેના તારની બનાવટ જાણતો નથી. એક તાંલ બજાવવાની કલા ઘણા થોડા શિખ્યા હોય છે, તો પણ તેના ઉસ્તાદો આપણા જોવામાં આવે છે. જો માણસો માત્ર પોતાના સૂરો જાણે તો પણ પોતાની જાતે ઉત્તમ રીતે મિલાવી શકે. મને એક એવો માણસ યાદ છે કે જેને, જમવાના ટેબલ ઉપર કાચના પ્યાલાના અથડાવામાંથી, તેના બંધારણની ખરી કૃચિનો સૂર જડી આવ્યો, તેના સમગ્ર મજ્જાતંતુ બંધારણે અચૂક પ્રત્યુત્તર વાળ્યો. એક પ્રસિદ્ધ થીઓસોફીના લેખકે આપણને એક એવા માણસનો દાખલો આપ્યો છે, કે જે તેના બંધારણની ખરી કૃચિનો સૂર ઘણો સમય લંબાયલો સાંભળવાના ઉબાણતળે મરણ પામ્યો. આપણા અમુક સૂરો શોધવાને આપણે શક્તિવાન્ ન થઇએ, પરંતુ તેને બદલે આપણા અમુક ગુણો શોધવામાં વિજયવંત નિવડીએ; માણસોને તેમના ગુણાનુસાર વર્ગમાં ગોઠવો, અને એકતાનતા આપણાથી કદાપિ દૂર થશે.

આવા વિવિધ માર્ગે માનવ જાતની ભ્રાતૃભાવનાને વિલોકતાં, આપણા અધ્યાત્મમંડળના ઉદ્દેશનો સ્પષ્ટ વિચાર આવે છે, અને તે આપણને "અભેદ જ્ઞાન મંડલ", કુટુમ્બ વિષેના વિચાર નજીક લાવી મૂકે છે. આ કુટુમ્બમાં વિવિધ બુદ્ધિક વયના ભ્રાતાઓ માટે કાર્ય છે, અને અત્રે પણ પ્રેમ, ઐક્ય, અભેદ જ સર્વની સામાન્ય ભૂમિકા છે. જેમ અમુક સમતોલ મનુષ્યનામાં, કલ્પનાગમ્ય અને અનુભવગમ્ય, નિવૃત્તિમય અને પ્રવૃત્તિમય, પક્ષો હોય છે, તેમ કોઈ પણ યથાર્થ નિયમિત માનવ સમૂહનામાં ઉભય પક્ષો દર્શાવવી જોઇએ, અને ઉભય અંતના મધ્યમાં ઘણી આવશ્યક ભૂમિકાઓનો સમાવેશ થઈ રહેશે. અધ્યાત્મિક મનુષ્ય, ગુપ્તમાર્ગાનુયાયી, કાલ્પનિક, નિવૃત્તિમય પક્ષ દર્શાવે છે; કાર્ય કરનાર મનુષ્ય, સંસ્થાપક, વ્યાવહારિક, પ્રવૃત્તિમય પક્ષ દર્શાવે છે. ઉભય પક્ષનો કોઈ પણ અન્યોઅન્યના કાર્ય માટે નિરૂપયોગી છે, તો પણ સમગ્રની એકતાનતા જમાવવા માટે ઉભય આવશ્યક છે. જો ગુપ્ત માર્ગાનુયાયીને વ્યાવહારિક કાર્ય કૌશલ્ય અજમાવવું પડે એવી સ્થિતિમાં મૂકવામાં આવે તો, તે એક તણખલાને તોલ છે, અને વ્યાવહારિક સંસ્થાપકને, અધ્યાત્મિક નિયમનની જરૂર હોય ત્યાં મૂકવામાં આવે તો, તે એક વિક્ષોભ પેદા કરનાર તત્વ થઈ પડશે. સત્તા ચલાવનાર મધ્ય બિંદુ, અંતઃકરણ, મધ્ય રેખા, સામ્ય સ્થાપકનું નિરૂપણ થવું જોઇએ, અને તેના મધ્ય બિંદુથી ઉભય અંતો સુધી, ભિન્ન ભિન્ન ક્રમ આવી રહેશે. નિર્માયલા સમૂહમાં તે સર્વનાં સ્થાન હોય છે અને માનવ બંધારણનાં તત્વો સાથે સંબંધ ધરાવે છે. ટોળાંરૂપે, મનુષ્યરૂપે, તેના વિભાગ પ્રતિવિભાગ થતાં, તેઓ તત્વ અને વર્ણ (રંગ) ની સર્વ જુદી જુદી સ્થિતિયો દર્શાવે છે, અને એકમાં મળી જાય છે. જ્યાં સુધી મનુષ્ય ઉભય અંતમોની, ગમે તે ભૂમિકાએ જઈ પહોંચવાને સમર્થ થાય છે, જરૂર પડે તેમ અધ્યાત્મિક ને તારા અથવા વ્યાવહારિક પુરૂષનાં કર્તવ્યો સંપૂર્ણ કરે છે ત્યાં સુધી તેના સાથીના કરતાં તેની જરા પણ વધારે કિંમત નથી; તે અન્ય ગમે તે સ્થિતિનો હોય. આ વિચારથી મનુષ્યનાં આત્મિક મર્મ અને સ્થુલમતાભિમાનનો નિરોધ થશે, અને ધીમે ધીમે મનુષ્યને, ઉભય અંતના શાશ્વત મધ્ય બિંદુ તરફ પાછો ખેંચી લાવશે. સંપૂર્ણ મનુષ્યની પેઠે, સંપૂર્ણ બંધારણમાં, પાત્રતાની

ચઢતા ઉતરતી સર્વ ભૂમિકાઓ પ્રદર્શિત થવી જોઇએ, અને અમુક મનુષ્યની કિંમત, તેના ખાસ વલનની દિશામાં તે કેવી ઉત્તમ રીતે કર્તવ્ય કરે છે, તેના ઉપરથી અંકાય છે. કોઇનામાં કાર્ય નિર્વાહક શક્તિ, કોઇનામાં નિયમ રૂઢિ, કોઇમાં વિશ્વાસ, કોઇમાં સ્વાતંત્ર્ય, કોઇમાં સહનશીલતા, કોઇમાં મિત્રતા, કોઇમાં સાદાઇ, ઇત્યાદિ ગુણો ખાસ વિશેષ આગળ તરી આવે છે. વ્યક્તિ તરીકે કોઇને અમુક દિશામાં ખાસ ઉત્તેજન આપવાની જરૂર છે; કેટલાકને નિરૂત્તેજીત રાખવાની જરૂર છે, પરંતુ જેમ એક સંપૂર્ણ મનુષ્યમાં સર્વ ગુણો આવશ્યક છે, તેમ સર્વના સરવાળા ઉપર અમુક નિર્મિત સંસ્થાની સંપૂર્ણતાનો આધાર રહે છે. અંતઃકરણના આશ્રય તળે કાર્ય કર્તા એક આકર્ષણથી ખેંચાયલા અને એકઠા થયલા સર્વને, પ્રેમ, ઐક્ય, અભેદના આધારને લીધે જ, અસમાનતામાં સમાનતા અને અનેકતામાં એકતા જડી રહેશે. ઘણા અને ચઢતા ઉતરતી વિભાગોને તેમના સંપૂર્ણ ઐક્ય, અભેદમાં જોવાશે.

ઉપસંહાર

ન્યાય.*

વ્યાપ્તિ ખંડ.

પ્રકરણ ૧ લું.

વ્યાપ્તિ એટલે શું ?

૧. વ્યાપ્તિવ્યાપારનોઉદ્દેશ અવલોકનથી કે વસ્તુસ્થિતિથી વ્યાપ્તિ ઉપર આવવાનો છે.

વ્યાપ્તિનિર્ણય કરવામાં ત્રણ વાત આવવી જોઇએ. (૧) જે નિર્ણય થાય તે કોઈ નિર્દેશરૂપ હોવો જોઇએ, સાહચર્ય કે વ્યભિચારનું વિધાન હોવું જોઇએ; માત્ર એકાદ શબ્દનું વ્યાખ્યાન ન જોઇએ; (૨) એવો નિર્દેશ અમુક વર્ગની સર્વ વ્યક્તિને લાગુ થાય તેવો સર્વત્ર જોઇએ; (૩) એ નિર્દેશ અવલોકન કરવા ઉપરથી અથવા વસ્તુસ્થિતિના વિચાર ઉપરથી ફલેલો જોઇએ.

(૧) વ્યાપ્તિ નિર્ણય કરવામાં આપણે છેવટ કોઈ પ્રકારના પણ નિર્દેશ ઉપર આવીએ છીએ. અમુક પદાર્થ, અમુક ધર્મ, તેમને સાહચર્ય છે કે વ્યભિચાર છે, એનો સ્પષ્ટ નિર્દેશ કરી શકીએ છીએ. ટુંકામાં આવી વસ્તુનિર્દેશરૂપજ સિદ્ધાન્ત ઉદ્ભવવા જોઇએ, શબ્દ નિર્દેશરૂપ નહિ. "ઉકળતા પાણી જેવી ઉષ્ણતાથી જીવ નાશ પામે છે" એ વસ્તુ નિર્દેશ

---

*-રા. રા. મણિલાલનો એક અપ્રસિદ્ધ અપૂર્ણ ગ્રંથ.

છે, અને એમાં " ઉકળતા પાણી જેવી ઉષ્ણતા " અને " જીવનો નાશ " એ બે વાતનું સાહચર્ય કહેવામાં આવેલું છે. એવા વિચારમાંથી જ આપણા ન્યાયશાસ્ત્રમાં વ્યાપ્તિનું લક્ષણ " સાહચર્ય નિયમ " તે વ્યાપ્તિ એમ આપેલું છે. કોઈ બે વાત, વિચાર, ધર્મ, પદાર્થ, તેને અવશ્ય સાહચર્ય છે, એમ જે નિર્દેશમાં કહેવાય તે વ્યાપ્તિ. એ એક પ્રકારનો કાર્યકારણભાવનોજ નિયમ છે. " જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં અગ્નિ છે " એ આપણા ન્યાય પ્રમાણે વ્યાપ્તિનું ઉદાહરણ છે, ને તે વાસ્તવિક છે—વસ્તુ નિર્દેશ છે.

વ્યાપ્તિના આ સ્વરૂપથી વિરુદ્ધ એ વાત છે કે જ્યાં અંત્ય નિર્દેશ માત્ર એકાદ શબ્દની વ્યાખ્યા કે તે શબ્દના શબ્દાન્તરૂપ જ હોય. આવા નિર્દેશોને ઘણી વાર વ્યાપ્તિમાં ગણવાની ચુક થાય છે. એવી ચુક વ્યાપ્તિના દ્વિતીય અંગ ઉપર-સર્વતંત્રતા ઉપર વધારે લક્ષ આપવાથી થઈ આવે છે. લક્ષણ કરવામાં પણ આપણે અમુક વર્ગના ઘણા પદાર્થોના સાદૃશ્યાંશને લેઈ અમુક અસાધારણ ધર્મનું વિધાન કરીએ છીએ. એટલે આવી સર્વતંત્રતાને ઘણીવાર વ્યાપ્તિગત સર્વતંત્રતા સાથે સેળભેળ કરી નાખવાની ભુલ થઈ આવે છે. જ્યારે લક્ષણના અંગમાં ઘણા અસાધારણ ધર્મ કહેવાના હોય છે ત્યારે આવી ભુલ બહુ સરલતાથી થઇ શકે છે. પરંતુ નિરંતર લક્ષમાં એ રાખવાનું છે કે આવા અનેક ધર્મો વચ્ચે સાહચર્યનો કાંઈ પણ વિધિ કહેલો છે કે નથી. વ્યાપ્તિમાં તો કોઈ બે વાતના સાહચર્યની જ વાત છે; લક્ષણમાં તેવી વાત સ્પષ્ટ નથી. લક્ષણમાં તેવું સાહચર્ય માની લીધેલું હોય છે, વ્યાપ્તિમાં તો તે સાહચર્ય ઉપર જ બધો વિચાર હોય છે. સાહચર્ય માનવું કે ન માનવું એજ મુખ્ય પ્રશ્ન હોય છે.

(૨) વ્યાપ્તિરૂપ જે નિર્દેશ નક્કી થાય તે સર્વતંત્ર નિર્દેશ જોઇએ. અર્થાત્ અમુક વર્ગની વ્યક્તિ માત્રને લાગુ થાય તેવો જોઇએ. એને જ સંસ્કૃતમાં વ્યભિચારાભાવ કહે છે. વ્યાપ્તિમાં સાહચર્ય આવે એટલે જ થતું નથી, સાહચર્ય સાથે વ્યભિચારાભાવ પણ જોઇએ. જ્યાં ધૂમ છે ત્યાં અગ્નિ છે એ સાહચર્ય છે, તેમ " જ્યાં ધૂમ છે ત્યાં અગ્નિ નથી" એવું એક પણ જ્ઞાન ન હોય તો તે વ્યભિચારાભાવ થયો. વ્યભિચારાભાવ સહકૃત સાહચર્ય જ્ઞાન તે વ્યાપ્તિ ગ્રાહક છે એમ જાણવું. એજ વાતને અત્ર વ્યાપ્તિ સર્વતંત્ર હોવી જોઇએ એમ કહીને બતાવેલી છે, એક જ દૃષ્ટાંત જોવાથી વ્યાપ્તિ થતી નથી. એક ઘરમાં ધૂમ જોતાં અગ્નિ માલુમ પડે તેથી ' જ્યાં ધૂમ ત્યાં અગ્નિએ વ્યાપ્તિ થતી નથી. ધૂમ અને અગ્નિના જેટલા જેટલા પ્રસંગ હોય તે બધાને લાગુ પડે તેવો નિર્દેશ હોય તે જ વ્યાપ્તિ કહેવાય.

પ્રત્યેક ઉદાહરણ કે દૃષ્ટાન્તનો વિચાર કર્યા છતાં વ્યાપ્તિ સર્વતંત્ર શી રીતે થાય ? આપણે અમુક દૃષ્ટાન્ત જોયાં, પણ વ્યાપ્તિ તો ભૂત અને ભાવિ સર્વ દૃષ્ટાન્તોને લાગુ પાડવાની છે. એ રીતે વ્યાપ્તિનો જે વર્તમાનથી ભૂત અને ભાવિપર્યંત વિસ્તાર કરવો તે જ વ્યાપ્તિમાં અસત્યતા આવી જવાનું બીજ છે. આપણા ન્યાયમાં એટલા જ માટે પરામર્શમાં જે વ્યાપ્તિ બતાવવામાં આવે છે તેના સાથે દૃષ્ટાન્ત વળગાડવામાં આવે છે કે વ્યાપ્તિ-

માં જે આ અસત્ય બીજ છે તે વિદૂર રહે, અને અમુક દૃષ્ટાન્તપરત્વેની જ આ વ્યાપ્તિ છે એમ ખરેખરી વાત કહેવામાં આવે; આને તો માત્ર વ્યાપ્ત્યાભાસ જ કહેવાય, ખરી વ્યાપ્તિ વર્તમાન નહિ પણ ભૂત ભાવિ સર્વને લાગુ થવી જોઇએ. પરંતુ ખરી વ્યાપ્તિ કરવા માટે તો વર્તમાનથી ભાવિ પર્યંત કૂદકો માર્યા વિના છુટકો જ નથી. એના વિના વ્યાપ્તિથી મળતું જ્ઞાન કેવળ થોડીક વાર્તાઓ વિષેનું જ જ્ઞાન છે, તેથી આપણા જ્ઞાનમાં કશો વધારો થવાનો નથી. ત્યારે ખરી વ્યાપ્તિનો તે જ કહેવાય કે જેમાં દેશકાલનિરપેક્ષ સર્વતંત્ર નિર્દેશ બતાવેલો હોય.

પ્રત્યેક ગ્રહ સૂર્યના પ્રકાશથી પ્રકાશમાન્ છે એવું અવલોકન કર્યા પછી આપણે એમ કહીએ કે "બધા ગ્રહો સૂર્યના પ્રકાશથી પ્રકાશમાન છે" તો તે નિર્દેશ સર્વતંત્ર નિર્દેશ છે ખરો, પણ વાસ્તવિક દીતે વ્યાપ્તિ નથી. કારણ કે આવો જે નિર્દેશ તે તો એક એક નિર્દેશ જે જે પેલો છે તેને ભેગો કરી કહેવાનો પ્રકાર માત્ર જ થયો, જોયેલી એવી એક એક વ્યક્તિની પાર જોવા કાંઈ જ્ઞાન આવ્યું નહિ. વ્યાપ્તિ છે તે તો જ્ઞાનમાં વૃદ્ધિ કરવાનું અને જ્ઞાનને વિસ્તારવાનું સાધન છે. મી. જેવન્સ આ વાત સ્વીકારતા નથી અને વ્યાપ્તિને માત્ર અવલોકેલી વ્યાપ્તિના સરવાળા રૂપ જ માને છે. અદ્યાપિ સુધીમાં જે ગ્રહ જણાયલા છે તેમનું અવલોકન કરવા ઉપરથી આપણે હવે પછી જણાવાના ગ્રહોને પણ લાગુ થાય તેવો કોઈ નિર્દેશ કરી શકીએ તો તે વ્યાપ્તિ થઈ કહેવાય.

(૩) વ્યાપ્તિનો નિશ્ચય અવલોકન અથવા વસ્તુસ્થિતિ જોયાથી થવો જોઇએ, કેવળ તર્ક થકી વિચાર કરીને ગમેતેવું સાહચર્ય યોજ્યાથી વ્યાપ્તિ થતી નથી. અવલોકન તે બક્ષે બીજા નિર્દેશ ઉપરથી જે નિર્દેશ ફેલાવેલા હોય તે વ્યાપ્તિ કહેવાય નહિ. એક કે વધારે નિર્દેશ ઉપરથી છેવટ નિર્દેશ ફેલાવવો પરામર્શ પ્રક્રિયાનું કાર્ય છે. વ્યાપ્તિમાં તો અવલોકન ઉપરથી જ નિર્દેશ કઢવો જોઇએ. પરામર્શ પૂર્વે વ્યાપ્તિ હોવી જોઇએ, વ્યાપ્તિમાંથી અનુમિતિ ઉદ્ભવે છે.

બાહ્ય અથવા દૃશ્ય પદાર્થોનું અક્ષરાદિઇંદ્રિયથી અને આંતર પદાર્થોનું મન થકી અવલોકન કરી આપણે પદાર્થનું જ્ઞાન પામીએ છીએ એટલું જ નહિ પણ તેને પદાર્થો વચ્ચે સાહચર્ય છે કે નહિ તેનો પણ વિચાર કરી શકીએ છીએ. એક જ દૃષ્ટાન્તથી આપણું લક્ષ આકર્ષાતું નથી, પણ વારંવાર તેનું તે સાહચર્ય દીઠામાં આવતાં આપણે તેના ઉપર લક્ષ આપીએ છીએ ને તેને એક નિયમરૂપે માનવા જેવો પુરાવો ખોળીએ છીએ. આપણા શાસ્ત્રમાં પણ અવલોકનદ્વારા જ વ્યાપ્તિ એટલે અવ્યભિચાર સમેત સાહચર્યનો નિર્ણય કરાય છે."

આ પ્રમાણે વ્યાપ્તિનું જે સ્વરૂપ આપણે બાંધ્યું તેને ખરી વ્યાપ્તિ માની ત્યારે ઘણાક બીજા વ્યાપ્તિ જેવા નિર્દેશ કે જેને હવે આપણે વ્યાપ્ત્યાભાસ કહીશું, તે તેનાથી જુદા પાડી લેવા જોઇએ. એવા નિર્દેશ બે પ્રકારના છે.

(૧) ભૂમિતિના સિદ્ધાન્તોમાં વ્યાપ્તિ જેવો ભાસ છે, પ્રત્યેક સિદ્ધાન્તમાં અમુક

પ્રથમ વાચતાની વારમાં, ઉપનિષદના પ્રધાન બે ભાગો જોવામાં આવે છે. તેમાંથી એક મનોહર બ્રહ્મજ્ઞાન, અને અન્ય મધુર ઉપાખ્યાન છે; આ બીજા ભાગમાં તરેહ તરેહની મનોહર વાર્તાઓની અવતારણા કરી, અનેક ચીત્તાકર્ષક દૃષ્ટાંતોની સહાયતા, સૃષ્ટિતત્વાદિ નાના પ્રકારનું બ્રહ્મજ્ઞાન ઉપદિષ્ટ થયું છે. શ્રીમચ્છંકરાચાર્યે, આ ઉભય પાયા ઉપર જ સુપ્રસિદ્ધ "વેદાંતભાષ્ય" પ્રતિષ્ઠિત કર્યું છે. પરંતુ ઉપનિષદનો આ પ્રથમ ભાગ જ અસલ દાર્શનિક ભાગ છે; તે અમે આ, પછી પ્રસંગાનુસાર "બ્રહ્મ અને જગત્" નામના બીજા એક નિબંધમાં અમારા વાચકોને સમજાવી આપવા માટે કોશેશ કરીશું. ઉપનિષદની અને વેદાંત દર્શનની ખરેખરી વ્યાખ્યા અને ગૂઢ તાત્પર્ય અમે બહુ લાંબા વખતના શ્રમથી જેટલું સમજી શક્યા છીએ, તે અનુભવની વાતો, તત્વજ્ઞાનઉપર પ્રીતિ રાખનાર વાચકોમાં પ્રસારવાની અમારી ઇચ્છા છે.

ઉપનિષદનો આ તર્કયુક્તિપૂર્ણ પ્રથમ ભાગ ગૂજરાતી ભાષામાં પ્રસાર કરી, ગૂજરાતી સાહિત્યનું પુષ્ટિ સાધન જેવું અગત્યનું છે, તેમ જ ઉપનિષદનો જાતા અને દૃષ્ટાન્તવળો બીજો ભાગ પણ ગૂજરાતી ભાષામાં પ્રસાર કરવાનું અમે તદ્દન અગત્યનું સમજીએ છીએ, એટલા માટે અમે ઇચ્છા રાખીએ છીએ કે, જેટલા પ્રમાણિક અને પ્રસિદ્ધ ઉપનિષદો છે, તેમાંથી તેમની સુમધુર વાર્તા નિકળે છે, તેનાં ચિત્તાકર્ષક દૃષ્ટાંતો અમે અમારા વાચકોને ઉપહાર આપીશું, અને તે સાથે તે સઘળી વાર્તાઓ અને દૃષ્ટાંતોમાં, બ્રહ્મ અને જગત્ સંબંધિ જે સઘળાં વિસ્મયકારક તત્વ ગૂઢ ભાવથી સમાયેલાં છે, તેનું સરલ અને ટુંકામાં વર્ણન કરી સઘળાને સમજાવી આપવાને માટે યોગ્યતા પ્રમાણે કોશેશ કરીશું. આ કામમાં મુલતો શંકરાચાર્યના સુપ્રસિદ્ધ ભાષ્યનો જ અવતરણ કરીશું. ઉપનિષદનું બ્રહ્મજ્ઞાન દ્વૈત હોય અથવા અદ્વૈત હોય પણ શાંકરભાષ્યની સહાયતા શિવાય, આ મહાન્ તત્વપૂર્ણ ઉપનિષદોનું યથાર્થ તાત્પર્ય સમજવાનો બીજો કોઈ ઉપાય નથી, માટે શાંકરભાષ્ય જ આ બાબતમાં આપણું પ્રધાન સહાયકારક છે.

અમે પરંપરા સુપ્રખ્યાત અને પ્રમાણિક ઉપનિષદોમાંથી સૃષ્ટિતત્વ અને બ્રહ્મજ્ઞાનવાળી વાર્તાઓ (Parables) અને દૃષ્ટાંતો કાઢી લઈ સર્વ સાધારણમાં પ્રસાર કરવાની ઇચ્છા રાખીએ છીએ; કારણ કે મહાન્તત્વ પૂર્ણ ઉપનિષદાદિ હિંદુ શાસ્ત્રોનાં ભાષ્ય અઘરાં હોવાથી, તે ભણ્યા અને સમજ્યા વગર જ હાલના લોકો હિંદુ ધર્મ અને હિંદુ શાસ્ત્રોની નિંદા કરી રહ્યા છે! તેમનો આવો ભ્રાંતિ વિકાર દૂર કરી હિંદુઓની મહત્વતા દેખાડવા માટે જ અમારો આ ઉદ્યમ આ નિબંધ છે. પ્રિય વાચકો, તમારા જોવામાં પણ આવશે કે, ઘણા જુના સમયે ભારતમાં સૃષ્ટિતત્વ અને બ્રહ્મજ્ઞાન લોકોને સહેલાઇથી સમજાવી આપવા માટે કેવાં સુંદર ચિત્તાકર્ષક નિયમ પ્રણાલીકાઓ અવલમ્બિત થયાં હતાં, ઉપનિષદની આ સઘળી તત્વ પૂર્ણ વાર્તાઓ અને યુક્તિ ભરેલા દૃષ્ટાંતોની શૈલિરચના અને ભાષા એવાં તો મધુર મનોહર છે કે, તે એક વાર વાંચવાથી વારંવાર વાચવાની મરજી થાય છે; વારંવાર વાંચવાથી તે પ્રત્યેકવાર નવીન જ લાગે છે. દૃષ્ટાંતો એવાં તો સુંદર અને મનમોહક છે કે, જેણે એકવાર સાંભળ્યાં છે, તેમનાં ચિત્ત પોતે સઘળા તત્વમય ઉપદેશ પૂર્ણ દૃષ્ટાંતો જ-

લેવાનો પ્રયત્ન કરવાથી, મહાદેવે કામને બાળી નાંખ્યો હતો, તેથી તે અનંગ અથવા અંગ વિનાનો કહેવાય છે. જો એકાદ કોષમાં જોવામાં આવે તો સ્પષ્ટ થશે કે, "અનંગનો" અર્થ માત્ર "કામ" થતો નથી, પરંતુ તેનો "મન" એવો એક અન્ય અર્થ સંભવે છે, અને આ "મનજ" સર્વ પ્રકારની ઇચ્છાઓનું સ્થાન છે—માટે જો "અનંગનો" સામાન્ય અર્થ કરીએ તો, "કોઈ પણ પ્રકારની ઇચ્છા" એટલોજ થાય.

नास्तिअङ्गमवयवोयस्यतत्अनङ्गः ॥ आकाशंमनःइतिमेदिनी ॥

જેને અંગ અવયવતથી તે અનંગ—આકાશ-મન-ઇત્યાદિ, એમ મેદિની કોષમાં મળી આવે છે. માટે હું એટલું ખુશીથી કહી શકું કે, "अनङ्गवर्धनं" એટલે "જે આશા-તૃષ્ણા ઉત્પન્ન કરે છે તે."—મન.

અભેદવાદ ((Theosophy)નો દરેક અભ્યાસિ જાણે છે કે "અધમ મનને", "કામ" એટલે "સાદી ઇચ્છાના" સમાનાર્થ ગણવામાં આવે છે, અને એમાં અન્ય અર્થનો સમાવેશ થતો નથી; જેમ "કામ-લોક" એ શબ્દમાં, અને તેને યોગ્ય શરીરને "કામ-મનસ્" છે; માટે "अनङ्गवर्धनम्" એ શબ્દના ઉપયોગથી ઘણા ધારે છે એમ કામેનો અર્થ રાખવાતો નથી; તેનો અર્થ માત્ર પવિત્ર અને સાદી "ઇચ્છાઓ" થાય છે, અને અત્રે એનો એમ ભાવ લાગ છે કે, શ્રીકૃષ્ણનો પવિત્ર સાથ ભોગવવા, અને તેનાં પૂજા અર્ચના કરવાની ઇચ્છાઓ—પછી વળી એવો શ્લોક આવે છેઃ—૧૦-૨૯-૮.

सावार्यमाणाःपतिभिःपितृभिर्भ्रातृबन्धुभिः ॥
गोविन्दापहृतात्मानोनन्यवर्त्तन्तमोहिता ॥

તેઓ, પતિ, પિતૃ, ભ્રાતૃ, બન્ધુઓએ વારવા છતાં, શ્રીકૃષ્ણ વડે મનનું અપહરણ થવાથી, મોહ પામીને પાછી ફરી નહિ.

અત્રે પણ "वार्यमाणाः" શબ્દ વિચારવા જેવો છે. "વારણ કર્યું; અટકાવી," એવો અર્થ સંભવી શકે છે, તે સ્વતઃ કંઈ અનીતિ સંબંધ દર્શાવતો નથી, અને તેનો અશુભ અર્થ કરી શકાશે નહિ, કારણ કે ગૃહકાર્યોનો ત્યાગ કરી રાત્રીએ બહાર ફરવા જતી સ્ત્રિઓને બાધ કરવામાં આવે એ સહજ છે, તથા તેમનો હેતુ ગમે તેવો ઉચ્ચ હોય તોપણ. તેઓ સ્થુલ રીતે શ્રીકૃષ્ણના સંસર્ગમાં આવવા માટે, હિંદુ શાસ્ત્રોમાં દર્શાવાયલા સામાજીક નીતિનિયમો ભંગ કરવાના અપવાદમાંથી બચી ના પણ શકે.

પરંતુ અન્ય એવી કેટલીક હતી જેનાં કૃત્યો તદ્દન ભિન્ન હતાંઃ—૨૦-૨૯-૧૦-૧૧.

अन्तर्गृहगताःकाचिद्गोप्याऽलब्धविनिर्गमाः ॥
कृष्णंतद्भावनायुक्ताद्दध्युर्मीलितलोचनाः ॥ ९ ॥

दुःसहप्रेष्ठविरह तीव्रताप धुता शुभाः ।
ध्यानप्राप्ताच्युताश्लेषनिर्वृत्याक्षीणमङ्गलाः ॥ १० ॥
तमेवपरमात्मानं जारबुद्ध्यापिसङ्गताः ॥
जहुर्गुणमयंदेहं सद्यःप्रक्षीणबन्धनाः ॥ ११ ॥

અચૂક સામાજીકનીતિ પાળતાં માતાપિતાઆદિથી, જેમને ગૃહમાં જ પૂરાઈ રહેવું પડ્યું હતું અને જેમને બહાર જવા દેવામાં આવતી નહતી, તેમણે અક્ષિઓ બંધ કરીને શ્રીકૃષ્ણનું ધ્યાન ધર્યું, અને તે દ્વારા વિયોગ દુઃખથી પેદા થતા પાપનું પ્રાયશ્ચિત આદર્યું. તેઓ શ્રેષ્ઠ આત્મા સાથે પતિના સ્વરૂપમાં જોડાયલી હતી તો પણ, તેઓએ તેમનાં "ગુણમય દેહનો" અથવા કારણદેહનો ત્યાગ કર્યો, -(કારણદેહ, ' પ્રકૃતિની દ્રવ્યસ્થિતિના સત્વ રજસ્તમસ ગુણાત્મક છે.)

પોતાનાં ઉચ્ચશરીરોદ્વારા કાર્યકરત એકનું ઉપરનું સુંદર વર્ણન છે. ધ્યાનમાં લાગેલી તે સમયે ગોપીઓએ, પોતાનાં શરીર ત્યાગ્યાં, એમ કહેવાય છે. આ ગુણમય શરીરનો ત્યાગ કરવો, એનો અર્થ મરણ થતો નથી. "जहुर्गुणमयंदेहं ।" એનો અર્થ મને તો એમ ઠીક લાગે છે કે. "સ્થુલ શરીર" અથવા એથી પણ "ઉચ્ચ-શરીર-કારણ શરીરની બહાર," ગમન કર્યું; જ્યારે મનુષ્ય સ્થિરધ્યાનની દશામાં હોય છે, ત્યારે આમ થાય છે. જ્યારે જીવાત્મા અધમશરીરોની પાર ગમન કરે ને-પ્રથમ સ્થુલમાંથી, પછી સૂક્ષ્મમાંથી અને અંતે કારણ, બુદ્ધિકશરીરમાંથી, અને પરમાત્મામાં વિલય અભેદ પામે ત્યારે તે મનુષ્ય એક જીવન્મુક્ત થાય છે. જુઓ ૧૦—૨૯—૧૩.

તેમના ધ્યાનનું પરિણામ દર્શાવવા અત્રે સિદ્ધિ શબ્દ વાપરવામાં આવ્યો છે. આમ અર્થ કાઢવાનું મારૂં અન્ય કારણ એ છે કે, ભાગવતમાં અત્રે એવું કંઈ પણ વર્ણન મળી આવતું નથી કે જેથી કોઈ પણ શરીરનું "સ્થુલ મૃત્યુ" થયું હોય એમ જણાય, કારણ કે જો તેમ થયું જ હોત તો, કર્તાએ ઘણું જ બારીકીથી તેનું વર્ણન કર્યું હોત, પરંતુ આથી ઉલટું એમ માલૂમ પડે છે કે, આવી વાત ઉપર લેશ પણ લક્ષ આપવામાં આવ્યું નથી કારણ કે એક "અતિમાનુષિકૃત્યને" આથી કેટલું વધારે લક્ષ આપી શકાય ? અને તેનું સ્થુલ જીવનમાં પ્રદર્શન થઈ શકતું ન હોવાથી, તેનું વર્ણન કરવું અસંભવિત હતું. આમ દર્શાવીને આવળી વિશેષ, સાબિત થઈ શકે કે, "આ" ભાગવતમાં વર્ણવાયલો, શરીર ત્યાગ કરવાનો માત્ર એક જ દાખલો નથી, કારણ સ્કન્ધ—૧૦. અધ્યાય—૨૩—શ્લોક—૩૪ જોવાથી માલૂમ પડશે કે, તેના ગોપબાલકો સહિત શ્રીકૃષ્ણને વનમાં ભિક્ષા આપી આવવામાં પોતાના પતિથી રોકાયલી એક બ્રાહ્મણિની સ્થિતિ ત્યાં મળી આવે છે:—

तैर्नका विधृताभर्त्रा भगवन्तं यथाश्रुतं ।
हृदोपगुह्य विजहौ देहं कर्मानुबन्धनं ॥

ન્મારા લગી ચોંટી રહે છે. વિશેષ રીતે કેળવાયલા અને સુધરેલા લોકોને મૂર્તિપૂજા અને બ્રહ્મજ્ઞાન સહજમાં અને અલ્પ સમયમાં-સમજાવી આપવાનો આવો સરલ અને મધુર ઉપાય ભારતનાં ઉપનિષદ્ સિવાય બીજા કોઇ દેશમાં કોઇએ શોધી કાઢ્યો છે. એમ જણાતું નથી. પરંતુ પ્રથમથીજ કહેવું પડેછે કે, અમે આજે જે વિષયમાં હાથ ઘાલ્યો છે, તે બહુ જ અઘરો અને મહેનતનો વિષય છે. ઉપનિષદ્‌ની ભાષા ઘણા સ્થલે બહુ ગુંચવણ ભરેલી અને કેટલેક ઠેકાણે એનું ખરેખરૂં તાત્પર્ય સમજવું એ પણ બહુ જ કઠણ છે. ઘણા ભાગમાં, એક જ જગ્યાની ભિન્ન ભિન્ન પ્રકારની વ્યાખ્યા થવાનો સંભવ થઈ પડે છે. માટે આ કામમાં અમારી ભુલ-ભ્રાંતિ થાય, એ કંઈ વિચિત્ર નથી. એટલા જ માંટે અમે નમ્રતાથી વાચકવર્ગની અને જેઓ ભારતની પ્રાચીન કીર્તિરક્ષા કરવામાં તથા પુનઃપ્રસાર કરવામાં ખરેખરા અંતઃકરણથી તત્પર અને પ્રયત્નશીલ છે, તેમની સહાયતા અને સહાનુભૂતિની પ્રાર્થના કરીએ છીએ.

કેટલેક સ્થલે કોઇ કોઇ વિષયમત કોઇને જરાક વિચિત્ર અને અદ્‌ભુત તરીકે લાગી શકે; તે સમસ્ત હાલના વિજ્ઞાન (Science) અને દર્શન (Philosophy) ના અતિશય નીચલી પંક્તિના મત તરીકે અમને લાગે છે. પરંતુ તેવા વિષય અને મત એકદમ ત્યાગ કરવા અથવા છોડી દેવા એ અમે સારૂં સમજતા નથી. અતિશય પ્રાચીનકાલમાં કયા કયા મત, કયા કયા પ્રકારના ભાવ વિચારથી કયા રૂપે પ્રચારિત હતા—લોકો દેહતત્વ, (Physiology), મનુસતત્વ, (Psychology) કેટલાક સુધી જાણતા હતા, તે દેખાડવા માટે તે સમસ્ત છોડી દેવાથી ચાલશે નહિ. ત્યારે જે સઘળી વાતો, અવૈજ્ઞાનિક અને અદાર્શનિક છે, તે અમે એકદમ ત્યાગ કરીશું. વળી બીજી એક વાત એ છે કે, ઉપનિષદુક્ત ઉપાખ્યાન તદંતર્ગત મતામતનો પ્રકાશ કરવામાં અમે ફક્ત સિદ્ધાંતપક્ષને જ અવલંબન કરી, તેનો જ ઉલ્લેખ કરીશું. કઈ કઈ તર્કયુક્તિ અને કેવા કેવા વિચાર કોશલદ્વારાએ, તે સમસ્ત સિદ્ધાંતોમાં તેઓ જઇ પહોંચ્યા હતા, તે સમસ્ત વિચાર તર્કપ્રક્રિયા કરવાનો આ નિબંધનો હેતુ નથી. પરંતુ જે સ્થલે યુક્તિતર્ક અવતારણા ન કરવાથી, તે સિદ્ધાંત સ્પષ્ટરૂપે સમજી શકાશે નહિ, ફક્ત તેવા સ્થાનેજ સંક્ષેપથી યુક્તિતર્ક પ્રદર્શિત કરવામાં આવશે. આમ કરવાનાં કેટલાંક કારણ છે. એક તો, ઉપાખ્યાન અને સરલ ઉપદેશની અંદર અતિશય યુક્તિતર્ક ઉભા કરવાથી અને તત્ત્વ ગુંચવણ ભરેલા ભાવવિચાર, લાંબી મુકવાથી, તે સાધારણ વાચકોને આનંદદાયક થાય જ નહિ; વળી આવા વિચારતર્કથી વાર્તાની મધુરતા પણ રહેતી નથી. બીજી વાત એ છે કે, આવી તરેહના ભાવ વિચાર યુક્તિતર્ક ઉપનિષદના દાર્શનિક ભાગના અંતર્ગત છે. શ્રીમચ્છંકરાચાર્યે, તે સઘળામાંનો ઘણાંખરો ભાગ વેદાંત ભાષ્યમાં જ ઉલ્લેખ કર્યો છે. અને તે સઘળા યુક્તિતર્ક હાલના યુરોપીઅન વૈજ્ઞાનિક પાયા ઉપર સુપ્રતિષ્ઠિત અને યુરોપીયન દર્શનશાસ્ત્રને પણ અનુમત છે, તે અમે "બ્રહ્મ અને જગત્" નામના નિબંધમાં સાબિત કરી આપવા માટે કોશેશ કરીશું. જો મરજીમાં આવે તો અમારા તે નિબંધની સાથે મેળવીને જોઇ લેજો.

(આગળ ચાલુ)

શ્રી કૃષ્ણ *

(અનુસંધાન પૃષ્ટ—૯૫ થી.)

અત્રે સુધી કહેવામાં આવ્યું તેથી, ગોપીઓની શી આકાંક્ષાઓ હતી તે, તથા તેમને પરિપૂર્ણ કરવાનું શ્રીકૃષ્ણે આપેલું વચન, આપણા જાણવામાં આવ્યા. હવે આપણે એમ જોવા પ્રયત્ન કરીએ કે, તેણે તે રાસલીલાદ્વારા કેવી રીતે પરિપૂર્ણ કર્યું. બધા ભૂલ ભરેલા વીચારો દૂર કરવાના હેતુથી, હું રાસલીલાનું સંપૂર્ણ વર્ણન આપવા માંગું છું, કે જેથી અન્યના ભૂલ ભરેલા વીચારોથી ન દોરાવતાં દરેકજણ પોતાની મેળે સ્વતંત્ર વીચાર કરી શકે. શરદ્ઋતુની એક રાત્રીએ આ રાસલીલા રમવામાં આવી હતી; (સપ્ટેમ્બર ઓકટોબર, સાથે મળતા આવતા ભાદ્ર આશ્વિન માસનાં આ ઋતુ હોય છે.) જુઓ—૧૦—૨૯—૧.

भगवानपितारात्रीःशरदोत्फुल्लमल्लिका ।
वीक्ष्यरन्तुंमनश्चक्रेयोगमायामुपाश्रितः ॥

ભગવાને પણ, વિકસતાંશારદીયકુસુમોથીઆહ્લાદિત તે રાત્રીઓને જોઇને, યોગમાયાના આશ્રયવડે રમતનો પ્રારંભ કરવાનુ મન કર્યું. ૧૧—૨૯.

"योगमायामुपाश्रितः" એ અંતીમ શબ્દો યજ્ઞાર્થ રહસ્યોદ્ઘાટ ન કરે છે કે, તેની બાદ સહવાસિની માયા અથવા વિવર્તનું આ વળી એક અન્ય કાર્ય હતું, અને તેથી એક એવા વીચાર તરફ દોરવાવું પડે છે કે, આ વાતની યથાર્થતા ભાગ્યેજ આપણા સમજવામાં આવે છે. રાસપ્રારંભવા માટે તેણે વાંસળી વગાડી અને નીચે પ્રમાણે થયું;—૧૦—૨૯—૪.

निशम्यगीतंतदनङ्गवर्धनं व्रजस्त्रियःकृष्णगृहीत मानसाः ।
आजग्मुरन्योन्यमलक्षितोद्यमाःसयत्रकान्तोजवलोलकुण्डलाः ॥

કૃષ્ણથી ગૃહીત થયલા મનવાળી વ્રજસ્ત્રિયો, તે અનંગ (કામ, ઇચ્છા,) વર્ધન ગીતને સાંભળીને, તે સમયે અન્યોન્ય શા ઉદ્યમમાં લાગી હતી, તેની જાણપણ દરકાર વિના, જ્યાં આગળ તેમનો કાન્ત અથવા પતિ વાંસળી વગાડતો હતો ત્યાં આવી પહોંચી.

અત્રે "अनङ्गवर्धनम्" શબ્દ વિષે વિચારવા જેવું છે. સામાન્ય રીતે આ 'અનંગ" શબ્દને "સ્થુલવિષય ભોગસાથે જોડી દેવામાં આવે છે, કારણ કે તેનો કામદેવ અથવા રતિપતિ સાથે સંબંધ હોય એમ ધારવામાં આવે છે; કામદેવે મહાદેવને પોતાના અધીનમાં

* લેખક—રા. વિશ્વવિહારી—અનુજ.

ઘણાથી અટકાવાયલી એક સ્ત્રીએ, અન્યથી વર્ણવાયા પ્રમાણે "તેના સ્વરૂપનું" ધ્યાન ધરતાં ધરતાં, કર્તવ્યને બંધનના પરિણામરૂપ દેહનો ત્યાગ કર્યો **विजहौदेहंकर्मानुबन्धनं**। એનો અર્થ માત્ર એટલોજ થાય છે કે, ધ્યાનમાં "સ્થુલ શરીરનો" ત્યાગ કર્યો.

વળી એટલું પણ જોવા જેવું છે કે, અત્રે મૃત્યુના દેખાવનું વર્ણન કરવામાં આવ્યું નથી, એથી એમ સૂચવાય છે કે, એ સમયે સ્થુલ મૃત્યુ થયું જ નહતું, તેથી જો ગોપીઓના શ્રીકૃષ્ણ પ્રતિના રાગનું આવું પરિણામ હોયતો, આપણે તેમનો દોષ શી રીતે કાઢી શકીએ ? અને આથી કરી ઉચ્ચ સ્થિતિની આપણે આશા રાખી શકીએ ?

પછી વળી એવો પ્રશ્ન થાય છે કે, કૃષ્ણ સાથે પત્ની સમરાગથી જોડાયલી આ સ્ત્રીઓ આવી અપૂર્ણતાના શિખરે શી રીતે પહોંચી શકી ?

૨૯ મા અધ્યાયના ૧૫ મા શ્લોકમાં આનો ઉત્તર શુકદેવજી આપે છે :—

कामंक्रोधंभयंस्नेहमैक्यंसौहृद्यमेवच ॥
नित्यंहरौविदधतांयान्तितन्मयतांहिते ॥

જે કોઈ, કામ, ક્રોધ, ભય, સ્નેહ, ઐક્ય, સૌહૃદ્ય દ્વારા હરિનું ધ્યાન ધરે છે, તે તેની સાથે તન્મય થઇ જાય છે.

કોઈ પણ વાસના—દ્વન્દ્વદ્વારા અભેદ પામવાનો વિચાર, હિંદુતત્વશાસ્ત્રમાંજ જણાઈ આવે છે. આમાં એમ ઉપદેશવામાં આવ્યું છે કે, અમુક મનુષ્ય પોતાના પ્રેમાસ્પદ સાથે પ્રેમદ્વારા તેમ જ અન્ય વાસનાદ્વારા એક થઈ શકે, કારણ કે આ સર્વ વાસનાઓમાં મનનો વાસનાના પદાર્થને અધીન કરવાની શક્તિ હોય છે, અને જ્યાં જ્યાં પોતાની જાતે જુદું ન થઇ શકે એવી રીતે મન જોડાયલું હોય છે, ત્યાં ત્યાં વાસનાના પદાર્થ સાથે, તેના જાણ્યા વિના પણ અભેદનું પરિણામ આવશે. ગમે તો ઇચ્છાથી અથવા અનિચ્છાથી, સુખ ભોગવવાની અથવા અન્ય ઇચ્છાથી, કોઈ અગ્નિમાં પ્રવેશ કરે, તો તેના ઉપર અગ્નિ પોતાનું દાહકર્મ અજમાવશે જ. આ પ્રમાણે તેના પ્રકાશિત રંગથી તથા સુંદર આનંદિ હુંફથી, લલચાયલાં પતંગિયાં દીપશિખામાં પ્રવેશે છે, તેમાં ભસ્મ થાય છે, અને તોપણ તેમને આકર્ષણ કરનારી વાસના દીપશિખાનો પ્રેમ માત્ર જ છે. તેથી જો અમુક શરતો પૂરી પાડવામાં આવે તો, દરેક પદાર્થ પોતામાં અંતઃસ્થિત થયલા ગુણોદ્વારા પોતાનું કાર્ય કરશે. શ્રીકૃષ્ણની આવી પ્રકૃતિ છે, વળી જેને "હરિ" એટલે "પાપ હરણ કરનાર" એવા નામથી પણ ઓળખવામાં આવે છે. કોઈ પણ વાસના દ્વન્દ્વ જેવાં કે પ્રેમ, અપ્રેમ દ્વારા મન તેનામાં સ્થિત થાય છે, ત્યારે તે મનુષ્યનો મોક્ષ નિશ્ચિત થાય છે; એક પક્ષે પ્રહ્લાદ, ધ્રુવ, અને અન્યપક્ષે હિરણ્યકશિપુ અને રાવણનાં દૃષ્ટાંતો સર્વને સુવિદિત છે.

આનું કારણ એમ છે કે, પરમાત્માને, પરિપૂર્ણને, "સારા" "નરસા"નો અંશપણે ધારીએ છીએ તેવો કંઈ પણ ભેદ નથી. દિવ્યના વિભાગરૂપે અશુભનાં સ્વરૂપો, શુભરૂપે

કાર્ય કરે છે-માટે અમુક મનુષ્ય સારાં અથવા નરસાની પક્ષ લે છે, એ અગત્યનો પ્રશ્ન નથી, પરંતુ એટલું તો નક્કિ છે કે, તે દુનિયાના ઉન્નતિક્રમ માટે પ્રયત્ન કરે છે. તે ઉભયમાં ભેદ માત્ર આટલો જ છે, પ્રથમ જાણીને કાર્ય કરે છે, અને તેટલા માટે ઉન્નતિ ક્રમને ઇચ્છાપૂર્વક મદદ કરે છે. અન્ય અનજાણતાં કાર્ય કરે છે, અને તેટલા માટે જ્યારે તે એમ વિચારે છે કે, તે પ્રભુના વિરૂદ્ધ વર્તે છે, પરંતુ પ્રભુનો હેતુ પાર પાડવામાં તે ત્રોક સહાયરૂપ થઈ પડે છે. આવા પ્રકારની મદદ ગમે તો તે જાણતાં વા અનજાણતાં હો તથાપિ ઉચ્ચશ્રેયવિના તેનું અન્ય પરિણામ થતું નથી માયાબંધનમાંથી છૂટકારારૂપ.

માટે ઉચ્ચપ્રતિ દોરાયલી ગમેતે વૃત્તિ, માત્ર સારાં પરિણામ જ ઉપજાવી શકે; "ગુણમય શરીર"માંથી છૂટા થવારૂપ આવા પ્રકારના છૂટકારાને મૃત્યુ કહેવું અથવા ઉચ્ચ દીક્ષા માટે થોડીવારનો શરીર "ત્યાગ" કહેવો, એ વાચનારાઓએ પોતે જ વિચારી લેવા વિનતી છે.

(આગળ ચાલુ.)

ઉપતંત્રી.

×

× ×

મારે જે કરવાનું છે તે મારા સંબંધિ જ છે, લોકો જે ધારે છે તે મારે કરવાનું નથી. વ્યવહારિક તેમ જ બુદ્ધિક ઉભય જીવનમાં સામાન્ય રીતે પળાતો આ નિયમ, ઉચ્ચતા તથા અધમતા બંનેની વચ્ચેનો સંપૂર્ણ ભેદ દર્શાવી આપે છે, આ નિયમ કષ્ટકારક થઈ પડે છે કારણ કે, તમે સમજો તે કરતાં પણ તમારૂં કર્તવ્ય શું છે, એ તમારા કરતાં વધારે સારી રીતે સમજનારા બીજાઓ તમને હંમેશાં મળી આવે છે. દુનિયામાં, દુનિયાના અભિપ્રાય પ્રમાણે જીવન ગાળવું એ સહેલું છે; તેમ જ એકાંતમાં આપણા પોતાના અભિપ્રાય પ્રમાણે જીવન ગાળવું સરલ થઈ પડે છે; પરંતુ મહાન્ મનુષ્ય તો તે જ છે કે જે, એક મહાન્ સંપ્રદાયના મધ્યમાં પણ સંપૂર્ણ માધુર્ય સહિત એકાંતનું સ્વાતંત્ર્ય જાળવી શકે છે.

એમર્સન.

જે સંપૂર્ણ બુદ્ધિમાન્ છે તે સંપૂર્ણ સુખી છે, એટલું જ નહિ પરંતુ જ્ઞાનનો પ્રારંભ આપણને જીવન વહન સહેલું કરી આપે છે. માત્ર આટલું જાણવું એટલું જ બસ નથી; નિત્યધ્યાનદ્વારા તેને મનમાં મુદ્રાંકિત કરવું જોઇએ, અને તેથી શુભ ટેવ પ્રતિ શુભ હેતુ ઉદય થવો જોઇએ.

સેનેકા.

× × ×

શુદ્ધ આનંદ એક નક્કર મહાન્ પદાર્થ છે, અને તેનો મુખાકૃતિ કરતાં અંતઃકરણમાં વિશેષ વાસ હોય છે. ઉંડામાં ઉંડા ઝગડો જ ઘણા શાન્ત હોય છે.

લેઇટન.

× × ×

ઇહિ લોકમાં સદ્ગુણ માત્ર સુખ છે.

પોપ.

× × ×

બરોબર જેટલા પ્રમાણમાં તમે તમોગુણ કરતાં મહાન્ જીવાત્માઓ પ્રતિ પૂજ્યબુદ્ધિ-થી જોઇ શકો, તેટલા પ્રમાણમાં તમે તમારી જાતે ઉચ્ચ થતા જાઓ છો, અને તેટલા જ પ્રમાણમાં સુખી થાઓ છો.

રસ્કિન

× × ×

શું ! તમે તે જરા પણ સંભવિત ધારી શકોકો કે મનુષ્ય જેની ચાહના કરે છે તેનાથી જો તે ભોમિયો થશે તો તેનું અનુકરણ કર્યા વિના રહેશે ?

પ્લેટો.

× × ×

અન્યને પૂજ્યભાવના સમર્પણ કરવી, આપણી જાતને અને જીવનને તેના ઉપર આધારવાળાં બનાવવાં, એ ગુલામગીરી નથી; ઘણા સમયે તો મનુષ્ય આ દુનિયામાં રહી-શકે એવી ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિ હોય છે.

રસ્કિન.

×

× ×

સર્વ મહાત્માઓનાં જીવન આપણને પુનઃસ્મરણ કરાવે છે કે આપણે આપણાં જીવન ઉચ્ચ કરી શકીએ.

× લોન્ગફેલો.

× ×

સર્વને માટે દુ:ખ અનિવાર્ય છે, પરંતુ અન્યાય પથમાં વર્તતા એકને તે એક પાપ સમાન છે; વળી અન્ય માટે તે પૂણ્ય સમાન છે. જે એકની નિરાશા છે તે અન્યને અનુભવરૂપે છે, અને તેથી તે એક આશારૂપે છે.

એલીફામ-લેવી.

×

× ×

જ્યાં જ્યાં દુઃખ છે, ત્યાં ત્યાં વળી દુ:ખ હર્તા પણ જડી રહેશે.

હાફીઝ.

×

× ×

પોતાના મૃત કોળોનાં પગથીયાંદ્વારા મનુષ્ય ઉચ્ચ સ્થિતિઓએ ચઢી શકે

ટેનિસન.

×

× ×

આપણે જે પસંદ કરીએ છીએ, તેના ઉપર આપણે કેવા છીએ, એનો આધાર રહે છે, અને આપણે કેવા છીએ તેની તે નિશાની છે: અને રસજ્ઞતાનો ઉપદેશ કરવો એ જ અનિવાર્ય રીતે ચારિત્ર બાંધવા સમાન છે.

રસ્કિન,

×

× ×

સુખ માટે અત્યંત તૃષ્ણા હોય છે, અને તેના જેટલી મહાન્ સુખની તાણ હોય છે. ગરિબમાંના ઘણા વિત્ત માટે આશા રાખે છે, અને એમ માને છે કે, તે મેળવવાથી તેમને શ્રેષ્ઠ અને સદા સ્થિત સુખ પ્રાપ્તિ થશે વિત્તવાન્માના ઘણાએ પોતાની દરેક આશા અને ફાંકાને સંતોષ્યા છતાં ખેદ અને સંપૂર્ણતાથી દુ:ખી થાય છે, અને ગરિબમાં ગરિબના કરતાં પણ તેઓ સુખ પ્રાપ્તિથી ઘણા વિદૂર રહે છે.

જેમ્સ. ઍલન

×

× ×

સત્યતાથી વિચારો, અને તમારા વિચારો વિશ્વના દુષ્કાલને પોષશે.

× ઓનાર.

× ×

તમારા પ્રબલ વિચારો તમારાં પ્રબલ કાર્યોને નિશ્ચિત કરે છે. વારંવાર કરવામાં આવતાં કાર્યો ટેવના સ્વરૂપમાં જડ ઘાલી બેસે છે. તમારી ટેવોનો સરવાળો એજ તમારૂં ચારિત્ર.

× ટ્રાઈન.

× ×

સ્વર્ગ નર્ક આંતર્ સ્થિતિયો છે. રવ અને તેને સર્વ પ્રકારે સંતોષવા મંડી જાઓ અને તમે નર્કમાં પડો છો; રવ રહિત થાઓ, અને ચિત્તની એવી અવસ્થા પ્રાપ્ત કરો કે જ્યાં સ્વનાં નિષેધ તથા વિસ્મરણ થાય છે, અને તમે સ્વર્ગમાં પ્રવેશ કરોછો.

× જેમ્સ. ઍલન.

× ×

કોઇ પણ મનુષ્ય અન્યની નિંદા કરી શકે નહિ તેમ જ તેને અધમ ગણી શકે નહિ, કારણ કે સાચું કહેવા માગીએ તો કોઇ પણ અન્યને યથાર્થ રીતે ઓળખતો નથી. મારા સંબંધમાં તો હું આમ જોઉં છું; કારણ કે સર્વ દુનિયાને તો હું અંધારામાં છું, અને મારા નજીકના મિત્રો પણ મને માત્ર અંધકારમાં વિંટાયલો જુએ છે.

× સર. ટી. બ્રાઉન.

× ×

જો તને દુનિયાનું ભલું કરવાની ઇચ્છા હોય, તેની સર્વ દુઃખ જંજાળો ને દેશનિકાલ કરવાનો વિચાર હોય, તેની વેરાન જગ્યાઓને વિકસાવવાનો વિચાર હોય, અને તેનાં ખાવા ધાતાં જંગલોને ગુલાબની પેઠે ખીલાવવાં હોય તો, તું તારી જાતને જ સુધાર.

× જેમ્સ. ઍલન.

× ×

જ્યાં સુધી નિયમ પ્રવર્તે છે ત્યાં સુધી પરમેશ્વર છે, ત્યાં સુધી કોઇ પણ પ્રયત્ન કોઇ પણ જાતનું પરિણામ ઉપજાવ્યા વિના રહેશે નહિ.

× સી. ડબલ્યુ. લેડબીટર.

× ×

જીવન યુદ્ધમા આપણ દરેકને આપણુ પોતાનુ જાળવી રાખવાનુ સ્થાન તેણે સોંપ્યુ છે, અને તે કરમાવે નહિ ત્યા સુધી આપણે તેનો ત્યાગ કરવો જોઇએ નહિ

× × ×

એપીકટેટસ

જે સંપૂર્ણ જ્ઞાની છે તે સંપૂર્ણ સુખી છે, એટલુ જ નહિ પરંતુ જ્ઞાનની શરૂઆત જ આપણને જીવન વહન સહેલુ કરી આપે છે

× × ×

સેનેકા

જે દેશોમા મનુષ્યો પોતાનો ઘણો સમય, વાતોમા, મુલાકાતોમા, અને મંડળિઓમા વ્યતીત કરે છે, ત્યા સખ્ય વૃત્તિયો, એમ કહેવા માગીએ તો ઘણી જ કિમતિ થઈ પડે છે, અને વ્યક્તિમય સદ્ગુણનો મુખ્ય ભાગ પણ તેનો જ બનેલો હોય છે જે દેશોમા મનુષ્યો વિશેષ ગૃહવાસાસક્ત જીવન ગાળે છે, અને ગમે તો કામકાજમા અથવા ઓળખાણના સાકડા વિસ્તારમા પોતાની મેળે આનદ પામવામા લાગેલા હોય છે, ત્યા વિશેષ સ્થિર ગુણોનો વધારે વિચાર કરવામા આવે છે

× × ×

ડેવિડ હ્યુમ

દિવ્ય અથવા સ્વર્વિહીન પ્રેમ માત્ર એક બાજુના ક્રમથના વાસના નથી, તે તો જ્ઞાનની એક ભૂમિકા છે, કે જે દ્વારા અશ્રેયની સત્તા અને અશ્રેયમા શ્રદ્ધા, દૂર પડે છે અને શ્રેષ્ઠ વિભુના આનદિ અનુભવપર્યંત જીવાત્માને વિકસાવે છે દિવ્ય જ્ઞાનીને તો પ્રેમ અને જ્ઞાન એક અને અભિન્ન છે.

× × ×

જેમ્સ એલન.

અમુક કાર્ય સારૂ કરાયાનુ ઇનામ, તે કરાયુ છે, એજ છે.

× × ×

એમરસન

દિવ્ય નિયતાનો પ્રેમ, કે જેણે સમગ્ર ઉપજાવ્યુ, તેને પોતાથી બહિર્ કઈ પણ નથી. દિવ્ય જીવન અસ્તિત્વધરાવતાસમગ્રનુ આતરતત્વ છે, અને પાપાચરણ આચરતા તેમ જ મહામાના અતકરણમા ઈશ્વરનો વાસ છે.

× × ×

એની-બેસન્ટ.

આર્યાવર્ત.*

ટુંકામાં પતાવિયે તો, આર્યધર્મના, વૈદિક, વીરચરિત્રિકથક, તથા પૌરાણિક સમયો કલ્પી શકાય; આપણું પ્રથમ સમયનું જ્ઞાન વેદનાં પુસ્તકોથી દ્વીતિયનું વીરરસપ્રધાન કાવ્ય રામાયણથી તથા તૃતીયનું, મહાકાવ્ય મહાભારતથી, પ્રાપ્ત થાય છે; પરંતુ, તૃતીયસમય પરત્વે, આપણાં પુરાણો અને તંત્રોમાંથી, ઠીક સામગ્રી મળે છે. આવા અતિપ્રાચીન સમયો માટે, અમુક વર્ષો કલ્પવાં એ અત્યંત ભુલ ભરેલું છે, આર્ય પ્રાચીનતાના બનાવોને, નિશ્ચિત કરવામાં ક્રાઇસ્ટ પૂર્વે, હજારો વર્ષ કલ્પવાનો, પ્રચાર પડી ગયો છે; વળી કેટલાક વિશેષ સાવધ, વેદના અમુક વિભાગોપરત્વે, ક્રાઇસ્ટ પૂર્વે. ૧૨૦૦, ૧૦૦૦ અથવા ૬૦૦ વર્ષો ઓડવે છે. વસ્તુતઃ વાત એમ છે કે, આર્યસાહિત્યનાં, વિવિધવર્ષો અનિશ્ચિત છે; આર્ય મનના, અમુક પ્રકારના બંધારણને લીધે અથવા આર્યઇતિહાસમાં રાજ્યપરિવર્તનેલીધે, આમહો, તથાપિસંસ્કૃતભાષા શાસ્ત્રની આધુનિકસ્થિતિતો, તેના શાસ્ત્રીને, અમુક વર્ષો નિશ્ચિત કરવાના વિજયનાં સાધનો, ભાગ્યેજ પુરાં પાડે છે. આ, આર્ય કાલગણનવિદ્યા વિષે આગળ વેદના વિષયમાં વિશેષ શેષ કહેવાશે. હાલતો, તે વિદ્યાની સત્યસ્થિતિનો ખ્યાલ ધરીને, કહેવાનો ગર્વ ધરીએ તો, કહેવાશે કે, વૈદિકવર્ગનાં આધુનિક લખાણો, ક્રાઇસ્ટ પૂર્વે, બે શતક કરતાં વધારે પ્રાચીન નથી. વીરરસથી ઉભરાતાં આપણાં, આર્યમહાકાવ્યોના સમય પણ અનિશ્ચિત જ છે; તથાપિ એમ માનવાને, કારણ મળે છે કે, તે સમય, ઇસ્વીસનના આરંભના પ્રથમ વર્ષોતે હોઇ શકે. પાશ્ચિમાત્ય ભાષાશાસ્ત્રીઓ, એકમતે, યુરોપીય મધ્યકાલિન ઇતિહાસનો સમય જ, પૌરાણિક સમયને અર્પે છે.

જો ઋગ્વેદ—વેદોમાંનો પ્રાચીનવેદ, પ્રાચીનમાં પ્રાચીન અસ્તિત્વ ધરાવતો, સાહિત્યનો નમુનો—તેના કેટલાક મંત્રોનાં, વર્ણન પ્રમાણે, આર્ય સર્વધારણધર્મ, આર્યઉન્નતિના આરંભસાથે મળતો આવે તો, આપણી પ્રજાની મૂલજાતિને ખુલ્લી કરશે, એટલું જ નહિ, પરંતુ, સર્વ માનવસમૂહની મૂલ જાતિને, અજવાળામાં લાવશે. હત્ ભાગ્યે, આવા વિચારમાં વિહાર કરતી કલ્પનાને, કાર્ય સાધવાનો આરંભ કરવાનું કામ, વેદને માટે અમુક સમય, કલ્પવાના જેટલું જ અસંભવિત છે. એ મંત્રોના આધારે વિચારતાં, આર્યો જનસમૂહમાં, આગળ વધી ગયલા હતા; અરે! આટલું જ નહીં પણ, ઉન્નતિના શિખરે, મહાલતી જાતોની માફક જ, કલા પ્રાવિણ્યમાં, નિયમિત યુદ્ધમાં ગૃહ, લક્ષ્મી, આદિનું રક્ષણ કરવામાં, તથા, કૃત્રિમ જીવનની વૃદ્ધી પામેલી સ્થિતિમાં જ, સંભવતા દુર્ગુણોથી જ્ઞાન રાખવામાં, આર્યો લેશ પણ પાછા હઠે તેવા નહતા. તથાપિ, ઋગ્વેદના અનેક મંત્ર વિચારોને તપાસતાં, તેમાંના કેટલાક વિચારો, કૃત્રિમકલ્પનાથી અધમ થયેલા, અથવા તત્વશાસ્ત્રથી, વિદૂર થતા નથી, એમ કહી શકાશે નહીં. આ મંત્ર સમયના આર્યનું ધ્યાન તત્વોની શક્તિમાં લાગી રહ્યું છે, વિદ્યુત અને સૂર્યમાં સ્થિત થયલો—અગ્નિ, પ્રકાશિત, વાદળ રહિત આકાશ—ઇન્દ્ર, મરૂતગણો, સૂર્ય, પ્રભાત—ઉષસ્, અને, પ્રકૃતિના પ્રકાશિત—ગ્રહોના, એવા અન્ય દેખાવોને લીધે, તેનામાંની ભીતિ, પવિત્ર નમ્રતા અને પૂજ્ય બુદ્ધિમાંપરિણામ

* થીઓડર ગોલ્ડસ્ટકરના લેખને આધારે.

પામી. તેમને કોઈ મહાશક્તિ કે જેની પાસે, મનુષ્ય જીવ; નમ્રભાવ ગ્રહણ કરે છે, તેના સહાયકો તરિકે પૂજતો નથી; તેમ જ, તેમને તેમની જાતે જ મહાન્ શક્તિયો સમાન ગણીને પૂજતો નથી;—એમ કરતો હોય તોપણ, અનંતતા, ઉત્પત્તિ, આદિ રહસ્યો, તેના જીજ્ઞાસુ મનને પ્રતિત થાય; પરંતુ તે તો, પોતાના શત્રુ સામે મદદ મેળવવામાં, અથવા વર્ષા, અન્ન, પશુ, શરીરસંપત્તિ, અને અન્ય એવાં ઐહિક સાધનો માટે જ, તેમની પૂજા, અર્ચા કરે છે. તે, તેમની પાસે, પોતાનાં દુઃખો રડે છે, તથા, તેમને ઉશ્કેરીને, મદદ મળવા માટે, તેમનાં પૂર્વનાં ચરિત્રો ગાય છે. "હે મરુતો! તમારા, વર્ષાકારક ત્વરિત આગમનને માટે, અમે તમારી પ્રાચીન ભવ્યતા, સ્વીકારીએ છીએ." અથવા, 'તમારાં પુષ્ટિકર્તાભિષ્ટાવ, સ્તુતિથી પ્રસન્ન થતા મહાવીર—ઈન્દ્રને, તથા, સૂર્યનાં સ્વરૂપોમાંનું એક સ્વરૂપ—વિષ્ણુને, સમર્પણ કરો; તે બંને અજીત દેવો, શિક્ષિતઅશ્વનાસમાન, વાદળના પ્રકાશિત પીઠ ઉપર, સ્વારી કરે છે. મરત પૂજક, ઇચ્છિત વસ્તુના આપનાર જાણીને, ઈન્દ્ર તથા વિષ્ણુના, આનદિ, આગમનને અભિનંદે છે; તથા તેમને ભાવથી ભજનારને, તાત્કાલિક ફલ આપનાર જેવા જાણે છે." આ સમયનો આર્ય, આવા ભાવથી, દેવોની પ્રાર્થના કરે છે. તે, પોતાના, આધ્યાત્મિક કરતાં સ્થૂલ કલ્યાણ અર્થે જ, તેમનો આશ્રય શોધે છે. તેટલા માટે જ, આવાં પવિત્ર મનથી પ્રેરિત ઉભરાઓ રૂપી પ્રાર્થનાઓ, નીતિના વિચારોથી તદ્દન અજાણી જ હોય છે. ઘણીવારતો, પાપ અને હાનિનો આશ્રય લઇને, પાપી અથવા હાનિકર્તાના વિનાશાર્થે પણ, તેમની પ્રાર્થના કરવામાં આવે છે. આપણા, પાપ અને હાનિના વિચારો, ઉપર વપરાયલા, શબ્દોના અર્થ સૂચક ગણવાની, આપણે મોટી ભૂલ કરીએ છીએ. પરંતુ, આ મંત્ર સમયનો પાપી તે બીજો કોઇ જ નહીં પણ, તે તાત્વિક દેવોની પ્રાર્થના ન કરનાર તથા શ્રદ્ધાલુના હસ્તથી પ્રાપ્ત થતા હવિવડે, તેમને સંતોષ ન પમાડનારને, ગણવામાં આવે છે. તેજ દુશ્મન, ચોર, રાક્ષસ—ટુંકામાં, પવિત્ર હક્કને ભ્રષ્ટ કર્તા મનુષ્ય છે, કે જે, પોતાનો વારો આવ્યે નુકશાન કરવામાં તથા મારવામાં પાછો હઠતો નથી, પણ, ઇન્દ્ર, અગ્નિ આદિને પૂજીને, પોતાથી પુનઃ અધર્મ કાર્ય નહીં થાય એમ માનવામાં સંતોષ લે છે. આવાં, બદલો વાળવાના કાર્યોને આપણાં પોતાનાં જ નીતિનાં ધોરણોથી તપાસીએ તો આપણી તપાસમાં નિષ્ફલ નીવડીશું. જો આપણે, આ મંત્રોના વિવિધ વિચારમાંથી પ્રતીત થતી, આર્ય જાતિની આંતર્ સ્થિતિ વિરુદ્ધ ન બોલીએ તો, આપણને એમ માલુમ પડશે જ કે, તેમના પ્રત્યેક મનુષ્યમાં ભ્રાતૃભાવ પ્રવર્તતો હતો, તથા સંપનું સામ્રાજ્ય હતું; અને, આંતરકલહનિવારિક અથવા સાર્વજનિક દુર્ગુણઉપશામક, મંત્રના અભાવને લીધે, સંપૂર્ણ રીતિયે સાબિત થાય છે કે, જે પ્રજાની માગણીઓનું વર્ણન એ ગીતોમાં આવે છે, તેઓ ઉત્તમ નીતિની સ્થિતિ ભોગવતા હતા.

એટલું સમજી શકાશે કે, આપણે વર્ણવી આવ્યાછીએ તેવી, મુલતત્વોની પૂજા, પ્રાથમિકઅવસ્થામાં, સાદિ તથા નિર્દોષ હતી. ઋગ્વેદના અનેક મંત્રોમાંથી પણ, આ દેવોને અપાતો એકજ બલિ જાણવામાં છે; તે, સોમ અથવા સોમ-વૃક્ષના રસનો હોય છે, કે જે નિચોવીને, અંતરવેગ ઉત્પન્ન કર્યા પછી, આનંદ અને મદમાં ગર્કાવ કરી નાંખે છે, અને આવા કારણને લીધેજ, કલ્યાણકારી શક્તિની વૃદ્ધિદ્વારા દેવોને સતેજ બનાવે છે. તે, તેમને પાત્ર-

માં આપવામાં આવતો, અથવા દર્ભ ઉપર સિંચન થતું. ઘણા મંત્રોમાં, અગ્નિમાં હોમાતું ઘી, દેવોનો અનુકૂલબલિ ગણાય છે: અને આપણા ધારવા પ્રમાણે, વૈદિક પૂજાનું પ્રાથમિક સૂચન કરે છે.

આપણે વર્ણવતા આવ્યા છીએ, તે પ્રકારના સાદાવિચારોથી, વસ્તુવિભાગપરત્વે, ઋગ્વેદના કેટલાક મંત્રો, વિકૃત થાય છે. આ પ્રમાણે આપણે જેને દ્વીતિય વર્ગના ગણીએ છીએ, તેમાં વૃત્તિયોનું પ્રેરિત પ્રદર્શન, શોધક ભાષા વિચારોને, માર્ગ આપે છે; કાવ્યની અતિશયોક્તિયો; આત્મચિંતન પરાયણ મનના, રહસ્યમાર્ગપ્રતિપ્રયાણ કરવા માંડે છે; પ્રકૃતિનાં રહસ્યો, પોતાના પૂર્ણ બલ સાથે અસર કરે છે, તથા સામાજીક મનને, ભીતિમાં રાખતો સત્વસમૂહ પણ, વૃદ્ધિ પામતો ચાલે છે. આવા વિવિધ પ્રકારે સંતોષાતા, ઇન્દ્ર, અગ્નિ આદિ, જાતે જ દેવોમાં ગણાવા માંડે છે; તથા, સોમવૃક્ષ અને તેના રસપાનની પૂજા, ઐહિક સર્વ સુખોના આપનાર સમાન ગણીને, કરવામાં આવે છે. આ સમયમાં જ, પશુયજ્ઞ—જેનું તત્વ સોમ, ઘૃતાદિના બલિ કરતાં પણ વિશેષ રહસ્યયુક્ત મનાય છે, તે, મૂલક્રિયાઓ ભેગો વૃદ્ધિ પામતો જણાય છે. પ્રથમ વર્ણવેલા, તથા ત્યારપછી ગણેલા, મંત્ર વિભાગનો, પરમભેદ સમજાવવા, ઋગ્વેદના દ્વીતિય મંડલના કેટલાક મંત્રોનું અવલોકન, અત્યંત હિતકર થઈ પડશે. એમાં, એક પ્રજક, યજ્ઞ—અશ્વની પ્રાર્થના તથા તેના ગુણોનું વર્ણન નિચે પ્રમાણે કરે છે.

" હે અશ્વ! તારો અશુભ જન્મ યશોગાન ગાવા લાયક છે; તારો ઉદ્ભવ, આકાશ કે પાણીમાં છે? તું મૃગ સમાન સુકોમલ અવયવો તથા બાજ પક્ષિની પાંખો સહિત, હણહણાટ કરે છે યમે સમર્પણ કરેલા અલંકારોવડે, ત્રિતા તને શણગારે છે, સૌથી પ્રથમ, ઇન્દ્ર તારા ઉપર સ્વારી કરે છે, તથા ગંધર્વ, લગામ ઝાલે છે. વસુઓ, સૂર્યમાંથી તારું નિર્માણ કર્યે છે. હે અશ્વ! તું જ યમ છે, તું જ આદિત્ય છે, તથા ગૂઢ કાર્યદ્વારા, પ્રીતા પણ તું જ છે! તું સોમનો સહભાગિ છે. ઋષિયોએ ક્યાંસુધી જણાવ્યું છે કે, તારાં ત્રણે બંધનો સ્વર્ગમાં જ છે," ઇત્યાદિ.

આ પ્રકારની, ગૂઢ રહસ્યયુક્ત—ભાષા, પ્રજાની ધર્મિક વૃત્તિનો વિનાશ, સ્પષ્ટ દર્શાવે છે; પણ, સાથેસાથે જ તેમાંથી એક સત્યનું, ઉદ્ઘાટન થાય છે કે, આર્યના પવિત્ર મનને, તત્વો અથવા પ્રાકૃતિક શક્તિયોના પૂજનમાં, હવે વિશેષ સંતોષ વળવા લાગ્યો નહિ; એમ પણ પ્રતીત થાય છે કે, ધર્મ, હવે સૃષ્ટિ નિર્માણના રહસ્યમાં વિશેષ 'ઉંડો, ઉતરવા લાગ્યો. તેમની આવી જીજ્ઞાસા, આપણને અન્ય મંત્રોમાં પ્રદર્શિત થાય છે, તથા તેની સાથે જ વૈદિક સમયના વેદાન્તિક પંથનો આરંભ થાય છે. પ્રાચીન વેદવિભાગમાંથી મળી આવતા અર્વાગત કેટલાક મંત્રો, તૃતિય મંત્ર વિભાગનું, યોગ્ય પ્રકારે નામ કરાવશે.

(આગળ ચાલુ.)

ઉપતંત્રી.

" मार्ग-प्रदीपिका "

(અનુસંધાન પૃષ્ઠ-૭૧ થી.)*

" अने ते एक एवुं वृक्ष छे के जे सर्व समये अस्तित्व धरावे छे अने वृद्धि पाम्यां जाय छे ॥ "

પાપ એક હિંસક રોપા સમાન છે, અને સંભાળવિનાની તથા ખેડાણવિનાની ભૂમિમાં ઘણો જ ખીલી નીકળે છે. તે પોતાનાં બીજ આસપાસ બહુ જ વેરે છે, અને સર્વ પાસા સમગ્ર તેમનાથીજ ઉભરાઈ જાય ત્યાં સુધી નવા રોપાઓ વધ્યાં જાય છે; તેઓ અન્ય રોપાઓ કે જેમને જો વધવા દેવામાં આવે તો શુભફલ લાવી શકે, તેમના કરતાં પણ સંખ્યામાં વધારે થઈ પડે છે, અને આ પ્રકારે અંતે જ્યાં સુધી કોઈ પ્રબલ હસ્ત તેને મૂલમાંથી ઉખેડી નાંખે ત્યાં સુધી પાપ, પુણ્ય ઉપર સામ્રાજ્ય ભોગવે છે. સદ્ભાગ્યે પાપ તેમ જ પુણ્યને, તેમનાં ફલ આવતાં સમય વીતે છે, અને તેના મધ્યમાં જ ઉદ્ધારની ક્ષણ હોય છે, કે જેનો ગમે તે સમયે ઉપયોગ થઈ શકે.

" ज्यारे मनुष्य असंख्य जन्मानो संचय करे छे, त्यारे तेनो पुष्पप्रसूति-समय आवे छे ॥ "

તેની પરાકાષ્ઠાએ પહોંચતા પૂર્વે તથા તેની અધમ પ્રકૃતિ દુનિયાને દર્શાવતા પૂર્વે, પાપ વિવિધ ભૂમિકાઓમાંથી પસાર થાય છે, વારંવાર બહિર્ દેખાવોમાં તો, વાદળો વચ્ચે વિચિત્ર સાદૃશ્ય છે, અને લોકો કયા વર્ગના હોય છે, એ બાબતમાં ઘણી વખત ખોટી પરિક્ષા કરાય છે; પરંતુ, કલિ, પુષ્પ, તથા ફલનો સમય આવવોજ જોઇએ. અને તે સમયે પ્રેક્ષક લેશ પણ છેતરાશે નહિ. અનેક જન્મો થયા અને થશે, પરંતુ યોગ્ય ભૂમિમાં વવાયલું પાપનું બીજ, મોડું અથવા વહેલું પ્રકાશમાં અવશ્ય આવશે; માત્ર સમય અને સગવડનો આ પ્રશ્ન છે.

" जेओ शक्ति (सामर्थ्य) ना मार्गमां प्रवेश पामशे, तेमणे आ पदार्थने अंतःकरणमांथी चीरीने दूर करवो जोइए ॥ "

જ્યારે મનુષ્યની બુદ્ધિમાં પાપનાં પરિણામોનું સંપૂર્ણ જ્ઞાન પ્રવેશ કરે છે, અને જ્યારે તે પોતાના કાર્યના માર્ગની ગતિ બદલવાનો નિશ્ચય કરે છે, ત્યારે તે સ્વાભાવિક કંઇકની પણ એક પ્રતિનિધિરૂપે શોધ કરે,—કંઇક કે જેથી તેનાં સમયને ધ્યાન રોકાયલાં રહે. જો તે શિષ્યના જીવન પ્રતિ આકર્ષાશે તો તેને પાપનો ત્યાગ કરવાનું એક વિશેષ કારણ માલૂમ પડશે, કારણ કે જો તે, તેને હજુ પણ છાતીએ વળગાડી રાખશે તો તે આગળ વધી શકશે

* થીઑસૉફીસ્ટમાં આવેલા "Light on the Path." નામના લેખને આધારે.

નહિ; તેનાં મૂલિયાં અને શાખાઓ સહિત તેને બહાર ફેંકી દેવું જોઇએ, અને ત્યાર પછી જ આત્મિક વૃદ્ધિ પામી શકાશે; શુદ્ધ નીતિમાન્ ચારિત્ર, આરોગ્ય સ્થૂલ શરીર, શુદ્ધ સાવધાન મન, એટલાં વાનાં શક્તિવાન્ મનુષ્યનામાં હોય છે. પાપના બોજા તળે ચગદાઈ ગયલા એકથી, પર્વતની બાજુના દુરારોહ માર્ગ ઉપર ચઢી શકાશે નહિ; એ ઉચ્ચતાનાં દૂરનાં શિખરોએ પહોંચનાર એકને દરેક બંધનમાંથી છૂટા થવાની આવશ્યકતા છે.

"અને પછીથી અંતઃકરણ સ્રવશે, અને માનવનું સમગ્ર જીવન તદ્દન વિલીનથઇગયલું લાગશે ॥"

પાપનો ત્યાગકર્તાપૂર્વે તથા ઉચ્ચજીવનમાં સંપૂર્ણનવીન આનંદ ઉત્પન્ન થતા પૂર્વે, કંઇક ખોવાયાના ભાનનો તથા વિજનતાનો એક સમય હોય છે, કે જેમાં જીવવા જેવું ઘણું થોડું જ માલૂમ પડે છે; દરેક પદાર્થનાં મોહ અને આકર્ષણ વિનષ્ટ થાય છે, લોકો અને પરિવર્તનો કંટાળા ભરેલાં થઈ પડે છે, જીવાત્મા કંટાળી જાય છે અને ફેરફાર માટે ઇચ્છા રાખે છે; અને તેના દુઃખના ઉંડાણમાંથી મનુષ્ય અદૃશ્ય શક્તિયોની મદદ મેળવવાને રૂદન કરે છે; તેના અંતરાત્માનો અવાજ તેને તેનાં ગત કુકૃત્યો માટે સદ્દોષ ઠરાવે છે, તથા કુકૃત્યો કે જે કરીથી ન કરે એવી રીતે ભસ્મિભૂત થયલાં માન્યાં હોય છે, તેની સ્મૃતિ તેના સમીપ ખડી થાય છે. સ્વાત્મશોધનના આ સમયમાં તેને અત્યંત પશ્ચાત્તાપ થાય છે, અને તેનું દરગેજનું જીવન પણ પાપ મોચન સ્થાનના સદૃશ ગાળવામાં આવે છે, અને આમ જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી તો, તે એક જીવતા છતાં મરવા સમાન જ ગણાય.

"પુષ્પ ખીલે છે તેમ માનવિના ખીલો, પરંતુ દ્વારામાં પોતાની વ્યક્તિને વિકસાવવાને આતુરતાથી ઉત્સુક હોય છે તેનો પેઠે ॥"

પુષ્પનાં વિકાસ અને સંપૂર્ણતાનો આધાર આસપાસનાં પરિવર્તનો ઉપર હોય છે; શુભ પરિણામ તરફ દોરે એવાં તત્વોને જ સ્વાભાવિક રીતે તે શોધે છે, પરંતુ જો તે તેની પાસેથી લઈ લેવામાં આવે તો તે પોતાની જાતે પ્રસંગાનુસાર વર્તશે, અને માર્ગમાંથી ભ્રષ્ટ થયલા જેવું તથા પરિત્યાજ્યતના જેવું જણાય છે. માનવિ પણ પુષ્પના સમાન છે, અને તે અશુભના કરતાં શુભને જ પસંદ કરે છે, કારણ કે તેનાં પરિણામ સુસ્વાદુ હોય છે, પરંતુ જો અશુભની સત્તા વિશેષ થઈ પડે તો તે જીવાત્માને ભ્રષ્ટ કરે છે અને વૃદ્ધિ અટકી પડે છે. જ્યારે મનુષ્ય સ્વવૃદ્ધિને વ્યક્તિના દૃષ્ટિબિંદુથી વિલોકવાનું બંધ કરે છે, તથા જ્યારે તે, ઇચ્છાના એક વ્યક્તિવાચક હેતુના કરતાં સર્વ વ્યાપક હેતુ માટે હોય છે, ત્યારે ભાવવિનાની વૃદ્ધિ શરૂ થાય છે.

"તેવોજ રીતે તમારા જીવાત્માને અનંતપ્રતિ વિકસાવવાને તમારે પણ આગળ વધવાનું છે ॥"

કોષોનાં વૃદ્ધિ અને વિકાસનો આધાર તેમને ઉપયોગમાં લીધાઉપર તેમ જ તેમને પોષવામાં આવતા ખોરાક ઉપર હોય છે. કાર્ય વિનાનું શરીર નિર્બલ અને નિરૂપયોગી થઈ પડે છે, પોતાનું કાર્ય કરવાને પણ શક્તિવાન્ રહેતું નથી, તેના અસ્તિત્વના હેતુ માટે તો તે નિરર્થક થઇ પડે છે. અંતઃકરણને વિસ્તારવાની, વિકસાવવાની ઇચ્છા સાથે જ તેના ઉન્નતિ ક્રમને મદદ કરવા પ્રયત્ન પરાયણ થવું જોઇએ. સતત્ ઉદ્યોગિતા, સતત્ અભ્યાસ, એ જ અનંત મોક્ષ માટે આપવામાં આવતું મૂલ્ય છે.

॥ सारांश ॥

જેમ જેમ આ દિશામાં વિશેષ વિચાર કરવામાં આવે છે, તેમ તેમ વિશેષ ખુલ્લું થતું જાય છે કે, જીવાત્માના ઉન્નતિક્રમમાં ભિન્ન સ્વનો લેશ ને લેશ વિચાર થવાની જરૂર છે. એટલું તો સદા સ્પષ્ટ થયાં જાય છે કે, વ્યષ્ટિતા તો અંત પ્રતિના સાધનરૂપે છે; અને જે એક સમયે સમગ્ર લક્ષ તેના ઉપર આવતું હતું તે, તે નથી. 'હું' એટલે શું, એ ભાવના જ સમય વીતતાં ધીમેધીમે ઘણી જ બદલાઈ જાય છે, અને જેમ જેમ સ્વને વિસારે પાડતા જવાય છે તેમ તેમ, આપણા અવલોકનનો પ્રદેશ પણ વિચિત્ર હદ સુધી વિશાલ થઇ જાય છે. જીવનનો એક તદ્દન જુદો જ અર્થ ખડો થાય છે, અને આપણા અન્યોન્યના સંબંધનો બહિર્ ક્રમતાં આંતરૂસ્વરૂપથી વિચાર કરવા મંડાય છે.

અસ્તિત્વના આંતર્ નિયમોથી, તથા પોતાના જીવનથી તેમ જ ભાવથી અજ્ઞાત મન, ક્ષણિક પદાર્થો, દેખાવો, કે જેમનામાં પોતામાં સદા રહે એવું સ્થૈર્ય નથી, તેમને વળગી પડે છે, અને તેટલો સમય તો એ પ્રમાણે વળગવાથી તેટલા સમય માટે તો પોતાનાં ક્ષણ ભંગુર પ્રલોભનોમાં વિનાશ શરણ થાય છે.

જાણે સદા માટે રહેવાનુ હોય તેમ મનુષ્યો સ્થૂલ સુખનો સંતોષ શોધવામાં મંડ્યા રહે છે, તે સુખનાઅનિવાર્ય વિનાશના સામીપ્યને ભૂલીજવા પ્રયત્ન કર્યા કરે છે, મરણનો ભય તથા જેને જેને તેઓ વળગ્યાં જાય છે, એ સર્વનો આમ વિચાર કરે છે, તથા આવી ભાવનાઓમાં પોતાના સુખમય કલાકોના મોહમાં તણાયાં જાય છે, અને તેમના પોતાના સ્વાર્થના થંડાંગાર અંગો કરી નાંખતી છાયા, એક પશ્ચાત્તાપ વિનાના ભૂતની પેઠે તેમની પછવાડે

જેસ. એલન.

(આગળ ચાલુ;)

ઉપતંત્રી.

ન્યાય.*

પ્રકરણ ૨.

વ્યાપ્તિનું નિદાન—વિશ્વની એકરૂપતા.

વિશ્વનિયમ.

૧. વ્યાપ્તિ જ્ઞાનથી અજ્ઞાનનો નિર્દેશ કરે છે, એટલે એમાં એમ માની લેવામાં જ આવે છે કે જે વાત થઈ છે તે સર્વદા તેમની તેમ થશે જ. એજ વાત બીજી રીતે એમ બતાવવામાં આવે છે કે વિશ્વની એકરૂપતાનો કદાપિ ભંગ થતો નથી, વિશ્વનિયમો સર્વદા એકરૂપે જ રહે છે.

અનુમિતિ માત્રમાં આ નિયમ માની લીધેલો જ હોય છે, ને તે અનેક રૂપે દર્શાવવામાં આવે છે. ભૂતકાલમાં જે થયું છે તે ભવિષ્યમાં પણ થશે, આજ છે તે કાલે પણ આવશે, જગતના નિયમ સરખે રૂપે જ રહે છે, ઈત્યાદિ. એક તરફ આવી એકરૂપતાને કાર્યકારણનોનિયમ એ નામ પણ આપવામાં આવે છે. મી. મીલ કહે છે કે વ્યાપ્તિ જ ન્યાનુમિતિ માત્રમાં પ્રથમાવયવ જ વિશ્વની એકરૂપતા એ હોય છે. હાલનાં માણસો મરી જશે એ નિર્ણય સિદ્ધ કરવા માટે આપણે આ રીતે પરામર્શ કરી શકીએ.

પ્ર૦ અ૦ ભૂતકાલમાં જે થયુ છે તે ભવિષ્યમાં થશે.

દ્વિ૦ અ૦ માણસો ભૂતકાલમાં મરી ગયાં છે.

નિર્ણય. માટે, માણસો મરી જશે.

આવી વિશ્વની એકરૂપતા છે ખરી, પણ સર્વત્ર તે જાતે જ એકરૂપતા પ્રવર્તતી નથી. જ્યાં જોઇએ ત્યાં એકરૂપતાની અંદર પાછી ભિન્નરૂપતા છે. એક દિવસ બીજા દિવસના સરખો છતાં જુદો હોય છે; માણસો સર્વ સરખાં છતાં જુદાં જુદાં જણાય છે.

૨. વિશ્વ એક જ એક રૂપતા નથી, પણ અનેક એકરૂપતાનો સમૂહ છે. પરસ્પરથી ભિન્ન એવા જુદી જુદી એકરૂપતાના પ્રદેશ છે.

આ વાતની મુખ્ય સાબીતીમાં જે જુદાં જુદાં શાસ્ત્રો થયાં છે તે જ છે. એક એક શાસ્ત્ર એક અમુક પ્રકારની એકરૂપતાનો વિભાગ છે; સર્વ શાસ્ત્રો એક જ એકરૂપતામાં સમાતાં નથી. વિશ્વનાનિયમો એવું જે કહેવામાં આવે છે તે આવી ભિન્ન ભિન્ન એકરૂપતાના જે જે નિયમો છે તે આખા સમુદાયને કહેવામાં આવે છે. પરંતુ 'વિશ્વનિયમ' એ

* રા. રા. મણિલાલનો એક અપ્રસિદ્ધ અપૂર્ણ લેખ.

શબ્દ આપી ભિન્ન ભિન્ન એકરૂપતાના નિયમોને લગાડવા ઉપરાંત, ક્વચિત્, અંત્ય એકરૂપના, સર્વ શાસ્ત્રને લાગુ થઇ શકે તેવી એકરૂપતાના નિયમો એ અર્થમાં પણ વપરાય છે ખરા. આવા નિયમોપણ ગુરુત્વાકર્ષણાદિ નથી હોતા એમ નથી.

૩. વિશ્વની એકરૂપતાના ત્રણ વિભાગ કરી શકાય; નિર્દેશગત અર્થના છેવટ તત્ત્વનું દર્શન કરાવવામાં બતાવેલા છે તેના તેજ વિભાગ અત્ર કહી શકાય; સત્તામાંત્ર, સાહચર્ય, આનુપૂર્વી, અને વૈપુલ્ય અથવા સાદૃશ્ય.

નિર્દેશ માત્રનું અર્થાનુસાર પૃથક્કરણ કરી જોઇએ તો આ ચારમાંની એક વાત તેમાં કહેલી હોય છે એ પરામર્શખંડમાં સ્પષ્ટ કરીને સમજાવેલું છે. આ ચારે બાબતમાં જે એકરૂપના હોય તેનો નિર્ણય કરવો એ વ્યાપ્તિનું કાર્ય છે. શાસ્ત્રિય વિષયોમાં જે જે વ્યાપ્તિઓ કરવી પડે છે તેમાં આ ચારમાંની એક વાત સંબંધી વિચાર હોય છે. સાહચર્ય બે પ્રકારનું છે. તેમ આનુપૂર્વી પણ બે પ્રકારના છે એમ પરામર્શખંડમાં બતાવેલું છે, તેમાંનો આનુપૂર્વીનો જે દ્વિતીય પ્રકાર-કાર્યકારણભાવ તે વિષે જ વ્યાપ્તિમાં તો મુખ્ય વિચાર કરવાનો આવે છે. અને વિશ્વની એકરૂપતાને આધારેજ આ કાર્ય કારણ ભાવનો વિચાર બને છે. બીજો માર્ગ નથી. વિશ્વની એકરૂપતા ન હોય સાહચર્યાદિ સમાનરૂપે સર્વદા ન રહેતાં હોય, તો કાર્ય કારણ કે વ્યાપ્તિની વાત જ અશક્ય છે.

જો કે નિર્દેશના આર્થિકસ્વરૂપના અથવા વિશ્વની એકરૂપતાના ચાર વિભાગ થાય છે પરંતુ તે ચારે વિષે વ્યાપ્તિખંડમાં વિચાર કરવાની આવશ્યકતા નથી. ગમે તે નિર્દેશ હોય પણ તે કાર્યકારણભાવના અંગમાં જ સમાય છે, અને જે એ મત સમાના હોય, તે નિર્દેશ માત્ર શબ્દનિર્દેશ જ હોય છે. એટલે વ્યાપ્તિ નિર્ણય મળે તો કાર્યકારણના યથાર્થ સ્વરૂપને સમજવાની આવશ્યકતા છે.

કાર્યકારણના સ્વરૂપનો વિચાર કરતા પૂર્વે વિશ્વની એક રૂપતાનો જે નિયમ આપણે માન્યો તે સંબંધે કેટલોક અધિક વિચાર કરવાની અપેક્ષા છે, મીલ વગેરે ઘણાક નૈયાયિકોનું માનવું એમ છે કે વિશ્વની એકરૂપતા અમુક અંશ પર્યંત હોય છે, પણ ત્રિકાલમાં તેમને તેમ જ રહે એવું મનુષ્યથી કહી શકાય નહિ. બધા ગ્રહોના ઉપગ્રહ (ચંદ્ર) અમુક દિશાએ ફરે છે એમ અવલોકનથી જણાયું હતું, અને તેથી સર્વ ગ્રહોના ઉપગ્રહો તેમ જ ફરે છે એવી વ્યાપ્તિ, વિશ્વની એકરૂપતાને આધારે, માની હતી પરંતુ યુરેનસના ઉપગ્રહો ઉલટી જ દિશાએ ફરતા નીકળ્યા અને વિશ્વની એકરૂપતાનો નિયમ ભાગ્યો આ રીતે વિશ્વના એકરૂપના અદ્યાપિ ઘણે અંશે વ્યાપ્તિ નિર્ણયના મુખ્ય આધારરૂપ છે તથાપિ તે સર્વથા સિદ્ધ જ છે એમ નથી.

વ્યાપ્તિથકી અવલોકન કરેલા નિર્દેશોનો સરવાળો જ બતાવવામાં આવે તો તો તેમાં કાંઇ નવું જ્ઞાન મળ્યું કહેવાય નહિ, અને વિશ્વની એકરૂપતાના આધાર વિના અવલોકિત કરતાં અધિક હોવનો વ્યાપ્તિ રૂપ નિર્દેશને આધાર નથી, તો વ્યાપ્તિ શી રીતે કરવી ? અને કેટલે સુધી વ્યાપ્તિ થઇ એમ માનવું ? ઘણાક નૈયાયિકોનું એમ પણ મત છે કે અ-

વલોકિત પ્રસંગોના સરવાળારૂપ નિર્દેશને વ્યાપ્તિ ગણતાં પણ બાધ નથી, છતાં તે મત ન સ્વીકારીએ તો પણ વ્યાપ્તિથી વિશ્વની એકરૂપતાને આધારે જે નિર્દેશ થાય તે ઘણામાં ઘણી શક્યતાવાળો નિર્દેશ છે એમ માનવું, ત્રિકાલાબાધ છે એમ નહિ. એમ કરવાથી વ્યાપ્તિમાં વર્તમાન કરતાં અધિક અર્થ સમાશે, અને વિશ્વની એકરૂપતામાં જે ખામી છે તેથી વ્યાપ્તિને હાનિ થવાનો સંભવ નહિ રહી શક્યતાનો વિચાર આગળ કરવામાં આવશે.

(આગળ ચાલુ.)

યોગ.*

(અનુસંધાન પૃષ્ટ—૧૦૯ થી.)

વિભાગ—૨.

(અભેદ)

બુદ્ધિકક્રાયપર્યંત આવીપહોંચતા સુધી, આટલે સુધી આપણે યોગ વિષે વિચારે વિજ્ઞાનમયકોષના બહિર્ દેખાવ સુધી, અને ઉચ્ચપ્રકૃતિયોગ તથા યોગના ઉચ્ચતમ માર્ગ વિષે આ વિષયના વિશેષ અભ્યાસ માટે, જ્ઞાનદૃષ્ટિદ્વારા મનની વૃત્તિયોની અયથાર્થતાનું જ્ઞાન પામવાની જરૂર છે. અને આ પ્રમાણે આ અધમ જીવનોમાં ચેતનાની સ્થિતિયો વિષે વિચારતાં આપણને માલૂમ પડે છે કે, તેનું ત્રણ પ્રકારનું ઉદ્ભવ સ્થાન છે. કારણ કે ઉચ્ચ જીવનોમાંથી અવતરતું એક જીવન, વિવર્ત પામે છે, જે પ્રદેશમાંથી તે પસાર થાય છે, તે તે પ્રદેશના પદાર્થનું બનેલું શરીર તે પોતાની આસપાસ ધારણ કરે છે અને પોતાની જાતનાં જ આ પ્રતિબિંબોમાં કાર્ય કરે છે, અને આ અધમ જીવનો ઉપર પોતાની ચેતનાના વાહન રૂપે, બે કોષોનો—મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ, ઇચ્છા અને બુદ્ધિનાં વાહનોનો ઉપયોગ કરે છે. પરંતુ આ કોષો સૂક્ષ્મ અને માનસિક જીવનોના પદાર્થોના બનેલા હોય છે, અને તેથી તેમનામાં સમગ્ર જડમાં અંતઃસ્થિત ઉપચેતનચેતના હોય છે મોજાંઓને પ્રત્યુત્તર આપવાની શક્તિ તેજ ચેતના, અને આ શક્તિ રહિત જરા પણ જડ નથી. જડનાં અનેક સ્વરૂપોને તો પોતામાંજ મોજાં સ્વતઃ ઉત્પન્ન કરવાની શક્તિ હોય છે જે પ્રકારનું આ કોષોનું બંધારણ હશે, તેવી રીતે ચેતનાનાં વલનો પ્રદર્શિત થાય છે. તેથી આ દેહમાંના દેહિને પોતાથી વપરાતાં આ શરીરોમાં, જીવનાં, અર્ધસ્વતંત્ર કાર્યો અંતઃસ્થિત થયલાં છે; એક જીવન કે જે આ જડની વિશેષ વૃદ્ધિ શોધે છે, અને અન્ય ચેતના કે જેનો માત્ર યોગક્રિયાદ્વારા નિરોધ થઇ શકે છે. કારણ કે આ બુદ્ધિવિષયકકોષ, વાસનાઓ, ઇચ્છા અને કલ્પનાના ત્રીગુણ કાર્યમાં અસ્તિત્વ ધરાવે છે, તેની કામ-માનસિક પ્રકૃ

---

* થીઓસોફીસ્ટમાં આવેલા એક આર્ટીકલને આધારે.

તિને લીધે તેનામાં અંતઃસ્થિત થયલી પ્રતિમા ખડી કરવાની શક્તિને લીધે, જે પ્રદેશમાં તે રહે છે, તેના પદાર્થમાંથી આ કોષના સદૃશ પ્રતિમાઓ ખડી કરે છે; અને તેમાં કાર્ય કરતો આત્મા, આ અધમ જડની ચેતનાથી તથા કોષમાં ગુણોના વર્તનને લીધે ઉભયથી અંજાઈ જાય છે, એટલું જ નહિ પરંતુ પોતાના ઉદ્ભવ-સ્થાનના અજ્ઞાનને લીધે આ અધમ કોષો અને ગુણો સાથે પોતાની જાતે અભેદ ભાવથી જુએ છે. અને આ પ્રકારે ઉત્પન્ન થતાં પ્રકૃતિનાં અજ્ઞાન સ્વરૂપોમાં રાગ પેદા કરે છે આ પ્રમાણે પોતાનાં પરિવર્તનોની યથાર્થ પ્રકૃતિ વિસારે પાડીને અને પોતાની જાતને પણ વિસ્મરીને, તે પોતાના શક્તિદ્વારા જ માત્ર ગુણોથી દોરવાયલા કોષની ચેતનાની શક્તિદ્વારાજ નહિ પરંતુ, દેહમાંના દેહિની શક્તિ દ્વારા પણ, તે ઇચ્છિત પદાર્થની પ્રતિમાઓ ખડી કરે છે, તથા પોતા સામે દૃશ્ય થતા પદાર્થોની પ્રાપ્તિની કામના કરે છે અને એમ વિચારે છે કે, આજ સત્ય અને ઇચ્છવા લાયક છે, કારણ કે તેઓ સત્ય કે જેની પ્રકૃતિ આનંદ છે, તેની સમીપમાં જ છે. આ પ્રકારે કોષના ઉદ્ભવો પ્રતિ તેનો રાગ સતત્ દૃઢ થતો જાય છે, અને તેની આ બહિર ધાવન કરવાની શક્તિ, પ્રકૃતિથી એટલી બધી દિવ્ય છે કે, આમ એક અધમકોષદ્વારા કાર્ય કરવા છતાં આ પદાર્થોની પ્રાપ્તિ સદા તેની સત્તામાં હોતી નથી, પરંતુ રાગરૂપી બંધન શાશ્વત થઇ પડે છે, અને માત્ર વિવેકપૂર્વકત્યાગવિના તે બંધ તુટિ શકતો નથી, આ પ્રકારે પૂનર્જન્મ થાય છે; જીવાત્મા આ દેહોમાં, તેણે એક સમયે જે પદાર્થો પ્રાપ્ત કરવા પોતાની શક્તિયોને દોરી હતી તે પ્રાપ્ત કરવા પુનઃ આકર્ષાય છે.

ઉચ્ચકોષ વિજ્ઞાનમયકોષમાં, આના સદૃશ કાર્ય થાય છે. તેનાં કાર્યોની મૂખ્ય પ્રકૃતિ તેનાં સર્વ સ્વરૂપોમાં ભેદની ભાવનામય હોય છે; કારણ કે આ કોષ બુદ્ધિનું વાહન છે, જેનો ગુણ વિવેક, એક અને અન્ય પદાર્થ વચ્ચે સરખામણી કરવાનો છે. આ પ્રમાણે ભિન્ન પડતા જવાને લીધે તથા તેના અભ્યાસના પદાર્થોથી અલગ રીતે, ભિન્નતા, ટીકા, વ્યક્તિતા, ગર્વ, ક્રોધ, અહંતાના, તેના ખાસ ગુણો ઉદય પામે છે, અને આ સર્વનું ઉત્પત્તિ સ્થાન વ્યક્તિતાના પોતાથી બહિરૂના દંઇકના વિરોધમાં છે,—ક્ષત્રિય ઉન્નતિ ક્રમ માટે ઘણો જ અગત્યનો ગુણ, કે જેનો આધાર ભિન્નતાના બુદ્ધિવિષયક ખાસ ગુણો ઉપર, તેની વૃદ્ધિ માટે ગુણોની પસંદગી ઉપર, તથા પોતાની પ્રકૃતિને અજ્ઞાતપદાર્થોને વ્યક્તિતાથી વિચાર પૂર્વક ભિન્ન પાડવા ઉપર છે—અને તે એક એવો ગુણ છે કે, તેની પાર જવા માટે તેને બરોબર સમજવાની જરૂર છે. બુદ્ધિકોષની આ વૃત્તિયો, ઇચ્છા-પ્રકૃતિના કરતાં ઉચ્ચવાહનનું કાર્ય હોવાને લીધે, યથાર્થ સ્વના નિકટ સામીપ્યને લીધે, બાહ્યરૂપે જોવાવાનો લેશ સંભવ છે; અને તેટલા માટે તેથી ઉચ્ચચેતના કે જે, અધમ વાહનોમાં પોતાની જાતને હેતુ વિના કાર્ય કરતી જુએ છે, અને સાથે સાથે જ આ ઉચ્ચ કોષની સૂક્ષ્મ શક્તિયો, તેની શક્તિયો સાથે મળતા છતાં, મોહમાં તણાવાની ભીતિ રહે છે.

માટે જ અધમ કોષોનો વિનાશ કરવા વિષેનો ઉપદેશ આપણા જોવામાં આવે છે. અભ્યાસ અને અનુભવદ્વારા તેગના કાર્યની બાહ્યતા જાણવાદ્વારા; મોક્ષની એક રીતિ ઉપદેશાય છે. મનુષ્ય પોતાની વાસનાનુસાર જન્મે છે.* અને આ અધમ શક્તિયોના સંગદ્વારા

* બ્રહદારણ્યકોપનિષદ્-૬-૪-૫.

મનુષ્યને વાસના પાછો ખેંચે છે, તેથી તેની પ્રવૃત્તિયોના વિનાશદ્વારા પૂનર્જન્મમાં છૂટા થવાય છે. આ જ મોક્ષનો માર્ગ **संत्यक्तवासनान्मौनादृतेनास्त्युत्तमःपदम्।** પરંતુ આ યોગના વિચારમાં, તેના એક અન્ય વિભાગનો પણ વિચાર થઈ રહેશે.

પરંતુ ચિત્તની આ વૃત્તિયોની યથાર્થતાની સંપૂર્ણ દૃઢતા થવા માટે, આ કોષો વિષેનો ઉપદેશ આપણે યોગ વાસિષ્ઠાનુસાર વિચારીશું. તેમાં, વિજ્ઞાનમયકોષના આંતર્ સ્વરૂપમાં તેમ જ બુદ્ધિકોષમાં ઉભયમાં વસતારૂપે ચેતનાને વર્ણવવામાં આવી છે. તેટલા માટે જ બુદ્ધિની પ્રકૃતિને તેની પ્રવૃત્તિયોમાં અસત્યરૂપે વર્ણવવામાં આવે છે, કારણ કે આંતર્ પ્રતિમાઓ, આ, માનસિકકોષની શક્તિથી ઉત્પન્ન થતી હોવાથી, ઉચ્ચચેતનાને તે બાહ્ય છે.

પરમાત્માની ઉત્પાદકશક્તિયો, ગુણો કે જેના આ કોષો બંનેલા છે તેના સંસર્ગમાં આ અધમ કોષોમાં કાર્ય કરતાં કરતાં, મનોમય કોષમાં વાસના અથવા ઇચ્છા-ચિત્રો ખડાં કરે છે, અને બુદ્ધિકકોષમાં સંકલ્પ અથવા અસ્વસ્થમનથી પેદા થતી બહિર્ ઉત્પત્તિયો પેદા કરે છે. તે ઉન્નતિક્રમની ટેવને લીધે, તેના કાર્યમાં સ્વતઃ પ્રવૃત્ત, બહિર્ અને આંતર્ અસરોનો સદા પ્રત્યુત્તર વાતો રહે છે. ઉચ્ચ ચેતના માટે, દૃષ્ટાએ પોતાની જાતને આ અધમ કોષોમાંથી ખેંચી લેવી જોઇએ, કારણ કે નહિ તો, જેનો તે વિચાર કરે છે, તેની જ પ્રકૃતિનો થાય છે.*

બ્રહ્માંડના અધમપ્રદેશોમાંના જીવનની પ્રકૃતિની અયથાર્થતા અને માયિકતાના અજ્ઞાનની, યોગના કોઇ પણ સત્ય વિભાગના અનુભવમાર્ગને અનુસરવામાં, અત્યંત આવશ્યકતા છે, કારણ કે તેનાથી દ્વિવિધ માર્ગ ખુલ્લા થાય છે, અને તે ઉભય તેમના અંત અને હેતુમાં ભિન્ન પડતા હોય છે. પરંતુ જો અધમ કોષોના કાર્યની અસત્યપ્રકૃતિના જ્ઞાનદ્વારા, તથા તેમનાં કાર્યોના વિનાશ વડે આપણને તેઓ બંધન કર્તા ન થઈ પડે એમ વર્તવાદ્વારા, માત્ર મોક્ષના માર્ગને જ અનુસરવામાં આવે તો, તેમની મોહ જાલો જણાઈ જવાથી આ અન્ય માર્ગ તદ્દન અસંભવિત થઈ પડે છે; તો પણ કદાચ ભિન્ન જ્વજ એક દેશી મોક્ષ પામે છે, પૂનર્જન્મમાંથી છૂટા થવા રૂપ, કારણ કે તેના યથાર્થ વિવેકની શક્તિને લીધે, પરંતુ જીવનનો અભેદ અનુભવ્યા વિના તે એક દેશી જ રહે છે; આથી વિશેષ વૃદ્ધિની ભૂમિકાએ, તે અભેદનું જ્ઞાન કે જે પૂર્વે આ અધમ કોષોનો નિષેધ કરવાથી ઉદય પામી શક્યું નહતું તે ઉદય પામે છે; કારણ કે આ અધમ ભુવનોમાં કાર્ય કર્તા ચેતના, આ અધમ કોષોની માયાવિ પ્રકૃતિ સમજવાથી તથા અનુભવવાથી જ માત્ર મોક્ષ સંભવિ શકે છે. અને આ પ્રમાણે વાસનાના ત્યાગથી, જીવને પૃથ્વિ તરફ આકર્ષતી એક શક્તિના અભાવને લીધે મોક્ષ પમાય છે.

પરંતુ ઇશોપનિષતમાં યોગની બે રીતિયો વિષે ઉપદેશ આપવામાં આવ્યો છે—વિદ્યા અને અવિદ્યા; જ્યારે દરેક પદાર્થ બુદ્ધિને જ્ઞાનનો વિષય થાય છે ત્યારે ત્યા માર્ગદ્વારા પૂનર્જન્મમાંથી છૂટા થવાય છે.

અવિદ્યાના માર્ગમાં, સ્વથી કાર્ય ભિન્ન પડતું નથી, કે જે આ વાતોને હજુ પણ બાહ્ય સ્વરૂપે જુએ છે; અને તેની આપેક્ષિક આંતર્ પ્રકૃતિને લીધે તે અવિદ્યા માર્ગ કહેવાય છે; ઉભય માર્ગો મોક્ષ માટે આવશ્યક છે.

* પતંજલિ-યોગ સૂત્ર—૧-૪.

અને તેમ જ ક્ષમામાર્ગ, જીવનનું ઐક્ય સ્વીકારીને અને સર્વ સાથે અભેદ ભાવ પામીને, અધમ કોષોમાં અંતસ્થિત થયલી શક્તિયોને ઉપયોગમાં લે છે, સર્વ વ્યાપક સ્વ માટે તેમનાં કાર્યોમાં લાગે છે, અને આ પ્રકારે પોતાના બચાવના માર્ગનો સ્વીકાર કરતો નથી, તથા સમગ્રમાંથી ભિન્ન પડવાને બદલે, વ્યષ્ટિતાની અયથાર્થતા સ્વીકારવી વધારે યોગ્ય છે. આ વિશેષ વિસ્તારવાળા માર્ગને અનુસરવામાં, જેમ સ્વીકારવામાં આવેછે કે, મનોમયકોષ, પાસનાદ્વન્દ્વનાકોષના કાર્યનો વ્યષ્ટિતામાંથી તદ્દન ત્યાગ થવાની જરૂર નથી, પરંતુ જીવાત્માની સંપૂર્ણ અધીનતામાં લાવવાની જરૂર છે, તથાપિ સર્વવ્યાપક જીવન માટે ઉચ્ચ કાર્યોમાં તેનો ઉપયોગ થઇ શકે, અને આ વિસ્તૃત માર્ગ અનુસરવામાં વિશેષ વૃદ્ધિ પામતા જવાય છે; તેમજ વળી બુદ્ધિના આ કોષમાં પણ સર્વ વિચારો બાહ્ય છે, તથા માનસિક શક્તિનું કાર્ય છે, તથા તેની વૃત્તિયોના નિરોધની એક સ્થિતિમાં અસ્તિત્વ ધરાવતું માત્ર શુદ્ધ સત્ય; તે કે જે મન અને વિચારની પાર છે તેના નિકટ ગમન કર્તા સર્વ વિચારો છે; આ પ્રકારે આ અન્ય માર્ગને અનુસરવામાં, આ અધમકોષોની શક્તિઓ, તેમનાં કૃત્યોમાં રાગ વિના ઉપયોગમાં લઈ શકાય છે, તથા તેમની વૃત્તિયોથી પણ મોહ જાલમાં ફસાવું પડતું નથી. આ પ્રકારે અધમ સ્વ માટે લેશ પણ કાર્ય નહિ કરવાને લીધે, વ્યષ્ટિઓમાં જ શક્તિયો લાગેલી નહિ રહેવાને લીધે, ચેતના, અભેદ અનુભવવા તરફ વલન ગ્રહણ કરે છે; અને પોતાની વ્યષ્ટિતાની પાર જવાને લીધે મનમાંથી મોહને પણ દૂર કરીને. આ નિસ્વાર્થિ શક્તિયોનુ વલન, ઉચ્ચકોષોની જાગ્રતિમાં જીવનપ્રવાહો પ્રેરે છે કારણ કે જેમ અધમ મનની જાગ્રતિનો આધાર તેને મળતા પ્રોત્સાહન ઉપર હોય છે, તેમ અધમ ચેતાના પણ પોતાના અભેદ કાર્યોની પ્રેરણાઓ વિચારપૂર્વક તેનાથી પણ વધારે ઉચ્ચ કોષનાં વૃદ્ધિ અને પોષણના પદાર્થ રૂપે યોજી શકે.

મનની પ્રકૃતિ વિષે યોગવાશિષ્ઠમાં એક ઉપદેશ મળી આવે; પરમાત્માના અભેદ વિષે તથા માયાવિશક્તિયોનુ ઉલ્લંઘન કરવાને લીધે તેની ઉચ્ચ પ્રકૃતિની સૂક્ષ્મશક્તિયોને ઉપયોગમાં લેવા વિષે, ત્યાં એમ કહેવામાં આવ્યુ છે કે,* મસ્તિષ્ક તેમ જ હૃદયમાં મનનો સમાવેશ થતો નથી, પરતુ તે તો સર્વ વ્યાપક દિક્‌ની પેઠે સર્વત્ર વ્યાપી રહ્યું છે, કારણ કે સર્વ પદાર્થોમાં વ્યાપક હોવાને લીધે દિક્‌, ચેતન અને મનની સાથે ગુણપરત્વે સદૃશ છે; મનનું બાજુ સ્થુલશરીરને લેશ પણ વ્યાપકતા નથી, કારણ કે યથાર્થ મનના પ્રદેશમાં તો દિક્‌ અને કાલનું અસ્તિત્વ હોતું નથી એમ કહેવાય છે. માત્ર કાર્ય અને ઇન્દ્રિય જ્ઞાન તથા વિચારના ક્રમને લીધે ભેદનો ગંધ પેદા થાય છે બ્રહ્મનું પ્રથમ પ્રદર્શન કાલ છે.× કે જેનાં બહિરૂં ધાવન કરતાં મોજોમાં ભેદ માલૂમ પડે છે; અને નિરવયવ બ્રહ્મમાં તો દ્વૈતનો ગંધ પણ નથી. અને વળી §આપણને માલૂમ પડે છે કે, અનેક મન નથી, અનેક જીવાત્માઓ નથીઃ માત્ર એક જ સર્વ વ્યાપક જીવાત્મા અને મન અસ્તિત્વ ધરાવે છે અને માનવિની ભેદ પામેલી તથા સંકુચિત ચેતના આ એકમાં રહે છે, પરતુ શરીર અને મસ્તિષ્ક

* યોગવાશિષ્ઠ.બૃહત્; ઉપપત્તિ-૪-૩-૪.

× વિષ્ણુ પુરાણ.

§ યોગવાશિષ્ઠ બૃહત્-ઉપપત્તિ-૧૪-૧૮-૨૧.

સંબંધિ ભેદ હોય છે અને તેથી જ ભિન્ન પડેલા જીવાત્માની માયા શરૂ થાય છે, પરંતુ સરવે પોતાની પ્રકૃતિ અનુસાર તે એકના એક મોજાને પ્રત્યુત્તર આપે છે; કારણ કે સર્વ વ્યાપક મનનાં આ મોજાંઓ-બુદ્ધિ અને દિક્‌ની શરતોના અધીનમાં, બુદ્ધિ અને દિક્‌ની શરતોના, બાહ્યતા અને ભેદના અધીનમાં, તેમનાં પ્રદર્શનોમાં ભિન્ન ભાવનાઓ રૂપે દેખાય છે. માટે અમુકના મનમાંની એક સ્થિતિથી સમગ્રની અસર થાય છે, અને વ્યક્તિની જ્ઞાન પ્રાપ્તિ આ અભેદના કારણને લીધે તેની તે તેવી જ અન્ય મનમાં પ્રાપ્તિ વિશેષ સંભવિત બનાવે છે. શરીરદ્વારા પણ માનસિક પ્રદેશ, અભેદ ભુવનના વિશેષ નજીકમાં ગમન કરે છે.

વળી આપણા વાચવામાં આવે છે કે, A દિક્‌ની પેઠે, આ સર્વવ્યાપક મન સર્વ પદાર્થોમાં અને સર્વત્ર વ્યાપ્ત રહેલું છે, તેથી જાણવાની ઇચ્છા પણ સર્વ સ્થલે સર્વ પદાર્થો પર્યંત પહોંચી શકે, અને તેમને આપણા જ્ઞાનના વિષયના પદાર્થો બનાવે એક મનની સર્વવ્યાપકતા કે જેનાં સર્વ મન અંશ માત્ર છે, તેના આધારે સર્વ વાતો સંભવિ શકે છે. જાણવાની ઇચ્છા જ્ઞાન પ્રાપ્તિમાં સહાયભૂત થઈ પડશે. ઉચ્ચ ક્રોધો કે જેઓ સર્વ વ્યાપક છે, તેમાં સમગ્ર જ્ઞાન છૂપાઇ રહેલું છે, તથા સર્વ વ્યાપક મન પણ ત્યાં જ છે; પ્રબલ ઇચ્છાને લીધે બુદ્ધિના ભૂત કાલ પર્યંત પહોંચે છે, કે જ્યાં આવું જ્ઞાન છૂપાઈ રહે છે, અને મનના બંધનોને ક્રમે ક્રમે ઉલ્લંઘવાદ્વારા તેની આપણી ચેતનાને પ્રાપ્તિ થાય છે. વળી પતંજલિ એ પણ આવું ને આવું જ ઉપદેશ્યું છે, વારંવાર અને સ્થૈર્યથી મનને કોઇ પણ પદાર્થ ઉપર સ્થિર કરવાથી શોધેલા વિષયનું જ્ઞાન તે મનમાં ઉદય પામે છે; કારણ કે જ્ઞાનનો માત્ર આધાર બહિરૂના અભ્યાસ ઉપર જ નથી.

સર્વવ્યાપક અભેદમય ચેતનાનો અને વ્યક્તિતાને ઉલંઘતા ઐક્યનો અપરોક્ષાનુભવ, ચેતનાનું એવું સ્વરૂપ છે કે જે માનસિક વિચારથી ભિન્ન પડે છે, અને બુદ્ધિ અને તેની કાર્ય કરવાની રીતિયોને ઉલંઘી જાય છે. આ ચેતનાના ઉન્નતિક્રમના ગુણદ્વારા, અધમભુવનોની માયાવિ શક્તિયોના સામે, અભેદમયચેતનામાં, શક્તિયો મોકલી શકાય છે. માત્ર મનદ્વારા જ સર્વ વ્યાપક મનમાં આશક્તિયો પ્રયોજી શકાય છે, તથા ભિન્ન માણસોમાં એક સદૃશ ગતિ પ્રેરી શકાય છે, પરંતુ આ ઉચ્ચચેતનાવડેતો એક સૂક્ષ્મશક્તિ પણ નિયોજી શકાય છે; અને તેમની પારના આ ક્રોધનું જ્ઞાન પ્રાપ્ત કરવા સતત પ્રયત્ન કરવાથી, માયાવિ ભેદના ભુવનના પારના પ્રદેશમાં જવાની શક્યતા સંભવિ શકે છે; અને સ્વને વિસારે પાડીને શક્તિયોને સર્વવ્યાપક મનમાં નિયોજવાના સતત અભ્યાસથી, આ અધમ ક્રોધોનાં બંધનો તોડવાદ્વારા આ શક્તિનો ઉદય થવાનો સંભવ ખડો થાય છે; કારણ કે તેની વૃદ્ધિની રીતિ બે પ્રકારની છે. ગમે તો અધમ મનના નાશદ્વારા અથવા ઉચ્ચના પોષણ વર્ધનદ્વારા, ઉભય રીતે; આનું કારણ એમ છે કે આ અધમ ક્રોધોદ્વારા ચેતના અંધવત્ થઈ પડે છે.

(આગળ ચાલુ.)

ઉપતંત્રી.

A યોગવાશિષ્ટ બૃહત્-૯૦-૧૯-૨૦.

ઉપનિષદ્‌ની ઉપદેશ વાર્તા.

શ્વેતકેતુ ઉપાખ્યાન.

(મળેલું.)*

(અનુસંધાન પૃષ્ટ—૧૫૫થી.)

(છાન્દોગ્યઉપનિષદ્‌ના છઠ્ઠા પ્રપાઠકથી સંગૃહિત.)

પ્રાચીનકાલમાં અરૂણિનામના એક બ્રહ્મજ્ઞ ઋષિ હતા, તેમને બાર વર્ષનો એક પુત્ર હતો; તેનું નામ શ્વેતકેતુ હતું. મહર્ષિ અરૂણિ એક દિવસ શ્વેતકેતુને પાસે બેસાડી કહેવા લાગ્યા, "હે સૌમ્ય! અમારા કુલમાં અમે સઘલા જ બ્રહ્મજ્ઞ, માટે તમારે પણ બ્રહ્મવિદ્યા શિખવી એ કર્તવ્ય છે. મહત્‌વિદ્યા શિખવા લાયક તમારી ઉમ્મર થઇ છે, માટે તમે અમારા કુલના યોગ્ય આચાર્યની પાસે જઈ, તેમના આશ્રમમાં થોડો સમય રહી બ્રહ્મવિદ્યા અધ્યયન કરો." પિતાના મુખથી આવી આજ્ઞા સાંભળી શ્વેતકેતુ પોતાના કુલના આચાર્યના આશ્રમમાં ગયો, ત્યાં રહી ૨૪ વર્ષની ઉમ્મરે, સમસ્ત વિદ્યાનું અધ્યયન સમાપ્ત કરી પાછો ઘેર આવી પિતાજીને મળ્યો. શ્વેતકેતુ સર્વ વિદ્યામાં કુશલ થઇને ત્યાંથી ચોવીસ વર્ષમાં ઘેર આવ્યા ખરા, પરંતુ તેમના પિતાજીએ જોયું કે,—શ્વેતકેતુ બહુ જ અભિમાની અને અવિનીત થઇને આવ્યા છે, તે સમસ્ત વિદ્યા ભણી મહા પંડિત થયા છે.—પુત્રનો આવો માનસિકભાવ મહર્ષિ અરૂણિ થોડાક દિવસમા સમજી ગયા. ત્યારપછી દુખિત અંતઃકરણથી, તેમણે એક દિવસ પુત્રને એકાંતમાં બોલાવીને પૂછ્યુ, "હે સૌમ્ય! તું અધીતવિદ્યાના ગૌરવથી અભિમાની જેવો લાગે છે. તું આચાર્યની પાસેથી કંઈ કંઈ વિદ્યા શિખિને આવ્યો છે. હું તને એક વિષય પૂછું છું, તેનો યથાર્થ ઉત્તર આપ. જે વિષય એકવાર શ્રવણ કરવાથી જગતના કોઈ પણ વિષય અશ્રુત રહેતા નથી,—જે વિષય એકવાર તર્કદ્વારા સમજી શકવાથી જગતના સઘળા વિષય સમજણ પડે છે—જે જે જાણવાથી અન્ય કશુંએ જાણવાની ઇચ્છા રહેતી નથી—આ વિશ્વમાં એવી શી વસ્તુ છે, તે અને કહે."

શ્વેતકેતુ પિતાજીના મુખમાંથી આવો અદ્‌ભૂત પ્રશ્ન સાંભળી એકદમ વિસ્મય પામ્યો અને ઉત્તર આપ્યો, "પિતાજી! આપ આવું બોલો છો? હું તો આવી કંઈ વસ્તુ વિષે કંઇ શિખ્યો નથી!! મહર્ષિ અરૂણી હસીને કહેવા લાગ્યા—"હે સૌમ્ય! જો તમે મારા પ્રશ્નનો ઉત્તર આપી શકશો નહિ, એ તમારૂં અભિમાન જોઇને પહેલાથી જ સમજી ગયો હતો. તમે પાર્થિવ વિદ્યાનું અધ્યયન કરીને આવ્યા છો, પરંતુ તે સર્વનો સાર, તે વિદ્યાનો જ્ઞાનલાભ પામ્યા નથી. ચિત્ત ઠેકાણે લાવો, હું જે કહું છું તે મનોયોગપૂર્વક સાંભળો."

કાર્ય (effect) અને કારણ (cause) ખરી રીતે વિભિન્ન નથી, તેથી કારણને

* લખનાર—એક સન્યાસિ.

જો સારી પેઠે સમજી શકાય તો તે કારણથી જે કાર્ય ઉત્પન્ન થાય છે, તેનું સ્વરૂપ સમજવામાં પણ વાર લાગતી નથી. માટીરૂપી ઉપાદાનથી જ ઘટાદિ પદાર્થો ઉત્પન્ન થાય છે. આ માટીનાં સ્વરૂપ જાણી શકાય તો, તેમાથી ઉત્પન્ન થતા ઘટાદિ સર્વ પદાર્થોનાં સ્વરૂપ સમજી શકાય છે; પરંતુ કારણ અને કાર્ય એક જ વસ્તુ થવા છતાં, માણસો કાર્ય અને કારણનાં જુદાં જુદાં નામ પાડે છે—ઘટને માટી કહેતા નથી—તેનો હેતુ એ છે કે, વાસ્તવમાં કાર્ય કારણથી નામ માત્ર જ જુદું; સ્વરૂપમાં ઉભય એક જ અને અભિન્ન છે. ઘટને ઘટ જ કહો અથવા ગમે તે કહો, પણ તે માટી શિવાય અન્ય કશુંએ નથી, આવી રીતે જોવા જઇએ તો, "વિકાર" નામનો કોઈ પણ પદાર્થ આ પૃથ્વિમાં નથી,—આતો સહેજ સમજાય એવું છે. જે જે તમે વિકાર કહો છો, તે તો કારણનું જ રૂપાંતર, માત્ર કારણ જ તેમાં અનુસ્યૂત છે. જેમ એક જ સુવર્ણને વિષે, જ્ઞાનલાભ કરી શકાવાથી, તેનાં વિકારભૂત કંઠી, વીંટી, મુકુટ, વિગેરેનાં સ્વરૂપણ તે જ સુવર્ણનાં એમ સમજી શકાય છે, જેમ જો એક જ લોહને જાણી શકાય તો, તેમાંથી ઉત્પન્ન થતાં તલવાર, બન્દુક, વિગેરે શસ્ત્રો સમજી શકાય છે;—તેવી વસ્તુ વિષે હે પુત્ર! તમને કોઈ પ્રકારનો ઉપદેશ મળ્યો છે કે નહિ? હું આવી વસ્તુની વાત તમને પૂછતો હતો.

શ્વેતકેતુ પિતાજીના મુખાર્વિંદમાંથી આવી વાત સાંભળી ફરીથી ગુરૂના આશ્રમમાં જવાના ભયથી કહેવા લાગ્યા,—"ખરેખર" મારા આચાર્યને આવી કોઈ વસ્તુની વિગત માલૂમ નથી, નહિ તો ગુરૂજી મને તે વિષે કઈ પણ ઉપદેશ આપત. માટે હે પિતાજી! આપ જ કૃપા કરીને આ વિષયનો ઉપદેશ કરો, આ ઉપદેશ મળશે તો હું સર્વજ્ઞ થઇશ." સારે મહર્ષિઅરૂણિ કહેવા લાગ્યા:—

નામ અને રૂપથી પ્રકાશિત થતા પહેલાં એક અદ્વીતિય સત્ બ્રહ્મ હતું. ‡ ઉત્પત્તિના પૂર્વે કોઈ પણ વસ્તુ, કોઈ પણ રૂપ અથવા નામથી પરિચીત ન હતું. ઉત્પત્તિના પછીથી જ વસ્તુ, નાના વિધ નામ, આકાર અને ગુણાદિ વિશિષ્ટ થઇને જ, આપણી બુદ્ધિ તથા ઇન્દ્રિયના વિષયીભૂત થાય છે; માટે સૃષ્ટિના પહેલાં, (અભિવ્યક્તિના પૂર્વે) નામ, રૂપ વિગેરે કશુંએ હતું જ નહિ. ફક્ત એક જ માત્ર સત્સ્વરૂપ બ્રહ્મ જ હતું. જેમકે કોઈ કુંભાર સવારે ઘટાદિ સામગ્રી નિર્માણ કરવાના અભિપ્રાયથી માટી સગ્રહીને, બીજા કોઇ કાર્ય માટે અન્ય ગામમાં જઈ તે કામ સમાપ્ત કરી સાંઝે પોતાના ઘેર પાછા આવી, તે સવારની સંગ્રહીત માટીવતે ઘટાદિ બનાવી મનમાં ધારે છે કે, આ ઘટાદિ તો સવારે ફક્ત માટી જ હતાં, હવે તે માટીથી જ આ ઘટાદિ આકાર,—પરિશિષ્ટ વસ્તુ ઉત્પન્ન થયલી છે, તેમ જ આ નામ રૂપમય વિશ્વ, જગત્, સૃષ્ટિ પૂર્વે તો એક બ્રહ્મ જ વર્તમાન હતું, પરંતુ આ ઉપરના આપેલા કુંભારના દૃષ્ટાંત અને વિશ્વ સૃષ્ટિમાં એક મોટો ભેદ છે, ઘટાદિ બનાવવાની વખતે તમે માટી શિવાય પણ, કુંભાર અને ચક્રદંડાદિ નાના રૂપનાં સહકારી કારણ દેખાય છે, તેમ વિશ્વ સૃષ્ટિમાં કોઇ સહકારી કારણ રહેતું નથી. આવાં કોઇ સહકારી કારણ ન હતાં

‡ નિરાત્મક (Negative) સ્વરૂપ વર્જીત. તદ્દન અભાવાત્મક જે, તેને જ "અસત્" કહે છે. તેથી ઉલટું જે તેજ "સત્" છે. બ્રહ્મ વસ્તુ નિરાત્મક, અભાવાત્મક, નિઃસ્વરૂપ થઇ શકતું જ નથી. જ્ઞાન જ બ્રહ્મનું સ્વરૂપ છે.

માટેજ તેને "અદીતિય" કહેવામાં આવ્યું છે* હે વત્સ ! સાંભળ, ઘણા એમ કહે છે કે, "સૃષ્ટિના પહેલાં સમસ્તજ અભાવાત્મક શૂન્ય અથવા "અસત્" હતું ? પણ હે પુત્ર ! તેમનું કહેવું બરોબર નથી. અસત્માંથી સત્ની ઉત્પત્તિ થઇ શકતીજ નથી. તદ્દન અભાવ (Negative)થી ભાવાત્મક (Positive) પદાર્થનો પ્રાદુર્ભાવ થઇ શકતો નથી.

હે સૌમ્ય ! અસત્માંથી વિશ્વ અથવા સત્ વસ્તુનો પ્રાદુર્ભાવ શા કારણથી થઇ શકતો નથી, તે અન્ય કોઇક દિવસે કહીશું. વિષય બહુ જ કઠિન છે. તમે પંડિત થયા છતાં, પરમાર્થ વિષયનાં સમસ્ત યુક્તિ તર્ક અને તત્વ વિચાર એક દિવસમાં ધારણ કરી શકશો નહિ. આજે જે વાતો કહી છે, તેનું મનમાં પુનઃ પુનઃ આલોચન કરો. ફરી અન્ય દિવસે વિષયના અન્યોન્ય અંશ કહીને સમજાવી આપીશ."

અપૂર્ણ.

---

* સૃષ્ટિના પહેલાં બ્રહ્મમાં કોઇ સહકારી કારણાંતર હતું જ નહિ. તે એકલું જ સત્ય પદાર્થ, તે સત્ય પદાર્થથી જ આ વિશ્વ, જગત્ પ્રાદુર્ભૂત થાય છે. આ વાત કહેવાથી વૈશેષિક અને શૂન્યવાદી બૌદ્ધ,—એ ઉભય તામતનું ખંડન થયું વૈશેષિકના મતમાં ઇશ્વર સૃષ્ટિનું ફક્ત નિમિત્ત કારણ;—જે હતું જ નહિ (અસત્) તેમાંથી તેણે સૃષ્ટિ કરી છે, માટે ઇશ્વર તો ત્યારે ફક્ત એક નિમિત્ત કારણ જેવો જ હતો. ત્યારે બીજું કશુએ હતું જ નહિ. આ લોકો ઇશ્વરને સૃષ્ટિના ઉપાદાન કારણત એકે સ્વીકારતા જ નથી; માટે જોવામાં આવે છે કે, વેદાંત મતમાં આ "અસત્" થી "સત્" સૃષ્ટિ સ્વીકારવામાં આવી નથી.

ફ શૂન્યવાદીઓ કહે છે કે, આ સૃષ્ટિના પહેલાં એકદમ શૂન્ય જ હતું; ઇશ્વર પણ હતો જ નહિ, અને તેને કશું સર્જન પણ કરવું પડયું નહિ. એમના મતમાં કશાની સત્તા અથવા અસ્તિત્વ ત્યારે હતું નહિ. ન્યાયના મતમાં વસ્તુ બે-સત્, અસત્, એક સત (ઇશ્વર) જે કંઈ હતું નહિ, તેથીજ વિશ્વ સૃષ્ટિ કરી છે, સૃષ્ટિના પછી તે અસતજ, સત્ થયું છે. શૂન્યવાદી મતમાં સત્ અને અસત્ કશ હતુ જ નહિ. ફક્ત શૂન્ય અથવા અભાવ હતો. માટે વેદાંતમતમાં આવું અસત્ પણ સ્વીકૃત થયું નહિ.

ધમ્મપદ.

(મહાત્મા શ્રી ભગવાન્ બુદ્ધના ઉપદેશો.)

(અનુસંધાન ગત વર્ષ અંક—૬—પૃષ્ટ—૨૦૮ થી.)

॥ तृतीय–विंदु ॥

શિષ્ય અથવા શ્રાવક (શ્રવણ કરનાર.)

(૧)

એક સમયે શ્રાવસ્તિમાં કોઈ પણ જાતના ધાર્મિક ઉદ્દેશ વિનાની તથા શ્રદ્ધાથી રહિત એક ગરિબ ગૃહિણી રહેતી હતી. મહાત્મા બુદ્ધને તેની સ્થિતિ જોઇને દયા આવી. વળી એમ પણ જણાયું કે, જ્યારે પોતાના શિષ્યો નગરમાં ભિક્ષાર્થે જતા હતા ત્યારે તે સ્ત્રીના ગૃહાંગણ આગળેતો, ગાળો વિના અન્ય કાંઈ પ્રાપ્ત થતું નહતું. એક ભિક્ષુક તેને સમજાવવા લાગ્યો કે, "પોતે ફક્ત ધાર્મિક કર્તવ્યથી જ ભિક્ષા માગતો હતો." ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે, "જો તું મરવા પડયો હોય તો પણ હું તને કંઇ પણ આપું નહિ; તું તો અત્યારે હૃષ્ટપુષ્ટને નિરોગી છે ત્યારે તો કેમ જ આપું." આટલા ઉપરથી તે ભિક્ષુક, તેના સામે ઉભો રહ્યો, અને એક ખરેખરા મરેલાના જેવી સ્થિતિ ધારણ કરી. તેના શરીરનાં વિવિધ ચલન વલનો બંધપડી ગયાં અને તેનાં નાસિકા અને મુખમાંથી મરણનાં સહવાસિ સૂચ ચઢે એવાં જંતુઓ ફાવજા કરવા લાગ્યાં. આ ભયંકર દેખાવ જોઇને તે સ્ત્રીને મૂર્છા આવી, ધબ દઇને નીચે પડી અને બે ભાન થઇ ગઈ. આ અરસામાં જ, શ્રમણ પોતાની અધ્યાત્મિક શક્તિયો દ્વારા કેટલાક કોસ દૂર નિકળી ગયો, અને એક વૃક્ષ નીચે બેસી, ધ્યાનસ્થ થઇ, શાંતિ અનુભવવા લાગ્યો. આટલામાં તે સ્ત્રીનો ભર્તાર ઘર આગળ આવી પહોંચ્યો. અને ઉપર વર્ણવાયલી સ્થિતિમાં પોતાની સ્ત્રીને જોઇને. તપાસ કરતાં માલૂમ પડયું કે, એક મૂર્ખ શ્રમણે તેને બીવરાવી છે. આ ઉપરથી તે ક્રોધ યુક્ત થઇ ગયો, પોતાનાં ધનુષને ખડ્ગ લીધાં અને પોતાના વૈરનો બદલોવાળવાને ભિક્ષુકની શોધમાં નિકળ્યો. શ્રમણે તે વૃક્ષની નીચે આવ્યા પછી પોતાના આત્મીય, અતિમાનુષી પ્રભાવને લીધે, પોતાની સર્વ પાસા અંદર જવાના બંધ દરવાજા વાળી દિવાલ કરી લીધી હતી, તે ક્રોધી ભર્તારથી ભિક્ષુક પાસે ન જઇ શકાવાથી તેને દરવાજા ઉઘાડવાનું કહ્યું; તેણે પ્રત્યુત્તર આપ્યો કે, "તમારાં ધનુષ્ય અને ખડ્ગને દૂર મૂકો અને પછી પ્રવેશ કરો." આથી તે મનુષ્યે વિચાર કર્યો કે "હું મારાં સર્વ હથિઆરો તજી દઇશ તોપણ મારાં મુષ્ટિ પ્રહારો વડે તેને ઠેર કરી શકીશ." આટલું વિચારી તેણે ધનુષ અને ખડ્ગ દૂર કર્યાં અને અંદર જવા માટે ફરીથી રજા માગી. પરંતુ તેણે કહ્યું કે, "તમારે માટે દરવાજાને ઉઘાડી શકાશે નહિ, કારણ કે તમારે દૂર કરવાનાં હથિયાર, તમે હાથમાં ધારણ કરતા તે ધનુષ અને તલવાર જ નથી, પરંતુ તમારા અંતઃકરણ ઉપર સામ્રાજ્ય ભોગવતાં

દ્વેષ અને શત્રુતા દૂર કરવાનાં છે; આને તું દૂર કર અને પછીથી અંદર પ્રવેશ કર, "આ સાંભળતાં તે માણસને પોતાનાં પાપની ખાત્રી થઈ અને તે અને તેની સ્ત્રી ઉભય, દ્વેષી-યોજનાઓ માટે પસ્તાવો કરવા લાગ્યાં અને શિષ્ય થઇને રહ્યાં. આ પ્રસંગે મહાત્મા બુદ્ધનો જ્ઞાની અનુયાયી (બોધિવાન્ અથવા ધાર્મિક મનુષ્ય.) આ પ્રમાણે કહેવા લાગ્યો:—

"જે શિષ્ય (શ્રાવક.) ઉપદેશ અનુસાર વર્તિ શકે છે તે શાસ્ત્રમા રક્ષણથી, એક નિવારણ ન થઈ શકે એવી ભીંતથી પોતાની જાતે સર્વ પાસા સુરક્ષિત થાય છે, અને આ પ્રમાણે મંડચો રહીને જ્ઞાન પ્રાપ્તિમાં સંપૂર્ણ થતો જાય છે. મનઃશુદ્ધિ પામેલો શિષ્ય, તે જાતે શુદ્ધિદ્વારજ તેના જ્ઞાન ભંડારની હજુ પણ વૃદ્ધિ કર્યા જાય છે અને ધાર્મિક (સત્ય) રહસ્યોનું સંપૂર્ણ રહસ્ય દર્શન પામે છે; વળી આમ દિવ્યજ્ઞાન પ્રાપ્ત થવાથી, તે તેનાં સ્વધર્મ કર્તવ્યો શાંતિથી આચર્યા જાય છે. શોક (નાં કારણો)ને વિદૂર કરી શકનાર શિષ્ય, સંપૂર્ણ શાંતિથી સુખ ભોગવી શકે છે અને સદ્વર્તનદ્વારા અનંત જીવન નિયમનો ઉપદેશ આપતાં આપતાં, પોતાની જાતે જ નિર્વાણ પદને પામે છે. શ્રવણ કરવાથી, પવિત્ર જીવનના નિયમોથી તે જ્ઞાત થાય છે; તે શંશયનો ત્યાગ કરે છે અને શ્રદ્ધામાં સ્થિર થતો જાય છે. શ્રવણ કરવાથી, શાસ્ત્ર (સત્ય અથવા ધર્મ) વિરૂદ્ધ જે જે હોય છે તેના સામે થવાને શક્તિવાન્ થાય છે, અને એમ આગળ વધતાં તે એવી સ્થિતિએ આવી પહોંચે છે કે જ્યાં વિશેષવાર મરણ ભોગવવાનું રહેતું નથી."

તે મનુષ્ય અને તેની પત્ની આટલા શબ્દો શુણિને તથા તે ભિક્ષુક વ્યક્તિમાં મહાત્મા બુદ્ધનાં અવનવાં ચિહ્નો પ્રદર્શિત થતાં જોઇને, પશ્ચાત્તાપથી છાતી કૂટવા લાગ્યાં, અને સમય વિષમાં તેમના જેવાં અસંખ્ય, બુદ્ધધર્મમાં આવ્યાં અને સુરક્ષિત થયાં.

(૨.)

પૂર્વે એક સમયે ચતુર્વર્ગને ઉપદેશ આપતા, કૌશાંબિ દેશમાં સૌમ્યસ્વઃ નામના વિહારમાં મહાત્મા બુદ્ધ રહેતા હતા. શાસ્ત્રના જ્ઞાનમાં તેની કોઈ પણ બરોબર કરી શકે નહિ એવો એક બ્રહ્મચારી ત્યાં રહેતો હતો; તેની સાથે કોઈ વાદ વિવાદ કરી શકે એવો કોઇ પ્રતિપક્ષિ ન મળવાથી, તે જ્યાં જ્યાં જતો હતો ત્યાં પોતાના હાથમાં એ સળગતી મશાલ સાથે રાખતો હતો. એક દિવસે અમુક શહેરના બજારમાં એક માણસે આનો આ પ્રકાર જોઇને, તેની આવી વિચિત્ર વર્તણૂંકનું કારણ પૂછ્યું. તેણે જવાબ આપ્યો કે, "જગત, એટલું બધું અંધકારમય અને મનુષ્યો એટલાં બધાં માયામાં ફસાયલ છે કે, મારાથી બની શકે તેટલો પ્રકાશ પાડવાને આ મશાલ હું સાથે ફેરવું છું." આ સમયે ભગવાન્ બુદ્ધે મોટા અધિકારી (માજીસ્ટ્રેટ)નું રૂપ ધારણ કર્યું; તેણે બજારમાં આવેલ અધિકારાસન ઉપર બેશીને, બ્રહ્મચારીને પૂછવા માંડ્યું, " અહો ! આ શું થઈ રહ્યું છે

તમે (મશાલ સહિત) શું કરવા માગોછો ?" તેનો બ્રહ્મચારીએ ઉત્તર આપ્યો, "સર્વ મનુષ્યો અજ્ઞાન અને અંધકારમાં એટલાં બધાં લીન થઈ ગયાં છે કે, તેમને પ્રકાશ પાડવાને આ મશાલ સાથે રાખું છું." માજીસ્ટ્રેટે તેને ફરીથી પૂછ્યું, "પવિત્ર પુસ્તકોના મધ્યમાં આવતી ચતુર્વિદ્યાનું જ્ઞાન ધરાવવા જેટલા તમે વિદ્વાન છો? વળી શબ્દ વિદ્યા, જ્યોતિષ વિદ્યા રાજ્ય વિદ્યા, યુદ્ધકલા વિદ્યા, તમને આવડે છે?" બ્રહ્મચારીને આડા રહીને કબુલ કરવું પડયું કે, એ સર્વ વિદ્યાઓથી તે અજ્ઞાત હતો. તેણે પોતાની મશાલ દૂર ફેંકી દીધિ, અને ભગવાન્ બુદ્ધ સ્વસ્વરૂપે દર્શન દઇને આ પ્રમાણે બોલ્યા:—

"જો કોઈ પણ મનુષ્ય, ગમે તો વિદ્વાન હો અથવા અવિદ્વાન હો તથાપિ પોતાની જાતને, અન્ય મનુષ્યોને ધીક્કાર પાત્ર ગણવા જેટલી મહત્વની માનતો હોય, તો તે, હસ્તમાં દીપ ગ્રહણ કરેલા અન્ધ મનુષ્ય જેવો જાતે તો અંધજ, અન્યને પ્રકાશ કરે છે."

આટલા શબ્દો શ્રવણ કરીને, તે બ્રહ્મચારીએ મહાત્મા બુદ્ધના શિષ્ય થઈ રહેવાની આજ્ઞા માગી, જે તેને આપવામાં આવી.

[૩)

આગળના સમયમાં મહાત્મા બુદ્ધનો શિષ્ય થયેલો, પ્રથમ માર્ગમાં પ્રવેશ પામેલો, સુદત્ત નામનો એક ગૃહસ્થ શ્રાવસ્તિમાં રહેતો હતો તેનો એક અશ્રદ્ધાયુ સુદત્ત નામનો મિત્ર હતો તે માંદો પડયો, અને જેને જેને બોલાવ્યા તેની સલાહ નિરૂપયોગી લાગતાં, તેના મિત્ર સુદત્તે, મહાત્મા બુદ્ધને બોલાવા મોકલવાનો અને તેને પોતાના મિત્રને મુલાકાત આપવાનુ પ્રભાવવાનો નિશ્ચય કર્યો. તેનો સ્વીકાર કરી સૂર્યસમ પ્રકાશમાન શરીરવાળા ભગવાન્ બુદ્ધ પધાર્યા, તેના ગૃહમાં પ્રવેશ કર્યો અને આસન અંગિકાર કર્યું. (પછી તેણે મનુષ્યોને થતા નૈતિક રોગ ઉપર ઉપદેશ આપ્યો.) અને આ પ્રમાણે કહ્યું—

"પ્રકાશ પાડવો એ સૂર્યનુ કામ છે; માયાળુ અને દયાળુ થવું એ પિતાનું કર્તવ્ય છે; નિયમવું અને શાશન કરવું એ શાશકનું કર્તવ્ય છે; ઉપદેશમાં ધ્યાન આપવું એ બુદ્ધિશાળી (ધાર્મિક) મનુષ્યનું કર્તવ્ય છે; વૈદ્ય તો મનુષ્યની જીંદગી લણાવ્યાં કર્યાનો જ વિચાર કર્યા કરે છે; શુરવીર વિજય ઈચ્છે છે; આ પ્રમાણે જ જ્ઞાનની સત્તાને ધર્મ (શાસ્ત્ર, નિયમ) અધીન વર્તે છે. જીવનનું સુખમય વહન દુનિયાનો આનંદ છે; સલાહ માટે મિત્ર છે; અમુક મિત્રની પસંદગી, અમુક પ્રસંગે તેનો ખાસ ખપ પડશે, માટે જ છે; સુંદરી સૌંદર્ય વિલોકન તો ઝતાનાનુ સુખ છે, જ્ઞાનની સાબિતી બોલવામાં થાય છે; શાસક થવા માટે યથાર્થ રીતે વિવેક પ્રાપ્ત થવાની જરૂર છે; સંશય અને ભૂલને દૂર કરવામાં શ્રેષ્ઠ જ્ઞાન) બોધિ)ના પ્રકાશનો ઉપયોગ કરવો આવશ્યક છે; સ્વાસ્થ્ય અને શાંતિ-

નાં મૂલ શોધી કાઢવાને, નિયમ (શાસ્ત્ર)ના ભંડારને શ્રદ્ધાથી ધારણ કરવા (આચરવા) શક્તિવાન્ થવાની જરૂર છે. જે શ્રવણ કરે છે, તે અત્ર, વર્તમાન વિશ્વનું, તેની પત્નીનું, છોકરાંનું અને મિત્રોનું શ્રેય કરવાને શક્તિવાન્ થઈ શકે છે, અને તત્ર સંપૂર્ણ સુખી સ્થિતિએ પહોંચે છે. હજુ પણ તેનું શ્રવણ વિશેષ વધારવાથી પવિત્ર જ્ઞાનની સંપૂર્ણતા પામે છે, અને સત્યનાં રહસ્યોનો વિવેક કરી સમજાવી શકે છે; અને આ પ્રમાણે જરા પણ ઉલ્લંઘન કર્યા શિવાય, તે પોતાની જાતનું શાશન કરે છે; નિયમ ધારણ કરીને તે સત્ય હોય તેને અભિનંદે છે અને તેથી સર્વ જાતના (નૈતિક) રોગથી છૂટો થાય છે, શોક અને દુઃખનાં સર્વ કારણોને વિદ્દર કરી શકે છે. હીન ભાગ્ય અથવા આપત્તિનો સંભવ તેના સ્વપ્નામાં પણ રહેતો નથી; તથા શાંતિ અને સુખની સ્થિતિ શોધી કાઢવામાં તે સદા વિજયવંત નિવડે છેઃ જે વિશેષ શ્રવણ કરે (શ્રાવક) છે, તેના જીવનોનાં આનુક્રમિક આવાં પરિણામો જણાય છે."

આ ઉપદેશ સાંભળીને તે રોગી મનુષ્યને સત્યમાં શ્રદ્ધા થઈ અને શિષ્ય થયો.

(૪.)

પ્રાચીન સમયમાં, રાજગૃહની દક્ષિણે શહેરથી બમેક કોસ દૂર એક મોટો પર્વત હતો. આ પર્વતના ઉંડાણમાં આવેલો અને એકાંત, દક્ષિણ હિંદુસ્થાનમાં જવાનો માર્ગ હતો. પાંચસેં ચોર લોકો આ માર્ગનો આશ્રય કરીને રહ્યા હતા અને જે જે મુસાફરોને રસ્તેથી જતા તેમને મારીને લુંટી લેતા હતા રાજાઓ તેમને કેદ કરવાને ઠેઠ ઠેઠ માર્યા હતાં અને તેઓ હમેશાં બચી જતા હતા ભગવાન્ બુદ્ધ પરોશમાં જ રહેતા હતા તેમણે આ મનુષ્યોની ચાલનો દોષ સમજી શકતા નથી, અને જો કે મનુષ્યોને ઉપદેશ કરવાને દુનિયામાં પોતે અવતરી આવ્યો છે તો પણ તેઓની દૃષ્ટિ તેને જોઇ શકી નથી, અથવા મહાન્ નિયમની ખુશખબર તેમના કાને પડી નથી, એમ વિચારીને એ મહાત્માએ તેમની પાસે જવાનો વિચાર કર્યો. તેથી તેણે કિમતી પોષાક ધારણ કરેલા મનુષ્યનું સ્વરૂપ ધારણ કર્યું, કદાવર ઘોડા ઉપર સ્વાર થયો, તલવાર અને ધનુષ્ય લીધાં, જીનની બને બાજુએ સોના રૂપાની પોટલીઓ નાંખી લીધી, અને તેના ઘોડાના શણગારમાં જડેલાં કિમતી જવાહીરો ઝગઝગાટ કરી રહ્યાં,

તે વિકટ માર્ગમાં પ્રવેશ થતાં જ તેના ઘોડાએ મોટો હણહણાટ કર્યો. તે અવાજ સાંભળીને પાંચસેં ચોરો જાગ્રત થઈ ગયા, અને તે મુસાફરને જોઇને આનંદથી બોલવા લાગ્યા, "અદ્યાપિ પર્યંત આવા પ્રકારની લૂંટ આપણને મળી નથી; એકદમ તૈયાર થાઓ અને તેને પકડો" આમ વિચારી, તે મુસાફરને બચી જતો અટકાવવાને, તેની આસપાસ ફરી વળવામાં તેઓ આગળ વધવા લાગ્યા; પરંતુ તેણે તો પોતાના ધનુષમાંના એક પ્રક્ષેપથી જ, પાંચસેંને વિંધિ નાંખ્યા, અને ખડ્ગના એક પ્રહારથી જ સર્વને જખમી કર્યા.

તેઓ ભોંય ઉપર પડતા પડતાં આશ્ચર્યથી બોલ્યા "આ કયો દેવ છે? અરે! શું તે આ બાણોને ખેંચી કાઢશે અને અમારા જેવા ઘાના અમલ્ય દુઃખનું નિવારણ કરશે!" આ સાંભળી તે પથિકે સમજાવવાં માંડયું કે —

"દુનિયામાં સામ્રાજ્ય ભોગવતા શોકનાં કારણોથી નિપજતા દુઃખ સાથે સરખાવતાં, અને અશ્રદ્ધા અને સંશય નાબુદ કરતાં તમારા જેવાં દુઃખો કંઈ વિસાતનાં નથી, શાસ્ત્રના એકાગ્ર ધ્યાન (શ્રવણ) જન્ય જ્ઞાન વિના બીજા કશાથી પણ આવા પ્રકારના ઘા રૂઝી શકશે નહિ."

વળી આગળ ચલાવ્યું કે —

"શોકના સમાન અનિષ્ઠ, દુઃખ કર્તા ઘા અન્ય કોઈ નથી,—મૌર્ખ્ય સમાન તીવ્ર અન્ય પ્રવેશક બાણ નથી. ધાર્મિક ઉપદેશના એકાગ્ર શ્રવણ વિના, બીજા કશાથી આનો ઉપાય થઈ શકતો નથી આમાંથી જ અંધને ચક્ષુ પ્રાપ્ત થાયછે, માયામાં ફસાયલા જ્ઞાનોદ્દિપીત ચિત્તવાળા થાય છે અક્ષિહીનને અક્ષિ પ્રાપ્તિની પેઠે મનુષ્યોનું આથી જ શાશન અને નિયત થાય છે. ત્યારે તો આજ સંશય ટાળવાને, શોકને દૂર કરવાને, અને આનંદ આપવાને શક્તિવાન્ છે; જેઓ 'શ્રવણ' પરાયણ થયલા છે તેમના ભાગ્યમાં જ શ્રેષ્ઠજ્ઞાન છે. જેઓએ (ઘણો જ વંદનિય) શ્રેષ્ઠ સદ્ગુણ પ્રાપ્ત કર્યો છે તેવાનું જ "શ્રાવક" (શ્રવણ કરનાર) એવું નામ છે."

આ સાંભળીને તે ચોરો પોતાના પાપી જીવનનો પસ્તાવો કરવા લાગ્યા, તેમના શરીરમાંનાં સર્વ બાણ સ્વત જ નિકળી ગયા, અને તેમના ઘા રૂઝાઈ ગયા તે સર્વે શિષ્ય થયા અને સ્વાસ્થ અને શાંતિ પામ્યા. (આગળ ચાલુ)

ઉપતંત્રી

સુખ શાન્તિનો ઉદય.

ભૂમિકા

વિશ્વમાં સર્વ પાસા વિરોધી થાકયા, તો પણ તેનાં સર્વ સ્વરૂપોમાં શોકની છાયા પડી રહેલી લાગી, અને દુઃખના ધગધગતા અંગારાથી બળતું લાગ્યું. આ પારની સ્થિતિના વિશ્વનો અનુભવતો વિરલાજ હોય છે. આથી આ બાબતના કારણની શોધ ચલાવવાનું મને મન થયું. આસપાસ સઘળે શોધી વળ્યો, ઘણાં ફાંફાં માર્યાં તો પણ આ વાતનો પત્તો ખાધો નહિ અનેક પુસ્તકો ઉઘાડ્યાં પરતુ તે વ્યર્થ જ, તેમાથી પણ કંઈ જડી શક્યુ નહિ; આવાં ફાંફાં મારવામાં અનેક ભવો થયા થાય છે અને થશે, પરતુ યથાર્થ કારણ હાથ લાગવું એ ઘણુ વિકટ કામ છે. આખરે અત્ર બહ્ય ઉપચારોથી કંટાળીને મેં અંતર્ અવલોકન આરંભ્યું, અને બને કહેવાને ખુશી ઉપજે છે કે, તેમાંથી મને કારણ તેમજ તે કારણની સ્વત –

નિર્મિત પ્રકૃતિ પણ જડી આવી. આથી પણ કંઈ સંપૂર્ણ શાંતિ વળી નહિ. વળી મેં વિશેષ શોધ લાવ્યો, અને આ સમયે વિશેષ ઉંડા ઉતરવાથી તેનો ઉપાય પણ મને મળી આવ્યો. મને એક જ નિયમ, પ્રેમનો મહાન્ નિયમ, માલૂમ પડ્યો; આ નિયમ દ્વારા જ સમગ્ર બ્રહ્માંડ નિયમાઈ રહ્યું છે, અને એને જાળવવામાં જ સમગ્ર પુરૂષાર્થનો સમાવેશ થાય છે. વળી એક જ જીવન, એ નિયમાનુસાર વર્તતું જીવન જડી આવ્યું; એક મહાન્ સત્યનો ઉદય થયો,–નિરોધિત મનના સત્યનો અને શાંત તથા વિનીત અંતઃકરણનેજ. આ મહાન્ સત્ય સમજવા દ્વારા, અનુભવવા દ્વારા સમગ્ર શ્રેય તથા સુખશાંતિનો ઉદય હસ્તામલકવત્ થઈ પડે છે. આ સુખશાંતિઉદયનો અનુભવ પણ અનુભવી, અનુભવદ્વારા અનુભવીને જ અનુભવાવી શકશે. અને મને એક આવો લેખ લખવાનું મન થયું કે જેથી વિત્તહીન તેમજ વિત્તવાન્, સાક્ષર તેમજ નિરક્ષર, દુનિયાનાં રાગ વાળાં તેમજ રાગ વિનાનાં સ્ત્રી પુરૂષોને, તેમના પોતામાં જ, સમગ્ર શ્રેય, સમગ્ર સુખ, સમગ્ર કૃતકૃત્યતા, સમગ્ર સત્નો, સમાવેશ થાય છે, એમ માલૂમ પડે. વિત્ત, બ્રહ્મ, ક્ષત્ર, સમાજ આદિના યથાર્થ આનંદનું મૂલ બહિરના પદાર્થોમાં નથી પરંતુ પોતામાં જ છે, એ સર્વ પાસાસુવિદિત છે. જેમ જેમ બહિર્મુખવૃત્તિ અંતરમુખ થતી જાય છે તેમ તેમ સર્વ સંભવી શકે છે. આ લેખના વિચારોને બહિર્ દુનિયાના પ્રકાશમાં લાવવામાં એટલો જ હેતુ છે કે, તેથી દુઃખનો સમુલ નાશ થાય અને સર્વ પાસ સુખશાન્તિ પસરે; અને અમે એવી આશા રાખીએ છીએ કે, જેઓ આવો અનુભવ માર્ગ અનુભવવાને તૈયાર છે, તેવાઓના અંતરાત્માને તો આથી અસર થયા વિના રહેશે નહિ. અનુભવીઓ તો ક્યારના આ માર્ગે પળી ચૂકેલા છે, એમને આમાંથી કંઇ નવું મળવાનું નથી પરંતુ તેમને પણ પોતાના જ ઘણા વિચારો આમાંથી જડી આવશે, કદાચ તે નવા સ્વરૂપમાં મળશે. તથાપિ અનુભવ માર્ગ તે અનુભવ માર્ગ જ છે, અને તેથી અનુભવિઓને તેમજ તે માટે તૈયાર થનારાઓને, આમાંથી ઘણું વિચારવાનું મળી રહેશે અને તેને અનુભવમાં ઉતારવાથી સર્વ સુગમ થઈ રહેશે.

દુઃખનો બોધ.

અસ્વાસ્થ્ય, દુઃખ, શોક, એ તો જીવનની છાયાયો રૂપે થઈ પડ્યાં છે. વિશ્વમાં જ્યાં જ્યાં નજર પડશે ત્યાં આમાંનું કંઈક રૂપાંતરથી પણ નજરે પડ્યા વિના રહેતું નથી. સર્વ દુનિયામાં એવું કોઈ પણ હૃદય ભાગ્યે જ હશે કે જેને દુઃખનો દંશ સહેવો પડ્યો ન હોય, એવું કોઈ પણ મન ભાગ્યે જ હશે કે જેને દુઃખનાં કાળાં પાણીમાં તણાવું પડ્યું ન હોય, એવાં કોઈ પણ ચક્ષુઓ નહિ હોય કે જેમાંથી અનિર્વાચ્ય દુઃખનાં, અંધાપો પ્રાપ્ત કરે એવાં ઉષ્ણ અશ્રુઓ નહિ નિગળ્યાં હોય. વિશ્વમાં સર્વનો, રાજાથી તે રંક પર્યંતનો, દરરોજના સામાન્ય જીવનનો એક સરખો જ અનુભવ છે, અને આમાંથી પણ ઉપદેશ ગ્રહણ કરનારાઓને ઘણા ઘણા ગુંચવાડા દૂર થાય છે. એવું કોઈ પણ કુટુમ્બ ભાગ્યે જ હશે કે જેમાં મહાન્ ભક્ષકો રોગ અને મૃત્યુએ પ્રવેશ કર્યો ન હોય, હૃદયથી હૃદયને વિખુટાં પાડ્યાં ન હોય, અને સર્વને શોકની સ્યામ પીછોડી ઓરાઢી ન હોય, દૂર અને ઉપરથી છોડી ન શકાય એવી દુઃખની જાળોમાં યોડા અથવા વધારે સર્વ સપડાયલા છે. આપણી સ્થિતિ આમ છે એ જ્ઞાન થવું તથા તે દૂરીકરણાર્થે પ્રયત્ન થવો એ પણ અહોભાગ્યની વાત છે.

દૈવિસ્વાતંત્ર્યના પ્રદેશને પ્રાપ્ત કરવા માટે જ હોય છે. પ્રાચીન ગુપ્તઆચારોમાંથી જ યોગ માર્ગની સર્વ કડાકુટ ઉભી થાય છે; અને તે પણ ધીમે ધીમે બંધ થતી ચાલે છે, કારણ કે અધિકારીઓને યોગ્ય ઉપદેષ્ટાઓ મળી શકતા નથી, અને આંતરૂને દોરવનારા પણ જતે દિવસે એક સામાન્યમનુષ્ય જેટલા જ અજ્ઞાન થતા જાય છે, તથા અંધની પાછળ ચાલ્યા જવામાં અંધ પણ કંટાળી ગયા છે; સ્થિતિ આમ છે તથાપિ શંકા અને નિરાશામાં પરિણમતી કસોટીએ ચઢી ઉતરવાની કોઇને પણ ઇચ્છા નથી; આવા કોક પ્રકારે જ જ્ઞાન માર્ગ નષ્ટ પ્રાય થતો ચાલે છે.

સૂક્ષ્મ વાતો પ્રતિપાદન કરતાં શાસ્ત્રોમાં વગર વિચારે માથું મારવું યોગ્ય નથી; પરંતુ એક વારપણ માર્ગે પળાય તો, તેના અંતને પામી જવો, અથવા નાશ સ્વિકારવો એ વિના અન્ય માર્ગ નથી આ કાર્યમાં શંકા કરવી એ તર્કશક્તિ ગુમાવ્યા બરોબર છે, ચોભવું એ પતન થવા સમાન છે, તથા પાછા વળવું એ એક ખાડામાં પડવા જેવું છે. યોગ માર્ગની વિવિધ રીતિયો ભીતિ રહિત નથી. જેઓ પરમાત્મામાં પરમ શ્રદ્ધા શિવાય આ પ્રકારે વર્તે છે, તેવાનું પરિણામ ગાંડાપણામાં જ આવે છે; તેથી જ્ઞાનતંતુઓ અત્યંત ઉશ્કેરાય છે તથા ભયંકર અનિવાર્ય રોગોત્પત્તિ પણ થઈ બેસે છે કલ્પનાશક્તિ આકુલિત થઈ ભીતિપામતાં મૂર્છા તથા મરિતકમાં રક્તાવરૂંભદ્વારા મરણ પર્યંત પણ પહોંચાય. આવા કારણથી જ, ચીઢીયા સ્વભાવનાં મનુષ્યો, સ્ત્રીયો, યુવકો, તથા આત્મજય અને ભીતિથી નિડર રહેવામાં નકસાયલાને, યોગ માર્ગના અધિકારી ગણવામાં આવતાં નથી. વળી કેટલાક કરે છે તેમ, મડલિ મલી હોય તેવા પ્રસંગોમાં યોગમાર્ગનો રમતગમ્મત માફક ઉપયોગ થવો અયોગ્ય છે. આવી સ્થિતિમાં પ્રાણુવિનિમયાદિ પ્રયોગો પણ વિધેયને થકવી નાંખશે, એટલું જ નહિ પરંતુ મંડલમાં અશ્રદ્ધાને જન્મ આપશે તથા શાસ્ત્રનો ગુંચવાડો પેદા કરશે. જનન મરણનાં ગુપ્ત રહસ્યોનો, આત્મહાનિ શિવાય કદાપિ રમત પ્રમાણે ઉપયોગ કરી શકશે નહિ. વળી ગંભિર વિષયો ગંભિર પ્રકારે અત્યંત સાવચેતીથી ચર્ચાવા જોઇએ.

અમુક બનાવ કરી જોઇ ખાત્રી કરવાની વૃત્તિને તાબે થવું લેશ પણ યોગ્ય નથી. આશ્ચર્યજનક પરિણામો પણ પ્રથમથી પ્રતીતી ન થયલાને જરા પણ માન્ય થઈ શકતાં નથી. યોગીની અદ્ભૂત શક્તિયોમાં જ આવી વાતોનું પર્યવસાન માની સંતોષ પામવામાં આવે છે; તથા તેઓને ગારૂડીની હસ્ત ક્રિયા સમાન ગણવાના વ્યર્થ પ્રયત્નમાં દોરાવું તદ્દન હાસ્યાસ્પદ છે. શાસ્ત્રમાં શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે, અદ્ભૂત બનાવો જોવાની વૃત્તિને તાબે થવું, આપણી જાતને જ્ઞાન માટે અયોગ્ય અથવા અશક્ત જણાવ્યા સમાન છે. આટલુંજ નહિ પરંતુ મહાન્ કાર્યો સધાયાં હોય-મૃતને સજીવન કર્યાં હોય, તથાપિ તેની બડાઈ મારવી લેશ પણ યોગ્ય ગણાશે નહિ; મહાત્માઓ રોગ નિવારણ કરતાં શાંતિ ગ્રહવા ઉપદેશે છે, અને જો તેમ થાય તો ધાર્યાં પરિણામ પણ આવે. શંકરભગવાનનો મહાન્ સિદ્ધાંત વિચારો અને શાંતિ ગ્રહણ કરો. પોતાનાં ગુપ્ત રાખવા યોગ્ય કાર્યો ખુલ્લાં પાડવાથી જ ઘણાક યોગીઓ હેરાન હેરાન થઈ ગયા છે.

યોગમાર્ગની પ્રક્રિયાયોથી, પ્રકૃતિની સામાન્યશક્તિયો કરતાં નૈસર્ગિક ઉક્ત શક્તિને

કાર્ય કરવાનો પ્રસંગ મળે છે. તે એક એવા પ્રકારનાં શાસ્ત્ર અને કેલવણીનું પરિણામ છે કે જેથી માનવ ઇચ્છાશક્તિનો પ્રદેશ સામાન્ય હદનું પણ ઉલ્લંઘન કરી જાય છે. પ્રકૃતિથી પર પણ વિલક્ષણ ઉચ્ચ સ્થિતિમાં, પ્રકૃતિમય જ થવાય છે; ચમત્કાર પણ એક એવો બનાવ છે કે જે ન ધાર્યો હોવાથી જનસમૂહ આશ્ચર્ય ચકિત થાય છે. તેના કાર્યથી અજ્ઞાત તથા અશ્રદ્ધાવાનને નવાઈ પમાડતું કાર્ય હોવાથી એવા બનાવ નવાઈના ગણાય છે. અજ્ઞાનીને સર્વ નવાઈ જેવું જ લાગે છે, પરંતુ જન સમૂહમાંથી સત્ય જ્ઞાન ક્વચિદ્ જ દૃષ્ટિયે ચઢે છે, તથા પ્રત્યેક મનુષ્યને પોતાની નવાઈની દુનિયાની વાતો કરવાની હોય છે. સર્વ અલૌકિક બનાવોમાં આપણી શ્રદ્ધા છે એમ માની લેવા દો, કારણ કે આપણા અનુભવદ્વારાજ તેની પ્રતીતિ થતી ચાલે છે તથા ક્રમે ક્રમે વિશેષ ખાત્રી પણ થાય છે. કેટલાક બનાવો એવા પણ હોય છે કે તેમનો ખુલાસો કરવા આપણે પ્રયત્ન પરાયણ થતા નથી, પરંતુ તેમાં સત્યનો સમાવેશ છે, એમ અંતરાત્માને ભાન થયાં કરે છે. અલ્પથી મહત્ પર્યંત તેમજ મહત્થી અલ્પ પર્યંત પરિણામો સમાન રીતે જોડાયલાં હોય છે તણા તેના નિયમો ગહન હોય છે; પરંતુ ચમત્કારની જ લાલસા હોય તો આપણે સાધારણ માનવ જાતની સ્થિતિના પારના થવું જોઇએ. ગમે તો બુદ્ધિ દ્વારા ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવી જોઇએ અથવા મૌર્ખ્યથી ઉલ્લેકસવું જોઇએ; ગમે તો સર્વ વિષયોથી પર અથવા અલાનંદ અને ઉન્માદ દ્વારા તેમને અધીન થવું જોઇએ. આવા માર્ગમાં વર્તનારનું, આ પ્રથમ આવશ્યક કર્તવ્ય છે. આ પ્રકારે પ્રકૃતિ નિયમાનુસાર આવી ઇચ્છાવાળો, ઐહિક સ્વાર્થના અવળા પ્રમાણ શિવાય, નિજ શક્તિનો ઉપયોગ કરી શકશે નહિ. કીમિયાગર, જેમ જેમ વિશેષ દુઃખો સહન કરે છે તથા તેના ગુપ્ત પ્રયોગોનું રક્ષણ કર્તા દારિદ્રયને કીમતિ ગણે છે, તેમ તેમ તેના પ્રમાણમાં તે વિશેષ સુવર્ણ બનાવી શકે છે. અકલુષિત હૃદયવાળો યોગી, જેને નિજ જ્ઞાનના સાધન રૂપ બનાવે છે, તેનોજ પ્રેમ વા તિરસ્કાર સહન કરશે. જેઓ ફલની લાલસા શિવાય આત્મબલ યુક્ત તથા દૃઢ હોય છે, તેવા જ પરમાત્મજ્ઞાનરૂપી કલ્પવૃક્ષ સમીપ આવી શકે છે.

માટે જેઓ યોગ માર્ગદ્વારા નિજ વૃત્તિયોને સંતોષવાની લાલસા રાખતા હોય તેવાઓએ, તરવારની ધાર જેવા માર્ગમાં પ્રવેશ કરતાં અટકી પડવું યોગ્ય છે; કારણ કે એવા પ્રકારનું વર્તન થવાથી તેઓને મરણ અથવા ઉન્માદ શિવાય અન્ય સ્થિતિ ભાગ્યે જ પ્રાપ્ત થશે. એ સર્વત્ર જાણીતું છે કે, આવાં મનુષ્યો અધમશક્તિયોના હાથે હેરાન હેરાન થઈ ગયાં છે. આવાં કારણથી જ યોગીએ,અગમ્ય, શમયુક્ત, પવિત્ર, વિરાગી થવું જોઇએ. તેનામાં શરીરની ખોડ પણ ન હોવી જોઇએ તથા સર્વ પ્રકારના વિરોધ અને દુઃખોથી તવાવો જોઇએ. આવા કોઇ અમુક પ્રકારની ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવી એજ યોગીનું પ્રથમ આવશ્યક કર્તવ્ય છે.

આપણે કહી ગયા તેમ, વિષયોમાં લીન થવાથી પણ ઉચ્ચ સ્થિતિના સમાન પરિણામો આવી શકે છે, તથા તે સંબંધે આટલું સિદ્ધ છે, પરંતુ યોગ માર્ગની પ્રક્રિયાઓ હસ્તગત થઈ શકતી નથી. સંકલ્પ (વાસના) પ્રાબલ્યદ્વારા પ્રાણતત્વ સતેજ થાય છે તથા વિશ્વવ્યાપક પ્રાણતત્વમાં અદૃશ્ય તત્વો પેદા કરે છે; પરંતુ આ પ્રકારે ઉત્પન્ન કરેલાંનો નાશ કરી શકાતો નથી, તથા ઘણી વખતે અધમ સાધનાવાળાઓની પેઠે પોતે પેદા કરેલાં સત્વોદ્વારા

વિનાશ શરણ થાય છે. કાર્યદ્વારા પરિણમતી મનુજઇચ્છાશક્તિ, બંધનો સામે અડગ ઘસતા તોપના ગોળા સમાન છે. બેળે બેળે તેનો ઉપયોગ થાય તો, તે તેની આરપાર જશે અથવા તેમાં જ અદૃશ્ય થશે, પરંતુ ખંતથી ધીમે ધીમે ઉપયોગ થાય તો કદાપિ નિરૂપયોગી થઈ પડશે નહિ. દ્વીતિયપ્રકૃતિસમાન થઈ પડતી ટેવથી મનુષ્ય બદલાઈ જાય છે. નિયમીત ખંતથી થતા વ્યાયામ દ્વારા શરીરનાં સામર્થ્ય તથા પ્રભાવ કોક વિલક્ષણ રીતે જ વૃદ્ધિ પામે છે; તથાપિ આત્મિકશક્તિતો તેની તેજ રહે છે. અન્ય તેમજ નિજ જાત ઉપર વિજય મેળવવા ઇચ્છા હોય તો, તે મહાન્ શક્તિનો યોગ્ય ઉપયોગ થવો આવશ્યક છે. રાજ તથા હઠયોગમાં પણ કાંઈક આવો જ ભેદ રહેલો લાગે છે.

ઇચ્છાશક્તિ કેવા પ્રકારે કેળવાય? અત્રેથી જ યોગ માર્ગની ખરી ખુબી આરંભાય છે, તથા પરંપરાગત મહાત્માઓએ પણ વિવિધરૂપકોનાં વર્ણનદ્વારા આનું આજ રહસ્ય, પ્રતિપાદન કરેલું છે. સાધનદ્વારા શક્તિ પ્રદર્શિત કરી શકાય છે. આલસ્ય તથા વિસ્મૃતિ, ઇચ્છાશક્તિના શત્રુ સમાન છે, તથા અવા કોઈ કારણને લીધે, સર્વ મત મતાંતરોનાં વિવિધ આચારો અનેક જાતની ખાંચ ખુંચોથી ભરપૂર ગોઠવવામાં આવ્યા છે. અનેક વિટંબણા વેઠી ઉછેરેલા બાલક ઉપર માતાની સ્વાભાવિક વિશેષ પ્રીતિ નથી હોતી? આવા પ્રકારે, અમુક ધર્મના સ્થૈર્યની ખુબી તેના અનુયાયીઓની અડગ શ્રદ્ધા ઉપર આધાર રાખે છે. વ્રત તપાદિ રૂપ આચાર વિચારો, કે જે દેખીતા તદ્દન નજીવા હોય છે, તેથી તેનાથી શું પરિણામ થશે તે પણ અજાણ્યું હોય છે, તથાપિ ઇચ્છાશક્તિની કેલવણી અભ્યાસ દ્વારા ઉત્તમ પરિણામ પણ આણી શકે છે.

કાંઈ પણ સાધવાને માટે આપણી સાધનશક્તિમાં સંપૂર્ણ શ્રદ્ધા હોવી જોઇએ તથા જરા પણ વિલંબ શિવાય એ શ્રદ્ધા, કાર્ય રૂપે પરિણમવી જોઇએ. શ્રદ્ધાનો પ્રયત્ન કસોટી કાઢવા જેવો નથી; તેતો કાર્યનો અંત લાવવાના સંપૂર્ણ વિશ્વાસથી શરૂ થાય છે, તથા સર્વ સામર્થ્યને નિજમાં ધારી લઇને અને અનંતતાને અત્રેકરીને, શાંતિથી કાર્ય કર્યાં જાય છે. યોગમાર્ગમાં પ્રવૃત્ત થવાની લાલસા વાળા પણ તેમાંથી શું શોધે છે? ગમે તેવો દૃઢ સંકલ્પ બાંધી, તે પ્રમાણે તુર્ત જ વર્તવા મંડાતાં, તથા તેજ પરિણામ માટે એકજ રીતે મંડ્યા રહેતાં, ધારેલી ધારણા પાર પડે છે, તથા આ પ્રમાણે તે ક્યારનીએ શરૂ થઈ ચૂકે છે, તું ત્યેક ભિક્ષુક સમાન છે તથા તેથી જ તારે સુવર્ણ બનાવવાની અપેક્ષા છે. કાર્યનો આરંભ કરો, જરાપણ પાછા ન હઠો અને હું ખાત્રીથી કહું છું કે, સમગ્ર દુનિયાનો ભંડાર તમારા સ્વાધીન થશે.

પ્રથમાવશ્યક પગથીયું કયું? પોતાની શક્તિમાં શ્રદ્ધા રાખીને કાર્ય કર્યાં જવું. પરંતુ કેવી રીતે કાર્ય કરવું? દરરોજ વહેલા અને તેજ કલાકે ઉઠવાની ટેવ હિત કરછે, ઉનાળા શિયાળા આદિમાં પ્રાતઃકાળ પૂર્વે સ્નાન કરવાની ટેવ પણ તેથી જ છે; શરદી પેદા કરે એવાં વસ્ત્રો પહેરવાની જરૂર નથી, તેમને દરરોજ નાબની શકે તો પોતાની જાતે પણ સાફ કરવાની જરૂર છે. ઇચ્છા પૂર્વક કષ્ટ સહન કરવાની કસરતથી, અનિચ્છિત કષ્ટો સારી રીતે સહન થઇ શકે છે. માર્ગના અંતને પામવાની ઇચ્છા વિના અન્ય ઇચ્છાઓને શાંતિની ચાદર ઓરાઢવાની છે.

"શું! દરરોજનહાવા ધોવાથી માર્ગનાઅંતને પામી શકાશે?" એમ પ્રશ્નકરવામાં આવે.

"તમારે તે પામવાને કાર્ય કરવું જોઇએ."

"આતો તમે મશ્કરી કરો છે."

"ના, બુદ્ધિચક્ષુવિકસિતશ્રદ્ધાવાળાઓનો તો તેજ મહાન્ માર્ગ છે."

"હું સમજતો નથી તે માર્ગના અંતને શી રીતે પામી શકું?"

"શ્રદ્ધા પૂર્વક કાર્યમાં પ્રવર્તો; તમને એનો ખુલાસો પછીથી થઇ રહેશે."

આળસુ કદાપિ યોગી થઇ શકશે નહિ. યોગ તો હરેક ઘડી અને પલનો અભ્યાસ છે. મહાન્ કાર્ય સાધનારે આત્મજયવળા થવું જોઇએ; આનદ, ભુખ, નિદ્રા આદિ પ્રલોભનને વશ કરી જાણવાં જોઇએ, કીર્તિ તેમજ અપકીર્તિની પણ પારના થવું જોઇએ. તેનું જીવન એક જ વિચાર પ્રેરિત ઇચ્છાશક્તિમયજ તથા પ્રકૃતિ અનુસાર થવું જોઇએ, અને આ પ્રમાણે ક્રમે ક્રમે વિશ્વ નિયમાનુસાર થઇ રહેશે. પ્રત્યેક વૃત્તિ અને શક્તિ તે જ કાર્યમાં જોડાવી જોઇએ કારણ કે યોગમાર્ગાનુયાયીને જરા પણ આલસુ થવું પાલવતું નથી,—અમુક પ્રકારનાં ચિહ્નો દ્વારા બુદ્ધિ શક્તિનું સૂત્ર રૂપ વિરચન થવાની જરૂર છે, તથા તે પણ રૂપ દ્વારા ટુંકામાં ઘટાવી લેવાની જરૂર છે. શબ્દોથી વિચારો નિશ્ચિત થવા જોઇએ તથા તે પણ કાર્યરૂપે પરિણમવા જોઇએ. યોગમાર્ગનો વિચાર. અક્ષિને પ્રકાશરૂપ, કર્ણને એકતાલમય, ઘ્રાણેન્દ્રિયને સુવાસરૂપ, મુખને સ્વાદરૂપ તથા સ્પર્શને આકાર રૂપ, નિવડવો જોઇએ; ટુંકામાં પતાવીએ તો, બહિર્ દુનિયામાં જેવા થવાની ઇચ્છા હોય તે સર્વ સમગ્ર જીવનમાં ઘટાવી લેવું જોઇએ; તેણે તો ઇચ્છિત વસ્તુની પ્રાપ્ત્યર્થે આકર્ષક ચુંબક સમાન નિવડવાની જરૂર છે. જ્યારે તે સંપૂર્ણ રીતે આકર્ષક બને છે, ત્યારે આંતર્ વિકાસ પણ તેના ન જાણ્યા છતાં સ્વતઃસિદ્ધ થતો ચાલે છે.

શાસ્ત્રનાં રહસ્યો સમજવાં આવશ્યક છે, પરંતુ તે પણ અભ્યાસ શિવાય તથા સ્વસંવેદન (Intuition), દ્વારા થઇ શકે છે. પ્રકૃતિના સતત ચિંતવનમાં પ્રવર્તતા યોગીઓ વારંવાર તેનાં કૃત્યોને દિવ્ય સ્વરૂપ સમર્પે છે, તથા તેઓની સાધારણ સમજ પ્રમાણે મહા વિદ્વાન્ વૈદ્યો કરતાં પણ વિશેષ વિદ્વાન્ જેવા જણાય છે. યથાર્થ અપરોક્ષાનુભવી યોગીઓ સર્વ દેશોમાં કેલવણી વિનાનાં સાદાં જણાતાં મનુષ્યો હોય છે. કેટલાકનો સ્થૂલ બંધારણ સ્વાભાવિક રીતે રહસ્યમાર્ગનો પ્રકાશ પામવાને યોગ્ય ઘડાયલાં હોય છે; વળી કેટલીક સદય અને મૃદુ પ્રકૃતિયોને સૂક્ષ્મપ્રદેશનું સ્વસંવેદન સાહજીક હોય છે. અમુક પ્રકારનાં દુઃખોદ્વારા સ્થૂલમાં વિકૃતિયો થવાથી, દિવ્ય માર્ગ પ્રતિપ્રયાણ કરવા થોડા અથવા વધારે શક્તિવાન્ થવાય છે; પરંતુ આવા ઘણા થોડાજ દાખલા મળી આવે છે, તથા યોગ

માર્ગમાં ખંત અને સતત ઇચ્છાદ્વારાજ વધી શકાય છે. કેટલાક એવા પદાર્થો પણ છે કે જેથી તંદ્રાથી સમાધિ પર્યંતની ભૂમિકા ઉપજાવી શકાય છે; પરંતુ આવાનો ઉપયોગ કરવો તદ્દન નિરર્થક છે, કારણ કે તેમનાથી ઘણું કરીને જડતા અથવા નશો ચઢી શકે છે. કેટલાક યોગીયો અમુક ખાસ સંજોગોમાં તેમનો ઉપયોગ કરે છે, પરંતુ તેમાં ઘણી સાવચેતીથી કામ લેવાની જરૂર છે.

યોગમાર્ગમાં આગળ વધવાની ઇચ્છાવાળાને, અમુક સમયતો આંતરબાહિર શુદ્ધિ પ્રાપ્ત કરવામાં ગાળવાની જરૂર છે, તેમજ સ્થૂલ વિષયોપભોગથી ધીમે ધીમે વિરક્ત થવાની જરૂર છે, તથા નિદ્રાનો સમય પણ નિયમાવાની જરૂર છે. આનિ આજ વાત વિવિધ ધર્મોનાં તપાદિ આચરણદ્વારા પ્રતિપાદિત થાય છે.

અતિ સૂક્ષ્મ પ્રકારે શરીર સ્વચ્છતા જાળવાની જોઇએ: ગરિબને પણ નહિ તલાવાર્ય પાણી મળી શકે એમ છે. વાપરવાનાં વસ્ત્રો તથા અન્ય સામગ્રી પણ સ્વચ્છ રાખવી જોઇએ. આલસ્ય, પ્રમાદનો પુરાવો આપે છે તથા આ માર્ગમાં પ્રમાદ આનિ અયોગ્ય છે. શયન સમયે તથા ઉત્થાન સમયે હવા ધૂપાદિદ્વારા સ્વચ્છ કરવી જોઇએ તથા ચારે દિશાના અનુક્રમે ફરી અધિષ્ઠાતા દેવતાઓનાં નામો ઉચ્ચારવાં જોઇએ. જે જે કૃત્યો કરવાનાં અને તે કદાપિ કોઇને કહેવાની જરૂર નથી, ગુપ્તતા, એ આ માર્ગનો અનિવાર્ય તથા પરમ સિદ્ધાન્ત છે. જીજ્ઞાસુઓની જીજ્ઞાસા અન્ય વર્ણનોદ્વારા પૂરી પાડવી જોઇએ પરંતુ સર્વને સર્વ ભડકાવી મારવું યોગનું નામ દેવાની જરૂર નથી.

યોગીએ એકાન્ત આવાસમાં રહેવું જોઇએ તથા તેની પાસે પણ મહા કુટુંબોને જઈ શકાય. વિવિધ સંબંધો અને મૈત્રિ પણ તેને આવશ્યક છે, પરંતુ તે સંબંધોથી મુક્ત થવાં જોઇએ તથા સર્વ નુકશાન ખમીને પણ તે સચવાવાં જોઇએ. તેણે પોતાની શક્તિયોને અંતર્મુખવાળીને સ્વસ્થ સ્થાન પસંદ કરવું જોઇએ: પરંતુ પ્રથમ તે જેટલો નિર્ભય અગમ્ય હશે, તેટલોજ તે પછીથી જેમજેમ અધિકારમાં વધતો જશે તેમતેમ પ્રીય થઈ પડશે.

યોગમાર્ગ શિવાય તેને અન્ય ધંધો પણ હોવો જોઇએ કારણ કે યોગ કોઇ પ્રકારે ધંધો નથી. આભ્યાસિક પ્રથમોપદેશ માટે ગરિબ અને મહેનતુ જીવન ઘણું ઉપકારક છે કે, મોટા મોટા મહાત્માઓએ પણ, સમગ્ર દુનિયાની લક્ષ્મિ તેમનાપગે પોઢેલી હતાં, તેવા જીવન માટે અંતરથી ઇચ્છા દર્શાવે છે. મહાત્માબુદ્ધાદિના દાખલા સર્વ સુવિદિતજ છે.

કષ્ટ સહન કરે અપમાન એવાં પદાર્થો તથા કુટુંબ મનુષ્યોથી તેણે દૂર રહેવું જોઇએ અંતને પામવાં ન હોય તેવા સાધે તેણે ભોજન પણ ન કરવું તથા નિર્દોષ જીવન માટેનું જોઇએ. તેને ઘણોજ ઉચ્ચ આદર્શ હોવો જોઇએ કારણ કે મેળવવાનો પ્રયત્ન કરવા માટેજ. જીવતાં માણસો

ઉડાડી મૂકેલા રાજાની પેઠે, તેણે પોતાની જાતને ગણવી જોઇએ—સર્વ સાથે મળતાવડાં તથા યોગ્ય પ્રકારે વર્તાનું હોવાથી વિવિધ સંબંધોથી વિદૂર થવું આવશ્યક છે.

યોગકાર્યોમાં પ્રવર્તતા મનુષ્યને દરરોજ થોડી કસરત કરવી જરૂરની છે, તેમજ લાંબાં લાંબાં નૂકામાં જાગરણોમાંથી દૂર રહેવાનું છે, ઝેરી વાતાવરણનો ત્યાગ કરવાનો છે, તથા બગડી ગયલું પાણી તથા ન પચી શકે તેવા અને અશુદ્ધ અહારથી દૂર રહેવાનું છે. આ સર્વ ઉપરાંત તેને દરરોજ ગમે તો કલામાં, ઉદ્યમમાં અથવા અંગ મહેનતમાં, ઐહિક દુનિયાની જંજાળોમાં, પ્રવૃત્ત થઇને, યોગમાર્ગની ખરી કસોટી કાઢી જોવાની જરૂર છે. સ્પષ્ટ રીતે જોઇ શકાવાને માટે આપણે જોજો કરવાની જરૂર નથી, કારણ જે મનુષ્ય એકજ નિશાનને તાકવામાં સર્વ જીવન ગાળે છે, તે કદાચ અંતે નિશાનને બરોબર સાધવાનું ભુલી પણ જાય. આના જેવી મનમાં સ્મરી રાખવા યોગ્ય સૂચના વળી એ છે કે, અસ્વસ્થ પ્રકૃતિ હોય ત્યારે યોગમાં પ્રવૃત્ત થવું બીલકુલ વ્યાજબી નથી.

શક્તિયોની સામ્યાવસ્થા પ્રાપ્ત કરવી તથા બાહ્યિમય પ્રેરણાની શક્તિનો નિરોધ કરવો, એ યોગીને માટે આવશ્યક સ્થિતિ છે. આપણા સ્વરશાસ્ત્રની પ્રક્રીયાઓ પણ કોઈ આવા લક્ષ તરફજ દોરે છે. શક્તિયોની સામ્યાવસ્થા પ્રાપ્ત કરવાને, તેઓને એક સાથે જાળવી રાખવી જોઇએ, અને એક પછી એક તેમને કાર્યનો પ્રદેશ આપવો જોઇએ.

શું આથી પણ વધારે સાદી રીતે કહેવાની જરૂર છે? જેમ જેમ તું વિશેષ વિનીત અને શાંત થતો જશે, તેમ તેમ તારો ક્રોધ ઘણો અસરકારક નિવડશે; જો પ્રથમ તું ઘણોજ અપકારકર્તા હોઇશ, તો તારી વિનીતતાની ઘણીજ કીંમત થશે: જો તું વિશેષ યુક્તિવાળો હોઇશ, તો તારી બુદ્ધિથી તેમજ સદ્ગુણોથી પણ તને ઘણોજ લાભ થશે; જો તું ઘણોજ રાગરહિત હઇશ, તો તારે માટે અન્યનો પ્રેમ પ્રાપ્ત કરવો સહજ થઈ પડશે. જાતિક્રમમાં આ અનુભવની વાત છે, અને કર્તવ્ય પ્રદેશમાં અચૂક રીતે તે અનુભવવામાં આવે છે. અવિભક્ત માનવ વિકારો, અનિવાર્ય રીતે તેમની અનિયંત્રિતકામનાના વિરૂદ્ધ અસર ઉપજાવે છે. હૃદયારના પ્રેમદ્વારા વિરોધ પેદા થાય છે, અધિકારસ્કાર પોતાની વિરૂદ્ધ વર્તે છે અને પોતાની મેળે જ શુદ્ધ થાય છે, ગર્વદ્વારા અધમતા ઉદય પામે છે તથા અધમમાં અધમ હીનતા આપી પડે છે. તેથી જ મહાત્મા ભગવાન્ શ્રી કૃષ્ણે યોગનું ખરૂં રહસ્ય ખુલ્લું કર્યું છે કેઃ—**अद्वेष्टा सर्व भूतानां मैत्रः करुणएवच** । ઈત્યાદિ.

કેટલાક તરફથી એમ કહેવામાં આવે કે, આવા પ્રકારની ક્ષમા તો માત્ર એક ઢોંગ છે અને સુધરેલી વેરવાળવાની રીતિને તદ્દન મળતી આવે છે, પરંતુ એટલું સ્મરીરાખવાની જરૂર છે કે, યોગી તો એક મહારાજાધિરાજ છે. અત્રે પણ જોવામાં આવે છે કે, મહારાજા વેર વાળતો નથી પરંતુ તેને શિક્ષા કરવાનો હક છે; જ્યારે તે તેના હકનો ઉપયોગ કરે છે, ત્યારે તે તેનું કર્તવ્ય કરે છે અને તે નીતિરૂપે તો નિષ્ઠુર છે. વળી એટલું વિશેષ પણ સ્મરી રાખવાની જરૂર છે કે, આ શબ્દોનો કોઈ અન્ય અર્થ ઉઠાવે નહિ; કા-

રણ કે આપણો વિચારવિષય, પુણ્યદ્વારા પાપના પ્રાયશ્ચિત્તનો તથા જૂલમ સામે વિનીનતાના વિરોધનો છે. જો સદ્ગુણનો ઉપયોગ કરવો એ દુર્ગુણને એક સપાટા સંમાન હોય તો, દુર્ગુણને બચાવવાની તકરાર કરવાનો કોઇને પણ હક નથી; અથવા જો તેમ હોય તોપણ દયાનો ઉપયોગ તો શરમભરેલી, અને દુઃખી રીતેજ થઇ શકે.

યોગી જે ધર્મનો હોય, તે ધર્મનાં કર્તવ્યો તેણે કરવાં, તથા તેના ખાસ આચારો પાળવા, એ આવશ્યક છે. આધુનિક સર્વધર્મોમાં ખરોધર્મ તો તે જ છે કે જેમાં, ઘણામાં ઘણા ચમત્કાર માનવામાં આવ્યા હોય, યથાર્થ કારણો ઉપર અગમ્ય રહસ્યોનો આધાર હોય, આવાં રહસ્યોને લોકપ્રીય કરવામાં આવતાં હોય, તથા શ્રદ્ધાદ્વારા પ્રભુને મનુષ્યમાં અવતારવામાં આવતો હોય, દુનિયામાં પરા પૂર્વથી આ ધર્મ ચાલ્યો આવે છે, અને વિવિધ નામોદ્વારા આગળ પડતા ધર્મરૂપે સદા રહ્યાં કરે છે.

અમારે તો સંપૂર્ણતાસ્વરૂપે તથા સંપૂર્ણધર્મરૂપે આ યોગવિદ્યા છે, અને તેમાં સર્વ અભિપ્રાયો તથા સર્વ ધર્મોનો સમાવેશ કરી લેવાનો નથી, પરંતુ તે સર્વને ઉદ્દિપિત કરી નિયમવાના છે; આ કાર્ય દીક્ષિતમંડલોની સ્થાપનાદ્વારા તથા અંધસમૂહોને બુદ્ધિમંત અને સ્પષ્ટ-વાણીવાળા નિયામકો પુરા પાડવા દ્વારા થઈ શકે એમ છે.

સામાજીક અને બુદ્ધિવિષયક અંધકાર, કે જેના મધ્યમાં આપણો વિનાશ થઈ રહ્યો છે તે દીક્ષા તથા તેનાં રહસ્યો અને પરિક્ષાઓની ઉપેક્ષાને લીધેજ છે. કાર્યકરવાદ્વારા તથા મહેનત અને ઇચ્છિતવૃદ્ધિદ્વારા દીક્ષા પામવાનો પ્રકૃતિનો આવશ્યકનિયમ, આજકાલ ઘણીજ દીલગીરી ભરેલી રીતે ઉપયોગમાં લેવામાં આવે છે. લથડીપડતા અને વિનાશ શરણ થતા સમાજનો ઉદ્ધાર થવા માટે, આચાર્ય અને દીક્ષા સંસ્થાઓ પુનઃ સ્થાપન થવાની જરૂર છે. કાર્ય વિકટ છે, પરંતુ સમગ્ર સાક્ષર દુનિયા એકાર્ય ઉપાડી લેવાની આવશ્યકતા વિચારી રહી છે, અને હજુ પણ જેઓ વિનાશ અને મરણની મધ્યમાંથી જીવનનું પુનઃસ્થાપન કરવાની ઇચ્છાવાળા જીવે છે, તેમને આ નિબંધદ્વારા આટલી નમ્ર વિનંતિ છે.

ઉપતંત્રી

આધુનિકઅવલોકન.

(મળેલું.)*

અતિશય વાંચવું એ સર્વદા સ્તુતિપાત્રજ હોય એમ બની શકે નહીં બાલ્યાવસ્થામાં તો વાચન એ અત્યુપયોગી અને આગળ ઉપર ભવિષ્યમાં જ્ઞાનની વૃદ્ધિનું કારણ છે. અને સર્વથા ઉત્તેજન આપવા યોગ્ય છે. પ્રશંશા કરવા યોગ્ય છે. આનંદ પામવા જેવું છે અને

* લેખક—રા. રા.—શાન્ત.

કલ્યાણ રૂપી સૂર્યનો ઉદય સૂચવનાર અરૂણોદય સમાન છે. શાસ્ત્રકારો પણ સર્વ વ્યસનનો નિષેધ કરતાં માત્ર બેજ વ્યસનને અનુમોદન આપે છે અને તેમાંનું એક **વિદ્યાવ્યસન** અને બીજું **હરિપાદસેવનવ્યસન** છે. હવે જે સજ્જનો પોતાની જાતને વિદ્યા વિલાસી સમજતા હોય અને માત્ર વિદ્યાનાજ તેના સાધારણ અર્થમાં અભિલાષી હોય તેઓને તો પોતાનેજ ઇચ્છા પ્રમાણે વર્તવા દેવા એજ યોગ્ય છે. પરંતુ જેઓ હરિપાદ સેવન એ વ્યસનનો ઉપભોગ કરવાની ઇચ્છાવાળા હોય અથવા તો સર્વ વિદ્યાઓમાં શ્રેષ્ઠ એવી બ્રહ્મ વિદ્યાની પ્રાપ્તીને અર્થે પ્રતીક્ષણે અત્યંત દુર્નિવાર્ય આકાંક્ષાવાળા હોય તેમનો માર્ગ માત્ર પ્રવૃત્તીમાંજ લાગી રહેલા, અથવા તો સાધારણ પ્રકારની અન્ય વિદ્યાઓમાં મચીરહેલા અને પોતાના અંતઃકરણનો દુષ્ટ રાજસી હેતુ નહી સમજનારા, વિદ્વાનો કરતાં સ્પષ્ટ રીતે ભિન્ન હોવો જોઇએ. આ પ્રસંગમાં દુષ્ટરાજસીહેતુ આવા જનોમાં શો હોય અને તે શી રીતે સંભવે એ જણાવવાની જરૂર સર્વને લાગશે. એવું એક કેકાણે કહ્યું છે:—

विद्याविवादायधनंमदाय । शक्तिः परेषांपरिपीडनाय ॥
खलस्यसाधोः विपरीतमेतद् । ज्ञानायदानायपरीरक्षणाय ॥

મનનું સૂક્ષ્મઅવલોકન કરનારા બીજા અનેક મહાત્માઓનાં આ પ્રસંગે લાગુ પડે એવાં વચનો વાચકને મળી આવશે. સૃષ્ટીમાં ભિન્નભિન્ન પદાર્થો પ્રાણિઓને તેમના તત્વ પ્રમાણે ભિન્ન ભિન્ન ગુણ આપે છે. જેનો જેવો અધિકાર તેને તેવુંજ ફળ મળે છે.

સકલબ્રહ્માંડનો નાશકરે એવું હાલાહલવિષ શંકરને પ્રાપ્તકરી માત્ર તે મહાયોગીશ્વરના કંઠને સૌંદર્ય આપનારૂં એક આભૂષણ રૂપે જ નિવડયું; અને વળી મધુર સ્વાદ આપનારી શર્કરા લોકમતપ્રમાણે રાસભને પ્રાણનાશક થઈ પડે છે. પ્રાણીમાત્ર વ્યાઘ્રીના દર્શનથી ત્રાસ પામી પોતાના પ્રાણનું રક્ષણ કરવા નાસાનાસ કરીમૂકે છે પરંતુ વ્યાઘ્ર તો પોતાની પ્રિયા પ્રાપ્ત થઈ એમ સમજી પ્રેમ ભર્યો પાસે જઈ મદનચેષ્ટાઓ કરી સુરતસુખ અનુભવે છે. આજ પ્રમાણે વિદ્યાનેવિષેપણ સમજવું. જેઓ તેના વાસ્તવિક અધિકારી છે તે તો નિઃસંશય સુખી જ થાય છે. તેઓને તો તે ભૂષણ રૂપ છે. પરંતુ અનધિકારીઓને તો વિદ્યા દૂષણ રૂપ નિવડે છે તેઓ જેમ જેમ વધારે વાંચે અથવા લખે તેમ જન સમૂહને ત્રાસદાયક થઈ પડે છે અને શાંતિનો નાશ કરનારા થઈ પડે છે અને અને વધારે ઉપાધિઓમાં લપટાઈજવાથી પોતાની જાતનું શ્રેયઃસંપાદનકરવાનેપણ અયોગ્ય કેટલાક કાળ સુધી થઈ પડે છે. જેઓ પોતાના તથા પરના સત્યજ્ઞાનને અર્થે કલ્યાણને અર્થે સત્યનું શોધનકરવાનેઅર્થે એટલે કે ટુંકાણમાં જે સર્વની પ્રશંસાને પાત્ર છે એવા કાર્યોની સીદ્ધિને અર્થે, વિદ્યાનુંસેવનકરી તેની પ્રાપ્તીકરી અને પોતાના શુદ્ધસાત્વિક અને સત્યવિચારો બીજાને પ્રાપ્તકરાવે છે તેજ વિદ્યાના ખરા અધિકારી જાણવા અને સજ્જનોએ વિદ્વાન એ શબ્દનો વ્યય આવાજ પુરૂષોને વાસ્તે તેમની કુતર ઉપાધીઓ લક્ષમાં ન લેતાં કરવો. પરંતુ **उदर निमित्त बहुकृतवेशः** । એમાંના જે હોય તેમને તો વિદ્યાના વ્યાપારી જાણવા. તે તો લોભના, પ્રેર્યા ક્રોધ વખત અયોગ્યનો પણ વિચાર કર્યા વગર ચર્ચા

જશે; વળી કેટલાકને દ્રવ્યનો લોભ નથી હોતો પરંતુ કીર્તિની ઇચ્છા હોય છે. હું પણ વિદ્વાન કહેવાઉં. હું પણ કાંઈ લખું. કોઈ ગ્રંથનો કર્તા થાઉં તેમ ન બને તો કોઈ લખે તેના ઉપર ટીકા કરૂં. સ્વતંત્ર વિચાર આમ પણ ન ચાલે તો છેવટે કોઇનું અનુકરણ કરૂં. તે પણ ન બને તો વધારે ભાષાઓનું જ્ઞાન મેળવી છેવટે તરજુમો કરીને પણ પ્રસિદ્ધીમાં આવું. અથવા તો કાંઈ કવિતા લખું. જો સ્વતંત્ર ઉલ્લાસ ન ઉદ્ભવે તો કાંઈ સમસ્યોકી પણ લખું. જો કદાચ માત્રાઓ ન મળે તો આડા લીંટાઓ પણ ખેંચી દીર્ઘ બનાવી અથવા અંધારૂં પડે તો સમયને અનુકૂલ અસંખ્ય એવા અર્થ ચંદ્રોનો પણ પ્રકાશ કરી જે થાય તે ખરૂં **यद्वा वितद्वा वितव्यम्** પણ આટલા બધા વિદ્વાન પણ કયાહુમભીદીચ નહીં એમ કાંઇ ચલાવું તો ખરૂં જ. આવી રીતનાં અનેક જાતના તરંગો આજકાલના અને આગળના પણ કેટલાક લેખક સાગરોની વિશે ખળભળાટ કરી રહ્યા છે. જેઓ સહેજસાજ યથાર્થ જ્ઞાન તરફ વળેલા હશે તેઓને આ ઉધમાત જેમ જેમ ખરૂં જ્ઞાન વૃદ્ધી પામે છે તેમ તેમ ઓછો થાય છે. તેમ જ કોઇક પૂર્ણ જ્ઞાનીઓ પણ હશે કે જેઓ પોતાનું કામ આ-ઉપદ્રવના લેશ ભોકતા થયા શિવાય ઘણા જ શુદ્ધ હેતુથી ચલાવતા હશે. **बहुरत्नावसुंधरा** । એ જ વાક્ય ઉપરથી આ જગતમાં હરકોઇ સમય ભિન્નભિન્ન પદાર્થોનુ તથા પ્રાણીઓનું તેમજ સજ્જન તથા દુર્જન, જ્ઞાની તથા અજ્ઞાની વિગેરેનું અસ્તિત્વ યથાર્થ લાગે છે. આમ છતાં એ આજકાલ લેખકપ્રશંસાનેઅર્થે તલપીરહેલા હજારો જીવો તરફડીયાં મારે છે. અને આગળ ઉદ્દેશેલો દુષ્ટ રાજસી હેતુ તે આજ છે. જેમ ચારે બાજુએ મોટાપહાડોથી ઘેરાયલાનગરનેવિષે સૂર્યનો ઉદયથયાછતાંપણ કેટલાક કાળ સુધી સૂર્યનું દર્શન થતું નથી તેમ જ આવા પુરૂષોને વિશે જ્ઞાનના ઉદયનો તથા દર્શનમાં બાધ કરનાર પહાડરૂપી આ દુષ્ટહેતુઓ સમજવા. જેઓને પોતાને ભાન નથી તેઓ બીજાને પણ ભાન કરાવી શકવાના નથી. જેઓ પોતે અસમર્થ છે તેઓ બીજાને પણ શક્તિવાન્ કરીશકવાના નથી. જેમ ચંપો જાને અત્યંત સુંદર અને સુવાસવાળો છતાં ભમરને અનુપયોગી છે તેમજ આવા પુરૂષો પણ ખરા જીજ્ઞાસુઓને અયોગ્ય છે. તેમનુ કરેલું તેમના જેવા થવાની ઇચ્છાવાળો એનેજ કામ આવશે. તેમનાથી કોઈ પણ પ્રકારનો ઉપકાર બ્રહ્મમાર્ગે વાસ્તવિકરીતે લાગેલા મનુષ્યો પર થવાનો નથી.

જનસમૂહમાં જ્ઞાનીઓ જેની લેશ પણ પ્રશંસા ન કરે એવા માત્ર એક પોતાના એમ કરી ઉચ્છિષ્ટ વિચાર દર્શાવનારા આવા લેખકો પોતાનો દુષ્ટ હેતુ સાધવાને અર્થે પોતે દ્રવ્ય સંબંધિ હાની ભોગવીને પોતાનું ખરૂંકર્તવ્ય ભુલીજઇને પોતાની ઉન્નતીનો ખરો માર્ગ ત્યાગ કરીને છેવટે કાંઈ પણ તેમનું છે એવો મિથ્યા આભાસ આપીને ચોરની માફક પારકી સંપત્તી પોતાની કરાવી બળવાન એવી દુરાગ્રહી આકાંક્ષાથીપ્રેરાયાસજ્જનોને લેશ પણ ઇષ્ટ નહી એવી પ્રશંસાની પ્રાપ્તી અર્થે પોતાનું કાંઈ પણ લખાણ છાપેલું જોવાની ઇચ્છા રાખે છે. આવાં લખાણો કોઈ પણ રીતે જગતનું કલ્યાણ કરી શકે ? અને જો કદાચ કલ્યાણ થાય તો તેનું કારણ કાંઈ બીજુંજ હોવું જોઇએ. કુમારીકાઓ તે પ્રૌઢાને શીરીને સુરતસુખ સમજાવી શકે ? તરતનાં જન્મેલાં બાળકો શીરીતે મૃગેંદ્રને ફાળ મારવાનું શીખવી શકે ? ભોંયરામાં બેઠેલો મનુષ્ય તે શી રીતે બહારની પૃથ્વીનું વર્ણન કરી શકે ? આવા પુરૂષો તો તેમનાજ

કોઈ સ્વાર્થી હેતુમાં મસ્ત થઇ આનંદ પામે છે. તથાપિ પ્રભુકૃપાથી તેમના અનુગ્રહને અર્થે દર્શાવવું જોઇએ કે માત્ર એક જ માર્ગ છે જે માર્ગે તેઓ અનુસરતા હોય તો તેમનો પણ સ્વાર્થ પારપડતાં લોકોનું પણ કાંઇક હિત થાય. આ સૃષ્ટીની રચના મહા બુદ્ધીશાળી પ્રભુએ એવી કાંઇક કરી છે કે વસ્તુતઃ કોઇ પણ વ્યક્તિની કોઇ એક તરફી નજરથી અવલોકન કરનાર નિંદા કરે તેટલી બધી તે દોષ-પાત્ર તો નથી, નથી ને નથી જ, પરંતુ આશ્ચર્ય ઉત્પન્ન થાય તો ભલે પણ એક દેખિતો વિરૂદ્ધ મત ઉત્પાદન કરવો પડે છે કે વ્યક્તિ માત્ર કોઇને કોઇ રીતે કોઇ પણ સદ્ગુણ યુક્ત હોય છે, ભ્રમરની સદૃશ સાર વસ્તુનું ગ્રહણ કરનારા જ્ઞાનીઓ તેમાંથી નિઃસંશય કોઇ સદુપદેશ કાઢે છે. જો કે અગ્નિ પોતાની દાહક શક્તિને લીધે સ્પર્શ કરવાને વર્જ્ય છતાં અથવા તો દુઃખદાયક છતાં પણ પાકશાસ્ત્રીઓ તેને પોતાના કાર્યમાં એક સેવક તરીકે યોજે છે તેમજ શિત નિવારણાર્થે તત્પીડિત જનો તેનો યોગ્ય આશ્રય કરી દુઃખથી મુક્ત થાય છે. આવિજ રીતે માહાત્મ્યભવવાળા જ્ઞાનીઓ અન્ય જનોને કેવળ નિંદાપાત્ર એવી વ્યક્તિઓનો પણ કાંઇક સદુદ્દેશ ઘટાવી કાઢશે. આજ પ્રમાણે આગળ ઉપર જણાવેલા લેખકો જો તે તો પોતાનો જ સ્વાર્થ સાચવવા મચી રહેલા છે તથાપિ તેઓ પણ આ ત્રિભુવન રૂપી રમકડાને પોતાની યથાર્થ સત્યેચ્છાથી નચાવનાર પર બ્રહ્મનું જ અજ્ઞાનથી કાંઇ પણ સેવક તરીકે પોતાનો ધર્મ યથાશક્તિ બજાવી આપે છે એ વાત વિચાર પરંપરાથી સાબિત થશે, સ્પષ્ટ રીતે ઘટાવી અપાશે. દક્ષ રૂપે રહેલા બ્રહ્મ પોતે સર્વ શક્તિમાન છતાં કાંઈ લેશ પણ અનર્થ થવા દે એમ કોઇએ સમજવું નહીં. તથાપિ અનર્થ પરંપરા દબાઇ ગયેલું સ્વરૂપ સત્ય જેમાં છે. જેમાં સત્ય માત્ર ગૌણ જ છે અને અન્ય ત્યાગ કરવા લાયક તત્વો પ્રધાન છે એવી વાતનું પરમ સત્ય પ્રમાણે રક્ષણ કરી જેથી સત્યની ઉન્નતિને બાધ આવે અને વળી તેમ કરવાથી દુર્જનોને અઘટિત ઉપકાર થાય વાસ્તે આ સ્થળે તેમનો બચાવ કરવો એ નાદુરસ્ત છે. તેમને નિરાશ કરવાનો કાંઇ આ હેતુ નથી પરંતુ સર્વને વિષે રહેલા અને તેમને વિષે પણ રહેલા સત્યદીપને પ્રકટ કરવાને અર્થે આ વિનંતી છે. કહેવત છે કે "મ્હાં જાણે પાપને મા જાણે બાપ." પોતાની અપકીર્તિના ભયથી પોતાની ભુલ તથા પાપ કોઇ માણસ કબુલ ન કરે એ દેખિતું છે. મનુષ્ય જાતિ સ્વભાવથી જ રજોગુણ પ્રાધાન્ય છે. સત્વ અને તમો ગુણ ગૌણ રૂપે તે વિષે હોય છે. તથાપિ મુખ્યત્વે કરીને સત્વના અંશો બહુ જ સ્વલ્પ હોય છે. ઉપરના આક્ષેપોમાંથી પોતે કેવળ મુક્ત છે એમ ઠરાવવું આજકાલના ઘણા ખરા લેખકોના સંબંધમાં અસંભવિત છે. મોટી મોટી યુનિવર્સિટિઓની ડિગ્રીઓ ધારણ કરનારા લોકોમાં સાક્ષર ગણાતા ભાષાનો ઉદ્ધાર કરવો એ જ જેમનો જન્મ પ્રસિદ્ધ પરોપકારી મહા હેતુ છે તેમજ અન્ય કેટલાક પણ આ દુષ્ટ હેતુથી મુક્ત હશે કે નહીં તે ઇશ્વર જાણે. તેમના જેવા જ તેમની પ્રશંસા કરે અથવા તો ભાષાની ઉત્તમ રચનાના કારણે તેમના ગ્રંથો કદાપિ શીક્ષણને અર્થે પસંદ કરવામાં આવ્યા હોય અને જેમ કોઇ કવિ પોતાના આશ્રય દાતા રાજાને તેને ચતુર્ભુજની ઉપમા આપે અને તે પણ મદાંધ થઇ પોતાની બગલમાંથી જાણે વખતે બીજા બે હાથ ફુટયા જ હશે એમ સમજે અને પોતાને અયોગ્ય એવી પ્રશંશા સત્ય જ છે એમ માને, આ પ્રમાણે અજ્ઞાન રૂપિ અંધકારમાં આગળને આગળ ધકેલાતાં છેવટે કોઇ ઉંડા કુવામાં પડિ ગયેલા લેખકોને પોતે ક્યાં છે તેનું ભાન પણ રહ્યું હશે કે નહીં? કોણ જાણે કે તેઓ પોતાના મનનો તેમને

અન્યાય છે. ઉત્પત્તિના પહેલાં, કારણ (cause) માં તેનું કાર્ય (effect) તલિન થઇને રહે છે. માટી ન રહેવાથી જેમ તેમાંથી ઘટાદિ પદાર્થો ઉત્પન્ન થઈ શકતા નથી,–માટી છે, માટે ઘટાદિ ઉત્પન્ન થવાનો સંભવ છે;–તેમજ કારણથી પણ કાર્ય ઉત્પન્ન થાય છે. કારણ વિના કંઈ પણ ઉત્પન્ન થઈ શકતું નથી. એમાં ઘણા લોક એવા તર્ક લાવે છે કે, અભાવથી જ કાર્યની ઉત્પત્તિ થતી દેખાય છે. ઘટનુંજ દૃષ્ટાંત લ્યો, તો જણાશે કે માટીનો પિંડ ધ્વંસ થાય તો ઘટ ઉત્પન્ન થઈ શકતો નથી; માટે મૃત્પિંડનો ધ્વંસ રૂપી અભાવ જ, ઘટોત્પત્તિનું કારણ છે. ઘણાએ આવો વાંધો કાઢી અસત્માંથી સત્તની ઉત્પત્તિ થઈ, એમ દેખાડી આપે છે. તેઓ આ ઘટના દૃષ્ટાંત શિવાય પણ બીજ અને અંકુરના દૃષ્ટાંતથી પણ આપણને કહે છે કે, ત્યારે આપણે શું જોઇએ છીએ ? જોઇએ છીએ કે, બીજ એકદમ ધ્વંસ થયા પછી અંકુર જન્મે છે; માટે બીજનો ધ્વંસ જ જ્યારે અંકુરોત્પત્તિનું કારણ, ત્યારે તો અભાવથી જ વસ્તુની ઉત્પત્તિ થાય એ પ્રમાણે થાય છે. હે સૌમ્ય ! અસત્વાદી પંડિતોનાં આ બે દૃષ્ટાંતો અને તેમના મત વિષે તેં સાંભળ્યું પરંતુ હું તને દેખાડી આપીશકે, તેમનાં આ દૃષ્ટાંતો અને યુક્તિયો તદન અસંપૂર્ણ છે. જુઓ, કુંભાર જ્યારે માટીવતે ઘટાદિ બનાવવા માંડે છે, ત્યારે પ્રથમ એક "માટીનો ઢગલો" અથવા મૃત્પિંડ તૈયાર કરે છે, અનેબીજું તે પિંડને ભાગી તેં વતે ઘટાદિ બનાવે છે. અવશ્ય આ સ્થલે તો, મૃત્પિંડનો ધ્વંસ થયા પછી જ ઘટ ઉત્પન્ન થાય છે, તેમાં કંઈ શક નથી. પણ તમે વિચાર કરી જુઓ, માટીના પિંડનો ધ્વંસ થયો તો ખરો, પરંતુ માટીતો માટીજ રહી; મૂલ ઉપાદાન માટીનો ધ્વંસતો આ સ્થલે દેખાતો નથી. પિંડતો માટીનો જ એક પ્રકારનો આકાર અથવા સંસ્થાન વિશેષ છે. માટીજ ઘટાદિનું કારણ, પિંડ રૂપી આકારતો ઘટાદિનું કારણ નથી; માટે મૃત્પિંડનો ધ્વંસ થયા પછી ઘટોત્પત્તિ થવાને લીધે "ધ્વંસજ" ઘટાદિનું કારણ, એમ સમજવું તદન અન્યાય છે. તેમજ સુવર્ણ–પિંડજ કડાં કંઠી વીગેરે જણસનું કારણ નથી, કડાં કંઠીની ઉત્પત્તિનું કારણ, તેઓનું જ છે. એક કાર્ય ઉત્પન્ન કરવાથી, તેના પૂર્વના બીજા એક કાર્યનો ધ્વંસ થઈ જાય,–આ નિયમ તો સર્વત્ર દેખાય છે. પરંતુ પૂર્વવર્તી એક કાર્ય ધ્વંસ થવાને લીધે કારણ પોતેજ ધ્વંસ થઈ ગયું, આ તો કંઇ યુક્તિ પૂર્ણ વાત નથી. માટે પિંડાદિનો ધ્વંસ થયા પછી, ઘટાદિની ઉત્પત્તિ થયા છતાં પણ, માટી જ્યારે વિદ્યમાન્ રહે છે–તેથી માટીનો ધ્વંસ થતો નથી;–ત્યારે અસત્પદાર્થથી જે ઘટાદિ સત્પદાર્થ જન્મે છે, તે વાત કોઇ પણ રીતે ન્યાયસંગત થઇ શકતી નથી; અને વળી જો કદાચ તમે એમ કહેશો કે, ઘટોત્પત્તિના પહેલાં, માટીતો ફક્ત માટીના આકારથી રહેતી નથી–તે પિંડાકારથી જ રહે છે–જો તમે એમજ કહેશો, તો અમે પણ કહીશું કે, પિંડના આકારથીજ રહો અથવા કોઈ અન્ય તરેહના આકારથી રહો, તેતો માટી શિવાય બીજું કશુંએ નથી. માટીજ પિંડાકારમાં રહી, વળી તે માટી જ ઘટાકારથી ઉત્પન્ન થાય છે; એમાં માટીનોતો ધ્વંસ થતો જ નથી. તે પિંડાકારનો ધ્વંસ થયા પછી પણ, તે માટીજ ઘટનું કારણ, એમ પ્રમાણિત થાય છે. બીજના દૃષ્ટાંતમાં પણ આવુંજ સમજી લેવું. જો કે આ વાત દૃષ્ટાંતમાં, બી સડી

પણ સત્યપ્રતિપાદક હોવાને લીધે જેમ અખંડ પડતું જળનું બિંદુ પથ્થરને પણ ભેદે છે તેમ અજ્ઞાની એવાં પ્રાકૃત હૃદયને ભેદે છે. હવે એક મહાન્ અનર્થનો ઉત્પાદક એક કેવળ અન્ય જ પ્રકારનો લેખક સૂચવવાનો રહ્યો છે. આ લેખક પોતાનું તથા અન્યનું દારૂણ અહિત કરનારો એક સુંદર સુવાસિતપુષ્પોના સમુદાયમાં અગ્નિ પ્રકટ કરનારો છે. તે મૂર્ખ પણ રહ્યો હોત તોપણ વધારે સારૂં થાત. માત્ર સ્વલ્પજ્ઞાનના અભ્યુદયથી તે પોતાને મહાજ્ઞાની સમાન સમજે છે. હવે આતે કોણ એમ વાચકને જીજ્ઞાસા થઇ હશે અને તેણે યથામતિ તર્ક પણ બાંધ્યો હશે. તથાપિ જણાવવું જોઇએકે એક માત્ર જેને ભાષાનું ઉત્તમ જ્ઞાન છે જે પોતાના વિચારો સારી યુક્તિથી પ્રયુક્ત અને અલંકારયુક્ત એવી ભાષામાં દર્શાવી શકે છે જે વળી જાણે મહાજ્ઞાનીનું અને અનુભવીનું આડમ્બર કરી ઘણી રસયુક્ત કવિતા પણ કોઇ કોઇ વાર લખે છે, જેની ભાવણ કરવાની છટા પણ સામાન્ય પ્રકાર કરતાં ઉંચી જાતની હોય છે અથવા તો સંક્ષિપ્તમાં બ્રહ્મવિદ્યાની જોડે લેશ પણ સંબધ ન ધરાવતી બીજી ઇતર વિદ્યાઓમાં, કળાઓમાં તથા હુન્નરોમાં જે કેવળ અદ્વિતિય છે અને આ કારણને લીધે જે લોકોમાં અસાધારણ પ્રશંશાને પાત્ર થયોછે પરંતુ જેણે બ્રહ્મમાર્ગમાં હજુ પગ પણ મૂક્યો નથી તથાપિ તેનું વર્ણન કરવા મંડી પડે છે અને ખરા જેઓ માર્ગના અવલોકન કરનારા છે તેમની સાથે પણ હરિફાઇ કરતો થકો તેમનાં વચનોપર પણ ટીકા કરેછે અને કોઇવાર અનાદર પણ કરેછે. આવા પ્રકારનો આ ધુતારો અને ઢોંગી એક લેખક ગણાય તેના જેવું બીજું અંધેર શું. આ તો ડમ્ભાઓએ ઈજ્જતને ઢકેલવાનો ઉદ્યોગ આરંભ્યો છે. વેશ્યાઓએ સતિને ઉપદેશ કરવા માંડ્યો છે. દાક્તરોએ અદાલતોમાં દલીલ કરવા માંડી છે. વકીલોએ પ્લેગનો ઉપચાર કરવા માંડ્યો છે. ઘર રૂપી દરમાં ભરાઈ બેશીને બીજા કોલંબસની પેઠે મહાસાગરોમાંથી અનેક અમેરીકાઓ શોધવા બેઠા છે. ભુગોળ ભણ્યા નથી અને પૃથ્વિ પર ફર્યા નથી અને ભોળા ભાવિક જનોને, નવાનવા ખંડ નવાનવા દેશો નવાનવા પહાડો નવીનવી નદીઓ, શહેરો, સામુદ્રધુનીઓ ભુશીરો, દ્વીપો, દ્વીપકલ્પો સમુદ્રો, મહાસાગરો, સરોવરો ઇત્યાદી જાણે એમણે ખરે ખાત જોયાંજ હોય અથવા તો એમના ગુરૂએ જોયલાં અને તેમની નોંધ તેમની પાસે હોય અને જાણે સમસ્ત પૃથ્વિનું અટન કર્યું હોય અને તેમણે જે બતાવ્યું તેટલુંજ છે અને બીજું તો બધે જળ અને સ્થળ છે, કારણ કે સર્વથી ઉંચામાં ઉંચા હિમાલય પર્વતના મૌંટ એવરેસ્ટ શિખર ઉપર તેમનો વાસ છે જ્યાંથી તેઓ એકી વખતે ચોતરફ બસેં માઇલથી પણ વધારે જોઈ શકે છે અને જરૂર પડે ત્યારે બલુનમાં બેશી વધારે ઉંચા ચઢી લગભગ અર્ધી પૃથ્વિનું પણ અવલોકન કરે છે, એમ બતાવે છે. જ્યાં જરા ભણ્યાગણ્યા અને વિદ્વાન્ કહેવાયા એટલે વાંચ્યુ કાંઇક થોડુંક વેદમાંથી તો વળી બીજું કાંઈ પુરાણોમાંથી, વળી જરા ઠીક ફાવે વાસ્તે ઉપનિષદ્ પણ ઉથલાવી દે, પરસ્પનનું જ્ઞાન હોય તો કુરાન પણ જોઈ લે, લાવો વળી એમ કરી કાંઇક અંગ્રેજીમાં પણ લખેલી ફીલુસુફીના ભુકા કાઢી નાંખે અને આડું અવળું બીજું કાંઈ સટર પટર ધમાધમ કરી જ્યાં જરાક ભેગું કર્યું એટલે તો જેમ સૂર્યનો અસ્ત થાય અને રાત્રિ પાસે આવતી જાય અને તારાઓ જેમ ફટાફટ ઉગવા માંડે અને થોડા સમયમાં જ્યાં ઉંચે જુઓ ત્યાં તારાને તારા બીજું કંઇએ નહીં તેમ આવા લેખકો કોઈ ખરા સૂર્ય રૂપી લેખકના અસ્ત થવે એક અહીંથી તો એક તહીંથી એમ ઝબોઝબ ઝળકયા જ જાણો તો. હવે શી બાકી, કારણ કે જો કદિતે અજવાળીઉં હોત

અને પૌર્ણિમાનો ચંદ્ર પણ જો હોત તો કેટલાક ક્ષીણ થાત. પરંતુ આ તો તેમના સદ્ભાગ્યે અને આપણા દુર્ભાગ્યે અમાવાસ્યા છે એટલે તો પછી ઝીણી તારલિઓ પણ ઝળકવાની; હવે આવા જે છે તે અજ્ઞાન રૂપિ અંધકારમાં શો પ્રકાશ કરવાના છે. જે લોકો તેમને આદર આપતા હશે અને તેમના વચનો પર વિશ્વાસ રાખતા હશે અને તેઓના પાંડિત્ય પ્રદર્શન પર મોહ પામશે તે પણ તેમની સાથે અંધારામાં કુટાશે અને છેવટે માત્ર વાંચતાં જ આવડયું અને વધારે ઉંડા વિચાર કરવાની શક્તિનો પ્રાદુર્ભાવ ન થયો એટલી જ ટુંકી વિદ્યાની પ્રાપ્તી થઇ અને વળી સારો વખત પણ આવાંજ વકલખાણો વાંચવામાં કાઢયો અને વધારે પરિચયથી છેવટે પોતે પણ તેવિ જ કોટિ કરતાં શીખ્યા અને માર્ગમાં અધવચ લથડયા તેઓને તો છેવટે વાંચ્યાનો પશ્ચાતાપ થશે. જે ખરૂં છે તે સર્વથા ખરૂં હોવું જોઇએ. કોઇ વિદ્વાને કહ્યું વાસ્તે ખરૂં માની લેવાની જરૂર નથી. કદાપિ માની પણ લેઇએ તો પણ પ્રત્યક્ષ કરવાની ઘણી આવશ્યકતા છે. કારણ કે તેમ કરવાથી કોઈ કાળે પણ ભ્રમ થવાનો સંભવ નથી. પદાર્થવિજ્ઞાનશાસ્ત્રીઓ જે કાંઇ દર્શાવે છે તેનો તેઓ પ્રથમ અખતરો કરી જુએ છે અને જેને જેને તેઓ કહે છે તેની પણ અખતરો કરી પ્રત્યક્ષ ખાત્રી કરી આપે છે. એટલે પછી તેઓ જે મત પ્રતિપાદન કરે છે તે સઘળાઓ એકમતે માન્ય કરે છે. તથાપિ જેનામાં પ્રત્યક્ષ કરવાની શક્તિ ન હોય તેણે એમ પણ ન કહેવું કે અમુક મહાત્માનું કહેલું અમુક કાંઇ ખોટું, કારણ કે આમ કરવામાં આપણું જ અજ્ઞાન અને શક્તિહિનત્વ સાબિત થશે. જે કોઇ ખરામહાત્માએ કહ્યું હશે તે તેણે ઘણા જ ચોકશ અનુભવથી યથાર્થ પ્રત્યક્ષ કરીનેજ કહ્યું હશે અને તે હયાત હશે તો પણ જેમ એકડે એક ભણનારા વિદ્યાર્થીની આગળ ગુરૂ ગણિતના કઠણદાખલાની રીત સમજાવવાનો નથી તેમ તે મહાત્મા હજુ સુધી પણ બ્રહ્મજ્ઞાનના સંબંધમાં બાળકતુલ્ય મનુષ્યની આગળ, ગમે તો તે મોટો રાજા હોય વા શ્રીમંત હોય અથવા તો અન્ય અપ્રસ્તુત વિદ્યાઓમાં કુશળ હોય, આ માર્ગના અસ્ખલિત સિદ્ધાંતોનું, કુંચીઓનું તથા ગતિનું વર્ણન કરનાર નથી. તે તો માત્ર ખરા અધિકારીને તેની જ્યાં સ્થિતિ હોય તેનાથી સહજ આગળનો ક્રમ દેખાડી શાંત થાય છે. તે તો સારી રીતે સમજે છે કે જ્ઞાનીઓએ નિરૂપણકરેલા સરળમાર્ગોનું અનુસરણ કરનારાઓને તેઓનું પ્રામાણ્ય પ્રાપ્ય થાય ત્યાંસુધી આગળનો માર્ગ સ્વતઃપ્રદર્શિત થાય છે. ગમે તેવી પૃથ્વિની ભુગોળ વાંચી હોય પરંતુ જેમ ઘર આઘળ બેઠાં શહેરો જણાતાં નથી તેમજ ખરેખાત પ્રયાણ કરતાં છતાં પણ જમીન પર વા સમુદ્ર પર કોઈ પણ વખતે એકજ સ્થળનો આશ્રય કરી રહેનારને સ્થળની ઉંચાઇના પ્રમાણથીજ જે ત્રણ અથવા ચોગ વધારે માઇલનું ક્ષિતીજ આવે તેથી વધારે દેખાતું નથી તેથીજ ફાવે તેટલું પ્રમાણિઓ વાંચે તોપણ બ્રહ્મદર્શન ચવાનું નથી. જેમ વારંવાર યુનિવર્સિટીનું કેલેંડર ઉથલાવનારો મનુષ્ય સર્વ ડિગ્રિઓ સંપાદન કરવાને અર્થે શું શું વાંચવું જોઇએ અને શું શું કરવું જોઇએ તે બધું ખરો બીએ થયો હોય તેના કરતાં પણ વધારે સારૂં જાણે છે છતાં એ જો તે ઘર આગળ બેશી રહે અને સમસ્ત કેલેંડરનો ગમે તો મોંઢેથી તેમાં જોયા વગર પાઠ કરી યુનીવર્સિટિગીતા બધાને સંભળાવ્યા કરે પણ કોઈ પણ પાઠશાળામાં દાખલ થાય નહીં અને યોગ્યાભ્યાસ કરી પરીક્ષામાં જ્યાં સુધી બેશીને પાસ થાય નહીં ત્યાં સુધી તેનુ સાંભળીને તે પ્રમાણે વર્તિને થયેલા હઝારો ગેજ્યુએટ જે ફીજા થઈ ગયલા છે તેમના એક

સહસ્રાંશ તુલ્ય પણ તે નથી. આજ જાતની બ્રહ્મગીતાનું આજકાલ જોર બહુ વધ્યું છે. જેને તે મોઢે કરે છે, ગાય છે, લખે છે અને વાચે છે, અને ખરૂ કર્તવ્ય ભુલી જાય છે. વાસ્તે આ લેખ લખવાનુ કારણ ઉત્પન્ન થયુ છે. બહુ વાચી, વાંચીને શું કરવુ' તમે ઘણુંએ વાંચ્યુ છે. તથાપિ વ્યસન વળગ્યુ હોય અથવા તો તમારા ધારવા પ્રમાણે વાંચવુ અધુરૂં રહી ગયુ હોય તો વાંચો —

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम्।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्तिते ॥

ભગવાનૂ શ્રીકૃષ્ણના આ પરોપકારી વચન ઉપર વિશ્વાસ રાખી ખરે માર્ગે મડી પડો. અને તમારી આતુરતા અને સત્યતાના પ્રમાણમાં તમારી ઈચ્છા હશે તો એક મોટો વેદ ભગવ તેટલા સત્યઅનુભવો તમને થશે તમારા આત્માને વિશે રહેલા બ્રહ્મનેજ તમારા પરમ ગુરૂ માની કામ શરૂ કરો તે તમને ખરે જરૂરતે દોરશે મિથ્યા તર્ક કુતર્ક છોડી દો

ઉપનિષદની ઉપદેશ વાર્તા.

(મળેલું)

શ્વેતકેતુ ઉપાખ્યાન

(અનુસંધાન પૃષ્ટ ૧૮૫ થી)

શ્વેતકેતુ બીજા દિવસે પિતાની પાસે આવીને કહેવા લાગ્યો,—પિતાજી કાલની વાત મેં સારી પેઠે મનન કરી છે, હવે જો આપ કૃપા કરીને વાર્તા આગળ ચલાવો તો સારૂં

મહર્ષિ અરૂણિએ કહેવા માડ્યુ,—હે સૌમ્ય! છેક અભાવાત્મક અસત્માથી સત્ પદાર્થનો પ્રાદુર્ભાવ થઈ શકનોજ નથી, આ વાત કાલે મે તમને કહી છે; આજે તેનું કારણ તમને કહીશ, ચિત્ત રાખી શાતભાવથી સાંભળો ઉત્પત્તિના પહેલાં કાર્ય અને કારણ કશાની ઉપલબ્ધિ થતી નથી, એમ કહીને તેઓ સમુલગાં હતાંજ નહિ, એમ ધારવુ તદ્દન

---

* લખનાર—એક સન્યાસિ.

* શ્રીમચ્છંકરાચાર્યે અભાવથી ભાવપદાર્થ ઉત્પન્ન થઈ શકતા નથી, તે વિષે બૃહદારણ્યક ઉપનિષદના ભાષ્યમા પણ એક સુપ્રસિદ્ધ તર્ક વિચાર દર્શાવ્યો છે. તેમના આ તર્ક વિચારમાં જે સઘળી નવીન યુક્તિયો દર્શાવવામાં આવી છે, તે અમે છાન્દોગ્યોપનિષદની આ વાર્તાની સાથે ઉલ્લેખ કરીશું વાચનાર! તમે વિચાર પૂર્વક વાચશો તો અમારો શ્રમ સફલ થશે

અન્યાય છે. ઉત્પત્તિના પહેલાં, કારણ (cause) માં તેનું કાર્ય (effect) તલ્લિન થઇને રહે છે. માટી ન રહેવાથી જેમ તેમાથી ઘટાદિ પદાર્થો ઉત્પન્ન થઈ શકતા નથી,–માટી છે, માટે ઘટાદિ ઉત્પન્ન થવાનો સભવ છે,–તેમજ કારણથી પણ કાર્ય ઉત્પન્ન થાય છે કારણ વિના કઈ પણ ઉત્પન્ન થઈ શકતું નથી. એમાં ઘણા લોક એવા તર્ક લાવે છે કે, અભાવથી જ કાર્યની ઉત્પત્તિ થતી દેખાય છે ઘટનુજ દૃષ્ટાત લ્યો, તો જણાશે કે માટીનો પિંડ ધ્વસ થાય તો ઘટ ઉત્પન્ન થઈ શકતો નથી; માટે મૃત્પિડનો ધ્વસ રૂપી અભાવ જ, ઘટોત્પત્તિનુ કારણ છે ઘણાએ આવો વાધો કાઢી અસત્માથી સતની ઉત્પત્તિ થઈ, એમ દેખાડી આપે છે. તેઓ આ ઘટના દૃષ્ટાંત શિવાય પણ બીજ અને અકુરના દૃષ્ટાંતથી પણ આપણને કહે છે કે, ત્યારે આપણે શું જોઇએ છીએ ? જોઇએ છીએ કે, બીજ એકદમ ધ્વસ થયા પછી અકુર જન્મે છે, માટે બીજનો ધ્વસ જ જ્યારે અંકુરોત્પત્તિનુ કારણ, ત્યારે તો અભાવથી જ વસ્તુની ઉત્પત્તિ થાય એ પ્રમાણે થાય છે હે સૌમ્ય ! અસત્વાદી પડિતોના આ બે દૃષ્ટાતો અને તેમના મત વિષે તેં સાભળ્યુ પન્તુ હુ તને દેખાડી આપીશકે, તેમનાં આ દૃષ્ટાતો અને યુક્તિયો તદ્દન અસપૂર્ણ છે. જુઓ, કુભાર જ્યારે માટીવતે ઘટાદિ બનાવવા માડે છે, ત્યારે પ્રથમ એક "માટીનો દગલો" અથવા મૃત્પિડ તૈયાર કરે છે, અનેબીજું તે પિડને ભાગી તેં વતે ઘટાદિ બનાવે છે. અવસ્ય આ સ્થલે તો, મૃત્પિંડનો ધ્વસ થયા પછી જ ઘટ ઉત્પન્ન થાય છે, તેમા કઈ શક નથી. પણ તમે વિચાર કરી જુઓ, માટીના પિંડનો ધ્વસ થયો તો ખરો, પરતુ માટીતો માટીજ રહી, મૂલ ઉપાદાન માટીનો ધ્વંસતો આ સ્થલે દેખાતો નથી. પિડતો માટીનો જ એક પ્રકારતો આકાર અથવા સસ્થાન વિશેષ છે માટીજ ઘટાદિનુ કારણ, પિડ રૂપી આકારતો ઘટાદિનુ કારણ નથી; માટે મૃત્પિડનો ધ્વસ થયા પછી ઘટોત્પત્તિ થવાને લીધે "ધ્વસજ" ઘટાદિનુ કારણ, એમ સમજવુ તદ્દન અન્યાય છે. તેમજ સુવર્ણ–પિડજ કડા કડી વીગેરે જણવનુ કારણ નથી, કડા કડીની ઉત્પત્તિનુ કારણ, તેઓનુ જ છે એક કાર્ય ઉત્પન્ન કરવાથી, તેના પૂર્વના બીજા એક કાર્યનો ધ્વસ થઈ જાય,–આ નિયમ તો સર્વત્ર દેખાય છે. પન્તુ પૂર્વવર્તી એક કાર્ય ધ્વસ થવાને લીધે કારણ પોતેજ ધ્વસ થઈ ગયુ, આ તો કઇ યુક્તિ પૂર્ણ વાત નથી. માટે પિંડાદિનો ધ્વસ થયા પછી, ઘટાદિની ઉત્પત્તિ થયા છતા પણ, માટી જ્યારે વિદ્યમાન્ રહે છે–તેથી માટીનો ધ્વસ થતો નથી,–ત્યારે અસત્પદાર્થથી જે ઘટાદિ સત્પદાર્થ જન્મે છે, તે વાત કોઇ પણ રીતે ન્યાયસગત થઇ શકતી નથી, અને વળી જો કદાચ તમે એમ કહેશો કે, ઘટોત્પત્તિના પહેલા, માટીતો ફક્ત માટીના આકારથી રહેતી નથી–તે પિંડાકારથી જ રહે છે– જો તમે એમજ કહેશો, તો અમે પણ કહીશું કે, પિંડના આકારથીજ રહો અથવા કોઇ અન્ય તરેહના આકારથી રહો, તેતો માટી શિવાય બીજુ કશુએ નથી. માટીજ પિંડાકારમાં રહી, વળી તે માટી જ ઘટાકારથી ઉત્પન્ન થાય છે, એમાં માટીનોતો ધ્વંસ થતો જ નથી. તે પિંડાકારનો ધ્વસ થયા પછી પણ, તે માટીજ ઘટનું કારણ, એમ પ્રમાણિત થાય છે બીજના દૃષ્ટાંતમા પણ આવુંજ સમજી લેવું. જો કે આ વાત દૃષ્ટાંતમાં. બી સડી

અને કહોઇ ધ્વંસ થઇગયાપછીજ, અંકુર ઉગી આવે છે ખરૂં તથાપિબીના *અવયવની વચ્ચે લીન ભાવથી અવસ્થિત (potentially existent) આકારનો તો ધ્વંસ થતોજ નથી; તે અવયવજ અંકુરમાં અનુસ્યૂત થાય છે અને પછી તેજ વૃક્ષ રૂપને પામી ઉગી નીકળે છે. માટે અત્રે પણ બીજ ધ્વંસ જ અંકુરનું કારણ તથી-બીજનાં અવયવજ અંકુરોત્પત્તિમાં હેતુ છે. આ ઉપરથી, વાદીનાં યુક્તિ તર્કમાં કંઇ સાર નથી, તે હું ધારૂં છું કે હવે તમને સમજણ પડી છે. માટે ઉત્પત્તિના પૂર્વકાર્ય, લીનભાવથી (Undeveloped or potential state) કારણમાં જ રહે છે. તે લીન ભાવથી અવસ્થિત કાર્ય જ પછી અભિવ્યક્ત, પ્રકાશિત (developed) થાય છે. અભિવ્યક્તિ થયાથીજ ત્યારે તેનું પ્રત્યક્ષ (perception) થાય છે. સૂર્યકીરણદ્વારા પ્રકાશિત થવાનાપૂર્વે પણ અંધકારમાં ઘટ વિદ્યમાન જ રહે છે, તેમજ પ્રકાશ્યમાન્ કાર્ય પણ, પ્રકાશિત થતા પહેલાં કારણમાંજ સન્નિહિત થઇને રહે છે. ઘટજો ત્યાં મમુલગા ન હોત, તો હજારો સૂર્ય કીરણનો પ્રકાશ આવી તેને પ્રકાશિત કરી શકત નહિ.

પરંતુ હે પુત્ર આ સ્થળે એક વાત તમારે યાદ રાખવાની છે. કારણમાં કાર્ય વિદ્યમાન્ રહે છે ખરૂ, પણ તે માટે તો તે બરોબર કાર્યના આકારમાં (ie fully developed state માં) રહેશે, એમ ધારવાનુ નથી. કાર્યનુ કારણમા અસ્તિત્વ રહેવાથીજ બસ મળ્યું થયું, એમ નથી. વિદ્યમાન્ રહ્યા છતાં પણ તેના અભિવ્યક્તિત્વની જરૂર છે. તે અભિવ્યક્તિનો પણ એક સાધક (Instrument) હોવો જોઇએ. જે ક્રિયાવતે તે લીન કાર્ય પ્રકાશિત થશે, તે ક્રિયા પણ સે સાથે રહેવાની ખાસ જરૂર છે; નહિ તો કાર્ય કોના બલથી પ્રકાશિત થશે વારૂ ? ઉત્પત્તિના પહેલાં, ઘટાદિ અવશ્ય "કશાથી" રોકાયલા અથવા આવૃત્ત થઇને રહે છે; તે રોકાણ અથવા આવરણ તોડી નાખવાથી, ઘટાદિનો પ્રકાશ થવો સંભવિત થઈ પડે છે. માટીમાંથી અભિવ્યક્ત થતા પહેલાં, માટીતો અવયવ પિંડનો આકાર ધારણ કરે છે; આ "પિંડાકાર-ધારણજ" ઘટનો આવરક અથવા રોધક છે, એમ કહેવું પડશે. આ પિંડાકારથી ઘટ આવૃત્ત રહેવાને લીધેજ ઘટની ઉપલબ્ધિ થતા નથી. આ પિંડરૂપ આવરણનો ધ્વંસ કરવાથીજ ઘટ પ્રકાશિત થઈ પડે છે. માટે આ ઉપરથી કાર્ય, કારણમાં પહેલાંથીજ વિદ્યમાન્ હતું, એમ સિદ્ધ થાય છે.

પરંતુ હે સૌમ્ય! આ સિદ્ધાંતમાં પણ એક શંકા ઉત્પન્ન થઈ શકે છે:—જો ઘટ પહેલાંથીજ વિદ્યમાન્ હતો, આ વાત ખરી હોય, અને વળી જો પિંડરૂપી આવરણનો ધ્વંસ કરવાથી જ, પૂર્વથી વર્તમાન ઘટની અભિવ્યક્તિ અથવા પ્રકાશ થવો સંભવિત હોય, તો જે માણસ ઘટ નિર્માણ કરવાને ઇચ્છે છે, તેણે તો ફક્ત આવરણનો ધ્વંસ કરવો જોઇએ,—ઘટને માટે અન્ય કોઈ તરેહનો પ્રયત્ન કરવાની જરૂર નથી. કુંભાર તો ફક્ત માટીના પિંડને તોડી કોડીને જ છાનો માનો બેસી રહેતો નથી, ઘટ બનાવવાને માટે તેને તો અન્ય

* જે મૂલધાતુ અથવા ઉપાદાનદ્વારા પદાર્થ ઘડાય છે, તેને જ તેનો "અવયવ" કહેવામાં આવે છે. જેમકે વૃક્ષમાંનાં મૂલપરમાણુઓજ વૃક્ષનાં અવયવ, અને વૃક્ષતો અવયવ વાળુ છે.

ઘણી તરેહનો પ્રયત્ન કરવો પડે છે. માટે ફક્ત આવરણનોજ ધ્વંસ કરવાથી ઘટ પ્રકાશિત થઈ પડશે, આ વાત કેવી રીતે મનાય? આવી શંકા થાય છે. પરંતુ આ શંકા તો છેક નકામી છે, માટે, તે સમજાવું છું, સાંભળો; મનમાં ધારો કે, અંધકારમાં એકાદ ઘટ પડેલો છે, અંધકારમાં ઘેરાઈ પડેલો ઘટ પ્રકાશ થવાને માટે માણસ જે દીવો લાવે છે, તે દીવો લાવવા રૂપી ક્રિયા શું ફક્ત અંધકાર નાશ કરવા માટે જ? તેનુ શુ ઘટ પ્રકાશ કરવાનુ એક પ્રયોજન નથી? અર્થાત અંધકારનાશ અને ઘટપ્રકાશ—આ ઉભય માટે દીપનુ પ્રયોજન છે અસલ વાત તો એજ છે કે, લોકો અભિવ્યક્તિને માટેજ નાના પ્રકારના પ્રયત્ન કરે છે, તે પ્રયત્નદ્વારા આવરણ નષ્ટ થઈ જાય છે, એતો માત્ર પ્રાસંગિક છે. કાર્ય પ્રકાશિત કરવા માટે જેજે ક્રિયાઓ આવશ્યક, તેતે ક્રિયા કરવાથીજ કાર્ય પ્રકાશિત થઈપડે છે.; માટે કારણમા કાર્ય સન્નિહિત રહે છે જ; ફક્ત તેના પ્રકાશને માટે કેટલીક ક્રિયાનું પ્રયોજન છે. તે સઘળી ક્રિયા ઉપસ્થિત થવાથીજ, કાર્ય પ્રકાશિત થઈ પડે છે; માટે ઉત્પત્તિના પહેલા કાર્ય જે તેમા જ વિદ્યમાન્ રહે છે, તે આ ઉપરથી પ્રમાણિત થાય છે, અને વળી તે સાથે એમ પણ સિદ્ધ થાય છે કે, સત્વસ્તુથીજ, સત્ ઉત્પન્ન થાય છે. જે સમૂલગુ હતુ નહિ, તેમાંથી કશુએ ઉત્પન્ન થઈ શકતું નથી.

હે સૌમ્ય! વળી જુઓ, જો અભાવ પદાર્થથીજ ઘટાદિ સત્પદાર્થ જન્મત, તો ઘટ નિર્માણ કરતી વેળાએ, મૃત્તિકાદિ સત્પદાર્થસગ્રહકરવાને આટલો આકુલવ્યાકુલ કેમ થાય છે? કુભાર જાણે છે કે, માટીથીજ ઘટ પ્રસ્તુત થઇ શકે છે.*

ત્યારે એમજ સિદ્ધાત થાય છે કે, સર્પ જે કુડલીકૃત આકાર ધારણ કરે છે, મૃત્તિકા પણ જેમ પિંડાકાર અથવા ઘટાદિનો આકાર ધારણ કરે છે, તેમ સૃષ્ટિના પહેલા જે સદ્ વસ્તુ હતી, તેજ રૂપાતરિત (modified) થઇ વિશ્વરૂપે દર્શનદે છે. માટે સૃષ્ટવસ્તુ સૃષ્ટિના પૂર્વે સત્રૂપથીજ અવસ્થિત હતુ. સૃષ્ટપદાર્થ તે સદ્વસ્તુનોજ રૂપાંતર માત્ર છે પિંડ અને ઘટ-ઉભય પરસ્પર ભિન્ન લાગે છે, પણ વસ્તુત ઉભય અભિન્ન-એક જ મૃત્તિકા માત્ર છે. ઘટતો તે પિંડાકાર મૃત્તિકાની જ રૂપાંતરિત અવસ્થા શિવાય અન્ય કઇ નથી. તેમજ આ વિશ્વ પણ સદ્વસ્તુનીજ રૂપાતરિત અવસ્થા માત્ર છે.

હવે એવી એક શકા થાય છે કે, બ્રહ્મ તો નિરવયવ, મૂર્તિહીન, અને નિષ્ક્રિય વસ્તુ છે આવી નિરવયવવસ્તુથી કેવીરીતે ભિન્નભિન્ન પદાર્થનાં આકારપ્રકારાદિ રૂપાંતરિત થયાં? રજ્જુના અવયવમાં જેમ સર્પાકાર બુદ્ધિ જન્મે છે તેમ બ્રહ્મમાં મનુષ્ય બુદ્ધિ કલ્પિત વિશ્વ રૂપનો અનુભવ થાય છે. મૃત્તિકા જેમ ઘટાકારમાં પરિણત થાય છે, રજ્જુ જેમ સર્પાકારથી

* શ્રીમચ્છકરાચાર્યે કેવી સુંદર ચિત્તાકર્ષક યુક્તિની અવતારણા કરીને "સત્કાર્યવાદ" સ્થાપન કર્યો છે, તે દેખાડવા માટેજ અમે આ વિષય આટલા વિસ્તારથી વર્ણવ્યો છે. પ્રિય વાચક! જુઓ યુરોપીઅન દાર્શનિક યુક્તિ કરતાં શકરાચાર્યની યુક્તિ કઈ ઓછી માલતી નથી

વિવર્તિત થાય છે, તેમજ બ્રહ્મ પણ વિશ્વાકારમા પરિણત થયુ છે, એમ મનુષ્ય-બુદ્ધિમા ભાસે છે એકવસ્તુમા અન્યવસ્તુનો આરોપ કરી લોકોએ જેમ તે વસ્તુને અન્ય વસ્તુના રૂપથી ધારે છે, જેમ માણસો રજ્જુનેજ સાપ જેવુ જુવે છે ઘટને વાસ્તવિક મૃત્તિકા નહિ પરતુ લોકો ઘટજ ધારે છે, તેમ મનુષ્ય બુદ્ધિ વિશ્વને બ્રહ્મના વિકાર તરીકે મનમા ધારે છે રજ્જુને રજ્જુ કહેવાથી, જેમ પહેલાની તે સર્પ બુદ્ધિ તિરોહિત થાય છે, ઘટને મૃત્તિકા તરીકે જાણવાથી ઘટબુદ્ધિ દૂર થાય છે, તેમજ ખરેખરા બ્રહ્મજ્ઞાનીની પાસેથી વિકાર બુદ્ધિ તિરોહિત થઈ જાય છે-વિશ્વ, સૃષ્ટિ મધ્યુ લોપ થઈ જાય છે-તેની દૃષ્ટિમા ફક્ત બ્રહ્મજ વિદ્યમાન્ રહે છે વિશ્વના આવા રૂપ આકાર વિગેરે સવળુ મિથ્યા તેઓ તે સત્ રૂપથી જ વર્તમાન છે બુદ્ધિઇન્દ્રિય વિગેરેને અવિદ્યાના પ્રભાવથીજ આકારાદિનો ભ્રમ થાય છે આ ભ્રમથીજ વિશ્વ, તે વિના સમસ્ત બ્રહ્મ પરતુ આ સર્વવાતો અત્યત ગૂઢ છે એનુ તત્વ આગળ ઉપર અન્ય પ્રસગે સમજાવી આપીશુ

(અપૂર્ણ)

જડવાદ અને ચૈતન્યવાદ

(મળેલુ)

જમાનાનુ જોર પ્રબળ છે કાળને વશ થયલા અનેક સાધુઓ મનમા મુઝાઈ ખૂમો પાડી આવ્યા તેવા આ અનતમમાર્ગમાથી ચાલ્યા ગયા છે તેમના સુસ્થાનમા વાવેલા બી અનુકૂલ કાળે પાછા અકુરિત થયા પણ છે, વળી કાળબળ અવળો સવળો ઝપાટો લગાવી તેને મૂકવી પણ દે છે આશા અમર છે સત્ય કહેનાર મનુષ્ય કાળના આવા અકલિત પ્રભાવથી છેક અજાતો નથી દુષ્ટ કાળને લીધે સત્યના ઉપર રગ ચઢાવી બોલતો નથી દુષ્ટ કાળ જેવો આવ્યો છે તેવો વળી સારો કાળ આવશે એવીજ તેની આશા હોય છે અને તેવા આવતા ભવિષ્ય કાળને માટે મહાત્માઓ અત્યારથીજ સામગ્રી મુકતા જાય છે તે તેમની દીર્ઘબુદ્ધિનો તથા તેમના અતુલઅનુભવનો પ્રભાવ છે

આજ આ કાળ છે કાલે બીજો પણ સમય આવશે માટે આજનુ કહેવુ છેક વ્યર્થ નથી આજે પાશ્ચિમાત્યજડવાદનો હાથ ઉપર છે તો કાલે પુરાણવિદ્યાનુ પણ સામ્રાજ્ય સ્થપાવાનો સભવ છે જડવાદનો વિવાદ આધુનિક કાળમા છેક વધતો જણાય છે અને આપણી બુદ્ધિની ક્ષીણતાની સાથે દૈવયોગે આપણા પશ્ચિમના સબધે વળી પુસ્તકોદ્વારા ત્યાની જડબુદ્ધિએ આપણા શૂન્યવિચારમા ઉડામૂલ ઘાલ્યાં છે મનમાં ઉચ્ચવિચારની ઉછળતી ઉર્મિયોને આપણા અકલ્પ્ય સબધોએ દબાવી દીધી છે ઉંચી સ્થિતિ ઉપર ચઢતા

---

* લેખક—ગ. રા બાન.

તિ પ્રબલ પ્રમાણો તેમને અંતરાય રૂપ નડે છે. જરી આઘા જાય છે અને વળી પાછા પડે છે. ચૈતન્યવાદ તરફ દોરી જતી તેમની હૃદયઉર્મિયો અને વિદ્વત્તાના મિથ્યાભિમાન વચ્ચે દારૂણ યુદ્ધ શરૂ થાય છે અને ઉછળતી યુવાવસ્થાના તોરના મદમાં "બસ ચૈતન્યની વાત સર્વ વેહેમ છે" એમ ગણી જડવાદના પક્ષમાં જઇ બેસે છે. યુવાની ઉતરતાં વૃદ્ધાવસ્થાનો અનુભવ પાછો ચૈતન્ય તરફ દોરતો જણાય છે અને તે સમયે ઇન્દ્રિયાદિનુ જોર શિથિલ થતાં જરા જરા ઠેકાણે આવવાનો સમય થાય છે ત્યારે સોરૂ તો યમધામનુ તેડુ આવતાં અતિ કરૂણ અવસ્થામાં રાશયાત્મા પોતાના શંશય સાથેજ સસારનો ત્યાગ કરે છે. આત્માને ઉન્નત સ્થિતિએ મુકવાનો જીવનનો અમુલ્ય લાભ લેવાયલો નહીં હોવાથી આ જીંદગીનાં ૫૦–૬૦ વર્ષનો કાળ નિરર્થક ગુમાવે છે અને આખરે તો સુખ પ્રાપ્ત્યર્થે ચૈતન્યનો આશ્રય કર્યા વિના છૂટકો નથીજ નથી.

હાલના સસારનો આવો વિચિત્ર વ્યવહાર જોતાં અને મનુષ્ય પ્રકૃતિમાં આજ આટલો બધો ફેર પડતો જણાય છે એ ઉપરથી સ્પષ્ટ સમજાયછે કે ચૈતન્યવાદની સ્થિતિને અર્થે આપણામાં ઉપર કહેલા માણમોના સગથી અથવા તેમના વિચારથી જેજે ખોટા અર્થ દિન પ્રતિદિન થતા જાય છે તેમને સભાળથી સુધારવાની અતિ અગત્ય છે તેમજ ચૈતન્યવાદને દઢપાયા ઉપર મુકવા તેના સમર્થનાર્થે જે પ્રમાણબુદ્ધિ ગ્રાહ્ય હોય તે સર્વ પ્રમાણ એકત્ર કરી જડવાદકોને એટલું તો બતાવવાની જરૂર છે કે તેઓ અધમની ઉંડા ઘરામાં પડવાજ ધસ્યા જાય છે. આમ થતાં જો એ અવિદ્યા વિદ્વાન કાંઇ સમજી અવળે રસ્તેથી ઉતરી શુદ્ધ પથે ચઢે તો ઠીક થાય નહીં તો પછી જીવાત્મા ઉપર જ્યારે ઇશ્વરનુ પણ સામ્રાજ્ય ચાલી શકતું નથી તો મનુષ્ય કોણ માત્ર છે! જે રસ્તે શુદ્ધ વિચારથી નહીં જવાય તે રસ્તે ચઢાવનાર ઇશ્વરની અનત સૃષ્ટિના અસ્ખલિત નિયમો તો તૈયારજ છે. માર્ગ દર્શાવનારનું કહ્યુ નહીં માનતા અહકારના પૂરમાં તણાતો અવળે માર્ગે વિચરનાર હઠીલો માણસ ભૂલો પડશે, ત્યાં અધારે અથડાશે, થાકશે, ચોરનો માર ખાશે, સર્વસ્વ લૂટાશે, ચીથરે હાલ થશે હોરે જ તેના અહકારનુ કુડુ નીચુ નમશે અને આવી વિપત્તિના ભારની શિખામણ માની આખરે અજ્ઞાત પથથી પાછો ફરી સરલ દર્શાવેલે રસ્તે જરો આવાં સકટ જ્યાં સુધી એના ઉપર પડયાં નથી અને તે સંકટથી થતા અનુભવના જ્ઞાનનો એને પ્રસાદ મળ્યો નથી ત્યાં સુધી ઇશ્વર એક કોરે ઉભોઉભો એવા દુર્વિચારપ્રાણિની લીલા જોયા કરશે પરંતુ જ્યારે સર્વાવસ્થાના અનુભવે પ્રપૂર્ણ થશે ત્યારે દયાનિધિ, ભગવાન્ એનો હાથ ઝાલશે અને ત્યારે જ એને ચૈતન્યવાદના સત્ય ઉપર શ્રદ્ધા બેસસે ત્યાં સુધી આપણે તો આપણો પ્રયત્ન કરવો એજ આપણુ કર્તવ્ય છે.

જગત્માં વસ્તુ માત્રનો અનેક પ્રકારે આપણને અનુભવ થાય છે, આપણે તેનું રૂપ તેનુ રંગ, તેનું વજન, તેનુ કાઠિન્ય ઇત્યાદિ તેના સ્થૂલ ગુણનો અનુભવ કરીએ છીએ અને તેના સ્વભાવનો પણ તેની [illegible] જ અનુભવ કરીએ છીએ; એટલે કે અમુક વસ્તુ ઉપર અમુક પ્રકાર કર્યો હોય તો તે અમુક રીતેજ પ્રવર્તશે ઉદાહરણ તરીકે મીઠીને પાવાથી અન્ય વિજાતીય ઉપાધિયોના અભાવે તે સદા સર્વ મનુષ્યને રેચક રૂપેજ પ્રવર્તશે, તેમ અગ્નિથી [illegible] અગાર ઉપર હસ્ત મુકવાથી તે આપણને દાહજ કરશે તથા સ્થૂલ વસ્તુને

દ્રવામાં કાંઇ પણ આધાર આપવામાં નહીં આવે તો તે પૃથ્વિની આકર્ષણ શક્તિને સ્વાધીન થઇ નિયમાનુસાર સદા નીચેજ પડશે પરંતુ ઉકળતા પાણીમાંથી ઉત્પન્ન થતી વરાળ તેના વિરૂદ્ધ નિયમને સ્વાધીન થઈ ઉર્ધ્વગામી થશે. આ તમામ ગુણોનો વધારે સ્પષ્ટ રીતે મનુષ્યમાં આવિર્ભાવ થાય છે. મનુષ્યમાં નિયમાનુસાર વર્તન કરવાની શક્તિ તેની બુદ્ધિમાં રહેલી છે અને તેના સ્થૂલ ગુણ શારીરિક છે. બુદ્ધિવિલાસ અનેક રૂપે અનુભવમાં દર્શન દે છે અને તેના સ્થૂલ ગુણો તેના શરીરના અવયવોમાં જણાય છે. આવી રીતે વસ્તુ માત્રના સકળ ગુણો બે રીતે વેંચી શકાય છે. પ્રથમ વર્ણવેલા સ્થૂલ ગુણ તેને જડાત્મક ગુણ કહીશું અને પછીના વર્ણવેલા એટલે કે નિયમાનુસાર વર્તનમાં દૃશ્ય થતા વસ્તુમાં સ્વાભાવિક છે તેને ચૈતન્યાત્મક ગુણ કહીશું. આ ઉભય ગુણ દરેક વસ્તુમાં એવી તો ગુંચવણી ભેરવી રહેલા છે કે તમામ ગુણનું પ્રથક્કરણ કરવું અતિ કઠિન કાર્ય છે પરંતુ એ તમામ ગુણ આવા બે વિભાગમાં સામાન્યતઃ વેંચી શકાય છે તે આપણા સર્વના અનુભવની વાત છે અને તેથી તે નિર્વિવાદ તેથી જડ તેમજ ચૈતન્યવાદી ઉભયને મન્ય છે.

જડચૈતન્યવાદીના મતભેદનું કારણ તે ઉભય ગુણના અધિષ્ઠાનમાં રહેલું છે. જડવાદી એમ વાદ કરે છે કે આ ઉભય ગુણગ્રામ એક જ વસ્તુની વિશે આશ્રિત છે અને તેમનો આશ્રય જડ વસ્તુ ઉપરજ છે અને જડ વસ્તુને જો ખરોબર યંત્રમાં ગોઠવવામા આવે તો ચૈતન્યાત્મક ગુણનો આવિર્ભાવ થાયજ માટે ચૈતન્યાત્મક ગુણ તે જડમાંથીજ ઉત્પન્ન થાય છે અને ચૈતન્યાત્મક ગુણનું જડાત્મક ગુણના અધિષ્ઠાન જડથી જુદું અધિષ્ઠાન નથી. આવી રીતે આખા જગતને માત્ર જડ વસ્તુમાંજ તેઓ સમજાવે છે અને કહે છે જડ અમુક અમુક કારણોને અનુસરીને પોતાનામાં ચૈતન્યાત્મગુણને ઉત્પન્ન કરે છે અને જેવી રીતે ચુનો અને કાથો ભેગા મળવાથી તૃતીય લાલ રંગ ઉત્પન્ન થાય છે તેવીજ રીતે જડ વસ્તુઓના સંબંધથી ચૈતન્ય ગુણની સ્ફુર્તિ પ્રકટ થાય છે પરંતુ તેવા ગુણનું જુદુ અધિષ્ઠાન અમારા સમજવામાં નથી. સાયન્સ (રસાયણ શાસ્ત્ર) વેત્તાઓની શોધનીજ માર્ગાનુયાયિઓ આવા કારણને લીધે માત્ર જડાત્મક સૃષ્ટિને ખીલવવા ઉપરજ પોતાના પ્રયત્ન કરે છે અને આશા રાખે છે કે જડવસ્તુની કેળવણીથીજ જગતનો ઉદ્ધાર છે, બુદ્ધિ આદિ જે ચૈતન્યાત્મક ગુણ સમુહ છે તે પણ તેનાજ વડે ઉન્નતિને પામશે અને જડના નાશની સાથે બુદ્ધિ આદિ ચૈતન્યાત્મક ગુણનો પણ નાશ થશે. આ વાદ સત્ય હોય વા અસત્ય હોય એ વાત એક કોરે મુકતાં આ વાદ સ્વીકારવામાં એક એવું ફળ આવ્યું છે કે આધુનિક સંસારમાં એક પાંચ પચાસ વર્ષનું મનુષ્ય જીવન તે અહાર વિહાર દિ સુખ ભોગવવાને અર્થે જ છે અને આપણી સઘળી ઇચ્છાઓની તૃપ્તિ થતી હોય અને જડાત્મક ગુણ પોષાતા હોય તો અવશ્ય ચૈતન્યાત્મકગુણ પોષાવા જ જોઇએ એવા ઉંધા વિચારથી અંજાઈ ચૈતન્યાત્મક ગુણના ઉપર બિલકુલ લક્ષ આપ્યા વિના તે ઇચ્છાઓની પરિતૃપ્તિ અર્થે દરેક કાર્ય કરવામાં આપણને કોઈ પ્રકારનો બાધ નથી એમ સમજાવવામાં આવે છે. જડના નાશની સાથે અવશ્ય ચૈતન્યાત્મ ગુણનો પણ નાશ થવાનોજ એટલે એને પોષીને પણ શું કાર્ય સારવાનું છે? અને વળી એવા ગુણ પોષતાં જડાનંદના અનુભવમાં ખલેલ પહોંચે તોતો એવા સદ્ગુણને અમારા વિચારમ અવકાશ સ્થાનજ નથી એવા નિશ્ચયોનો આદર થવા

લાગ્યો છે. જડવાદનું આ અનિવાર્ય અને યથાર્થ પરિણામ છે અને આવા ન્યાય્ય પથમાં પ્રવર્તનાર મનુષ્ય પોતાના આત્માને ધન્ય સમજે છે; અને સાયન્સના તત્વ ઉપર પોતાના જીવનને આશ્રિત કરનાર સમજી નિરંકુશ વ્યવહાર કરે છે. એને જન્મ જન્માન્તરમાં શ્રદ્ધા રહેતી નથી અને ઇશ્વર કોણ છે અને તેના નિયમ શા વળી તેને તાબે રહેવાથી અમારે શું વિશેષ છે એવા તે તરત જ પ્રશ્ન કરે છે. સોટી મારવાથી ઇજા થાય છે તે તો તે માન્ય કરે છેજ કારણ તે ઇજા તેઓને તાત્કાલિક થાય છે પરંતુ ઇશ્વરને નહી માનવાથી એના સંસારમાં કોઈ વિઘ્ન નડતું નથી અને તેના ઐહિક સુખમાં ન્યુનતા જણાતી નથી માટે તે માનવાથી કશો લાભ નથી. મૃત્યુ પછી જગતમાં જે કાંઈ નકારૂં કર્યું હોય તેને માટે મનુષ્યજવાબદારી નથી. એ એવા જડવાદનું અનિવાર્ય ફળ છે કારણ કે મૃત્યુ પછી કાર્યઅકાર્ય કર્તાનો નાશ છે અને જે વસ્તુ પોતેજ મૃત્યુ પછી અસ્તિત્વમાં નથી તેને પોતાના કાર્યાકાર્યની જવાબદારી શી? જડવાદનું આ પરિણામ જગતમાં ત્રાસ વર્તાવનારૂં છે, સંસારના વ્યવહારમાં અતિ ભય ઉત્પન્ન કરનારૂં છે અને પ્રાણિમાત્રની જીવનસ્થિતિને શકાગ્રસ્ત કરનારૂં છે. સિદ્ધાન્ત ગમે તેટલો સત્ય જણાતો હોય છતાં જે સિદ્ધાન્તનું અનિવાર્ય ફળ જો જગતના ઉચ્છેદનું મૂલ હોય તો તે સિદ્ધાન્તોને નિઃશંશય પરિત્યાગ કરવા એ જગતમાં બુદ્ધિમાન પુરૂષોનું કર્તવ્ય છે. સિદ્ધાન્તનું સત્યાસત્યત્વ પણ જગતનાજ પ્રમાણથી નિર્ણય થાય છે અને જે સિદ્ધાન્ત જગતનેજ ઉંધું વાળવાનું સૂચવતો હોય; જે સિદ્ધાન્ત મનુષ્યને તેના શુદ્ધાશુદ્ધ કાર્યને માટે જવાબદાર ગણતો ન હોય, જે સિદ્ધાન્ત સ્વાર્થ સાધકતાના ધિગધિગતા અગ્નિમાં મૃત્યુની પાછળ પણ મનુષ્ય પોતાના કાર્યને માટે જવાબદાર છે એવા સિદ્ધાન્તને આધારે કરવામાં આવતાં પદાર્થનાં કાર્યમાં પ્રેરતી વિશુદ્ધ બુદ્ધિને હોમી દેતો હોય તે સિદ્ધાન્તનું સિદ્ધત્વજ શંકાશીલ છે અને એવા સિદ્ધાન્ત સત્યની વિરૂદ્ધ હોવાથી જગતને માન્ય નથી. અત્ર એવી શંકા થવાનો સંભવ છે: જડવાદીઓમાં પણ કેટલાક કેટલક મહાન પુરૂષો થઈ ગયા છે અને તેઓની સેવા પણ જગતને કલ્યાણકારી નીવડી છે તો જડવાદનો સિદ્ધાન્ત એવો અસત્ય કેમ કહેવાય? એડલા જેવા જગતમાં નિરીશ્વરવાદી કહેવાયા નથી? જે ખરા સત્યશોધક બુદ્ધિવાળા જડવેત્તાઓ છે તેઓજ પોતાની આત્મોન્નતિના આવિર્ભાવમાંજ ચૈતન્યની સર્વોપરિ સત્તા સ્થાપિત કરી છે અને તે સ્થાપતાં જ તેમણે પોતાના જડવાદને નિર્બલ થવા દીધો છે. જડવાદના ઉપરના સિદ્ધાન્ત પ્રમાણે મૃત્યુપાછળ મનુષ્યની જવાબદારી રહેતી નથી તે સિદ્ધાન્તની વિરૂદ્ધજ જે સૃષ્ટિમાં પોતે જન્મ્યા તે સૃષ્ટિને મરતી વખતે જન્મ વખતના કરતાં સારી સ્થિતિમાં મુકવાની જવાબદારીથીજ પ્રેરાયલા જડવાદીઓએ જડવાદના સિદ્ધાન્તને માન્ય કર્યો નથી. સ્વાર્થનો પરિત્યાગ કરતાં સમસ્ત વિશ્વનું કલ્યાણ ઇચ્છવામાં જડવાદના સિદ્ધાન્તનું ઉચ્છેદન સ્વતઃ સિદ્ધ છે. આવી રીતના જડવાદના સિદ્ધાન્તથી વિરૂદ્ધ વર્તન કરવાવાળા જડવાદીઓ તો માત્ર નામના જ જડવાદી છે; તેઓને જડવાદી એટલાંજ માટે કહેવામાં આવે છે કે તેમણે જડ જગતનું (સાયન્સ) શોધન કરવામાંજ પોતાનું જીવન ગુજાર્યું છે. બેકન જે રસાયનીક તત્વવેત્તા કહેવાય છે તેને ધર્મ ઉપર સારી શ્રદ્ધા હતી.

કેટલીક વખત ચૈતન્યની ખરી સત્તા સ્ફૂર્તિને આચ્છાદન કરવાને પ્રયત્ન કરતા જડવા-

દીઓ એમ કહે છે કે એવા જગતના કલ્યાણ કર્તાઓ 'યુટીલીટેરીઅન' નામના પ્રસિદ્ધ સિદ્ધાન્તને આધારે પ્રવર્તે છે અને તેવા સિદ્ધાન્તમાં ચૈતન્ય સ્વીકારની આવશ્યતા નહીં હોવાથી અમે ચૈતન્યવાદનો સ્વીકાર કરતા નથી. 'યુટીલીટેરીઅન' સિદ્ધાન્ત એવો છે કે જે કાર્યથી ઘણા લોકનો લાભ સચવાતો હોય અને કવચિત્ તેનાથી થોડાકને અનર્થ થતો હોય તો તે થોડાકના અનર્થ સામું નહીં જોતાં ઘણા લોકના લાભ સામું જોઈ તે કાર્ય કરવું તેનું નામજ ન્યાય અને તેજ પુણ્ય. આ સિદ્ધાંતને આધારે મનુષ્યને પોતાના સુખનો ભોગ આપવો પડે છે અને પોતાના સ્વાર્થસુખના કરતાં અન્યલોકનો વિશેષ લાભ થતો હોય તો તેણે પોતાનું સુખ જતું કરવું એવી તેને માથે જવાબદારી છે અથવા ચૈતન્યવાદીના શબ્દમાં મનુષ્યનો એવો ધર્મ છે. આવી રીતના સિદ્ધાન્તને આધારે વર્તન કરનાર મહાન્ પુરૂષો કેટલાક થઈ ગયા છે અને તેમનાં જીવનવૃત્તાન્ત વાંચતાં આપણને સ્પષ્ટ જણાય છે કે તેવા વીરપુરૂષોનું જીવન સદા તેમના પોતાના સ્વાર્થસુખના પરિત્યાગમાં વિરામ પામ્યું છે. આ સિદ્ધાન્તને આવી રીતે માન્ય કરતાં તેને જડવાદનો સિદ્ધાન્ત કહેવો તે કેવળ ભૂલ ભરેલું છે. જડવાદના સિદ્ધાન્તના પરિણામ રૂપે એવો સિદ્ધાન્ત આપણે ઉપર જાણી ગયા કે જડવાદના મતમાં સ્વાર્થસુખનો પરિત્યાગ કરી પરમાર્થ કરવાની ઉંચી અભિલાષાનો અવકાશજ નથી, કારણ કે જડના નાશ પછી ચૈતન્યની અસ્તિતા નથી; જેને ઉચ્ચ ભાવના છે અથવા જડના નાશ પછી પોતાના કાર્યની જવાબદારી પોતાને માથે છે એમ માને છે તેને તેવું માનવામાં એવી કાંઈક ભાવના સદા રહેલીજ છે કે જેથી આ ઐહિક સુખથી પર એવા બીજા કોઈક સુખની પરિતૃપ્તિ અર્થે તે કર્મ કરે છે અને પરાર્થે પોતાના સુખના પરિત્યાગમાંજ સુખની પરિતૃપ્તિ માને છે. આવા મહાન્ પુરૂષના જડવાદની અંદર, રગે રગે ચૈતન્યવાદની હવા પ્રસરી રહી છે અને જો કે મુળથી એવી મૃત્યુ પાછળની જવાબદારીનો એવા માણસો સ્વીકાર કરતા નથી છતાં એવી જવાબદારીના આંતર્ ઠોક વિના પરમાર્થનાં કાર્ય મનુષ્ય કરી શકતો જ નથી એ મનુષ્ય સ્વાભાવનો અનંતકાળનો અનુભવ છે.

જડાનુવાદીઓ કેટલીક વખત એમ પણ કહે છે કે 'ડયુટી' 'ધર્મ' એટલું જ અમે સમજીએ છીએ અને અમારે ચૈતન્યવાદ સ્વીકારવાની જરૂર નથી. એવા જડાનુવાદીઓ યથાર્થ રીતે પોતાની 'ડયુટી' 'ધર્મ' બજાવતા હોય તો પછી જડચૈતન્યવાદના માત્ર શબ્દનો ઝગડામાં પડવાનું તેમને કાંઈ કારણ નથી એ વાત અમે આનંદ સાથે સ્વીકારીએ છીએ; પરંતુ એવા 'ડયુટી' ના ફાંકા ઉપર પ્રવર્તનારા મનુષ્યોમાં ચૈતન્યવાદની શ્રદ્ધા નહીં હોવાથી સંસારમાં અનેક પ્રકારની વાંચ્છનાઓના પ્રસંગે તેઓ 'ડયુટી' 'ધર્મ' એ શું તથા 'ડયુટી' 'ધર્મ' કોને કહેવાં એવી રીતે ધર્મના અને ડયુટીના, અર્થ કરતાં કરતાં તેમના અર્થને પોતાના સ્વાર્થમાં જોડતાં જોડતાં જેને તેઓ પ્રથમ જ્યારે નિસ્વાર્થપણે વિચાર કરતાં અધર્મ કહેતા તેને તેઓ ધર્મ તરીકે અંગિકાર કરે છે અને આપણે ઉપર જોઈ ગયા તેવી રીતે જડવાદના ત્રાસદાયક ફળના ગ્રેરક થઈ પડે છે. આવા 'ધર્મ' અથવા 'ડયુટી' ના પંથ ઉપર પ્રવર્તનાર મનુષ્યે તે ધર્મ અથવા ડયુટી (duty) ને નિશ્ચલ કરવા ચૈતન્યવાદનો સ્વીકાર કરવોજ પડશે કારણ કે તે ધર્મ અથવા ડયુટીમાંજ જડવાદના સિદ્ધાન્તનું ઉચ્છેદન સ્વતઃસિદ્ધ છે.

(આગળ ચાલુ.)

ન્યાય.*

વ્યાપ્તિખંડ.

પ્રકરણ ૩

કાર્યકારણભાવ.

(અનુસંધાન—પૃષ્ટ ૧૭૮ થી.)

૧. આનુપૂર્વીની 'જે એકરૂપતા આખાવિશ્વમાં જણાય છે તે એક મહાન્ એક રૂપતાને અધીન છે,—તેજ કાર્યકારણભાવ.

કાર્યકારણના નિયમનુ તત્ત્વ એ રીતે બતાવી શકાય કે પ્રત્યેક વિકાર, ફેરફાર, જે કાંઈ થાય છે, તેમા ઉત્તરાવયવને પૂર્વાવયવ વચ્ચે કોઈક નિયમ સંબંધ હોય છે. કાર્યકારણના અર્થમાં જેવો સમાસ થાય છે તે બધુ થોડાકમાં કહી શકાય તેમ નથી. જ્યાં એમ કહેવામાં આવે છે કે 'પ્રત્યેક કાર્યનું કારણ હોવું જોઇએ, પ્રત્યેક કારણનું કાર્ય હોવું જોઇએ, ને એવી આનુપૂર્વી નિયત—આવશ્યક છે'—ત્યાં એમ કહેવાથી કાર્યકારણના સ્વરૂપનો કશો અર્થ સમજી શકાતો નથી—એવું કહેવું એ તો સમાનાર્થકનિર્દેશ માત્રજ છે, કેમકે 'કારણ' એટલે 'કાર્યને ઉપજાવનાર,' અને 'કાર્ય' એટલે 'કારણથી ઉપજનાર' એમ, એ બધા એક જ અર્થ વાળા વચનવિન્યાસ માત્રજ છે આ બાધ દૂર કરી આપણે કાર્યકારણનો નિયમ એવી રીતે દર્શાવી શકીએ કે "જે જે બનાવ બને છે તે કોઈ પૂર્વગામી બનાવ સાથે નિયત સંબંધથી નિશ્ચયપૂર્વક જોડાયલો છે, ને તે થાય તો એ થાય છે, તે ન થાય તો એ નથી થતો," દેવતા સળગવાનો બનાવ, લાકડાં ભેગાં કરી તેમાં દીવો કે કાંઈ લગાડવાના પૂર્વ બનાવથી થાય છે ને તે સાથે નિયત અને નિશ્ચિત સંબંધ રાખે છે.

ક્વચિત્ એકાદ નિયમને સ્પષ્ટ કરવામાં તે નિયમથી કેટલી વાતનો નિષેધ થાય છે એ જાણવાથી પણ સારી સાહાય્ય થાય છે. કાર્યકારણના નિયમથી બે વાતનો નિષેધ થાય છે. (૧) સ્વતઃ કશાની અપેક્ષા વિના આરંભ થાય એ વાતનો નિષેધ થાય છે, જો કાર્યકારણનો નિયમ ખરો હોય તો કોઈ પણ વિકૃતિ અસત્ત્વમાંથી કે કેવલ શાન્ત સમાનતામાંથી થઈ શકે નહિ. કોઈ નવી વિકૃતિ બને તે માટે કાંઈ પણ ફેરફાર, ગતિ, વૈષમ્ય, કાંઈ પણ થવું જોઇએ. (૨) બનાવો એક બીજાની પાછળ અનિયત રીતે, મરજી મુજબ, આવે છે એ વાતનો પણ નિષેધ થાય છે. જે સામગ્રી અથવા સંયોજનથી આજ દેવતા સળગે છે તેની તે સામગ્રીથી આજ, કાલ, દશ દિવસે, મહીને, વર્ષે, ગમે તે સમયે પણ દેવતા સળગશે જ.

આપણા ન્યાયશાસ્ત્રમાં અનન્યથાસિદ્ધ, કાર્યનિયતપૂર્વવર્તી, તે કારણ એમ કારણનું લક્ષણ આપેલું છે. કારણ કાર્યની પૂર્વે હોય, અને નિયત એટલે અવશ્ય સંબંધથી, એટલે એ હોય

* ગ. ગ. મણિલાલનો એક અપ્રસિદ્ધ અપૂર્ણ ગ્રંથ.

તો તે હોય, એ ન હોય તો તે ન હોય, એવા અન્વયવ્યતિરેક સંબંધથી હોય, એ તો સ્પષ્ટ જ છે. પણ એકલા નિયતપૂર્વવર્તિત્વથી કારણતા સિદ્ધ થતી નથી, કેમકે નિયતપૂર્વવર્તિત્વતો દિવસ અને રાત્રીના સંબંધમાં દિવસને પણ છે. માટે અનન્યથાસિદ્ધ એમ પણ કહેવું જોઇએ. અનન્યથાસિદ્ધનો સામાન્ય અર્થ અવશ્ય એવો થાય પણ તેનો પારિભાષિક સામાન્યાર્થ આ પ્રકારનો છે: અનન્યથાસિદ્ધ એટલે જેને હવણાં જ આપણે નિયત રીતે અને "નિશ્ચય પૂર્વક" એમ કહી આવ્યા તેવું કારણ જોઇએ. અન્યથા એટલા બીજા કોઈ પ્રકાર થકી અસિદ્ધ એટલે જ નિરુપયોગી થઈ જતું હોય તે અન્યથાસિદ્ધ કહેવાય, અને તેવું જે ન હોય તે અનન્યથાસિદ્ધ કહેવાય. ઘટથવામાં દંડ એ ખરાં કારણ છે ત્યાં દંડરૂપ, અથવા માટી ભરી લાવવાનો ગધેડો, કે માટી વિના અન્ય પદાર્થ એ અન્યથાસિદ્ધ છે, માટે ઘટનાં કારણ કહેવાય નહિ. એમજ કુભારને ઘટનું કારણ ગણીએ તો તેનો પિતા અન્યથાસિદ્ધ છે તેથી તે પણ કારણ કહેવાય નહિ. આ બધુ અન્યથાસિદ્ધ ન હોવાપણાનુ તાત્પર્ય "નિશ્ચય પૂર્વક" સબધ જોઇએ એમ કહેવામા આવી જાય છે. એટલે કારણનુ લક્ષણ "અનન્યથાસિદ્ધ, કાર્યનિયતપૂર્વવર્તી, કારણ" એવુ કરવું યોગ્ય છે.

૨. કાર્યકારણસંબધમાં તેના તે કારણથી સર્વદા તેનુ તેજ કાર્ય થવુ જોઇએ. પણ તેના તે કાર્યનુ તેનું તેજ કારણ હોવું જોઇએ એમ નિયમ નથી—અર્થાત્ એક જ કાર્યનાં કારણ ઘણાં પણ હોય.

કોઈ માણસના માથા ઉપર સપ્ત ઝપાટો વાગતા તે મરી જવો જોઇએ, પણ માણસ મરી જાય માટે સપ્ત ઝપાટો વાગ્યાથીજ મુવો છે એમ કહેવાય નહિ. કાર્યકારણના નિયમની આ મર્યાદા લક્ષમાં રાખવા જેવી છે આવી રીતની મર્યાદાને લીધે એમ સમજાય છે કે કોઈ એક કાર્યનાં એક કરતાં વધારે કારણ હોવાનો સભવ છે. આગળ જતાં એમ બતાવવામાં આવશે કે કારણો અનેક હોય એમ જે માનવું થાય છે તે આપણા અપૂર્ણ જ્ઞાનનું પરિણામ છે, વસ્તુગતિનો નિયમ નથી. જેમજેમ જ્ઞાનનો વિસ્તાર થતો જાય છે, તેમતેમ કારણની અનેકતા ઓછી થતી જાય છે.

૩. કાર્યકારણના નિયમનાં ત્રણ મુખ્ય સ્વરૂપ બાંધી શકાય — (૧) વ્યાવહારિક કારણતા; સાધરણવ્યવહારમાં કોઇ એક બનાવ પરત્વે એકાદ વાતની આપણને ચિંતા હોય છે, ને તેટલી જ આપણે સાચવીએ છીએ, ને તે કાર્યના કારણ રૂપ ગણીએ છીએ. લડાઇના આરભ પહેલાં સોપાઇઓએ દારૂ કોરો રાખવાની કાળજી રાખવી એ શત્રુને ગોળી બરાબર વાગે તેનું કારણ નથી—જો કે એ પણ એક કારણ છે જ. આવો જે કારણનો વિચાર તેને કારણનું વ્યાવહારિક રૂપ કહીએ.

(૨) શાસ્ત્રીય કારણતા આમાં કોઈ પણ કાર્યનાં જેટલાં કારણ હોય તે સર્વની પરિગણના કરવાની આવશ્યકતા છે.

(૩) વર્તમાન સમયમાં જેને "વેગસધાન" કહે છે તે નિયમોનુસાર કારણતા.

વ્યાવહારિકકારણતા.

૪ વ્યાવહારિક ભાષામાં કોઇ પણ કાર્યના કારણ રૂપે આખી સામગ્રીમાંની કોઈ એક વાત જે તત્કાલ બહુ આવશ્યક લાગતી હોય તેને કારણ ગણવામાં આવે છે.

કોઈ માણસ નીસરણીએ ચઢતાં પગથીયું ચૂકે છે, પડે છે, તે મરી જાય છે. પગ ખસવાથી મરી ગયો એમ કહેવાય છે, કેમકે જો પગ ખસ્યો ન હોત તો પછીના બધા બનાવ બનતાં અટકયા હોત. પરંતુ મરણ નીપજવામાં બીજી ઘણી સામગ્રી સહાયભૂત હતી, શરીરનું વજન પડવાના સ્થાનની ઉંચાઇ, શરીરનું બરડપણું, એ બધી સામગ્રીના ઉપર આપણે લક્ષ આપતા નથી, અને તે ક્ષણે જે વાત આપણા હાથમાં રહી શકે તેવી હતી તેટલીને જ લક્ષમાં લેઇ તેને જ કારણ કોટિમાં ગણીએ છીએ. જેટલી સામગ્રી સિદ્ધવત્ સર્વત્ર છેજ તે ઉપર આપણે કારણતાના વિચારમાં કશું લક્ષ આપતા નથી. એ બતાવવા માટે જ સંસ્કૃત ન્યાયમાં કારણના પ્રથમે બે વિભાગ માન્યા છે, સાધારણ અને અસાધારણ–કાલ, દિક્, ઈશ્વર, ઈશ્વરજ્ઞાન, ઈશ્વરેચ્છા, ઈશ્વર પ્રયત્ન, પ્રાગભાવ, અદૃષ્ટ, એ આઠ સાધારણ કારણ સર્વત્ર સિદ્ધ રીતે હોય જ છે એટલે તેનો વિચાર કરવામાં આવતો નથી. જે અસાધારણ કારણ તેજ કારણ કહેવાય છે એ પરિપાટી વ્યાવહારિક કારણતાના ઉદ્દેશથી માનેલી છે. અસાધારણ કારણને કરણ પણ કહે છે.

ભાષાના વ્યવહારમાં વ્યાવહારિકકારણતાનું આવું, અન્ય સામગ્રીનો સર્વથા અધ્યાહાર કરી લેવા રૂપ, સ્વરૂપ સ્પષ્ટ સમજાય છે. કર્તા અને કર્મનો જે ભેદ વ્યાકરણમાં સર્વત્ર માનેલો છે તેમાં આખી સામગ્રીમાંથી ગમે તે એક વાતને કારણ રૂપ માની કર્તા કહ્યેલી છે. ઉછરેલા ને કેળવેલા પચીશ ઘોડામાંનો એક ઘોડો સરતનું ઇનામ લેઈ જાય તેનું કારણ ચાબુક સવાર કહેવાય; છોકરાને ભણાવી જ્ઞાન આપી પ્રવીણ કરવાનું કારણ તેનો ગુરુ કહેવાય; એ બધા પણ એજ પ્રકારના દાખલા છે. એથી પણ વધારે ચમત્કૃતિમય અધ્યાહારનું ઉદાહરણ યુદ્ધનાં જય પરાજય સેનાનીને અર્પાય છે તે છે. આપણે "અલેકઝાન્ડરના વિજય" ને "નેપોલીઅનનો પરાજય" ઇત્યાદિ જે સાંભળીએ છીએ તે પણ વ્યાવહારિક કારણતાના કેવલ એક જાતિના વાક્પાટવના, દાખલા છે.

આપણાં શાસ્ત્રમાં કારણતાનું યથાર્થ સ્વરૂપ પકડવાનો પ્રયાસ સર્વથી પ્રથમ થયેલો છે. તેના જેવોજ પ્રયાસ એરિસ્ટોટલે પણ કરેલો છે. કારણના એટલે અસાધારણ કારણના ત્રણ ભેદ આપણા ન્યાયમાં માનેલા છે. સમવાયી, અસમવાયી, અને નિમિત્ત. પટ બનાવવા તંતુ તે સમવાયી કારણ, કેમકે તંતુ થકી પટ અભિન્ન છે. જે બે પદાર્થને એવો સંબંધ હોય કે તે ઉભયેને જુદાં ન કરી શકાય તે પદાર્થનો સમવાય સંબંધ જાણવો, તેવા પાંચ પ્રકાર માનેલા છે: ગુણ ગુણી, અવયવાવયવી, ક્રિયા ક્રિયાવાન, જાતિવ્યક્તિ, વિશેષ નિત્ય દ્રવ્ય. અસમવાયીકારણ તેનું નામ કે જે સમવાયી કારણનુ સમવાયી કારણ હોય. જેમ કે પટનું કારણ તંતુનો સંયોગ. ત્રીજું નિમિત્ત કારણ જેમકે પટ બનવામાં સાળ, સાળવી, વગેરે. આ ત્રણ ઉપરાંત એરિસ્ટોટલે એક ચોથું કારણ ઉદ્દેશ એનું માનેલું છે, અર્થાત્ જે ઉદ્દેશથી અમુક કાર્ય ઉપજ્યું હોય તે તેનું ઉદ્દેશ કારણ કહેવાય.

(આગળ ચાલુ.)

દાન્તિથી અનુસરાતી વેદાન્તની સંસ્થા ૧૦૦૦ વર્ષ કરતાં વધારે જુની નથી. બ્રહ્મવાદીઓ અને બ્રહ્મવાદીનિયોની ભૂમિ આર્યાવર્ત, પરોક્ષ અને અપરોક્ષ ઉભય પ્રકારની આત્મવિદ્યાની સંપૂર્ણ સંસ્થા વિનાની કદાપિ ન હતી. શંકરાચાર્ય અને આધુનિક અન્ય પુરાણભાવનાના પ્રવર્તકો, જે જે સમયે તેઓ થઈ ગયા, તે તે સમયના લોકો માટે તેમનાથી બન્યું તેટલું કરવાને ચૂક્યા નથી. હિંદુ અભેદવાદીને (Theosophist) મતાંધતા રહિત અને ભક્તિમયમનપૂર્વક સમગ્ર તત્વસારાયણને મનોયોગપૂર્વક ઘટાવી લેવાની જરૂર છે, અને તેને માલૂમ પડશે કે, આ ઉપર કહેવાયલી સર્વ વાતો અક્ષરશઃ સત્ય છે. વળી તેને એમ પણ માલૂમ પડશે કે, વ્યાસાચાર્યનાં બ્રહ્મસૂત્રો કે જેના ઉપર વિવિધ મનુષ્યોએ વિવિધ પ્રકારે ભાષ્યો યોજ્યાં છે, તે માત્ર આત્મવિદ્યાના વાદવિવાદો જ છે, અને તેમના અપરોક્ષાનુભવ ગમ્ય ખુલાસા અન્ય પાસા શોધવાની જરૂર છે. પ્રારંભ કરતા અભ્યાસિઓને ઉપયોગના પ્રથમારંભક પુસ્તક રૂપે વ્યાસાચાર્યે તેમને બાલપાઠક્રમમાં યોજ્યાં છે. અભ્યાસિ જ્યાં સુધી ૧૦૮ ઉપનિષદોના સમગ્ર તત્વશાસ્ત્રને સંબંધિકસમગ્ર સ્વરૂપમાં સમજશે અને મનન કરશે નહિ ત્યાં સુધી, તે સદા માટે એક અધમ વર્ગનોજ અભ્યાસિ રહે છે. તેણે કદાપિ પણ અપરોક્ષાનુભવગમ્યપક્ષની આશા રાખવી નહિ. અભેદવાદ, વેદાંતિઓને નિમંત્રે છે, અને તેમને માટે પણ તેમનીમતાંધતાના વાડામાંથી બહાર આવવાનો આ યોગ્ય સમય છે; તેમણે પોતાની જાતને જ અને પછીથી અન્યને મદદ કરવાની આવશ્યકતા છે; પરંતુ આમ થાય તે પણ પોતાના પંથના મતવિરોધો તથા પ્રથમથી ધારેલી ભાવનાઓ દૂર કરીને થવાની જરૂર છે. હિંદુ અભેદવાદીઓએજ પ્રથમ આમ કરવાની જરૂર છે, અને પછીથી વેદાન્તિઓ કે જેઓ હજુ આવા કોઈ પ્રકારનું કાર્ય કરી શકે એવા નથી, અને જેઓ હજુ અભેદવાદની સારી અસરમાં આવી શક્યા નથી, તેઓની તેમ કરવાની આશા રાખવી.

વેદાંતના વિવિધ દર્શનોના અનુયાયીઓ કે જેઓને માત્ર અનંત સત્યના વિભાગોજ માલૂમ પડયા છે, તેઓને માત્ર ધારવા પ્રમાણે "અભેદ જ્ઞાન મંડલ" (Theosophical Society) માં દાખલ થવાની તથા સમગ્ર સત્યને અનુભવવાની જરૂર છે; આ સત્યનો સ્પષ્ટ ઉપદેશ "રહસ્યવાદ" (Secret Doctrine) અને અન્ય કીમતિ પુસ્તકોમાં મળી આવે છે.

આનંદતીર્થાચાર્યનું દ્વૈત, રામાનુજાચાર્યનું (વૈષ્ણવ) વિશિષ્ટાદ્વૈત, શ્રીકંઠાચાર્યનું (શૈવ) વિશિષ્ટાદ્વૈત, અને શંકરાચાર્યનું અદ્વૈત, એ આધુનિક સમયે સારી રીતે જણાયલાં, તથા હિંદુસ્થાનમાં તથા અન્ય સ્થલોમાં ઘણાથી અનુસરાતાં, વેદાન્તનાં ઘણાં અગત્યનાં દર્શનો છે; પરંતુ વેદાન્તનું ઘણું જ અગત્યનું દર્શન કે જે પોતાની જાતે ઉદ્ધારક છે, જે અદ્વૈતના યથાર્થ અભ્યાસિયોને અત્યંત ઉપયોગનું તથા યોગ્ય જાણવામાં આવેલું છે, જેને તદ્દન તત્વસારાયણના આધાર ઉપર સ્થાપવામાં આવ્યું છે, અને જેના માત્ર ગણ્યાગાંઠયાજ અનુયાયીઓ છે, તે અપ્પયદીક્ષિતાચાર્યનું અનુભવાદ્વૈત છે.

આપણને સરખામણી કરીને અભ્યાસ કરી જોતાં માલૂમ પડે છે કે, પ્રથમ વર્ણવાયલાં ચારમાંનાં દરેકને, ગમે તો આંતર્ અથવા બાહ્ય, સત્યનો એક પક્ષજ માલૂમ પડેલો

છે, પરંતુ સમગ્ર સત્ કદાપિ જણાયું નથી. આ વિચારને સ્પષ્ટ કરીઆપવાને પ્રથમ ચાર દર્શનોનો ટુંકામાં ટુંકો સાર આપી જઇશ, તથા તેમના સાર સંગ્રહમાં છેલ્લા દર્શનના કેટલાક વિચારો દર્શાવીશ, કે જેમાં મારા મત પ્રમાણે અસ્તિત્વધરાવતી સર્વ સંસ્થાઓનાં આંશિક મતોનો સમાવેશ થાય છે, તથા તેમાંના એકમાં કંઈ પણ ન જડી આવે એવું કેટલું વધારે પણ તેમાંથી મળી આવે છે. અનુભવાદ્વૈતના નામથી જાણીતી આ ઉદ્ધારકસંસ્થા અન્ય કરતાં વિશેષ અભેદવાદી છે, અને વેદાન્તિને અભેદવાદ કે જે વિશેષ શાસ્ત્રીય તથા ઉદ્ધારક છે તેના ભક્તિવંત અભ્યાસિ થવાથી તે સારી રીતે સમજાઈ રહેશે.

વેદાન્તની આ સર્વ સંસ્થાઓ પરાપૂર્વથી પ્રચલિત છે, જ્યારે જ્યારે તે અદૃશ્ય થવાની હોય છે ત્યારે ત્યારે સમયે સમયે તેઓ પુનઃ પુનઃ ઉપદેશવામાં આવતી હતી. આ સર્વ સંસ્થાઓના સિદ્ધાંતો ૧૦૮ ઉપનિષદો અને અન્ય હિંદુશાસ્ત્રોમાં અવતરન વેરાયલા છે. જ્યારે અમુક સંસ્થાધ્વંસ સમીપ આવી પહોંચે છે, ત્યારે એક નિપુણ ઉપદેશક અવતરી આવે છે, જેના ઉપર તેનો આધાર હોય છે તેવા વિવિધ ટેકાઓ શોધી કાઢે છે, તેમને યોગ્ય ક્રમમાં ગોઠવે છે અને આ પ્રકારે તે સંસ્થાને તેના મૂલસ્વરૂપમાં લાવી મૂકે છે, કે જેથી એટલુંજ સત્ય સમજવાને જેમનાં મન તૈયાર થયાં છે, તેવા પુરૂષોને તે ઉપયોગી થઈ પડે છે. જ્યારે થોડાક મનુષ્યો સત્નો તે વિભાગ અનુભવે છે, ત્યારે તેમને પ્રથમ તે માટે આનંદ થાય છે, અને પછી તેને અન્ય સાથે ભોગવવાની પવિત્ર ઇચ્છાને લીધે, તેઓ તેને પ્રવર્તાવવાનો પ્રારંભ કરે છે આમ કરવામાં પણ, જેઓ આંશિકસત્ કરતાં સહજ વિશેષ જાણે છે, તેવાઓનો વિરોધ ઉપસ્થિત થાય છે. પછીથી ઉભય પક્ષે મતાંધતા શરૂ થાય છે, અને સાહજીક રીતે તકરારો અને અક્ષમટીકાઓ થવા માંડે છે. આટલાં બધાં ગત સૈકાં થયાં વેદાન્તનાં વિવિધ દર્શનોના અનુયાયીઓ આ પ્રમાણે અન્યોન્ય સાથે પોતાના આંશિકસત્ માટે કલહમાં જોડાય છે.

આ કલહમાં જે એકે પક્ષનો નથી, તથા તે દરેક સંસ્થામાં કેટલા સત્નો સમાવેશ થાય છે તે જેના જાણવામાં છે, તથા જે મતાંધતાથી રહિત છે, તેજ માત્ર આ સર્વ સંસ્થાઓના પક્ષોને એક સંપ કરી શકશે. સર્વના શ્રેય માટે આવા ઐક્યની જરૂર છે, કે જેથી સત્તા અન્યઅંશોનો અનુભવ થાય. અભેદવાદ (Theosophy.) વિશેષ નહિ તો સહનશીલતા તથા વિનીતતા તો ઉપદેશે છે, તથા આનુષંગિક અભ્યાસને ઉત્તેજન આપે છે; તેમને હાલની ગર્વની સ્થિતિમાં એમ લાગે કે તેથી અન્ય કંઈ પણ થતું નથી, પરંતુ આટલું તો થાય છે એ નિર્વિવાદીત છે. જો અભેદવાદ આ કરી શકે, તો વેદાન્તિઓએ શામાટે તેનો સ્વીકારકરવો ન જોઇએ ? આંતરવિરોધોનો નિકાલ ન કરવો જોઇએ ? અને અન્યોન્ય પાસેથી વિશેષ શિખવા તરફ તેમનાં મન દોરાવાં ન જોઇએ ? મારૂ એટલું ખાત્રીથી ધારવું છે કે અભેવાદ, બહારના જેટલું કરી શકે છે એમ ધારે છે, તેના કરતાં કંઈક વિશેષ કરે છે; આધુનિક રથૂલવિજ્ઞાન અને સર્વસમયના પ્રાચીનજ્ઞાનાનુસાર નિયમાતો અભેદવાદ છે. અભેદવાદજ સર્વદાર્શનિક મતમતાંતરોનું સંયોગિકરણ છે, એમ કહેવાય છે, તથા સર્વ અનુયાયીયોના માટે એકત્રિત થઇને ઉભા રહેવાની

રંગભૂમિ છે, માટે તે આ ઐક્ય ઉપજાવવામાં કીર્તિવંત નિવડવો જોઇએ પરંતુ એટલું ખાસ લક્ષમાં રાખવાની જરૂર છે કે, અભેદવાદીઓએ એકજ પક્ષના થઇ જઇ મતાંધ થવાનું નથી. જો અભેદવાદ તેમનાં ૧૦૮ ઉપનિષદોમાંથી પ્રાથમિક પુરાવા નહિ આપેતો, વેદાન્તિયો તેનાં માધ્યસ્થ્ય અને નિર્ણયનો ભાગ્યેજ સ્વીકાર કરી શકશે. અભેદવાદને આ ઘણુંજ વિકટ કામ બજાવવાનું છે, અને શંકર અથવા બુદ્ધના પણ પૂર્વે થઇ ગયલા મહાત્માઓનાં વચનોના આધાર વિના તેનાથી તે કામ થઇ શકવાનું નથી, પૂર્વદેશીય ભાષાશાસ્ત્રીઓ કે જેઓ આધ્યાત્મિકસત્યોની દરકાર વિના અન્ય દિશામાંજ કાર્ય કરનારા છે તેમના નિર્ણયો ઉપર આધાર રાખીને, કોઈ પણ મહાત્માના મતને મુખ્યામુખ્ય ગણી ને અસ્વીકાર કરવાનો નથી તેમજ કોઇને ઘણા પ્રાચીન અથવા અર્વાચીન ગણવાની જરૂર નથી, મારી એટલી ખાત્રી છે કે, આ હેતુ માટે સમગ્ર ૧૦૮ ઉપનિષદો પ્રમાણ ભૂત ગણવાને સર્વે સરખી રીતે ઉપયોગનાં છે. માત્ર પ્રથમ દશ ઉપનિષદોજ મૂખ્ય છે અને અન્ય ગૌણ છે, એ વાતમાં એક ક્ષણભર પણ મને શ્રદ્ધા રહેતી નથી—કદાચ ભાષાશાસ્ત્ર અને અન્ય દૃષ્ટિબિંદુથી તેમ હોય: વિનીત આત્માભ્યાસિને તો ખરેખર તેઓ ગૌણ ઉપનિષદો નથી. કોઈ પણ સત્ય અભેદવાદીને, જો તેને જોવાની દૃષ્ટિ હોય, જો તેની આધ્યાત્મિકવર્ધનની ઇચ્છા હોય, તથા મધ્યસ્થસત્યને વિશેષને વિશેષ જાણવામાં અન્યને મદદ કરવી હોય તો, આ વાત માનવાની જરૂર નથી. આપણી એચ પી. બ્લાવાટ્સ્કીએ, શંકાની છાયાને દૂર કરીને દર્શાવી આપ્યું છે કે, દયાનંદસરસ્વતી પુરાણોને જેવાં ગપાટ્ટકોધારે છે, તેવાં તે નથી. કહેવાતાં ગૌણ ઉપનિષદો માટે પણ આનું આજ સત્ય ઘટાવી જોવાની જરૂર છે. બ્લાવાટ્સ્કીએ પુરાણો માટે જે કર્યું છે, તે અપ્પયદીક્ષિતાચાર્યે ગૌણ ઉપનિષદો માટે કર્યું છે.

હવે હું તમારા આગળ વેદાન્તનાં ચાર દર્શનોનો ટુંક સાર દર્શાવી જઇશ, અને તમને દર્શાવી આપીશકે ગારા-વિચારોનો આધાર વિશ્વસનીય પ્રમાણો ઉપર છે. આપણે દ્વૈત દર્શનના વિચારથી પ્રારંભીશું.

મધ્વાચાર્યનો દ્વૈત.

૧. દ્વૈતિયો એક ઈશ્વરને સ્વીકારે છે. તેઓ એમ માને છે કે ઈશ્વરનાં અનેક સ્વરૂપો છે, કારણ કે વિશ્વનાં ઉત્પત્તિસ્થિતિલયના તથા અન્યહેતુઓ માટે, તે પોતાની મેળે અવતાર લે છે. વળી તેઓનું એમ માનવું છે કે, ઈશ્વર અને તેના અવતારો વચ્ચે લેશ પણ ભેદ નથી.

૨. અસંખ્ય ઈશ્વરો, કે જેમને તેઓ ગૌણ દેવોરૂપે અથવા ઈશ્વરની શક્તિઓ રૂપે સ્વીકારે છે, તથા ઇશ્વરની સામાન્ય દેખરેખ નીચે વિશ્વમાં અમુક કાર્યો કરવાને તે નિયોજવામાં આવી છે, એમ તેમનું માનવું છે

૩. મૂખ્ય દેવી લક્ષિમ છે. તે પ્રકૃતિની શક્તિ છે. વળી અન્ય ગૌણસ્ત્રી દેવતાઓ છે, કે જેઓ એમ કહેવા માગીએ તો ઉપર કહેવાયલા દેવતાઓની સહચરિયો છે.

૪. ઇશ્વર નિર્ગુણ છે એમ કહેવાથી એટલું જ સૂચવવાનું છે કે, પ્રકૃતિના ગુણો કે જેને અધીન માનવજાત છે, તે તેનામાં નથી; પ્રકૃતિના ગુણો સ્થૂલબંધનો અને અસંપૂર્ણતારૂપી છે.

૫. તે તેની મરજીમાં આવે તેવું સ્વરૂપ ધારણ કરે છે, અને કોઈ એક રૂપમાંજ બંધાઇ રહેતો નથી.

૬. સૃષ્ટિ એ શબ્દજ ખોટો છે. ઈશ્વરે કશું સર્જ્યું નથી, એટલે ક્યારનુંએ જે કંઇ અસ્તિત્વ ધરાવતું નહતું તેને અસ્તિત્વમાં નથી આણ્યું. અસ્તિત્વધરાવતા પદાર્થોમાંથીજ ઇશ્વરે મનુષ્ય સહિત સર્વસૃષ્ટિને અસ્તિત્વમા આણી. આ લોકો એમ માનતા નથી કે કંઇ ન હોય, તેમાંથી કંઇક ઉત્પન્ન થાય અથવા બનાવી શકાય.

૭. તેમનુ એમ માનવુ છે કે, જડ, જીવ અને અન્ય કેટલાક પરમાત્મા સાથેજ સમ-શાશ્વત છે, પરતુ દરેક સબંધમાં તેઓ પરમાત્માના અધીનમાં છે.

૮. જડપ્રકૃતિ કે જે જડ પૂર પાડે છે તે (ઉપાદાન) સ્થૂલ કારણ છે, અને ઇશ્વર કે જેણે જડપ્રકૃતિમાં પુરૂષના સ્વરૂપમાં પ્રવેશ કર્યો હોય એમ તથા તેને ગતિમાન કરી હોય એમ લાગે છે, તથા તે દ્વારા દૃશ્ય વિશ્વનાં વિવિધ સ્વરૂપોને ઉત્પન્ન કર્યાં છે,તે નિમિત્ત કારણ છે. પરંતુ જડ-પ્રકૃતિ, ગતિપ્રેરકતત્વ ઇશ્વરની મદદ વિના વિશ્વને ઉપજાવનાને અસમર્થ છે અને તેથીજ ઈશ્વરને વિશ્વના શ્રેષ્ઠ કારણરૂપે માનવામાં આવે છે.

૯ જડ—પ્રકૃતિ અચેતન છે; પ્રકૃતિના નામથી વ્યવહરાતી લક્ષ્મીદ્વારા તેને શક્તિ મળે છે. આ દેવી ઇશ્વરથી ભિન્ન છે. ઇશ્વરની પેઠે દિક્કાલ પરત્વે તે અનંત છે કારણ કે તે સદા અને સર્વત્ર ઇશ્વર સાથે હોય છે. પ્રભુ સાથે સરખાવતાં ગુણોપરત્વે તે સાંત છે, પરંતુ અન્ય સાથે સરખામણીમાં અનત છે જડ પણ વળી અનંત છે, અને વસ્તુતઃ તે જડ (સ્થૂલ) હોવાથી, જેમ ઘટનુ મૃત્તિકા (ઉપાદાન) કારણ છે તેમ તે વિશ્વનું જડ (ઉપાદાન) કારણ થઇ પડે છે આવા સ્વરૂપમાં, તે જીવ (વ્યક્તિગત જીવાત્મા) અને જ્યારે તે જડ કારણમા આમ ઉપયોગમાં આવે છે ત્યારે તેમાં સત્વરજસ્ અને તમસ્ના ત્રણ ગુણો સંભવે છે.

૧૦ જીવ જડ નથી. તે અનત અને ઇશ્વરથી ભિન્ન તથાપિ તેને અધીન છે જીવ અનેક છે. એક વ્યક્તિનો જીવ અન્ય વ્યક્તિમાં વસતા જીવથી ભિન્ન છે. જડના બનેલા શરીરમાં જ્યારે જીવ બંધાય છે ત્યારે તે (જીવ) ઉપર વર્ણવાયલા ત્રણ ગુણોનો સ્વીકાર કરે છે. માટે જીવો ત્રીપ્રકારના છે.

૧૧. તે નિચે પ્રમાણે;—

૧. મુક્તયોગ—શાશ્વત સુખ ભોગવનારા.

૨. તમોયોગ—શાશ્વતદુઃખ ભોગવનારા.

૩. નિત્યસંસારિન્—સુખદુઃખ ઉભય ભોગવનારા.

જીવોના આ ત્રણ વર્ગો અન્યોન્યથી ભિન્ન છે.

૧૩. દ્વૈતિયો પાંચજાતના ભેદ સ્વીકારે છેઃ—

૧. અન્ય સર્વથી ઇશ્વર ભિન્ન છે.

૨. ઇશ્વર અને જીવથી જડ ભિન્ન છે.

૩. ઇશ્વર અને જીવથી જડ ભિન્ન છે.

૪. જડાંશોઅથવા જડના અસંખ્યપરમાણુઓ અન્યોન્યથી ભિન્ન છે.

૫. અસંખ્ય જીવો પણ અન્યોન્યથી ભિન્ન છે.

૧૩. ઇશ્વર અને તેના ગુણો સત્ય છે; જીવ સત્ય છે; જડ અને વિશ્વ સત્ય છે; ઇશ્વર અને જડ વચ્ચેનો, ભેદ, તથા જુદા જુદા જીવો વચ્ચેનો ભેદ, તથા જડના વિવિધ પરમાણુઓનો ભેદ, એ સર્વ સત્ય છે.

૧૪. સર્વ સ્થૂલશરીરો વિનાશ પામે છે; માત્ર સૂક્ષ્મવિભાગો એટલે અનુત્પન્ન અને અવિનાશિ સૂક્ષ્મતત્વોજ સત્ય છે. વિશ્વ આવા અર્થમાંજ સત્ય છે.

૧૫. જીવો જેમાં નિવાસ કરે છે તે શરીરો અસત્ય છે, પરંતુ જીવ જાતે તો સત્ય છે.

૧૬. અન્ય સર્વ સાથે ઇશ્વર અભિન્ન રૂપે જોડાયલો છે, પરંતુ અન્ય સર્વ સાથે તેનો તેજ નથી.

૧૭. જે શાસ્ત્રો અદ્વૈતનો ઉપદેશ કરવાનું અંગીકાર કરે છે, તેઓ પણ સંપૂર્ણ એકને સૂચવતાં નથી, પરંતુ બેનું એકમાં સૂચન કરે છે. વૃક્ષ અને રસ, મનુષ્ય અને શક્તિ, વારિ-અને લવણ, ઇત્યાદિ-પુસ્તકોમાં મળી આવતાં દૃષ્ટાંતોને બરોબર વિચારવામાં આવે તો માલૂમ પડશે કે ઇશ્વર અને જીવપરત્વના સંબંધમાં સંપૂર્ણ ઐક્ય (અભેદ) નથી. શાસ્ત્રો અભેદવાદનો જે ઘોષ કરે છે, તે આવાજ અર્થમાં છે.

૧૮. શાસ્ત્રીય મહા વાક્ય "**तत्वमसि**" માત્ર ઇશ્વર અને જીવનું દૃષ્ટિસામ્ય દર્શાવે છે,—અને ઐક્ય નહિ. **तत्** શબ્દથી જે સદા માટે અજ્ઞેય છે તે દર્શાવાય છે, અને **त्वम्** જ્ઞેય શબ્દ સત્તાને દર્શાવે છે. આ ઉભય એક અને અભિન્ન થઈ શકે નહિ. વળી જે મંત્રમાં આ મહાવાક્ય આવે છે, તેને વ્યાકરણદૃષ્ટયા વિચારવામાં આવે તો માલૂમ પડશે કે તેમાં ભેદ સ્વીકારવામાં આવ્યો છે, અને મહાવાક્ય નિચે પ્રમાણે થાય છે.

अतत्-त्वम्-असि (તે તું નથી.); આથી સૂચવાય છે કે, **तत्** (ઇશ્વર) માત્ર જ શ્રેષ્ઠ છે, તથા તે સ્વાતંત્ર્ય સહિત છે, અને **त्वम्** (જીવ), તે નથી.

૧૯. જીવનો અંતીમ ઉદ્દેશ સ્થૂલબંધનોમાંથી છૂટવા રૂપ મોક્ષ અથવા મુક્તિ પામવાનો તથા ઇશ્વરને પામવાનો હોય છે. દુનિયાનો દરેક સદ્ગુણ, પૈસો, અને સુખોપભોગ ક્ષણ ભંગુર છે, માત્ર મુક્તજ અનંત છે.

૨૦. મુક્તિનાં આવશ્યક ત્રણ સાધનો છે;—(૧) **કર્મક્ષય**; (૨) **ઉત્ક્રાન્તિ**; અને (૩) **અર્ચિરાદિમાર્ગ**. જ્યારે આ સર્વ સાધનો પ્રાપ્ત થાય છે ત્યારે જીવ, **ભોગ** નામની ચતુર્થાવસ્થા પ્રાપ્ત કરે છે.

૨૧. **કર્મ ક્ષય** એટલે કર્મનો ક્ષય. કર્મમાં—માનસિક, વાચિક અને કાયિક, સર્વ કર્મનો સમાવેશ થાય છે; આવાં કર્મોના ફલોનો પણ તેમાંજ સમાવેશ થાય છે, વ્યષ્ટિમય આત્મા (જીવાત્મા) સ્થૂલશરીરમાં બંધાવાથી, શરીરમાં પણ, સારા નરસા તથા મિશ્ર એવા પ્રકૃતિના ગુણો અવતરે છે; અને આથી મનુષ્ય વિવિધ કાર્યો કરવા માંડે છે અને કર્મ સંચય કરે છે. જે જે તે ભોગવે છે અથવા ખમે છે, તે આ કર્મનુંજ પરિણામ છે; અને તેના ફરી ફરી થતા આ દુનિયામાંના તેમજ અન્ય નામોથી વ્યવહરાતી અન્ય દુનિયાઓના જન્મો તેમજ પૂનર્જન્મોનું આ પણ એક કારણ છે. મુક્તિનું પ્રથમાવસ્યક સાધન તો કર્મનાં બંધનોમાંથી જીવાત્માને તદ્દન છુટો કરવા રૂપ છે; અને તે દ્વારા જન્મમરણ અને પૂનર્જન્મનો ત્યાગ સંભવિ શકે છે.

૨૨. **ઉત્ક્રાન્તિ**. કર્મની અસરોમાંથી છૂટયા પછી, સુષુમ્ણા નામના શુદ્ધ અને પ્રકાશિત માર્ગદ્વારા શરીરની બહાર આત્મા જાય છે; આત્માનો આ સુષુમ્ણામાં પ્રવેશ એજ ઉત્ક્રાન્તિલય.

૨૩. અર્ચિ (અગ્નિ) અને અન્યનો માર્ગ તે અર્ચિરાદિમાર્ગ. સુષુમ્ણા નાડીમાં પ્રવેશ પામ્યા પછી જીવાત્મા બ્રહ્મ રંધ્રમાં જાય છે, અને પછીથી અગ્નિ (અગ્નિ દેવતા) ના અને અન્ય પ્રદેશોમાં ક્રમે ક્રમે તે જાય છે, અને અંતે અંતીમ સ્થાન પ્રાપ્ત કરે છે.

૨૪. ઉપર સમજાવ્યા પ્રમાણે વિવિધ ભૂમિકાઓમાંથી પસાર થયા પછી જીવાત્મા જે ભૂમિકા પ્રાપ્ત કરે છે, તે અનંત સુખનું નામ ભોગ.

૨૫. અંતીમ અને સુખદાયક સ્થિતિ પામવા માટે, વર્ણવાયલા પ્રદેશો અને માર્ગોમાંથી પસાર થવાને શક્તિવાન્ થવાની દરેકને જરૂર છે. આમ કરી શકાવા માટે, તેણે મનોનિરોધ, યોગ; સાધવાની જરૂર છે, કે જેના વડે પવિત્ર સુષુમ્ણાદ્વારા શરીરમાંથી બચી શકાય છે. અને; જે કોઈ પ્રથમ સાધન—કર્મ ક્ષય, પ્રાપ્ત કરે છે, તેનાથી જ આમ થઈ શકે છે.

૨૬. કર્મનાં બંધનોમાંથી પોતાનો બચાવ કરવાનો માર્ગ, અંતીમ મોક્ષ પામવાનો માર્ગ

એ વિષ્ણુનીભક્તિ અને વિષ્ણુનોપ્રસાદ છે. ભક્તિ એટલે ઉત્સાહ, પ્રભુની નિર્મર્યાદ ઉપાસના; અને આ ઉત્સાહમાં પણ પ્રભુની મહત્તાના જ્ઞાનની આવશ્યકતા છે. આ સાધનાદ્વારા કોઈ પણ, દિવ્યકૃપારૂપ પ્રસાદ ખુશીથી મેળવી શકે. જ્યાં જ્યાં ભક્તિ છે ત્યાં ત્યાં અવશ્ય કરીને પ્રસાદ છે; માટે, કોઇને પણ જે કરવાનું છે તે એટલું જ કે, પ્રભુ પ્રત્યે ભક્તિ દર્શાવવી.

૨૭. નવ પ્રધાનદુર્ગુણો (દ્વેષ) નો ત્યાગ કરવાદ્વારા તથા નવ પ્રધાનસદ્ગુણો (ભક્તિ) ને અનુસરવાદ્વારા, પ્રભુ પ્રત્યે ભક્તિ દર્શાવવાની જરૂર છે.

નવ દ્વેષ આ પ્રમાણેઃ—(૧) ઇશ્વર અને જીવ એક છે. (૨) ઇશ્વર ગુણે રહિત છે. (૩) ઇશ્વરના ગુણો અસંપૂર્ણ છે. (૪) ઇશ્વરના જેવા અન્ય છે. (૫) ઇશ્વરનાકરતાં અન્ય શ્રેષ્ઠ છે. (૬) ઇશ્વર પોતાના અવતારોથી ભિન્ન છે. (૭) અવતારો દિવ્યઅવતારો નથી પરંતુ મનુષ્યો છે, એમ માનવું તે. આ બધા ઉપરાંત; પ્રભુના ભક્તોનો અનાદર તથા પ્રભુની મહત્તામાં અશ્રદ્ધા, એ મળીને નવ પ્રધાનદુર્ગુણો થાય છે. આ ઉપર ગણાવાયલા દુર્ગુણોના વિરુદ્ધ વિચારો કેળવવા, એ નવ પ્રધાનસદ્ગુણો છે.

૨૮. ઉપર ગણાવાયલા દુર્ગુણોનો ત્યાગકરવાનાં તથા સદ્ગુણોનો સ્વીકાર કરવાનાં અનુભવગમ્ય સાધનો ત્રણ છે,—**અંકન, નામકરણ અને ભજન.**

૨૯. અંકન એટલે આંકવું તે; એટલે શરીરને ઇશ્વર, નારાયણનાં હથીઆરોથી આંકવું તે, એનો હેતુ એમ છે કે, એ અંકનો ઇશ્વરની શક્તિનાં દૃશ્ય પ્રદર્શનો છે. આથી આપણને આપણા વિચારો ધર્મમાં સ્થિર રાખવા ઠીક પડે છે.

નામકરણ એટલે નામ પાડવું તે,—પુત્રો અને અન્યનાં, પ્રભુના અવતારો અને ગુણોને અનુસરતાં નામ પાડવાં તે,—આથી આપણને તેનું સતત ભાન રહે છે.

પ્રભુમાં પૂર્ણ વિશ્વાસ રાખીને તથા પ્રભુનાં પ્રાણિઓપ્રતિ ન્યાય અને દયાથી વર્તવા દ્વારા પ્રભુની ભક્તિ તે **ભજન.** ભજન સાથે સંબંધ ધરાવતા ધર્મો આ પ્રમાણે છેઃ—(૧) સત્ય. (૨) પરોપકાર, (૩) દયા. (૪) શાસ્ત્રાભ્યાસ. (૫) દાન. (૬) નિર્મલનું રક્ષણ. (૭) સર્વનું પ્રતિપાલન. (૮) ક્ષમા. (૯) સંતોષ અને ઐહિક વાસના ક્ષય. (૧૦) અને અંત સુધી શ્રદ્ધા. આ દશ ધર્મો મધ્વોનું નીતિશાસ્ત્ર છે. અને **ભક્તિ** એટલે, આ સર્વ ધર્મો જેમ જેમ કરવામાં આવે તેમતેમ મનવાણીકર્મદ્વારા પ્રભુને અર્પવામાં આવે તે.

૩૦. ઉપર પ્રમાણેનાં સાધનો અને માર્ગો અનુસાર વર્તવામાં ફત્તેહ મળ્યા પછી, જે થાય છે તે આ પ્રમાણેઃ—જીવાત્મા એક પછી એક શારીરિકબંધનો અથવા કોષોનો ત્યાગ કરે છે. પાંચ કોષોમાંનો પ્રથમ સ્થૂલ શરીર (અન્નમય કોષ) છે. અન્ય કોષોથી સૂક્ષ્મ અને કારણ શરીરો બંધાય છે જ્યારે એક પછી એક અનુક્રમે જીવાત્મા આ શરીરોમાંથી છૂટો થાય છે, ત્યારે તે મોક્ષ પામે છે.

૩૧. જો કે જીવાત્માને તે સમયે સ્થૂલ અથવા જડ અર્થમાં કોઈ શરીર હોતું નથી, તો પણ તેને અન્ય પ્રકારનું શરીર હોવું જોઇએ; જો તેને શરીર ન હોય તો મોક્ષમાં તે સુખી શરીરે થઈ શકે. જ્યારે ઉપર કહેવાયલાં શરીરોનો ત્યાગ કરવામાં આવે છે ત્યારે જીવાત્મા ઇશ્વર વિષયક શરીર (ચિન્માત્રદેહ) ધારણ કરે છે, કે જેના દ્વારા તે પરમાત્મામાં પ્રવેશે છે, તથા અનંત સુખ ભોગવે છે.

૩૨. સર્વ જીવાત્માઓ સરખા પ્રમાણમાં સુખ પ્રાપ્તિ કરી શકતા નથી તે દરેકનાં પૂણ્યાનુસાર તેઓ સુખ પામે છે. મોક્ષની ચાર અવસ્થાઓ છે —(૧) સારૂપ્ય, ઇશ્વર સ્વરૂપનુ સાદૃશ્ય (૨) સાલોક્ય, પ્રભુની દૃશ્ય હાજરી. (૩) સામીપ્ય, પ્રભુની નિકટતા (૪) સાયુજ્ય, પ્રભુ સાથે ઐક્ય. અનુક્રમે આ દરેક સ્થિતિયો અન્યોન્યથી શ્રેષ્ઠ છે, અને નં-૧૧મા સમજાવ્યા પ્રમાણે (જીવત્રિવિધ વિષે) તેને યોગ્ય થાય તે પ્રમાણે તેના પ્રયત્નો તથા મૂલ પ્રકૃતિ અનુસાર જીવાત્મા તે તે સ્થિતિ ધારણ કરે છે.

૩૩. સયોગથી (સાયુજ્ય) એમ દર્શાવવાનું નથી કે, જીવ, ઇશ્વર સાથે એક થઇ જાય છે અને લોપ પામે છે. કારણ કે જીવ અને ઇશ્વરનુ ઐક્ય અશક્યવત્ થઈ પડે છે. જ્યારે વ્યક્તિમય જીવાત્મા ઉચ્ચતમ પૂર્ણતાની ભૂમિકાએ ચઢે છે ત્યારે તે વિશ્વવ્યાપક આત્મામાં પ્રવેશે છે, અને ત્યા ભાનવાળી ભિન્ન વ્યક્તિરૂપે અસ્તિત્વ ધરાવે છે, આ સમયે તે ભાવિ જન્મ મરણથી છૂટો થાય છે અને અમિશ્રિત સુખોપભોગ ભોગવે છે. આજ મુક્તિ રૂપને મનુષ્યોનુ આજ અતીમ વિશ્રામસ્થાન

(આગળ ચાલુ.)

ઉપતંત્રી.

સૃષ્ટિજ્ઞાન વધારવાની આવશ્યકતા.

(પ્રોફેસર હુકસલે કૃત નિબંધનો ટુંક સાર.)

(મળેલું)*

અનુસંધાન પૃષ્ટ ૧૩૦ થી.

એકંદરે આ જ્ઞાનનો પાયો (પછી તે વ્યવહારિક હો કિંવા ધાર્મિક હો) મનુષ્યની બુદ્ધિના વિકાસ સાથે નખતા જવો જોઇએ એમાં જરા પણ સશય નથી. આ પાયા ઉપર

* લખનાર—રા. રા. અંબાલાલ મહાશકર ભટ્ટ

ઉભી કરેલી ઇમારત માત્ર તેતે સમયનાં સૃષ્ટિક્રમ સંબંધે કરેલી કલ્પનાનુરૂપ થાય છે; તે કલ્પના જેમ જેમ બદલાતી ગઈ તેમ તેમ ઇમારતનું સ્વરૂપ પણ બદલાતું ગયું. કેટલીક બાબતો સૃષ્ટિના આરંભ કાળથી નિયમિત કાળે બનવાથી તેમાં નિયમિતપણું છે એ વાત તદન જંગલી મનુષ્યના પણ ધ્યાનમાં આવી ચૂકી હતી. આપણે ઉંચે ફેંકેલો પથ્થર જ્યારે નીચે પડે છે ત્યારે તેનામાં કોઈ દેવ હોય છે તે તેને નીચે પાડે છે. અથવા દરેક ફળ ફળાદિમાં દેવ હોય છે, અને તેથી જ તે ફળ પકવ થાય છે, અને મિષ્ટ થાય છે એવી કલ્પના જંગલી અને ધર્માંધ મનુષ્યોને માન્ય હશે કિંવા નહિ એની મને શંકા છે! આરંભથી આ વાતોનું જ્ઞાન મનુષ્ય જાતે સશાસ્ત્ર કરી લીધેલું હોવું જોઇએ. પરંતુ વારંવાર ન દેખાનાર અથવા ક્વચિતજ બનતા બનાવ જોતાં જ અશિક્ષિત મનુષ્ય હમેશ તેની તુલના પોતાની કલ્પનાથી કરી જૂએ છે અને એમ કરવું એ પણ સાહજિક છે. કારણ તેને એમ લાગે છે કે, આપણી ઇચ્છાથી જેવી સ્વતઃસિદ્ધ ભિન્ન ભિન્ન વાતો બને છે, તે પ્રમાણે જ મોટી મોટી અપૂર્વ વસ્તુ સુદ્ધાં કોઈ મહાન્ શક્તિમાનની ઇચ્છાથી બનેલી હોવી જોઇએ આ સૃષ્ટિ તથા તેમાંના સર્વ પદાર્થો આપણા જેવા જ પણ કોઈ વધારે બલવાનની ઇચ્છાનું પરિણામ હશે! તેને આપણી પેઠે ક્રોધ, કિંવા આનંદ થતો હશે! સૃષ્ટિ માટે એજ કલ્પના કરી મનુષ્ય માત્ર આજ સુધી ચાલતાં આવ્યાં, તથા અદ્યાપિ પર્યંત તેજ કલ્પના સર્વમાં સોવારણ છે! આટલી સ્થિતિએ પહોંચેલા કિંવા મનુષ્ય માત્રનું હિત તથા ઈશ્વરના વૈભવ વધારવા માટેજ કેવળ સૃષ્ટિજ્ઞાન સંપાદન કરવાને ઇચ્છનાર મનુષ્ય તે જ્ઞાન દિનપ્રતિદિન અધિકાધિક મેળવે તેથી તેના વિચાર કેવા બદલાય છે, તે તથા તેની બુદ્ધિપર આ અભ્યાસનું શું પરિણામ થાય છે તે હવે જોઇએ.

દૃષ્ટાંત તરીકે પ્રાચીન કાળના લોકોને જો વર્ષાઋતુનો ક્રમ નિયમિત રીતે છે એમ કોઇએ બતાવ્યું હોત તો ખેતીના કામની સૂચના તેમને વેળાસર મળી હોત, કિંવા કોઈ ગ્રહના સ્થાન બરાબર જણાવવામાં આવત તો નૌકા ગમનમાં સહાય થઈ હોત અને તેથી તે કહેનાર મનુષ્ય તેમને વ્યવહારિક દૃષ્ટયા પણ ઘણો શાણો અને ધર્મ દૃષ્ટયા સાધુ પુરૂષ લાગત અને તેને ઘણું સન્માન મળત. એટલું જ નિત્ય ઉપયોગી પડનારૂં જ્ઞાન સંપાદન કરવાના યત્નથી કેટલાં બધાં મહત્વનાં શાસ્ત્ર જન્મ પામ્યાં છે! દાખલા તરીકે જ્યોતિષ શાસ્ત્ર લઇએ તો એ શાસ્ત્રના અભ્યાસથી લોકના મનમાં જે નવી કલ્પના કિંવા નવનવા વિચાર આવ્યા તે એકલા વ્યવહારમાં કદાપિ આવ્યા નહોતા. સિવાય કેટલાક બનાવના કારણો તેમને વૃદ્ધો કહેતા તે ખરાં નથી એમ તેમને ખાતરીથી જણાયું. આપણે વસિયે છિયે. તે આવડી મોટી વિશાળ પૃથ્વી અંતરિક્ષમાંના ગ્રહ સાથે કિંવા સૂર્યમંડળ સાથે સરખાવતાં એક અણુ કરતાં પણ નાની છે; તથા તે ફરતાં ફરતાં ક્યાં જશે તથા તેનું પરિણામ શું થશે એ જ્ઞાન જ્યોતિષ શાસ્ત્રથી થયું; તેજ પ્રમાણે આપણે જેને આકાશ કહીએ છિયે અને જે આપણને શાન્ત તથા ખાલી દેખાય છે, તે તેવું નથી પણ અત્યંત ચંચલ હોઈ એવા એક પદાર્થ (ether) થી વ્યાપ્ત છે; સમુદ્રના પાણી ઉપર જેવી લહેરો આવે છે તે પ્રમાણે તે પ્રવાહી પદાર્થમાં પણ લહેરો આવે છે. ઇત્યાદિ બાબતોનું જ્ઞાન જ્યોતિષશાસ્ત્રથી જ થાય છે.

આજ પ્રમાણે ઘણી બાબતોનું જ્ઞાન આપણને જ્યોતિષશાસ્ત્રથી થયાનું જણાશે. પરંતુ તેથી આપણે એમ સમજવાનું નથી કે ફક્ત જ્યોતિષશાસ્ત્ર ઉપર જ નિર્વાહ કરી શકાય છે; કિંવા જ્યોતિષશાસ્ત્રનાજ અધ્યયનથી નવી કલ્પના કિંવા નવા વિચાર સૂઝે છે. પમ્પના યોગે કૂવામાંથી પાણી ઉપર લાવવું, તથા દૂર સુધીની જમીનમાં તે પહોંચે તેમ કરવું એથી બીજી વધારે વાત કયી? કિંવા વ્યવહારમાં વધારે ઉપયુક્ત બાબત કયી? તથાપિ તે આટલી સાદી વાતથી **સૃષ્ટિ કર્તાને ખાલી જગ્યા ગમતી નથી!** આ તત્ત્વ નિકળ્યું!! પછી તપાસને અંતે એમ જણાઈ આવ્યું કે આ નિયમની સહાયથી સમજાવેલા સર્વ ચમત્કાર કેવળ હવાતા દાબથી બનેલા બનાવ છે! ઉપર કહેલું તત્ત્વ ભૂલ ભરેલું છે. હવાને વજન છે એટલી વાત સિદ્ધ થયા પછી વસ્તુ માત્રને વજન છે, તે માન્ય કરવું પડયું, તેથી વધુ શોધ કરતાં વજન તથા **ગુરૂત્વાકર્ષણ** શક્તિ એ બન્ને એક છે એમ દીસી આવ્યું. નિરનિરાળા પવનથી કેવી રીતે વર્તવું કિંવા તે કેમ વાપરવા તેનો શોધ કરતાં પ્રાણવાયુ (Oxygen) નો શોધ લાગ્યો અને તેની સાથે સર્વ પદાર્થ અવિનાશી છે! એ તત્ત્વ બહાર આવ્યું.

સૃષ્ટિજ્ઞાનના મહત્ત્વનાં ઉપર જણાવેલાં દૃષ્ટાંતો કરતાં પણ તદન સાદું પરંતુ અત્યંત વ્યવહારિક દૃષ્ટાંત જોવું હોય તો ગાડાના પૈડાનું દૃષ્ટાંત લો. ગાડાના પૈડાની અને ધરીની વચમાં તેલની ચીંદરડીઓ ઘાલવામાં આવે છે; તેમ જો ન કરવામાં આવે તો પૈડા તથા ધરીના ઘર્ષણથી પૈડુ ઘસાઇને સળગી ઉઠે માટે બન્નેની વચ્ચે તેલ કિંવા ચરબી પૂરવામાં આવે છે. આ વાત કેટલી બધી વ્યવહારિક છે વારૂ? ગાડીવાળા વગેરે લોકોને આ યુક્તિથી કેટલો બધો લાભ થયો છે તે જાદું કહેવાની જરૂર નથી જ. એવા પ્રકારની અનેક શોધ ઠાઉન્ટ રેફ્રેંડે કરી કોઇ પણ પદાર્થ અથવા **કોઈ પણ પ્રેરણા કદાપિ નાશ પામતી નથી.** આ સિદ્ધાંત પણ તેણે પ્રસિદ્ધ કર્યો છે દરેક પ્રકારના સૃષ્ટિ શાસ્ત્રમાં પ્રયાસ કરનાર સર્વ વિદ્વાનોને એવું જણાયું છે કે કોઈ પણ વસ્તુ લો, પછી તે અત્યંત સૂક્ષ્મ હશે કિંવા સ્થૂલ હશે તેની રચનાનું સ્વરૂપ કિંવા ઇતર વસ્તુ સાથે સંબંધ કેટલાક વિશિષ્ટનિયમપર અવલંબીને હોય છે. અને તે નિયમોનો ભંગ થયેલો કદાપિ જણાઈ આવતો નથી.

હવે કોઈ એમ પૂછે કે 'વૈદ્યક તથા શારીર' શાસ્ત્રમાં આ પ્રકાર જણાય છે કે? મનુષ્ય માત્રના આધિ વ્યાધિ પરિહાર કરવાનો અતિ સ્તુત્ય હેતુ મનમાં રાખી ઉદ્યોગ કરનારાં શારીરશાસ્ત્રવેત્તા અથવા વૈદ્ય એ સર્વ કેવળ આ ઉપયુક્તના ઉપર નજર રાખી ધંધો કરે છે કે? મને લાગે છે કે ઇતર તત્ત્વવેત્તા કરતાં આ લોક વધુ ગુનેહગાર હોવા જોઇએ. જ્યોતિષશાસ્ત્રવેત્તા જો એમ કહે કે, દિક્ તથા કાલને અંત નથી; વસ્તુતઃ સૃષ્ટિ શાશ્વત છે, એમ, તેમનો મત છે તેજ રસાયનશાસ્ત્ર વેત્તાના મતથી જો પ્રત્યેક પદાર્થ અત્યંત બારીક એવા અસંખ્ય અણું રેણું એકત્ર થઈ બનેલો છે; તથા પ્રેરણા અને પદાર્થ એ અવિનાશી છે. તથા સર્વના મતથી વસ્તુ માત્રમાં કંઇ ક્રમ તથા નિયમ છે. તો પણ જીવનશાસ્ત્રવેત્તા એટલાથી ન અટકતાં અધિક આશ્ચર્ય પામવા જોગ નવીન નવીન શોધનો તેમાં વધારો કરે છે. જ્યોતિષશાસ્ત્રવેત્તાના મતે પૃથ્વીએ જે પ્રમાણે સૃષ્ટિનો કેંદ્રના પણ કેન્દ્રથી દૂર અં-

તેનું મધ્યબિંદુ છે તે પ્રમાણે જ નવીન જીવનશાસ્ત્રવેત્તા એમ કહે છે કે આ કાંઈ સર્વ સજીવ (સેન્દ્રિય) સૃષ્ટિ નસતાં જીવના જે અસંખ્યનું મધ્ય રૂપાંતર થાય છે તેમાંનું રૂપાન્તર છે. જ્યોતિષશાસ્ત્રવેત્તા કહે છે કે સૂર્યમંડળની વ્યવસ્થા ઉપર કાલનું પરિમાણ થવાના અનેક પૂરાવા છે તે પ્રમાણે જ જીવનશાસ્ત્રવેત્તાને સુદ્ધા અનાદિ કાળથી પૃથ્વી ઉપર જેટલાં પ્રાણી થઈ ગયાં તે સર્વની નિશાની હાલના પ્રાણીયોમાં જણાય છે. આ સર્વ પ્રાણીઓની સંખ્યા અગણિત છે. એમ કહીયે તો ચાલશે રસાયનશાસ્ત્રવેત્તા કિંવા પદાર્થવિજ્ઞાનશાસ્ત્રવેત્તા એમ કહે છે કે પ્રત્યેક પદાર્થ તેનું નિયમિત રૂપ પ્રાપ્ત થવાને ઘટકાવયવની રચના પણ કેટલાંક વિશિષ્ટ નિયમને અનુસરી હોય એમ લાગે છે. તેજ સ્થિતિ મનુષ્યના દેહની રચનાની છે એમ ઇન્દ્રિયધર્મશાસ્ત્રવેત્તાનું કહેવું છે. સૃષ્ટિમાં જે પ્રમાણે ચારે પાસે તેમજ માણસમાં કદાપિ ન બદલાનારી વ્યવસ્થાના, તથા કાયમના કાર્યકારણસંબંધ તત્ત્વવેત્તાને જણાય છે.

ધર્મના બીજ સંબંધે એમ જ કહેવું પડશે. મનુષ્યની જૂદી જૂદી જાતિના કિંવા વ્યક્તિની સ્થિતિ સાર્વત્ર ક્રિયા પ્રમાણે કિંવા પ્રતિક્રિયા પ્રમાણે તેની ધર્મકલ્પના પણ ભિન્ન ભિન્ન સ્વરૂપ ધારણ કરે છે. કોઈ દ્વૈતમતના, કોઈ ધર્મભોળા, કોઈ તદ્દન નાસ્તિક એવો પ્રકાર આથી જન સમાજમાં જણાય છે. આ મતમાં ખરા કોણ તથા ખોટા કોણ તેનો નિર્ણય કરવાનું આ સ્થળે પ્રયોજન નથી. તથાપિ એટલું કહેવું જરૂરનું છે કે, પ્રાચીન ધર્મથી અર્વાચિન ધર્મના મત જો કે ભિન્ન જણાય તો પણ તેનું કારણ એટલું જ કે, અર્વાચિન મત શાસ્ત્રીયતત્ત્વને અધિક અનુસરીને છે. અને તેથી તે સિંદુર ચોપડેલા પ્રત્યેક પાલાણ કે વડના ઝાડને દેવ ન સમજતાં અથવા કેવળ પૌરાણિક વાતોપર ભરોસો ન રાખતાં, તેને બદલે આ ખેલ વિશ્વ જેની સત્તાથી થયું છે એવા પરમાત્માના કર્તાપ્રતિ પૂજ્ય ભાવ રાખી તેની અદ્ભૂત લીલાનું ગાન કરે છે.

આ તથા આવી જાતની બીજી નવી નવી કલ્પનાસૃષ્ટિ જ્ઞાન વૃદ્ધિગત થયાને લીધે આપણા ધ્યાનમાં આવવા લાગી છે. આ સૃષ્ટિમાં આપણી પૃથ્વી એક ગ્રહ છે. એવી સમજ થતી જણાઈ છે અને તે છતાં તે ઘણી શાશ્વત છે. અને તેની ઉપર જે અસંખ્ય પ્રાણી છે તેમાં મનુષ્ય પણ એક નાનું પ્રાણી છે. તથા હાલ જે પ્રમાણે દેખાય છે તે પૂર્વનાજ વંશ જ છે. એ સર્વ બાબત હવે તેમને ખરી લાગી અને તે ઉપર તેમની પૂર્ણ શ્રદ્ધા બેસવા માંડી છે એટલું જ નહિ પણ સૃષ્ટિ જ્ઞાનમાં તેમનું જેમ જેમ આગળ પગલું પડતું જાય છે, તેમ તેમ આ વિશ્વે ઠરાવેલાં નિયમમાં જ ચાલેલું છે એમ તેના તેજ કહેવા લાગ્યા છે. તેને જ આપણે સૃષ્ટિના નિયમ કહીએ છિયે. નિયમ આ શબ્દ બરાબર લાગુ પડતો નથી. પરંતુ ઇશ્વર ઉપર હવાલો (આશા) રાખનાર લોકોની સંખ્યા તથા તેમનો મત દૂર કરવાને તે વિશેષ સોઇવાળો હોવાથી તેનો સ્વીકાર કરવો જોઇએ.

આ નવી કલ્પના ખરી છે કિંવા ખોટી છે તેનો વિચાર કરવાનું પ્રયોજન નથી, સૃષ્ટિ જ્ઞાન વધતું જાય છે. તે સાથે આવી તરેહની કલ્પના લોકોના મનમાં આવવા લાગી છે.

એ વાત ખરી છે. અને તે ઉપરથી જ લોકોનો જૂનો મત અત્યંત બદલાયો છે એમ અમે કહીએ છિયે.

હવે બીજા પ્રશ્ન લઇએ—અને તે એકે સૃષ્ટિજ્ઞાનની પ્રગતિથી લોકોની નીતિમાં કેટલો તથા કયા કયા પ્રકારનો ફેર પડતો ચાલ્યો છે ? એનો નિર્ણય કરતા પૂર્વે ખરેખરા અર્ધ જંગલી લોકની નીતિ સંબંધે કલ્પના શું છે તે પ્રથમ જોવી જોઇએ.

જંગલી લોકના આચરણ તથા નીતિ તત્ત્વો જોવા જો જઇએ તો તે નીચે પ્રમાણે છે.

(૧) સત્તાએ વિશ્વાસનું મૂળ છે.

(૨) વિશ્વાસ તત્પરતા એજ ખરૂં સદાચરણ એમાંજ ખરૂં પૂન્ય છે. સંશયી મન સારૂ નહિ. અવિશ્વાસ એ પાપનું મૂળ છે. એકાદ વજનદાર મનુષ્યે કહ્યું કે, અમુક એક વાત ઉપર વિશ્વાસ રાખો. અને આપણો તેનાપર ભરોંસો હોય તો તે વિષે વિચાર ન કરતાં તે વાત માન્ય કરવી જોઇએ, કેટલાક સારા માણસના પણ અદ્યાપિ આવા પ્રકારના વિચાર છે. પણ તે બરાબર છે કિંવા ભૂલ છે તે ઠરાવવાનું મ્હારૂં કામ નથી. તથા પ્રસ્તુત લેખનો હેતુ પણ નથી. તમારી દૃષ્ટિ સમક્ષ વિશેષ લાવવાની બાબત એ છે કે સૃષ્ટિ જ્ઞાન વધારવાના જે અનેક માર્ગ છે તેમાંના કોઈ પણ માર્ગનું અવલંબન કરો તો ઉપરના પ્રત્યેક મત ખોટા ઠરે છે. તથા તેથી તદ્દન વિરૂદ્ધ મત નજરે આવે છે.

વશીલો કિંવા વજન આ બન્ને વાત સૃષ્ટિ સુધારકને બિલકુલ માન્ય નથી. તેમના મતે । **गतानुगतिकोलोकः** ॥ આ અંધાનુકરણ તદ્દન અક્ષમ પાપ છે.! પ્રત્યેક વસ્તુનો અનુભવ લઈ પછી તેના પર વિચાર કરવો એ જ સર્વથી મોટું પ્રમાણ તે માને છે. અમુક એક શખ્સ આવું કહે છે તેથી અમારે પણ તેવું જ કહેવું જોઇએ એ મતને મૂળમાંથી ઉખાડી નાંખવો જોઇએ. શંકા કાઢી તેનું સમાધાન કરી લીધા સિવાય કોઈ પણ મત પર ભરોંસો રાખવાનો નથી. મેંઢાના ટોળાની પેઠે આંખો મીંચી અનુકરણ કરવાનું નથી, એવો નિશ્ચય કર્યા સિવાય સૃષ્ટિ જ્ઞાન વધારી શકવું શક્ય નથી. કોઈ પણ શાસ્ત્રવેત્તા તે ગમે તેટલો જ્ઞાની હોય તો પણ તેનો જે મત હોય છે તે તેણે પૂજ્ય માનેલા ગુરૂ કિંવા સ્નેહીનો છે. એમ કહેવું નહિ. પણ પ્રત્યયથી અનુભવથી તેના ખરાપણા વિષે ખાતરી થયાથી તે માન્ય કરે છે એમ જણાવવું જોઇએ. જ્યારે જ્યારે કોઈ પણ વાત સંબંધી શંકા થાય ત્યારે ત્યારે સૃષ્ટિના નિયમ સાથે સ્વતઃના પ્રયોગ સરખાવી જોવાથી ખાતરી થાય છે, એમ સમજાયલું હોવાથી પ્રયોગ તથા સૃષ્ટિક્રમ એ બન્નેમાં જ્યારે ઐક્ય જણાઇ આવે છે ત્યારે જ તેના ઉપર ભરોંસો રાખે છે એકંદરે અર્વાચિન શાસ્ત્રવેત્તાનો મુખ્ય શિક્ષક અનુભવ એ જ છે.

આ પ્રમાણે સૃષ્ટિજ્ઞાન સુધરવાથી વ્યવહારિક જે ફાયદા થાય છે તે તરફ કિંવા એકંદર સુધારણાપર તેથી થનારાં હિતાવહ પરિણામ તરફ આંખ આડા કાન ન કરતાં ઉપર બતાવેલી કિંવા તજ્જાતિય નવિન કલ્પના સત્ય કિંવા મનુષ્ય માત્રની નીતિમાં ઇષ્ટ ફેરફાર થવો એ જ સૃષ્ટિ જ્ઞાન વધારવાનું ખરૂં મહત્ત્વ છે. કાલાંતરે આ કલ્પના જો કાયમ થશે-કિંવા

તે કાયમ રવાની જ-અથવા અનુભવ સિદ્ધજ્ઞાન તેટલું જ ખરૂં એમ માનવાની પ્રવૃત્તિ હાલના પ્રમાણે જો પ્રત્યેક શાસ્ત્રાભ્યાસમાં વધતી જશે તો તે એક સરખી રીતે વધશે એનાં જરા પણ સંશય નથી. જ્ઞાન એક જ પ્રકારનું હોય છે તથા તે સંપાદન કરવાનો માર્ગ પણ એક જ છે; આ તત્ત્વ અમારા દેશી બંધુઓના ધ્યાનમાં આવશે તો હાલમાં બાલ્યાવસ્થાવાળા આપણ સર્વને એવું નિશ્ચય લાગ્યો કે સૃષ્ટિ જ્ઞાન સુધારવું જોઇએ. તથા મનુષ્યનું જીવન જેનાથી સફળ થાય તે માર્ગ ગ્રહણ કરી પોતાનું તથા પોતાના વંશજોનું કલ્યાણ કરવા પ્રત્યે કે ખંતથી પરિશ્રમ કરવો જોઇએ.

શરીરિ અને તેનાં શરીરો.*

આપણા બાપણક્રમની નામાવલિમાંથી તમને માલૂમ પડશે કે, આપણા સામે વિવિધ વિષયોની અનેકશાખાઓ ખડી થાય છે—પૂનર્જન્મ, વિશ્વદૃષ્ટિ, ટેલીપથી-અથવા માનસિકચિકિત્સા, એ એમાંના કેટલાક વિષયો છે. આ વિષયોનું અભેદવાદ પુરઃસર વર્ણન હું તમારા આગળ કરવા માગું છું. કારણ કે અભેદવાદમાં અમને એક મહાન્ તત્વશાસ્ત્ર મળી આવ્યું છે, કે જેનાવડે આપણી આસપાસ જે જે જોઇએ છીએ, તે સર્વના ખુલાસા થઇ રહે છે. અત્યારે જે ભૂમિકા સુધી તેની બુદ્ધિશક્તિ ખીલી શકી છે, તેની ઘણી પાર પણ મનુષ્યથી ન સમજાઈ શકે તેવા, અનેક વિષયો, અને એમાંના કોઈ પણ એકાદ ગૂઢ વિષય સાથે સંબંધ ધરાવતા વિચારો છે, એ વાતની અમને પ્રથમ સંપૂર્ણ ખાત્રી છે; તથાપિ અભેદવાદમાં અમને વિશાલ જ્ઞાનભંડાર જડી આવે છે, એક સંસ્થા કે જે આ વિશ્વને આપણે જેવું જોઇએ છીએ તેનો સંપૂર્ણ યુક્તિપૂર્વક ખુલાસો આપે છે, તે જેવું છે તેવી સ્થિતિએ શીરીતે આવ્યું, તથા મનુષ્ય પણ જેવો છે તેવી સ્થિતિએ શીરીતે આવ્યો, તે દર્શાવે છે, અને વળી તે ભવિષ્યમાં કેવો થશે તેની આપણને સ્પષ્ટ અગમચેતી આપે છે, તથા આ મહાન પ્રયુક્તિ, તેને માટે તથા જે સ્થાનને તે અધીન હોય છે તે માટે, શો ઉદ્દેશ ધરાવે છે, તે પણ દર્શાવી આપે છે. જો આ સર્વ આમ હોય તો, વિચારવંત દરેક મનમાં ઉઠતા વિવિધ પ્રશ્નોના, અભેદવાદને તર્કપૂર્વક ઉત્તર આપવાના છે, તથા જીવનના મહાન્ સિદ્ધાંતો વિષે કેટલાક ખુલાસા આપવાના છે. આથી કંઈ એમ આશા બાંધવાની નથી કે, તે સર્વ વાતોના સંપૂર્ણ ખુલાસા આપશે, પરંતુ સંભાળપૂર્વક અવલોકાયલા સર્વ બનાવો વિષે તેણે બુદ્ધિગમ્ય સિદ્ધાંતો પૂરા પાડવા જોઇએ. આપણે અવિરૂદ્ધ યોજના ઉપજાવવાની જરૂર છે; અમે માનીએ છીએ કે આવી એક યોજના અમારાથી યોજાઈ ચૂકી છે, અને તેટલા માટે, આપણિ નામાવલિમાં ગણાવેલા વિષયો સંબંધે, તેનાથી થયલા આ વિષયો વિષેના અમારા વિચારો તમારા આગળ દર્શાવવા માગીએ છીએ.

---

* અમેરિકામાં આ વર્ષે આપવા ધારેલાં વ્યાખ્યાનમાલામાંના, થીઑસોફીસ્ટમાં આવેલા, મી. સી. ડબલ્યુ. લીડ બીટરના ભાષણને આધારે.

આપણો આજનો "શરીરિ અને તેનાં શરીરો" નો વિષય એવો છે, અમારા અભેદવાદના ખુલાસાઓ સમજાઈ શકાતા પૂર્વે, તેને સમજવાની જરૂર છે. મારાથી બનશે તેટલો તે વિષયને સાદો બનાવીશ, તથા મારાથી બનશે ત્યાં સુધી તેમાંથી પારિભાષિકશબ્દોનો ઉપયોગ દૂર કરીશ.

વિશાલતાથી વિલોકતાં, આ જગત્ વિષેનો, તથા તેનો જેમાં સમાવેશ થાય છે એવા સૂર્યમંડલવિષનો અમારો વાદ એવો છે કે, તેમાં સામાન્ય રીતે માનવામાં આવે છે તેના કરતાં ઘણાનો સમાવેશ થઈ જાય છે,—સામાન્ય રીતે માનવામાં આવે છે તેમ બહિર્ નહિ પરંતુ આંતરમાં ઘણો જ દૂર વિસ્તરે છે. મારે આ સમજાવવાની જરૂર છે. પૃથ્વિને સ્થૂલશરીરરૂપે ગણવામાં આવે છે, અને આપણને માલૂમ છે કે, નક્કર, પ્રવાહિ અને વાયુરૂપ, જડની કેટલીક સ્થિતિયોનો તેમાં સમાવેશ થાય છે; અને આથી વિશેષમાં સ્થૂલભૌતિકવિજ્ઞાન એક કંઈક "ઇથર" નામની એક વધારે સ્થિતિ સ્વીકારે છે, જે સર્વ જડમાં ઓતપ્રોત રહેલી છે અને તેની પાર વિસ્તરેલી છે. અમે વળી આથી પણ આગળ વધીને એવા મત ધરાવીએ છીએ કે, જડની ઘણી ઘણી સૂક્ષ્મ સ્થિતિયો અસ્તિત્વમાં છે, અને તેઓ આત્માવિદ્યાનુયાયીઓથીજ જોઈ શકાય છે તથા તપાશી શકાય છે જ્યારે હું વિશ્વદૃષ્ટિ વિષે બોલીશ ત્યારે આવાં અવલોકનો જેથી સંભવી શકે છે, તે શક્તિયો એ વિષે સમજાવવાની હું આશા રાખું છું; પરંતુ હાલ તો એ શક્તિયોને સમજાવ્યા વિના એમને સ્વીકારીને જ કામ ચલાવીશ. હાલ તો માત્ર એટલું જ કહી શકું, મનુષ્યનામાં પોતાનામાં ખીલ્યા વિનાની ઇન્દ્રિયો છે, કે જેના દ્વારા, આપણી સામાન્યઇન્દ્રિયોને જે જડની સ્થિતિયોનું ભાન થાય છે, તેના કરતાં ઘણાજ સૂક્ષ્મ વિભાગ પ્રતિ વિભાગોમાં વહેંચાઈ ગયલા જડની સૂક્ષ્મસ્થિતિયોનું ભાન થાય છે; પરંતુ જ્યાં સુધી માનવિનાં ઉચ્ચશરીરોવિષે મેં સમજાવ્યું નથી ત્યાં સુધી એ સૂક્ષ્મઇન્દ્રિયોની પ્રકૃતિ મારાથી સમજાવી શકાશે નહિ. અભેદવાદ વિશે ભાષણ કરનાર એકની અનેકમાંની એક આ મુશ્કેલી છે કે, આ સંસ્થા એટલી બધી અરસપરસ જોડાયલી છે તથા તે સમગ્ર એવી સુંદર રીતે એકત્ર થાય છે કે, અન્ય સર્વ વિભાગવિશે બોલ્યાવિના તેમાંના એક ભાગને સંપૂર્ણ સમજાવવો એ ઘણીવાર અશક્ય જેવું થઈ પડે છે, અને જ્યાં સુધી કોઈ પણ તેને સંપૂર્ણ જાણે છે ત્યાં સુધી તેનાથી અમુક એક વિભાગનો પુરાવો કેટલો સબલ છે, એ કદાપિ કહી શકાશે નહિ.

ત્યારે આપણને માલૂમ પડે છે કે, આપણી આસપાસ જે જડ જોઇએ છીએ તે શિવાય, તથા જે જડ આપણાથી જોઈ શકાતું નથી તથાપિ સ્થૂલ વિજ્ઞાન (Science) જેના અસ્તિત્વ વિષે આપણને ખાત્રી આપે છે, તે સિવાય પણ જડની હજુ ઘણીસૂક્ષ્મ સ્થિતિયો અસ્તિત્વ ધરાવે છે, અને તે માત્ર આ સૂક્ષ્મઇન્દ્રિયોદ્વારા જ જોઈ શકાય છે. અમે આ વાત તમારા આગળ એક સિદ્ધાંત રૂપે રજુ કરીએ છીએ, તે તમારે વિચારવાનો છે, તપાસવાનો છે, પરંતુ એટલું તમને કહેવું પ્રમાણિક ગણાશે કે, એ તો અમને એક સિદ્ધાંત કરતાં પણ વિશેષ છે—અમારામાંના ઘણાને તો અમારાં પોતાનાં અવલોકનો

ઉપર આધાર રાખતી ખાત્રી રૂપે તે છે. આ અભ્યાસમાં અમે ઘણાં વર્ષ ગાળ્યાં છે. હું મારી જાતેજ લગભગ વીશ વર્ષથી અભેદજ્ઞાનમંડલનો સભાસદ છું, અને જ્યારે અમુક મનુષ્ય એક જ વિષય પાછળ અનુભવ મેળવવામાં વીશ વર્ષનો સમગ્ર કાલ ગાળે છે, ત્યારે તે તેના વિષે કંઈક જાણવા માંડે છે. તથા તેના મૂખ્ય મૂખ્ય સિદ્ધાંતો સ્પષ્ટ અને નિશ્ચિત રીતે તેના મનમાં પ્રવેશ કરે છે. માટે એટલું તો યથાર્થ છે કે, આમાંના ઘણા વિષયો કે જે તમને નવાઇના અને વિચિત્ર લાગશે, તે વિષે હું તદ્દન જુદીજ સ્થિતિમાં છું, મારે તો તે ખરા બનાવો છે, ઘણાં દૃષ્ટાંતોમાં તો મારા દરરોજના અનુભવો છે. અમારામાંના ઘણા જાતિ પ્રયોગોથી જાણે છે કે, આ અભેદવાદસંસ્થાનો મૂખ્ય મૂખ્ય સાર સત્ય છે, પરંતુ કંઈ અમે આમ માનીએ છીએ માટે તમારે એમ માનવું, એવું અમે કહેતા નથી, પરંતુ જેમ તમે અન્યને પ્રમાણ રૂપે સ્વીકારો તેમ અમારી વાત સ્વીકારો અને તમારી જાતે અનુભવો. અમે પરમતાવલંબિઓની શોધમાં નથી, તેમજ અમે જે કહીએ છીએ તે માનવાને લોકોને લલચાવતા પણ નથી; અમે તો માત્ર તેમના આગળ અભ્યાસનો એક ક્રમ રજુ કરીએ છીએ, કે જેથી તેઓ આનંદથી તે ઉપાડી લઇને તેમની મેળેજ આગળ વધે. આ વિષયે વિશેનું સાહિત્ય હાલ વિસ્તાર પામ્યું છે, તેથી જેની ઇચ્છા હોય તે આગળ અભ્યાસ ચલાવી શકશે, અને આ પ્રકારે સિદ્ધાંતના સત્ય વિષે પોતાના મનનો નિશ્ચય કરી શકશે. વાંચ્યા પછી પણ જો તે એમ નિર્ણય કરે કે, તેને તો અન્ય સિદ્ધાંત અનુકૂલ થાય છે, તો તેથી પણ કંઈ નુકશાન થતું નથી; માત્ર તે એક માનવમંડલના સિદ્ધાંતો વિષે થોડુંક આમ શિખે છે, અને એ સમૂહના સિદ્ધાંતો સાથે તે પોતાની જાતે એક મતનો થઈ શકે એમ લાગતું નથી. અમને અમારી યથાર્થ વાતોમાં એવું માનવાની સંપૂર્ણ શ્રદ્ધા છે કે, તે અમારી સાથે એક દિવસે એક મત થશે, જેમ જેમ તે ભાવિ જન્મોમાં વિશેષ અનુભવ પ્રાપ્ત કરતો જશે તેમ તેમ સમય વીતતાં તે અમારા સિદ્ધાંતો તરફજ વધશે.

તેથી હું કહું છું કે, અમારા વિષે વાત કરીએ છીએ, તેટલા સંબંધમાં તો અમે જાણીએ છીએ કે જડની સૂક્ષ્મ સ્થિતિયો અસ્તિત્વમાં છે, તેમનાથી બનેલી મહાન દુનિયાઓ છે, અને તેમને અમે પ્રકૃતિનાં ઉચ્ચભુવનો કહીએ છીએ. એટલું યાદ રાખો કે તમે સર્વ જાણો છો તેવા જડનું હજુ સુધી હું વર્ણન ચલાવું છું; ગમે તો જુદી જુદી સ્થિતિયોમાં હોય તો પણ આપણે તો એકજ જડ જાણીએ છીએ કે જે "ઇથર" સાયન્સ (સ્થૂલ વિજ્ઞાન) ઉપદેશે છે, તે અન્ય પદાર્થોથી ભિન્ન પડતો પદાર્થ નથી, પરંતુ જડની એક સ્થિતિજ છે; જેમ તમે હાઇડ્રોજનને મૂલ વાયુરૂપમાં મેળવી શકો છો અથવા સંપૂર્ણ દબાણવડે અને યોગ્ય ઉષ્ણ—પરિમાણાનુસાર તમે તેને પ્રવાહીરૂપમાં લાવી શકો છો; અથવા નક્કર રૂપમાં પણ ફેરવી શકો છો, તેમ અમને માલૂમ પડયું છે કે, તેને વિરૂદ્ધ દિશામાં પણ રૂપ આપી શકાય, અને તેને આપણે સૂક્ષ્મ સ્થિતિમાં લાવી શકીએ, અને તેને "ઇથર"ની સ્થિતિ એમ કહીએ છીએ. તેથી અમારે "ઇથર" (આકાશિક સ્થિતિ) એક ભિન્ન પદાર્થ નથી, પરંતુ કોઇ પણ જાતના પદાર્થની એક સ્થિતિ છે, તેથી તે સ્થિતિમાં સુવર્ણ અથવા રૌપ્યને, લીથીયમ અથવા પ્લેટીનમ નામની ધાતુઓને, અથવા એ પ્રમાણે—વર્ણવાતાં મૂલતત્વોમાંના કોઇને પણ લાવી શકાય છે. પાશ્ચિમાત્ય સાયન્સના

સીત્તેર પદાર્થોને અમે **મૂલતત્વોનું નામ** આપતાં નથી, કારણ કે તેઓ સઘળાના હજુ વિશેષ વિભાગ થઈ શકે એમ છે, એમ અમને માલમ પડયું છે. આ વિચારને સાયન્સના ક્ષેત્રમાંથી પણ ટેકો મળે છે; ઘણાં વર્ષો પહેલા લગભગ ૧૮૮૭ માં **લંડનની રોયલ સોસાયટી** આગળ **સરવિલિયમ ક્રુક્સે** આનો આજ વિચાર દર્શાવતાં જણાવ્યું હતું કે, સઘળાં જાણીતાં મૂલતત્વો ઘણી સારી રીતે એકનાં જ રૂપાંતર હોઈ શકે, તે સર્વને એક મૂલપદાર્થના સ્વરૂપમા લાવી શકાય; તેમણે આ મૂલપદાર્થને **"પ્રોટાઇલ"** નું નામ આપ્યું હતુ આત્માભ્યાસિયોથી અનુભવાતુ સત્ય આથી પણ સહજ આગળ વધે છે, કારણ કે સર્વના પછવાડે રહેલા સજાતિય પદાર્થને બદલે અમને માલમ પડયું છે કે, ત્યાંતાં સ્થૂલપરમાણુ જેવો એક પદાર્થ છે. એક રસાયણ શાસ્ત્રી (chemist) પોતાનાં કોઈ પણ મૂલતત્વોનાં પરમાણુઓ વિષે બોલે છે, પરતુ યથાર્થ રીતે તે સર્વના વિશેષ વિભાગ પ્રતિ વિભાગ થઈ શકે છે, યથાર્થ પરમાણુઓમાં વહેચી શકાય છે, અને તેઓ તો આનીજ ભિન્ન ભિન્ન ગોઠવણો છે દાખલા તરીકે રસાયણ શાસ્ત્રીઓ જેને ઉદક–જનક–વાયુનુ (hydrogen) એક પરમાણુ કહે છે, તેમાં યથાર્થ રીતે જોતાં અગાઢ અંતીમસ્થૂલપરમાણુઓ હોય છે, અને અન્ય રસાયણિક પરમાણુઓમા વિવિધ સંખ્યા હોય છે, તથા મૂલ તત્વોના આનુક્રમિક ખાસ ગુરૂતત્વાકર્ષણોઅનુસાર તેમના પ્રમાણોમા લગભગ (પરંતુ બરોબર નહિ) મળતા આવે છે.

આ અંતીમસ્થૂલપરમાણુઓ, સર્વે સરખાં જણાય છે, અને સમગ્ર દિક્ કે જેના વિષે આપણને કઈ પણ ભાન નથી, તેમાં તે વ્યાપી રહેલાં છે. તેઓ અદૃશ્ય રહી શકે એટલા બધા સૂક્ષ્મ છે. લંડનના એક વિખ્યાત રસાયણશાસ્ત્રીએ સૂચવેલા ચિત્રને જો તમે કલ્પનામાં લાવી શકો, તો તેઓ કેવા હોવાં જોઇએ તેનો તમને સહજ ખ્યાલ આવે; તેમણે કહ્યુ છે —" ધારો કે આપણે એક પાણીબિન્દુને પૃથ્વિના કદ જેટલું વધારી શકીએ એટલે એને એટલું મહોટું કરીએ કે જેથી તેનો વ્યાસ ૮૦૦૦ માઇલ થાય, તો જે પરમાણુઓનું તે બનેલુ છે, તે જ્યારે એટલા પ્રમાણમાં વધારવામાં આવશે ત્યારે, તે પરમાણુઓ ખરેખર એક ક્રીકેટના બૉલ કરતાં નહાનાં થશે અને બન્દુકની ગોળી કરતાં મહોટા થશે." આથી વધારે સંપૂર્ણ વર્ણન તે આપી શકત નહિ; પરંતુ એટલું જ વિચારો કે એથી શું સચવાય છે,—લાખો અને કરોડો પરમાણુઓ કે જેનું તે વારિબિન્દુ બનેલુ છે: આજ સુધી બનાવવામાં આવેલાં તથા હવે પછી બનાવવામાં આવનારાં શક્તિવાન્ સૂક્ષ્મ દર્શક યંત્રોની શક્તિની બહારના પ્રદેશનાં તે પરમાણુઓ છે, પરંતુ માનવિની વૃદ્ધિગત થયલી ઇન્દ્રિયોદ્વારા તેમનુ અવલોકન થઈ શકે છે. આત્મવિદ્યા, પોતાના સિદ્ધાંતો ભિન્ન દૃષ્ટિ બિંદુથી સિદ્ધ કરે છે. નવાઈ કર રીતે તથા ફત્તેહપૂર્વક આધુનિક રસાણશાસ્ત્રીઓ કરે છે તેમ, તેનાં પ્રયોગ–સાધનો (Instruments) ને સુધારી ખીલવવાને બદલે, તે તો દૃષ્ટાનેજ ખીલવવા મંડી જાય છે. મનુષ્યનામાં તે અન્ય સૂક્ષ્મ શક્તિયો ખીલવે છે, અને તેના દ્વારા આ અતિસૂક્ષ્મપદાર્થોને (પરમાણુઓને) જોવા તે શક્તિમાન થાય છે, અને આપ્રકાર અન્ય યંત્રના કરતાં પણ પ્રકૃતિના અંતરમાં તે વિશેષ ઊંડો ઉતરે છે. આ ઉચ્ચ શક્તિયે વિષે કઈ પણ અતિમાનુષિ અથવા યુક્તિ રહિત છે, એમ કલ્પના કરવાની જરૂર નથી

મનુષ્યનામાં જે જે શક્તિયો કયારનીએ છે, તેની સીધી ખીલવણીજ તેઓ છે, તથા દરેકનામાં તેઓનો યોગ્ય સમયે ઉદય થશે, તોપણ કેટલાક પુરૂષોએ અન્યના કરતાં આગળ વધીને હાલજ તેમને ખીલવવાની ખાસ મહેનત લીધી છે.

અંતીમસ્થૂલ પરમાણુઓ છે, તથા તેમનુ અવલોકન કરી તપાસી શકાય છે, એટલું આથી ફલિત થાય છે; જ્યારે આપણે આ ભૂમિકાએ પહોંચીએ છીએ, ત્યારે સહજ પ્રશ્ન થાય છે કે, હજુ આથી પણ કંઈ આગળ સંભવિત હશે, આપણું અવલોકન આપણને આથી પણ આગળ લઈ જઈ શકે? આપણને માલૂમ પડે છે કે, તેમ થઈ શકે છે. પરમાણુ શબ્દ અંગ્રેજીમાં (atom) ગ્રીક શબ્દ (atomos) એટલે જેને કાપી શકાય નહિ અથવા જેના ભાગ વિભાગ થઈ શકે નહિ, એ ઉપરથી ઉપસ્થિત થયો છે. પરંતુ એ શબ્દ સંપૂર્ણ યથાર્થ નથી, કારણ કે આ સ્થૂલપરમાણુઓના વિભાગ થઈ શકે છે; પરંતુ જ્યારે તેમના વિભાગ કરવામાં આવે છે, ત્યારે તેનું પરિણામ, શબ્દના સામાન્ય અર્થાનુસાર સ્થૂલજડમાં આવતું નથી. સ્થૂલજડ સદા ઉષ્ણતાથી વિસ્તાર પામે છે, અને શૈત્યથી સંકોચાય છે; પરંતુ જ્યારે આપણે આ પરમાણુના વિભાગ પાડીએ છીએ ત્યારે આપણને એક એવા પ્રકારનુ જડ પ્રાપ્ત થાય છે કે જેને આપણાથી ઉત્પન્ન કરાતા શીતોષ્ણાદિ ધર્મો પણ અસર કરી શકતા નથી. એટલું સંભવિત લાગે છે કે, મોર ઉષ્ણ-પરિમાણો આ સૂક્ષ્મ રીતે વિભાજીત થયલા જડમાં પણ અસર કરે છે, પરંતુ આપણાં ઉષ્ણ-પરિમાણો કંઈ પણ કરી શકતાં નથી. પરંતુ આ ઉચ્ચજડ અત્યંત આનંદપ્રદ છે, અને આપણને માલૂમ પડે છે કે તેનાથી બનેલી સમગ્ર દુનિયા આપણી આસપાસ અસ્તિત્વ ધરાવે છે, આપણને જ્ઞાત સમસ્ત જડમાં ઓતપ્રોત રહેલી છે—આપણી આસપાસ, વાતાવરણમાં, આપણાં પોતાનાં શરીરોમાં, સર્વ નક્કરપદાર્થોમાં સર્વત્ર તે આવી રહી છે. જેમ સાયન્સ (સ્થૂલ વિજ્ઞાન) આપણને ઉપદેશે છે કે, "ઇથર" સર્વ પદાર્થોમા તેમજ આપણામાં પણ ઓતપ્રોત રહેલું છે, તેમ આ તેથી પણ વિશેષ સૂક્ષ્મજડ, ક્રમાનુસાર "ઇથર" માં ઓતપ્રોત રહ્યું છે.

જડના આ વિભાગની વિવિધ ભૂમિકાઓ છે, અને આ ભૂમિકાઓને અમે પ્રકૃતિનું ભુવનો કહીએ છીએ, અને આથી એમ સમજવા માગીએ છીએ કે, તે તો માત્ર સ્થૂલ ક્રમાનુસાર જડના વિભાગો છે. તમે જાણો છો તે સર્વ જડ, "ઇથર" સુધાંત પણ, અમે સ્થૂલ ભૂવનમાં ગણીએ છીએ. તેની પાર અન્ય વર્ગમાં આપીએ છીએ—બરોબર યાદ રાખો કે હજુ પણ તેનું તે જડ પરંતુ અત્યંત સૂક્ષ્મ રીતે વિભાજીત થયલું, અને અમે તેને સૂક્ષ્મ જડ (Astral matter) કહીએ છીએ. મધ્યકાલિન કીમિયાગરો કે જેમને તેના અસ્તિત્વનું ભાન હતું, તેમણે તેને આ નામ આપ્યું છે. આધુનિક સ્થૂલ વિજ્ઞાનમાં તેને માટે કંઈ નામ નથી, પરંતુ ઘણું ખરૂં તે જલદી યોજી કાઢશે, કારણ કે તેની શોધો દિવસે દિવસે આ સૂક્ષ્મ જડની પાસેને પાસે આવતી જાય છે. આ શુદ્ધિકરણ અને વિભાગી કરણની, રીતિને હજુ આપણે આગળ લંબાવીએ, અને હજુ તેથી પણ ઉચ્ચ જડની સ્થિતિ આપણને માલૂમ પડે છે; અને આને અમે માનસિક જડ (mental matter)નું નામ

આપીએ છીએ, કારણ કે જેને માનવમન કહેવામા આવે છે તે બા પ્રકારના જડતુ બનેલુ હોય છે, એમ જડી આવે છે આ એક વિચિત્ર વાત લાગે છે, એમાં કઈ શક નથી, પરતુ તે એક યથાર્થ વાત છે, અને શાસ્ત્રીય દૃષ્ટિબિદુથી ચલાવેલા નિશ્ચિત શોધ ઉપર આધાર રાખે છે

વળી આથી પણ આગળના આના વિભાગપ્રતિવિભાગો, અન્યોન્યના ઉપર ચઢી જાય છે, પરતુ હાલમા આ ત્રણ—સ્થૂલ, સૂક્ષ્મ-માનસિક, કરતા વધારે વિષે મારે તમને તફદી આપવાની જરૂર નથી ' ઉપર" એ શબ્દના ઉપયોગથી છેતરાવાની જરૂર નથી આપણે આ શોધ ચલાવીએ છીએ તેમા એક ક્ષણભર પણ એમ માનવાનું નથી કે, આ દુનિયાની ખાર બહાર જઇએ છીએ આ શોધમા ઊંચે ચઢવુ એથી એટલું માત્ર સૂચવાય છે કે, સ્વમા વધારે વધારે અતર્મુખ થતા જવુ, કે જેથી જડની સૂક્ષ્મ સૂક્ષ્મ ભૂમિકાઓનો અનુભવ થાય પરતુ આ સર્વે ભૂમિકાઓ આપણી આસપાસ અત્રેજ, હાલ તથા સર્વ સમયે અસ્તિત્વ ધરાવે છે, માત્ર જેમ સુગધિ જલમા પ્રવાહિમા વાયુ ઓતપ્રોત રહે છે તેમ અ યો યમા ઓતપ્રોત રહે છે તદનુસાર, સમગ્ર સ્થૂલઆકૃતિઓમા તેમજ આસપાસ સૂક્ષ્મ આણુઓ અસ્તિત્વ ધરાવે છે, અને સૂક્ષ્મઆકૃતિઓમા માનસિકઆણુઓ અસ્તિત્વ ધરાવે છે,

હવે આટલો વિચાર લક્ષમા રાખીને આપણે માનવ બધારણ તરફ વળીએ સામ ન્ય મનુષ્ય પોતાની જાતમા નિશ્ચિત રીતે શરીરનો અને અનિશ્ચિત રીતે જીવનો સમાવેશ થતો હોય એમ ધારે છે, અને ઘણી વખતે પોતા વિષે બોલતા જાણે તે આ અ યવાળો હોય, તથા જાણે કોઇ જાતનુ પાત્રેનુ નિવ પ્રાણિ હોય, અથવા જાણે તેણે કઈ લગાડેલુ સપ્રાણના વિમાનની પેઠે તેની ઉપર ઉડતુ હોય, તેમ તેને બચાવવાને તે પોતાની જાતને જ વાવદાર ગણે છે, એવુ દર્શાવે છે હવે આપણે કહેવુ જોઇએ કે, તેને આત્મા છે, એમ માનવામા તે તદન ભૂલ કરે છે પરતુ જો તેણે, તે આત્મા છે, એમ કહ્યુ હતતો તો યથાર્થ ગણાત સામાન્ય રીતે હેવામા આવતી વાત સત્ય વાતનુ શોકકારક રૂપાતર છે, કારણ કે સત્ય તો એમ છે કે, મનુષ્ય આત્મા છે તેને એક શરીર છે અને તે માત્ર જે અનેક આવરણો તે ધારે છે તેમાનુ એક છે જો તમે તે વિષે વિચાર કરશો તો તમને સર્વને મા લૂમ પડશે કે, આ આમ છે મને, એ વાદનુ સપૂર્ણ ભાન છે કે, જડ વિના ચેતનનું અસ્તિત્વ નથી, અને મનુષ્યના સર્વ વિચારો અને તૃષ્ણાઓ, તેના મસ્તિકના ભૂરા—જડ પદાર્થના બ ધારણના પરમાણુઓની આહોમાહેની રસાયણિક પ્રતિક્રિયા છે, પરતુ એવી હજારો વાતો છે કે જ્યા આગળ આ વાદ જરા પણ ટકી શકતો નથી, માગ ધારના પ્રમાણે આપણે વિશેષ યુક્તિપુર સરવાદના અનુસરણ માટે, આ વાદને દૂર રાખીએ

ધ્યાનમાં, સમાધિમા, અથવા નિર્દ્રાજનક ઔષધિયોની અસરમા અથવા નિદ્રામા પણ મનુષ્યો સ્થૂલ શરીરની બહાર ગયાના હજારો દાખલા લેખોમાથી મળી આવે છે અને એવુ માલૂમ પડે છે કે આવી અવસ્થાઓમા, જ્યારે તે તેના ભૂરાજડપદાર્થવાળા તથા રસા યણિકકાર્યવાળા સ્થૂલમસ્તિષ્કથી ઘણે દૂર હોય છે, ત્યારે પણ જેમ તેનો સ્થૂલ દેહ ઉપ

યોગમાં હોય છે ત્યારે હોય છે તેમ, તે હજુ પણ વિચારી શકે છે, અવલોકી શકે છે, અને સ્મરી શકે છે. આથી એટલું સ્પષ્ટ થાય છે કે, મનુષ્ય, શરીર નથી, કારણ કે તેનાથી વિ-દૂર પણ તે અસ્તિત્વ ધરાવી શકે છે; શરીર તો માત્ર તેનાં કાર્યો, હેતુઓ માટે વપરાતું એક યંત્ર છે એ હેતુઓ શાં છે, એ આપણે અન્ય વ્યાખ્યાનમાં પૂર્વજન્મ વિષે બોલતાં વિ-ચાર ચલાવીશું. કેટલાક એમ પણ પૂછી શકે કે, મનુષ્ય પોતાના શરીરની બહાર અસ્તિત્વ ધરાવી શકે, એ સત્ય વાતના સંબંધમાં આપણા સામાન્ય અવલોકનની બહાર અમારી પાસે નિશ્ચિત સાબિતી છે. જેને તેની શોધ ચલાવવાની મેહેનત લેવાની દરકાર હોય તેવા માટે અવશ્યક કરીને ઘણી સાબિતિ છે. આધ્યાત્મિક શોધ ચલાવનારી (Psychical Research) મંડલિના રીપોર્ટો વાંચો, અને તમને જડી રહેશે કે, તેણે આ દિશામાં શું શું કર્યું છે,-સ્થૂલ વિજ્ઞાનવાદીઓની મંડલિની, એક મનુષ્ય કે જેનું સ્થૂલ શરીર તે સમયે હતું તેનાથી દૂર તેના પ્રતિક-શરીરના (The Double) દેખાવ સંબંધે ફરી ફરી કેવી રીતે ખાત્રી કરી આપવામાં આવી હતી. સર્વ શોધકોને નિશ્ચિત રીતે જણાઈ ચૂક્યું છે કે, એક મનુષ્ય અ-મુક અવસ્થાઓમાં, પોતાના શરીરથી દૂર મૂસાફરી કરી શકે, દૂર શું ચાલે છે તે જોઇ શકે, અને પછી પાછો ફરીને પોતાના શરીરને સજીવન કરી શકે, અને તે ક્યાં હતો, શું જોયું તથા શું કર્યું, તે કહી શકે. આનાં દૃષ્ટાંતો તમને મારાં પુસ્તકોમાંથી મળી શકશે; તથા અમેરિકાનાં પુસ્તકોની બહાર પણ આવાં ઘણાં દૃષ્ટાંતો મળી આવશે. વાંચવી હોય તો જુઓ, મી. સ્ટેડની "Real ghost stories" અથવા રૉબર્ટ ઓવનની "Foot falls on the Boundary of the Unseen World" અથવા તેની "Debatable Land" અને તમને માલૂમ પડશે કે, સંપૂર્ણ રીતે માની શકાય એવાં દૃષ્ટાંતો તેમાંથી મળી શકે છે. (આપણાં તંત્રો અને પુરાણોમાંથી પણ આનું આજ ઘણે સ્થલે મળી આવે છે.) સામાન્યજડવાદવિષયક વાદ, આવા બનાવોનો લેશ પણ ખુલાસો આપતો નથી, અને તેને તે સમજાવી શકતો નથી તેથી જ હંમેશાં તેમને તે માનતો નથી, અને સિદ્ધ કરે છે કે, એવા બનાવ બની શકતા જ નથી—આ બુદ્ધિ હીનત્વ દર્શાવે છે કારણ કે થોડીક જ શોધ પછી નિશ્ચિત રીતે સાબિત થાય છે કે તેઓ વારંવાર બન્યાં જાય છે.

આવા બનાવો તો બને છે જ, માટે તે કેવી રીતે બનતા હશે? આના ખુલાસાને અમારા વિષય સાથે ગાઢ સંબંધ છે, કારણ કે તેમને સમજવા માટેનું પ્રથમ પગથિયું એજ છે કે, મનુષ્ય આત્મા છે તથા તેને માત્ર એક જ શરીર નથી પરંતુ ઘણાં છે, એ અનુભ-વવું. આ કંઈ નવીન વિચાર નથી—કોઈ પણ ધાર્મિક મનુષ્યને તો એ નવો ન હોવો જ જોઇએ, કારણ કે સંતપૉલે પણ પ્રાકૃતિક અને આત્મિક ઉભય શરીરો વિશે ઉપદેશે છે; આપણાં વ્યાસજી કે કૃષ્ણાદિ પણ આનું આજ કહે છે; એથી શું સૂચવવાનું છે? હું કહે-વાને દીલગીર છું કે, ઘણા સારા મનુષ્યો આવી બાબતો વિષે વાંચે છે, અને તેમનાં કંઈ ખાસ અર્થ કરતા નથી. દાખલા તરીકે સંતપૉલના લેખોમાં તેઓ આત્મા અને પરમાત્મા વિશે વાંચે છે, અને આપણે પણ આધુનિક સમયે ચેતન-વિદ્યાનાં તત્વોથી એટલા બધા અજ્ઞાત છીએ કે આપણે એ શબ્દો વાપરવામાં ગુંચવાડો કરીએ છીએ, અને એવી કલ્પના ઉપર પણ આવીએ છીએ કે સંતપૉલ પણ એટલો જ અજ્ઞાની હોવો જોઇએ, અને તેણે પણ

તે શબ્દો પર્યાય રૂપે વાપર્યા હશે. તેણે તો આત્મા અને પરમાત્મા વિશે Pneuma અને Psyche એવા બે ગ્રીક શબ્દો વાપર્યા છે, અને તેના સમયના શિષ્ટ પુરૂષો જેવા તેના અર્થ કરતા હતા તેવા જ અર્થમાં તેણે તે વાપર્યા છે. એ શબ્દોના બરોબર અર્થ સમજવા હોય તો, તમારે આધુનિક ધાર્મિકઉત્સાહીઓના તદ્દન અજ્ઞાનમાં વિશ્વાસ રાખવાની જરૂર નથી, પરંતુ સમકાલીન ફીલસુફીનો અભ્યાસ કરવાની જરૂર છે. તેમજ જ્યારે **સંતપૉલ** પ્રાકૃતિક શરીર અને આધ્યાત્મિક શરીર વિષે બોલે છે, ત્યારે કંઈ તેની તે જ વાત દર્શાવવા માગતો નથી, પરંતુ આત્મા પરમાત્મા શબ્દોની પેઠે, તેમને ભિન્ન ભિન્ન અર્થમાં વાપરે છે. ઘણું ખરૂં ઘણા લોકો આ વાત કબુલ કરે છે, પરંતુ તેઓ એવો નકામો વિચાર ચલાવે છે કે, આ આધ્યાત્મિક શરીર એવું છે કે તેના વિશે આપણે કંઈ પણ જાણતા નથી—મનુષ્યથી મરણ પછી ધારણ કરાતું વાહન (vehicle) આ આમ નથી; એ ધારણ કરવાની કંઈ આવશ્યકતા નથી, અને તે સંપૂર્ણ રીતે અપ્રાકૃતિક છે. ખરેખર મનુષ્યને સ્થૂલવિના અન્ય શરીર છે, પરંતુ તે તો હાલ તેમ જ સદાએ છે. આપણ દરેકને આધ્યાત્મિક શરીર અને પ્રાકૃતિક શરીર હોય છે: અથવા યથાર્થ રીતે કહેવા માગીએ તો, દરેક મનુષ્ય; પરમાત્મામાં બંધાયલો એક આત્મા છે, અને આ પ્રમાણે વ્યક્તિતા પ્રાપ્ત થવાથી, તેનાં અનેક વાહનો હોય છે, પ્રાકૃતિક અથવા સ્થૂલ શરીર અને અન્ય બે, કે જેમનો **સંતપૉલ** આધ્યાત્મિક શરીરના નામમાં સમાવેશ કરે છે, જો કે અમારા અભ્યાસમાં તો તેમને હંમેશાં ભિન્ન ગણવામાં આવે છે, અને તેમને અનુક્રમે સૂક્ષ્મ શરીર અને માનસ શરીરનાં નામોથી વ્યવહરીએ છીએ.

મનુષ્ય અને તેની ઉત્પત્તિનો અમારો વાદ એવો છે કે, તે યથાર્થ રીતે આત્મા છે, દિવ્યઅગ્નિનો એક સ્ફુલિંગ, આ સ્ફુલિંગ વ્યક્તિતા પામે છે, પરમાત્માના મહાન્ સમુદ્રમાંથી જાણે જુદો પડી જતો હોય એમ થાય છે, અને આમ થાય છે તે પણ કંઈક જોતે આપણે એક આત્મા અથવા વધારે સારી રીતે, વ્યક્તિતા પામ્યા પછી એક જીવાત્મા કહીએ છીએ, તેને લીધે થાય છે. જે તેને જુદો પાડે છે તેને અમે સામાન્ય રીતે કારણ શરીર કહીએ છીએ, પરતુ અમે તેને અધુનાતો દૂર રાખીશું, અને તેનાં અધમ વાહનોનું જ વર્ણન ચલાવીશું, કારણ કે આ કારણશરીર વિવર્ત પામતું નથી, ફક્ત તે તો ક્રમે ક્રમે વૃદ્ધિગત થતું જાય છે, અને માનસિક સૂક્ષ્મ તથા સ્થૂલ શરીરો પ્રત્યેક જન્મે નવો બંધાય છે.

તેને પોતાની આસપાસ આ શરીરો ધારણ કરવાની શી જરૂર? એમ પણ પૂછવામાં આવે. કારણ કે તેને માટે નિર્માયલી ઉન્નતિ-ક્રમની આ રીતિ છે—બહિરૂના સંસ્કારોને પ્રત્યુત્તર આપતાં શિખવા દ્વારા તે અનુભવ પ્રાપ્તિ કરે છે. તે આ અધમશરીરો એટલા માટે ધારણ કરે છે કે, પોતાના ઉચ્ચ ભુવન ઉપર જડી શકતાં નથી એવાં પ્રબળ, સ્થૂલ જાતનાં મોજાંને ગ્રહણ કરવાને પ્રત્યુત્તર વાળવાને શક્તિવાન્ થઈ શકે. કેટલાક અભ્યાસિયો માટે, આ વિષય મોજાંના દૃષ્ટિબિંદુથી વિચારતાં, સમજવો ઘણોજ સહેલો થઈ પડે છે.

આ પ્રમાણે તેનો વિચાર ચલાવો આપણને બહિરૂથી જે જે સંસ્કાર થાય છે, તે ગમે તે હોય, તો પણ આપણી પાસે એક મોજા રૂપે આવે છે. "ઇથિર" નાં મોજાંને

લીધે આપણે જોઈ શકીએ છીએ, વાયુનાં મોજાંને લીધે આપણે સાંભળી શકીએ છીએ. ત્યારે તો તે સૂક્ષ્મપ્રકારનુંજડ કે જેના વિશે હું બોલતો આવું છું, તેનાં મોજાંઓથી આપણને શું સૂચવાય છે, તથા તેમને મેળવવાને આપણે શી રીતે શક્તિવાન્ થઇએ? આનો ઉત્તર સાદો પરંતુ કઠિણ છે. તેમના વડે આપણી દુનિયાના ઉચ્ચવિભાગને જોવાને શક્તિવાન થવાય છે, એ વિભાગ આપણથી સામાન્ય રીતે અદૃશ્ય છે, અને આપણામાં અસ્તિત્વ ધરાવતા સૂક્ષ્મજડદ્વારા આપણે તેમની કિંમત કરતાં શિખીએ છીએ—યથાર્થ કહેવા માગીએ તો આ સૂક્ષ્મશરીરોદ્વારાજ.

અદ્યાપિ સ્થૂલવિજ્ઞાને નહિ શોધેલા પ્રદેશમાં હવે હું પ્રવેશ કરૂં છું. તથાપિ એ સ્થૂલ વિજ્ઞાનને કોઈ પણ પ્રકારે વિરૂદ્ધ જાય એવી વાત હું કહેતો નથી. તમે આને અસિદ્ધ ગણીને ભલે દૂર રાખો, પરંતુ તમારાથી જરા નહિ કહેવાય કે, તે યુક્તિહિન અથવા અશાસ્ત્રીય છે. સ્થૂલવિજ્ઞાન પણ સંભવિતમોજાંઓની વિશાલસંખ્યા સ્વિકારે છે, અને એટલું પણ કબુલ કરે છે કે, આ સર્વમાંથી માત્ર થોડાંકનોજ આપણી સ્થૂલઇન્દ્રિયો પ્રત્યુત્તર આપી શકે છે. અને તોપણ માત્ર એટલાં થોડાંદ્વારાજ, આપણે હાલ જેટલું જાણીએ છીએ તેટલું શિખ્યા છીએ, અને એટલું તો વગર કહ્યાં પણ સિદ્ધજ છે કે, જો આપણે બહિરૂનાં આ વિશેષમોજાંનો ઉપયોગ કરી શકીએ તો આપણને વિશેષ જાણવાનું મળે. વિશ્વ-દ્રષ્ટા (Clairvoyant) જે કરે છે તે આ જ છે-આપણે સામાન્ય રીતે જે દુનિયા વેશે જાણતા નથી તે વિશે તેને ખબર પડે છે; અને તે તેને તેની ઉચ્ચ ઉપાધિઓમાં અસર કરતાં મોજાંદ્વારા થાય છે. માટે વિશ્વ-દ્રષ્ટા એટલે એવો મનુષ્ય કે જે ઇચ્છા થતાં પોતાની ચેતનાને પોતાનાં ઉચ્ચશરીરોમાં સ્થિર કરવાનું શિખે છે. સંપૂર્ણ કેળવાયલા વિશ્વ દ્રષ્ટાને જે કરવાનું છે તે આ છે, પરંતુ આવું નામ ધારણ કરનારા ઘણા છે કે જેમનું જ્ઞાન અને શક્તિ ઘણાંજ થોડાં હોય છે. વિશ્વ-દ્રષ્ટિ વિશે આથી ઘણું વધારે કહેવાનું છે, પરંતુ બારા ભાષણ ક્રમમાં આગળ ઉપર એ વિશેનો વિશેષ વિચાર કરીશું.

ભૌતિકવિજ્ઞાન પણ સ્પષ્ટ રીતે કબુલ કરે છે કે, આપણો દ્રષ્ટિ પ્રદેશ કેટલો બધો એકદેશી છે, તથા બહિરૂના મોજાંઓને પ્રત્યુત્તર આપવાની આપણી શક્તિમાં સહજ ફેરફાર કરવામાં આવે તો, આખી દુનિયાનો સમગ્ર દેખાવ કેટલો બધો બદલાઈ જાય. એક વખતે **સર. વિલિયમ ક્રુકસે** આવું ઘણું સરસ દ્રષ્ટાંત આપ્યું હતું. તેણે કહ્યું હતું કે, આપણે પ્રકાશનાં કીરણોદ્વારા જોઇએ છીએ તેને બદલે વિદ્યુતકીરણોદ્વારા જોઇએ તો, આપણી આસપાસનો પ્રદેશ કેટલો બધો તદ્દન જુદા જ સ્વરૂપમાં દેખાશે. આમાં એક જોવાનું એ છે કે, આથી આપણી આસપાસની હવા તદ્દન પ્રકાશભેદ્ય થઈ પડે છે, કારણ કે વાયુ, વિદ્યુતમોજાંનો વાહક નથી, અને એક તાર અથવા લોહનો સળીઓ આપણે જોવાના એક કારણરૂપે થઈ પડે છે કારણ કે આપણાં કીરણોના આ પદાર્થો યથાર્થ વાહક છે! માટે જ્યારે આપણે નવી જાતનાં મોજાંવડે સૂક્ષ્મ જડમાં જોવાનું શિખિએ છીએ ત્યારે નવાઈ પામવાની નથી કે, આપણા દ્રષ્ટિપથમાં નવીજ દુનિયા ખુલતી આપણે જોઇએ છીએ. એક ફેરફાર તો એ થશે કે, તે સમય આપણે અન્યનામાં સૂક્ષ્મ જડ જોવાને શક્તિ-

વાન્ થઇએ છીએ—માત્ર તેમની સ્થૂલઉપાધિયોને ન જોતાં તેમની સૂક્ષ્મઉપાધિયો પણ જોઈ શકાય છે. મનુષ્યનાં આ ઉચ્ચશરીરોવિશેનું એક પુસ્તક મેં હમણાં જ લખ્યું છે, અને તેમાં દૃષ્ટાંતરૂપે રંગીન છબીઓ મૂકવાની છે, અને આ છબીઓ એ શરીરોને જોઈ શકનાર એક જણે મારે માટે તૈયાર કરી છે, અને તે પુસ્તક પ્રસિદ્ધ થતાં તમને માલૂમ પડશે કે વિશ્વ-દ્રષ્ટાની દૃષ્ટિને આ શરીરો કેવાં દેખાય છે; અને મારૂં ધારવું છે કે આ અભ્યાસ તમને આનંદકર માલૂમ પડશે.

મનુષ્યમાં સૂક્ષ્મશરીર ખાસ કરીને ભાવ, વિકાર, ઇચ્છાની ઉપાધિરૂપે છે, તેથી જ્યારે કોઈ મહાન્ વિકારનું આકસ્મિક મોજું મનુષ્યના ઉપર ફરી વળે છે, ત્યારે તે સૂક્ષ્મજડની અત્યંત સૂક્ષ્મ ધ્રુજરીઓદ્વારા પ્રદર્શિત થાય છે. ધારો કે તમે સૂક્ષ્મદૃષ્ટિદ્વારા અમુક મનુષ્યનું અવલોકન કરો છો, અને તે માણસ એકાએક પોતાનો મિજાજ ખુએ, તે દુઃખનું સ્થૂલ દર્શન થવાને બદલે તમને તેના સૂક્ષ્મશરીરમાં લક્ષમાં લેવા યોગ્ય ફેરફાર માલૂમ પડે છે. એમ સમગ્રઉપાધિ એક સૂક્ષ્મ મોજાને લીધે ધ્રુજી ઉઠે છે, અને રંગ પણ મોજાની ગતિનો અમૂક ક્રમ હોવાથી, આ એકાએકના ફેરફારને લીધે સૂક્ષ્મશરીરના રંગમાં પણ ફેરફાર થઈ જાય છે.

જ્યારે આપણે વિકાર ઉછળે છે, એમ કહીએ છીએ ત્યારે આપણે ધારીએ છીએ તેના કરતાં સત્યની વિશેષ સમીપ આપણે હોઇએ છીએ, કારણ કે ખરેખર તેવો જ દેખાવ થાય છે. જેમ જેમ તે મનુષ્ય શાંત થતો જાય છે, તેમ તેમ તેનું સૂક્ષ્મશરીર પોતાનો દરરોજનો રંગ તથા દેખાવ ધારણ કરતું જાય છે, તોપણ શિક્ષિત આંખને તેનો એક સહજ સદાસ્થિત ડાઘ જણાઈ શકે. સારા અથવા નરસા અન્ય સર્વ વિકારો માટે પણ આનીઆજ વાત સત્ય છે. જો એક મનુષ્યનામાં ભક્તિવિકાર અથવા દૃઢપ્રેમનો ઉભરો ઉભરાઈ આવે તો તે દરેક સૂક્ષ્મશરીરમાં યોગ્ય ફેરફાર સૂચવે છે, અને તે દરેક તેના ચારિત્રમાં સહજ પરંતુ સદા સ્થિત અસર મૂકી જાય છે.

આથી પણ સૂક્ષ્મજડની ઉપાધિ કે જેને આપણે માનસિકશરીર કહીએ છીએ તેનું વર્ણન ચલાવતાં આપણને માલૂમ પડે છે કે, એની પણ મોજાં સદૃશ ગતિ છે, પરંતુ એક તદ્દન નવીન જાતના સંસ્કારોના પ્રત્યુત્તર રૂપે જ. કોઈ કાલે કોઈ પણ વિકાર આને અસર કરી શકતો નથી, કારણ કે આ કંઈ ભાવવિકારનું સ્થાન નથી પરંતુ વિચારનું સ્થાન છે. વિચારના સંબંધમાં મોજાંઓ વિશે બોલવું એ કંઈ નવો વિચાર નથી. સિદ્ધ સંદેશ વિદ્યા (Telepathy) અને વિચારકલનવિદ્યાના પ્રયોગોનો નિચેની વાતથી ખુલાસો થઈ રહે છે: પ્રત્યેક વિચાર એક મોજું પેદા કરે છે અને આનું માનસિક પરમાણુઓદ્વારા વહન થઈ શકે, અને અન્ય મનુષ્યના માનસિક શરીરમાં સદૃશ મોજું ખડું કરી શકાય છે. સિદ્ધસંદેશવિદ્યામાં નહિ માનનારા એવા હજુ પણ હશે, કારણ કે માનવ લહીલાઇની હદ શોધી કાઢવી ગહન છે; પરંતુ આ વાત તો એવી છે કે એની ખાત્રી કોઇ પણ ઘણી સહેલથી કરી શકશે તથા તેની વિશેષ ખાત્રી પણ થશે કે, અશ્રદ્ધા એટલે એ-

પ્રશ્ન પ્રતિ તિરસ્કાર; જો ઇચ્છા હોય તો અમુક મનુષ્ય અજ્ઞાની રહી શકે, અને જ્યારે તે પોતાની સ્થિતિ ખુશીથી પસંદ કરે છે, ત્યારે અન્ય કે જેમણે તેના કરતાં વધારે મહેનત કરી છે એવાના જ્ઞાનનો નકાર ભણવાનો તેનો હક રહેતો નથી.

હવે આપણે માનવ શરીરોમાંનાં બે શરીરો વિશે બોલ્યા-સૂક્ષ્મશરીર, કે જે તેનાં ઇન્દ્રિયજ્ઞાન, ભાવ તથા વિકારોની ઉપાધિ છે તથા માનસિક શરીર કે જે તેના વિચારનું વાહન છે. આ દરેકની વૃદ્ધિની સંભાવ્યતા છે કારણ કે દરેક ભૂમિકાએ વિવિધ જાતનાં જડ હોય છે. અમુક મનુષ્યને સરખામણીમાં અન્ય કરતાં વિશેષ જડ સૂક્ષ્મ શરીર હોય, અને તે તરતજ અધમ અનિશ્ચિત મોજાંઓને પ્રત્યુત્તર આપવા માંડે છે, તથા તે સાવે સંભાળ પૂર્વક કાર્ય પાડવાથી તથા તેને નિયમવાનુશિખવાથી; તે તેનું બંધારણ ક્રમે ક્રમે ઘણું જ બદલી શકે, કે આખરે ઘણી જ ઉચ્ચ જાતિના વિકારોને પ્રત્યુત્તર આપવાને તે શક્તિવાન થઈ શકે છે. માનસિક શરીરમાં ગમે તો તેને સૂક્ષ્મપ્રકારનું માનસિક જડ હોય, અથવા તો સ્થુલપ્રકારનું માનસિક જડ હોય; તેને સારા અને ઉચ્ચ વિચારો સાહજીક અને સહેલી રીતે આવી શકે છે અથવા અન્ય રીતે, એનો આધાર પણ આ ઉપર જ છે. પરંતુ આ પણ તેની શક્તિમાં જ છે, કારણ કે જો તેની ઇચ્છા હોય તો તેને બદલી શકે. અને તેનામાં તથા તેના ઉન્નતિ ક્રમમાં તેના ઐહિક જીવન પરત્વે જ આથી ઘણો ફેર ફાર થશે એટલું જ નહિ પરંતુ મરણ પછીના જીવનમાં પણ તેમજ થશે. હાલ એ સંબંધે હું બોલીશ નહિ, કારણ કે એ વિષય માટે આગળ ઉપર ખાસ બે ભાષણો રોકાવાનાં છે, તથાપિ હાલ આટલું કહીશ-જ્યારે મનુષ્ય સ્થૂલ શરીરનો ત્યાગ કરે છે ત્યારે પણ આ અન્ય શરીરો તો રાખે છે, સૂક્ષ્મ અને માનસિક, અને આ શરીરોની સ્થિતિ ઉપર, તેના ઘણા ખરા સુખનો આધાર હોય છે, તથા આ નવી દુનિયા (કે જે જડનીજ વિભાગ છે) તેમાં પોતાની જાતે આવી પડે છે. એટલું યાદ રાખો કે આ બધી એવી વાતો છે કે, તે માત્ર શ્રદ્ધા રાખવાની નથી, પરંતુ અમારાંના ઘણા માટે તો પ્રયોગ સિદ્ધ વાતો છે. અમારો આ પ્રમાણે વાદ છે, અમારા પ્રયોગોનું પરિણામ, અને તે તમને સમજાવતાં, હું તમને મારા વીશ વર્ષનાં કાર્ય અને અભ્યાસનાં ફલ અર્પું છું-ધીમું, કંટાળા ભરેલું અનેક પ્રકારનું વિકટ કાર્ય, અને આમાં પણ થોડાં સ્વાત્મ-સંયમ અને સ્વાત્મ કેલવણીની થોડી આવશ્યકતા નથી મારા ધારવા પ્રમાણે મારા ભ્રાતાઓ કે જેમણે વીશ વર્ષના લાંબા દિવસોના કાર્યનાં મહેનત અને તાપ સહન કર્યા છે, તેઓ મારી સાથે એક મત થશે કે, આ કાર્ય વિકટ અને ધીમું છે, પરંતુ સ્થિર વૃદ્ધિ છે, અને અનેક પ્રકારની વૃદ્ધિ છે, અને આમાંથી જ સર્વ બહાર આવ્યા છે. કશાથી પણ ન હલી શકે એવી ખાત્રીની વાત, અને આથી આપણે ક્યાં ઉભા છીએ એ સમજાય છે-આ દ્વારાજ કીર્તિવંત અભેદવાદને અનુસરવાનું બની આવ્યું છે, અને તેણે પણ આપણે માટે ઘણું કર્યું છે, અને આટલી બધી વાતો કે જેને આપણે અગમ્ય રહસ્યરૂપે ગણી કાઢીએ તેનો તે દ્વારા ખુલાસો થાય છે, તે અમારે માટે દુઃખ શોકના સમયમાં એક આશ્રય સ્થાનરૂપ થઈ પડે છે, તથા એ શોક અથવા દુઃખ શા માટે આવ્યાં છે તથા તે શું કરવાનાં છે, તે તે સ્પષ્ટ રીતે અને તર્ક પુરઃસર સમજાવે છે. સર્વ પાસાથી વિચારતાં તે એક અનુભવ ગમ્ય વાદ

છે અને અમે એમ પણ ઇચ્છીએ છીએ કે, જે અનુભવ ગમ્ય તથા યુક્તિપુરઃસર નથી તેનો અભેદવાદમાં લેશ પણ ઉપયોગ નથી. હિંદુસ્થાનના ૨૫૦૦ વર્ષ પૂર્વેના મહાન ઉપદેશકના માર્ગને અનુસરીને, તેણે **કાલામના** લોકોને જ્યારે તેઓ તેની પાસે આવ્યા અને પૂછવા લાગ્યા કે, દુનિયાના અનેક વાદ વિવાદોમાંથી અમારે કયો માનવો, ત્યારે આપેલો જવાબજ મારે તમને કહેવાનો છે:—

"અમુક કહેવાતી વાતમાં, માત્ર તે કહેવાય છે માટે શ્રદ્ધા રાખવાની જરૂર નથી; તેમજ પરાપૂર્વથી ચાલતી આવે છે માટે દંતકથાઓને પણ તેમજ ગણવાની છે; તેમજ લોકવાયકાઓને પણ તે તેવી છે, માટે માનવાની નથી; તેમજ ઋષિઓના લેખો માત્ર ઋષિયોએ લખ્યા માટે માનવાના નથી, તેમજ જાણે તમને કોઈ દેવે કલ્પના પ્રેરી હોય એમ પણ માનવાનું નથી,—તમે રડ્યો ખડ્યો એકાદ સિદ્ધાંત ઘડી કાઢયો હોય તેના ઉપરથી ઉપજતાં અનુમાનોમાં પણ શ્રદ્ધા રાખવાની નથી; સાદૃશ્યની આવશ્યકતા જણાય છે માટે પણ માનવાનું નથી; તમારા પોતાના ગુરૂઓ અથવા ઉપદેષ્ટાઓના શબ્દો છે માટેજ તેમાં શ્રદ્ધા રાખવી એમ પણ નથી, હું તમને આમ ઉપદેશું છું કારણ કે, માત્ર તમે સાંભળ્યું છે માટે જ તમારે માનવાનું નથી; પરંતુ તમે તમારા અંતઃકરણથી જ્યારે માનો ત્યારે જ માનવાનું છે અને પછીથી તદનુસાર સંપૂર્ણ વર્તવાનું છે (કાલામસૂત્ત, અંગુત્તર નિકાયનું)

કોઈ પણ ધર્મના ઉપદેશક માટે આ સ્થિતિ ધારણ કરવી શ્રેષ્ઠ છે, અને અભેદવાદમાં અમારે જે સ્થિતિ ધારણ કરવાની છે તે તેજ છે. હાલમાં મનાય છે તેમ ધર્મ બદલનારાઓની અમારે જરૂર નથી. ઘણા ધર્માંધોની પેઠે અમે એવા મોહમાં તણાતા નથી કે તમે અમે માનીએ છીએ એવું નહિ માનો તો, તમને પરલોકમાં દુઃખ શોકનો સમય પ્રાપ્ત થશે. અમે સંપૂર્ણ રીતે જાણીએ છીએ કે, તમારામાંના દરેક માનવ જાતના અંતીમસ્થાનને પ્રાપ્ત થશો, ગમેતો અમે હાલ કહીએ છીએ તે તમે માનો વા નમાનો. દરેક મનુષ્યનો વૃદ્ધિ ક્રમ સંપૂર્ણ રીતે નિશ્ચિતછે; પરતુ તે પોતાનો માર્ગ સહેલો અથવા અઘરો કરી શકે, જો તે અજ્ઞાનમાં વધ્યાં જશે, અને એ અજ્ઞાનમાં સ્વાર્થી અંત શોધ્યાં કરશે, તો તેને તે ઘણોજ સખ્ત અને દુઃખકર લાગશે; જો તે જનમમરણનું, મનુષ્ય અને ઈશ્વરનું, તથા તેમની વચ્ચેના સંબંધનું, સત્ય શિખશે, તો તેને મુસાફરી કેવી રીતે કરવી તે સમજી શકાશે અને તેથી પોતાને માટે માર્ગ સહેલો કરશે અને વળી (જે ઘણું અગત્યનું છે તેમ) પોતા કરતાં ઓછા વધેલાં મનુષ્યોને મદદગાર હસ્ત લંબાવવાને તે શક્તિવાન થઈ શકે છે. તમારે જે કરવું જોઇએ તે આ છે, અને અમે તમારી પાસે જે કરાવવાની આશા રાખીએ છીએ તે આ છે. અમને આ તત્વશાસ્ત્ર ઉપયોગી માલૂમ પડયું છે, અમને જડયું છે કે તે અમને મુશ્કેલીઓમાં મદદ કરે છે, તેથી જીવન વહન સહેલું થઇ પડેછે, મરણ સમીપ સહેલથી થઇ શકાય છે, અને તેથી અમારા વાદને તમારી આગળ દર્શાવવાની અમારી મરજી છે. અમે તમારી પાસેથી અંધશ્રદ્ધાની અપેક્ષા રાખતા નથી, અમે આ તત્વશાસ્ત્રને માત્ર તમારી આગળ મૂકીએ છીએ, અને તમને અભ્યાસ કરવાની ભલામણ કરીએ છીએ, અને અમે માનીએ છીએ કે, જો તમે તેમ કરશો તો, અમને જે માલૂમ પડયું છે તે તમને પડશે:—**સુખ, શાન્તિ અને મદદ, અંતે દુનિયામાં ઉપયોગી થઈ પડવાની શક્તિ.**

મિતાક્ષરી.

(મળેલું)*

(૭)

ઇર્ષ્યા.

ઇર્ષ્યા સ્વાર્થનું અવળુ પાસું છે. ગમે તેવાં સારાં કપડાંની ઉલટી બાજુ નઠારી દેખાય છે, તેમ સ્વાર્થ બાજુએ હોય એવા વિષયમાં પણ ઇર્ષ્યા અયોગ્ય છે. વળી સ્વાર્થ સાધારણ રીતે ધીરો, શાંત, અને આગલી પાછલી ગણત્રી કરનારો હોય છે, ત્યારે ઇર્ષ્યા અધીરી, બળેલી, અને લગભગ આંધળી હોય છે. સ્વાર્થ ઇર્ષ્યાને ઘણીવાર દબાવી રાખવા મથે છે, છતાં તે એના કબ્જામાંથી છટકી જઈ એને વારંવાર નુકશાન કરે છે.

ઇર્ષ્યા સાંકડા મનની આબાદ નીશાની છે; તેમ કોણ કોની શા માટે ઇર્ષ્યા કરે છે એ ઉપરથી એના મનનું વલણ પકડાઈ આવે છે. વળી ઇર્ષ્યાને સંઘરનારૂં મન જે પ્રિય વસ્તુના ઉપભોગ માટે એ બીજાની ઇર્ષ્યા કરે છે તે મેળવવાની પોતાની અશક્તિ જાણ્યે અજાણ્યે પ્રકટ કરે છે; કારણ કે એ મેળવવાને તેનો પ્રયત્ન અને તેની આશા કાયમ હોય ત્યાં સુધી એ સ્પર્ધાને વશ હોય છે ઇર્ષ્યાને નહીં; સ્પર્ધાનો અસંતોષ તે ઇર્ષ્યાનો અસંતોષ નથી. એક વિશેષપ્રવૃત્તિમાં પ્રેરનાર અને ઉચ્ચ છે; બીજો સામાન્યપ્રવૃત્તિમાં પણ વારેઘડિયે ખલલ પાડનાર અને નીચ છે.

ઇર્ષ્યાની આંખ સામો પ્રકાશ જોતી નથી. પ્રકાશની નીચે પેસી તેની પાછળ જઈ તેમાં ઉડતા, બળતા, કૃતકૃત્ય થતા રજકણોને જ તે દેખે છે. પ્રકાશ કેવો સક્ષમ છે, દોલાયમાન છે, ક્ષણિક છે, એ જ તે જુવે છે. હોય તેટલાં કલંક નીહાળવાં, તેને જોઈ જોઇને બને તેટલાં મોટાં અને કાળાં જોવાં, તેની પાસે બીજાં કલ્પિત કલંકો પણ જોવાં, એ સર્વ બીજાઓને દેખાડવા મથવું, તેમની આગળ બીચારા પ્રકાશની દીલસોજીનો બુરખો ધરી બોલવું, ન છૂટકે બોલાતું હોય, બોલતાં જીભમાં કાંટા ભાગતા હોય, એવાં એવાં ફેલ કરી બોલવું, અને ન્યાયાધીશની તુલા હાથમાં રાખી હોય એમ બતાવી હડહડતો અન્યાય તોળવો, પોતે બનતા સુધી "સતા" રહેવું, ઉપલી કોટિએ બેસવું, અને સામા માણસને તેની આબરૂ—તેના ભવિષ્ય—તેના પરમ મનોરથ તેના જીવનને જેમ ડસાય તેમ ડસવું—એ સર્વ ઇર્ષ્યાનું કારસ્તાન; અને ડસીને પોતે—શું લાભ કે આનંદ મેળવવો? ના—કેવલ ડસડસી રહેવું, વિષોદ્‌ગારના આવેશ વારંવાર અનુભવવા અને બ્હાર કહાડવા, એજ ઇર્ષ્યાનું સ્વાભાવિક જીવન.

——— બળવંતરાય ક૦ ઠાકોર.

---

* મિતાક્ષરી પહેલાં સુદર્શનમાં નિચે પ્રમાણે પ્રસિદ્ધ થઈ ચૂકી છે.

૧ થી—૪—પુ—૧૬—અં—૮—પૃ—૨૫૯

૫—,,—૧૬—,,—૧૦—,,—૩૧૨

તથા ૬—,,—૧૬—,,—૪—,,—૧૨૭

એક-સ્વપ્ન.

(મળેલું.)*

મનુષ્યજીવન અંતઃકરણમાંથી એક ઉપર એક સ્ફૂર્તિ ઉર્મિયોરૂપી અંકોડાથી બનેલી સાંકળ શિવાય અન્ય શું છે? કરોળીઆના પેટમાં તાર બનાવવાનું જેવું યંત્ર છે, તેવું જ મનુષ્યમાં અંતઃકરણ છે. જીવાત્મા કરોળીઓ પરમાત્મારૂપી સીલિંગથી છૂટો પડી ઉર્મિઓના નવા નવા અંકોડા તેની જીવન સાંકળમાં ઉમેરતો ચાલ્યો જ જાય છે. અરે મૂર્ખ કરોળીઆ! એમ સાંકળોમાં સાંકળો સાંધતો તું ક્યાં જવાનો? સાંકળ બનાવવાનું યંત્ર મળવાથી શું ફુલાઇ જાય છે? તને ખબર છે કે જેટલા નવા અંકોડા તું તારી મગરૂબીમાં બનાવે છે તેટલો જ તારા રેંટાણથી તું દૂર થયો છે? તોરમાંને તોરમાં જેટલો દૂર જાય છે તેટલી જ પાછા આવતાં મહેનત પડવાની માટે સમજ અને અટક. હજુ નિરાશ થવાનું કંઈ કારણ નથી, કારણ કે જે અંકોડાએ તારા રેંટાણથી તને દૂર કર્યો છે તે અંકોડા જ તે રેંટાણે તને દોરી જશે.

માણસનું મન આવતા તરંગોમાં જ મગ્ન થઈ જાય છે અને ગતતરંગો ઉપર બીલકુલ ધ્યાન જ નથી આપતું. આગામિનો નિરોધ કરી ગતનો આશ્રય લીધાથી જ હરીને હામ બેસવાનો વખત આવશે. સ્વપ્નાવસ્થા મનતરંગાધીન અવસ્થાજ છે. માણસની અત્યભિલષનિય ચાલાકીને પણ ફાંફાં મરાવી પોતાનું અસ્તિત્વ કબુલ કરાવે છે. આવી જાતના તરંગે જે જાગ્રત કરતાં કંઈ જુદી જ જાતના હોય છે, તે ઘણી વખત વિશેષ ધ્યાન આપવા લાયક હોય છે.

જે સ્વપ્નની આપણા જેવા સાધારણ માણસો મનનો ખાલી ઉત્પાત સમજી અવજ્ઞા કરે છે, તેજ સ્વપ્ન વિચારશીલ સુજ્ઞપુરૂષને હાથે મહાશ્રેયસ્કર નિવડે છે. દૃષ્ટાન્ત તરીકે કોઈ એક વિદ્વાન માણસ પોતાના ઘરમાં રાત્રીના ટુંકા કલાકો અર્ધ નિદ્રામાં ગાળે છે તેવામાં તેને એક સ્વપ્ન લાધ્યું:—જાણે તે કોઈ રમણિય ઉપવનની અંદર ફરવા ગયો છે. સૂર્યદેવના સુવર્ણમય સારથિયે ઉદયાચળ ઉપર આવી ચાબુકનો ફડાકો કર્યો કે અંધકાર પર્વતની ઊંડી ગુફાઓમાં સંતાઈ ગયું. નૃપતિની ગેરહાજરીમાં તેના ક્ષુદ્રશેવક જનો જેમ પોતાની નજીવી સત્તાનો ભપકો મારતા, તેના આવતાં વાત શરમાઈ મ્હોં સંતાડે છે, તેમ તારાઓએ એકે એકે સંતાઈ જવા માંડયું. બપોરની ગરમીનો અંશ માત્ર નહિ હોવાથી સર્વત્ર મનોરંજક શીતલતા પ્રસરી રહી છે. આવી વસંતરૂતુની શિતલતાથી ઉન્મત્ત થયેલાં પક્ષિઓ પુષ્પથી લચકાઈ જતી વૃક્ષની ડાળીઓ ઉપર બેશી મધુર સ્વરે વનદેવતાની મંગલા આરતિ કરે છે તે સાંભળતો સાંભળતો આ મહાપુરૂષ એક સાંકડી પગથિએ ચાલ્યો જાય છે; તેવામાં જમીનમાંથી દોઢેક હાથ ઉંચી દીવાલ એકાએક નીકળી આવી તેનો રસ્તો બંધ કર્યો. જુવાનીની ઉદ્ધતાઈ તેનામાં બીલકુલ હતીજ નહિ એટલે તે દીવાલને કુદી જવામાં અથડાઇ પડવાનું જોખમ વહોરે તેમ નહોતું. ઠરેલ વિચારશીલ માણસની માફક તેણે તેના ઉપર પગ દઈ ઓળંગી જવાનો વિચાર કર્યો. એક પગ તે દીવાલ ઉપર મૂકી બીજો જેવો ઉપાડે છે

* લેખક—રા. રા. કૃષ્ણ.

તેવીજ તે દિવાલ એક બાજુ અમળાઈ પડી અને આ પુરૂષ બીજી બાજુએ પડયો પરંતુ ઉભો થઈ આજુબાજુ જુએ છે તો કોઇએ તેને જોયો નથી એમ ખત્રી થવાથી, જેવો આગળ જવા જાય છે તેવી જ તે દીવાલ પાછી ફરીથી તે આગળ ખડી થઇ. એક વખત નિષ્ફળ જવાથી નાઉમેદ નહિ થતાં ફરીથી તેણે ઓળંગી જવાનો પ્રયત્ન કર્યો. પરંતુ આ વખત પણ તે દીવાલે તેવો જ દગો દીધો. આથી ક્રોધે તેને ઉદ્ધત કર્યો અને તેને બીલકુલ અડયા શિવાય કુદી જવાનો નિશ્ચય કર્યો. બે ચાર ડગલાં પાછો હઠી એકદમ કુદી બીજી બાજુ પડયો અને ખુશી થઇ પાછો ફરી તિરસ્કારની નજરથી દીવાલ તરફ જોવા જાય છે તો ત્યાં કંઇ નજરે પડયું નહિ. ભય અને વિસ્મયથી તે ચકિત થઇ ગયો અને જાગ્યો.—આવું સ્વપ્ન ખરેખર કંઇ અર્થ વિનાનું લાગે પણ આ મહાપુરૂષને તો ભવાબ્ધિનો સામો કિનારો દેખાડનાર મહામંત્ર જેવું થઇ પડયું. તેણે વિચાર કર્યો કે, આ સંસારમાં પ્રયાસ કરતા જીવાત્માને વિષયાસક્તિ દીવાલ પેઠે આડે આવે છે. તેને દબાવી આગળ ચાલનારને તે ગબડાવી પાડે છે, તેને બીલકુલ અડયા શિવાય કુદી જવામાં જ ફાયદો છે. કુદી ગયા પછી પાછા ફરી જોઇશું તો માલુમ પડશે કે, તે ખરેખરી અડચણ નથી પણ મિથ્યા ભ્રમ જ છે.

પ્રાસંગિક.

× ×
×

"આ દેહ પંચમહાભૂતમાંથી ઉત્પન્ન થયો છે અને તેમાં જ મળી જવાનો છે." એક વાર પૃથ્વિ ઉપર જન્મ્યા પછી વહેલા મોડા મરવાનું તો છે જ; માટે આપણે આપણાં કર્મ અને શબ્દોની અસર સમજી શકીએ એવી સ્થિતિમાં છીએ તેથી જીવન વૃથા ગાળવું નહિ. આપણા કરતાં ગમે તેવા હલકા દરજ્જાના હોય તો પણ તેમની લાગણીઓને ન દુઃખવે એવા આપણા શબ્દો હોવા જોઇએ. જો આ પ્રાપ્ત થાય તો અન્ય સર્વ પ્રાપ્ત થયું છે. માયાળુ શબ્દો તત્વજ્ઞાનની કુંચિ છે. માટે સર્વ પ્રાણિઓ તરફ ઉદ્ધતાઇ ભરેલા શબ્દોનો ઉપયોગ દૂર કરવો જોઇએ. પરમેશ્વરે આપણને બક્ષેલી સ્થિતિનો આપણે દુરૂપયોગ કરીએ છીએ એટલું જ અપમાનભર્યા શબ્દોથી સૂચવાય છે. મણિ કરતાં પણ પ્રેમળ વચનોની વિશેષ કીંમત છે. કઠોર શબ્દો વાપરવા એ પક્વ ફલ પ્રાપ્ય છતાં અપક્વ ફલ પ્રાપ્ત કરવા સમાન છે. શબ્દ પારૂષ્ય, દાહ કરતાં અધિક છે. જેમ મુખમુદ્રા અંતઃકરણનું સૂચીપત્ર છે તેમ દયાળુ શબ્દો તે ધર્માનુસારીઓનું ચિહ્ન છે. અને દ્રવ્યથી મદદ કરવા કરતાં પ્રસન્ન મુખ મુદ્રાથી અતિથિને આવકાર આપવો એ શ્રેષ્ઠ છે. માયાળુ શબ્દો વાપરવાની ટેવ પાડો અને તમારા અંતઃકરણમાં ન્યાય, ધર્મ તથા શાન્તિનો ઉદય સ્વતઃ થશે.

×

માનસિક ધર્મો—(૧) શુદ્ધ જીવન. (૨) નિખાલસ મન. (૩) પવિત્ર અંતઃકરણ. (૪) આતુર બુદ્ધિ. (૫) સર્વ સામાન્ય ભ્રાતૃત્વ. (૬) ઉપદેશ આપવા લેવાનું ચાંચલ્ય. (૭) આવરણ રહિત આધ્યાત્મિક સ્વસંવેદન. (૮) ગુરૂપ્રતિ ધર્મયુક્ત ભક્તિભાવ. (૯) ઉપેક્ષા પૂર્વક અન્યાય સહન. (૧૦) હિંમત પૂર્વક સિદ્ધાંત પ્રદર્શન. (૧૧) અન્યાયમાં સપડાયલાનો બહાદુરીથી બચાવ. (૧૨) માનવ ઉન્નતિ અને સુખની ભાવનાઓ પ્રતિ લક્ષ વિદ્યાનુસાર સતત લક્ષ. (૧૩) ઇચ્છાપૂર્વક સત્યના ધર્મનું અનુસરણ—કારણ કે ઇશ્વરમાં આપણે શ્રદ્ધા રાખીએ છીએ અને તેને સત્યતાવાળો માનીએ છીએ. (૧૪) દિવ્યજ્ઞાનમંદિરમાં પ્રવેશવા માટે મુમુક્ષુઓને ચઢવાની સુવર્ણ નિસરણિનાં આ પગથીઆં છે.

×

× ×

આર્યનીતિઃ—(૧) એક ઇશ્વરના અસ્તિત્વનો સ્વીકાર. (૨) દરેક વસ્તુ તેણે સર્જી છે. (૩) તે સર્વ વ્યાપી, સર્વજ્ઞ તથા સર્વ શક્તિમાન્ છે. (૪) આપણાં માતાપિતાકરતાં માયાળુપણાથી આપણું રક્ષણ કરે છે માટે તે સર્વનો પિતા છે. (૫) આપણા સુખાર્થે તેણે આપણને, મન, શરીર, તથા આસપાસનો પ્રદેશ આપ્યો છે. (૬) તેનામાં શ્રદ્ધા રાખો અને પૂજો. (૭) સૂર્યોદય પૂર્વે ઉઠવું. (૮) ભુખ વિના ખાવું નહિ તેમ ભુખ હોય તો ઉપવાસ કરવો નહિ. (૯) તમારાં પરિવર્તનોને વ્યવસ્થિત તથા બની શકે તેટલાં સ્વચ્છ રાખો. (૧૦) નિયમપૂર્વક ખંતથી દરેક બાબતમાં ખાત્રીપૂર્વક જય પ્રાપ્તિ થશે. (૧૧) પ્રસિદ્ધ દુરાચારીઓનો સંગ ન રાખવો. (૧૨) જીવતા કોઈ પણ પ્રાણિને દુખ દેવું નહિ. (૧૩) તમારાં માતાપિતા, વડિલો, ગુરૂઓ, વિદ્વાનો અને દેવોને આદર આપવો જોઇએ. (૧૪) સર્વ સાથે શોભા ભરી રીતે વર્તન રાખો. (૧૫) પારકી સંપત્તિનો લોભ ન રાખવો. (૧૬) મિથ્યાભિમાનનો ત્યાગ કરો. (૧૭) નિત્ય નિયમ પળાવા જોઇએ. (૧૮) દરિદ્રી અને અર્થિઓને મદદ કરવી. (૧૯) શાસ્ત્રોનો યથાર્થ વિચાર કરવો જોઇએ. (૨૦) ઉદાર પરંતુ ગર્વિષ્ટ ન થવાની જરૂર છે. (૨૧) સત્ય બોલવું. (૨૨) સર્વ સાથે પ્રેમ ન થઈ શકે તો પણ કોઈ તરફ દ્વેષ ન રાખવો. (૨૩) સાથિયો ઉપર પ્રેમ રાખો. (૨૪) દુષ્ટ વિચારને ન પોષવો. (૨૫) અત્યંત ક્રોધાવિષ્ટ ન થાઓ. (૨૬) પવિત્ર દેખાઓ અને પવિત્ર રહો. (૨૭) અંતે, "સર્વ ધર્મોનો પરિત્યાગ કરી, મારે એકનું જ શરણ શોધ; હું તને સર્વ પાપમાંથી છોડીશ માટે શોચ ન કર."

ઇચ્છાને હાલ મારે અટકાવી રાખવી પડે છે અને આગળ ઉપર એ વિચાર થઈ રહેશે એમ કહીને, એમનો વિચાર મૂલતવી રાખવામાં આવે છે.

આપણને તરતજ અગત્યનો થઈ પડતો વિચિત્ર પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, આ ઝીણા શાસ્ત્રીય વાદવિવાદોની ઉપયોગિતા શી? આથી આપણે એ વિશે વિચાર ચલાવીએ. સદા મનુષ્યમન આશાનિરાશાસહિત, સુખ પામવાને—એટલે જે સારૂં છે, અથવા શ્રેય છે, પ્રયત્ન પરાયણ થયાં કરે છે. શરૂઆતમાં જ આપણી શોધ એ ઉપવિભાગોમાં વહેંચાઈ જાય છેઃ પ્રથમ તો એકે દુનિયામાં કંઈ પણ અશુભ, અશુભરૂપે છે? અને અન્ય એ કે, જો તે હોય તો, તેની હાજરીનો શો ખુલાસો તથા તેનું નિવારણ શી રીતે થઈ શકે? જો અશુભ પરમેશ્વરમાંથી ઉત્પન્ન થતું હોય તો તે સારો અને સર્વશક્તિમાન સાથેસાથેજ ભાગ્યે થઈ શકશે. આર્ય તત્વશાસ્ત્રનું તો એમ માનવું છે કે, મૂલપરમાત્મવસ્તુમાં તો કોઇ પ્રકારનું પાપ વા અશુભ હોતું નથી, પરંતુ મનુષ્યોનામાં તે આવી પડે છે તેતો તેમણે જ પ્રેરેલાં કારણોદ્વારા અથવા કર્મનિયમાનુસાર તેમ થાય છે. વેદાન્તિયોનું એમ માનવું છે કે, સુખ, દુઃખ અને એવાં અન્ય વચ્ચેના નકામા ભેદો આપણે ઉભા કરીએ છીએ, અને જ્યાંસુધી આ દુનિયાસ્વપ્નનું કારણ અજ્ઞાન દૂર થતું નથી ત્યાંસુધી તેઓ દૂર થઈ શકતા નથી. વ્યષ્ટિતાથી અથવા વધારે યોગ્ય રીતે કહેવા માગીએ તો બંધનથી, પાપના અશ્રેયની ઉત્પત્તિ છે. ઉપનિષદો બાર મૂકીને કહે છે કે, **यो वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति**। જે ભૂમા છે તેજ સુખ છે, અલ્પમાં સુખ નથી. વસ્તુસ્થિતિમાં અશ્રેય નથી એ આ પ્રકારે જોયા પછી આપણા સામે એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, સુખ એટલે શું?* બહિર્ દુનિયામાં તો સર્વ વસ્તુ ક્ષણિકતાથી વિટલાયલી છે; અને મનની આંતર્ દુનિયામાં પણ તેમ જ છે. આપણે ઇન્દ્રિયોના આદેશાનુસાર અથવા મનની પ્રેરણા અનુસાર વર્તવામાં સુખનો સમાવેશ થતો નથી. જ્યાં સુધી આપણે સર્વ વ્યાપક બ્રહ્મનું જીવન જીવીએ નહિ ત્યાં સુધી, સંપૂર્ણ આનંદ, કે જેમાં તેમનાથી વિરૂદ્ધ ભાવનાનો સહજ પણ ડાઘ ન હોય, તે અનુભવાતો નથી. વેદાન્તિ કહે છે કે, આવા સુખનો જ્ઞાનથી પ્રારંભ થાય છે—પોતાના સ્વના (Self) જ્ઞાનથી—આત્મજ્ઞાનથી૦—અને આપણે એટલું ઉમેરીએ કે, કહેવાતી સર્વ—વ્યાપક સત્તા સાથેનો તેનો વ્યવહાર. પ્રો બેઇન× યથાર્થ કહે છે, "વ્યક્તિતાને લક્ષમાં લીધા વિના ભાગ્યેજ ઉચ્ચ પ્રકારનું સુખ સંભવિ શકે છે;"—આપણે એટલું ઉમેરવું આવશ્યક છે કે, સર્વમય બ્રહ્મની સમષ્ટિતાનો માત્ર એક વિભાગ અને અંશ વ્યક્તિતા છે, અને તેથી અંતે તે બ્રહ્મમય સમષ્ટિતામાં પ્રવિલાપે છે.* ચિત્ત અને અહંકારનું બનેલું મન દુઃખનું કારણ છે—અથવા બાહ્ય ઉપાધિયોમાં આનંદ પામવાની માનસિક સ્થિતિયો અને કાર્યારંભનું પોતાને જ અર્પણ.× જો મનનો નિરોધ થઇ શકે, જો મનુષ્યોનો અનંત આત્મા પોતાની જાતને સર્વત્ર જુએ, તો પાપ અથવા દુઃખનો સમગ્ર વિચાર નાશ

---

* ભગવદ્ગીતા—અ-૪-૩૮-૩૯; ૬-૨૧-૨૪.

\+ Mental science-appendix-P. 83.

* ભગવદ્ગીતા—અ-૬-૨૯-૩૧. અ-૧૪-૨. અ-૧૮-૨૦.

× ,,—અ—૩—૧૭.

પામે—સત્ અને આનંદના બનેલા સમગ્ર કીર્તિવંત એક રૂપે સર્વને પ્રકાશવાનું છે. વેદાન્તિ કહે છે કે, સુષુપ્તિમાં આપણને કંઈ પણ અસુખકરનું ભાન હોતું નથી; અને જેમ જેમ આપણે જાગ્રત તરફ આવતા જઇએ છીએ તેમ તેમ આપણે સુખ દુઃખ પામતા જઇએ છીએ. આનો ખુલાસો એમ કહેવાથી થાય છે કે, આ પ્રકારની નિદ્રામાં મનુષ્યનામાંનો અહંકાર (egoism) સર્વસામાન્યઅહંકારમાં મળી જાય છે; અને જાગ્રતપ્રતિ આવી પહોંચવાના સમયમાં, આ અહંકારને તેનાં પૂર્વનાં સાથિયો સાથે બાંધનાર તથા તેને સુખદુઃખાદિ પમાડનાર સ્મૃતિ છે. અને તેથી તેઓ એમ અનુમાન કરે છે કે, અહંકાર અને સ્મૃતિ અથવા મન, એ જ દુઃખનું કારણ છે, અને બ્રહ્મ-સમાધિ (બ્રહ્મઅભેદ) સુષુપ્તિના જેવી અથવા તેની પારની સ્થિતિને મળતી આવે છે—એટલે એ પ્રકારની ભાનપૂર્વક નિદ્રા (તુર્યાવસ્થા) § સત્ ચિત્ અને આનંદના સંપૂર્ણ સદાસ્થિત ભાનની સમાધિ. જેણે આ ભૂમિકા સંપાદન કરી છે, તે આ દુનિયાની સામાન્ય વાસનાઓની પારનો થાય છે, કદાપિ કર્મ નિયમના બંધનથી બંધાતો નથી, તથા શબ્દના સાધારણઅર્થાનુસાર પૂનર્જન્મે પણ પામતો નથી. વેદાન્તવિષયક તત્વશાસ્ત્રની સંપૂર્ણ સુખ, કેવા પ્રકારની ભાવના હોવી જોઇએ, એ વાતના સ્પષ્ટ વિચાર તરફ આ પ્રકારે આવી શકીએ છીએ.

હવે, સુખ વિષેના આ અને અન્ય આર્યવાદોનો માનવ ચારિત્ર સાથેનો સંબંધ, તથા તેવી ભાવના સમીપ પહોંચવાનો ઉત્તમ માર્ગ બની શકે તો નિશ્ચિત કરવાનું, બાકી રહેછે. માનવ પ્રયત્નોનું અંતીમસ્થાન એક વખત નક્કી કર્યા પછી, માનવચારિત્રના અમુક ધારેલા કટકા વિશે આપણે સહેલથી નિર્ણય બાંધી શકીએ. જો કે માનવના અંતીમઉદ્દેશરૂપે સુખને સ્થાપવામાં વેદાન્તિયો, જનહિત-સુખવાદીઓના (Utilitarians) ઉપયોગિતાના-તત્વશાસ્ત્રની દેખીતી રીતે વિરૂદ્ધ જતા જણાય છે, પરંતુ ઉભય વચ્ચે આ અગત્યનો તફાવત છે,-બનાવોની પ્રકૃતિમાં સારા માટે સંપૂર્ણતા માટે એકનો ઉદ્દેશ હોય છે ત્યારે અન્ય બનાવોમાં અથવા તેમના ક્રમમાં સારા માટે શોધ ચલાવે છે. એકના પ્રમાણે તે ઉપયોગ છે કે જે સારૂં છે, અન્યના પ્રમાણે તેજ માત્ર સારૂં છે કે જે ઉપયોગિ છે. આ પ્રમાણે વેદાન્તિનીતિશાસ્ત્ર, આધુનિકનીતિશાસ્ત્રવાદોમાંના એક અગત્યના વાદ કરતાં પોતાનું શ્રેષ્ઠત્વ સિદ્ધ કરે છે, તથા આર્યતત્વશાસ્ત્રનાં અન્યદર્શનોમાંથી ઉપસ્થિત થતા વાદો કરતાં પણ પોતે શ્રેષ્ઠ રહે છે. પોતાની આજ્ઞાનુસાર આપણી પાસે સંપૂર્ણ અધીનતા સ્વીકારાવતા વિશ્વ બહારના તટસ્થેશ્વરવાદને અનુસરનારાઓના નીતિવિચારનો આપણે ક્ષણવાર વિચાર ચલાવીએ. આવા ઇશ્વરમાં માનનારા અને વેદાન્તિયોના ચારિત્રમાં, "બુદ્ધિવંત શેઠના આદેશો અનુસાર વર્તનાર એક અને પોતાના નિશ્ચયોપૂર્વક વર્તનાર અન્યનાં વચ્ચે, જેટલો ભેદ છે, તેટલો જ ભેદ છે. પોતાની જાત અને અન્ય સર્વ દુનિયા વચ્ચેનો તફાવત એક જાતનો સાંબધિક ભેદ ઉત્પન્ન કરે છે, કોઈ કોઈ સમયે તો ઉભયમાંથી ગમે તે એક પ્રતિની પોતાનાં નૈતિક ચારિત્રના

§ વાક્ય સુધા; અને પંચદશી; અને ભગવદ્ગીતા-અ-૨-૧૫. ભગવદ્ગીતા-અ-૬. વળી " તે પરાવરનાં દર્શન થતાં, હૃદયગ્રન્થિ છેદાય છે, સર્વ સંશયોનો નાશ થાય છે, તેનાં કર્મોનો ક્ષય થાય છે."—માણ્ડુક્યોપનિષદ્.

મધ્યમાં વિરોધ પણ ઉપસ્થિત કરે. તેને માટે જે સારૂં હોય, તે કોઈ કોઈ સમયે અન્ય દુનિયા માટે નકામું પણ થઈ પડે, અને આથી વિરૂદ્ધ, પણ થાય. જ્યારે આપણે આ ઉભયમાં સર્વને નિયમતો એક નિયામકને ઉમેરીએ છીએ તથા તેને આપણી પ્રાર્થનાઓ સાંભળતો માનીએ છીએ, ત્યારે આપણે નીતિનું એક તૃતિય સ્વરૂપ ખડું કરીએ છીએ, કે જે કોકો સમયે ઉભયને પોતામાં એક કરી લે છે, તથા કોકો સમયે સર્વ સાથે વિરોધ આદરી બેસે છે. આધુનિક સમયનું મહાન્‌માં મહાન્ પાપ, વ્યષ્ટિયોનું યુદ્ધ, એ આવા તટસ્થેશ્વર વાદના સ્વીકારનારાઓનું પરિણામ છે. જેમ મનુષ્યના મનુષ્ય ઉપર રાજ્ય કરવાના હકથી, રાજા સહિત રાજ્યના અનેક દેખાવો ખડા થાય છે તથા નકામાં સામાજીક બંધનો ખડાં કરે છે, તેમ વિશ્વથી તટસ્થ ઈશ્વરનો વિચાર, તર્કને ગૂલામ બનાવે છે, અને વાસના-દ્વંદ્વ (emotion) ને સંપૂર્ણ વિકસાવે છે, અને આ પ્રકારે મનુષ્યોનું વિરોધિ યુદ્ધ ઉપસ્થિત થાય છે. વિશ્વને વ્યષ્ટિવાચક સ્વથી લેશ પણ ભિન્ન નહિ જોવાને લીધે, તથા તેથી વિરૂદ્ધ પણ જોવાને લીધે, તથા વ્યષ્ટિ, એ બુદ્ધિવિષયક સમગ્રનો તેની બુદ્ધિ સાથે વૃદ્ધિ પામતો તથા એમ કહીએ તો તેના નાશ સાથે નાશ પામતો એક માત્ર ચૈતન્ય તંતુ છે.× તમારા ભ્રાતાની પેઠે તમારા પાડોશીને વિલોકો, એમ અદ્વૈતવાદીઓ અથવા આસ્તિકો ઉચ્ચ સ્વરથી ઘોષ કરે છે; પરંતુ વેદાન્ત તો યુક્તિ પૂર્વક સર્વને પોતાસમ જોવાનો ઉપદેશ આપે છે. (आत्मवत्सर्व) સાહજીક રીતે એટલું ફલિત થાય છે કે, જે આ પ્રમાણે બ્રહ્મમાં અને બ્રહ્મનો થઇને રહે છે તે બુદ્ધિમંત પ્રકૃતિના સર્વસામાન્ય શ્વાસાનુસાર શ્વાસ લે છે, તથા સુખ અથવા દુઃખ ઉપજાવી શકે એવા કારણનો ભાગ્યે જ સંગ્રહ કરે છે. અન્ય રીતે કહેવા માગીએ તો, જે યોગી પોતાની વ્યષ્ટિને સમષ્ટિમાં પ્રવિલાપે છે, તેને કર્મનો નિયમ બંધનકારક થઇ પડતો નથી* જ્યારે પિંડ, બ્રહ્માંડમાં પ્રવિલાપે છે, ત્યારે પિંડ એટલો બધો બ્રહ્માંડાનુસાર થાય છે કે, તે ભેદનો વિચાર ભૂલી જાય છે, અને સમગ્રના વિભાગ અને સભ્ય રૂપે અનંત આનંદમય જીવન ગાળે છે. આપણે આ પ્રકારે જોયું કે, વેદાન્તવાદ માનવ જ્ઞાનના દરેક વિભાગમાં ફલવંત પરિણામો ઉપજાવનાર રૂપે છે, અને યથાર્થ ચારિત્ર, યથાર્થ કર્તવ્ય, યથાર્થ બુદ્ધિ તથા સર્વ યથાર્થવાનાં તરફ દોરી જાય છે. દરરોજના જીવનમાં કોઈ પણ ઉપયોગનું થઈ પડવા માટે આ તદ્દન ભાવનામય બંધારણ છે, એમ જનહિત-સુખવાદી કહે. આવા લુલા આધાર ઉપર થી જ આવાદને ઉરાડી મૂકવાને બદલે, નીતિના, બુદ્ધિના, અરે ભૌતિક વિદ્યાના વિભાગોમાં આપણી આસપાસ જોવાની જરૂર છે, અને માલૂમ પડશે કે, ઘણા થોડા વિજય સહિત કેટલી બધી ઉત્સુકતાપૂર્વક ઓવી ભાવનાઓ પછવાડે મનુષ્યો ગાંડાં થઈ જાય છે. અને આપણે પૂછીએ કે, આમ થવાને લીધે શું દુનિયા લેશ પણ ખરાબ થઈ છે? એક પ્રખ્યાત ફીલસુફના શબ્દોમાં જ આનો પ્રત્યુત્તર આપણે વાળીશું. "એટલું સત્ય છે કે, મનુષ્યો જેવાં છે તેવાંને માટે તો શુદ્ધ સંત; તેમને માટે નિરૂપયોગી થઈ પડે એવો નિયમ દર્શાવે છે; વળી એ પણ એથી થોડું સત્ય નથી કે, માત્ર ઉપયોગિતા પોતાની મેળે, અસ્તિત્વમાં છે તેના કરતાં લેશ પણ સારી વસ્તુ સ્થિતિ સ્થાપન કરી શકાવાની નથી. સંપૂર્ણ નીતિમત્તા, ઉપયોગિતાને લીધે, ગપગોળારૂપ નિરર્થક વાતોમાં ખેંચાઈ જતી બચી જાય છે; તેમ જ

× ભગવદ્‌ગીતા-અ-૬-૨૯-૩૨.

* ભગવદ્‌ગીતા—અ-૯. ૩૭. અ-૬-૭.

ઉપયોગિતાને પણ નીતિમત્તાને લીધે સુધારાની સર્વ ઉત્કર્ષણીઓ સંભવી શકે છે. આપણે એટલું સ્વીકારીએ કે, આપણે આપેક્ષિક રીતે કેટલું સત્ છે ને જોવામાં આનંદ પામીએ છીએ, પરંતુ સંપૂર્ણ સત્ શું છે, એ જોવાની આપણી પ્રથમ ફરજ છે; તેથી એક વિચારમાં અન્યનો પ્રથમથી સમાવેશ થાય છે." ×

(આગળ ચાલુ.)

ભારતવર્ષીય ઈસિફ્સ ફેબલ્સ.

(મળેલું).

દુનિયાંની લગભગ તમામ ભાષામાં ભાષાન્તર થયલા આ પુસ્તકથી ભાગ્યે જ કોઈ અજાણ્યું હોવું જોઇએ. ઈસિપનીતિ નામે ગુજરાતીમાં જાણીતી થયલી કથામાળાને મળતી બંગાળામાં આશરે પચાશ વર્ષ પહેલાં ત્યાંના પ્રસિદ્ધ વિદ્વાન મરહુમ બાબુ ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરે અંગ્રેજી ઈસિફ્સ ફેબલ માંહેની કેટલીક વાતોનું બંગાળી ભાષામાં ભાષાંતર કરી. ઉજ્જરતા બાળકોને હમેશના માટે મોટો લાભ કીધો છે. અહમદ નગરની સરકારી હાઇસ્કુલના શિક્ષક મી. નારાયણ બાળ કીશ્ન ગોડબોલે B. A. એઓએ ઇંગ્લીશ ઈસિપ્સ ફેબલનું સંસ્કૃતમાં ભાષાન્તર કરી ઘણો સારો લાભ મેળવવાનું કહેવાય છે.

કેટલી એક મુદત પહેલાં મી. ગીલક્રાઇસ્ટ (Gilchrist) નામના અંગ્રેજ વિદ્વાને ઈસિપ્સ ફેબલની કેટલીક વાતોનું હિંદુસ્તાની, ફારસી એરેબીક બંગાળી અને સંસ્કૃત ભાષામાં ભાષાન્તર કરી રોમન અક્ષરે છપાવેલ છે હાલમાં હિંદુસ્તાનના સઘળા ભાગમાં અંગ્રેજી ઈસફ્સ ફેબલ જાણીતી થયેલી છે. યુરોપની તમામ ભાષામાં આ પુસ્તકનાં ભાષાંતરો થયલાં છે. મતલબ કે એવી કોઈ પણ સભ્ય સમાજ બાકી નહિ હોય કે જ્યાંના લોકો આ પુસ્તકથી અજાણ્યા હોય.

વાંચનાર આટલી હકીકત પછી આપણે કાંઇક ઉંડા ઉતરવું જોઇએ. કારણ કે ગૂઢ રહસ્ય ઉંડા ઉતરવા વગર મળી શકતું નથી.

વર્તમાન ઇસફ્સ ફેબલ તે શું ઇસપની જ બતાવેલી છે ? ઈસપ નામનો કોઇ વિદ્વાન લેખક અગાઉ થઇ ગયો છે ! અને થઇ ગયો હોય તો ક્યારે અને કયા દેશમાં ? એ સવાલોનું બારીકાઇથી અવલોકન થવું જોઇએ.

× H. Spencer's Essays–"Prison Ethics."

* એક બંગાળી લેખના આધારે લખનાર—શ. ર. લવજી કુણા માસ્તર.

કેટલાએક સંગીન પુરાવા ઉપરથી કહી શકાય છે કે વર્તમાન ઇસક્રૂસ ફેબલનો લખનાર ઇસક્ર પોતે નથી. અલબત ઇસક્ર નામનો એક નીતિશાળી વિદ્વાન ઇસ્વીસનની પૂર્વે ૬ ઠા સૈકામાં ગ્રીસ દેશમાં હયાત હતો એમાં તો કાંઇ શક નથી. પ્લેટો (Plato) લખી ગયો છે કે "જ્યારે સોક્રેટીસ બંધીખાનામાં હતો ત્યારે ઇસક્રની કેટલીક વાતોને પદ્યમાં રૂપાન્તર કરી વખત પસાર કરતો હતો." આરીસ્ટોફનીસે ઇસપની એકની એક વાતોનો ચાર વખત ઉલ્લેખ કીધેલો છે. એરીસ્ટોટલે ઇસપની એકની એક વાતને જુદા જુદા સ્વરૂપમાં લખેલી છે. જ્યારે "લુસીઆન" નામના વિદ્વાને તેને બીજાં જ સ્વરૂપોમાં લખેલી છે. આ સઘળાં પ્રમાણો ઉપરથી એટલું તો સાબીત થાય છે કે ઇસપે કેટલી એક વાતો જરૂર લખેલી હોવી જોઇએ. પણ તેણે પોતાની લખેલી વાતોને પુસ્તકના આકારે લીપીબદ્ધ તો કીધી જ નથી. એટલું જ નહિં પણ વખત જતાં તે વાતો લોકોની સ્મૃતિમાંથી પણ ખસી ગઇ છે ફક્ત ઇસપનું નામ માત્ર હયાતી ભોગવતું રહેલું આપણે જોઇએ છીએ.

અંગ્રેજી ભાષામાં ઇસક્રૂસ ફેબલ ક્યાંથી આવી તેનો નિશ્ચય કરતાં એક જાણીતો વિદ્વાન મી. "રીઝડેવીડસ," એવા વિચાર ઉપર આવેલો જણાય છે કે:—એ તુર્કસ્તાનમાંથી આવેલી છે, ઇસ્વીસનના ચૌદમા સૈકાની શરૂઆતમાં કોન્સ્ટેન્ટીનોપલમાં પ્લાન્ડીઝ નામના એક વિદ્વાને કેટલી એક નીતિ સંબંધી વાતો એકઠી કરી એક પુસ્તક તૈયાર કીધું હતું અને તેને ઇસક્રૂસ ફેબલનું નામ આપી બાહાર પાડયું હતું. દૈવીક અંતઃકરણના આ વિદ્વાને સાંભળેલું હતું કે ઇસક્ર નામનો એક વિદ્વાન અગાઉ ગ્રીસમાં થઇ ગયલો છે તેનું નામ હમેશના માટે સજીવન રાખવાની મતલબથી મી. પ્લોન્ડીઝે પોતાના પુસ્તકને ઇસક્રૂસ ફેબલ તરીકે જણાવેલી હતી. ઇસ્વીસનના પંદરમા સૈકાની આખરમાં ઇટાલીના તાબાના મીલાન નગરમાં આ પુસ્તકનું પહેલું ભાષાન્તર થયું ને તે પછી ક્રમે ક્રમે યુરોપના સઘળા દેશોમાં આ મી. પ્લાન્ડીઝ કૃત ઇસપ્સ ફેબલનાં ભાષાન્તરો થયાં. ઇસ્વીસનના પહેલાં લગભગ એકસો વરસ અગાઉ "આબ્રીયસ" નામના એક ગ્રીક કવિએ કેટલી એક વાતો કવિતામાં લખી છે તેનો કાંઇક આભાસ પ્લાન્ડીઝે પોતાની ઇસક્રૂસ ફેબલ ઉપર પડવા દીધો છે. ફિડસ નામના એક લેટીન કવિએ પણ કેટલીએક વાતો કવિતામાં લખી છે તેનો પણ કાંઇક અંશ પ્લાન્ડીઝે લીધેલો જણાય છે. અને બાકીની વાતો પ્લાન્ડીઝે હિંદુસ્તાનમાંથી લીધેલી છે. પશ્ચિમના વિદ્વાનોએ બારિક તપાસ કરી નક્કી કીધેલું છે કે, ગ્રીક કવી આબ્રીયસ અને લેટીન કવિ ફિડ્સ બેઉએ હિંદુસ્તાનની વાતોનું જ પોતાની કવિતામાં રૂપાન્તર કીધેલું છે.

હવે આપણે જોવું જોઇએ કે હિંદુસ્તાનની એ વાર્તાઓ જુદા જુદા સમયે યુરોપમાં કેવી રીતે દાખલ થતા પામી?

(૧) આલેકઝાંડરના હિંદુસ્તાનમાં આવવા અગાઉ હિંદુસ્તાનની કેટલીએક નીતિશાળી વાતો યુરોપમાં ઇસક્રૂસ ફેબલના નામથી પ્રસિદ્ધ થયલી છે.

(૨) ઈ. સ. પૂર્વે ૪૦૦) વરસ અગાઉ, જ્યારે આલેકઝાંડરે હિંદુસ્તાન ઉપર ચઢાઈ

કીધી ત્યારે હિંદુસ્તાનની બીજી સામગ્રી સાથે આ વાતો પણ ગ્રીસના સાહીત્યમાં જવા પામી અને બાબ્રીયસ તથા ફ્રિડ્રસ જેવા કવિઓએ તેને પોતાની ભાષામાં પુનર્જન્મ આપ્યો.

(૩) વચ્ચેના સમયમાં હિંદુસ્તાનની કેટલીએક વાતો ફારસી ભાષામાં ગઇ અને ત્યાંથી એરેબીક ભાષામાં ભાષાન્તર થયાં, અને યાહુદીવિદ્વાનોએ તેનાં ગ્રીક લેટીન, અને હિબ્રુ ભાષાઓમાં રૂપાન્તર કીધાં.

(૪) ઇસ્વીસનના આઠમા સૈકામાં સેંટ જોન ઓફ ડમાસ્કસ નામના વિદ્વાને બૌદ્ધના "જાતક", નામના ગ્રંથમાંથી "બારલેમ જોસાફેટ" નામનો ગ્રંથ પોતાની ભાષામાં તૈયાર કીધો અને અગીયારમા સૈકામાં એગ્રંથ લેટીન ભાષામાં તૈયાર થયો અને ત્યાંથી યુરોપની તમામ ભાષાઓમાં એનાં ભાષાન્તરો થયાં.

(૫) જ્યારે આરબો સ્પેનમાં રાજ્ય કરતા થયા ત્યારે તેમની ઘણી વાતો યુરોપમાં પ્રવેશ થઈ. ક્રુઝેડની લડાઇના પ્રસંગે પણ ઘણી વાતો યુરોપમાં દાખલ થઇ શકી છે

આ સઘળી વાતો ઉપરથી ઇસક્રસ ફેબલની રચના થયલી છે તેમાં "જાતક" નામના પાલી ગ્રંથ માંહેની ઘણી વારતાઓ આવવાનું અનુમાન બાંધી શકાય છે. જો કે પંચતંત્ર, હિતોપદેશ વગેરે ગ્રંથોની વાતો સાથે ઇસક્રસ ફેબલની વાતો ઘણા ભાગે મળતી આવે છે. પણ ખરી રીતે ઇસક્રસ ફેબલનો જન્મ તો એ પાલી 'જાતક, ગ્રંથોમાંથી થયલો ગણાશે. કારણ કે પંચતંત્ર હિતોપદેશ વગેરે 'ગ્રંથો એ જાતકમાંથી જ રૂપાન્તર થયલાં છે. પંચતંત્ર ખરી રીતે પહેલાં તેર તંત્રોમાં વેહેંચાએલું હતું. ઇસ્વીસનના છઠ્ઠા સૈકાની શરૂઆતમાં જ પાંચ તંત્રો જૂદાં કરી પંચતંત્ર નામથી પ્રસિદ્ધિમાં આવેલ છે.

ઈ. સ. ૫૩૧ માં ખુશરૂનૌશેરવાં ના તબીબ મી. બર્જુએ આ પંચતંત્રનું પહેલવી ભાષામાં ભાષાન્તર કીધેલું કહેવાય છે. ઇ. સ. ૭૫૦ માં આ ગ્રંથ સીરીયક ભાષામાં ભાષાન્તર થઇને **કલીલગ** અને **દમનગ** એ નામ ધારણ કીધું. કરકટ અને દમનક નામના બે શિયાળોની વાત પંચતંત્રના પહેલા ભાગમાં જ શરૂ થયલી છે એ અનુસારે સીરીયક ભાષામાં "કલીલગ અને દમનગ" એ નામ આપેલું છે. એ જ પુસ્તક એરેબીક ભાષામાં કલીલહ અને ડીમનહ, એ નામથી પ્રસિદ્ધ થએલું છે. સીમીયનસેખ નામના એક વિદ્વાને ઇ. સ. ૧૮૮૦ માં કલીલહ અને ડીમનહ ગ્રંથનું ગ્રીક ભાષામાં ભાષાન્તર કીધેલું છે ઇ. સ. ૧૨૫૦માં એક જ્યુ વિદ્વાને થોડો ફેરફાર કરી એજ ગ્રંથને હિબ્રુ ભાષામાં ભાષાન્તર કીધો છે. ઇ. સ. ૧૨૬૩, ૧૨૭૮ માં "જોહોન ઓફ કેપુઆ" નામના વિદ્વાને ઉપરના ગ્રંથને લાટીન ભાષામાં લખ્યો છે. એરેબીક ભાષામાં ગયલો એ ગ્રંથ ત્યાંથી સ્પેનીશ અને લેટીન ભાષામાં ગયો. અને આ બીજીવારના લેટીન પંચતંત્રનું નામ "ઇસક્રસ ધી ઓલ્ડ" રાખેલું છે.

જ્યારે આલેકઝાંડર હિંદુસ્તાનમાંથી સ્વદેશ ગયો ત્યારે (DabsChelim) નામના ગૃહસ્થને હિંદુસ્તાનનો રાજા બનાવી ગયો હતો Bidpai નામનો એક વિદ્વાન આ રાજાને શીખવવા આવતો હતો તેમાં મુખ્ય શિક્ષણ પંચતંત્રનું હતું. પંચતંત્રનાં પહેલાં ત્રણ

તંત્રોની વાતો હિતોપદેશ અને કથાસરિતમાં રૂપાન્તર થયલી છે. આપણે પહેલાં જ કહી ગયા છીએ કે મૂળ પંચતંત્રનો જન્મ પાલી ભાષાના જાતકમાંથી થયલો છે.

પંચતંત્ર ઇસક્સ ફેબલ વગેરે વગેરે ગ્રંથોની અસલ શરૂઆત જ્યારે પાલીભાષાના જાતક ગ્રંથમાંથી થઇ છે ત્યારે એ જાતક ગ્રંથ સંબંધી આપણે કાંઇક વધારે ખુલાસો મેળવવો જોઇએ.

જાતક ગ્રંથ અસલ પાલીભાષામાં લખાયલો છે. બુદ્ધ મહાત્માના તમામ પૂર્વજન્મ સમુહની વાતો તેમાં વર્ણવેલી છે. નિર્વાણ લાભની પહેલાં માહાત્મા ગૌતમબુદ્ધે અસંખ્ય યોનીમાં જન્મ ગ્રહણ કીધેલો કહેવાય છે. અને કોઇ જન્મમાં દાન, તો કોઇમાં શીલ, કોઇ સમયે પ્રજ્ઞા, તો કોઇ સમયે વીર્ય, કોઇ વખતે ક્ષાંતી, તો કોઇ વખતે મૈત્રી ઇત્યાદી અનેક સદ્‌ગુણો માંહેના પ્રત્યેકનો ઉત્કૃષ્ટ પ્રકાશ કીધેલો છે. માહાત્મા બુદ્ધદેવ, શિયાલ, કૂકડો સિંહ કાચબો વાંદરો વગેરે અનેક ભૂચર અને જળચર પ્રાણીઓમાં જન્મ ગ્રહણ કરવા છતાં સદ્‌ગુણ સમુહને છોડેલ નથી. એવું જાતકમાં ઘણી રસભરી શૈલીથી વર્ણવેલું છે. બૌદ્ધ લોકો કહે છે કે માહાત્મા ગૌતમબુદ્ધની હયાતીમાં જ જાતક લખાયેલ છે ઇ. સ. પૂ. ૫૪૩ માં આ ગ્રંથ વર્તમાન હતો આ વાતને સિલોનના કેટલાએક ઇતિહાસિક પુરાવા ટેકો આપે છે.

દક્ષિણ હિંદુસ્તાનના ભરૂત નામના ગામમાં મી. કનીંગહામે એક પુરાતનીક સ્તૂપ શોધી કાહાડયો છે જે માહારાજ અશોકના વખતમાં એટલે ઇસ્વીસન પૂર્વે ત્રીજા સૈકામાં તૈયાર કીધેલો માની શકાય છે તેમાં "વાતાગ્રસૈન્ધવ" નામની જાતકની એક વારતા પથરા ઉપર લખેલી છે. ઇ. સનના ચોથા સૈકામાં લખાએલા "દીપવંશ" નામના પાલી ગ્રંથમાં જાતક સંબંધી ખુલાસાથી લખાયલું છે. તે શિવાય તેજ સમયમાં લખાયલા બુદ્ધિસ્ટ ગ્રંથો "સુમંગળ વિલાસની" "અંગુત્તર નિકાય" સદ્ધર્મ પુન્ડરીક, વગેરે ગ્રંથોમાં જાતક સંબંધી લખાએલ છે.

જાતકમાં ગદ્ય અને પદ્ય બેઉ લખાણો છે; વારતાઓ ગદ્યમાં લખેલી છે તો પણ વચ્ચે વચ્ચે પ્રમાણ જણવવા માટે પંચતંત્રની માફક કેટલાક શ્લોકો લખેલા છે. સિંહચર્મ જાતક, કચ્છપ જાતક વગેરે જાતકની કેટલીએક વાતો ઇસક્સ ફેબલની વાતો સાથે તાદૃશ્ય મળતી આવે છે જ્યારે કેટલીકએક વાતોમાં કાંઇક રૂપાન્તર થયલું પણ જણાય છે, તેનું કારણ પાલીભાષામાંથી સઘળી વાતો જ્યારે સંસ્કૃતમાં ભાષાન્તર થઇ ત્યારે કાંઇ કાંઇ રૂપાન્તર થઇને જ લખાયલી છે. પછી જેઓએ સારીએક હિબ્રુ ગ્રીક વગેરે ભાષામાં ભાષાન્તર કીધાં તેઓએ પણ ઘણો ફેરફાર કીધેલો જણાય છે.

જો કે કાળે કરીને પંચતંત્ર હિતોપદેશ વગેરે સંસ્કૃત ગ્રંથોને પાલીજાતક સાથે સરખાવતાં ઘણો તફાવત માલૂમ પડે છે તો પણ એ બેઉ ગ્રંથોનું મળતાપણું ખસી જતું નથી. બેઉ ગ્રંથોના વિષયો એકજ છે અને ઘણે ઠેકાણે ભાષાની શૈલી પણ એકજ છે દાખલા તરીકે જાતક ગ્રંથોમાંથી ગૃધ્રજાતક નામની કથાનો એક શ્લોક લઇએઃ—

यन्नू गिजझो योजनसतं कूणपानि अवेक्खति ।
कस्मा जालंच पासंच आसज्जापि नबूजझासीति ॥

(જાતક)

એની સાથે મળતી આવતી હિતોપદેશમાંહેની જરદ્ગવગૃધ્રની, વાત માંહેનો એક શ્લોક લઇએ.

योह्यधिकाद् योजनशतात् पश्यतीहामिषंखगः ।
सएव प्राप्तकालस्तु पाशबन्धं न पश्यति ॥

(હિતોપદેશ.)

ડેન્માર્કના કોપનહેગન યુનીવર્સીટીના સંસ્કૃત અને પાલીભાષાના પ્રોફેસર ડો. ફૉંજબોલ પાલીજાતકને રોમન અક્ષરે છપાવે છે. બાર ભાગ તો તૈયાર થઇ ગયા છે. તેના પહેલા ભાગનું પ્રોફેસર રીઝડેવીડસે અને બીજા ભાગનું વિલીયમસાહેબે અંગ્રેજીમાં ભાષાન્તર કીધેલું છે. બાકીના ભાગોનું ભાષાન્તર અંગ્રેજીમાં કરવા માટે પ્રો. કાઉએલ કેમ્બ્રીજમાં રોયકાયોછે.

ન્યાય.

(વ્યાપ્તિખંડ)*

પ્રકરણ ૩.

(અનુસંધાન પૃષ્ટ—૨૨૪ થી.)

શાસ્ત્રીયકારણતા.

૫. શાસ્ત્રીય આલોચનામાં તો કાર્ય સાધવાને જે સામગ્રી જોઇએ તે સમગ્ર સામગ્રીનો કારણતામાં સમાસ થવો જોઇએ.

વ્યાવહારિક રીતે જેટલી સામગ્રી અથવા જેટલાં કારણનો અધ્યાહાર કરવામાં આવે છે તે બધાં શાસ્ત્રીયઆલોચના કરનાર ખોળી કાઢીને બહાર લાવે છે. જો કોઈ પણ મૂકી દેવામાં આવતાં હોય તો તે સર્વને પ્રસિદ્ધ એવાં સાધારણ કારણ હોવાં જોઇએ. એટલે અંશ તો શાસ્ત્રીય રીતે સામગ્રીની પરિગણના કરવામાં પણ અધ્યાહાર રાખવાની છૂટ છે.

રા. રા. મણિલાલનો એક અપ્રસિદ્ધ અપૂર્ણ ગ્રંથ.

નાઈલ નદીમાં પૂર આવે છે તેના કારણનું વર્ણન કરવું હોય તો આ રીતે થાય. (૧) નાઈલ નદીનું જ્યાં મૂલ હોય તે ઠેકાણેના પર્વતો ઉપર બરફરૂપે પાણીનું પડવું; (૨) ગ્રીષ્મના તાપથી એ બરફનું ઓગળવું. ગુરુત્વાકર્ષણતાના નિયમો, પાણીનાં તત્ત્વ, એ આદિ સર્વ વાતો આ કારણતામાં સમાય તેવી જ છે, છતાં તે તો સર્વને સુપ્રસિદ્ધ છે એમ માનવામાં આવેછે.

યુરપમાં રીફોરમેશન થયો તેનાં કારણમાં લ્યુથરે પોપની પ્રસાદ આપવાની રીતિ સામે જે વ્યાખ્યાન કર્યા તે, ધર્મની તે સમયની સ્થિતિ, અને માણસોના મનની તે સમયની સ્થિતિ એમ કહી શકાય.

હિંદુસ્તાનની ગરીબાઈનાં કારણમાં પરરાજ્યથી ધનનું વધારે બહાર જવું, લોકની તિરુ-ધોગી સ્થિતિ, અને વિદ્યાકલામાં પછાતપણું, એવાં કહી શકાય.

કોઈ પણ કાર્યની સામગ્રીમાં ભાવરૂપ તેમ અભાવ રૂપ સામગ્રી પણ ગણવી જોઇએ. અભાવરૂપ સામગ્રીમાં મુખ્યતો પ્રતિબંધકાભાવ છે. ચાક્ષુષપ્રમાનું કારણ સૂર્ય છે, પરંતુ તે પડદા વગેરેથી ઢંકાયલો હોય તો તે પ્રતિબંધને લીધે ચાક્ષુષપ્રમા પેદા નહિ કરી શકે. મનુષ્ય અંધ હોય તો પણ તેમનું તેમજ થશે. આવાં પ્રતિબંધક જો હોય જ નહિ તો કારણતા બતાવવામાં તે વિષે કાંઈ બોલવામાં આવતું નથી.

૬ નિયતસામગ્રીનો અધ્યાહાર કરવાથી દોષ ઉત્પન્ન થાય છે.

જ્યારે કોઈ પણ કારણ બતાવવામાં સુપ્રસિદ્ધ સામગ્રી ઉપરાંત કોઈ આવશ્ય, નિયત, સામગ્રીનો પણ અધ્યાહાર કરી લેવામાં આવે ત્યારે દોષ ઉત્પન્ન થાય છે. કોઈ સારી હવા વાળા સ્થાનમાં રહેવાથી પ્રકૃતિ સુધરે ત્યાં એકલી હવાને જ કારણ બતાવવી એ દોષ છે, કેમકે હવા પાણી ઇત્યાદિ આખી સ્થિતિથી પ્રકૃતિ સુધરી છે. આ વ્યાપ્તિ દોષ ઘણા સાધારણ છે અને વૈદ્યકશાસ્ત્રમાં તેમ નયશાસ્ત્રમાં અનેક દોષનું કારણ થઈ પડે છે.

વેગ સંધાનરૂપ કારણતા.

૭. અર્વાચીન સમયમાં જેને "વેગસંધાન" તો નિયમ કહીએ છીએ તેનાથી કારણતાના સ્વરૂપમાં ઘણો વધારો થઈ શક્યો છે.

વર્તમાન સમયમાં એક સમર્થ વ્યાપ્તિ નક્કી થઈ છે, જેને આધારે કારણતાનું અવલોકન કરતાં તેના સ્વરૂપનો સારો વિવેક સમજી શકાય છે. કારણ તો જ્યાં જ્યાં આવિર્ભાવ છે ત્યાં ત્યાં અમુકબલ, અમુકવેગ, ખર્ચાય છે, એ તો સિદ્ધ વાત છે. અને આ નિયમ એમ બતાવે છે કે એવો ખર્ચાયલો વેગ ક્યાં જાય છે, તેનું શું થાય છે, આવું બતાવવું એ ઘણીવાર કારણતાના પૂર્ણ વિવેચનની બરાબર થઈ રહે છે.

૮. વેગ, અથવા શક્તિ, અથવા વ્યાપાર, અથવા કાર્ય કર્તૃત્વ, એ અનેકરૂપે જણાય

છે, અને તે બધાંનો પરસ્પર વિનિયમ એક અસ્ખલિત નિયમાનુસાર થઈ શકે છે. એક પ્રકારના વેગના પ્રધ્વંસની સાથે જ અન્ય પ્રકારના વેગનો પ્રાદુર્ભાવ થાય છે, અને આવો વિનિમય થાય છે તેની વચમાં કાર્ય થયું કહેવાય છે, વેગનોતો કદાપિ નાશ થતોજ નથી.

(૧) વ્યાપારવત્ જડ તે બલ, વેગ, અથવા શક્તિનું પ્રત્યક્ષ દર્શન છે, એને સવ્યાપાર વેગ એવું નામ આપીએ. પરંતુ એવા વેગના પ્રકાર અનેક હોઈ શકે છે, જેમાંનો આપણને ઘણામાં ઘણો પરિચિત વેગપ્રકાર યાંત્રિક શક્તિનો છે. છતાં એમ માનવાને પૂર્ણ કારણ છે કે ઉષ્મા; પ્રકાશ, અને વિદ્યુત્ એ પણ જડ પરમાણુના વેગના તાર તમ્યના જ પ્રકાર છે.

સ્થિતિ ધારણ કરી રહેલું જે જડ તેમાં પણ વેગનું સામર્થ્ય નથી એમ નથી. એવા વેગને શક્તવેગ અથવા નિર્વ્યાપારશક્તિ કે કેવલ શક્તિ એજ નામ આપીએ.

(૨) જુદા જુદા વેગ કે શક્તિના પ્રકારનો વિનિયમ થઈ શકે છે. યાંત્રિક વેગનું ઉષ્મારૂપે રૂપાન્તર થાય, ને ઉષ્માનું પાછું યાંત્રિક વેગરૂપે થાય; વેગનો વિનિમય શક્તિરૂપે પણ થાય ને શક્તિનો વેગરૂપે પણ થાય.

(૩) આવા વિનિમયમાં કશાનો નાશ થતો નથી. જ્યાં વેગનો નાશ થઈ ગયો એમ આપણને બે વસ્તુના સંઘટ્ટથી ઉભયે સ્થિતિમાં આવી જાય તેવે સ્થાને, લાગે છે, ત્યાં પણ વેગને સ્થાને અમુક નિયમિત ઉષ્મા ઉપજે જ છે.

આપણે આખા વિશ્વના કોઈ એક ભાગને બાકીના વિશ્વથી ભિન્ન અને તે ભાગ વેગનો વિનિમય ન પામી શકે તેવો કલ્પીએ તો વેગસંધાનના નિયમનો અર્થ એ છે કે એવા એક ભાગમાં જતાં વેગ અને શક્તિનો સરવાળો કદાપિ વધતો ઘટતો નથી અને તેનો તેજ રહે છે. વિશ્વવ્યાપારને અંગે વેગ અને શક્તિ પરસ્પરના પ્રમાણમાં ન્યૂનાધિકતા થાય ખરી પણ તેમનો સરવાળો તો તેનો તેજ રહે છે.

વિશ્વમાં જેટલા જેટલા વ્યાપાર થાય છે, ઉષ્મા, રસાયનિક વિકાર, વિદ્યુત, શરીરના આંતર વ્યાપાર, પ્રકાશ, ઇત્યાદિના જે જે ફેરફાર થાય છે, યાંત્રિક શક્તિઓનાં જે જે કાર્ય થાય છે, તે બધાંમાં કારણ તો માત્ર વેગના વિનિમય રૂપે જ છે. કાર્ય છે તેતો વેગનો વિનિમય, એટલે કે શક્તિથી વેગ ને વેગથી શક્તિ એમ થઈ આવે તેની વચમાં જ સિદ્ધ થયાં જાય છે, એટલે જે કારણતા તે માત્ર આ વિનિમયમાં જ રહેલી છે. આવા વિનિમયના સર્વે પ્રકાર બતાવવા, તે એકથી બીજો વિનિમય થવાનાં કંઈ કંઈ સામગ્રી રહે છે તે સમજાવવું એ જ શાસ્ત્ર માત્રનો ઉદ્દેશ છે, એટલે વેગસંધાનના નિયમનું યથાર્થ અવલોકન તેજ કારણતાનાં પૃથક્કરણની બરાબર છે.

૮. વેગસંધાનના નિયમનો વિચાર કરતાં કારણતાનું આખું સ્વરૂપ નિર્ણીત થાય છે પણ સંયોજન રૂપ પરિણામ માત્રના ઘણાક પ્રસંગનો ખુલાસો થઈ શકતો નથી.

અમુક કાર્યકારિત્વની શક્તિના વિનિમયને જ આપણે કારણ કહેવા ઇચ્છતા હોઇએ તો, કારણતાનું સ્વરૂપ બતાવવામાં કશી કઠિનતા નથી; કેમકે વેગ અથવા શક્તિરૂપે સર્વત્ર કારણતાને સમજી શકવામાં બાધ નથી. પણ એવી રીતે વેગનો વિનિમય થાય તેને સહકારી જે જે સાધન હોય, તેની સામગ્રીની અમુક યોજના—સંયોજન—હોય, તે સમજવું ઘણું કઠિન છે.

યાંત્રિક સાધનોથી વેગનો જે વિનિયમ થાય છે તે તો સાદામાં સાદો સંયોજન પ્રકાર છે. એક ગતિમાન્ પદાર્થ બીજા પદાર્થને અથડાય, દડાને ગેડીથી સપાટો વાગતાં ગતિ મળે, ત્યાં આપણે ગેડી અને દડાનાં પરમાણુને જે વિકૃતિ થાય તે ઉમર લક્ષ આપ્યા વિના વેગનો અમુક વિનિમય થયો એમ જ ઉપર ઉપરથી માની લેઇએ છીએ.

ઉષ્મા અને રસાયનિક બલનો જે વિનિમય થાય છે, એક થકી બીજું ઉદ્ભવે છે, તેમાં જે સંયોજનની અપેક્ષા રહે છે તે તો સમજી શકાય એમ છે, પરંતુ એ વિનિમયના અંત્ય સ્વરૂપ અને સંયોજન વિષે તો કાંઇ જ જાણી શકાતું નથીજ. સંયોગ પામી શકે તેવાં બે તત્ત્વ—ઓક્ષીજન અને કારબનનો સંયોગ થતાં ઉષ્મા ઉપજે છે, પરંતુ તે ઉષ્માના ઉદ્ભવ માટેની સામગ્રી તેનું ખાસ સંયોજન સૂક્ષ્મ રીતે બતાવવું એ એક કલ્પના માત્ર જ છે. ઉષ્માને પાછી રસાયનિક બલરૂપ શક્તિ કરીને સ્થાપવી એ આથી પણ વધારે ગુંચવણ ભરેલી ક્રિયા છે.

વિદ્યુત્ અને તત્સંબંધી વ્યાપાર ઉપર વિચાર કરતાં સંયોજનની ગુંચવણ બહુ જ વધી પડે છે. વિદ્યુત્યુક્તાજડ એ એક નવો અને ખાસ સ્વતંત્રવાળો જ પ્રકાર છે, અને યાંત્રિકબલથી અથવા ઉષ્માથી એની ઉત્પત્તિ છે એવું છેવટ જતાં કહી શકાય છે, તથાપિ વચમાંની પ્રક્રિયાનો કશો ખુલાસો આપી શકાતો નથી.

જીવતશરીરમાં વેગના જે વિનિમયો થાય છે તેનો વિચાર કરવામાં સંયોજકની ગુંચવણ અનંતગુણ અધિક થાય છે. સાદામાં સાદી વાત—રસાયનિક સંયોગ અથવા જવલતવ્યાપાર થકી સજીવઉષ્મા—પ્રાણ—ની ઉત્પત્તિના ચમત્કારને, તેવા જ પણશરીર બહાર બનતા ચમત્કાર સાથે મેળવી જોતાં, ઘણું વૈષમ્ય સમજાય છે. બન્નેમાં સાધારણ કારણ તો ઓક્ષીજન—પ્રાણવાયુ—નો વ્યાપાર જ છે, પરંતુ શરીરગત ઉષ્મા પરત્વેના સંયોજનનો પ્રકાર કેવલ નિરાળો અને અત્યંત અજ્ઞાન છે.

૯. કારણતાના સ્વરૂપમાં ક્રમ કાર્યકારિત્વ બતાવવું જોઇએ એટલું જ નહિ, પણ તે કાર્યકારિત્વ થકી કાર્ય સંભવે તે માટે આવશ્યક એવા સંયોજનને પણ લેવું જોઇએ. આમ હોવાથી આ સંયોજનને જ કેટલીકવાર કારણ કહેવામાં આવે છે.

(આગળ ચાલુ.)

આત્મકથા.

(મળેલુ)

પ્રકરણ—૧.

અહ.

God hath endowed us with different faculties, suitable and proportional to different objects that engage them We discover sensible things by our senses, rational things by our reasons, things intellectual by understanding; but divine and celestial things he has reserved for the exercise of our faith, which is a kind of divine and superior sense in the soul

કયારે અને કઈ વખતે હુ પોતે પોતાને "હુ" કહેવા શિખ્યો અને શા માટે કહ્યું, તેની વિગતો મને યાદ નથી. પહેલવહેલા, મ્યાન રમકડાં, મારાં લુગડાં, મારૂ ખાવાનું ઇત્યાદિ અહસૂચક શબ્દોથી, હું જ્યારે સંસારમા અહત્વ ઘોષણા કરી રહ્યો હતો, ત્યારે તેનો મર્મોર્થ સમજતો નહતો અને હમણાં પણ સમજી શકતો નથી; પરંતુ તેના અસ્તિત્વનો સ્પષ્ટ રીતે અનુભવ કરૂં છું ખોરાક, પોશાક, રમકડા, ગાડી, ઘોડા, કુતરા, બીલાડી, પોપટ, ગાય, મા બાપ, દાદા દાદી વિગેરે, સમસ્ત જુદા જુદા પદાર્થ, પ્રાણીને માણસોને મારા મારા કહે તે કહેતે અને દરરોજ તેમને વિષે દરેક બાબતમા કહેતા સાંભળતા મમત્વનો આત્મબોધ ઉત્પન્ન થયો, ત્યાર પછી ઉમ્મર વધવા માથે જુદી જુદી અવસ્થાના સયોગથી આ અહજ્ઞાન જીંદગીના દરેક કામમાં ગુથાઈ ગયુ છે એક જ સ્વતત્ર મમત્વ જ્ઞાન તો હવે જીવનની પ્રત્યેક ઘટનાવળી (occurences) ના મૂલમાં જોઉં છુ.

પહેલવહેલા "હું" કે પહેલવહેલા "મારૂ" ? હુથી આગે બોધ કે મારાથી અહંજ્ઞાન, એના મૂલતત્વને પકડવુ બહુ જ કઠિન છે મારા કહેવાના વિશેષ વિશેષ પદાર્થો અને માણસો જો ન હોત, તો મમત્વનો સ્વતત્ર અનેક તૂત્વબોધ કઇ રીતે ઉત્પન્ન થાત, એ સમજણ પડતુ નથી મધ્યણી તરેહના જ્ઞાનનુ આદિ જ્ઞાન જ આત્મજ્ઞાન, એમ સિદ્ધ થાય છે. જે કઈ જોઉછુ, સાભળુ છું, અનુભવ કરૂં છુ તે સમસ્ત (only, nominal) અહંત્વની અદરથી જ. આ વિશાલ વિચિત્ર દૃશ્યમાન બ્રહ્માંડ, જો હુ પ્રથમ ન જન્મત તો, એના સૃજનારનું રહેવું કે ન રહેવું ઉભય જ મારા માટે એક સરખાં થાત. વસ્તુતઃ મને લક્ષને જ આ મધ્યણુ, હું શીવાય કશુંએ નથી, આ અહજ્ઞાન જ પરમેશ્વરના અસ્તિત્વનું અભ્રાંત અને પ્રથમ પ્રમાણ

પરતુ અહંત્વ કોનું ? અને તે કેવો પદાર્થ છે ? જે જગત્કર્તા જગત સ્વામિ, તેનું,

* લખનાર—એક સન્યાસી.

અથવા તો જીવોપાધિ રૂપ સ્વયંતે છે. સ્થિર ચિતે વિચાર કરવાથી, મારૂં કહેવાનો વાસ્તવિક કોઈ વિષયમાં અધિકાર છે કે નહિ, એ બાબતમાં શક ઉપજે છે. એની સ્વતંત્રતા કેવળ નામ માત્ર છે. (only nominal) ખરેખરા સ્વરૂપ પક્ષમાં જે બ્રહ્મ તેજ જીવ છે. અન્યાન્ય બાહ્ય વસ્તુઓને દૂર મૂકી, શરીરને વિષે જે કહેવામાં આવે છે કે, આ મારો હાથ, પગ, નાક, કાન જીભ, આંખ, મુખ, એનો અર્થ પણ કશો નથી. મારૂં શરીર શું મેં બનાવ્યું છે? શું તેની એકાદ ઇંચ વધ ઘટ મારાથી કરી શકાશે? ના, અથવા તો પુત્ર જ પિતાના સમસ્ત વૈભવનો અધિકારી છે. તે ગમે તેમ હો, પણ મમત્વજ્ઞાન તો એક અતિશય આશ્ચર્યમય જ્ઞાન છે. આ સ્વાધિનવ્યક્તિત્વબોધ, (Independent individual knowledge) ની અંદર જ મનુષ્યનું વિશેષ ગૌરવ, અને તેના ગૌરવથી પરમેશ્વરનાં મહત્વ તથા ગૌરવ પ્રકાશિત થયાં છે.

સર્વ શરીરમય વ્યાપી રહેલ આ અદૃશ્ય અહંને સહેલાઇથી પકડી શકાતું નથી. પ્રવૃત્તિના ઉત્તેજનમાં, બાહ્ય વસ્તુમાં, વિષયાશક્તિમાં, માયાના ઘેનમાં, કલ્પના પ્રવાહમાં, અને અત્યંત કામકાજમાં, તે એવું તો ફેલાઈ રહ્યું છે કે, તેને પકડવું અને ભૂતને જોવું સરખું જણાય છે. અહં ક્યાં રહે છે? દેહનાં સર્વ અવયવોમાં રહે છે અને વળી તેથી બહાર બહુ છેટે દૂર પણ રહે છે; તથાપિ કોઈ અમુક અંગમાં અથવા કોઈ અમુક દેશમાં તે રોકાયલું નથી. આ તો બહુ જ મઝાનું રહસ્ય! દેશકાલથી તે બંધાયલું નથી તો પણ છે. આત્માભિમાન (self respect) માં જો કદાચ જરાક ધક્કો લાગે, તો તરત સમસ્ત જીવન સ્ફીત અને તરંગિત થઈ પડે છે. અહંત્વની સોબતના ગુણથી આ દુર્ગન્ધમય જડ દેહ પણ આત્મવત થઈ પડયો છે. તે માટે શરીરને જ, સદા સર્વદા લોકો "હું" કહે છે. તે શિવાય હું કહેવાની અદૃશ્ય એક સ્વતંત્ર વસ્તુ જાણે કંઈ નથી. જડ તો જાણે ચૈતન્યને એકદમ ગળી ગયું છે. મનમાં થાય છે કે, મુખની આસપાસ અથવા મગજની અંદરએવી કોઈ જગ્યામાં તે રહે છે; કારણ કે, મુખમંડલમાં જેવો તેનો સ્પષ્ટ પ્રકાશ, તેવો બીજા કોઈ અંગ પ્રત્યંગમાં નથી. અંતઃકરણનો ભાવ (thought) ત્યાંથી જ નિકળે છે; એટલાં જ માટે તે જગ્યામાં વારંવાર નજર જાય છે. ચત્તા અથવા પડખે સુઈ રહીએ છીએ ત્યારે પીઠની તરફ અહંત્વજ્ઞાનનો કાંઈ પણ આભાસ થતો નથી; ફક્ત છાતી, મુખ, આંખ, નાક, કાન, કપાલ વીગેરે સામે તરફ જ (front side) તેનો વધારે આવિર્ભાવ જોઇએ છીએ. પરંતુ ત્યાં પણ તેને પકડી શકાતું નથી. શોધવાથી તે ધીમે ધીમે કોણ જાણે ક્યાં ખસી જાય છે. આગળ પાછળ, આજુ બાજુ સમસ્ત અંગપ્રત્યંગમાં તપાસી જુઓ, ક્યાં એ તે મળશે નહિ. સમસ્ત શરીરના સ્થૂલ અને સૂક્ષ્મ ભાગમાં તેની સ્થિતિ, કદાચ બે ચાર અંગ નષ્ટ થઈ જાય તો પણ તેનું અસ્તિત્વ સાબીત થાય છે. શરીરમાંના જે પ્રધાન યંત્રની ક્રીયા રોકાઈ જવાથી તે દેહેમાંથી નીકળી જાય છે, તેને જો અહંત્વની રહેવાની જગા કહેશો, તે પણ નિશ્ચય રૂપથી કશું સમજાતું નથી. હૃત્પિંડ અથવા ફેફસામાં કોઈ પણ શું તે પકડી શકયા છે? કોઇએ મગજના સફેદ પદાર્થની અન્દર તેને જોયું છે?

"હું" તો એક તરફ આવું સૂક્ષ્મ દેખાય છે, વળી બીજી તરફ જ્યારે હર્ષ વિષાદ,

અપમાન અભિમાન, ઈર્ષા ક્રોધ, લોભ અદેખાઈની પ્રબલ ઉસ્કેરણી ઉત્પન્ન થાય છે ત્યારે તે એવો તો ઉછાળો મારે છે કે, તેને પકડીને રાખી શકાતું નથી; ત્યારે તો પ્રવૃત્તિના પ્રબૂત પ્રભાવથી તે સૂક્ષ્મ અહંજ આ પ્રકાંડસ્થૂલશરીરને જાણે હજી વધારે સ્થૂલતર બનાવી તેને કુલ્લું જાય છે. તે સાથે વળી જો કદાચ વૈભવ શક્તિ અને પ્રભુત્વ સત્તાના સંયોગથી થાય તો, એક જ મનુષ્ય જીવન સમસ્ત મોટાં મોટાં શહેરોને હેરાન કરી નાખે છે. આ સમયે તે અતિશય સૂક્ષ્મ એક જ અહંત્વના અંદર જોઉં છું. કેટલી બુદ્ધિ શક્તિની લીલા, કેવા કેવા વિચિત્ર ભાવની લહેર, ઈચ્છા ઉસ્કેણીના કેવા તરેહ તરેહના અનિર્વાચ્ય ખેલ! જાણે મહા તોફાનથી સમુદ્ર તરંગ ઉછળી રહ્યાં છે. વળી બીજાં સમયે નદીની મંદમંદ જળધારાની માફક ગંભિર વિજ્ઞાન વિચાર (scientific reason) દાર્શનિક ચિંતા (philosophical thoughts) આશા કલ્પલા મંત્રણાનો સુંદર પ્રવાહ વહે છે. જ્ઞાને અજ્ઞાનમાં, ઈચ્છા અનિચ્છામાં, જાગ્રત સ્વપ્ન સુષુપ્તિમાં અહંત્વની બહુ વિધ ક્રિયા જોવામાં આવે છે.

ત્યારે વળી આ શરીર શું અને હું કોણ? એ બે જાતના બે સ્વતંત્ર પદાર્થ છે; તેમ છતાં પણ એકની સાથે બીજાનો એવો તો ઘનિષ્ટ દુઃછેદ્ય સંબંધ છે, કોઈ કોઈને છોડીને રહી શકતો નથી, એમ જ મનમાં થાય છે. સાકાર નિરાકાર, દેહ મન, જડ ચૈતન્ય તેમનાં આદિ મૂલતત્વ અને સંયોગી ક્રિયા અનંત રહસ્યથી ઢંકાઈ રહી છે. આપાતતઃ દૃષ્ટિથી ચૈતન્ય તો જડના જ સંયોગ ફલ તરીકે અનુમિત થાય છે; પરંતુ એ તો અનુમિત માત્ર જ, પ્રમાણિત નથી. જડ તો જાણે ચૈતન્યનાં છોડાં, તેનાં અંગનાં આવરણ (cover) સ્વરૂપ છે. વળી આ સ્થૂલ જડનો મહિમા કોણ સમજી શકે છે? કેટલી તરેહવાર તેની આકૃતિ પ્રકૃતિ (form and character) તેના સંયોગ વિયોગથી કેટલી બધી તરહનાં ઘટનાઘટન (phenomena) થઈ રહ્યાં છે! ધાતુ, પથ્થર, માટી, જળ, વાયુ, આકાશ (other) ઉત્તાપ (heat), જ્યોતિ (Light), વિદ્યુત (electricity) ચુમ્બક (magnetism) વીગેરે સ્થૂલ અને સૂક્ષ્મ જડની કેવી કેવી અજાએબ રમત લીલા!

(આગળ ચાલુ).

"ભારતિ" પત્રનાં તંત્રિણિને સ્વામિ શ્રી વિવેકાનંદે લખેલો પત્ર.

(મળેલું.)*

* * *

.....ઉદ્યોગપદ્ધતિસંબંધિ આપના પ્રશ્નના ઉત્તરમાં એક મુખ્ય વાત એ કહેવા માગું છું કે, ઇચ્છેલા ફલને માટે યોગ્ય પાયા ઉપર કામ શરૂ કરવું જોઇએ. ઉદાર દીલ સ્વદેશાભિમાન તેમ જ અસખલીત ખંતથી આપ ભૂષિત છો, એમ મારા મિત્રદ્વારા મેં સાંભળ્યું છે, તેવી જ આપની વિદ્વત્તા પણ સ્પષ્ટ જ છે. આ મહારી નજીવી જીંદગી યતિકીર્ત કરવા સમર્થ થઇ છે, તે જાણવાની આપની ઉત્કંઠા, એ મારા સારા ભાગ્યની નિઃસંશય નિશાની સમજું છું. આ ટુંકા પત્રથી તે યથાશક્તિ પરિતૃપ્ત કરવા પ્રયત્ન કરીશ, પરંતુ પ્રથમ હું મારા સંશોધિતસિદ્ધાંતો આપની વિચારતુલામાં મુકવા ઇચ્છું છું. આપણે સદાકાળથી ગૂલામગીરી જ ભોગવતા આવ્યા છીએ, એટલે હિંદુસ્થાનના વતનીઓને જે અન્તઃપ્રકાશ વારસામાં મળેલો છે, તે દર્શાવવાની તક તેમને મળતી જ નથી. ગયાં થોડાં સૈકાંની અંદર પશ્ચિમના લોકોએ સ્વતંત્રતાની સરણી ઉપર ઝપાટા બંધ ચલવા માંડયું છે. હિંદુસ્થાનમાં તો ઠેઠ અધમ વ્યવહારથી ભક્ષ્યાભક્ષ્યના નિર્ણય સુધી સઘળું રાજાના જ, અધિકારમાં હતું. પશ્ચિમમાં તેમ નથી. ત્યાં તો સઘળો અધિકાર લોકોએ પોતાના જ હાથમાં રાખ્યો છે.

સાંસર્ગિકવિષયમાં રાજાને કંઈ બોલવાનું છે જ નહિ એથી ઉલટું હિંદુસ્થાનના લોકોમાં હજુ સ્વાભિમાનનો અંશ પણ નથી, તો પછી આત્મનિષ્ઠાની તો વાત જ ક્યાં? જે સ્વાભિમાન વેદાન્તનું મૂલ છે, તેનો હજુ સુધી લેશ પણ ઉપયોગ આચરણમાં થયો હોય એમ જણાતું નથી. એજ કારણથી ઇપ્સિતાર્થનું પ્રથમ પૂર્ણ વિવેચન અને પછી તેને પાર પાડવાને સઘળા ઉપાયોના સંયોગની જે પાશ્ચાત્યરીતિ, તે આ દેશને હજુ પણ બીલકુલ કામની નથી; અને તેજ કારણથી પરસત્તા નીચે conservative (કોન્ઝર્વેટીવ) જણાઇએ છીએ. આ વાત જો ખરી હોય તો જાહેર વીવેચનથી કંઈ પણ મહત્કાર્ય કરવાનો પ્રયત્ન મિથ્યા જ છે. "જ્યાં શિર નથી ત્યાં શિરો રોગનો સંભવ જ નથી." "પ્રજા વર્ગ" એ છે જ ક્યાં? વિશેષમાં આપણે એટલી નબળી હાલતમાં છીએ કે, જો કોઈ પણ કામનું વિવેચન કરવા માંડયું તો તેમાં જ સઘળી શક્તિ ખપી જાય છે, અને પછી તે વિવેચનનો ઉપયોગ કરવાને તેના શેષનો લેષ પણ રહેતો નથી. મારા ધારવા પ્રમાણે એજ કારણને લીધે હમે બંગાળામાં ઘણી ખરી વખત "હાલી ચણો વાગે ઘણો" એ કહેવત ખરી પડતી જોઇએ છીએ. બીજું મેં કહ્યું છે તેમ હિંદુસ્થાનના ધનાઢ્ય લોકોની મને થોડીજ આશા છે. એ તો આપણા ઉગતા જુવાનીઆઓમાંજ છે અને તેમની જ પાછળ ધૈર્યથી, દૃઢતાથી, અને ધાંધળ શીવાય ઉદ્યોગ કરવો.

હવે તે ઉદ્યોગ વિશેઃ—જે દિવસથી કેલવણી અને સુધારો ધીમે ધીમે ઉત્તમ વર્ણો-

* પ્રબુદ્ધ ભારતને આધારે યોજનારઃ—રા. રા. કૃષ્ણ.

માંથી ઉતરેલી પ્રજાઓમાં કેલવણી ફેલાવા માંડી ત્યારથીજ પશ્ચિમીલોક દેશોમાં પ્રાચીન શિષ્ટાચારમાં અને હિંદુસ્થાન, ઇજીપ્ત, રોમ વિગેરેના અર્વાચિન શિષ્ટાચારમાં તફાવત પડયો. હું નજરો નજર જોઉં છું કે જે પ્રમાણમાં કેલવણી અને બુદ્ધિનો ફેલાવ સાધારણ લોકોમાં થાય છે, તે જ પ્રમાણમાં કોઈ પણ પ્રજા આગળ વધે છે. અભિમાન અને રાજ્ય સત્તાના દબાણથી દેશનાં કેલવણી અને જ્ઞાનને આંતરી રાખ્યાં, એ હિંદુસ્થાનની દુર્દશાઓમાંનું મુખ્ય છે. જો આપણે ઉન્નતિમાં આવવું હોય તો આપણે પણ તેમ જ કરવું પડશે, એટલે કે સાધારણ લોકોમાં કેલવણીનો ફેલાવ કરવો. ગત અર્ધા સૈકાથી સામાજીક સુધારાને માટે ઘણી જાહેર મળ થઈ રહી છે. હિંદુસ્થાનનાં જુદાં જુદાં સ્થળોમાં મુસાફરી કરતાં, ગયાં દશ વર્ષમાં સુધારાની નાની મોટી સભાઓથી દેશ ભરપુર થઈ રહ્યો છે એમ મને લાગ્યું. પરંતુ જેમના ખુનને અર્થે હાલના સદ્ગહસ્થ લોકો સદ્ગૃહસ્થની સ્થિતિએ પહોંચ્યા છે, અને હજુ તે જ સ્થિતિમાં નભી રહ્યા છે, તે વર્ગના ઉપયોગ માટે મથતો એક પણ સમાજ દૃષ્ટિએ પડતો નથી. મુસલમાન લોકો તેમના પોતાના કેટલા સીપાઇ લઈ આવ્યા હતા? ઇંગ્રેજ લોકોની સંખ્યા કેટલી છે? ખરેખર માત્ર છ રૂપીઆ માટે પોતાના ભાઈ ભાંડુનાં ગળાં રેંસવા તૈયાર થતા લાખો માણસો હિંદુસ્થાન શિવાય બીજે ક્યાંથી મળે એમ છે? સાતસે વર્ષના મુસલમાની રાજ્યમાં છ કરોડ મુસલમાનો અને સો વર્ષના ખ્રીસ્તી રાજ્યમાં વીસ લાખ ખ્રીસ્તિ લોકો શી રીતે થયા? આપણી સ્વતંત્ર કલ્પના છેક કેમ નાબુદ થઈ ગઈ? આપણા ચાલાક કારીગરો યુરોપીઅનો સામા શા કારણથી નથી ટકી શકતા અને ગુમ થતા જાય છે; અને વળી ઘણા કાલથી સુદૃઢ જામેલા ઇંગ્રેજ કારીગરોને જર્મન-કારીગરો કઈ શક્તિથી હંફાવી શક્યા?

કેલવણી, કેલવણી, એકલી કેલવણી જ.

યુરોપનાં જુદાં જુદાં શહેરોમાં થઈ મુસાફરી કરતાં લાંબા ગરીબ લોકોનાં કેલવણી અને સુખ જોઈ અહિંના ગરીબ લોકોની સ્થિતિ મને યાદ આવવાથી મને અશ્રુ આવતાં. તે એ લોકોમાં ભેદ શો છે? "કેલવણી" એ જ તેનો ઉત્તર છે.

કેલવણીથી સ્વાભિમાન અને સ્વાભિમાનથી તેમનો અન્તઃસ્થ બ્રહ્મ જાગ્રત થાય છે; જ્યારે આપણો બ્રહ્મ દિનપ્રતિદિન તંદ્રિત થાય છે. ન્યુયોર્કમાં નવા આઇરીશ સ્વસ્થાન વાસીઓ આવતા ત્યારે તે કેવા દેખાતા? પરતંત્રતાથી દબાઈ ગયેલા, નિરાશ, ભિખારી; અને બીલકુલ કમ અક્કલ; તેમની પુંજીમાં એક લાંકડી અને તેમે છેડે લટકાવેલી એક ચીંથરાની પોટલી; તેમની ભયચકીતદૃષ્ટિ અને પગલાંમાં ગભરાટ માલુમ પડતાં હતાં. છ મહીનામાં અજાયબ જેવો ફેર થઈ જાય છે; તે ટટ્ટાર ચાલે છે, અને પહેરવેશ બદલાઇ જાય છે. તેમની દૃષ્ટિ અને ગતિમાં ભય હવે બીલકુલ જણાતો નથી. તેનું કારણ શું? આપણો વેદાન્ત તેનો ખુલાસો એમ આપશે કે, તે આઇરીશમેન તેના દેશમાં તિરસ્કારથી ઘેરાયલો હતો. આખી બાહ્યપ્રકૃતિ એક અવાજે કહેતી કે; "પૅટ! તારે માટે કઈ પણ બાકી નથી. તું ગુલામની સ્થિતિમાં અવતર્યો છે અને જીવતા સુધી તેમ જ રહેવાનો." જન્મથી જ આવા સંસ્કારોમાં ઉછરવાથી પૅટ તે વાત ખરી માનતો અને પોતાની જાતને ખરેખર હલકી જ ગણતો અને તેમ થવાથી તેની અંદરનો બ્રહ્મનો અંશ સંકોચાઇ જતો.

અમેરીકામાં આવતાં જ તેણે ચારે પાસથી સાંભળ્યું કે, "પૅટ! તું પણ અમારા જેવો એક માણસ છે; માણસે જ સઘળું બનાવ્યું છે; મારા તારા જેવો માણસ તો ધારે તે કરી શકે; માટે હિંમત રાખ." દૃષ્ટિ ઉંચી કરી આજુ બાજુ જોતાં પૅટને માલૂમ પડ્યું કે વાત તો ખરી છે. એટલાથી જ તેના અંદરનો બ્રહ્મ જાગ્રત થતો. પ્રકૃતિ પોતે જ બોલતી "ઉઠ! જાગ્રત થા, ઇત્યાદિ." (ક ઠ-૧-૩-૪.)

તેમ જ વળી આપણાં બાલકોની કેલવણી ઘણી નિષિદ્ધ (negative) છે. બાલકને કંઈ પણ વિશેષ મળવાને બદલે, પોતાનું સર્વસ્વ ખુએ છે—અશ્રદ્ધા તેના પરિણામમાં મળે છે. જે શ્રદ્ધા વેદ અને વેદાન્તના આધાર રૂપ છે—જે શ્રદ્ધાએ યમને મોટા મોટા પ્રશ્ન કરવાની નચિકેતસને દૃઢતા આપી હતી અને જે શ્રદ્ધા વડે જ આ વિશ્વક્રમ ચાલી રહ્યો છે—તે જ શ્રદ્ધાનું નિકંદન! **अज्ञश्चाश्रद्दधानश्चसंशयात्माविनश्यति।** (ગી. ૪-૪૦) "અશ્રદ્ધાવાન અને અજ્ઞાનીઓની અવગતી જ થાય છે." તેજ કારણથી આપણે વિનાશની બહુજ પાસે આવી પહોંચીએ છીએ. હવે ઉપાય શો? કેલવણીનો ફેલાવ, એ જ પ્રથમ જોઇએ આત્મ જ્ઞાન.

આત્મજ્ઞાન એટલે સ્વાભાવિક રીતે, જટા, દંડ, કમંડલુ અને ગિરિગુહાનો જે વિચાર આવે છે તે નથી. દુનિયાના જડબંધનમાંથી મુક્ત કરનાર જ્ઞાનથી સાધારણ સુખશાન્તિ શું નો મળી શકે? ખરેખર મળે જ. વૈરાગ્ય, જીતેન્દ્રિયત્વ, અને સંન્યાસ એ ખરેખર મોટા વિચારો છે, પણ **स्वल्पमप्यस्यधर्मस्यत्रायतेमहतो भयात्।** (ગી-૨-૪૦) આ ધર્મનો સ્વલ્પ અંશ પણ (જન્મ મરણનો) મોટા ભયમાંથી મુક્ત કરવા શક્તિમાન થાય છે. દ્વૈત, વિશિષ્ટ દ્વૈત, શૈવ, વૈષ્ણવ, શાક્ત અને બુદ્ધ તથા જૈન મત જેવા, જે જે મત હિંદુસ્થાનમાં ઉત્પન્ન થાય છે, તે સઘળા મતવાળા આ બાબતમાં એક મત છે કે દરેક જીવાત્મામાં અતુલ સત્તા બીજ રૂપે રહેલી છે; કીડીથી તે મોટા મહાત્મા સુધી, દરેકમાં એક જ આત્મા વ્યાપી રહેલો છે, તફાવત ફક્ત પ્રદર્શન (manifestation) માં જ છે. બેહુત જેમ પાણીની નીકમાંથી અડચણો દૂર કરે છે તેમ તે શક્તિ અનુકૂળ દેશ કાલમાં લાગ ફાવતાં તરત જ બહાર આવે છે. એરશી તે તૃણ સુધી સર્વત્ર એજ શક્તિ પ્રસિદ્ધ અગર અપ્રસિદ્ધ રીતે રહેલી છે. ઘેર ઘેર ભટકીને તે શક્તિ આપણે જાગ્રત કરવી પડશે.

વળી આની જ સાથે કેલવણીનો પણ પ્રચાર કરવાનો છે. કહેવું તો ઘણું જ સહેલું છે પણ કરવું કેવી રીતે? આ દેશમાં એવા હજારો નિઃસ્વાર્થી દયાળુ માણસો છે, કે જેમણે પોતાનું સર્વસ્વ ત્યાગ કર્યું છે. જે રીતે તે લોકો મુસાફરી કરે છે અને ધર્મોપદેશ મફત આપે છે, તેજ રીતે તેમાંના ઓછામાં ઓછા અર્ધા આવા શિક્ષકો થઈ શકે. આ કામને માટે દરેક કેલાકાની રાજધાનીમાં એક એક Centre (મૂખ્યાલય) જોઇએ, જ્યાંથી આખા હિંદુસ્થાનમાં ધીમે ધીમે પહોંચી શકાય. થોડા જ કાલમાં એક મદ્રાસ અને એક કલકત્તામાં એવાં બે આલયો સ્થપાયાં છે, અને જલદીથી બીજાં વિશેષ થશે, એવી આશા છે. ઘણા ભાગની કેલવણી ગરીબ લોકોને મોંઢેથી જ આપવી પડશે, કારણ કે નિશાળો સ્થાપવાનો હજુ વખત નથી આવ્યો. ધીમે ધીમે આ મુખ્ય આલયોમાં ખેતી, ઉદ્યોગ વિગેરે

મને કહેવાને આનંદ થાય છે કે, તે દ્વારા દુઃખનો સદા માટે અંત લાવી શકાશે; વળી એવો પણ એક માર્ગ છે કે જે દ્વારા, રોગ, દારિદ્ર્ય, અથવા કોઈ દુઃખદાયક સ્થિતિ વા બનાવ, કદાપિ ઉદ્ભવ ના પામે એવી રીતે સદા માટે દૂર કરી શકાશે; એવી પણ એક રીતિ છે કે જે દ્વારા શાશ્વત સમૃદ્ધિ પામી શકાય છે, અને તે પણ દુઃખના પુનરાગમનની સમગ્ર ભીતિ રહિત; વળી એક એવો અભ્યાસ માર્ગ છે જે દ્વારા અત્રુટિત અને અનંત શાંતિ તથા સુખના સહભાગી થવાય છે અને અનુભવાય છે.

કોઈ પણ શાશ્વત સુખશાંતિનો માર્ગ તો હોવો જ જોઇએ. સુખ એ, મોહક કલ્પનાઓમાં તણાતે તણાતે—તે જીવાત્મા કંટાળી જાય છે, સુખશાંતિ માટે અનેક ફાંફાં મારે છે. પરંતુ આખરે એ સર્વ કલ્પનાઓમાં તથા તેમની પાછળ વૃથા ભટકવામાં, લેશ પણ સુખ શાંતિનો ઉદય થતો નથી એવું તેને સ્પષ્ટ પ્રતીત થાય છે. આવો માર્ગ, આ સર્વમાંથી બચવાનો, કોઇ પણ હશે કે નહિ, એમ શંકા પણ ઉપસ્થિત થાય છે. આખરે સત્ય વિચાર દ્વારા જીવાત્મા જાગ્રત થાય છે, અને તેને ભાન થવા માંડે છે કે, એ માર્ગ તો હોવો જ જોઇએ. અંતે સમગ્ર બહિર્પ્રદર્શનોથી કંટાળી તે તેને અનુસરવા તૈયાર થાય છે, અને તેને સ્પષ્ટ રીતે માલૂમ પડે છે કેઃ—

આવા સર્વાનંદકર અનુભવના માર્ગના પ્રારંભનો સમાવેશ, **દુઃખની પ્રકૃતિના યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિમાં,** થાય છે. દુઃખ શું છે? તેની પ્રકૃતિ શી છે? ઇત્યાદિ જો યથાર્થ રીતે સમજાય તો સર્વ સુગમ થઈ પડે. આમ સમજીને સર્વ કાર્ય કરવામાં આવે તો, દુનિયાનો કંઈ ઓરજ રંગ જામે. સર્વત્ર સુખ શાન્તિ પસરી રહે, દુઃખનો તો ગંધ પણ ન રહે, અરે આ દુનિયા સ્વર્ગ તુલ્ય થઇ રહે.

દુનિયાને આવી બનાવી તેમાં પોતાની સ્વર્ગની ભાવના અનુસાર, આનંદ ભોગવવાની સર્વને વૃત્તિ હોય છે, પરંતુ શાંત અવલોકન વિના આ સંભવી શકવું અસંભવિત છે. પાપ અથવા દુઃખનો, નકાર ભણવો વા સ્વીકાર ન કરવો, એટલું જ સંપૂર્ણ નથી આમ પોતાનામાં પેદા થતા અવિશ્વાસદ્વારા, દુઃખ વા પાપને દૂર કરવા પ્રભુની પ્રાર્થના કરવી, એથી પણ કંઈ થતું નથી; મનુષ્ય આંતર સાધનોનો ત્યાગ કરી બહિરમાં ગોથાં ખાધાં કરે છે, ત્યાં સુખ શાન્તિનો ઉદય થઈ શકતો નથી; એ પાપ અથવા દુઃખ શા માટે આવી પડયું છે તે શોધવાની જરૂર છે. તથા તે તેમને શો ઉપદેશ આપવા આવ્યું છે, એ પણ જાણવાનું છે. સાંકળોના બંધનોમાં તમે સંકળાયા છો, તેના સામે દાંતીયાં કરવાથી, ચીઢીયા થવાથી, વાં ગુસ્સે થવાથી, કંઈ પણ વળવાનું નથી; શા માટે અને કેવી રીતે તમે બંધાયા છો, એ જાણવાની જરૂર છે. પોતાની આસપાસ બંધન છે, એમ જાણવું તથા પોતાના દોષ જોવાવાનો પ્રારંભ થવો, એ આરંભક પગથીયું છે. તે માટે વાચક! તમારે તમારી જાતની બહાર નીકળી જઇને, તમારી જાતને તપાસવાની અને સમજવાની જરૂર છે. અનુભવશાલામાં એક અનાધીન બાલકની સમાન તમારે થવાનું નથી, પરંતુ તમારાં

ઉન્નતિ અને અંતીમ સંપૂર્ણતા માટે યોજાયલા ઉપદેશો, નમ્રતા અને ધીરજથી તમારે શિખવાનો પ્રારંભ કરવાનો છે; કારણ કે પાપ અથવા અશ્રેય, જ્યારે બરોબર સમજવામાં આવે છે ત્યારે તે વિશ્વમાં વ્યાપી રહેલા અનહદ તત્વ વા શક્તિરૂપે માલૂમ પડતું નથી, પરંતુ જેઓ ઉપદેશ ગ્રહણ કરવાને ખુશી છે તેમને તો તે તેટલા માટે એક ઉપદેશ વા ગુરૂરૂપે થઈ પડે છે. તમારી બહાર અસ્તિત્વધરાવતારૂપે પાપ ભાવ વાચક કંઇક નથી; તેતો તમારા પોતાના અંતઃકરણનો એક અનુભવ છે, અને ધીમેધીમે તમારા આંતરૂને તપાસીને સુધારવા દ્વારા, તમે ક્રમે ક્રમે પાપની પ્રકૃતિ અને મૂલનો શોધ કરી શકશો, અને આના પરિણામ રૂપે અવશ્ય કરીને તેનો નાશ થશે.

સર્વપાપ સુધારીશકાયએવું, ઉપાય થઈ શકે એવું છે, માટે તે ચિરસ્થાયિ નથી. તેનું મૂલ અજ્ઞાનમાં છે, પદાર્થોની યથાર્થપ્રકૃતિ અને સંબંધનું અજ્ઞાન, અને જ્યાં સુધી આપણે આ અજ્ઞાનની સ્થિતિમાં રહીએ છીએ ત્યાં સુધી આપણે પાપ, અશ્રેય, દુઃખને, અધીન રહેવું પડે છે. દુનિયામાં એવું કંઈ પણ પાપ નથી કે જે અજ્ઞાનનું પરિણામ ન હોય, અને જો તેનો ઉપદેશ ગ્રહણકરવાને ઇચ્છાવાળા તથા તૈયાર હોઇએ તો, આપણને ઉચ્ચ જ્ઞાન તરફ પ્રેરી પછીથી દૂર થવા વિના રહે, એવું તે નથી. પરંતુ મનુષ્યો દુઃખમાં ગોથાં માર્યા કરે છે, અને તે પણ દૂર થતું નથી, કારણ કે, ઉપદેશ તે તેમને આપવા આવ્યું હોય છે, તે ગ્રહણ કરવાને મનુષ્યો ખુશી અથવા તૈયાર નથી. મનુષ્યોને અમુક અમુક કાર્યો કરવાની ટેવ પડી ગઈ હોય છે, અને કોઈ અનિવાર્ય બાધને લીધે તેમને તે કાર્યોમાંથી અટકવું પડે છે, તથા તે માટે તેઓ બૂમો પાડયાં કરે છે. મને એક દૃષ્ટાંત યાદ આવે છે કે, એક બાલક દરરોજ સુઈજતા પૂર્વે દીવા સાથે રમવા માટે તેની મા સાથે કકળાટ કરતું; અને એક દિવસે, તેની મા દૂર હતી ત્યારે તેણે તે દીપનું ગ્રહણ કર્યું; અનિવાર્ય પરિણામ પણ થયું, અને બાલકને દીપ સાથે રમવાની કદાપિ ઇચ્છા થઈ નહિ. એક તેના મૂર્ખતા ભરેલા કૃત્યથી તે શિખ્યું, અને અધીનતાનો ઉપદેશ સંપૂર્ણ રીતે ગ્રહણ કર્યો, તથા જ્ઞાન પામ્યું કે અગ્નિ, દાહ કર્મ કરે છે. સમગ્ર પાપ દુઃખનાં પ્રકૃતિ, અર્થ અને અંતીમ પરિણામ રૂપે, આ એક બનાવ સંપૂર્ણ દૃષ્ટાંત છે. જેમ બાલક અગ્નિની યથાર્થપ્રકૃતિના પોતાના અજ્ઞાનને લીધે દુઃખ પામ્યું, તેમ મોટાં મનુષ્યો પણ જે પદાર્થો મેળવાને રઝકુટ કરે છે તથા માથાફોડ કર્યા કરે છે, તથા જે પ્રાપ્ત થતાં તેમને દુઃખ કરે છે તેની યથોર્થ પ્રકૃતિના અજ્ઞાનને લીધે દુઃખ ભોગવે છે, ઉભય વચ્ચે માત્ર તફાવત એટલો જ કે, મોટાં મનુષ્યોના સંબંધમાં, અજ્ઞાન અને પાપ ઘણાંજ ગર્ભિત તેમ જ ઉંડાં મૂલ ઘાલી બેઠાં હોયછે.

પાપને સ્યામવર્ણથી તેમ જ પૂણ્યને શ્વેતવર્ણથી રૂપકોમાં વર્ણવવામાં આવે છે, અને આ ઉભયના મધ્યમાં સંપૂર્ણ યથાર્થતાના ખુલાસાનો સમાવેશ થાય છે. કારણ કે જેમ, વિશ્વમાં તો સદા પ્રકાશનું પૂર ઉભરાઈ જાય છે, અને અંધકાર તો માત્ર, અનહદ પ્રકાશનાં કીરણો વચ્ચે આવતા નાના પદાર્થના પડછાયાનો માત્ર એક ડાઘ જ છે, તેમ પરમશ્રેયનો પ્રકાશ વિશ્વમાં ઉભરાઈ જતી પ્રબલ અને જીવન-પ્રદ શક્તિ છે, અને પાપ, દુઃખતો પ્રકાશ કર્તા કીરણો કે જે પ્રવેશવાનો પ્રયત્ન કરે છે, તેમને દૂર રાખતો તથા વચ્ચે આવતો કંઈ પણ વિસ્તાર વિનાનો સ્વનો ("self") પડછાયોજ છે. જ્યારે અભેદ્ય સ્યામ આવરણમાં

રાત્રી દુનિયાને છાઈ લેછે, ગમે તેટલું ગાઢ તમ હોય તો પણ તે તો માત્ર આપણા ગ્રહનો માત્ર અર્ધ ભાગ જ વિંટી લેછે, અને સમગ્ર વિશ્વતો જીવતા પ્રકાશવડે પ્રકાશિત હોયછે, તથા દરેક જીવાત્મા જાણે છે કે, તેઓ પ્રભાતમાં પ્રકાશમાં ઉઠશે. જ્યારે તમારા ઉપર શોક, દુઃખ, અથવા પ્રતિકૂલ વિધિ રૂપી રાત્રી તમારા જીવાત્માને છાઇ લે છે, તથા તમે કંટાળા ભરેલાં અને અનિશ્ચિત પગલાંથી ગબડવા માંડો છો, તથા આવી રીતે તમારી વચ્ચે અને સુખ અને આનંદના અનહદ પ્રકાશ વચ્ચે, તમારી જાતિય ઇચ્છાઓનો વિરોધ પેદા કરોછો, ત્યારે એટલું યાદ રાખજો કે, તમને છાઇ લેતો સ્યામ પંડછાયો, બીજા કોઇથી નહિં પરંતુ તમે તમારી જાતે જ ખાડો કરેલો હોય છે. અને જેમ બહિરૂનું અંધકાર એક માત્ર અભાવવાચક છાયા છે, કે જે કોઇપણ જગોએથી આવતું નથી, કોઇ સ્થાને જતું નથી, તેમ જ તેનું નિવાસસ્થાન નથી, તેમ આંતરૂનો અંધકાર પણ સદશરીતે એક અભાવાત્મક છાયા છે, અને તે ઉન્નતિપામતા તથા પ્રકાશથી જન્મેલા જીવાત્મા ઉપરથી પસાર થાય છે.

મારા ધારવા પ્રમાણે કેટલાક એમ કહેશે કે, "પરંતુ પાપના અંધકારમાંથી જરા પણ પસાર થવાની શી જરૂર ?" કારણ કે અજ્ઞાનદ્વારા તમે તેમ કરવાનું પસંદ કર્યું છે, અને કારણ કે તેમ વર્તવાદ્વારાજ તમે સુખદુઃખ, પાપપૂણ્ય, ઉભય સમજી શકો, અને અંધકારમાંથી પસાર થવાને લીધે પ્રકાશની વિશેષ કીંમત કરી શકો. જેમ પાપ અજ્ઞાનનું પરોક્ષ પરિણામ છે, તેમ જ્યારે પાપવા દુઃખના ઉપદેશો સંપૂર્ણ ગ્રહણ કરવામાં આવે છે ત્યારે, અજ્ઞાન દૂર પળે છે, અને જ્ઞાન તેનું સ્થાન રોકે છે. પરંતુ જેમ એક આજ્ઞાનુસાર ન વર્તનાર બાલક, નિશાલમાં પોતાના પાઠ ભણવાની ના પાડે છે, તેમ અનુભવના ઉપદેશો શિખાવાની ના પડાવી સંભવિત છે, અને આ પ્રમાણે સતત અંધકારમાં રહેવામાં આવે છે, તથા રોગ, નિરાશા, શોકરૂપે વખતો વખત સદા થયાં કરતી શિક્ષાઓ સહન કરવી પડે છે. માટે પોતાની આસપાસ વિંટાઇ વળેલા દુઃખમાંથી જેની છૂટા થવાની ઇચ્છા હોય તેને, શિખવા માટે તૈયાર તથા ઉત્સુક રહેવાનું છે, તથા આરંભક માર્ગ કે જેના વિના જ્ઞાનનો એક અંશ, અથવા સદાસ્થાયિ સુખ તથા શાન્તિ પ્રાપ્ત થઈ શકતાં નથી, તેને અનુસરવાને તૈયાર થવાનું છે.

મનુષ્ય જ્યાં સુધી પોતા કરતાં અન્યનાં દુઃખનાં કારણો શોધવા મંડ્યો રહે છે, ત્યાં સુધી દુઃખનો અંત કદાપિ આવવાનો નથી. જે જે સ્થિતિ આવી પડી છે તે આપણી જાતેજ પ્રાપ્ત કરેલી હોય છે, અને તેને આપણી જાત વિના ત્રિભુવનમાં પણ સુધારનાર અન્ય કોઇ ભાગ્યે જ પ્રાપ્ત થશે. મોડા અથવા વહેલા આ સુધરવાનો પ્રયત્ન આપણી જાતેજ કરવો પડવાનો છે, તો આજથી જ થોડું થોડું વિચારી તે માર્ગે પળાય તો કેવું ઉત્તમ તથા શ્રેયસ્કર છે, એ સહેજ સર્વ વિચારી શકશે.

विघ्नैः पुनः पुनरपिप्रतिहन्यमानाः प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति

આવા ઉત્તમ પુરૂષો થવા તરફ સર્વ પ્રયત્નો દોરવાવાની જરૂર છે.

અમુક મનુષ્ય એક અંધારા ઓરડામાં પૂરાઇ રહે, અને પ્રકાશ અસ્તિત્વમાં છે, એ વાત ન સ્વીકારે, તો પણ તે તો બહાર સર્વત્ર હોય છે, અને અંધકાર તો માત્ર તેના નાના ઓરડામાં જ હોય છે. તેમ તમે સત્યના પ્રકાશને દૂર રાખો અથવા તમારી આસપાસ બાંધેલી ભુલ ભરેલા વિચારોની, સ્વ-શોધનની તથા ભુલની દીવાલો તોડી પાડવાનું શરૂ કરો અને આ પ્રમાણે કીર્તિવંત અને સદાવર્તમાન પ્રકાશને અંદર આવવા દો.

ઉત્સુકતા પૂર્વક સ્વાત્મ—શોધનદ્વારા, આટલું અનુભવવાનો પ્રયત્ન કરો, અને માત્ર વાદરૂપે ગ્રહણ ન કરો કે, પાપ, દુઃખ, એ ક્ષણિક દેખાવ છે, તથા સ્વ-નિર્મિત છાયા છે; તમારાં સર્વ દુઃખો, શોક તથા દુર્ભાગ્ય તમારી પાસે અનિવાર્ય અને સર્વ રીતે સંપૂર્ણ નિયમદ્વારા, આવી પડયાં છે; તમારી પાસે આવ્યાં છે, કારણ કે તમે તેને યોગ્ય છો તમારે તેમની જરૂર છે, અને પ્રથમ તેમને સહન કરવાથી તથા પછીથી તેમને સમજવાથી, તમે વિશેષ બલવાન્, ડાહ્યા તથા ચારિત્રવાન નિવડો. જ્યારે તમે આનો સંપૂર્ણ અનુભવ કરી શકશો, ત્યારે તમે તમારા વિવિધ બનાવોને સુધારી શકો એવી સ્થિતિમાં આવી શકશો, સર્વ અશ્રેયને શ્રેયમાં ફેરવી શકશો તથા તમારા ભાવિનું વસ્ત્ર ઉસ્તાદની માફક વણવાને શક્તિવાન્ થશો.

(આગળ ચાલુ.)

ઉપતંત્રી.

શ્રી કૃષ્ણ.

(અનુસંધાન ૧૬૦ થી.)

હવે આપણે પ્રેમીઓના મેળાપ વિશે વાત કરીએ. શ્રી કૃષ્ણે દર્શાવેલો આદરસત્કાર જેટલી કલ્પના થઈ શકે તેટલો ઘણોગાર હતો. તેના શબ્દોમાં જ્યારે તેઓ પોતાની જાતનું તેને સમર્પણ કરવા આવીઓ ત્યારે, રાગને લીધે પેદા થતી અધીરાઇની લેશ પણ નિશાની તેમાં નથી. અથવા પ્રમદાઓ પ્રતિ રાગસહિત અધીનતા પ્રતીત થતી નથી. પરંતુ આથી ઉલટીજ રીતે આપણે તો તેને એવું કહેતો સાંભળીએ છીએ કે, "હે.....કુમારિકાઓ સત્વર તમે વ્રજમાં પાછી ફરો, જાઓ અને તમારા પતિઓની શેવામાં તત્પર રહો, તમારાં બાલકો વાટ જુએ છે, તેમને સ્તન્યપાન કરાવો, અને ગોદોહન કાર્યમાં પ્રવૃત્ત થાઓ." જરા પણ શંકા વિના આવી જાતનો વિરાગ માત્ર બહારનો જ હોય એમ લાગે છે, પરંતુ પછીથી જ તે ઉત્સુક થાય છે અને પ્રશ્ન કરે છે કે "અથવા એમ પણ ભલે હો, કે તમે મારે માટે જે પ્રેમ ધરાવો છો તેને લીધે તથા મારાથી તમારાં અંતઃકરણ બાંધી લેવાથી, આ સ્થળે તમે સર્વ એકઠાં થયાં છો. ખરેખર આ યોગ્ય છે. કારણ કે સર્વ પ્રાણિયો મારાવડે આનંદિત થાય છે." ૧૦-૨૯-૨૩.

अथवामदभिस्नेहाद्भवतो यन्त्रिताशयाः ।
आगताह्युपपन्नंवः प्रीयन्ते मयिजन्तवः ॥ २३ ॥

"સર્વ જંતુઓ મારામાં આનંદ પામે છે." આ અંતીમ વાક્યમાં ગૂઢ અર્થનો સમાવેશ થાય છે—સર્વ પ્રાણિયો તેના વડે આનંદ પામે છે એનું કારણ એમ છે કે, તે સર્વનો આત્મા છે, અને તેટલા માટે તે તેમને અત્યંત પ્રીય છે.

આ વાતનો ઇસારો કરતાં કરતાં પણ, તે તમને સામાજીક ધર્મોનું સૂચન આપવા ચૂક્યો નથી. ૧૦-૨૯-૨૫, ૨૬, ૨૭.

दुःशीलोदुर्भगो वृद्धोजडोरोग्य धनोऽपिवा ।
पतिः स्त्रीभिर्न हातव्यो लोकेप्सुभिरपातकी ॥ २५ ॥
अस्वर्ग्यमयशस्यंच फल्गु कृच्छं भयावहं ।
जुगुप्सितंच सर्वत्र औपपत्यं कुलस्त्रियाः ॥ २६ ॥
श्रवणाद्दर्शनाद्ध्या नान्मयिभावोनु कीर्तनात् ॥
नतथासंनिकर्षेण प्रतियात ततो गृहान् ॥ २७ ॥

"સ્ત્રીઓના શ્રેષ્ઠ ધર્મો એવા છે કે, તેમણે શુદ્ધ અંતઃકરણથી પતિયોની શેવા કરવી જોઇએ, તેમના મિત્રો તથા પતિના શ્રેય પ્રતિદૃષ્ટિ રાખવી જોઇએ, તથા તેમનાં બાલકોને પાલવાં પોષવાં જોઇએ. મરણ પછી જે લોકમાં તેમના પતિઓ જાય છે, તે લોકમાં જવાની ઇચ્છા હોય તેમણે તેઓ ગમે તો ખરાબ ચારિત્રવાળા, અભાગીયા, વૃદ્ધ, જડ, માંદા, અથવા ગરિબ હોય તોપણ જો તેઓ પાપાચરણ ન કરતા હોય તો, તેમનો ત્યાગ કરવાનો નથી. પરણેલી સ્ત્રીઓથી ચલાવાતી વેશ્યાવૃત્તિ નિંદ્ય તથા ભયોત્પાદક છે અને તેથી દુઃખ તથા અપકીર્તિ થાય છે, તથા સ્વર્ગ પ્રાપ્તિમાં પણ બાધરૂપ છે. માટે તેતો સર્વ પાસાથી નિંદ્યજ ગણાવું જોઇએ. મારાં કાર્યોનાં વર્ણન સાંભળવાથી, મારાં દર્શનથી તથા મારા ધ્યાનથી, મનને મારા તરફ ઘણી સહેલથી લગાડી શકાશે. પરંતુ તે (મન) મારી પાસેજ રહેવાથીજ એટલી સહેલાઇથી મારા પ્રતિ વળી શકવાનું નથી. માટે તમે સર્વે પોતપોતાના ગૃહપ્રતિ ચાલી જાઓ."

અત્રે "વેશ્યાવૃત્તિ" શબ્દ વાપરવામાં આવ્યો છે, તે કંઈ તેના સામાન્ય અર્થમાં વપરાયો નથી, પરંતુ હિંદુઓના નીતિધર્મના નિયમઅનુસાર વાપરવામાં આવ્યો છે. સરખાવો નિચે આગળ ઉપર અવતરાયલા મનુના અધ્યાય-૮ ના શ્લોક—૩૫૬-૩૫૭.

આથી કૃષ્ણના મનનું વલણ સ્પષ્ટ થાય છે; તથા સાથે સાથેજ પોતે પોતાની જાતનેજ સર્વ સામાન્ય પ્રેમના પદાર્થરૂપે દર્શાવે છે, અને દર્શાવે છે કે એ પ્રેમ કેટલા માર્ગોથી ઉત્પન્ન થઇ શકે છે, એટલે, તેના ચરિત્રવર્ણનનું શ્રવણ કરવાથી, તેના દર્શનથી, તથા તેના ધ્યાનથી, પરંતુ તે તેમને એટલું સૂચવવાનું ચુકતો નથી કે, એ પ્રેમ સ્થૂલનિકટતાથી થઇ શકતો નથી. આધ્યાત્મિક સંબંધની સ્થાપના માટે માત્ર સ્થૂલ રાગની અશક્તિ આથી એક વખત અને સદા માટે સિદ્ધ થાય છે, અને જેઓ પોતાના ઇષ્ટ દેવ અથવા ગુરૂના

સંબંધમાં પણ માત્ર સ્થૂલ રાગથી જ દોરવાતા હોય તેમણે આમાંથી સાવચેત થવાનું છે. આવાજ કારણથી શ્લોક ૧૦-૨૯-૧૧ માં એમ વર્ણવવામાં આવ્યું છે કે, તેની પાસે મળવા જવામાંથી જેમને રોકી રાખવામાં આવી હતી તેમણે તેનું ધ્યાન ધર્યું તથા પોતાનાં ગુણમય શરીરોનો ત્યાગ કર્યો—અને જીવન્મુક્ત દશાને પામી, તથા જેઓ તેને મળવાને સ્થૂલશરીરથી આવી હતી, તેમને તે કાર્ય સાધેનાં સર્વ દુષણો ખમવાં પડ્યાં હતાં, જેનું વર્ણન ઉપરની સાવચેતીમાં શ્રીકૃષ્ણે જ આપ્યું છે.

હવે ઉપરના શ્લોક (૧૦-૨૯-૨૬) માં વપરાયલા "उपपत्यम्" શબ્દ કે જે ગોપીઓના સંબંધમાં વાપરવામાં આવ્યો છે, તે વિષે બે શબ્દ બોલવાની જરૂર છે. સાધારણ રીતે તથા ખરાબ રીતે આ શબ્દનો અર્થ એમ લાગે છે કે, "कुलस्त्रीयः" પરણેલી સ્ત્રીઓથી કરાતી વેશ્યાવૃત્તિ, પરંતુ સૂક્ષ્મ રીતે જોતાં તથા અક્ષરશઃ અર્થ કરવાથી એનો અર્થ એમ થાય છે કે, એવા પતિ સાથે સંબંધમાં આવવું કે જેથી સામાજીકબંધનો, નિયમોનો ભંગ થાય. આનો અર્થ ગમે તો ન્યાયવિરૂદ્ધનો સંબંધ, એમ થાય, અથવા ઘણું ખરૂં એમ અર્થ સંભવે કે, સમાજમાં પ્રવર્તતા ચારિત્રનિયમોની ઉપેક્ષા; અને આપણ તેમના પુરૂષવર્ગ સાથેના સંબંધથી સ્પષ્ટ થાય છે. આધુનિક શિષ્ટ દુનિયામાં તો, પોતાનો પતિ ન હોય એવા અન્ય સાથે નાચવું અનીતિ ભરેલું ગણાતું નથી, પરંતુ હિંદુઓને તો આવું એક કાર્ય ઠપકા ભરેલું લાગે છે. જુઓ મનુ—૯-૧૩.

पानंदुर्जन संसर्गः पत्याचांविरहोऽटनम् ।
स्वप्नाऽन्यगेहवासश्च नारी संदूषणानिषट् ॥ १३ ॥

(દારૂ) પાન કરવાથી, શકિત ચારિત્રવાળા પુરૂષો સાથે સંબંધમાં આવવાથી, પતિના વિરહ-વિયોગથી, અત્રતત્ર ભટકવાથી, અવેળાએ નિદ્રા લેવાથી, તથા અન્યના ગેહમાં વાસ કરવાથી, સ્ત્રી, વ્યભિચાર નામના પાપથી દૂષિત થઇ શકે. એમ પણ કહેવામાં આવે છે કે, શરમ વિનાની સ્ત્રીઓ માટે સદ્‌ગુણ તદ્દન નકામો છે. મારા ધારવા પ્રમાણે "उपपत्य" શબ્દ વાપરીને શ્રીકૃષ્ણે પણ આવું ગર્હ્ય ચારિત્ર દર્શાવવાનો ઉદ્દેશ રાખ્યો હશે, તથા નીચેનો પ્રશ્ન પૂછતાં રાજા પરિક્ષિતના મનમાં પણ એવોને એવો જ વીચાર હશે એમ જણાય છે:—જે ધર્મના સંસ્થાપનાર્થે અવતરી આવ્યો હતો, જે ધર્મ પ્રતિદોરનાર માર્ગોનો નિયામક તથા રક્ષક થવાનો હતો, તેણે અન્યની પત્નીઓ સાથે નકામો વ્યવહાર રાખીને વિરૂદ્ધ વર્તન આચર્યું, એનો શો ખુલાસો થઇ શકે એમ છે? આમાં શો હેતુ હતો? જુઓ ૧૦-૩૩-૨૮, ૨૯.

सकथं धर्म्मसेतूनांवक्ताकर्त्ताऽभिरक्षिता ।
प्रतीपमाचरद् ब्रह्मन्परदाराभिमर्शनम् ॥ २८ ॥
आप्तकामो यदुपतिः कृतवान्वै जुगुप्सितम् ।
किमभिप्रायएतंनः संशयं छिन्धि सुव्रत ॥ २९ ॥

આ ઉપરના વિષે આપણે થોડોક વીચાર કરીએ તો સ્પષ્ટ થશે કે, એક કે જે ઉચ્ચ જીવનનો શ્રેષ્ઠ દાખલો બેસાડવાનો હતો, તેને ગોપીઓ સાથે વર્તવાને લીધે સામાજીક ચારિત્ર તથા નીતિ નિયમોનો લેશ પણ ભંગ થયો હોય, એમ આ પ્રશ્નથી સૂચવાતું નથી. કારણ કે હિંદુઓમાં તો યથાર્થ વ્યભિચાર કરતાં પણ વિશેષ દુશ્ચારિત્રને પણ વ્યભિચાર સમાનજ, ગણવામાં આવે છે. જુઓ મનુ—૮—૩૫૬-૩૫૭.

परस्त्रियंयोऽभिवदेत् तीर्थेऽरण्येवनेऽपिवा ।
नदीनां वापिसम्भेदे स संग्रहणमाप्नुयात् ॥ ३५६ ॥
उपचार क्रियाकेलिः स्पर्शोभूषण वाससाम् ।
सखट्वासनञ्चैव सर्वं संग्रहणं स्मृतम् ॥ ३५७ ॥

યાત્રામાં અરણ્યમાં, વનમાં, એકાંતમાં નદીના સંગમમાં, અન્યની સ્ત્રી સાથે વાત કરવાથી મનુષ્ય, વ્યભિચારના પાપથી દૂષિત થાય છે-મનુ-૮-૩૫૬.

અન્યની પત્નીને, સુગંધિઓ અર્પવાથી, માલાઓ અર્પવાથી, મશ્કરી કરવાથી, સ્પર્શ કરવાથી, અલંકારને સ્પર્શવાથી, વસ્ત્રને અડકવાથી, એક જ શય્યામાં સુવાથી, સાથે ભોજન કરવાથી, મનુષ્ય, વ્યભિચારના દોષથી દૂષિત થાય છે. મનુ-૮-૩૫૭.

આથી કૃષ્ણથી વપરાયલો " उपपत्यम् " શબ્દ, રાજા પરિક્ષિતથી વપરાયલો " परदाराभिमर्षणम् " શબ્દનો ઉપયોગ સ્પષ્ટ થાય છે. પરંતુ આ શબ્દોનો અર્થ, ખરેખરા જાતિ સંભોગના અર્થમાં અત્રે નથી. તે તો હિંદુ નીતિધર્મશાસ્ત્રાનુસાર પારિભાષિક અર્થમાં વપરાયલા છે, અને આવા પ્રકારનું કોઇ પણ ચારિત્ર હિંદુ સમાજથી ભાગ્યે જ નિંદાયા વિના રહેશે.

આ વિષય સંબંધે શુકદેવે જાતે જ લોકોને સૂચવ્યું છે કે,-૩૩-૩૦, ૩૧, ૩૨.

धर्म्म व्यत्ति क्रमोदृष्ट ईश्वराणां च साहसम् ।
तेजीयसां न दोषाय वह्नेः सर्व्वभुजो यथा ॥ ३० ॥
नैतत्समाच रेज्जातुमनसाऽपिह्यनीश्वरः ॥
विनश्यत्याचरन्मौढ्याद्यथारुद्रोऽब्धिजंविषम् ॥ ३१ ॥
ईश्वराणांवचः सत्यंतथैवाचरितं क्वचित् ।
तेषांयत्स्ववचोयुक्तं बुद्धिमांस्तत्समाचरेत् ॥ ३२ ॥

"ઈશ્વરથી થતો, ધર્મનો અત્યાચાર (સામાજીક ધર્મ) તથા વ્યભિચાર (પારિભાષિક)નું અનુસરણ, (એ વિષે એટલું કહેવાનું છે કે,) સર્વ શક્તિમાનને કાંઈ દોષ લાગતો તથી; જેમ સર્વ ભક્ષક (સારૂં વા નરસું) અગ્નિને કંઈ પણ દોષ લાગતો નથી તેમ." ૩૦. આધુનિક મનને આ સહજ વિચિત્ર લાગશે, અને તેઓ તે जीयसां નો અર્થ "સ્થૂલ રીતે શક્તિવાન" એટલો જ કરશે, પરંતુ હું એટલું ખાત્રી પૂર્વક કહી શકું કે, આવો અર્થ સંભવિ શકતો નથી; સ્થૂલ શક્તિ થોડી જ કામની છે, બુદ્ધિ શક્તિ એથી વિશેષ મહાન્ છે, અને પ્રજ્ઞાશક્તિ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે; આધુનિક દુનિયા થોડી ઘણીક હદ સુધી આ વાતનો સ્વીકાર કરે છે, તથા તદનુસાર લોકો કહે છે કે, "જ્ઞાન એજ શક્તિ છે." તથાપિ તેથી તેઓ સ્થૂલ શક્તિ જ સૂચવવા માગે છે; પરંતુ હિંદુઓને તો "શક્તિવાન્ મનુષ્ય" એટલે "જેણે ઇન્દ્રિયનિરોધ કર્યો છે, એવો મનુષ્ય." એટલું જ સૂચવાય છે; અન્યને જીતીને અધીન કરવા સહેલા છે, દુનિયા ઉપર રાજ્ય કરવું સહેલુંછે, પરંતુ પોતાની જાતને જીતવાનું કાર્ય સર્વ કરતાં કઠિન છે, અને તેથી જે પોતાની જાતને જીતી શકે એવાને "વીર", શક્તિવાન્ કહેવામાં આવે છે, તથા ઉપરના શ્લોકોમાં કહેવાયલો ઈશ્વર પણ તેને જ કહેવામાં આવે છે.

આ तेजीयसां, "પ્રજ્ઞાવાન્" શબ્દ ઉપર ભાર મૂકવામાં આવે છે કારણ કે "પ્રજ્ઞાવાનને" અથવા "દ્રષ્ટાને", કર્મના નિયમનાં કાર્યો જણાઈ જાય છે, તેમને જ સત્યની યથાર્થ પ્રકૃતિ માલૂમ પડે છે, અને તેઓ પોતાના ઉચ્ચ જ્ઞાનની મદદ વડે પ્રકૃતિના નિયમાનુસાર વર્તિ શકે; અજ્ઞાની મનુષ્યો, પ્રજ્ઞાવાનનાં બહિરનાં (સ્થૂલનાં) કૃત્યોનું માત્ર અનુકરણ કરે છે, તથા પોતાનો વિનાશ સ્વીકારી લે છે.

અનિરોધિત ઇન્દ્રિયાદિવાળાઓએ આવાં કૃત્યોનો વિચાર કરવો પણ જરૂરનો નથી, અથવા તો અજ્ઞાનીઓનો વિનાશ થશે; જેમ વિષપાન કરવાથી, પરંતુ તે પણ સમુદ્ર મંથન સમયે નિકળતું ગ્રહણ કરનાર મહાદેવને તો તેની પણ કંઈ અસર થઇ શકતી નથી. ૧૦—૩૩—૩૧.

મહાત્માઓના શબ્દો સત્ય છે, પરંતુ તેમનું ચારિત્ર ભાગ્યે જ તેવું હોય છે; ડાહ્યા મનુષ્યે તો તેમણે જે જે યુક્તિ તર્ક પૂર્વક કહ્યું હોય તદનુસાર વર્તવાની જરૂર છે. કારણ કે દેવોના માર્ગો ગહન હોય છે, તેથી તેમનાં કાર્યોનું અનુકરણ કરવું ભીતિ કારક છે,અને કોઈ કોઈ સમયે તો તેમણે અમુક કરવાની શિખામણ આપેલી તે પણ, જોતાં વાર જ તર્કહીન લાગે છે, અને તે અગમ્ય ચારિત્રને તો તે શબ્દો દ્વારા સિદ્ધ કરી ખુલાસો કરી આપે છે. ૧૦—૩૩—૩૨.

પરંતુ લોકો આ સર્વ સૂચનાઓને લક્ષમાં ન લેતાં, માત્ર વિરોધોનો, બાધનો જ વીચાર કરે છે, જેવા કે શ્રીકૃષ્ણે ગોપીઓના પોતા પ્રતિના પ્રેમની પરિક્ષા કરી જોવાથી ઉભા કરેલા, અને પરિક્ષિતે પણ સામાજીક નિયમોના લેશ પણ ભંગ માટે કરેલી શંકાઓ,

તેમને તેવા વિચાર ધરાવવામાં સંપૂર્ણ સિદ્ધ કરે છે તથા દર્શાવી આપે છે કે, કૃષ્ણને ગોપીઓ સાથે ગર્હ્ય સંબંધ હતો; તેઓએ શબ્દોને કાવ્યાર્થમાં સમજવા પ્રયત્ન કર્યો નથી, પરંતુ તેમના ગ્રામ્ય અર્થ ગ્રહણ કર્યો છે, તથા એકદમ એવા સાર ઉપર આવ્યા છે કે, રાસલીલા ઘણી જ અનીતિવાન તથા વિરૂદ્ધ છે, તથા તેથી કેટલાક (તેના અનુયાયીઓ) તેમાં ઉંડા ન ઉતરતાં તેનો ઉપર ઉપરથી ખુલાસો આપી ચલાવી લે છે, તથા બીજા કેટલાક એવા પણ છે કે (તેનામાં શ્રદ્ધા ન રાખનારા) શ્રીકૃષ્ણને તેઓ અવતારની દિવ્યતા અર્પી શકતા નથી.

પરંતુ આવા સાર ઉપર આવતા પૂર્વે, તેમના ભક્તિના હેતુ શ્રીકૃષ્ણને મળતાં ગોપીઓનો શો ઉદ્દેશ હતો, એ વિશેષ વિચારવાની જરૂર છે. ૧૦—૧૯—૩૧,૩૨.

હે પ્રભુ ! નકારના આવા દુષ્ટ શબ્દો યોગ્ય નથી. સર્વ ઐહિક પદાર્થોની ઉપેક્ષા કરીને, તારા પાદની ભક્તિમાં પ્રવિણ થયલાં અમને ત્યાગશો નહિ. અમને તારા રક્ષણમાં લે, અને તે રક્ષણ પણ એટલું બધું સંપૂર્ણ કે, અમે મુમુક્ષુઓ જેટલાં પૂર્ણ નથી તો પણ તેમના જેટલું જ રક્ષણ અમને મળે; માટે અમારી અશક્તિ અથવા અસંપૂર્ણતાને લીધે (સામાજીક નિયમોના વિરૂદ્ધ તારી સાથે સ્થુલ સંસર્ગ ઇચ્છવા રૂપ) તારાથી અમને વિસારી શકાશે નહિ; કારણ કે સારા અને શુદ્ધનું કર્તવ્ય તો એ છે કે, તેણે અશુદ્ધ અને વાસના બદ્ધને શુદ્ધ કરવા હવે તારા નૈતિક ઉપદેશ વિષે, "પતિ. મિત્ર અને બાલક આદિની સેવા કરવી એ સ્ત્રીનો ધર્મ છે." અમે એટલું કહી શકીએ કે, તને અનુસરવામાં અમે એ ધર્મથી વિદૂર થયાં છીએ, એમ કહી શકાશે નહિ, કારણ કે તું જ સર્વ વસ્તુનો આત્મા છે, અને તને ભજવાથી, તારામાંથી આવતા સર્વ દેવ-આત્માઓને અમે ભજીએ છીએ.

ગોપીઓનાં આ અંતીમ વચનો, કોઈ પણ કાર્ય પૂરૂં કર્યા પછી હિંદુથી કરાતી પ્રાર્થના સાથે બરોબર મળતા આવે છે:—

तस्मिन तुष्टे जगत् तुष्टं प्रीनीते प्रीनीतं जगत् ।

વિષ્ણુ તુષ્ટ થતાં વિશ્વ તુષ્ટ થાય છે, તે તુષ્ટ થવાથી અન્ય સર્વ તુષ્ટ થાય છે.

'ઉપતંત્રી.

(આગળ ચાલું.)

આ ઉપદેશ ખરેખર સમગ્રની કૃચિ રૂપ છે; કારણ કે જ્યારે આપણે બુદ્ધિ તથા મનને સંભાળપૂર્વક તપાસીએ છીએ ત્યારે, આપણને માલૂમ પડે છે કે, તેમના કાર્ય કરવા દ્વારા ભિન્નતા અસ્તિત્વ ધરાવે છે. ચેતનાની વૃદ્ધિની પ્રાથમિક ભૂમિકાઓ સુધી વિચારમાં પાછા વળીને, આ ગુણની પ્રકૃતિ તથા તેને કેળવવાની રીતિનો અભ્યાસ કરીશું. આપણા વાંચવામાં આવે છે કે આ ચેતના પ્રથમારંભમાં, અર્ધ જાગ્રત થયલી હતી પરંતુ પોતાનામાં જ સ્થિત થયલી હતી, અંતર્મુખ થયલી હતી એટલે અક્ષિયો સહિત હોવા છતાં જોતી ન હતી, કર્ણ હોવાં છતાં શ્રવણ કરતી ન હતી, પરંતુ અમુક પ્રકારની સ્વપ્નાવસ્થામાં, બહિરૂના ભાન વિના જીવન પ્રવાહમાં તણાયાં કરતી હતી, (પ્રોમીથીયસ, વીન્કટસ એસીલસનો "રહસ્યવાદ" (Secret Doctrin) માં અવતરણલા.) આખરે રૂપમાંનું જીવન, બહિરૂના સંસ્કારોના દબાણને લીધે ધ્રુજી ઉઠવાને લીધે, પોતાની જાતમાં—અંતરૂમાં, ધ્રુજવા માંડયું, અને તેમને પ્રત્યુત્તર આપવા માંડયો. પોતાની જાતે સ્વતંત્ર વર્તવાની ઉત્સાહશક્તિદ્વારા આ ઇન્દ્રિયો ધીમે ધીમે જાગ્રત થાય છે. પ્રથમ તો તેઓ માત્ર સંસ્કાર મેળવે છે; અને કંઈપણ સ્વતંત્ર કાર્ય થતું નથી, પરંતુ આવી વૃદ્ધિદ્વારા, પોતાનું તથા બાહ્યપદાર્થોનું જ્ઞાન અનુભવવાને, આ પ્રમાણે જીવન સંપૂર્ણ જાગ્રત થાય છે; કારણ કે સંસ્કારો સ્થિર નથી પરંતુ ઉત્કેરણી પરત્વે વિવર્તાધીન છે, તથા આપેક્ષિક સદાસ્થિત જ્ઞાતાથી આ બાહ્યના પદાર્થો ભિન્ન રૂપે જણાય છે. આ પ્રમાણે સ્વ, જીવ, (self) છે, એમ જ્ઞાન બંધાય છે; આવા લાંબો સમય ચાલતા અનુભવોથી અહંકાર પેદા થાય છે, "હું" અને "નહિ હું" નું જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય વચ્ચેનો ભેદ, અને આ પ્રકારે, "જીવ છે" એમ ભાન થાય છે તથા તેની સંભાળ લેવાય છે. કારણ કે એક જગ્યાએ* એમ કહેવામાં આવ્યું છે કે, દેવોના પ્રાચીન સંગ્રામમાં, એક સત્વને તેમના સામે મોકલવામાં આવ્યું હતું, તેથી તે પોતાની જાતના ભાન વિનાનું હતું, અને તેટલા માટે પરાક્રમમાં પણ તે પાછું હઠે તેવું નહતું. પછી એમ થયું કે, તેનાથી બધિત શત્રુઓનાં વિચાર પૂર્વક કાર્યોદ્વારા, તેનામાં ક્રમે ક્રમે સ્વ-ચેતના (self—consciousness) કેળવાઇ. વારંવાર તેને સંગ્રામનું બહાનું આપવામાં આવતું, અને તરતજ સંગ્રામમાંથી પાછા ફરી જવામાં આવતું, અંતે આ પુનઃ પુનઃ થતા અનુભવોને લીધે, ધારણા, સ્મૃતિ, અને અહંવૃત્તિ તેનામાં ઉદય થાય છે. ઘણા લાંબા સમય સુધી તેનાં શત્રુઓએ આ યુક્તિ પ્રમાણે કામ કર્યું, અને અંતે અહંકારનો ઉદય થતાં, તેનામાં પોતાની જાત માટેની ભીતિનો ઉદય થયો.

અંતઃકરણ ઉપર થતાં બહારનાં અવલોકનો અને સંસ્કારોજ અહંકારનું યથાર્થ ઉત્પત્તિ સ્થાન છે: બહિરૂના પદાર્થોના અનુભવો અંતઃકરણ ઉપર વારંવાર સંસ્કાર કરે છે, તે એટલે સુધી કે અંતે વૃદ્ધિપામતું મન પોતાની જાતે સ્વતંજ કાર્ય કરવા મંડી જાય છે, બહિરૂ પદાર્થોની દરેક લેખાણ વિગત સ્વાભાવિક રીતેજ તપાસવા બેસી જાય છે, અને વાદવિવાદ ટીકા આદિના વર્ધનદ્વારા આ વૃદ્ધિ પામે છે, તથા અહંકારને સબલ કરીને આ પ્રકારે માત્ર સ્વાર્થ તથા આ ગુણ ઉપર આધાર રાખતા વિવર્તોને પેદા કરે છે એટલું જ

* યોગવાશિષ્ટ બૃહત્—સ્થિતિ પ્રકરણ—૨૯.

નહિ; પરંતુ અનંત વિચારો કરવાની એક માનસિક ટેવ પણ કેળવાય છે, વ્યર્થ વિગતો જાણવા માટે હદ પારનું વલન—મતને વ્યગ્ર કરતી "અનેક વિભાગોવાળી", તથા "અનંત ખાસ વિગતો", "કાલના સૂક્ષ્મ વિભાગો જેવી અસંખ્ય", "વિચાર જનક" ની વૃદ્ધિની પોષક તથા પોતાની ચેતનાની રીતિયોને પ્રકૃતિમાં આગળ પડતી કરનાર; અને આ પ્રમાણે એમ કહેવામાં આવે છે કે એક સ્વાર્થી મનુષ્ય; દરેક ન્હાનામાં ન્હાની બાહ્ય વિગતને એકદમ લક્ષમાં લે છે. તેના અતિ—કાર્ય પરાયણ અધમ મનના સમીપ તે ચિતરાઇ જાય છે, તથા જે અહંકારથી છૂટયો હોય છે તે આલંકારિક ભાષામાં કહેવા માગીએ તો, તેની પોતાની અક્ષિયોના ડોળાની પાર લેશ પણ લક્ષ રાખતો નથી. આ આંતર્ સંસ્કારો, વિગતોના સતત સ્મરણનું કારણ થઈ પડે છે; કાર્ય પ્રતિ પ્રેરણાઓ પ્રેરે છે અને તેના ત્યાગને અટકાવે છે, કારણ કે કાર્યનું અભાન એજ માત્ર વ્યષ્ટિતાથી (અહંકાર) રહિત છે. એકબાહ્ય બનાવથી, એક પણ માનસિક વૃત્તિ થવી જોઇએ નહિ, કારણ કે જો ઉચ્ચ ચેતનાને જાગ્રત કરવી હોય તો તથા કાર્ય પ્રતિના રાગનો ત્યાગ કરવો હોય તો, વૃત્તિયોના પુનઃ સ્મરણનો નાશ થવો જોઇએ; અને જે જે કાર્ય કરવાનું હોય તે જાણે કે ભાન વિના તથા સ્વતઃજ થતું હોય એમ જ કરવાનું છે, તથા તે સમયમાં પણ ચેતનાને અધમ-સ્વ (Lower self) ની આ સર્વ નિરર્થક વિગતોમાં કેન્દ્રિત કરવાની નથી, કારણ કે કાર્યને જ વિચાર ચલાવવામાં આવશે અથવા લક્ષમાં લેવાશે તો અહંકારને પોષણ મળશે. કારણ કે જે, કાર્યનો કારણનો, અથવા તેનાં કાર્યો કરવાનો કદાપિ વિચાર કરતો નથી, તેજ આ અધમ કોષોની અધીનતાની પારનો છે, એમ કહેવાય છે. આ પ્રમાણે વિચારની અનેકતામાંથી છૂટા થવાતાં સ્વનું (self) વિસ્મરણ થાય છે; કારણ કે અધમમન ઉપરના સંસ્કારો તથા સ્વની ચેતના ઉચ્ચ પ્રકૃતિનું જ્ઞાન થવામાં બાધરૂપ થઈ પડે છે.

વળી માનસિક સંસ્કારોના ઉપર આધાર રાખવાને લીધે, કે જે તેમની પ્રકૃતિથી જ અસત્ય છે, તથા અહંકારની વૃદ્ધિ એ વિવર્તની વૃદ્ધિ છે, અને તેની હદ પારની વૃદ્ધિને લીધે આ વિવર્તો ચેતનાનો વિશેષ વિસ્તાર રોકે છે; તેથી મનમાં આમની હાજરી હોવાને લીધે વિતર્કો પેદા થાય છે; અમુક મનુષ્ય કે જે જોડા પહેરીને ફરતો હોય છે તે સમગ્ર પૃથ્વીને ચર્મથી વિંટાયલી ધારે છે, તેના જેવા આ વિતર્કો હોય છે: આ ગુણની વૃદ્ધિના પરિમાણાનુસાર સર્વ પદાર્થો વિશેના તેના વિચારો છિન્નભિન્ન થઈ જાય છે, અને અહંકારના વિવર્તોદ્વારા સ્વાર્થ ઉદય પામે છે—"અહ" ને એક ભિન્ન કેન્દ્રરૂપે સ્વીકારીને વળી બુદ્ધિની ક્રમવિનાની વૃદ્ધિ, વ્યક્તિત્વની વૃદ્ધિનું કારણ થઈ પડે છે; કારણ કે અહંકાર, અભેદને દૂર રાખે છે. જ્યારે આ ભિન્નતાનું ભાન થાય છે ત્યારે વળી ટીકા તત્ટીકા પણ ઉપસ્થિત થાય છે. દૃષ્ટાથી ભિન્ન રૂપે સર્વ પદાર્થો જ્ઞાત થાય છે, અને આ સ્થિતિના દૂરીકરણાર્થે એક દૃષ્ટાંત આપવામાં આવે છે કે, જ્યારે અમુક એક મનુષ્ય અજાણ્યા માણસને મળે છે ત્યારે તેના વિષે તે બિલકુલ વિચાર કરતો નથી; આને બ્રહ્મના યથાર્થ જ્ઞાન સાથે સરખાવાય. કારણ કે આમાં, વિચારની સ્થિતિ એજ ભેદની સ્થિતિ છે, એટલુંજ માત્ર દર્શાવવાનું નથી, પરંતુ એટલું વિશેષ દર્શાવવાનું છે કે; અધમ સ્થિતિનું ભેદનું ભાન, ઉચ્ચ સ્થિતિના અભેદના ભાનને પણ દૂર કરે છે. વળી કેનોપનિષદ્માં એક આવો જ દાખલો

મળી આવે છે: "જેનાથી બ્રહ્મ વિશે વિચાર થયો નથી; તેનાથીજ તે જણાયો છે; જેનાથી બ્રહ્મ વિશે વિચાર થયો છે, તેનાથી તે જણાયો નથી." વિવેકપરાયણ જનોને (મનસ્) તે જ્ઞાત થતો નથી, પરંતુ જેમને જ્ઞાતા અને જ્ઞાન એક થયાં છે (મનસ્-બુદ્ધિ) તેમને તે જ્ઞાત થયો છે. માત્ર તે એકનાજ જ્ઞાન માટે, જ્ઞાનના પંથોથી અને સ્વના જ્ઞાનનો પારના થવાની જરૂર છે. કારણ કે મનની આ કાર્યના વિનાશ વિનો કેવી રીતે ઐક્ય પામી શકાય: તેની બહિર્ધાવન કરતી શક્તિને લીધે અ-ભેદ અનુભવ થઇ શકતો નથી. એમ કહેવામાં આવે છે કે, "દેવોને માટે દેવો પ્રીય નથી, પરંતુ આત્માને લીધે દેવો પ્રીય થાય છે." તેમજ વળી કહેવામાં આવ્યું છે કે, "દેવોને.....જેઓ પોતા કરતાં કંઈક જુદા રૂપે જુએ છે, તેમનો દેવો સ્વીકાર કરતા નથી."

અહંકારથી વિચારકર્તા અને વિચાર વચ્ચે ભેદ ઉત્પન્ન થાય છે, તેથી વિચારને અટકાવવાથી, દૂર કરવાથી જ, મનસ્-બુદ્ધિની ભૂમિકાએ જઇ શકાય છે; અને જ્યાં સુધી ઉચ્ચ અથવા અધમ સ્થિતિના જીવનને, આત્માથી ભિન્નરૂપે જોવામાં આવે છે ત્યાં સુધી ઐક્યનો ઉદય સંભવી શકતો નથી. "કારણ કે તે કે જેને આ સર્વ માત્ર એક રૂપેજ અનુભવાયું છે, તે શી રીતે (પોતાથી જુદા રૂપે) શાની વાત કરે, શાને જાણે, શાનો વિચાર કરે, તેમજ વળી તે એકકે જેના વડે તે આ સર્વ જાણે છે, તેને તે (પોતાથી જુદા રૂપે) શી રીતે જાણી શકે, વિચારો, તે જ્ઞાતાથી કેવી રીતે જ્ઞાત થાય."

અને મનસ્-બુદ્ધિની આ ચેતનાની ભૂમિકા અનુભવી શકાય એવી છે. તેના વિવર્તોના જ્ઞાનદ્વારા તથા સર્વવ્યાપકમાં તેના સતત કેન્દ્રિત થવાથી પણ ઉભય રીતે, વ્યષ્ટિમય ચેતનાનું ઉલ્લંઘન કરવાની આવશ્યકતા છે. ઘણી જ આગળ પડતી ઉદ્યોગિતા દ્વારા જ માત્ર વ્યષ્ટિતાનું ઉલ્લંઘન થઈ શકે છે. "એક દેખાવનું અદૃશ્ય થવું, તે તેના દ્રષ્ટાને અદ્રષ્ટા બનાવે છે."* તેમ વળી, ઉચ્ચમાં ક્રમેક્રમે એકતાનતાથી પ્રવિલાપવા દ્વારા અધમ વૃત્તિયોને વિસારે પાડવાની છે, અને ઉચ્ચ કોપની દિવ્ય પ્રકૃતિને લીધે, કાર્ય કરવાની ઘણી જ પ્રબલ શક્તિયોં+ તેમાં છૂપાયલી રહે છે: તેથી આ ઉચ્ચ ચેતનાને ખીલવવામાં, એક ખાસ શક્તિની વૃદ્ધિ થાય છે, કે જેના દ્વારા તેઓ સર્વનાં માનસોમાં મોકલી શકાય—જ્યારે માત્ર માનસિક ચેતના કાર્ય પરાયણ હતી ત્યારે તે શક્તિયો જેવી ભિન્ન હતી તેવી હવે તેઓ જરા પણ ભિન્ન રહેતી નથી, મનન કર્તાથી ભિન્ન માનસિક વિમોહોને ઉલ્લંઘી જવાથી હવે તેઓ જરા પણ ભિન્ન રહેતી નથી—તેથી આ સર્વમાં પણ આપણા સ્વની માફક જ, પ્રાબલ્ય અને પ્રજ્ઞાન માટે શક્તિયો પ્રેરી શકાય છે. અને આ વિશ્વવ્યાપક ચેતનાને વિચાર પૂર્વક કેળવવા માટેની તેના વૃદ્ધિ ક્રમની ખાસ સૂચનાઓ "ગુપ્ત-નાદ" (Voice of the Silence) નામના પુસ્તકમાંથી મળી રહેશે. સર્વમય જીવનના ક્રમ માટે વ્યષ્ટિ વાચક મનમાં તેનું સ્થાન હોવું જોઇએ, કારણ કે અંતઃકરણની ભૂમિકા કે જ્યાં બુદ્ધિક કોપનાં કાર્યોના પશ્ચાત્ એકને અનુભવવામાં આવે છે, તે પામવાને વ્યક્તિતાના સ્વાર્થોને દૂર કરવાની જ જરૂર છે, વ્ય-

* યોગવાશિષ્ટ બૃહત્-ઉત્પત્તિ-૪-૫૬.

+ Cf. "In the Outer Court."-P—126.

ઉપનિષદની ઉપદેશ વાર્તા.

(મળેલું.)*

શ્વેતકેતુ ઉપાખ્યાન:

(અનુસંધાન પૃષ્ઠ—૨૨૫ થી.)

તદ્દન અભાવાત્મક અસત્પદાર્થથી જે આ સદાત્મક વિશ્વ રાજ્યનો પ્રાદુર્ભાવ થઇ શકતો નથી તે તત્વ મહર્ષિ અરૂણિ, શ્વેતકેતુને સમજાવી આપ્યા બાદ, શ્વેતકેતુ તેમનાં યુક્તિ સિદ્ધાંતો, ખુબ સારી પેઠે મનમાં વિચારી, સમજી, બીજા દહાડે ફરી પિતાજીની પાસે આવી બેઠો, અને વિનયથી વાત આગળ ચલાવવાની ઇચ્છા પ્રકાશ કરી, જે પ્રશ્ન કર્યો તે નીચે મુજબ:—

શ્વેતકેતુ૦—પિતાજી! નિત્ય, અસત્ય, નિરવયવ બ્રહ્મથી કેવી રીતે આ અનિત્ય, અસત્ય, સાવયવ જગત્ પ્રસૂત થયું, તે આપે સમજાવી આપવાને કહ્યું હતું; આજે કૃપા કરી મને આ તત્વ કથા સમજાવો.

અરૂણિ.—" હે પુત્ર! મેં તે દહાડે તને જે બ્રહ્મ-વસ્તુની વાત કહી હતી, તે અદ્વિતીય સત્, બ્રહ્મ ચૈતન્યે, સિસૃક્ષુ થઈ બહુ થવાની ઇચ્છા કરી. પૂર્વ-પ્રલયના સમયે જે સમસ્ત વસ્તુ તેનામાં સૂક્ષ્મ શક્તિ રૂપે વિલીન થઇને રહે છે,—તેમના જ્ઞાનમાં—તે સમસ્તનું આલોચનનું નામ જ બ્રહ્મની " ઇચ્છા " અથવા " ઇક્ષા. " આ સિસૃક્ષુ અદ્વિતીય જ્ઞાનમય બ્રહ્મની કામનાથી× માયા વડે આ વિશ્વ રાજ્ય ઉદ્ભવ થયું છે. સર્વ પ્રથમ આકાશ

---

* લખનાર—એક સન્યાસી.

× શ્રીમચ્છંકરાચાર્યે આ પ્રસંગે તૈત્તિરીય ઉપનિષદના ભાષ્યમાં આવો જ અભિપ્રાય પ્રકાશ કર્યો છે:—" બ્રહ્મના આ બહુ થવાની કામનાથી જ બ્રહ્મ જે ચૈતન્યમય વસ્તુ, તે શ્રુતિ પ્રમાણ કરી આપે છે. કારણ કે અચેતન પદાર્થ, કામના અથવા ઇચ્છા કેવી રીતે કરશે? બ્રહ્મ સર્વજ્ઞ, માટે તે અચેતન નથી. પૂર્વ પ્રકાશિત યાવતીય નામરૂપ, જે પ્રલયકાળે તેમનામાં જ વિલિન થઇને રહ્યું હતું—સૂક્ષ્મ બીજ રૂપે આશ્રિત હતું—તે સમસ્ત તેમના જ્ઞાનમાં એક સમયે યુગપત વર્તમાન રહેવાને લીધે, તે અવસ્થામાં તેમને સર્વજ્ઞ કહેવામાં આવે છે. જ્ઞેય વસ્તુ જ્ઞાનમાં હમેશ પ્રકાશિત થઇને રહે છે. કામ વાસનાદિ જે જીવને પોતાના વશ કરી લે અને ચલાવે છે, તેમ જ બ્રહ્મ સર્વાતીત અને સ્વાધીન થવાને લીધે, કામનાદિ તેમનાં પ્રવર્તક થઈ શકતાં નથી. બ્રહ્મ જે, પ્રાણી માત્રના કર્મની અપેક્ષાને લીધે કામનાદિને પ્રવર્તિત કરે છે. જીવમાં કામનાદિ જેમ આત્માથી ભિન્ન અને દેહેન્દ્રિયાદિની ક્રીયાની અપેક્ષા રાખે છે—કામના વાસનાદિ જીવને પ્રવર્તિત કરે છે—તેમ બ્રહ્મને કામનાદિ નથી. બ્રહ્મની જ આત્મભૂત કામના છે, આત્મા શિવાય નથી; કામનાદિ જીવની પેઠે કોઈ ઇન્દ્રિયાદિ પરતંત્ર પણ નથી; માટે તેમના આત્મભૂત થવાથી કામનાદિ તેમનાં પ્રવર્તક થઈ શકતાં નથી. જીવરૂપે, શક્તિરૂપે સમવસ્થિત, પોતાની જ આત્મભૂત. જ્યારે યાવતીય નામ રૂપ અવ્યક્ત અવસ્થામાં વ્યક્તરૂપ ધારણ કરે છે—ત્યારે તે નામરૂપાભિવ્યક્તિ જ—તેમનું " બહુ ભવન " કહેવાય છે. નહિ તો નિરવય વસ્તુ બહુ થશે કેવી રીતે? નામ રૂપ શું અને બ્રહ્મનું બહુ ભવન કેવું, આ સંબંધિ વાતો " બ્રહ્મ અને જગત્ " નામના નિબંધમાં વિસ્તરરૂપે કહેવામાં આવશે.

ઉત્પન્ન થયું છે; તેમાંથી વાયુ, તેમાંથી પછી તેજની ઉત્પત્તિ થઈ છે; ત્યાર પછી દાહકારક, પાચન ક્રિયા સંપાદન કરનાર, પ્રકાશક અને લોકપ્રસિદ્ધ તેજ અથવા અગ્નિ ઉત્પન્ન થયો. તે તેજોગત બ્રહ્મે હજી વધારે બહુ થવા ઇચ્છ્યું, ત્યારે તે તેજોગત બ્રહ્મથી અપ ઉદ્ભવ થયો. આ જળ, પ્રવાહિ, દ્રવગુણ વિશિષ્ટ, સ્નિગ્ધ, સ્પંદનાત્મક અને શુક્લવર્ણ લોકોમાં પ્રસિદ્ધ છે. આસાવયવ સૃષ્ટ જળના અંતર્ગત બ્રહ્મે બહુ થવાની ઇચ્છા કરી, ત્યારે તેમાંથી પૃથ્વી તથા અન્ન ઉત્પન્ન થયાં. વ્રીહીયવાદિ પણ આ પૃથ્વીનાં જ અંતર્ભુક્ત છે. પૃથ્વી ગુરુત્વધર્મવિશિષ્ટ, સ્થિર અને કૃષ્ણવર્ણ તરીકે લોકમાં પ્રસિદ્ધ છે.

આ સઘળી બાબતોમાં જ શ્રુતિમાં કહ્યું છે કે, "તેજ બહુ થવાની ઇચ્છા કરી." "અપ બહુ થવાની ઇચ્છા કરી."—તેથી તેજ અપ વિગેરે અચેતન—તેમના પોતાની મુખ્ય કોઈ ઇચ્છા અથવા કામના છે, એમ મનમાં ધારશો નહિ. સમસ્તજ એક ચેતન, જ્ઞાનમય વસ્તુથી અભિવ્યક્ત થયાં છે, તેથી, બ્રહ્મની ઇચ્છાનો જ તેમનામાં આરોપ કરવામાં આવ્યો છે, એમ સમજવું જોઇએ. "નદીના કાંઠા તુટી પડે છે."—આ વાતથી જેમ ચેતનની ક્રિયા અચેતનમાં આરોપિત દેખાય છે, તેમ જ ઉપરિ ઉક્ત બ્રહ્મની ઇચ્છા જ અચેતન જળાદિ પદાર્થમાં આરોપિત થઈ છે. સમયે સમયે અચેતનમાં ચેતનની ક્રિયાનો આરોપ લોકો કરે છે, તેથી અચેતન ચેતન થઇ જતું નથી. શ્રુતિ સર્વત્ર તે ચેતન કારણને જ "આત્મા" રૂપે વર્ણવી રહી છે; તે આત્મા શિવાય બીજા કોઈ પદાર્થની સત્તા સ્વીકારી નથી માટે આવી રીતે જગતનું કારણ જે સાંખ્યની પ્રકૃતિની પેઠે અચેતન નથી, તે પણ એક પ્રકારથી શ્રુતિ કહી આપે છે. આ વાત પણ તમારે યાદ રાખવી જોઇએ. આવી જ પ્રણાલીથી અચેતન મહાભૂત સમસ્ત ઉદ્ભવ થયાં.

પશુ, પક્ષી વીગેરે પાણી સમુહનાં માત્ર ત્રણ પ્રકારનાં કારણ—બીજ—અંડજ, જીવજ, ઉદ્ભિજ છે. પક્ષી, સર્પાદિના ઈંડામાંથી પક્ષી સર્પાદિનો જ જન્મ થાય છે, માટે પક્ષી સર્પાદિ જ તે પક્ષી સર્પાદિનું બીજ-કારણ છે. આવી રીતે અંડમાંથી જાત બીજા પ્રાણી વર્ગનાં તે ઈંડાં જ બીજ-કારણ છે. જીવ જ બીજ અર્થાત્ જરાયુમાંથી જાત;—માણસ, ગાય વાગેરે પશુ છે. ઉદ્ભિજ અર્થાત્ સ્થાવરમાંથી જાત, માટે ઉદ્ભિજ જ સ્થાવરનું બીજ કારણ છે. માયારૂપ ઉપાધિગ્રસ્ત બ્રહ્મ જ આ જગતનું કારણ થવાને લીધે, પૂર્વ સૃષ્ટિમાં અનુભૂત, અને માયામાં સંસ્કારરૂપે વિલીન, પદાર્થ નિવહની સ્મૃતિ, બ્રહ્મના જ્ઞાનમાં ઉપસ્થિત થઈ, ઉત્તર સૃષ્ટિમાં તે સ્વસ્વરૂપથી ક્રમાગત જીવાદિ ઉત્પન્ન થવા લાગ્યા. આ મયા શું, તે વિષે "બ્રહ્મ અને જગત્" નામના નિબંધમાં ખુબ વિસ્તારરૂપે બતાવવામાં આવ્યું છે.

સર્જેલા પદાર્થમાં, અનુપ્રવિષ્ટ બ્રહ્મ જ "જીવ" પદ વાચ્ય છે. તેજ, અપ, અન્ન આ ભૂત ત્રણેના અંશવિશેષનો સંબંધ થવાથી, વિશેષ વિજ્ઞાન મેળવી જગતમાં આ બધા નામ રૂપનો પ્રાદુર્ભાવ થયો. હવે તમે એમ પુછી શકોછો કે, સર્વત્ર ચૈતન્યમય પરમાત્માએ જ્ઞાન પૂર્વક જાણી જોઈ, આ હજારો દુઃખદાયક અને અનર્થનું મૂળ આ દેહમાં પેસી આટલાં બધાં ક્લેશ કષ્ટ ભોગવવાંને માટે કેમ ઇચ્છા કરી? સ્થિર ચિત્તે જરાક વિચારી

જોવાથી આ વાતનો જવાબ મળશે. બ્રહ્મ પોતે, દુઃખ ભોગવવાને માટે કોઈની અંદર પ્રવેશ કરતો નથી. જેમ જળમાં સૂર્યનું પ્રતિબિંબ પડે છે, દર્પણમાં જેમ પુરૂષનું પ્રતિબિંબ દેખાય છે, તેમજ બ્રહ્મનો આ પ્રવેશ પણ સમજી લેવો. પંચ ભૂતના સૂક્ષ્માંશ અને બુદ્ધયાદિનો સંબંધ થવાથી, અર્થાત બ્રહ્મચૈતન્યમાં બુદ્ધયાદિ—ભૂતાંશ સમુદાયનું પ્રતિબિંબ પડવાથીજ બ્રહ્મને જીવ રૂપે ગણવામાં આવે છે. બ્રહ્મમાં હમેશ તેમની જે માયા શક્તિ વર્તમાન છે, તે સાથે સંબંધ થવાને લીધે, બુદ્ધયાદિની સાથે પણ તેમનો સહવાસ સિદ્ધ થાય છે. આવરણ અને વિક્ષેપ શક્તિ વિશિષ્ટ તે માયા શક્તિનો સંબંધ થવાને લીધેજ, જીવ સુખી અથવા દુઃખી તરીકે સમજે છે; નહિતો સ્વરૂપથીજ જીવને સુખ અથવા દુઃખ કશુંએ નથી. કાળા કીચડવાળા જળમાં સૂર્ય પ્રતિબિંબિત થયા છતાં, વાસ્તવિક મલિનતા દોષ તેને સ્પર્શ પણ કરી શકતો નથી તથાપિ સૂર્ય મલિન દેખાય છે; તેમજ જીવપણ બુદ્ધયાદિના સહવાસ દોષથી દોષિત અને દુઃખીત દેખાય છે. માટે એમ પણ જણાઈ આવે છે કે, આ જગત્ અને જીવ, તે એકજ સત્ સ્વરૂપના શક્તિ જાત થવાથી, તે ઉભય વસ્તુતઃ સત્ય પદાર્થજ; મિથ્યા અથવા આકાશ કુસુમવત પદાર્થ નથી. નિત્ય શુદ્ધ સ્વરૂપ બ્રહ્મશક્તિનો વિકાસ આ બધા નામ પણ સત્ય અને નિત્ય કહેવાય છે. બ્રહ્મથી પૃથક્‌ભાવે ભિન્નરૂપે—આ સમસ્ત સૃષ્ટિનું મિથ્યાપણું કેવળ પસિદ્ધ થાય છે. બ્રહ્મ ચૈતન્યને છોડી આ જીવ અને જગતનું સ્વતંત્ર અસ્તિત્વ કોઇ પણ રીતે સિદ્ધ થાય નહિ.

આવી રીતે જોવામાં આવે છે કે, સમસ્ત અવ્યક્ત નામ રૂપ, તે બ્રહ્મનુંજ આત્મ સ્વરૂપ અને તે બધું બ્રહ્મમાંજ શક્તિરૂપે વિલીન હતું. પછી તેમની કલ્પના અથવા ઈચ્છાથી પ્રથમ તેઓ તેજ, અપ અને અન્ન રૂપે અભિવ્યક્ત થઇ "ત્રિવૃત્કૃત" * થયાં. આવી રીતે પ્રત્યેક સૂક્ષ્મભૂત ત્રિવૃત્કૃત વિવર્તના "Law of Evolution" નિયમ પ્રમાણે સ્થુલરૂપે પ્રકાશિત થયાં.

આ દૃશ્યમાન અગ્નિનો જે લાલ રંગ જોવામાં આવે છે, તે પણ તે સૂક્ષ્મ તેજ પદાર્થનુંજ સ્વરૂપ છે, એમ સમજી લેવું. વળી તે અગ્નિની જે શુકલતા (સફેદ રંગ) દેખાય છે, તે તેની અંદર પ્રવિષ્ટ સૂક્ષ્મઅપનું (પાણી) સ્વરૂપ જાણી લેવું; અને અગ્નિમાં જે જરીક કૃષ્ણ વર્ણ છાયા (કાળાશ) જોવામાં આવે છે. તે તેના અભ્યંતરસ્થઅન્નનો સૂક્ષ્મ ભાગ (પૃથ્વી પરમાણુ) સ્વરૂપ છે; માટે આ રૂપને મિથ્યા કહી છોડી દેવાથી અગ્નિનું કોઈ પૃથક અસ્તિત્વ રહેતું નથી. સફેદ કાચને લાલ ફુલની સાથે મૂકવાથી તેમાં પણ લાલ રંગનું પ્રતિબિંબ પડતું દેખાય છે; પરંતુ ત્યારે કાચની વાત યાદ આવ્યાથી જેમ કાચનો લાલ રંગ તેથી નોખો જણાય છે, તેમજ અગ્નિમાંના આ લાલાદિ રંગરૂપ સૂક્ષ્મભૂત ત્રણેના સંયોગથી જ ઉત્પન્ન થયું છે, સમજી લેવું. માટે જરાક વિચારી જોઇએ તો તે સૂક્ષ્મ ત્રણે ભૂત જ ખરેખર પદાર્થ તરીકે જણાય છે, વસ્તુતઃ અગ્નિ તદ્દન મિથ્યા વસ્તુ છે.

---

* "ત્રિવૃત્કૃત" શબ્દ પહેલ વહેલાં છાન્દોગ્યોપનિષદ્‌માં જ વપરાયો છે. એક સૂક્ષ્મ ભૂતમાં બીજા બે સૂક્ષ્મભૂતનો અંશ પ્રવિષ્ટ થાય છે, સ્વઅંશનું જ વધારે પ્રાધાન્ય હોય છે. ત્રણની આ સન્મિલિત અવસ્થાનું નામ ત્રિવૃત્કૃત" અવસ્થા કહેવામાં આવે છે.

આવી રીતે આ દૃશ્યમાન સૂર્ય ચંદ્ર નક્ષત્ર વિદ્યુત વીગેરે પ્રકાશીત વસ્તુના લાલ, સફેદ, કાલા રંગ જે દરેક પદાર્થમાં થોડા ઘણા જુઓ છો, તે પણ તેમના ઉપાદાન તે સૂક્ષ્મભૂત ત્રણેનું જ સ્વરૂપ છે; તે શિવાય આ સૂર્યાદિના સ્વતંત્ર કોઇ રૂપ નથી. આવી રીતે પ્રત્યેક પદાર્થમાં અલ્પાધિક્ય પરિમાણથી જે ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ છે, તે પણ તે ત્રણે ભૂતોના સંયોગ સંબંધનું જ ફળ (result) સમજી લેવું. સમસ્ત વિશ્વ " ત્રિવૃત્કૃત," થઈ ઉત્પન્ન થવાથી જેમ અગ્નિનું અગ્નિત્વ મિથ્યા તરીકે દેખાડવામાં આવ્યું, તેમજ આ સમસ્ત વિશ્વ મિથ્યા જ છે. પરંતુ આના ઉપાદાન સ્વરૂપ તે સૂક્ષ્મ ત્રણે ભૂત જ સત્ય છે. એમ સમજી લેવું.

વળી આ કાર્ય કારણ-પ્રક્રિયાની તરફ જોઇ વિચાર કરવાથી બીજો એક વિષય સિદ્ધ થાય છે. પૃથ્વીનું કૃષ્ણવર્ણરૂપ તે શુક્લરૂપાત્મક જળથી જ ઉત્પન્ન થયું છે, કારણ કે જળ પૃથ્વીનું જ ઉપાદાન. વળી જળનું સફેદપણું તે લાલ રૂપાત્મક તેજમાંથી સંજાત થયું છે, કારણ કે તેજ જળનું જ ઉપાદાન ત્યારે આ ઉપરથી પૃથ્વી અને જલ ઉભય મિથ્યા માલમ પડે છે; ફક્ત એક તે (Light) સત્ય પદાર્થ વળી આપણે જોયું છે કે, લાલ રૂપાત્મક તેજ પણ તે એક-અદ્વિતીય નિત્ય સત્ય ચૈતન્ય બ્રહ્મથી જ ઉદ્ભવ થયું છે.* આ નિત્ય સદ્બ્રહ્મ શિવાય-તેમનાથી તદ્દન સ્વતંત્ર રીતે-તેજનું કોઇ પ્રકારનું જૂદું અસ્તિત્વ નથી. માટે કેવળ તે નિર્મળ નિત્ય અદ્વિતીય એક બ્રહ્મ વસ્તુ જ સત્ દેખાય છે. આ એક માત્ર બ્રહ્મને સારી પેઠે જાણી શકાય તો બીજું કશું જાણવાનું બાકી રહેતું નથી. અર્થાત્ કારણ સંબંધિ જ્ઞાન થવું અનિવાર્ય છે. માટે હે સૌમ્ય ! ધારૂં છું કે, હવે તમે સમજી શક્યા હશો કે, એક બ્રહ્મજ્ઞાન થવાથી જગત્ નું બીજું કોઈ પણ જ્ઞાન બાકી રહેતું નથી. બ્રહ્મનો અનુભવ થવાથી સમસ્ત જગતનો અભાવ થાય છે. વિષય તદ્દન કઠણ અને નિરસ છે. ફરી એક દિવસે બીજી રીતે આ વિષય સમજાવી આપીશ.

(અપૂર્ણ.)

---

* શ્રુતિએ આ સ્થળે શબ્દ અને સ્પર્શ ગુણાત્મક અંતરીક્ષ અને વાયુની વાત કહી નહીં, છતાં પણ તેઓ આ ત્રણેના અંતર્ગત છે, એમ સમજી લેવું. આ સ્થળે શ્રુતિ પંચીકરણ ન કહિ; ફક્ત ત્રિવૃત્કરણની વાત કહેવાથી, કોઇના મનમાંકેઈ શંકા આવી શકે કે, વાયુ અને અંતરીક્ષને છોડી દેવામાં આવ્યાં છે; પરંતુ ખરેખરsions તે અહિં વાયુ અને અંતરીક્ષને પકડી લેવાયાં પણ પૂર્વોક્ત ફલ જ મળે તું કાર્ય જડ નિશાન વિરૂપ, તેમાં શબ્દ સ્પર્શ પણ ગૂઢ ભાવથી સન્નિહિત છે, એટલા વિરૂદ્ધ સ્વભાવના ચૈગુણાત્મક વાયુમાંથી જન્મ્યું છે; અને વળી વાયુ, તે શબ્દ ગુણના અસરથી ઘટ ઉત્પન્ન થયો છે. આકાશ, તે બ્રહ્મથી જ વ્યક્ત થયું છે. માટે આ પ કે કારણના ગુણથી વિ- એકલું એક બ્રહ્મ જ અવશિષ્ટ દેખાય છે. ખરેખર યથાક્રમે પંચતન્નુભવ છે. વળી જડ પનુભવ વિરૂદ્ધ જડ- પણ તેમનું મુળ કારણ એક અદ્વિતીય બ્રહ્મ છે.

જડવાદ અને ચૈતન્યવાદ.

(અનુસંધાન પાને ૨૨૧ થી.)*

ઉપરના આટલા વિચારથી સ્પષ્ટ થાય છે કે જડવાદનો સિદ્ધાન્ત મનુષ્યના પરમાર્થ જીવનનો ખુલાસો કરવાને કેવળ અસમર્થ છે અને પરમાર્થજીવનનું સત્યતો જડવાદીઓ પોતે જ કબુલ કરે છે કારણ કે સારા સારા જડવાદીઓ અને નિરીશ્વર વાદીઓ પરમાર્થ જીવનના દૃષ્ટાન્ત રૂપ થઈ ગયા છે. જડવાદનો સિદ્ધાન્ત સિદ્ધ થયેલો સ્વીકારતા પૂર્વે મનુષ્યના આ સાધારણ અનુભવનો ખુલાસો થવો જ જોઇએ અને જ્યાં સુધી તેનો ખુલાસો જડવાદના સિદ્ધાન્તથી થઈ શકે નહીં ત્યાં સુધી તેને સત્ય માનવામાં બુદ્ધિમાન પુરૂષે ખમચવું જોઇએ. આ જડવાદના સિદ્ધાન્તથી જ્ઞાન અને તેની યથાર્થ સ્મૃતિના સુંદર અનુભવનો પણ ખુલાસો થઈ શકતો નથી.

જડવાદના મતાનુસાર મનુષ્યમાં વિચાર કરવાની શક્તિ જડ મગજને (brain) આપવામાં આવે છે અને જે જ્ઞાન મળેલું હોય તે પણ મગજ જ સંગ્રહી રાખે છે અને તેવો વિચાર તેમજ તે વિચારથી પ્રાપ્ત થયલા જ્ઞાનને સંગ્રહી રાખવાનું બળ અન્ય કોઈ વસ્તુનું નથી. જડવાદનું તેના પૂર્વે જણાવેલા સિદ્ધાન્તને આધારે આ યથાર્થ પરિણામ છે. જડવાદના મતને અનુમોદન આપતી જણાતી વૈદ્યક વિદ્યા (medical science) પણ વિચાર કરવાની સત્તા મગજમાં છે એવું લખાણ કરે છે અને તેવા લખાણ ઉપર આધાર રાખી જડાનુવાદીઓ પોતાના મતને સિદ્ધ થયેલો સમજે છે! વિચાર કરતાં મગજ દુઃખી આવે છે તે ઉપરથી મગજને જ વિચાર કરવાની શક્તિ છે એવો આભાસ થાય છે અને મનુષ્ય ગાંડો થાય છે ત્યારે તે બરોબર વિચાર કરી શકતો નથી તે વાત એ આભાસમાં ઉમેરો કરતાં જડાનુવાદીઓને પોતાનો વિચાર સબળ છે એમ સમજવા એક સાધનમાં વધારો કરે છે. આ વૈદ્યક વિદ્યાના સંબંધમાં ઊંડો વિચાર કરતાં માત્ર એટલું જ સમજાશે કે આપણા વિચારને મગજની સાથે એવો અનિવાર્ય સંબંધ છે કે વિચારની અસર જડ મગજ ઉપર જણાય છે અને તેટલા ઉપરથી વિચારકશક્તિનુ અધિષ્ઠાન તે જડ મગજ છે તે કોઈ રીતે સિદ્ધ થઈ શકતું નથી. જડ અને ચૈતન્યાત્મક ગુણોનાં અધિષ્ઠાન બે છે અને તે બન્ને એક બીજાથી કેવળ જુદાં છે પરંતુ બન્ને સદા સહગામી છે એ સિદ્ધાન્તની સાથે પણ આ વૈદ્યક વિદ્યાનો અનુભવ સમજાવી શકાય છે એટલે વૈદ્યક અનુભવનો આધિષ્ઠાન એકત્વની સાથે અન્વયવ્યતિરેકીસંબંધ બની શકતો નથી. વૈદ્યકવિદ્યાનો અનુભવ આવી રીતના સિદ્ધાન્તને [illegible] સાબીત કરી શકતો નથી કારણ કે ઉભય ગુણના તેમજ ઉભય [illegible] પડતું દે[illegible] [illegible]યે વૈદ્યક અનુભવનો અન્વયવ્યતિરેકી સંબંધ છે પરંતુ તેઓનો [illegible] લાલ રંગ તેથી નોખો [illegible] નથી. જડચૈતન્યાધિષ્ઠાનનું સાહચર્ય વ્યાપક છે. વધારે સ્પષ્ટ રીતે [illegible]ત્રણેના સંયોગથી જ [illegible] વિચારજન્યમસ્તિષ્ક દુઃખ હોય છે. ત્યાં ત્યાં જડાધિષ્ઠાન એકત્વ હોવું [illegible] નથી કારણ કે વિચારજન્ય મસ્તિષ્ક દુઃખ તો જડચૈતન્યાધિ-

* "ત્રિવૃત્કૃત" [illegible]તીત થઈ શકે છે, એટલે અન્વયવ્યાપ્તિ સિદ્ધ નથી તેમજ તેની [illegible]

[illegible] ભૂતનાં બીજા બે સ[illegible] [illegible]. રા. બાલ.
[illegible]ત્રણની ત્યાં સન્નિહિત

વ્યતિરેક વ્યાપ્તિ પણ સિદ્ધ નથી. પરંતુ જ્યાં જ્યાં વિચારજન્ય મસ્તિષ્ક દુઃખ થાય ત્યાં ત્યાં જડચૈતન્ય ગુણસાહચર્ય અથવા જડચૈતન્યાધિષ્ઠાન સાહચર્યનો પણ ભય હોવો જોઇએ એ સત્ય છે; પરંતુ ઉપર બતાવ્યા પ્રમાણે અધિષ્ઠાન એકત્વની સાથેનો સંબંધ સિદ્ધ થઇ શકતો એટલે વૈદ્યક અનુભવ એકાધિષ્ઠાનત્વ સિધ્ધાન્તને સિદ્ધ કરી શકતો નથી અને જડચૈતન્યાધિષ્ઠાન સાહચર્યને એટલે જડચૈતન્યાત્મક ગુણોના બે જુદા જુદા જ અધિષ્ઠાનના અસ્તિત્વને અસત્ય કરી શકતો નથી. આટલા ઉપરથી સ્પષ્ટ જણાશે કે વિચાર કરવાથી મગજ દુઃખી આવે છે અથવા વિચાર મગજ વિના થઈ શકતો નથી એ સિદ્ધાન્ત ઉપરથી એવું કાંઇ ફલિત થઇ શકતું નથી કે વિચારકશક્તિ અને મગજના જડાત્મક ગુણો તે એકજ જડ અધિષ્ઠાનના છે અને જો જડવાદીઓ એવું ધારતા હોય તો તે તેમની ભૂલ છે. વળી આટલા વિચાર ઉપરથી એમ સ્પષ્ટ જણાશે કે મગજને પોતાને વિચાર કરવાની શક્તિ નથી અર્થાત મગજમાં દૃશ્ય થતા જડાત્મક ગુણોના અધિષ્ઠાનનો એ ગુણ નથી પરંતુ તે એક જુદા જ અધિષ્ઠાનનો ગુણ છે અને તે ગુણને પ્રાદુર્ભૂત થવાને માટે સત્ત્વ મગજની મદદ લેવી પડે છે કારણ કે ઉભય અધિષ્ઠાન સર્વાવસ્થામાં સાહચર્ય સંબંધમાં જ જગતમાં દૃશ્ય થાય છે. ચૈતન્યાત્મક ગુણનું અધિષ્ઠાન જડ મગજના સાધનથી પોતાના ચૈતન્યાત્મક ગુણને પ્રકટ કરે છે નહીં કે મગજના જડાત્મક ગુણનું જડ અધિષ્ઠાન ચૈતન્યાત્મક ગુણને પણ અધિષ્ઠાન છે અને તેથી જડઅધિષ્ઠાન ચૈતન્યાત્મક ગુણને સ્ફુરાવે છે. જડાનુવાદીઓ આ ન્યાયની ચુંગાળમાંથી બચવાને માટે જો અધિષ્ઠાન સાહચર્યનો સ્વીકાર કરે તો તેમના જડવાદનો અધિષ્ઠાન એકત્વનો સિદ્ધાન્ત ઉડી જાય છે અને ચૈતન્યવાદનો વિજય પોતાની મેળે સ્વીકારે છે કારણ કે ચૈતન્યવાદી જડવાદીની પેઠે જડાત્મક ગુણાધિષ્ઠાન છે જ નહીં એમ કહેતા નથી. એતો પોતાના ચૈતન્યાધિષ્ઠાનને જ સિદ્ધ કરી તેમાં પરિતૃપ્તિ માનેછે અને તે વિશે આપણે આગળ વિચારીશું.

જડવાદીના જડાધિષ્ઠાન એકત્વનો સિદ્ધાન્ત યોગ્ય નથી એ ઘેળી ઓજ મગજના અનુભવવો વિશેષ વિચાર કરવાથી વધારે સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે. આપણા સર્વનો એક એવો અનુભવ છે કે માણસને જે જ્ઞાન હોય છે તે તેની ગાંડછામાં તદન વિસરી જાય છે પરંતુ તેની ગાંડછા મટયા પછી ગાંડછાની પૂર્વેનું જેનું એને જ્ઞાન હતુ તે સર્વ પુનઃ પ્રતિત થાય છે. જડવાદીના મત પ્રમાણે જડ ચૈતન્યાત્મક ગુણનું અધિષ્ઠાન જડ મગજ છે અને જ્યારે જ્યારે કાંઈ પણ જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તે જ્ઞાન ઉત્પન્ન થવાનું કારણ જડ મગજની બાહ્ય સૃષ્ટિ ઉપરથી ઉત્પન્ન થતી વિકૃતિ (Vibrations) છે અને જ્ઞાનની સ્મૃતિ તે જડ વસ્તુના ઉપર પડેલા સંસ્કાર (impressions in the literal sense of the term)-નિશાન-ને લીધે રહે છે. Impressions તે અહીં નીશાનીનાજ અર્થમાં સમજવાં પડશે કારણ કે જડ વસ્તુના ઉપર વિકૃતિનું કાર્ય જડ નિશાન વિના બીજું સંભવી શકતું નથી અને જડ વિકૃતિથી જડાત્મક ગુણથી વિરૂદ્ધ સ્વભાવના ચૈતન્યાત્મક ગુણની ઉત્પત્તિ બની શકે નહીં. મૃત્તિકાના ઉપર વિકૃતિની અસરથી ઘટ ઉત્પન્ન થાય છે તે પણ મૃત્તિકાના જ ગુણનો આશ્રય કરનાર છે કારણ કે કારણના ગુણથી વિરૂદ્ધ સ્વભાવના ગુણ કાર્યમાં ઉત્પન્ન થઈ શકતા નથી એ આપણો અનુભવ છે. વળી જડ મગજમાં વિકૃતિથી જ ચૈતન્યાત્મક ગુણની ઉત્પત્તિ થાય છે એવી અનુભવ વિરૂદ્ધ જડ-

વાદીઓ તરફથી દલીલ લાવવામાં આવે તો તે વાતની અસત્યતા એક બીજા નિર્વિવાદ સત્યથી સિદ્ધ કરી શકાય છે. સુષુપ્તિ અવસ્થામાં મગજની વિકૃતિ નથી અને તેને બાહ્ય પદાર્થ જન્ય વિકૃતિ નથી માટે જ મગજને સુષુપ્તિમાં વૈદ્યક વિદ્યાના અભ્યાસીઓએ, પણ અને તેથી તેમના મતાનુસારી જડવાદીઓએ શાન્તાવસ્થામાં (at complete rest) માનેલું છે; છતાં સુષુપ્તિમાં પણ ચૈતન્ય તત્વને જ્ઞાન થાય છે નહીં તો ઉંઘમાંથી જાગ્યા પછીનો " મને તો આજ એવી સારી ગાઢ નિદ્રા આવી કે મેં કાંઈ જાણ્યું નથી" એવો અનુભવ કોઈ રીતે સમજાવી શકાતો નથી, ચૈતન્ય તત્વનું આ જ્ઞાન તે મગજની શાન્તાવસ્થાનું છે, એને તમે સ્મૃતિ કહો તો પણ પ્રથમ જ્ઞાન વિના જ્ઞાનની સ્મૃતિ જ સંભવતી નથી માટે અવિકૃત દશામાં પણ જ્ઞાનનો સંભવ છે એ વાત સિદ્ધ થાય છે અને તેથી વિકૃત અવસ્થા અને જ્ઞાનને અન્વયવ્યતિરેક સંબંધ જણાતો નથી. માટે અવશ્ય જડવાદીને જો કોઈ રીતે પણ જડાધિષ્ઠાન એકત્વનો અંગિકાર કરાવવો હોય તો તે અધિષ્ઠાનમાં ઉભય જડચૈતન્યાત્મક ગુણનો મૂળથી જ એટલે કે સ્વભાવે જ (inherent) સ્વીકાર કરવો પડશે. એકાધિષ્ઠાનમાં ઉભયનો મૂળથી જ અને સ્વાભાવિક સ્વીકાર કરવાથી નીચેનો બાધ લાવવાથી પણ અધિષ્ઠાનએકત્વનો સિદ્ધાન્ત અસત્ય છે એમ સિદ્ધ થાય છે.

હવે જો આપણે એક તરફ ગાંડછાની પૂર્વોત્તર જ્ઞાનનો અનુભવ લઈશું અને બીજી તરફ જડવાદીનો મત જોઈશું તો જડાધિષ્ઠાનએકત્વનો આપણે તિરસ્કાર કરવો જ પડશે કે તે બન્નેનો કોઈ રીતે સંબંધ સ્થાપિત થઈ શકતો નથી. ગાંડછામાં મગજની અવ્યવસ્થા થઈ જાય છે અને જડ પરમાણુઓ અહોનિશ બદલાયા કરે છે એ વાત સાયન્સથી સિદ્ધ છે અને વૈદ્યકવિદ્યાએ પણ એ વાત માન્ય કરેલી છે. જડાત્મક ગુણ પણ ગાંડછામાં બદલાઈ જાય છે અને ગાંડછા મટતાં નવી વ્યવસ્થા અને પરમાણુઓ સાથે નવા જડાત્મક ગુણની ઉત્પત્તિ અને આવિર્ભાવ જણાય છે તો અવશ્ય અધિષ્ઠાનની અવ્યવસ્થા અને તેના વિકાર સાથે ચૈતન્યત્માક ગુણનો એટલે કે જ્ઞાનનો વિકાર થવો જ જોઇએ અને નવી વ્યવસ્થાની સાથે જ્ઞાન નવું જ પ્રાપ્ત થવું જોઇએ તેમજ જૂની વ્યવસ્થાના નાશની સાથે જૂના જ્ઞાનનો પણ નાશ થવો જ જોઇએ. જડ મગજના બદલાઈ જવા સાથે જ્ઞાનમાં ફેર પડવો જોઇએ એટલે કે એક વયને ઉત્પન્ન થયલું જ્ઞાન તે પુનઃ પ્રાદુર્ભુત થઈ શકે જ નહીં અને ગાંડછામાં તો જડ મગજમાં એટલો બધો ફેર પડી જાય છે કે—જો કે સારી અવસ્થામાં પણ ધીમે ધીમે તો એકાદ માસમાં આખું જડમગજ બદલાઈ જાય છે તો પછી—ગાંડછાની પૂર્વે મળેલુ જ્ઞાન ગાંડછા મટયા પછી રહી જ શકે નહી કારણ કે જડ અને ચૈતન્યનું અધિષ્ઠાન જડ વાદીના મતાનુસાર એક જ છે અને તેજ અધિષ્ઠાનનો વિકાર છે માટે વિશેષ્યની સાથે સમવાય સંબંધ ધરાવનાર તેના ગુણમાં પણ વિકાર થવો જ જોઇએ. જો એમ કહેવામાં આવે કે નવી વ્યવસ્થા થાય છે તો તો નવી વ્યવસ્થા પ્રમાણે સંસ્કાર (impression) નવા જ થાય અને તે સંસ્કારજન્ય નવું જ જ્ઞાન ઉત્પન્ન થયેલું જ્ઞાન તે કેવી રીતે રહી શકે ? છતાં ગાંડછા મટતાં આપણને તમામ પૂર્વ વૃત્તાન્તનું જ્ઞાન ઉપસ્થિત થાય છે એ ઘણું સ્પષ્ટ છે. વળી નવા સંસ્કાર પડવાથી આપણને નવાજ્ઞાનનું ભાન થાય છે પરંતુ ગાંડછા મટયા પછી પૂર્વનું જે જ્ઞાન થાય છે તે પૂર્વના કાળનું

જરૂનું જ્ઞાન છે એવું આપણને સ્પષ્ટ ભાન રહે છે. કેટલીક વખત તો ગાંડછા મટયા પછી નવા બાહ્ય સંસ્કાર પડતા પૂર્વે જ આપણને જુનું જ્ઞાન સ્ફુરી નીકળે છે .તેનો સવિચાર અને યોગ્ય ખુલાસો જડવાદી કેવી રીતે કરી શકશે ? જે જ્ઞાન મેળવતાં ગાંડછાની પૂર્વે અનેક વર્ષ વીતી ગયાં હોય છે તેજ જ્ઞાન નવા સંસ્કારથી એક દિવસમાં-એક કલાકમાં શી રીતે મળી શકશે ? સંસ્કારથી જૂનું જ્ઞાન સ્ફુરી આવે છે એવો વાદ કરવામાં આવે તો આપણે ઉપર વિચારી ગયા કે સંસ્કાર તે પણ જડ હોવાથી જડાધિષ્ઠાનની સાથે જ નવી વ્યવસ્થામાં સ્થિત નથી તો તે સંસ્કારજન્યજ્ઞાન પણ કેમ રહી શકે ? આ તમામ વાતનો વિચાર કરતાં જડવાદીના જડાધિષ્ઠાનએકત્વનો સિદ્ધાન્ત કેવળ વિચાર શૂન્ય છે એમ સ્પષ્ટ થયા વિના રહેશે નહીં.

વિશેષ જ્ઞાન (science) ના ખુલ્લા સિદ્ધાન્તનો પણ તકરારની ખાતર અનાદર કરતાં જડવાદી જો એમ માનવા પ્રયત્ન કરે કે જડ મગજની વ્યવસ્થામાં ગાંડપણમાં પણ કોઈ પ્રકારની અવ્યવસ્થા થતી નથી અથવા જડ મગજમાં કાલાન્તરે પણ કાંઈ ફેર પડતો નથી તો તે પણ જ્ઞાન વૃદ્ધિના સ્પષ્ટ અનુભવની વિરૂદ્ધ હોવાથી અસત્ય છે એમ સિદ્ધ થાય છે. અધિષ્ઠાન એક હોય અને તેમાં જો કોઈ પણ પ્રકારની વિક્રિયા થાય નહીં તો ચૈતન્યાત્મક ગુણની વૃદ્ધિનો એટલે જ્ઞાન વૃદ્ધિનો સદા અસંભવ જ રહેવો જોઇએ કારણ કે જ્ઞાન ગુણના મૂળ જડ અધિષ્ઠાનમાં કાંઈ વિકાર (any change) નથી. ક્ષણભર બાહ્ય સૃષ્ટિથી ઉત્પન્ન થતા વિકારની સાથે માત્ર વિચારનો ફાંકો આવી તે વિકારના તરંગની સાથે જ નાશ પામવો જોઇએ અને જ્ઞાનવૃદ્ધિ અને તદન્તર ગત સ્મૃતિનો તેમાં અવકાશ નથી. વળી બાહ્ય વિકારથી જો કાંઈ જડના ઉપર સંસ્કાર વા નિશાન રહેવાનું કહો તો તે વિકાર (આગળ બતાવ્યા પ્રમાણે) જડના ઉપર પડવાથી જડાત્મક ગુણનો વિકાર થશે પરંતુ ચૈતન્યાત્મક ગુણની વૃદ્ધિનો કોઇ પ્રકારે સંભવ નથી. ચૈતન્યાત્મક ગુણની વૃદ્ધિને માટે વળી જો તેવા જડ સંસ્કારથી જ્ઞાનની ઉત્પત્તિનો આશ્રય કરો તો સંસ્કાર (જડ રૂપમાં) સર્વદા સિદ્ધ હોવાથી જ્ઞાનસ્ફુરતી સર્વ કાળમાં સ્થિત રહેવી જ જોઇએ તે પણ અનુભવ વિરૂદ્ધ છે કારણ કે એકવખત જ્ઞાન થયા પછી તે જ્ઞાનની વિસ્મૃતિરૂપે સ્ફુરતી ઉત્પન્ન થાય છે. વળી આવા આપણા તમામ જ્ઞાનને સર્વ કાળમાં સિદ્ધ અને પ્રજ્વલિત રીતે સ્ફુરિત માનીએ તો આપણા સ્પષ્ટ અને એકાગ્ર વિચારની પરંપરાના અનુભવની વિરૂદ્ધ હોઇ તે વાદ પણ અસત્ય ઠરે છે, કારણ કે સ્પષ્ટ અને એકાગ્ર વિચારને માટે અપ્રસ્તુત જ્ઞાન અવશ્ય ગૌણ જ રહેવું જોઇએ છીએ અને તેજ પ્રમાણે આપણો નિરંતર અનુભવ છે. આવી રીતે જડ મગજને સર્વદા અવિકારી રાખવાથી પણ જડાનુવાદીનો જડાધિષ્ઠાનએકત્વનો સિદ્ધાન્ત માન્ય થઈ શકે તેમ નથી. વળી જડચૈતન્યાધિષ્ઠાન એકજ અને જડ હોય અને જડ મગજમાં કાંઈ ફેર પડતો નથી એમ સત્ય માનીએ તો પછી બાહ્ય સૃષ્ટિથી ઉત્પન્ન થતા તમામ વિકારથી સર્વ મનુષ્યમાં એક સરખી રીતે જ વિચાર ઉત્પન્ન થવા જોઇએ પરંતુ ઘણી વખત આપણા અનુભવમાં આવી ગયું છે કે એક વસ્તુ સર્વને સરખી રીતે રૂચતી નથી. આવી વિષમતાનું કારણ જો પૂર્વે મેળવેલું જ્ઞાન હોય તો જ્યાં સુધી એ જ્ઞાનની સ્મૃતિ ન થાય ત્યાં સુધી તો જડ મગજના સંબંધમાં બન્ને પુરૂષો સર-

ખા જ છે છતાં એવા પૂર્વ જ્ઞાનની સ્મૃતિ થતા અગાઉ જે બે માણસોમાંથી એકની વૃત્તિ બાહ્ય સૃષ્ટિની સૌન્દર્યતામાં આનંદ માની સ્વભાવે જ "હા ઈશ્વર!" કરી ઈશ્વર સ્તુતિમાં લીન થાય છે ત્યારે બીજામાં સૌન્દર્યતા અનંગ જોર ઉત્પન્ન કરી એને કામ વિહ્વલ કરે છે એ આપણા અનુભવની વાત છે. આ અનુભવનાં કારણમાં જો એમ કહેવામાં આવે કે પ્રથમથી જ ભક્તિના વિચાર કરવાથી મગજની એવી સ્થિતિ થઈ ગઈ છે તો જડ મગજની પૂર્વ (અસલ) સ્થિતિમાં ફેર પડયો ગણાશે અને જડવાદીનો ઉપરનો તમામ વાદ રદ જશે અને જ્ઞાનને માટે જ્યાં સુધી એક માણસને પૂર્વના જ્ઞાનનું ભાન નથી અથવા તેની સ્મૃતિ થઈ નથી ત્યાં સુધી તે જ્ઞાન ન હોય તેના જેવું જ હોવાથી પૂર્વનું જ્ઞાન કાંઈ વિષમતા ઉત્પન્ન કરી શકતું નથી.

આ જડવાદને વળી આગળ ખેંચતાં જડવાદનો પ્રથમ મૂકેલો સિદ્ધાન્ત જડતાને વિચાર કરવાની શક્તિ છે અને તેથી જડ ચૈતન્યાત્મક ગુણો જડાધિષ્ઠાન આશ્રિત છે-એક ક્ષણવાર કોરે મૂકી એમ કહેવામાં આવે કે મગજ તો વિચાર કરતું નથી પરંતુ જડ મગજમાં સર્વ વ્યાપી તેના કરતાં સૂક્ષ્મતર જડ અંતઃકરણ વિચાર કરે છે એટલે મગજમાંના વિકારથી તથા તેના બદલાયાથી પૂર્વના વિચારો નાશ પામતાં નથી. માત્ર મગજ એક સાધન હોવાથી જ્યાં સુધી સાધન બગડયું હોય ત્યાં સુધી વિચાર સૂક્ષ્મ સ્થૂલ જગતમાં (in the Astral or physical plain) દૃશ્ય થઈ શકે નહી પરંતુ જ્યારે સાધન સુધરે ત્યારે એક બગડેલા વાજાને સુધાર્યા પછી આપણા મુખના પવનથી વગાડી શકાય છે તેમ અંતઃકરણ પોતાના વિચાર કરી શકે છે. અહીં આવા અંતઃકરણમાં વિચારની શકિત છે અને તે પણ જડ છે માટે તેનો આશ્રય લઈ પણ જડવાદીઓ જડાધિષ્ઠાન એકત્વના સિદ્ધાન્તને માન્ય કરશે. આ દલીલને તપાસતાં પણ માલમ પડશે કે ઉપરના ઘણાક વિચારો એટલા જ જોરથી લાગુ પડશે અને આવાદની અસત્યતા પણ તેવા જ કારણથી દૃશ્ય થશે.

(આગળ ચાલુ.)

મરણ પછીનું જીવન.*

(પાપમોચનસ્થાન.)

મરણ પછીના જીવનનો આપણો આજનો વિષય આપણ સર્વને ઘણો જ આનંદદાયક છે, તે એટલા માટે નહિ કે આપણ સર્વને એક દિવસે અવશ્ય કરીને મરવાનું છે, પરંતુ આપણામાંનો, યુવાનીયા શિવાયનો, ભાગ્યે જ કોઈ એવો હશે કે જેણે નિકટનાં અને સંગાંઓમાંના ઘણાને વા એકને મરણને લીધે (આપણે કહીએ છીએ તેમ) ગુમાવ્યાં ના હોય, તથા તેથી પણ આ વિષય વિશેષ ઉપયુક્ત છે. તેથી, મરણ પછીના જીવનની જો કંઈ પણ સાબિતી મળી શકતી હોય તો, સ્વાભાવિક રીતે જ તે જાણવાને અમે ઘણા આતુર છીએ.

પરંતુ આવા ભાષણનું નામ સાંભળનાર મનુષ્યના મનમાં પ્રથમ પ્રશ્ન ઉભો થાય છે, તે ઘણું કરીને આવો હોય છે. " મરણ પછીના જીવન વિષે ખાત્રી રૂપે કંઇ જાણી શકાતું હશે ? " વિવિધ ધાર્મિક પંથ સમૂહોએ આ વિષય વિષે આપણને વિવિધવાદ વિવાદો પૂરા પાડ્યા છે, અને તો પણ આ પંથોના પરમભક્ત અનુયાયીઓ પણ આ વિષય વિશેના તેમના ઉપદેશો ભાગ્યે જ સ્વીકારે છે, કારણ કે હજુ પણ તેઓ મરણ વિષે તો " ભયાનક રાજા " રાજા રૂપે જ વાત કરે છે, તથા સમગ્ર પ્રશ્નની આસપાસ રહસ્ય અને ભીતિ વિંટાઈ વળ્યાં હોય એમ ગણે છે. તેઓ " પરમાત્મામાં વિલય પામવો " એવા શબ્દો વાપરે છે, પરંતુ તેઓ અદ્યાપિ (મરણના ચિહ્ન રૂપે) કાળા પોશાકો અને ધૂમતાંઓ વાપરે છે, દીલગીરી દર્શાવતા ભયંકર પોશાકો ઉપયોગમાં લેવામાં આવે છે, તથા જોવાને કંટાળો આપે એવાં કાળી કીનારીવાળાં પરબીડીયાં અને નોટપેપરો વાપરવામાં આવે છે: હજુ પણ તેઓ મરણને શોકનાં આવરણોથી છાઈ નાખે છે, તથા જેથી તે વધારે ભયંકર લાગે એવી સર્વ વાતો તેની જોડે જોડવામાં આવે છે; આ વિષય વિચાર વિશે અશુભ પરંપરાથી આપણો વિચાર બંધાતો ચાલે છે; મરણ વિશે ભીતિના વિચારો આપણને આપણા પિતા પ્રપિતાઓના સમયથી વારસામાં મળતા આવે છે, અને તેથી આપણે તેમાં ટેવાઈ ગયા છીએ, તથા આવી વાતોની વિચિત્રતા અને રૌદ્રત્વનો આપણે વિચાર કરતા નથી. પ્રાચીનો આપણા કરતાં આ વિષયમાં વિશેષ જાણવાવાળા હતા કારણ કે, તેઓએ શરીરના મરણ સાથે આવી ભીતિદાયક વિચિત્ર ભાવનાઓને જોડી નથી—કદાચ એમ પણ કારણ હોય કે શરીરને ઠેકાણે પાડવાની તેમની રીતિ વિશેષ યુક્તિ પુરઃસર હતી—રીતિ કે જે મૃતમનુષ્યો માટે ઘણી જ શ્રેષ્ઠ હતી એટલું જ નહિ પરંતુ જીવતાં મનુષ્યોને પણ વિશેષ લાભકારક હતી, તથાપિ ધીમે નાશ પામવાના કંટાળા ભરેલા વિચારોથી પણ તે તદ્દન મુક્ત હતી. તે દિવસોમાં તેઓ મરણ વિશે ઘણું વધારે જાણતા હતા, અને તેઓ જાણતા હતા તેથી તેઓ થોડો શોક કરતા હતા.

---

* મી. લીડબીટરનું થીઑસૉફીસ્ટમાં આવેલું ભાષણ.

મરણ વિશે પ્રથમ વાત આપણે એ સમજવાની છે કે, આપણા જીવન ક્રમમાં તે એક સંપૂર્ણ સાહજીક બનાવ છે. આ વાત આપણને પ્રથમથી વિચિત્ર લાગે, કારણ કે જો આપણે પ્રેમીપિતારૂપ પરમેશ્વરમાં જરા પણ શ્રદ્ધા રાખતા હોઇએ તો, આપણે એટલું જાણવાની જરૂર છે કે, પ્રારબ્ધ કે જે મરણની પેઠે સર્વને સામાન્ય રીતે આવે છે, તેનામાં કોઈ માટે લેશ પણ અશ્રેયનો સમાવેશ હોવો ન જોઇએ, અને ગમે તો આપણે અત્ર અથવા પરત્ર હોઇએ તો પણ તેના હસ્તમાં સરખી રીતે આપણે સુરક્ષિત રહેવાનું જ જોઇએ. માત્ર આટલો વિચાર જ આપણને દર્શાવશે કે, મરણ એ કંઇક ભીતિ રાખવા લાયક નથી, પરંતુ આપણા વૃદ્ધિક્રમમાં એક આવશ્યક પગથિયું છે. અભેદવાદને ક્રિશ્ચિયન પ્રજાઓમાં આવીને ઉપદેશવાની આવશ્યકતા નથી કે, મરણ એક મિત્ર છે અને શત્રુ નથી, અને જો ક્રિશ્ચિયન ધર્મે પોતાની ઉત્તમ દંતકથાઓને વિશાલતાથી વિસારે પાડી ન હતો, આની જરૂર પણ નહોત. (આપણે ત્યાં પણ ગરૂડ પુરાણાદિની કલ્પનાઓથી ડરી મરનારાઓને આ વિષય ખાસ વિચારવા યોગ્ય છે.) તેઓ મરણને એક અંતસીમા કે જેમાંથી કોઇ મુસાફર પાછો આવતો નથી, એવું ગણે છે, અંધકારમાં કુદકો મારવા સમાન, કંઈક અજ્ઞાન ભીતિદાયક શૂન્યમાં જવા સમાન, તેના માર્ગને ગણવામાં આવે છે. આ તેમ જ અન્ય વિષયો વિશે અભેદવાદને પાશ્ચિમાત્ય (તેમજ અત્રની) પ્રજાને એક શાસ્ત્ર ઉપદેશવાનું છે; તેને દર્શાવવાનું છે કે, મરણની પાર ભયપ્રદ અભેદ્ય ગર્ત નથી, પરંતુ તેને બદલે પ્રકાશ અને જીવનની એક આખી સૃષ્ટિ ખડી થાય છે, અને તે આપણા શહેરની ગલી કૂચિયોની માફક આપણાથી સંપૂર્ણ રીતે, સ્પષ્ટતાથી તથા ચૂક વિના જાણી શકાય. આપણે આપણી જાતે જ આપણે માટે ભીતિ અને શોકદાયક ચિત્રો ખડાં કર્યાં છે; બાલકો ભીતિદાયક વાર્તાઓથી ડરે છે તેના જેવું આ છે; આપણે તો આ વિચારની યથાર્થ વાતોનો અભ્યાસ કરવાનો છે, અને આ સર્વ ભીતિદાતાવાદો એકદમ વિખેરાઈ જાય છે. મરણ, એ કંઇ દુઃખશોકનો શ્યામનૃપતિ નથી, જીવનના દોરાને કાપી નાખનાર દાતરડુ ઝાલનાર હાડપિંજર નથી, પરંતુ સુવર્ણ કૂચિ વહનકર્તા દેવદૂત સમાન છે, તથા તે કૂચિવડે તે આપણે માટે અત્રના કરતાં વિશેષ સંપૂર્ણ અને ઉચ્ચત્તમ જીવનનુ દ્વાર આપણા માટે ખુલ્લું મૂકે છે.

પરંતુ મનુષ્યો સાહજીક રીતે એમ પૂછશે કે, " આ સર્વ, સાહિત્યમય તથા ઘણી સુંદર વાત છે, પરંતુ યથાર્થ રીતે આ આમજ છે, એ અમારાથી શી રીતે જાણી શકાય? " મેં ઘણી વખત પહેલાં કહ્યું છે તેમ તમે એ વાત ઘણાં પ્રકારે જાણી શકો. જે કોઇ એકદો કરી તપાસવાની મહેનત લેવાની ઇચ્છા વાળા હશે, તેવાઓ માટે જોઇએ એટલો પુરાવો છે. જ્યારે આપણે નીચે પ્રમાણે વિચાર કરીએ છીએ ત્યારે **શેક્ષપીઅરનો** વિચાર યથાર્થ રીતે ઉત્તમ લાગે છે કે, ઐતહાસિક પ્રભાતના ઉદયથી આરંભીને, તથા આપણે કંઇ પણ ભાગ્યે જ જાણીએ છીએ, એવા દરેક દેશોમાં, મુસાફરો એ ગુફામાંથી હંમેશાં પાછા આવ્યાં જાય છે, તથા પોતાની જાતને પોતાના ભ્રાતાઓને દર્શાવી આપે છે: તેમને કહેવામાં આવે છે તેમ, આવી જાતનાં પ્રેતો માટે જોઇએ તેટલો પુરાવો છે. એક સમયે આવાં સર્વ વાતોને હસી કાઢવામાં આવતી હતી; હવે આવું વિશેષ વધારે વાર રહ્યું નથી, કારણ કે **થેલીયમ** ધાતુનો તથા " **રેડીયોમેટર** " નો શોધક **સર. વિલિયમ ક્રુકસ,** તથ

મહાન્ વિદ્યુતશાસ્ત્રી સર. ઑલિવર લૉજ જેવા સાયન્સ વેત્તાઓ, અને ઇંગ્લંડના હાલના મુખ્ય મંત્રિ મી. બાલ્ડર જેવાં પ્રસિદ્ધ મનુષ્યો, આવા બનાવોની શોધ માટે સ્થપાયલી એક મંડલિમાં દાખલ થયા છે, તથા ઉત્સાહથી તેના કાર્યમાં ભાગ લે છે. તમારી મરજી હોય તો આધ્યાત્મિક શોધ ચલાવનારી તે મંડલિના રીપૉર્ટોવાંચો, અને મૃતના પાછા ફર્યા સંબંધિના મળી શકે એવા પૂરાવા વિશે તમને તેમાંથી કેટલુંક માલૂમ પડશે. મી. સ્ટેડની, "Real Ghost Stories" અથવા કેમીલીફ્લેમેરીયનની "L'inconnu" જેવાં પુસ્તક વાંચો અને તમને તેમાંથી ભૂત પ્રેતસંબંધિ પુષ્કળ વૃત્તાંતો મળી રહેશે, અને તે પણ વળી શતકો પૂર્વ કોઇ દૂર દૂરના દેશમાં દેખાયલાં, એમ નહિ, પરંતુ આપણામાંના ઘણામાંના ઘણાને અત્રે જ અને હમણાં જ જોવામાં આવે છે, આવાં હજુ જીવતાં મનુષ્યો છે, તથા તેમને આપણે તેમના અનુભવોની યથાર્થતાની પરિક્ષામાટે પ્રશ્ન કરી શકીએ. હજુ પણ, મી. સ્ટેડ, તેમની પ્રસ્તાવનામાં ઘણો ભાર મૂકીને લખે છે તેમ, "અર્ધ-કેળવાયલાના સર્વગ્રાહ્ય વહેમોમાં, ભુતપ્રેત જેવી કંઇપણ વસ્તુ નથી, એવા વ્યર્થ વહેમના કરતાં, અન્ય કોઇ પણ વહેમનો વિશેષ જલદીથી અંત આવતો નથી. આત્મવિદ્યા, સાહિત્ય અથવા કલાના સર્વ ઉસ્તાદો, તથા અન્ય સર્વ અનુસ્તાદો કે જેમણે આ વિષયનો જરાક પણ ગંભિર વિચાર ચલાવ્યો છે, તેમને તો માલૂમ છે કે. તેઓનું (ભૂતપ્રેતાદિનું) અસ્તિત્વ છે. ભૂતપ્રેતાદિ, એટલે શું, એ વિષયે અનેકના અનેક પ્રકારના મત છે. પરંતુ તેના અસ્તિત્વ સંબંધે, તે ગમે તે હોય તો પણ, પ્રામાણિક શોધકોમાં તો હવે કોઈ પણ પ્રકારની ગંભિર તકરાર નથી. જો આ વિશે કોઈ શંકા કરે તો, તેને પોતાની જાતે શોધ ચલાવી જોવા દો. છ માસમાં કદાચ છ અઠવાડીયામાં અથવા દિવસમાં પણ જેને સામાન્ય જનપ્રવાહમાં ભૂતપ્રેતાદિના બનાવો તરીકે ઓળખવામાં આવે છે, તેના અસ્તિત્વની યથાર્થતા વિશે નકાર ભણવો તેને માટે તદન અશક્યવત્ થઈ પડે છે ભૂતપ્રેતાદિની પ્રકૃતિ તથા ઉત્પત્તિ વિશે તેને યુક્તિપૂર્વક અનેક ખુલાસા આપવાના હોય, પરંતુ સત્વના પોતાના અસ્તિત્વ માટે, હવે વિશેષવાર કંઇ પણ શંકા રહેતી નથી." પુરાવો, જો તમારે જોવતો હોય તો પુષ્કળ છે, અને જો તમે તેને જોવાની દરકાર ન કરતા હોતો તે તમારો જ દોષ છે, અને તેથી કોઇને નહિ પરંતુ તમારી જાતને જ ગુમાવવાનું છે; માત્ર, જો તમે તેની તપાસ ન કરી હોય તો, તમને તેને હસી કાઢવાનો તથા તેના અસ્તિત્વનો નકાર ભણવાનો, કંઈ પણ હક નથી.

આધુનિક પ્રેતાવાહનની વિદ્યામાંથી મરણ પછીના જીવનનો અન્ય પુરાવો મળી રહે છે. મને ખબર છે કે, ઘણા લોકોનું એવું ધારવું છે કે, આ દિશામાં, કપટ, છેતરબાજી વિના અન્ય કંઇ પણ પ્રાપ્ત થતું નથી; પરંતુ હું મારી જાતે જ ખાત્રીથી કહી શકું છું કે, આ આમ નથી. કપટ અને દગલબાજી થયાં પણ હોય—એટલું જ નહિ પરંતુ થયાં પણ છે—તે પણ અમુક ખાસ બનાવોમાં; આમ છતાં હું હિંમત પૂર્વક કહું છું કે, આ બાબતમાં મહાન્ સત્યોનો સમાવેશ થાય છે અને તેમની શોધમાં જે મનુષ્ય આવશ્યક સંયમ અને ધીરજનો ભોગ આપવાને ખુશી છે, તેવાને તેઓ જડી રહે છે. વળી, અત્રે પણ અભ્યાસ કરવાનું વિશાલ સાહિત્ય ખડું થાય છે, અથવા જેની ખુશી હોય તે મારી પેઠે,

પોતાની જાતે પોતા માટે અપરોક્ષ શોધ ચલાવી શકશે. ઘણાં મનુષ્યો એટલી મહેનત લેવાને ના ખુશી હોય, અથવા એટલો બધો સમય ગાળવાને પણ ખુશી ના હોય; ભલે, તે તેમનું કાર્ય છે. પરંતુ જ્યાં સુધી તેઓ શોધ ચલાવે નહિ ત્યાં સુધી, જેમણે અવલોકન કર્યું છે તેવાઓને હસી કાઢવાનો તેમને હક નથી, અને તેટલા માટે જાણો કે આ વાતો સત્ય છે.

પુરાવાની ત્રીજી દિશા કે જે જાતે જ અભેદાભ્યાસિયો માટે અતિ અગત્યની છે, તે અપરોક્ષ શોધ—અનુભવ ચલાવવાની છે. " શરીરિ અને તેનાં શરીરો ", ના વ્યાખ્યાનમાં મેં સમજાવ્યું છે તેમ, દરેક મનુષ્યનામાં પોતામાં વૃદ્ધિ પામ્યા વિનાની શક્તિયો હોય છે, કેળવાયા વિનાની ઇન્દ્રિયો હોય છે, જેમનાવડે અદૃશ્ય સૃષ્ટિ અપરોક્ષ રીતે અવલોકી શકાય છે, અને જે કોઈ આ શક્તિયો ખીલવવા મહેનત લેશે તેને મરણ પારની સમગ્ર સૃષ્ટિ, દિવસની પેઠે ખુલ્લી થઈ જાય છે. ઘણા અભેદાભ્યાસિઓએ આ આંતર ઇન્દ્રિયોનો વિકાસ ક્યારનોએ કર્યો છે, અને આ પ્રકારે મેળવેલા પુરાવાને તમારી સમક્ષ રજુ કરવાની મારી મરજી છે, મને ઘણી સારી રીતે માલૂમ છે કે, આ એક હદ પારનો દાવો કરવા જેવું છે-કોઈ પણ મંદિરના કોઈ પણ આચાર્યે, તમને મરણ પછીની સ્થિતિયોના વિચાર દર્શાવતાં ભાગ્યે જ તેણે પણ આવો દાવો કર્યો હશે. તે તમને કહેશે કે,"મંદિર આવું ઉપદેશે છે." અથવા " શાસ્ત્ર આપણને આમ કહે છે. " પરંતુ તે કદાપિ એમ કહેશે નહિ કે, " હું જે તમને કહું છું, તે મેં મારી જાતે જોયું છે, અને તે સત્ય છે એમ જાણું છું. " પરંતુ અભેદવાદમાં અમે તમને તદ્દન નિશ્ચિત રીતે કહેવાને સમર્થ છીએ કે, અમારામાંના ઘણા અમે જે વિશે વાત કરીએ છીએ તે જાતે જાણે છે, કારણ કે અમે અમારાથી શોધાયલા બનાવોના નિશ્ચિત ક્રમની વાત કહીએ છીએ, અને ક્રમાનુસાર તમે પણ તેનો તમારી જાતે શોધ કરી શકો; અમે જે જાણીએ છીએ તે તમારા આગળ દર્શાવીએ છીએ, તો પણ અમારે તમને કહેવાનું છે કે, ' જ્યાં સુધી આ વાત તમને તદ્દન યુક્તિયુક્ત ન લાગે ત્યાં સુધી અમારી ખાત્રી ઉપર આધાર રાખીને સંતોષથી બેસી રહેશો નહિ; તમારાથી બને તેટલી સંપૂર્ણ રીતે તમારી જાતે જ આ વાતોના અનુભવમાં ઉતરો, અને અમે જેટલી સાબિતીથી વાત કરીએ છીએ, તેટલી જ સાબિતીથી અન્યને વાત કરવાની સ્થિતિમાં તમે આવી શકશો, પરંતુ આ અવલોકનોથી આપણને કંઈ કંઈ યથાર્થ વાતો ખુલ્લી થાયછે.

આ વાતોને જેવી યથાર્થ અસ્તિત્વ ધરાવતી જોવામાં આવે છે, તે હાલમાં પ્રચલિત વાદવિવાદો કરતાં ઘણી જ વધારે યુક્તિપુરઃસર છે. એવું નથી જોવામાં આવતું કે, મનુષ્ય જ્યારે મરણ પામે છે ત્યારે તેનામાં કોઈ આકસ્મિક ફેરફાર થઇ જાય છે અથવા પ્રહોપપ્રહોની પાર કોઈ સ્વર્ગમાં તેને ખેંચી જવામાં આવે છે. આથી ઉલટી રીતે, મરણ પછી પણ મનુષ્ય પૂર્વે હતો તેવોને તેવો જ રહે છે બુદ્ધિ પણ તેની તેજ હોય છે, તેના ગુણો અને શક્તિયો પણ તેની તેજ હોય છે; અને પોતાનાં વિચાર ઇચ્છાઓથી પૂર્વથી પેદા કરાયલી સ્થિતિયોમાં તે પોતાને જુવે છે. આપણે ગત અઠવાડીએ કહ્યું હતું તેમ, બદલો અથવા શિક્ષા મળતાં નથી. પરંતુ મનુષ્ય આ પૃથ્વી ઉપર હોય છે ત્યારે તેણે જાતે જે કર્યું છે, કહ્યું છે, અને વિચાર્યું તે, તેના યથાર્થ પરિણામ રૂપે જ તેને તે ફલે છે. ય-

થાય કહેવા માગીએ તો, ઐહિક-જીવનમાં મનુષ્ય પોતાનું બિછાનું તૈયાર કરે છે, અને પછીથી તેને જ તેના ઉપર સુવાનું છે. પ્રથમ અને ઘણી જ અગત્યની વાત આ છે-આપણને અત્રે કંઇ એક વિચીત્ર નવીન જીવન પ્રાપ્ત થતું નથી, પરંતુ આપણા હાલના જીવનને જ લંબાવવાનું હોય છે. મરણ પામેલાંઓથી આપણે જુદા પડતા નથી, કારણ કે સર્વ સમયે તેઓ અત્રે આપણી આસપાસ હોય છે. આપણી ચેતનાના બંધનના પ્રમાણમાં જ માત્ર આપણે તેમનાથી જુદા પડતા જઇએ છીએ, તેથી આપણે આપણાં પ્રેમ પાત્રોને ગુમાવ્યાં નથી, પરંતુ તેમને જોવાની શક્તિ ગુમાવી છે. આપણે માટે આપણી ચેતનાને ઉચ્ચ બનાવવી એ તદ્દન સંભવિત વાત છે, અને તેથી પૂર્વવત્ આપણે તેમને જોઇ શકીએ તથા તેમની જોડે વાત કરી શકીએ, અને આપણામાંના ઘણા ખરા આમ સતત કર્યા જાય છે, જો કે આપણે ભાગ્યે જ આ સંપૂર્ણ રીતે સ્મરી શકીએ છીએ. પોતાનું સ્થૂલ શરીર જાગ્રદવસ્થામાં હોય તો પણ અમુક મનુષ્ય પોતાની ચેતનાને સૂક્ષ્મ શરીરમાં કેન્દ્રિત કરતાં શિખી શકે, પરંતુ આને માટે ખાસ કેળવણીની જરૂર પડશે. પરંતુ સ્થૂલ શરીરની નિદ્રાના સમયમાં દરેક મનુષ્ય પોતાના સૂક્ષ્મ શરીરનો થોડો અથવા વધારે ઉપયોગ કરે છે, અને આ પ્રકારે આપણે દરરોજ આપણા ચાલી ગયલા મિત્રોના સહવાસમાં જ હોઇએ છીએ. કોક સમયે તેમને મળ્યાનું આપણને સહજ ભાન હોય છે, અને પછીથી આપણે કહીએ કે, અમને તો તેમનું સ્વપ્ન આવ્યું; ઘણી વાર તો આવા બનાવોનું આપણને બીલકુલ પુનઃસ્મરણ થતું નથી, અને આવા બનાવ બન્યા હશે એ વાતથી પણ અજ્ઞાની રહીએ છીએ. તથાપિ એટલી તો નિશ્ચિત વાત છે કે, સદા હતાં તેવાંને તેવાં પ્રેમનાં બંધનો હજુ પણ છે, અને તેથી સ્થૂલ કોપનાં બંધનોમાંથી છુટા થવાની ક્ષણથી મનુષ્ય સાહજીક રીતે પોતે જેના ઉપર પ્રેમ રાખતો હોય છે તેવાનો સાથ શોધે છે. માટે સત્ય રીતે જોવા માગીએ તો માત્ર એટલો જ તફાવત થાય છે કે, તે તેમની સાથે દિવસને બદલે રાત્રી ગાળે છે, અને સ્થૂલને બદલે સૂક્ષ્મ રીતે તેને તેમનું ભાન હોય છે.

સૂક્ષ્મ ભુવનની સ્મૃતિને સ્થૂલ ભુવનમાં બરોબર જાળવી રાખવાની વાત એક અન્ય અને તદ્દન જુદ્યજ વિચારની વાત છે, તથા તે ભુવન ઉપર આપણી ચેતનાને એ વાત જરા પણ અસર કરી શકતી નથી, તથા તે ભુવન ઉપર સુગમતા અને સ્વાતંત્ર્યથી કાર્ય કરવાની વાત પણ તેવી જ છે. તમે તેમને યાદ લાવો વા ન લાવો તો પણ તેઓ તમારી પાસે જ તેમનું જીવન ગાળે છે, અને તેમનામાં અને આપણામાં માત્ર એટલો જ તફાવત છે કે, આપણે જેને શરીર કહીએ છીએ એવા માંસના ઉપવસ્ત્રને તેમણે દૂર કર્યું છે. જ્યારે તમે ઉપરનો કોટ ઉતારો છો ત્યારે જેમ તમારા વ્યક્તિત્વમાં લેશ પણ ફેરફાર થતો નથી, તેમ તેથી તેમનામાં પણ કંઈ ફેર ફાર થતો નથી. તમે કોટ ઉતારવાથી સહજ છૂટા થાઓ છો; કારણ કે તમારે થોડો ભાર ઉપાડવાનો રહે છે, અને લગભગ તેમની સ્થિતિ પણ તેવીજ થાય છે. મનુષ્યનાં, વાસના, રાગ, આવેશ અને બુદ્ધિમાં, જ્યારે તે મરણ પામે છે ત્યારે સહજ પણ ફેરફાર થતો નથી. કારણ કે સ્થૂલ શરીર કે જે તેણે દૂર મૂક્યુ છે, તેનાં આમાંનાં કોઇ પણ નથી. આ કોષ દૂર થાય છે, અને અન્યમાં જીવન ગાળે છે, પરંતુ હજુ પણ તે વિચારવાને શક્તિવાન હોય છે અને પૂર્વવત્ ભાવ વિકાર અનુભવવી શકે છે.

આપણી સ્થૂલ અક્ષિયોથી જેનું ગ્રહણ થઈ શકતું નથી તેની યથાર્થતાનુ સામાન્ય મનુષ્યોથી ગ્રહણ થવું એ કેટલું વિકટ છે, એ મને માલૂમ છે. આપણી દૃષ્ટિ શક્તિ કેટલી બધી એકદેશી છે, એ અનુભવવું આપણે માટે ઘણું જ કઠિન છે—જે એક સૂક્ષ્મ વિભાગ જ આપણે જોઇ શકીએ છીએ એવી વિશાલ સૃષ્ટિમાં આપણે જીવીએ છીએ એ સમજવું તે તથાપિ સ્થૂલ વિજ્ઞાન કોઇ પણ જાતના અનિશ્ચિત અવાજ વિના આપણને કહે છે કે, આ આમજ છે, કારણ કે તે ઘણાં સૂક્ષ્મ જીવનની સૃષ્ટિઓ વિશે ઉપદેશે છે, અને તેમના વિશે આપણી ઇન્દ્રિયોના સંબંધમાં તો આપણે તદ્દન અજ્ઞાત છીએ. તેમજ તે સૃષ્ટિઓનાં પ્રાણીઓ પણ તેઓ સૂક્ષ્મ છે માટે ઓછી અગત્યનાં નથી, કારણ કે આવાં કેટલાંક સૂક્ષ્મ જંતુઓની સ્થિતિ અને ટેવોના જ્ઞાન ઉપર, શરીર સંપત્તિ જાળવવાની શક્તિનો અને ઘણા ખરાં દૃષ્ટાંતોમાં તો જીવનનો પણ આધાર રહે છે. પરંતુ આપણી ઇન્દ્રિયો અન્ય દિશામાં હદ વાળી હોય છે. આપણી આસપાસ વિંટાઇ રહેલા પવનને જ આપણે જોઇ શકતા નથી, તેના અસ્તિત્વનો પુરાવો આપણી કોઈ પણ ઇન્દ્રિયો આપી શકતી નથી, પરંતુ જ્યારે તે ગતિમાન હોય છે ત્યારે સ્પર્શેન્દ્રિયદ્વારા આપણને તેનું ભાન થાય છે. તથાપિ તેનામાં એક એવી શક્તિ છે કે જેના વડે આપણાં પ્રબલ સમુદ્રયાનોને પણ છિન્ન ભિન્ન કરી નાંખે, તથા આપણાં સબલ મકાનોને પણ ઉથલાવી પાડે. તમે જુઓછો કે કેવી રીતે આસપાસ પ્રબલ શક્તિયો અસ્તિત્વ ધરાવે છે, કે જે હજુ પણ આપણી એકદેશી અને નિર્બલ ઇન્દ્રિયોને મોહમાં ભમાવે છે; તેથી આપણે જેટલું જોઇએ છીએ, એટલું જ જોવાનું છે, એવી વિચિત્ર રીતે સામાન્ય થઈ પડેલી ભૂલમાં ફસાતાં આપણે સ્પષ્ટ રીતે સાવધાન રહેવાનું છે.

જાણે આપણને એક કિલ્લામાં પૂર્યા હોય એવા આપણે છીએ, અને અમુક દિશાઓમાં ખુલતી નાની બારીઓરૂપે ઇન્દ્રિયો છે. ઘણી અન્ય દિશાઓ માટે આપણે તદ્દન અંદર પૂરાઈ રહેવું પડ્યું છે, પરંતુ વિજ્ઞ અથવા સૂક્ષ્મ દૃષ્ટિદ્વારા એક અથવા બે વિશેષ બારીઓ આપણે માટે ખુલ્લી થાય છે અને તેથી આપણો પ્રદેશ વિસ્તાર પામે છે, તથા એક નવીન અને વિશાલ સૃષ્ટિને આપણી સમીપ ખડી કરે છે, તે હજુ પણ જુનીનોજ એક વિભાગ હોય છે, જો કે પૂર્વે તો આપણને તેનું ભાન પણ ન હતું.

આ નવીન સૃષ્ટિનું અવલોકન કરતાં આપણે પ્રથમ શું જોઇશું? ધારો કે, આપણામાંનો એક પોતાની ચેતનાને સૂક્ષ્મ ભુવનમાં કેન્દ્રિત કરે, તો તેને નવાઇ પમાડતા પ્રથમ ફેરફારો શા શા થશે? પ્રથમ દૃષ્ટિ પોતે તો, ભાગ્યેજ સહજે ફેરફાર માલૂમ પડશે, તથા જાણે તેની તેજ પૂર્વ સૃષ્ટિ જોતો હોય, એમ પોતાની જાતે માનશે. આ આમ કેમ થાય છે એમને તમને સમજાવવા ઘો—બની શકે તેટલું, કારણ કે સંપૂર્ણ સમજાવવાને સૂક્ષ્મ-જડ-શાસ્ત્ર (Astral physics) વિશે એક આખું ભાષણ જોઇએ. જેમ અત્રે જડની વિવિધ સ્થિતિયો હોય છે,—નક્કર, પ્રવાહિ, વાયુરૂપ, તેમ તે ભુવનમાં પણ સૂક્ષ્મ જડની ઘટ્ટતાના પ્રમાણમાં સ્થિતિયો અથવા અનુક્રમ હોય છે, અને તે દરેક સ્થિતિ, સ્થૂલ ભુવન ઉપર જે તેવા સદૃશ હોય છે, તેનાવડે આકર્ષાય છે તથા તેની સાથે સંબંધ ધરાવે છે; તેથી જે દિવાલો અને સરસામાન જોવામાં તમારો મિત્ર ટેવાયો હતો, તેનાં તે હજુ પણ તો

જુએ છે, કારણ કે, સ્થૂલ જડ કે જેથી તેઓ બનેલાં છે, તે હવે તેને વધારે વાર દૃશ્ય થઈ શકતું નથી, પરંતુ સૂક્ષ્મ જડની ઘટ્ટ સ્થિતિ દ્વારા તે સદા તેની સમીપ હમેશની માફક સ્પષ્ટ દીતે ખડાં થાય છે. ઠીક, જો તે પદાર્થને બારીકીથી તપાસશે તો માલૂમ પડશે કે, આ અન્ય ભુવન ઉપર હોય છે તેમ, માત્ર અદૃશ્ય રીતે નહિ પરંતુ દૃશ્ય રીતે સર્વે અણુઓ ત્વરિત ગતિમાં હોય છે; પરંતુ ઘણાં થોડાંજ મનુષ્યો આવું સૂક્ષ્મ અવલોકન કરે છે, તેથી મનુષ્ય જ્યારે મરી જાય છે ત્યારે તેને પ્રથમ ઘણી વખત માલૂમ પડતું નથી કે, તેનામાં કોઈ પ્રકારનો ફેરફાર થયો છે.

તે પોતાની આસપાસ જુએ છે, અને પોતે ભોમીઓ હોય છે, તેના તેજ ઓરડા જુએ છે, તથા તે જાણતો હોય છે અને ચહાતો હોય છે તેવાં મનુષ્યો હજુ પણ તેમાં વસતાં હોય છે—કારણ કે તેમને સર્વને પણ સૂક્ષ્મ શરીરો હોય છે, અને તેઓ તેના નવા દૃષ્ટિ પથમાં હોય છે. માત્ર ક્રમે ક્રમેજ તેના જાણવામાં આવે છે કે, કેટલીક રીતે થોડોક ભેદ હોય છે. દૃષ્ટાંત તરીકે, તેને તુર્તજ માલૂમ પડે છે કે, તેને માટે સર્વ દુઃખ અને શ્રમ દૂર થયાં છે. આનો અર્થ શો થાય છે, એજો તમે જરા પણ સમજી શકશો, તો તમને ઉચ્ચ જીવન યથાર્થ રીતે શું છે, એનો સહજ ખ્યાલ આવવાનો પ્રારંભ થશે. તેના વિશે વિચાર કરો; તમને તો ભાગ્યેજ સુખની એકાદ ક્ષણ પ્રાપ્ત થાય છે, તમને તમારા ધાંધલીયા જીવનમાં, છેલ્લામાં છેલ્લા તમે ક્યારે શ્રમ રહિત થયા હતા, એટલું પણ ભાગ્યેજ યાદ રહી શકે છે; કંટાળો, દુઃખ, એ શબ્દોના અર્થને કદાપિ પુનઃજાણવો નહિ, અમરત્વના વિષય વિશેના એથી તમને શું સૂચવાય છે ? પાશ્ચિમાત્ય (તેમજ અત્રના) દેશોમાં આપણા વિચારનો એવો દુરૂપયોગ થયો છે કે, સામાન્ય રીતે એક મૃત મનુષ્યને આટલું માનતાં પણ ગુંચવણ પડે છે કે, તે મરણ પામ્યો છે, અને તે આમ માને છે તે પણ એટલાજ માટે કે, તે હજુ પણ જુએ છે અને સાંભળે છે, વિચારે છે અને અનુભવે છે. "હું મરણ પામ્યો નથી" એમ તે વારંવાર કહે છે, "હું સદા હતો તેવોજ જીવતો છું, અને પૂર્વે કદાપિ હતો તેના કરતાં હાલ ઘણી સારી સ્થિતિમાં છું." ખરેખર તે તેમજ છે; પરંતુ જો તેને યોગ્ય રીતે શિખવવામાં આવ્યું હોત, તો તેને માલૂમ પડ્યું હતું કે તેણે જેવી આશા રાખવી જોઈતી હતી તેવુંજ બરોબર તે છે.

આ સ્થિતિનો અપરોક્ષ અનુભવ કદાચ તેને આ પ્રમાણે થાય. તે પોતાના મિત્રોને આસપાસ જુએ છે, પરંતુ તેને એકદમ માલૂમ પડે છે કે, તેનાથી તેમની જોડે હમેશાં સંબંધ રાખી શકાતો નથી. કોઈ કોઈ વખત તે તેમની સાથે વાત કરે છે, અને તેઓ જાણે સાંભળતા ન હોય, એમ જણાય છે; તે તેમને સ્પર્શવાનો પ્રયત્ન કરે છે અને તેને જડી આવે છે કે તેમના ઉપર તેનાથી લેશ પણ સંસ્કાર થઇ શકતો નથી. ત્યાર પછી પણ કેટલોક સમય તો તે પોતાની જાતે એવુંજ માને છે કે, પોતે સ્વપ્નાવસ્થામાં પડ્યો હતો અને હાલજાતે જાગ્રત થાય છે, કારણ કે અન્ય સમયે તો (જ્યારે તેઓ આપણે કહીએ છીએ તેમ નિદ્રામાં હોય છે ત્યારે) તેના મિત્રો, તેના વિશે સંપૂર્ણ ભાનવાળા હોય છે, તથા પ્રથમની માફક તેની સાથે વાતચીત કરે છે. પરંતુ ક્રમેક્રમે તે શોધી કાઢે છે કે, બધા વિચારો દૂર કરતાં તે મરણ પામ્યો છે, અને પછીથી ઘણું કરીને તેનો જીવ

અસ્વસ્થ થાય છે. શા માટે? ફરીથી વળી કારણ કે તેને જે ઉપદેશ મળ્યો છે તે અસપૂર્ણ હોય છે. તે ક્યાં છે, તેની તેને સમજ પડતી નથી અથવા શું થયું છે તે પણ તે સમજી શકતો નથી, કારણ કે જેવા સુસ્ત દૃષ્ટિબિંદુથી તે આશા રાખતો હતો તેવી તેની સ્થિતિ નથી હોતી. એક અંગ્રેજ સૈન્યાધિપતિએ આ પ્રસંગે એક સમયે કહ્યું હતું, "પરંતુ જો હું મરી ગયો હોઉંતો, હું ક્યાં છું? જો આ સ્વર્ગ હોય, તો તેની મને વિશેષ કિંમત નથી; અને જો આ નર્ક હોય, તો જેવી હું આશા રાખતો હતો તેના કરતાં તે ઉત્તમ છે."

ઘણે ભાગે તદ્દન નિરર્થક અસ્વાસ્થ્ય અને તીવ્ર દુઃખ પણ, આ પ્રકારે ઉપસ્થિત થાય છે, અને જેઓ તર્ક અને સાધારણ અક્કલ વાપરવા કરતાં, અસ્તિત્વ ને ધરાવતાં સત્વોની નકામી જોડી કાઢેલી વાતો હજુ પણ દુનિયાને ઉપદેશે છે, તેમને શિર દોષ છે. પાયા વિનાના અને નિંદ્ય, તાર્કિક દુઃખોના વાદે, તેના પ્રવર્તકો જાણે છે તેના કરતાં ઘણું અશુભ કર્યું છે, કારણ કે મરણ પછીની સૃષ્ટિમાં તેમજ અત્રે તેનાથી અશુભ થયું છે. પરંતુ થોડાજ સમયમાં તે મનુષ્યને અન્યમૃતમનુષ્ય સાથે મળવાનું થાય છે, જેને વિશેષ વિવેકપૂર્વક ઉપદેશ મળ્યો હોય છે, અને તેની પાસેથી તેને શિખવાનું મળે છે કે, ભીતિનું કારણ નથી, તથા આ નવી દુનિયામાં પણ જુનીની માફકજ તર્કપૂર્વક જીવન ગાળવાનું છે.

તેને ક્રમેક્રમે માલૂમ પડે છે કે, નવું પણ ઘણુંજ છે તેમજ તે પ્રથમથી જાણતો હોય છે તેમાં સમાવેશ થઈ જાય, એવું પણ ઘણું હોય છે; કારણ કે આ સૂક્ષ્મદુનિયામાં વિચારો અને વાસનાઓ પોતાની મેળે દૃશ્ય સ્વરૂપોમાં પ્રદર્શિત થાય છે, જો કે તેઓ પણ ઘણે ભાગે તો આ ભુવનના સૂક્ષ્મ જડનાંજ બનેલાં હોય છે. જેમ જેમ તેનું સૂક્ષ્મ જીવન વધવા માંડે છે તેમ તેમ, આ વિશેષને વિશેષ આગળ પડતાં થતાં જાય છે, કારણ આપણે એટલું યાદ રાખવું જોઇએ કે, આ બધા સમયમાં ક્રમેક્રમે તે પોતામાં વધારેને વધારે અંતર્મુખ થતો જાય છે. પ્રથમ પોતાની જાતને જડમાં અવતારવામાં તથા પછીથી પોતાના પ્રયત્નોના પરિણામદ્વારા પુનઃપ્રતિનિવૃત્ત થવામાં, જીવાત્માવડે પુનર્જન્મનો સત્ય સમય યથાર્થ રીતે રોકાય છે. જો એક સામાન્ય મનુષ્યને જીવનના રૂપકને દર્શાવતી લીટી દોરવા કહીશું તો તે ઘણું કરીને એક સીધી દોરશે—જન્મથી એક લંબવર્તુલ રૂપે દર્શાવવું જોઇએ, ઉચ્ચ માનસિક ભૂમિકાના જીવાત્માથી પ્રારંભાતું તેમજ તેનામાં નિવૃત્ત થતું. એ લીટી માનસિક ભુવનના અધમ વિભાગમાં અવતરશે અને પછીથી સૂક્ષ્મમાં લંબવર્તુલના અધોભાગમાં સરખામણીમાં ઘણોજ થોડો ભાગ સ્થૂલભુવન ઉપર રહેશે, અને તે લીટી તૂર્તજ સૂક્ષ્મ અને માનસિક ભુવનોમાં પુનઃ ઉચ્ચ પ્રયાણ કરશે: વક્રભાગનો તે અલ્પવિભાગ કે જે, સૂક્ષ્મ અને સ્થૂલ ભુવનો વચ્ચેની હદને દર્શાવતી લીટી રૂપ છે તે દોરવા કહીશું, તો તે ઘણું કરીને એક સીધી દોરશે—જન્મથી આરંભાતી અને મરણ સાથે અંત પામતી; પરંતુ અભેદવાદીએ તો જીવનને એક લંબવર્તુલ રૂપે દર્શાવવું જોઇએ, ઉચ્ચ માનસિક ભૂમિકાના જીવાત્માથી પ્રારંભાતું તેમજ તેનામાં નિવૃત્ત થતું. એ લીટી માનસિક ભુવનના અધમ વિભાગમાં અવતરશે અને પછીથી સૂક્ષ્મમાં લંબવર્તુલના અધોભાગમાં સરખામણીમાં ઘણો જ થોડો ભાગ સ્થૂલભુવન ઉપર રહેશે, અને તે લીટી તૂર્ત જ સૂક્ષ્મ

અને માનસિક ભુવનોમાં પુનઃ ઉચ્ચ પ્રયાણ કરશે. વક્રભાગનો તે અલ્પ વિભાગ કે જે, સૂક્ષ્મ અને સ્થૂલ ભુવનો વચ્ચેની હદને દર્શાવતી લીટીના અધો ભાગમાં હોય છે, તેનાથી સ્થૂલ જીવન દર્શાવાય છે, અને બિંદુઓ કે જેમાંથી એ લીટીનો વક્ર વિભાગ પસાર કરી જાય છે, તે જન્મ મરણ દર્શાવશે-સ્પષ્ટ રીતે સમગ્રમાં તે ઘણાં અગત્યનાં બિંદુઓ નથી.

ખરૂં કેન્દ્ર તો સ્પષ્ટ રીતે જીવાત્માથી દૂરમાં દૂર રહેલું છે-જાણે મહા ફેરફાર કરનાર હોય તેવી સ્થિતિ-જેને આપણે ખગોળશાસ્ત્રમાં સૂર્યથી દૂરમાં દૂરનું બિંદુ કહીએ છીએ. તે જન્મ તેમજ મરણ નથી, પરંતુ સ્થૂલ જીવનનું તે મધ્ય સ્થાનિય બિંદુ હોવું જોઇએ, જ્યારે બહિર્ ધાવનમાં જીવાત્માની શક્તિ ખુટી જાય છે તથા સંક્રમણની લંબાણ વિધિ પ્રારંભવા તરફ વળે છે. ધીમે ધીમે તેના વિચારો ઉચ્ચપ્રતિ વળવા જોઇએ, માત્ર સ્થૂલવાતો માટે તે થોડી થોડી પર્વા રાખતો જાય છે, અને આવા સમયમાં તે સ્થૂલ શરીરને તદ્દન દૂર ફેંકી દે છે. તેનું સુક્ષ્મ ભુવન ઉપરનું જીવન શરૂ થાય છે, અને તે સમગ્રમાં સંક્રમણ વિધિ પ્રવર્તાવાં જાય છે. આનું પરિણામ એમ થાય છે કે, જેમ સમય વીતે છે તેમ તેમ, અધમજડ કે જેના વડે સ્થૂલપદાર્થોના વિભાગો નિર્માયલા હોય છે, તેના પ્રતિ તે થોડું ને થોડું લક્ષ આપ્યાં જાય છે, તથા તે ઉચ્ચ જડ કે જેનાં વિચાર-સ્વરૂપો બંધાય છે, તેમાં તેનું વિશેષ ધ્યાન રોકાય છે-આટલે સુધી એટલે સૂક્ષ્મ ભુવન ઉપર જરા પણ વિચાર-સ્વરૂપો દેખાય ત્યાં સુધી તેથી તેનું જીવન વધારેને વધારે વિચાર સૃષ્ટિનું જીવન થતું જાય છે, અને તેણે સામ કરેલી સૃષ્ટિનો વિભાગ તેના દૃષ્ટિપથમાંથી દૂર થતો જાય છે-તેણે દિક્‌માં પોતાનું સ્થાન બદલ્યું છે માટે નહિ, પરંતુ તેના હિતનું કેન્દ્ર બદલાતું જાય છે માટે તેની ઇચ્છાઓ હજુ પણ અસ્તિત્વમાં હોય છે, અને તેને વિંટી લેતાં સ્વરૂપો મોટે ભાગે તો આ ઇચ્છાઓનું પ્રદર્શન જ છે, અને તેનું જીવન સુખમય વા દુઃખમય છે, તે પણ મૂખ્યત્વે કરીને આમના ઉપર આધાર રાખે છે.

આ સૂક્ષ્મજીવનના અભ્યાસમાંથી આપણને તદ્દન સ્પષ્ટ રીતે માલૂમ પડે છે કે, ઘણા નીતિશાસ્ત્રના ઉપદેશોનાં શાં કારણો હોય છે. ઘણાં મનુષ્યો સ્વીકારે છે કે, અન્યને દુઃખ કર્તા પાપો, નિશ્ચિત અને સ્પષ્ટ રીતે અશુભ છે; પરંતુ તેઓ કો કો સમયે નવાઇ પામે છે કે, જ્યાં સુધી તેઓ કાર્ય અથવા વાણીમાં આવૃત્તિયોને પ્રદર્શિત થવા દેતા નથી ત્યાં સુધી તેમને માટે ઈર્ષ્યા અથવા તીરસ્કાર અથવા લોભને કેળવવાં એ ખોટું કેમ કહેવાય. આ પશ્ચાત્-સૃષ્ટિમાં એક દૃષ્ટિપાત જ આપણને બરોબર દર્શાવે છે કે, જે મનુષ્ય આવી ભાવનાઓ રાખતો હોય છે તેને તેઓ શી રીતે હેરાન કરે છે, તથા તેના મરણ પછી તેને તેઓ કેવી રીતે તીવ્ર પ્રકારનું દુઃખ દે છે. જો આપણે સૂક્ષ્મ જીવનનાં કેટલાંક આગળ પડતાં દૃષ્ટાંતો અવલોકીશું તો આ આપણને સારી રીતે સમજાશે તથા તેમનાં મૂખ્ય ચિહ્નો પણ શાં હોય છે તે પણ જોવામાં આવશે.

પ્રથમ તો આપણે રંગ વિહીન સામાન્ય મનુષ્ય વિશે વિચાર ચલાવીએ; જે ખાસ કરીને સારો નથી તેમજ ખાસ કરીને ખરાબ પણ નથી તેમજ ખાસ કરીને અમુક પ્રકારનો પણ નથી. એ મનુષ્ય કોઈ પણ પ્રકારે બદલાયલો નથી તેથી તેના મરણ પછી તેનું

મૂખ્ય ચિહ્ન વર્ણવિહીન રહેશે (જો આપણે તેમ કહી શકીએ તો) તેને કોઈ ખાસ દુઃખ અને ખાસ સુખ હોતાં નથી તથા ઘણું કરીને તેને સૂક્ષ્મ જીવન આળસુના જેવું લાગે છે, કારણ કે તેના પૃથ્વિ ઉપરના સમયમાં તર્કપુરઃસર કોઈ પણ સ્વાર્થની વૃદ્ધિ કરી હોતી નથી. જો તેને, ગપ્પાં અથવા જેને રમત ગમ્મત કહેવાય છે તે, અથવા પોતાના દરરોજના કાર્યની પારનો, અથવા પોતાનાં વસ્ત્રોના કરતાં અન્ય વિચારો નહિ હોય તો, જ્યારે આવી સર્વ વાતો બની શકવી અસંભવીત હોય છે ત્યારે તેને સાહજીક રીતે સમય વ્યતીત કરવો ભારે થઈ પડે છે. પરંતુ જે મનુષ્યને અધમ જડ જાતની પ્રબલ વાસનાઓ હોય છે, કે જે માત્ર સ્થૂલ ભુવન ઉપર જ પૂરી પાડી શકાય છે, તેવાની સ્થિતિ વળી ઘણીજ ખરાબ થાય છે. મદ્યપાનમાં અથવા વિષય વાસનામાં આસક્ત થયલાઓ વિશે વિચારો અધીન કરી લેતી કામનાઓનો ઐહિક જીવનમાં તે ગૂલામ હોવાથી, મરણ પછી પણ તે હજુ અપૂર્ણ જ રહે છે—એટલું જ નહિ, પરંતુ હમેશ કરતાં તે વિશેષ પ્રબલ હોય છે, કારણ કે તેમનાં મોજાંઓને હવે વધારેવાર ભારે સ્થૂલઅણુઓને ગતિમાં મૂકવાનો હોતા નથી. પરંતુ આ ભયંકર તૃષ્ણાને સંતોષવાનો સંભવ સદા માટે દૂર થાય છે, કારણ કે શરીર કે જેના વડે જ માત્ર તેને સંતોષી શકાય છે, તે દૂર થાય છે. આવા પ્રકારની દુઃખદાયક તૃષ્ણાનાં મોજાંઓ માટે, પાપમોચનસ્થાનના (પ્રેતલોક—પિતૃલોક ?) અગ્નિ આદિ વડે દુઃખ દેવાવાનાં વર્ણનો, લેશ પણ અયોગ્ય રૂપકો (વર્ણનો) નથી, એમ આપણને માલૂમ પડે છે. સારી રીતે આ તૃષ્ણા એક લાંબા સમય પર્યંત પહોંચે, કારણ કે ક્રમે ક્રમે પોતાની મેળે પૂર્ણ થઇને જ માત્ર તે દૂર થાય છે, અને આવા મનુષ્યનું ભાગ્ય અવશ્ય કરીને એક ભયાવહ થઈ પડે છે. તથાપિ આનો વિચાર કરતા પૂર્વ મનમાં રમરી રાખવા યોગ્ય એ વાતો છે. પ્રથમ, મનુષ્યે તે સ્થિતિ તદન પોતા માટે જ પ્રાપ્ત કરી હોય છે તથા તેની શક્તિનો ક્રમ અને સ્થાયિત્વનો પણ બરોબર નિશ્ચય કર્યો હોય છે. જો તેણે ઐહિક જીવનમાંજ તે તૃષ્ણાનો સંયમ કર્યો હોતતો તેને મરણ પછી તેટલા પ્રમાણમાં તે યોહું દુઃખ દઈ શકત અન્ય એ કે, દૂર્ગુણને દૂર કરવાનો માત્ર એજ માર્ગ તેને માટે છે. મદ્ય વા વિષયાસક્તિના જીવનમાંથીજ તે એકદમ અન્ય જન્મમાં જઈ શકે તો તે તેના દૂર્ગુણનો ગૂલામ થઇને અવતરશે, તે શરૂઆતથી જ તેના ઉપર પ્રાબલ્ય ભોગવશે, તથા તેને માટે તેમાંથી બચવાનો પણ ભાગ્યે જ સંભવ રહેશે. પરંતુ મરણ પછી પણ જો તૃષ્ણા પોતાની જાતેજ દૂર થઈ જાય છે તો, તે તેનો નવીન ક્રમ એ જન્મ લેવાની મહેનત વિના પણ અનુસરી શકશે, અને જીવાત્મા પણ, આવો સપ્ત ઉપદેશ મળવાને લીધે, પોતાની અધમ ઉપાધિયોને આવી જાતની ભૂલ ફરી કરવામાંથી બચાવવાને બની શકે તેટલો દરેક પ્રયત્ન કરશે.

હાલના શિક્ષસમયથી આરંભીને પણ આ સર્વ, દુનિયાને જણાયલું હતું. એક પ્રેતની દંતકથામાં આપણે માટે સ્પષ્ટ રીતે આલેખાયલું જોઇએ છીએ કે, તેને હમેશાં તીવ્રતપા સહન કરવી પડતી હતી, તથાપિ પાણી તેના ઓષ્ટને અડવા વારો આવે, કે તરત દૂર થાય, એવી રીતે પાણી તેના જોવામાં આવે, એવું તેના કર્મમાં હતું. બીજાં અનેક પાપો આવા પ્રકારની ભયપ્રદરીતે પોતાનાં પરિણામ લાવે છે, જો કે દરેકને દરેકનું પરિણામ ખાસ હોય છે. લોભી મનુષ્ય જ્યારે વધારે

પૈસો એકઠો કરી શકતો નથી, તથા જ્યારે તેના જાણવામાં આવે છે કે, તે પૈસો તેનાથી વિરુદ્ધ મનુષ્યોથી વપરાઈ જાય છે, ત્યારે તેને કેટલું દુઃખ ખમવું પડે છે, એ વિચારો. ઇર્ષ્યાળુ મનુષ્યને માલૂમ હોય છે કે, મરી ગયા પછી હવે સ્થૂલભુવનનાં કાર્યોમાં વચ્ચે આવવાની તેને શક્તિ હોતી નથી તથાપિ હમેશના કરતાં પોતાની જાતને તે વિશેષ બલવાન્ ધારે છે, તેને પોતાની ઇર્ષ્યા માટે કેટલા બધા લાંબા સમય માટે ખમવું પડે છે, એ વિચારો. ગ્રીક પુરાણભાવનામાંના સીસિફસ નામના પ્રેતના ભાવિનું સ્મરણ કરો—કેવી રીતે તેને હમેશાં એક ભારે ખડકને એક પર્વતની ટોચ ઉપર લઈ જવાનો હતો, અને તે પણ જ્યાં તે ઠેઠ પહોંચવાની અણી આવતી કે તુર્ત જ નીચે ગબડી ગયલોજ માત્ર તેને જોવાનો હતો. ઐહિક જીવનના લોભમાં ફસાયલા એક મનુષ્યને આ વાત કેવી સારી રીતે બરોબર દર્શાવે છે, એ વિચારો. તેને તેના સમગ્ર જીવનમાં સ્વાર્થયુક્તિયો રચવાની ટેવ હતી, અને તેથી સૂક્ષ્મદુનિયામાં પણ તે તેવું ને તેવું જ કર્યા જાય છે; તે પોતાની યુક્તિ સંભાળપૂર્વક, સંપૂર્ણ થાય ત્યાં સુધી પોતાના મનમાં બાંધ્યાં જાય છે અને પછીથીજ તેને માલૂમ પડે છે કે, તેને સંપૂર્ણ કરવાને આવશ્યક સ્થૂલશરીર તેણે ગૂમાવ્યું છે; તેની આશાતૃષ્ણાઓ પડી ભાગે છે; તો પણ આ ટેવ તેનામાં એટલાં બધાં ઊંડાં મૂળ ઘાલે છે કે, જ્યાં સુધી દુર્ગુણ દૂર થાય છે ત્યાં સુધી તે જે ફરી ફરીથી તેના તેજ તૃષ્ણાના પર્વત ઉપર તેનો તેજ પથ્થર ચઢાવવાનો હોય છે, પછીથી અંતે તેને અનુભવાય છે કે, તેને આ ખડક ગબડાવવાની જરૂર નથી, અને તેને પર્વતની તળેટીમાં શાંતિથી પડી રહેવા દે છે.

આપણે સાધારણ મનુષ્યની તથા પોતાના સ્વાર્થો તથા સ્થૂલકામનાઓને લીધે તેનાથી જુદા પડતા અન્ય મનુષ્યની સ્થિતિ વિશે વિચાર કર્યો. હવે આપણે અન્ય મનુષ્ય કે જે સામાન્યના કરતાં અન્ય દિશામાં જુદો છે—જેને કંઈક વિચારવંત પ્રકૃતિનો લાભ હોય છે, તેની સ્થિતિનો તપાસ કરીએ. મરણ પછીનું જીવન તેને કેવું દેખાય છે, તે સમજવા માટે આપણે એટલું સ્મરીરાખવાની જરૂર છે કે, માનવજાતનો ઘણો ભાગ, પોતાનું જાગ્રદવસ્થાનું જીવન તથા પોતાનો બલનો ઘણો ખરો ભાગ, પોતાને ખરેખરી રીતે ગમતું નથી હતું, તેવા કાર્યમાં કાઢે છે; પોતાના જીવન પોષણ માટે તથા તેમના ઉપર આધાર રાખતાંને આશ્રય આપવાની આવશ્યકતા ન હોતતો, તેઓ તે કાર્ય ભાગ્યે જ કરત. જ્યારે આ કચડી મારતી મહેનતની આવશ્યકતા દૂર થાય છે, જ્યારે જીવનપોષણ કમાવું જરા પણ વધારે ઉપયોગી રહેતું નથી, કારણ કે સૂક્ષ્મશરીરને અન્નવસ્ત્ર, તેમજ આલસની જરૂર નથી, ત્યારે તે મનુષ્યની શી સ્થિતિ થાય છે, તે વિચારી અનુભવો. પછીથી આબાલ્યથી આરંભી પ્રથમ સમય માટે જ, પોતે જે ધારતો હોય તે યથાર્થ રીતે કરવાને તે મનુષ્ય છૂટો થાય છે, અને તેનો જે પસંદ કરેલો ધંધો હોય છે તેમાં તે પોતાનો સમગ્ર સમય વ્યતીત કરી શકે છે—આટલે સુધી, એટલે તે એવી પ્રકૃતિનો હોય છે કે સ્થૂલજડના વિના પણ તેનો અનુભવ કરી શકાય છે. ધારો કે અમુક મનુષ્યને સંગીતમાં ઘણી જ ગમ્મત પડે છે; સૂક્ષ્મભુવનમાં તેને પૃથિવી ઉપર જેટલાં શ્રેષ્ઠ સંગીત સંભવી શકે છે તે સર્વ સાંભળવાનો લાગ મળે છે, તથા આ નવીન સ્થિતિયોમાં પ્રથમના કરતાં ઘણું ઘણું ઉત્તમ સાંભળવાને

અનેક માર્ગે કાર્ય કરવાના પ્રસંગો મળે છે તેમાંથી ઘણું શિખવાનું મળે છે; નિઃસ્વાર્થી પ્રયત્નની ટેવ હોવાથી ઘણાં વિશેષ શક્તિયો અને ગુણો સહિત તે આ દુનિયામાં પાછો આવે છે. માટે આ વૃદ્ધિસંબંધના પ્રશ્નમાં આપણે કોઇ પ્રકારની ભીતિ રાખવાનું કારણ નથી.

ઘણી વખત ઉઠાવવામાં આવતો અન્ય પ્રશ્ન એવો છે કે, આપણાં પહેલાં મરી ગયલાં આપણાં પ્રેમ પાત્રોને આપણે ઓળખી શકીએ? ખાત્રીથી ઓળખી શકીએ, કારણ કે તે તેમજ આપણે કોઇપણ બદલાઈ જતા નથી; તો શા માટે આપણે તેમને ઓળખી ના શકીએ? આકર્ષણ તો હજુ પણ તત્ર હોય છે, અને જેઓને તે લાગી શકે છે તેઓને એકદા ખેંચાવામાં તે લોહચુંબકસમવર્તે છે, અને તે પણ અત્રના કરતાં વધારે બલથી તથા વધારે ખાત્રીથી; એટલું ખરૂં કે, જો એક પ્રેમી આ દુનિયાને ઘણાં દિવસો પૂર્વે છોડી ગયું હોય તો તે સૂક્ષ્મદુનિયાની પાર ક્યારનોએ ચાલી ગયો હશે, અને સ્વર્ગજીવનમાં પ્રવેશ કર્યો હશે. આવા દૃષ્ટાંતમાં, તેની સાથે આપણે થઈ શકીએ તે પૂર્વે તેની ભૂમિકા સુધી-જતા સુધી આપણે વાટ જોવી જોઇએ, પરંતુ જ્યારે તે ભૂમિકાએ જવાય છે ત્યારે આ બંધિખાનામાં આપણે કદાપિ મેળવી શકીએ તેના કરતાં વિશેષ સંપૂર્ણ રીતે આપણા મિત્રને મેળવી શકીએ છીએ. પરંતુ આટલી તો તમે ખાત્રી રાખો કે તમને જેમને માટે પ્રેમ હતો, તેઓ ખોવાઇ ગયા નથી; તેઓનો હમણાં થોડા સમયમાંજ મરી ગયા હશે તો તે તમને સૂક્ષ્મ ભુવનમાં જડી શકશે; જો ઘણા સમય પૂર્વે મરી ગયા હશે તો તેઓ તમને સ્વર્ગ–જીવનમાં જડશે, પરંતુ ગમે તે સંબંધમાં, જો પ્રેમ અસ્તિત્વ ધરાવતો હશે તો તેમને પુનઃ મળવાનું ખાત્રીથી થશે. ગમે તો મરણમાં હોય અથવા જીવનમાં હોય તો પણ વિશ્વમાં પ્રેમ એ એક મહાન્ શક્તિ છે.

આ ઉચ્ચ જીવ વિષે ગમ્મત પડે એવું મારે તમને ઘણું કહેવાનું છે, અને એક સાંજના ભાષણમાં કહી શકાય તેના કરતાં પણ વધારે કહેવાનું છે. તમારે આ વિષયનું સાહિત્ય વાચવું જોઇએ. વિદુષિ બેસન્ટની "Death and After" તથા મારૂં એક નાનું "The asteral Plain" નામનાં પુસ્તકો વાચો. તમારે માટે આ વિષયનો અભ્યાસ કરવો એ જરા પણ નિરર્થક નથી, કારણ આ સત્યના જ્ઞાનથી મરણની સર્વ ભીતિ દૂર થાય છે, તથા તેનાથી આ જીવન જીવવું, એ પણ ઘણું જ સહેલું થઈ પડે છે, કારણ કે આપણે તેનાં હેતુ અને અંત સમજી શકીએ છીએ. જેઓ સત્ય તથા નિઃસ્વાર્થી જીવન ગાળે છે તેવાઓ માટે, મરણ લેશ પણ દુઃખ પેદા કરતું નથી પરંતુ માત્ર આનંદ જ આપે છે. પ્રાચીન એક કહેવત અક્ષરશઃ ખરી છે, મરણ જીવનનો દરવાજો છે. મરણ પછી તેમજ અત્રે પણ દિવ્યન્યાયનો મહાન્ નિયમ પ્રવર્તે છે, તથા તે નિયમ અત્ર તેમજ તત્ર વર્તે છે એ સંપૂર્ણ રીતે માનવા યોગ્ય છે, તથા તેમજ આપણાં પ્રેમભાજનોને સરખી અસર કરે છે.

ઉપતન્ત્રી.

દુનીયા ફાની ના ક્ષણિક જીવનમાં રંગશૌકર કંઈ ઉડે;
સુખ દુઃખની પ્યાલી પીતાં વિરહ–પૌંડરજુરે !
પ્રિય સખિ ! " **रज स्तमसावृत** " પુતળાં રમે હસેને જીવે
ત્રિવિધ તાપથી ફડફડી સુતાં સઉ ઉઠે !

અસ્થિર મન તેમાં ભમે,
વિધિ વ્હેમથકી તે ભરે;
નવ હૃદય ખેલ શિખવે,
સઉ વિરસ બીચારાં રહે.

એ ધૂર્ત વિધિના પેચ ચળકતા અતિ તીક્ષ્ણવળ વાળા,
બેસે, ખુંચે, કદી નહીં નીકળવાના ! હા !
વૉંટળાય પરિચય થકી પેચપરરક્ત નૌંકળતા મુંઘી;
લવણ અડયે બળતાં રડે, જાય રડી સૂઈ !

× × × × ×

તિમિરતેજની સંધિ–ક્ષિતિજે પરવશ ભૂતડાં દીન નાચે !
અનુભવી શકે સત્વનું સ્વપ્ન કદી ના તે !

પ્રતિકૂલતાથી તે ખીંઝે !
અનુકૂલતાથી તે રીંઝે !
રીઝ ખીઝમાં જીવે મરે !
મૃદુભાવ ન હોય હૃદયે !

સખિ ! ન હોય નિમિત સ્થાન આપણું અસાર આ સંસારે !
નક્કી પ્રણય–અંશનો વાસ અન્ય સૃષ્ટિએ !
પ્રકૃતિજ પીંજરાં બાળીં, મુઈ ભૌંડીં બાથ, ચિતા શય્યામાં,
ભૂત—ભભૂત ચોળીયે ચાલ પ્રણય—વેદીમાં !
અગણિત ગોળાપર થઇ, રચી અદ્વૈત, લોઢમાં ભમશું,
ત્યાં વિશ્વ—યંત્રની ચીસ દૂર શુણીશું;
રસ—વિતરેલો ભવ તજી, સરલતા સજી, ચાલ, સખિ ! ઉડીયે !
આ અનંતતાના ઉદધિ મહીં રસ છણીએ !

લલિત.

એકાંત.

(મળેલું.)

(પૃથ્વી.)

'રહે પડી શું એકલો ? ચંલનાં વાડીની મોજમાં,
જમી, રમત ગાન ધૂમ મચશેજ ગપ્પાં તણી.
ઉઠ એ ! નહિં શું આવતું ? અરર, કોણ તું કેહવો ?
બળેલ ! દિલ લ્હેજતો તુજ સરીખ માટે નહિં.'

ગયા..વિષય કીટઓ દિલ લહેજતો શું લહે ?
ભરે પવન મસ્તકે, નહિં વિચાર મિત્રો મળે.
ભલે રમત એમની, મુજ કને મહાખેલ શા ?
અને ટિણુટિણી તણું મળતું શુષ્કકો કકમાં:
સુણી વહન, ગાન એ ગણી, મને ઘણું રાચતા,
–ક્ષમા સદય દેવિ, ધૃષ્ટ જનનાંજ અજ્ઞાનને !
પધાર. નિજ ભક્તનું હૃદય ત્હારૂં સિંહાસન,
મિલાવ ગુણ, પૂર સૂર. બહલાવ, તુજ બાનીને:
સુને, ગ્રહી રહે પ્રસાદ, તુજ પ્યાસી આ મોરલો,
અને વિધુ સુધા થકી ત્યમ ધરે કલાઓ બધી.

બળવંતરાય. ક. ઠાકોર.

શું સમજે તું ગુમાર !

(મળેલું.)

કાફી..

શું સમજે તું ગુમાર !
હૃદયની ! શું સમજે, તું ગુમાર;—શું.

વિકલ કહોવા સુગ કહોવાઃ પરવા નાહી લગાર.—હૃદયની.
ડાહ્યો ડાહ્યો જગે ગણાયોઃ કલેશ છાયો નિરધાર;
દ્વેષ વસ્યો તવ અંતરમાં જ્યાં સુખવસે નહિ યાર.—હૃદયની.
લોભ મોહમાં સુખ થાવા તું, ધરતો હામ અપાર;

વિન તેડે દુઃખ આવે સમીપે, રોતો તો શતવાર.—હૃદયની.
લાજ મૂકી ફરી તેને ન્હાતો, દુઃખી અપરંપાર;
ઇશ કૃપાએ સદ્‌ગુરૂ મળતાં: વરસે અમૃત ધાર.—હૃદયની.
લોભ મોહથી ચિત્ત ઉઠે તવ, ઝાંખી નંદકુમાર;
મનહર છબી દર્શનથી કરીને, ભક્તિ જેમે સુખકાર.—હૃદયની.
લોભ લોહ ક્રોધ દ્વેશથી કરીને: ભજો રસ ભંડાર;
જે ભાવે ભજો તે ભાવે પ્રભુ, દરશન દે સકુમાર.—હૃદયની.
સાંકળ ભુલી હૃદયરૂપયા તું, હૃદય મંત સંસાર;
તારૂં મારૂં સારૂં નાહિ: જ્યાં ત્યાં જગદાધાર.—હૃદયની.

વિવેક અને અભેદ.

આપણા અનુભવમાં જે પદાર્થો—વસ્તુતઃ જૂદા છતાં—એકઠા થઈ ગએલા ભાસે છે, એને જૂદા પાડીને જોવા એનું નામ "વિવેક". વેદાન્તશાસ્ત્ર-જેમાં ન્યાય સાંખ્ય આદિ સર્વ શાસ્ત્રો પરિસમાપ્તિ પામે છે—એમાં વિવેક બે પ્રકારનો વર્ણવ્યો છેઃ—

(૧) નિત્યાનિત્યવસ્તુવિવેક.

(૨) આત્મઅનાત્મવિવેક.

હવે આ ઉભયનું સ્વરૂપ વિચારીએ. એ વિચારવા માટે, વિવેક પરત્વે જગતના તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં કેવા કેવા સિદ્ધાન્તો ઉદ્‌ભવ્યા છે એ જોઇએ. અને છેવટે વિવેકની પાર જઈ અભેદ સિદ્ધાન્ત સ્થાપવા કેવા કેવા યત્નો થયા છે એ પણ અવલોકીએ.

(૧.) નિત્યાનિત્યવસ્તુ-વિવેક.

તત્વજ્ઞાનનુંબીજ.

મનુષ્ય અને અન્ય પ્રાણીઓમાં એક મુખ્ય ભેદ એ છે કે અન્ય પ્રાણીઓ માત્ર વર્તમાન ઉપર જ દૃષ્ટિ રાખી શકે છે, અને મનુષ્ય ભૂત ભવિષ્ય અને વર્તમાન ત્રણેને પોતાની નજર આગળ સ્થાપી પોતાના હિતાહિતનો વિચાર કરી શકે છે. ઉદાહરણ તરીકે, ગાય આગળ ઘાસ નાંખશો તો જેટલું ઘાસ એની વર્તમાન ભૂખ શાન્ત કરવા માટે જોઇશે તેટલું બધું એ ખાઈ જશે—એથી એને બીજે દિવસે તદ્દન ભૂખ્યા રહેવું પડે એમ હશે તો પણ, એ દિવસ માટે કાંઈક ભૂખ્યા રહીને પણ થોડું રાખવું ઠીક છે એવો વિચાર એને આવી શકશે નહિ. પરન્તુ મનુષ્ય પોતાની વર્તમાન ભૂખને અર્ધ શાન્ત કરીને પણ બીજે દિવસે તદ્દન ભૂખે મરવું ન પડે એ માટે ગોઠવણ રાખશે. અર્થાત્ ક્ષુધાશાન્તિ રૂપી અનિત્ય સુખ સાથે જીવવા રૂપી (પ્રમાણમાં) નિત્ય સુખની સરખામણી કરવી એ મનુષ્યથી થઈ શકે છે, અન્ય પ્રાણીઓથી થઈ શકતું

નથી.* મનુષ્યમાં જેઓને અધિક વિચારશક્તિ પ્રાપ્ત થઈ છે, એ આ જન્મના વિચારથી ન અટકતાં જન્માન્તરનો—પરજીવનનો વિચાર કરી શકે છે, અને એની સુખની અભિલાષા ઐહિક સુખમાં સમાપ્ત ન થતાં આમુષ્મિક—પરજીવનના, સ્વર્ગાદિકના—સુખને પણ લક્ષી શકે છે.

પણ આ કરતાં અધિક વિચારશીલ મનુષ્યને વિચાર થયા વિના રહેતો નથી ' સુખની લાંટી ગમે તેટલી લંબાવીએ, આ જન્મનાં જન્માન્તરનાં અને સ્વર્ગનાં સુખો એક એકમાં ઉમેરતા—અનુભવતા જઇએ તો પણ શું ?—એ સુખો તો બધાં અનિત્ય છે: શ્રમ અને સુખ, સુખ અને શ્રમ એ ક્રમ હમેશાં ચાલ્યો જ જવાનો !—કોઈ એવું સુખ નથી કે જે નિત્ય હોય ?—જે એક વખત પ્રાપ્ત કર્યા પછી સતત ચાલ્યાં જ કરે, જેમાં શ્રમનું—દુઃખનું લેશભાર પણ સંમિશ્રણ ન હોય ? '

આમ એક તરફથી જેમ સુખાભિલાષા મનુષ્યને નિત્ય પદાર્થ તરફ દોરે છે, તેમ બીજી તરફથી સત્ય-જિજ્ઞાસા પણ એને આ અનિત્ય દેખાવોની પાછળ નિત્ય સત્ય શું છે એમ પ્રશ્ન પૂછાવી, એ નિત્ય પદાર્થની શોધમાં પ્રેરે છે. આ રીતે સુખાભિલાષા અને સત્યજિજ્ઞાસા ઉભય એને એક જ પ્રશ્ન ઉપર—' આ ક્ષણે ક્ષણે ફરતી ચિત્રાવળિના પટસ્થાને. આ અહર્નિશ ચાલતા વિશ્વચક્રના નાભિસ્થાને વિરાજતો નિત્ય પદાર્થ શો છે ? ' એ પ્રશ્ન ઉપર લાવી મૂકે છે.

આ પ્રશ્નના ઉત્તર આપણા દેશના તેમ જ ગ્રીસ વગેરે પશ્ચિમ દેશના તત્ત્વચિન્તકોએ અનેક રીતે આપ્યા છે: કેટલાકે વિચાર્યું કે જલ સર્વત્ર છે. વનસ્પતિ વગેરેની ઉત્પત્તિ અને વૃદ્ધિ જલ ઉપર આધાર રાખે છે, માટે જલ એ આ વિશ્વનું આદિકારણ—નિત્ય પદાર્થ—છે. આજ પ્રમાણે, કેટલાકનો તર્ક તેજ ઉપર ગયો, કેટલાકનો વાયુ ઉપર, કેટલાકનો આકાશ ઉપર, અને કેટલાકનો પરમાણુ ઉપર અને પંચમહાભૂત ઉપર ગયો. [આ વિચારની **પ્રથમ** ભૂમિકા.]

થેલ્સથી પ્લેટો.

પણ પૃથ્વી-જળ-તેજ-વાયુ આકાશ-પરમાણુ એ સર્વ દૃશ્ય જગતના જ પેટામાં નથી પડતાં ? એ દૃશ્ય જગતના વિશેષ માત્ર જ નથી ? માટે, અનિત્ય-દૃશ્ય જગતની પાછળનો પારનો નિત્ય અધિષ્ઠાનરૂપ પદાર્થ "સામાન્ય સત્" એમ કહેવું વધારે ઉચિત છે. આ રીતે, "સત્"—"સામાન્ય સત્"—એ જગતનું અધિષ્ઠાન-કારણ ઠર્યું. [આ વિચારની **દ્વિતીય** ભૂમિકા.]

આ અધિષ્ઠાન-કારણ અને એના દૃશ્ય વિવર્તો—એમાંથી કેટલાકે એકનો નિષેધ કર્યો,

* કેટલાંક પ્રાણીઓમાં કાંઇક આવો વિચાર જોવામાં આવે છે ખરો: કીડાઓ કણ સંઘરે છે, અને કૂતરૂં રોટલો જમીનમાં દાટી મૂકે છે. પણ આ સહજ પ્રેરણા તે—જેમાંથી આગળ વધતાં મનુષ્યનો વિવેક પ્રકટ થાય છે: આ પ્રેરણાને અને વિવેકને તદ્દન અસંબદ્ધ માનવાનો ક્રિશ્ચન સંપ્રદાય ભૂલભરેલો છે. છતાં, મનુષ્યમાં અને અન્ય પ્રાણીઓમાં ઉપર જણાવ્યો છે તેવો વિવેકના વિકાસમાં ભેદ છે એ બાબત કોઈ ના પાડી શકશે નહિ.

કેટલાકે બીજાનો કર્યો, અને કેટલાકે ઉભયને સ્વીકાર્યાઃ હાલના હર્બર્ટ સ્પેન્સર વગેરે કેટલાક તત્ત્વચિન્તકો પરમ તત્ત્વને અજ્ઞેય માને છે એમ આ પ્રાચીનોએ માન્યું નથી. એમણે એ "સત્" ને જ્ઞેય માન્યું: મનુષ્યમાં ઇન્દ્રિય અને બુદ્ધિ એવાં બે જ્ઞાનનાં દ્વાર માન્યાં, અને જગત્ ઇન્દ્રિયગ્રાહ્ય અને "સત્" બુદ્ધિગ્રાહ્ય, અતીન્દ્રિય—એમ વ્યવસ્થા કરી. જગત્ ઇન્દ્રિયગ્રાહ્ય અને "સત્" બુદ્ધિગ્રાહ્ય, અતીન્દ્રિય એમ વ્યવસ્થા કરી. તથા—ગ્રાહ્ય અને ગ્રાહક મળતાં હોવાં જોઇએ એ નિયમાનુસાર, જગત્ ઇન્દ્રિયગ્રાહ્ય માટે જડ, અને સત્ બુદ્ધિગ્રાહ્ય માટે વિજ્ઞાન રૂપ! એ બેમાં વિજ્ઞાન એ બિમ્બ, અને જડ એ પ્રતિબિમ્બ—એમ માન્યું. અને એ રીતે એક પ્રકારના અદ્વૈતવાદનો સ્વીકાર કર્યો. આ થેલ્સથી પ્લેટો પર્યન્તનો પશ્ચિમના તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ થયો.

(૨.આત્મ-અનાત્મ વિવેક.)

પ્રાચીન તત્ત્વચિન્તકોને આ કરતાં—દૃશ્ય અને તદધિષ્ઠાનભૂત સત્‌ના વિવેક કરતાં—અધિક તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું ન હતું એમ તત્ત્વજ્ઞાનના ઇતિહાસકારો કહે છે.

ડેકાર્ટ,

વિચારમાં આથી આગળ વધતાં, શંકા થાય છે કે આ દૃશ્ય અને સત્ સર્વ ભ્રાન્તિ માત્ર જ હોય એમ ન બને? બને. ત્યારે તો સર્વ શૂન્ય જ થઇ રહ્યું, કાંઈ જ ન રહ્યું! એમ થાય તો પણ શું? પણ વસ્તુતઃ એમ થતું નથીઃ સર્વના નિષેધમાં નિષેધકર્તાનો નિષેધ આવતો નથી—વિષયમાત્રને નિષેધ કર્યા છતાં, એક એવો પદાર્થ રહે છે કે જેનો નિષેધ બની જ શકતો નથી. એ પદાર્થ તે નિષેધકર્તા પોતે જ—આત્મા. શંકર ભગવાન એક સ્થળે કહે છે તેમ—

"य एव हि निराकर्ता तदेव हि तस्य स्वरूपम्"

"જે નિરાકર્તા એજ એનું સ્વરૂપ."

આ ડેકાર્ટનું તત્ત્વજ્ઞાન આ સમયથી પાશ્ચિમાત્ય તત્ત્વજ્ઞાનના અર્વાચીન યુગનો આરંભ આ **આત્મ-અનાત્મ વિવેક**નો પશ્ચિમ દેશોમાં પ્રથમ પ્રકાશ [આ વિચારની **તૃતીય** ભૂમિકા.]

ડેકાર્ટે આત્મા અને અનાત્મા યાને ચિત્ અને જડ એવા બે સ્વતન્ત્ર—અસન્તભિન્ન પદાર્થો માન્યા. પરન્તુ એ બેનો સંબન્ધ શો છે, શી રીતે થાય છે એનો એ ખુલાસો આપી શક્યો નહિઃ દ્વૈતાઓ એ ખુલાસો આપી શકતા જ નથી—આપણે ત્યાં નૈયાયિકો અને સાંખ્યો પણ એટલા જ કારણથી એ ખુલાસો આપી શક્યા નથી. ડેકાર્ટનો આત્મા-અનાત્મવિવેક છેવટ સુધી વિવેકજ રહ્યો! અભેદજ્ઞાનમાં એ પર્યવસાન પામી શક્યો નહિ.

---

* આ કહેવું આપણા તત્ત્વજ્ઞાનને લાગુ પડતું નથી. પ્લેટો માટે પણ એ સંપૂર્ણ સત્ય નથી એમ આ લેખકનું માનવું છે. હાલમાં પ્રો. સિજવિકનો ડૉ. માર્ટિનોના નીતિશાસ્ત્ર સંબંધે એક લેખ બહાર પડ્યો છે, એમાં આ વિચારને પુષ્ટિ મળી છે.

(૩.) અભેદ.

પશ્ચિમના તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં આગળ વધતાં,–ડેકાર્ટ પછી મહાન તત્ત્વજ્ઞાની સ્પિનોઝા આવે છે. સ્પિનોઝાએ ડેકાર્ટની માફક આત્મા–અનાત્માનો–ચિત્ અને જડને—એ સ્વતન્ત્ર, અત્યન્તભિન્ન પદાર્થો ન માનતાં, બંનેને એક જ 'સામાન્ય સત્–' પદાર્થના વિશેષો–વિકારો–વિવર્તો માન્યા. પણ જેમ ડેકાર્ટના તત્ત્વજ્ઞાનમાં જડ ચિત્થી બહાર રહ્યું હતું–અનાત્મા આત્માથી અત્યન્તભિન્ન રહ્યો હતો–તેમ સ્પિનોઝાના તત્ત્વજ્ઞાનમાં 'સામાન્યસત્' પદાર્થ જડઅને ચિત્, આત્મા–અનાત્મા ઉભયથી બહાર રહ્યોઃ 'સામાન્ય સત્' માંથી જડ અને ચિત્ કેવી રીતે ફલિત થાય છે એનો ખુલાસો અપાયો નહિ‡

સ્પિનોઝા,

ડેકાર્ટનું દ્વૈત ટાળવાનો સ્પિનોઝાનો પ્રયત્ન વ્યર્થ ગયો. જેમ ડેકાર્ટમાં છેવટ સુધી આત્મ–અનાત્મવિવેક કાયમ રહ્યો, તેમ સ્પિનોઝામાં આત્મ–અનાત્મવિવેકને અભેદજ્ઞાનમાં લિલય પમાડવા જતાં, એક પાસ સામાન્ય નિર્વિશેષ સત્ અને બીજી પાસ આત્મા અને અનાત્માનું યુગલ—એ બે વચ્ચે અણધાર્યો ભેદ ઉત્પન્ન થયોઃ ડેકાર્ટનું એક પ્રકારનું દ્વૈત, સ્પિનોઝાનું અન્ય પ્રકારનું દ્વૈતઃ પણ ઉભય દ્વૈત જ. [આ વિચારની ચતુર્થ ભૂમિકાનો દક્ષિણ ખંડ.]

જેમ યુરોપનો અર્વાચીન આદ્ય તત્ત્વચિન્તક ડેકાર્ટ, તેમ ઇંગ્લંડનો અર્વાચીન આદ્ય તત્ત્વચિન્તક બેકન. પરન્તુ બનેનના તત્ત્વચિન્તનના માર્ગ જુદા, જેમ ડેકાર્ટે શંકા–નિષેધ–થી આરંભ કર્યો, તેમ બેકને પણ કર્યો. પણ બેકન,

એકની શંકા આખા જગત્ પરત્વે હતી, બીજાની જગતના તે તે પદાર્થો પરત્વે હતી; આથી એકને વધારે ચોકસ ફિલસુફીની જરૂર જણાઈ, બીજાને સ્વતન્ત્ર 'સાયન્સ'ની જરૂર જણાઇ. જેમ એકનો સિદ્ધાન્ત આત્મ–અનાત્મ વિવેકમાં આવી રહ્યો, તેમ બીજાએ શ્રદ્ધા અને તર્કના પ્રદેશ વચ્ચે વિવેક કરવા આગ્રહ કર્યો. પરન્તુ એ વિવેક એથી આગળ વધીને જગત્ આખાના અસ્તિત્વ અને સ્વરૂપના વિચાર પર્યન્ત પહોંચ્યો નહિ. આથી આપણે જેને સંકુચિત અર્થમાં 'તત્ત્વજ્ઞાની' યા 'ફિલસુફ' કહીએ છીએ એમાં બેકનની ગણના થતી નથી. તર્ક શ્રદ્ધાની શૃંખલાથી વિમુક્ત થયો કે તુરત પ્રશ્ન ઉઠ્યો આ જગતવસ્તુસત્ છે? કે કેવલ ભ્રાન્તિ જ છે? ડેકાર્ટને આ પ્રશ્ન થયો હતો અને એના ઉત્તરમાં એણે એમ ઠરાવ્યું હતું કે જગત્ કહેતાં 'અનાત્મા'—એ વસ્તુસત્ છે. ઇંગ્લંડમાં પ્રશ્નનો ઉત્તર લૉકે સૂક્ષ્મવિચારપૂર્વક આપવા યત્ન કર્યોઃ અને જણાવ્યું કે જગતના પદાર્થોમાં બે પ્રકારના ધર્મ છે–કેટલાક વસ્તુગત છે, હું હોઉં યા ન હોઉં પણ એ તો પદાર્થમાં છે જ છેઃ જેમકે પરિમાણ, આકૃતિ વગેરે; બીજા મ્હારા ઉપર આધાર રાખી રહ્યા છેઃ જેમકે રૂપ, ગન્ધ વિગેરે. એકને પ્રધાન યા વસ્તુગત ધર્મ કહીએ છીએ એ આ

લૉક.

‡ સાધારણ રીતે સ્પિનોઝાનું તત્ત્વજ્ઞાન આ પ્રમાણે જ સમજવામાં આવે છે. આ લેખકને આ સમજણની યથાર્થતા માટે કાંઈક શંકા છે.

ધર્મોનું જ બનેલું છે. આ ધર્મોની પાછળ ધર્મી હોવો જોઇએ. પણ આપણું જ્ઞાન તો માત્ર ધર્મોને જ વિષય કરે છે, ધર્મી સદા-સર્વદા અજ્ઞેય જ છે.

જે અજ્ઞેય જ છે એને 'છે' એટલું પણ શું કરવા કહેવું ? ' ધર્મ-ધર્મિરૂપ જગત-

બાર્કેલિ.

પદાર્થમાંથી અધિષ્ઠાનભૂત ધર્મી કાઢી નાંખ્યો એટલે ધર્મો માત્ર માનસિક આભાસ થઈ રહ્યા. અને ધર્મોમાંથી વસ્તુગત અને ઔપાધિક એ ભેદ ટળી ગયો. આ લૉક પછીનું **બાર્કેલિનું** તત્ત્વજ્ઞાન.

બાર્કેલિએ વિષયમાંથી અધિષ્ઠાન ઉડાવી દીધું, પણ જ્ઞાતાને-જ્ઞાનાધિષ્ઠાનને-કાયમ રાખ્યું. ડેકાર્ટનો અનાત્મા એક સ્વતન્ત્ર ધર્મી હતો, બાર્કેલિનો અનાત્મા આત્મધર્મ થઈ રહ્યો. યદ્યપિ ડેકાર્ટનું આત્મા-અનાત્માનું દ્વૈત બાર્કેલિના સિદ્ધાન્તમાં ન હતું, તથાપિ બાર્કેલિના સિદ્ધાન્તમાં અનેક આત્મા, આત્માઓના ધર્મો અને એ ધર્મો ઉપજાવનાર એક પરમાત્મા એવાં અનેક તત્ત્વો કાયમ રહેલાં હતાં.

બાર્કેલિ પછીનો અંગ્રેજ તત્ત્વચિન્તક હ્યૂમ. બાર્કેલિએ જ્ઞેયમાંથી અધિષ્ઠાન ઉડાવી

હ્યૂમ.

દીધું હતું, પણ જ્ઞાતામાં રાખ્યું હતું. આવો પક્ષપાત શા માટે જોઇએ ? બાહ્ય અને આન્તર સર્વ પદાર્થ ધર્મરૂપ જ, આભાસરૂપ જ છે-અધિષ્ઠાનનું અસ્તિત્વ માનવાની જરૂર જ શી ? આ દલીલને પરિણામે હ્યૂમના સિદ્ધાન્તમાં સકલ વિશ્વ, આત્મા અનાત્મા સર્વે, આભાસ માત્ર થઈ રહ્યું. સ્વયંપ્રકાશ આત્મદીપને નિષેધી, આભાસ માત્રને સ્વીકારનાર સિદ્ધાન્ત તે બૌદ્ધ વિજ્ઞાનવાદ, અર્ધશૂન્યવાદ, એ વેદાન્તનો અદ્વૈતવાદ નહિ. બેકન અને લૉકથી શરૂ થએલો ઇંગ્લંડના તત્ત્વચિન્તનનો પ્રવાહ હ્યૂમમા એની પરાકાષ્ઠાએ પહોંચ્યો. [આ વિચારની **ચતુર્થ** ભૂમિકાનો **વામ** ખંડ.]

તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં આગળ ચાલતા મહાન નામ કાન્ટનું આવે છે. ડેકાર્ટ અને

કાન્ટ

એના અનુયાયિઓએ—છેક **વોલ્ફ** નામના તત્ત્વજ્ઞ પર્યન્ત-માની લીધું હતું કે મનુષ્યબુદ્ધિ આ મહાન પ્રશ્નોનો ખુલાસો કરવા સમર્થ છે. સમર્થ છે કે નહિ એ પ્રશ્ન જ એમના મનમા ઉઠ્યો નહતો એમ કહેવું વધારે ઉચિત છે. લૉક અને એના અનુયાયિઓએ-હ્યૂમ પર્યન્ત-એમ માની લીધું હતું કે મનુષ્યબુદ્ધિથી જે કાંઈ ઉપજે છે એ કલ્પનામાત્ર જ છે. ઉભય પક્ષમાં મનુષ્યબુદ્ધિની શક્તિ પરત્વે વિચારશૂન્યતાજ હતી. પૂર્વે કોઇએ નહિ ઉઠાવેલો એવો પ્રશ્ન કાન્ટે ઉઠાવ્યોઃ આ સર્વ આત્મા-અનાત્માની વાત તો ઠીક, જે કાંઈ છે અને દેખાય છે એમ કહેવાય છે એ આભાસ માત્ર છે એ વાત પણ ઠીક-પરન્તુ આ બાબત કોઇએ એ નિર્ણય કર્યો કે મનુષ્યબુદ્ધિની અમુક પદાર્થ છે યા નથી એમ કહેવા માટે જોઇતી શક્તિ છે કે નહિ ? અને છે તો તે કેટલી છે ? એકે શક્તિ માની લીધી અને બીજાએ શક્તિનો અભાવ માની લીધો !—પણ કોઇએ વિચારપૂર્વક શક્તિનું અસ્તિત્વ ઠરાવવા અને એનું માપ નક્કી કરવા યત્ન કર્યો નહિ. આપણે જેને અનાત્મા યાને દૃશ્ય જગત્ કહીએ છીએ એને જાણવાની આપણામાં શક્તિછે કે નહિ?

છે તો કેટલી છે ? કેટલે દરજ્જે એ જગત્ આ શક્તિનું જ પરિણામ છે ? અને એ જગત્ સ્વતઃ છે એમ કહી શકાય કે નહિ ?—આવા અવા પ્રશ્નોએ કાન્ટના મગજને મથ્યું, અને એ ઉપર બુદ્ધિવડે રીતસર વિચાર કરતાં કાન્ટને જણાયું કે દૃશ્ય જગતનું સ્વરૂપ-એનો આકાર—મ્હારા અન્તઃકરણથી જ નિર્માએલો છે, એનું તત્ત્વ-એનું સ્વતઃસિદ્ધ પોતાપણું-કાંઇક, અજ્ઞેય, અનિર્વચનીય છે: જેમ સંચામાં એક છેડે રૂ નાંખીએ એ બીજે છેડે કાપડરૂપે વણાઇને નીકળે, તેમ બહારથી કાંઇક આવી આપણા અન્તઃકરણમાં પડે છે, અને ત્યાં તે રૂપ-આકાર પામે છે: આ રીતે કાન્ટે આત્મ-અનાત્માના વિવેકથી ન અટકતાં, તેમ એ બનેને નિરધિષ્ઠાન આભાસ માત્રમાં નિષેધી ન દેતાં, એ વિવેક અને એ નિષેધ બનેની પાર જઇ, અનાત્મા આત્માથી અત્યન્તભિન્ન નથી, તેમ અનાત્મા આત્માનો ધર્મસમૂહ જ નથી, પણ અનાત્માનું સ્વરૂપ-અનાત્માનો આકાર-આત્માનો બનેલો છે એવું લગભગ અદ્વૈત પ્રાપ્ત કર્યું. 'લગભગ' કહેવાનું કારણ એટલું જ કે અનાત્મા સર્વથા આત્માનો બનેલો છે એમ ન માનતાં, અનાત્માનો આકાર માત્ર આત્માથકી ઘડાએલો-આત્માનો બનેલો છે, અર્થાત્ આપણે જેને અનાત્મા વા દૃશ્ય જગત્ કહીએ છીએ એ તો જો કે આત્માનું બનેલું છે પણ એ દૃશ્ય જગતની પાર કાંઇક અનિર્વચનીય સ્વતઃસિદ્ધ પદાર્થ રહેલો છે કે જે આત્માના પ્રદેશની બહાર છે: આવો કાન્ટનો સિદ્ધાન્ત હતો. અર્થાત્ હજી પણ દ્વૈત રહ્યું; અનાત્મપદાર્થ સર્વથા વિલય ન પામ્યો, તેમ એના અસ્તિત્વનો વિચાર કે ખુલાસો પણ ન થયો ! એકરસ અદ્વૈત ન થતાં, એ અદ્વૈતમાં કાંઇક વગરઓગળેલી કણી રહી ગઇ. પણ ડેકાર્ટ અને સ્પિનોઝા કરતાં, તેમ જ લૉક બાર્કલિ અને હ્યૂમ કરતાં કાન્ટે વિચારક્રમમાં એક પગલું આગળ ભર્યું એમાં તો સંદેહ નહિ જ. [કાન્ટનું તત્ત્વજ્ઞાન એ વિચારની પાંચમી ભૂમિકા.]

કાન્ટની મુશીબતમાંથી મુક્ત થવા કેટલાકે, જેમકે ફીશ્ટેએ, અનાત્માને સર્વથા આત્માનો ઉપસ્થાપેલો માન્યો. આ વિચાર ખરેખર બહુ ભવ્ય લાગે છે. આખું જગત્ મનોવિલાસમાત્ર થઈ રહે છે ! આવો જ વિચાર કાંઇક બાર્કલિએ પ્રતિપાદન કર્યો હતો. બાર્કલિના સિદ્ધાન્તમાં આ મનોવિલાસ પરમાત્મા ઉપર આધાર રાખે છે, અને ફીશ્ટેના સિદ્ધાન્તમાં એ મનોવિલાસ આત્મામાંથી જ ઉદ્ભવે છે એટલે બાર્કલિ કરતાં ફીશ્ટેમાં અદ્વૈતવાદ વિશેષ છે. આ પ્રમાણે આત્મા-અનાત્માના વિવેકને બદલે અનાત્મા આત્માનો કલ્પેલો છે એવો એક પ્રકારનો અદ્વૈતસિદ્ધાન્ત પ્રાપ્ત થયો. ફીશ્ટેનું અદ્વૈત એ આપણો " દૃષ્ટિસૃષ્ટિવાદ " યા " એકજીવવાદ "* બની રહે છે. [આ વિચારની છઠ્ઠી ભૂમિકા.]

ફીશ્ટે.

---

* આ લેખકના મતમાં ' એકજીવવાદ ' ના એકજીવ તે કેટલાક વેદાન્તીઓ સમજે છે તેમ આ જ્હાનો સરખો 'હું' નહિ, પણ હિરણ્યગર્ભ (Cosmic Soul):—એમ અર્થ થવો ઘટે છે. અને આ માનવું મધુસૂદનસરસ્વતીકૃત ' અદ્વૈતસિદ્ધિ ' જેવા આકરગ્રન્થના મનન પૂર્વક થયું છે. ફીશ્ટે પણ આ વિશાલ આત્માને જ અનાત્માનો ઉપસ્થાપક માને છે.

' એકજીવવાદ ' અને ' દૃષ્ટિસૃષ્ટિવાદ ' સંબદ્ધ છે.

સરખી રીતે ખરાં નથી: મનુષ્યનું દૃષ્ટિબિન્દુ પ્રાપ્ત થતાં મતલબનું દૃષ્ટિબિન્દુ મિથ્યા બને છે. માટે શંકરાચાર્ય બ્રહ્મને વિશેષાતીત માને છે, વિશેષોમાં અનુસ્યૂત પણ માને છે, પણ વિશેષોને મિથ્યા માની બ્રહ્મની નિર્વિશેષતાને અબાધિત સ્થાપે છે. બે તત્ત્વ થકી પર તૃતીય તત્ત્વ શોધી કાઢવાનું પ્રયોજન જ એ છે કે બંને તત્ત્વના દૃષ્ટિબિન્દુને ખોટાં સમજી ઉચ્ચતર-તૃતીય-દૃષ્ટિબિન્દુ પ્રાપ્ત કરવું. જગતને સત્ય માનીને ચાલનાર જેટલી ભૂલ કરે છે, તેટલી જીવને એકલાને સત્ય માનીને ચાલનાર પણ ભૂલ કરે છે: એકનું જીવન ઐહિકતાથી કુંઠિત છે, બીજાનું મનોરાજ્ય માત્ર છે. બને દૃષ્ટિ-બિન્દુનો સમન્વય ઉચ્ચતર ભૂમિકાએ ચઢયા વિના અશક્ય છે. અને એ ભૂમિકાએ ચઢયા, એટલે નીચેનાં બને દૃષ્ટિબિન્દુઓ અપૂર્ણ અને અર્થાત્ ભ્રમાત્મક સિદ્ધ થયાં. આ શંકરાચાર્યનો માયાવાદ. [આ વિચારનું પરમ શિખર-પાશ્ચિમાત્ય તત્ત્વજ્ઞાનની ભવિષ્યની અન્તિમ ભૂમિકા.]

તંત્રી.

શ્રીગૌતમબુદ્ધ.

(મળેલું *

"True progress will begin when it is seen that the most important point in the National Education is character-making."

" यस्तूदार चमत्कारः सदाचार विहारवान् ।
सनिर्यातिजगन्मोहान्मृगेन्द्रः पञ्जरादिव " ॥

હર્બર્ટ સ્પેન્સર નામનો પાશ્ચિમાત્ય વિદ્વાન્ કહે છે, કે "જન સમાજની કેલવણીમાં સૌથી અગત્યની બાબત ચારિત્ર્યની ઉન્નતિ કરવાની છે એમ જ્યાં સુધી સમજાયું નથી, ત્યાં સુધી ખરી ચઢતી થવાની નથી."

યોગી વસિષ્ઠજી પણ સત્ય જ વદે છે, કે "જે પુરુષાર્થરૂપ ઉદાર ચમત્કાર વાળો છે, સદાચાર વિહારવાળો છે, તે પંજરમાંથી મૃગેન્દ્ર છૂટી જાય તેમ જગન્મોહથી છૂટે છે."

બુદ્ધધર્મ પ્રવર્તક જગદ્ગુરુ મહાત્મા શ્રીગૌતમબુદ્ધના નિર્વાણને સુમારે અઢી હજાર વર્ષ વ્યતિત થઈ ગયાં છે. (૧) એટલે ક્રાઈસ્ટ, અને શંકરાદિ મહાત્માઓ તેની પછી ઉદ્ભવ્યા જણાય છે; બુદ્ધના ચારિત્ર્ય નિરુપકોએ ભિન્ન ભિન્ન રીતે એના ચારિત્ર્યને ગ્રથિત કીધું છે, તો પણ સત્યને વિલોકનારાએ (૧) **બુદ્ધના વખતની સામાજિક સ્થિતિ;** (૨) **તેનો ધર્મ પ્રસાર;** અને (૩) **આર્યાવર્તમાં તેનો ઉદયાસ્ત** એ ત્રિપુટી લેખને યથાન્યાય આપવા પ્રયત્ન કીધો છે.

---

(૧) પ્રોફેસર મેક્સમ્યુલર કૃત " સેક્રેડ બુક્સ ઑફ ધી ઈસ્ટ " માં ઈ. સ. પૂર્વે ૫૫૭ માં બુદ્ધ જન્મ નિયત કરેલ છે.

* લેખક—રા. રા. મધુકર.

આ લખનાર પણ એજ પગલે ચાલી; મેક્સમ્યૂલર કૃત સેક્રેડબુક્સ ઑફધીઈસ્ટ; મી. દત્તના એન્સયન્ટ ઇંડિયા; અશ્વઘોષનું બુદ્ધચરિત; લલિત વિસ્તાર, મી. નારાયણ હેમચંદ્રનું બુદ્ધદેવચરિત; અને ગુજરાતી વર્તમાન પત્રમાં લખાયલા બુદ્ધચરિત એ તમામનો ઉપયોગી ભાગ સંકીર્ણ કરી, મારી બુદ્ધચરિતનો વિશેષ આશ્રય લેઇ પોતાનું કર્તવ્ય આગળ ચલાવે છે.

બુદ્ધના વખતની સામાજીક સ્થિતિ.

બુદ્ધ ધર્મના સમયે આપણી સામાજિક સ્થિતિ કેવા પ્રકારની હતી, અને તેમાં તેણે સ્થિત્યન્તર કેટલે દરજ્જે આણ્યું? તેનું કાંઈક દિગ્દર્શન આ પ્રમાણે છે: બુદ્ધ ધર્મને વેદ ધર્મ માનનારાઓ નાસ્તિકમતવાદી તરિકે માને છે (?) પરન્તુ સમસ્ત પૃથ્વીપરના પૃથક્ પૃથક્ ભાગો પરત્વે બુદ્ધ ધર્મ અંગિકાર કરનારની જે સંખ્યા પ્રમાણમાં છે† તે રીતે જોતાં, અન્ય ધર્મ પાળનારાઓ કરતાં તે અધિક પ્રમાણમાં છે ખરી. વસ્તુતઃ સમસ્ત ભૂમણ્ડલની લોક સંખ્યાનો ત્રીજો હિસ્સો માત્ર બુદ્ધ ધર્મ પ્રવર્તક છે એમ કહેવું એ ખોટું નથી. કારણ, કે ક્રાઇસ્ટ ધર્માવલમ્બી બત્રીસ, આર્યધર્મપ્રવર્તક વીસ, અને મુસલમાન ધર્માનુયાયી સાડાપન્નર કરોડ જનો છે; ત્યારે બુદ્ધ ધર્મ પ્રવર્તક પચાસ કરોડ માનવ જીવન છે. એટલું જ નહિ પરન્તુ બુદ્ધે જે તત્વવિચાર નિર્ણયપદ્ધતિ પ્રચલિત કીધી, તેને આપણા ઉપનિષદો આદિનો કાંઈ સમ્બન્ધ હોવો જોઇએ, કે નવિન જ વિચાર પ્રદર્શિત કીધો? એ જાણવું પણ ઘણે દરજ્જે આવશ્યક છે. કદાચ તેના કેટલાક સિદ્ધાન્તો સાથે આર્યધર્મનું વિસંગત્વ પણ હશે, વળી આર્યાવર્તમાં બુદ્ધધર્મ માનનારાની સંખ્યા અધિક પણ નહિ હોય, પણ એટલા જ ઉપરથી તે પ્રતિ આપણે તિરસ્કારની નજરે નિહાળવું એ લજ્જાસ્પદ છે ગમે તેમ કહીએ તો પણ બુદ્ધ ધર્મનાં કેટલાંક તત્વો ખ્રિસ્તી ધર્મમાં દાખલ થયાનું પાશ્ચાત્ય તત્વ શોધકો–લિલિ, રેન, પ્રિન્સેપ, કેર્સાદિકોએ સ્વીકાર્યું છે. આ સર્વ બિનાનો વિગતેથી વિચાર અગાડી આપવામાં આવશે માત્ર અત્ર જે વિવેચન કરવામાં આવે છે તે કેટલે અંશે ફલિતાર્થને પામે તેમ છે, એ વિવેકી વાચકોએ જોવાનું છે.

બુદ્ધમત પ્રસાર.

આ અલૌકિક ધર્મ સંસ્થાપકે આ ભૂતલપર નિર્માણ થઈ (૧) હિન્દુસ્તાન મધ્યે ઉપાધ્યાય વર્ગનો અપ્રતિમ જુલમ શરુ થયો હતો તેના પર હુમલો કરી કમજોર કરી નાંખ્યો. (૨) હિન્દુસ્તાન મધ્યે જાતિભેદનું જે પ્રચણ્ડ

---

† બુદ્ધ ધર્માનુયાયી જનો ઉત્તર, અને દક્ષિણ દિશા તરફ આ પ્રમાણે પ્રસરેલા છે:— ઉત્તર દિશા તરફના ભાગો–જાવા વગેરે ડચ લોકોના તાબાના મુલકો ૫૦,૦૦૦; આસામ સ્યિટિ, હુંગ કોંગ વગેરે બ્રિટિશ તાબા નિચેના મુલકો ૫,૦૦,૦૦૦; રશિયા ૬,૦૦,૦૦૦; લ્યૂએન બેટ ૧૦,૦૦,૦૦૦; કોરિયા ૮૦,૦૦,૦૦૦; ભૂટૅન અને સિકિમ ૧૦,૦૦,૦૦૦; કૅસ્મીર ૨,૦૦,૦૦૦; ટિબેટ ૬૦,૦૦,૦૦૦; મૅંગોલીયા ૨૦,૦૦,૦૦૦; મૅન્ચુરિયા ૩૦,૦૦,૦૦૦; જૅપાન ૪,૦૪,૫૩,૪૬૧; નેપાલ ૫,૦૦,૦૦૦; ચીન ૪૧,૪૬,૮૬,૯૯૪; એકંદર ૪૭,૯૦,૦૦,૦૦૦ દક્ષિણ દિશા તરફના ભાગો–સિંહલદ્વીપ ૨૦,૦૦,૦૦૦; બ્રહ્મદેશ ૬૭,૮૮,૦૭૬; હિંદુસ્તાનના ઇતર પ્રાંત ૨,૪૩,૬૭૭; સિયામ ૧,૦૦,૦૦,૦૦૦; આસામ ૧,૨૦,૦૦,૦૦૦ એકંદર ૩,૧૯,૦૦,૦૦૦

બણ્ડ ઉઠ્યું હતું; તેનો ઘણે અંશે પ્રતિકાર કર્યો; (૩) કેટલાક કાળથી ચાલતી આવતી-એક પુરુષ અનેક સ્ત્રીઓ સાથે વિવાહ કરી શકવાની પદ્ધતિપર આક્ષેપ કરી, તે અનીતિ યુક્ત છે એવું પ્રતિપાદન કર્યું; (૪) દાસત્વ સ્વીકારવાની રીતિ પણ સદોષ અને અન્યાય યુક્ત છે એવો શૂદ્રપ્રતિ ઉપદેશ કર્યો; (૫) સ્ત્રીને પશુતુલ્ય ગણવાની અત્યન્ત ક્રૂર રસમ સર્વત્ર રૂઢ થઈ હતી તેને અસિદ્ધ ઠરાવી, તે પુરુષની સહચારિની છે, અર્થાત ધર્માચરણ કરવામાં તે સર્વથા યોગ્ય છે એમ સ્થાપિત કર્યું; (૬) યજ્ઞયાગાદિના મિષે ઉપાધ્યાય વર્ગ પશુહિંસા કરતા હતા તેનો નિષેધ કર્યો; (૭) દેશ જીતી રાજ્ય વિસ્તાર વધારવાની ઇચ્છા રાખનારા નૃપતિઓએ યુદ્ધ કર્મમાં મનુષ્ય સંહાર કરવો એ સર્વથા નિષિદ્ધ છે એવો ઉપદેશ કર્યો; (૮) પૂર્વાપર ધર્માચરણ કરવાની જે પદ્ધતિ હતી તેમાં ફેરફાર કરી, સંઘદ્વારા ધર્માચરણ કરવાની પદ્ધતિ દાખલ કરી; (૯) મનુષ્યના કર્તવ્ય કર્મનો નિશ્ચય, નીતિ, અને ન્યાયના શાશ્વત તત્વને અનુસરી કરવો; (૧૦) સ્વસંમત્ત ધર્મ પન્થનો બોધ, બીજાને સ્વીકારાવવાના હેતુએ ઉપદેશકોને દેશોદેશ મોકલી પ્રચલિત કર્યો; અને (૧૧) સ્વધર્મ પ્રસારને સહાયભૂત એ નવી સંસ્થા—એક દેશોદેશ ફરી ધર્મ પ્રસાર કરવાની, અને બીજી ધર્માનુયાયી જનોને સભય પરત્વે ધર્મોપદેશ કરી તેની સ્વધર્મ પ્રત્યે શ્રદ્ધા દૃઢ કરવાની સ્થાપિત કરી.

બુદ્ધધર્મનો પ્રભાવ.

ઉક્ત એકાદશ નિયમોના પ્રભાવે બુદ્ધ ધર્મ આખા એશિયા ખણ્ડમાં પ્રસરી ગયો, એટલું જ નહિ પરન્તુ સિકન્દર પાદશાહના વખતે કોઈ બુદ્ધ ધર્મ પ્રસારકજન અલેકઝેન્ડ્રિયા ગયો હતો, આ બિના અશોક મહારાજાના વખતના જે કેટલાક લેખો અત્ર હયાતીમાં જણાયા છે તે પરથી સાચી માનવાને કારણ ભૂત છે. ઉચ્ચ પ્રતિનો યહુદી ધર્મપંથ, અને હિન્દુસ્તાન મધ્યેનો પશુયજ્ઞ નિષેધ—બુદ્ધધર્મ પંથ એ એક રૂપ જ છે એમ વિદેશિય તત્વશોધકોનું માનવું છે.

બાબિલન, પેલેસ્ટાઇન, મિસર, અને ગ્રીસ દેશોમાં ઉપાધ્યાય વર્ગોએ હિંસવાળી ધર્મ પદ્ધત્તિ પ્રવૃત્ત કરી મુકેલ, તેને નષ્ટ કરવાનો પ્રયત્ન બુદ્ધ ધર્મ પ્રસારક જનો તરફથી પ્રથમતઃ થયો હતો. આ ઉપદેશકો ઉપરના દેશો મધ્યે ફરી નિરનિરાળા મણ્ડલો સ્થાપન કરવા શક્તિવંત નિવડ્યા હતા. આ મંડલના યોગે ખ્રિસ્તી ધર્મનો પ્રસાર અનુકૂળ રીતે થવાની સ્થિતિ પ્રાપ્ત થઇ હતીઃ બુદ્ધધર્મ પ્રસારક જનો ઈ. સ. ના પાંચમા શતક મધ્યે અમેરિકા જઇ ત્યાંના રાજા પાસે પશુયજ્ઞ બંધ કરાવવાને ભાગ્યશાળી બન્યા હતા, એવો પુરાવો ચીનીલોકોના ગ્રન્થોમાંથી મળી આવે છે. બુદ્ધ લોકો અમેરિકા ગયા હતા એ વાતની સાક્ષી ને સદે ત્યાં હાથી, સર્પ, બુદ્ધની પ્રતિમા ઇત્યાદિ ચિત્રો પુરાતન અવશેષ મધ્યે સમ્પાદન થયેલ છે. સરવિલિયમજોન્સાદિ વિદ્વાનોનું એમ માનવું છે, કે યુરોપના ઉત્તર ભાગમાં પ્રાચીનકાલે નૉર્સ, ઍંગ્લ, ગૉથ વગેરે જાતિઓ વસતી હતી, તેના મધ્યે બુદ્ધ ધર્મ પ્રસારકોએ જઈ પોતાના ધર્મનો ઉપદેશ કર્યો એવું તેના કેટલાક પુરાતન અવશેષથી દીસે છેઃ સ્કેન્ડેનેવિયન લોકોનો ઉપાસ્ય દેવ વૉડન, એ બુદ્ધનું અપભ્રંશનામ કાં ન હોય ? આ અનુમાનથી પણ એમ ધારી શકાય ખરૂં કે એક વખત બુદ્ધ યુરપના ઉત્તર તરફના લોકોમાં પ્રભુ પદ ધારી સત્તા ભોગવતો હતો પરન્તુ આ વિષે વિદ્વજ્જનોમાં મત ભેદ છે.

આમ વાતનો વિચાર કરતાં એવું સમજાય છે કે આ એક અદ્વિતિય પુરુષના ધર્મ વિષયક વિચારોનો પ્રભાવ, સર્વ પૃથ્વીતલપર ક્રમબદ્ધ પ્રમાણમાં પ્રસર્યો હતો, એમ તેના અનુયાયી જનોએ કોરેલા સ્મરણ સ્તમ્ભો, પૂતળાં સ્મારકલેખો સર્વત્ર દૃષ્ટિએ પડે છે તેથી માની શકાય છે. આ એવડો પ્રચંડ ધર્મ વિસ્તાર બુદ્ધ ધર્માનુયાયી જનોએ કેવળ નીતિ બળે જ કર્યો હતો—તેણે કોઇનાપર જૂલમ કદાપિ પણ વાપર્યો નથી.

ભરતભૂમિ મધ્યે બુદ્ધનિર્માણ થયાના સૂમારે આર્ય ધર્મની અને સમાજની સ્થિતિ કેવી હતી? એ તપાસતાં; હિન્દુસ્તાનવાસી આર્યોનો પ્રાચીન ધર્મ જે વેદ તે મધ્યે કાલાન્તરે રુપાન્તર થતાં થતાં મૂલસ્વરુપ પુષ્કળ રીતે સ્થિત્યન્તર થઇ ગયું હતું. (૧) પૂર્વકાલે જે ધર્મવિધિ અંતઃકરણ પૂર્વક પળાતી હતી, તે પાછળથી કૃત્રિમતાએ પહોંચી હતી; (૨) ઋગ્વેદના સમયે દેવતાની આરાધના અને પૂજા, પ્રાચીન ઋષિ જે મોટા પ્રેમથી અને ઉત્કંઠાએ કરતા હતા, તેનો સમૂળગો નાશ થયો હતો; (૩) ઇન્દ્ર, ઉષા, વરુણ ઇત્યાદિ દેવતાના નામોચ્ચાર માત્રથી પ્રાચીન આર્યોના હૃદયમાં જે વૃત્તિ અને કલ્પના ઉત્પન્ન થતી, તેવી હવે કોઇના મનમાં ભાવના રહી હતી નહિ: (૪) સોમ, દૂગ્ધાદિ પદાર્થો પ્રાચીન ઋષિઓ પોતાના આરાધ્ય દેવને જે પ્રકારની પ્રેમ પુરઃસર ભક્તિ ભાવનાવડે અર્પણ કરતા, તે માંહેનું શેષ બિન્દુ પણ નામ નિશાન જાણવાને રહ્યું નહિ; (૫) આ પુરાતન રીતિમાં મોટી વિકટ વિધિ, અને નિયમવાળી આડમ્બર યુક્ત નિરર્થક યજ્ઞયાગાદિકની પદ્ધત્તિ શરુ થઈ—સાદા સરળ ભાવ પૂર્વક અને માત્ર પ્રેમ લક્ષણાથી સ્વદેવતા તર્પણ કરનારા પ્રાચીન ઋષિના વંશજો, આ સમયે એક મોટી જાતવાળા થઈ બેઠા. આ જાત એવા હક્ક સાબિત કરવા લાગી કે યજ્ઞાદિ વિધિ કરવાનો હક્ક માત્ર અમને જ છે. દેવતાનું આવાહન અને આરાધન કરવાના મંત્ર ભણવાનો અધિકાર અમારા વિના અન્યને નથી. અર્થાત્ ઋગ્વેદાન્તર્ગત સ્તોત્રના પ્રારમ્ભથી સ્વાભિમત દેવતાની આરાધના કરનારાના હૃદયમાં જે ધર્મવાસના, અને પ્રેમાળ વૃત્તિ હતી તે નષ્ટ થઈ, અને લોકો મધ્યે મહાન્ વિકટવિધિ, તથા નિરર્થક યજ્ઞાદિ પદ્ધત્તિ ઉદ્ભવી,

પ્રાચીન વેદ ધર્મનાં થયેલાં રૂપાન્તર.

પરન્તુ કાલાન્તરે આ અનિષ્ટ સ્થિતિ પરત્વે કેટલાક વિચારશીલપુરુષોને પ્રતિકાર થવા લાગ્યો. આ પ્રતિકાર ઈ. સ. ના પૂર્વે અગ્યારમા શતકના સૂમારે શરુ થવા વિષે કેટલાકનો તર્ક છે. એટલે બુદ્ધના અવતાર પહેલાં સરાસરી પાંચ શતકે આ પ્રતિકાર થવો સમ્ભવિત્ છે. વેદકાલસમયનો જે બ્રાહ્મણકાલ—આ કાલે સર્વત્ર રુઢ થયેલા યજ્ઞ યાગાદિકની પદ્ધત્તિ વિષે કેટલાક મહાશય પુરુષના ચિત્તમાં અનાદર ઉત્પન્ન થવાથી તેઓ ગુંચવાડામાં પડી ગયા—અને આયુષ વ્યય કરતાં સ્વજિવિત્ સાર્થક્ય કાંઈ પણ બની શકતું નથી, એમ ધારી તેઓ જીવાત્મા અને પરમાત્માના વિષય સમ્બન્ધે વિચાર કરવા લાગ્યા. તેઓનો તત્વ વિચાર ઉપનિષદ્ના ગ્રન્થોમાં ગ્રથિત કરેલ છે. આ સર્વ વિચારોનો સાર એવો છે કે "તમામ ચરાચર વિશ્વ એક બ્રહ્મથકી નિર્માણ થયેલ તેના—બ્રહ્મના કેવળ અંશરુપ છે. તદ્વત્ મૃત્યુ પરલોક પુનર્જન્મ ઇત્યાદિ ગૂઢ વાતોનું વિવેચન પણ કરેલું છે." આપણા લોકો મધ્યે નિરનિરાળી તત્વજ્ઞાન પદ્ધત્તિ જે નિર્માણ થઈ છે, તે સર્વનાં બીજરુપે આ ઉપનિષદ્ના ગ્રન્થો છે એમ સમજાય છે. આ પ્રમાણે એ કાલના આર્યો મધ્યે સ્વતંત્ર વિચાર જા-

બણ ઉદ્ભવ્યું હતું; તેનો ઘણે અંશે પ્રતિકાર કર્યો; (૩) કેટલાક કાળથી ચાલતી આવતી-એક પુરુષ અનેક સ્ત્રીઓ સાથે વિવાહ કરી શકવાની પદ્ધતિપર આક્ષેપ કરી, તે અનીતિ યુક્ત છે એવું પ્રતિપાદન કર્યું; (૪) દાસત્વ સ્વીકારવાની રીતિ પણ સદોષ અને અન્યાય યુક્ત છે એવો શૂદ્રપ્રતિ ઉપદેશ કર્યો; (૫) સ્ત્રીને પશુતુલ્ય ગણવાની અત્યન્ત ક્રૂર રસમ રૂઢ થઈ હતી તેને અસિદ્ધ ઠરાવી, તે પુરુષની સહચારિની છે, અર્થાત ધર્માચરણ કરવામાં તે સર્વથા યોગ્ય છે એમ સ્થાપિત કર્યું; (૬) યજ્ઞયાગાદિના મિષે ઉપાધ્યાય વર્ગ પશુહિંસા કરતા હતા તેનો નિષેધ કર્યો; (૭) દેશ જીતી રાજ્ય વિસ્તાર વધારવાની ઇચ્છા રાખનારા નૃપતિઓએ યુદ્ધ કર્મમાં મનુષ્ય સંહાર કરવો એ સર્વથા નિષિદ્ધ છે એવો ઉપદેશ કર્યો; (૮) પૂર્વાપર ધર્માચરણ કરવાની જે પદ્ધતિ હતી તેમાં ફેરફાર કરી, સંઘદ્વારા ધર્માચરણ કરવાની પદ્ધતિ દાખલ કરી; (૯) મનુષ્યના કર્તવ્ય કર્મનો નિશ્ચય, નીતિ, અને ન્યાયના શાશ્વત તત્વને અનુસરી કરવો; (૧૦) સ્વસંમત્ત ધર્મ પન્થનો બોધ, બીજાને સ્વીકારાવવાના હેતુએ ઉપદેશકોને દેશોદેશ મોકલી પ્રચલિત કર્યો; અને (૧૧) સ્વધર્મ પ્રસારને સહાયભૂત એ નવી સંસ્થા—એક દેશોદેશ ફરી ધર્મ પ્રસાર કરવાની, અને બીજી ધર્માનુયાયી જનોને સમજાવી પરત્વે ધર્મોપદેશ કરી તેની સ્વધર્મ પ્રત્યે શ્રદ્ધા દૃઢ કરવાની સ્થાપિત કરી.

ઉક્ત એકાદશ નિયમોના પ્રભાવે બુદ્ધ ધર્મ આખા એશિયા ખણ્ડ ... બ્રાહ્મણોના કેટલાક જ નહિ પરન્તુ સિકન્દર પાદશાહના વખતે ... નિયમ અવળાસવળા છે. ... થયું હતું, કે તે જાતિના સમાન અલેકઝેન્ડ્રિયા ગયો હતો, ... થવાથી આર્યોનો આશ્રય છોડીને જે કેટલાક લેખો અત્ર હયાતીમાં જણાયા છે ... પડયો. આ આશ્રિત જનોને આર્ય ધર્મના પ્રતિનો યહુદી ધર્મપંથ, અને હિન્દુસ્તાન મના કરવામાં આવી છે. સમાજની અંદર કોઈ પણ રુપ જ છે એમ વિદેશિય તત્વશોધ આવતું. તેઓને અધમગણી ઉચ્ચ વર્ણનજનો તિરસ્કાર ... સ્થા બદલ તેમને અધિક ખેદ થવા લાગ્યો. અને તેથી તેઓને બાંબિઝન, પૅલેસ્ટાઇન્દ્વાર કરવાનુ અહર્નિશ સ્મરણ રહેવા લાગ્યું. પાછળથી આ શુદ્ધ વપદ્ધત્તિ પ્રવૃત્ત કરી મુકેલ. નિરનિરાળા ઉપયુક્ત ધર્મોત્પાદક ધંધા કરવા લાગ્યા; તેઓ પૈકી કેમતઃ થયો હતો. આરામ ગિરાસ આવવાથી મોટા વજનદાર ગૃહસ્થ થઈ ગયા. આવી રીતે ... ચાલ્યા. સાતેક ... થઈ ગયો. ... અને ... વિષયના સ્થિતિ ... ગ્રન્થો મધ્યે, અત્યન્ત અન્યાય યુક્ત (!) નિયમ પુનઃ પુનઃ પ્રણિત કરેલા જોઈ રહીજ ગયા.

બુદ્ધધર્મનો પ્રભાવ.

જે પુરુષના મનમાં સત્ય અને ન્યાય વિષયની પ્રીતિ વસેલી છે, જેની બુદ્ધિના યોગ ઘણા સુસંસ્કારો ઉદ્ભવભૂત થયેલા છે, જેના અંગમાં અવલોકન કરવાની શક્તિ લક્ષ પૂર્વક ચોંટેલી છે, પરદુઃખ દેખી જેનું હૃદય દગ્ધ થાય છે, અને જે પરોપકાર કરવામાં જ સ્વજિવિત સાર્થક્ય થયેલું જ માને છે, તેની દૃષ્ટિએ આ સમયની દુઃખસ્થિતિ પડી. એ કાળે આર્યોની જે ધર્મ સ્થિતિ અને ઇતર વિદ્યા ઉપલબ્ધ હતી, તે તમામ ગૌતમ બુદ્ધ શીખ્યો હતો. પોતે જે કાંઇ વિદ્યા પ્રાપ્ત કરેલી તે કેટલે અંશે હિતાવહ અને સત્ય યુક્ત છે, તેને વિચાર પોતાના મન સાથે કરવા લાગ્યો. અગે તેને એવું માલુમ પડયું કે માનવજાતિમાં

ભિન્ન ભિન્ન પ્રકારોના જે જાતિ સમ્બન્ધ છે તે સર્વથા અયોગ્ય છે. તેના દયામય અંતઃકરણમાં એવી ઉત્કૃષ્ટ ઇચ્છાએ પ્રવેશ કીધો, કે હીન, દીન, અને ત્રસ્ત જનોની સ્થિતિ સુધારવાને કોઇ પણ પ્રકારના ઉપાય યોજવા ખરા. યજ્ઞયાગાદિની ખટપટ સમ્બન્ધે બુદ્ધને એમ જણાયું, કે તેમાં કાંઇ સાર્થક્ય રહેતું નથી એવું જેઓ માને છે, તેઓ સંસાર વિષયે, અને કર્મ કાણ્ડપરત્વે વિચાર કરી પોતાના મનની પ્રવૃત્તિ કોઇ ઉચ્ચ પ્રકારનો ધર્મ માર્ગ છે કે નહિ ? તેના વિચારપર દોડાવે છે. આવો વિચાર કરનાર માણસ, વાનપ્રસ્થ બની અરણ્યમાં પર્ણકુટી બાંધી એકાંતમાં પોતાનો કાલ નિર્ગમન કરી શકે છે. સાંસારિક બન્ધનથી આમ મુક્ત બનવાથી તેનું ચિત્ત આધ્યાત્મિક વિચાર પાછળ નિઃશંકપણે લાગે છે. તે સૃષ્ટિનું સતત અવલોકન કરી પોતાના મન સાથે પુનઃ પુનઃ વિચાર કરી આત્મા, પરમાત્મા, પરલોકઆદિના ધર્મ તત્વો સમ્બન્ધી અનુમાન કરે છે. આ પ્રમાણે સ્વતંત્ર રીતે વિચાર કરતાં પોતાને જે બિના સયુક્તિક અને યથાર્થ લાગતી તેનું રહસ્ય સ્વશિષ્યોદ્વારા સમજાવતા.

આ પૈકી ઘણા વિચાર કરનારા ઋષિ; પુરાતન વેદના આધારપર પોતાનો તત્વવિચાર રચતા. તો પણ તે તમામનું સાધારણ ધોરણ " યજ્ઞાદિ કર્મો કરી સ્વકાર્યસિદ્ધિ માટે પશુ હિંસા કરવી યુક્ત નથી. " એવું પ્રતિપાદન કરી જનોના ચિત્ત મધ્યે ઉચ્ચતર ધર્મ કલ્પનાનો પ્રવેશ કરાવવાનું જ હતું.

પશુયજ્ઞ માટે વિચારી જનોનો તિરસ્કાર.

તત્વ વિચાર પાછળ આ પ્રમાણે વિચારી જનોની પ્રવૃત્તિ થયા પછી યજ્ઞવિષયે કેટલાક ઋષિઓએ એવી કલ્પના પ્રસારી કે યજ્ઞ કરી દેવ કૃપા સમ્પાદન કરવી, તે કાંઇ પશુયજ્ઞ વડે કદાપિ પ્રાપ્ત થાય તેમ નથી; પરંતુ પ્રભુ કૃપાની પ્રાપ્તિ અર્થે આપણી અસદ્ વૃત્તિઓનો હોમ કરવો જોઇએ. વાસના અને તૃષ્ણાની મનરૂપી યજ્ઞમાં આહુતિ આપવાથી કૈવલ્ય પ્રાપ્તિ મેળવી શકાય છે. આવું યજ્ઞ કર્મને અંગે આધ્યાત્મિક સ્વરૂપ પ્રાપ્ત થતાં, બાહ્ય કર્મમાં આત્મોન્નતિ વિશેષ હિતકર બનતાં સુખની આપનાર છે. એવો ઉપદેશ કેટલાક ધર્મગુરુઓ કરવા લાગતા.

આ ઉપનિષદ્કાલે વેદના આધારવડે તત્વવિચાર કરનારા જે જન નિર્માણ થયા, તેનું આખર સુધીનું સાધારણ ધોરણ વેદાન્તમત સ્વીકારવાની પડેલી પ્રવૃત્તિજ હતી. સર્વ ચરાચર વિશ્વ એક બ્રહ્મ થકી ઉદ્ભવેલ છે. અને તે લીન પણ તેનામાં જ થનારું છે. નામરૂપ ભેદ જે આજ દૃગોચર થાય છે. તે તો માત્ર માયાનો ખેલ છે. એ તો માત્ર ભ્રાન્તિ જ છે. આ પ્રસરેલી ભૂતિઓ કેવળ ચંચળ અને અશાશ્વત છે; વાસ્તે અચલ અને શાશ્વત એવી વસ્તુ માત્ર તો એક બ્રહ્મ જ છે. આ વિના અન્ય કાંઇ પણ નથી. નામરૂપભેદ ઉત્પન્ન થઇ આત્માધ્યાસ ઉપાધિત્રયનાયોગે, શોક અને જન્મ મરણ પ્રાપ્ત થયેલ છે. આ થકી મુક્ત થવા ઇચ્છનારાઓએ, ઐહિક અથવા પારલૌકિક સુખ વિષયની પ્રાપ્તિની લાલસા ધરવી નહિ. એટલું જ નહિ, પરન્તુ એ વિષયની કામનાનો તો સમૂળ ઉચ્છેદ કરવો જોઇએ. એટલે મોક્ષ સિદ્ધિ સુગમ થતાં અન્તે પરમાત્માની તત્ત્વ–પ્રત્યગાત્મ' આ જડ કલેવરમાં પ્રાપ્ત થયેલા બન્ધનનો છેદ કરી લીન થાય છે.

આ પ્રમાણે પરબ્રહ્મમાં લીન થતા પર્યન્ત જીવાત્માભ્યાસજન્મમરણરૂપ સંસૃતિ ભોગવી લેઇ, નામરૂપ ધારણ કરનારા પ્રત્યેક જીવનાં કર્મ પ્રમાણે તે ઉચ્ચનિચ સ્થિતિને પ્રાપ્ત બને છે સંસૃતિનો પાશ તોડવાના બે ઉપાય છે. એક એવા કે મનુષ્યોએ કામનાને જીતવી અને પ્રારબ્ધ પ્રાપ્ત દેહ કર્મે ફલની આશા નહિ રાખતાં જીવમાન છે ત્યાં સુધી કેવલ અલિપ્તપણે કાર્ય કરવાં; એટલે તેને કર્મે બન્ધન નહિ થતાં સુખ દુઃખમાંથી મુક્ત થાય છે. બીજો ઉપાય એવો કે આત્મા વિષેના અજ્ઞાનના લીધે ચિત્તને ભ્રાન્તિ થતાં અંશાશ્વત્ અને શાશ્વત્ શું ? તેનો વિચાર થતો નથી; તે સત્સજ્ઞાનના યોગે થાય—એટલે અજ્ઞાન તિમિર નાશ થતાં પરબ્રહ્મ પ્રાપ્તિ થાય. આમ થવાથી માનવને દુઃખ અને કલેશ યુક્ત આ ઐહિક જીવનની કોઇ પણ પ્રકારની દરકાર કરવાની નથી, ત્યારે શાશ્વત્ અને સતત્ પરમાનંદ પ્રાપ્તિમાં આ સ્પદ જે પરબ્રહ્મ તેની પ્રાપ્તિના માર્ગનું અવલમ્બન પ્રત્યેકે કરવું.

બુદ્ધના વખતનો તત્વ વિચાર.

આ પ્રકારે ધર્મવિચાર અને તત્વવિચાર ઉપનિષદ્ કાલે ભરતખણ્ડના કેટલાક ભાગો મધ્યે પ્રચલિત્ થયો હતો. આ વિચાર પ્રમાણે પોતાનો વર્તન ક્રમ ચલાવનારા પુષ્કળ મહાત્માઓ વખતો વખત નિર્માણ થઇ ઇતરજનોને પોતાની સમાન કરવા સમ્બન્ધી સતત્ પરિશ્રમ કરતા. આવો ક્રમ બુદ્ધના ઉદય પહેલાં અબાહતપણે ચાલતો હતો. આ તત્વ વિચાર કેવળ પ્રચલિત્ કર્યો હતો, પણ તે કયા વેદનો ? એ વિષે જેવી જોઇએ તેવી પ્રતીતિ થતી નથી. બુદ્ધના વખતે આ બ્રહ્મ વિદ્યા પ્રતિપાદન કરનારને બ્રાહ્મણની સંજ્ઞા આપવામાં આવતી. એટલે **ब्रह्म जानातिस् ब्राह्मणः** એ બ્રાહ્મણ શબ્દની વ્યુત્પત્તિ પુરાતનકાલથી લોક સંમત છે. અને એ કાલ ! બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણો ઇહલોકમાં દેવ સરીખું માન ભોગવનારા હતા.

આવા સ્વતંત્ર વિચારના યુગ મધ્યે વેદનો આધાર નહિ સ્વીકારતાં, માત્ર પોતાની જ બુદ્ધિની સહાયતા લઇ જે કાંઈ બને તેવું કરનારા કેટલાક મહાત્મા નિર્માણ થયા એમ દિસે છે. ઉપનિષદ્ કાલે આરંભાઈ, બુદ્ધના આગમન પર્યન્ત્ આ પ્રકારના સ્વતંત્ર વિચાર કરનારા પુષ્કળ લોક થયા હતા. તેઓએ પોતપોતાની બુદ્ધિ, અને વિચાર શકિતના યોગે નિરનિરાળા તત્વ વિચાર અને ધર્મ વિચાર સ્વશિષ્ય દ્વારા, તે સમયના લોકોમાં પ્રચલિત્ કરી નાંખ્યા. ઉપનિષદ્ના વખતે જે મોટામોટા તત્વવિચાર કરનારા જનો ઉત્પન્ન થયા તે પૈકી ઘણાકો એમ જ કહેતા, કે 'આપણા વિચારોને ઉપનિષદોનો આધાર છે' એવું તેમનું કહેવું ખોટું નહોતું કારણ, કે ઉપનિષદ્ કાલે સર્વ પ્રકારના ધર્મ વિચાર, અને તત્વ વિચાર બીજ રૂપે વિસ્તૃત થઇ ચૂકયા હતા; તેથી પ્રત્યેક 'આપણા મતને ઉપનિષદોનો આધાર છે' એમ પ્રતિપાદન કરતા. હાલ જ્યારે ઉપલબ્ધ થયેલ સર્વ ઉપનિષદો એકત્ર કરી અવલોકન કરવાનું શકય છે ત્યારે તેવો કોઇ પણ પ્રકાર, પુરાતન કાલે નહિ હોવાના લીધે વારંવાર ગુંચવાડો ઉભો થતો. આવી વિરોધી બિનાની મિમાંસા કરવાનું તે કાલે અશકય હોવાના યોગે **धर्मस्य तत्वं निहितं गुहायां महाजनो येन गतःसपन्थाः** આ પ્રમાણે જેઓ જે કાંઈ કહેતા તે વિચાર, જનોમાં પ્રસિદ્ધ કરવાની છુટ હોવાથી આર્યાવર્તમાં તે કાલે અનેક ધર્મ પન્થ અને તત્વ વિચાર પદ્ધતિ નિર્માણ થઈ હતી. બુદ્ધ પણ આ અંશો પૈકી એક હતો. બુદ્ધના કેટલાક ધર્મ સિદ્ધાન્તોને ઉપનિષદો તરફથી આધાર મળી શકે તેમ છે, તેથી

એવું દિસે છે, કે બુદ્ધમત એ કાંઇ નવિન આડંબર વાળો ધર્મ મત નથી, પણ આપણા પુરાતન અગણિત ધર્મ વિચાર પૈકી અને તત્વવિચાર પૈકી, કેટલાંકનું મણ્ડન કરનારો છે.

ઉપનિષદ્ કાલના પ્રારમ્ભથી તે બુદ્ધાવતાર સમય સુધી, નિદાન પાંચસો વર્ષની સ્થિતિ કાંઇક વિલક્ષણ હતી. આ વખતે તત્વ વિચાર કરનારા સેંકડો જનો નિર્માણ થયા હતા. અને આવા નિર્માણ થયેલા જનોના મનમાં જે, કાંઇ આવ્યું તે લોકો પાસે પ્રસિદ્ધ કરી નાંખતા. આથી કરીને જ્યાં ત્યાં ઘોટાળો ઉત્પન્ન થતો હતો. આત્મવાબ્મિમાં આપણું ખરું કર્તવ્ય ક્યાં સમાયલું છે; અને પરલોક પ્રાપ્તિના માટે કેવા ઉપાય યોજવાની જરૂર છે? તે વિષે લોકોના મનમાં શંકા ઉદ્ભવેલી હતી. કેટલાકના મનમાં પરલોક, આત્મા, પરમાત્મા, પુણ્ય, પાપ ઇત્યાદિ ધર્મની વાતો માટે અશ્રદ્ધા થઇ. જ્યાં ત્યાં અનાચાર અને ઉછૃંખલતા શરુ થઇ ચૂકયાં હતાં. કેટલાક એમ પણ કહેતા, આ સંસાર છોડી ગિરિકંદરા મધ્યે જઇ એલવું જોઇએ. અને ત્યાં તપશ્ચર્યા કરી દેહને દંડ આપવો જોઇએ એટલે દેવની આપણાપર કરણા થાય તો, આપણને મોક્ષ પદની પ્રાપ્તિ થાય. આવી રીતે સંસારથી ત્રાસી ગયેલા કેટલાક જન મહન્ત બની લોકોને એવો બોધ કરતા, કે 'આ સંસાર કેવળ અસાર છે. તેની પછવાડે લાગી કર્મ માર્ગ મધ્યે, અને પાપી જનની સંગતિમાં આયુષ્ય વ્યય કરવામાં કાંઇ અર્થ સમાયલો નથી; જેને આપણે સુખ માનીએ છીએ તે એકંદર સુખ વિષય, અશાશ્વત અને દુરાચારની પાછળ પ્રવૃત્તિ કરનાર હોવાના સબબે તેની લાલસા ધરવી હિતકર નથી; પણ વાસનાપર જય મેળવી, અને માત્ર સંગ રહિત બની આધ્યાત્મિક ઉન્નતિ સાધવી' આ ઉપદેશનું પરિણામ જેના ચિત્તપર ચોટે, તે સંસાર ત્યાગ કરી કેવળ વિરક્ત બની મહન્તની શિષ્યદીક્ષા સ્વીકારતા. આ રીતે બનેલો ગુરુ શિષ્ય સમુદાય, બુદ્ધના વખતે સ્થલે સ્થલે દૃષ્ટિગોચર થતો. આ વિરક્ત મણ્ડલ પોતાનું ઉપજીવન ભિક્ષાન્નપર ચલાવતા હતા, તેથી તેને ભિક્ષુકની સંજ્ઞા આપવામાં આવતી. આવો સંન્યાસીઓનો સમુદાય તે વખતે પ્રચલિત થયેલા નિરનિરાળા મતોનો હતો પોતાનો મત પ્રતિપાદન કરવાને જે સાહિત્ય અવશ્યનાં લાગે, તે તમામ મેળવવા માટે અખણ્ડ ઉદ્યોગ કરતા, આમ હોવાથી તેઓના શરીરમાં વાદયુદ્ધ કરવાની [illegible] પ્રમાણભૂતશ્રુતિઓ [illegible] રહેતા, અને તેના [illegible] સ્વપક્ષમણ્ડન, અને પ્રતિ પક્ષખણ્ડન કરવાને ઘટતી રીતે સમર્થ બનતા

દેહને દણ્ડ આપનાર તપશ્ચર્યાનો પુરસ્કાર.

દુઃખ નિવૃત્ત કેમ થાય! આ વિચાર આ કાલે વિવેકી મનુષ્યોના મનમાં સતત ઘોળાતો હતો. અને તેથી તેમાંથી મુક્ત બનવાને સારુ નાના પ્રકારની યોગના યોજના કેવળ સંસાર ત્યાગ કરવાથી સર્વ દુઃખ વિમોચન થવાનું નથી. કેટલાકનું એવું કહેવું થતું. કે 'ઘોર તપશ્ચર્યા વડે દેહને દણ્ડ આપવાથી ઇશ્વર પ્રસાદ પામવાને મનુષ્યને અલૌકિક સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કેટલાકના મતે આ સિદ્ધિઓ દેહ દણ્ડવાળાને એટલે હઠયોગી જનોને કેવળ પ્રાપ્ત થાય છે એમ કાંઇ નથી, પણ મનોજય અને વૃત્તિજય કરી શુદ્ધાચરણ રાખનાર મનુષ્ય પણ મેળવી શકે છે. આ સિદ્ધિના યોગે મનુષ્ય સર્વ પ્રકારના ઐહિક અનેક દુઃખોથી મુક્ત થાય છે એમ કહેવાય છે.

બુદ્ધના પહેલાં પણ નામધારી તત્વજ્ઞાન પદ્ધતિ હતી. એટલે સાંખ્યમતવાદીઓ કે સમયે હતા ખરા, આ પદ્ધતિનો મૂળ પ્રવર્તક કપિલ કરીને એક મહા મુનિ હતો. કપિલ મુનિની વિચાર પદ્ધતિને નિરીશ્વર સાંખ્ય કહે

સાંખ્યમત.

વાનું કારણ એવું છે, કે "આ વિશ્વ કોઇ પણ ઇશ્વરશક્તિએ નિર્માણ કરેલું છે જ નહિ અને તેના આધાર તરિકે તે એમ સાબિત કરે છે, કે જેમ મૂળમાં કાંઇ પણ હોતું નથી, તેમ કોઇએ કાંઇ પણ ઉત્પન્ન કરેલું નથી, પદાર્થને વિકાસ પામવાની શક્તિ અસલથી જ છે પદાર્થ મૂળે જ ન હોય તો તેને કોણ લાવી શકે તેમ છે? ગતિ પામવી, એ પરમાણુનો સ્વભાવ ધર્મ છે. આ પ્રકૃતિરૂપ પરમાણુના પ્રેરકરૂપે પુરુષ સ્થિત છે, તો તેના થકી ઇશ્વરિક સત્ય રહેવાય જ નહિ. તેનાં પણ જડ અને ચૈતન્ય એવાં નામો આપવામાં આવ્યાં છે. ક્રમે ને વિશ્વ મધ્યે સદુપ છે. આ યોગ થકી આ ચરાચર વિશ્વ ઉત્પન્ન થયું છે. સત્ત્વ, રજ, અને તમ આ ત્રિગુણે કરી યુક્ત જે પ્રકૃતિ તેનો માત્ર પુરુષ જ સાક્ષી છે. એ પ્રકૃતિ સંગને અવલમ્બી સુખ દુઃખાદિકોનો અનુભવ કરે છે પુરુષ પ્રકૃતિગ્રહ થતાં છે તેને ત્રણ પ્રકારનાં દુઃખ નડે છે: અર્થાત આધિદૈવિક—ઇન્દ્રિયો થકી થયેલું સુખ દુઃખ

ત્ર ૧.

બુદ્ધના ઉદય પહેલાં આધિભૌતિક—આત્મા પરમાત્મા સમ્બન્ધી: અને આધિભૌતિક—પંચ મહાભૂતોથી હતો, પણ તે કયા વેદનો ત્રણ ત્રિવિધતાપથી મુક્ત થવું એ જ પુરુષને મોક્ષ છે. આ કોપ, પ્રકૃ આ બ્રહ્મ વિદ્યા પ્રતિપાદન કરતાં તેને સ્વસ્વરૂપનું જ્ઞાન થાય એટલે પરિપૂર્ણ છે." આ પ્રકારે નાસ્તિક્ ત્રાહ્મણઃ એ બ્રાહ્મણ શબ્દ આ મતોનો બધને પૂર્વે નિર્દિષ્ટ કરેલ વેદાનુસાર પ્રવર્તિત કાલ ! બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણો ઇહલોકમાં દેવ સજ્જડ બંધ બંધાયો હતો.

આવા સ્વતંત્ર વિચારના યુગ મધ્યે વેદનો

ની રહ્યાવતા લઇ જે કાંઈ બને તેવું કરનારા

ઉપનિષદ્ કાલે આરમ્ભાઈ, બુદ્ધના આગમન પર્યન્ત ચાલ્યાં હતાં. તેઓએ પોતપોતાની બુદ્ધિ, પુષ્કળ લોક થયા હતા. તેઓએ પોતપોતાની બુદ્ધિ, તત્વ વિચાર અને ધર્મ વિચાર સ્વશિષ્ય દ્વારા, તે સમયના

ઉપનિષદના વખતે જે મોટામોટા તત્વવિચાર કરનારા

એમ જ કહેતા, કે 'આપણા વિચારોમાં ઉપનિષદોનો આધાર છે' એવું હોવું કારણ, કે ઉપનિષદ્ કાલે સર્વ પ્રકારના ધર્મ વિચાર, અને તત્વ વિચાર બંધ વિસ્તૃત થઇ ચૂકયા હતા; તેથી પ્રત્યેક 'આપણા મતને ઉપનિષદોનો આધાર છે' એમ પ્રતિપાદન કરતા. હાલ જ્યારે ઉપલબ્ધ થયેલ સર્વ ઉપનિષદો એકત્ર કરી અવલોકન કરી શકય છે ત્યારે તેવો કોઇ પણ પ્રકાર, પુરાતન કાલે નહિ હોવાના લીધે વારંવાર ગુંચવ ઉભો થતો. આવી વિરોધી બિનાની મિમાંસા કરવાનું તે કાલે અશકય હોવાના યોગ

ધર્મસ્ય તત્વં નિહિતં ગુહાયાં મહાજનો યેન ગતઃસપન્થાઃ આ પ્રમાણે જેઓ જે કાંઈ કહેતા તે વિચાર, જનોમાં પ્રસિદ્ધ કરવાની છુટ હોવાથી આર્યાવર્તમાં તે કાલે અનેક ધર્મ પન્થ અને તત્વ વિચાર પદ્ધતિ નિર્માણ થઈ હતી. બુદ્ધ પણ આ અંશો પૈકી એક હતો. બુદ્ધના કેટલાક ધર્મ સિદ્ધાન્તોને ઉપનિષદો તરફથી આધાર મળી શકે તેમ છે તેથી

ક્ત અને સાંત છે." આ પ્રમાણે નાના પ્રકારના તર્ક કરતાં, મૂખ્યત્વે બેવિચાર પદ્ધતિ નિર્માણ થાય છે; એક વિચાર પદ્ધતિ પ્રમાણે "જે કાંઈ ગોચર છે તેજ સત્ય છે." એવો સિદ્ધાન્ત સ્થાપિત થયો હતો. અને બીજી વિચાર પદ્ધતિ મુજબ "જે કાંઇ ગોચર છે, સાંજ તમામ ચંચલત્વ પાછલ અસત્ય છે." આ સિદ્ધાન્ત દૃઢ થયો હતો. આવી રીતે તત્વ વિચાર અને ધર્મ વિચાર મધ્યે મતભિન્નત્વ થતાં ઇહ લોક વ્યતિરિક્ત પરલોક છે કે નહિ, મનુષ્ય મરણ પામવાથી તેનો આત્માશેષ રહેતો હશે વા નહિ, મનુષ્યે કરેલ પાતક બદલ તેને દેહ દણ્ડ થતો હોય તો કયા પ્રકારે થતો હશે ? ઇત્યાદિ પ્રશ્નો ઉત્પન્ન થવા લાગ્યા અને તત્કાલ સર્વ વિદ્યાપારંગત પણ્ડિત જનો મધ્યે આ પ્રકરણે પ્રચણ્ડ વિવાદ ઉભો કર્યો. આવી સ્થિતિ ઉપનિષદ્ કાલથી પ્રારમ્ભાઈ બુદ્ધના સમય સુધી-સુમારે પાંચસો વર્ષ વિલક્ષણ સ્વરૂપ ધરી રહી હતી.

બુદ્ધ ધર્મનું સ્વરૂપ

બુદ્ધ આ ભારત ભૂમિમાં નિર્માણ થઈ જે ધર્મ મત સ્થાપિત કર્યો તેનું ધોરણ કેવું હતું ? એ વિષે સક્ષિપ્ત નિરૂપણ કરતાં જણાય છે, કે "જે કાંઈ દેખાય છે તે સર્વ અશાશ્વત-તેથી તે ભ્રમ અને શોક યુક્ત છે, તેની લાલસા રાખવાથી ખરૂ સુખ કદી પણ પ્રાપ્ત થવાનુ નહિ જ." એવી સમજ સર્વત્ર દૃઢ થયેલ હોવાના લીધે સંસારના દુઃખથી છૂટવાનો માર્ગ કઈ દિશા તરફ હશે ? તત્સમ્બન્ધે વિચારી જનો વિચાર કરતા. જે માર્ગ જેને યોગ્ય જણાય તેનો પુરસ્કાર કરવાની ઇચ્છા પ્રત્યેકના સ્વભાવે સિદ્ધ થતી. બુદ્ધ આવા વિચારી પુરુષો પૈકી એક હતો. તેના સમયે મૂખ્યત્વે બે પ્રકારના લોક સમાજ મધ્યે દૃષ્ટિએ પડતા. એક પ્રકારના લોક એવું કહેતા, કે "પુરાતન કાલથી ચાલતી આવેલી યજ્ઞયાગાદિ ક્રિયા કરવાથી જ જીવિત સાર્થક્ય છે." બીજા પ્રકારના લોકો એવું વદતા, કે "આશુષ્ક કર્મ કાણ્ડમાં કાંઈ રહસ્ય સમાયલું નથી, માટે આ દુઃખમય સંસારનો ત્યાગ કરી નાંખવા સારુ વનમાં જઈ ધ્યાન ધારણા તપશ્ચર્યા ઇત્યાદિ કરવાં યોગ્ય છે, આમ કરવાથી જ જીવિત ક્ષય થયે ખરી સુખ પ્રાપ્તિ થવાની." પરન્તુ બુદ્ધે તો આ ઉભય પ્રકારના લોકોની સમજ અને કૃતિમાં કાંઈ પણ અર્થ સમાયલ નથી એમ માની, નવો જીવિત સાર્થક્યનો માર્ગ કહાડ્યો. તે એવા પ્રકારનો હતો કે "મનુષ્યને યજ્ઞાદિ કર્મ કાણ્ડ કિંવા દેહ દણ્ડવાળી તપશ્ચર્યા, આપણા અમૌલિક જીવન ક્ષય કરવાને ત્યજી આપી પોતે વાસનાજય કરી સદાચારી બનવું, માનવની અનીતિ તરફ જે બિનાની પ્રવૃત્તિ થનારી જણાય તેનો નાશ કરવાનો પ્રયત્ન કરવો." આમ કરવાથી મનુષ્યોનાં આચરણો પવિત્ર થઇ તેના દુઃખનો અન્ત આવે છે, અને તેને સુખ શાન્તિના લાભ થઈ અન્તે સર્વ ઉપાધિનો ક્ષય થતાં નિર્વાણ પદી પ્રાપ્ત થાય છે. આવી નૈતિક ઉન્નતિ પ્રત્યેક પ્રાણીની થવી શક્ય છે, એવો બુદ્ધના મનનો નિશ્ચય હતો તેથી તેણે મનુષ્ય જાતિને દુઃખથી છોડવનારો પોતાનો અભિમત દર્શાવી ઉપદેશ કેમના સારુ કરવાનું નિર્ધાર્યું. સર્વ પ્રકારના અને સર્વ જાતિના સ્ત્રી પુરુષ પ્રત્યે તેનો આ પ્રમાણેનો બોધ હતો. "તમે દુખ મુક્ત જ્યારે હો, ત્યારે જ તમે તમારી આધ્યાત્મિક ઉન્નતિ કરી શકો. આ ઉન્નતિ કર્મ કાણ્ડથી અથવા તપશ્ચર્યાથી થનાર નથી. ખરી નીતિ રાખ્યા વિના, અને સર્વ પ્રકારની વિષય વાસના તેમ જ સુખ તૃષ્ણાનો ઉચ્છેદ કર્યા વિના દુઃખ નિવૃત્ત થનાર નથી: આ દુઃખ નિવૃત્તિનો માર્ગ; સર્વ જાતિના, વ-

ર્ણના, અને દરજ્જાના લોકોને સાધ્ય થવાને માટે કાંઈ પણ બન્ધનકારક નથી, તેમ આ માર્ગ સ્વીકારવાને કોઇ અનધિકારી છે એમ પણ નથી. આ પ્રમાણે તે વખતે આર્ય જન સમાજમાં જે વર્ણાદિનો ભેદ ઉત્પન્ન થયો હતો, અને અધિકાર તથા અનધિકાર પરત્વે જે સંશય ઉભો થયો હતો તેનો પ્રતિરોધ કરનાર બુદ્ધ પ્રથમ પ્રવૃત્ત થયો.

સત્યાસત્ય નિર્ણય કેમ કરવો ?

વેદ સંહિતા, બ્રાહ્મણ, અને ઉપનિષદ્ મધ્યે જે સત્ય અને હિતકર હોય તે આપણા વિવેક બલે ઉપજાવી કહાડવું એવો બુદ્ધનો જનો પ્રત્યે ઉપદેશ હતો. "તમે જે કાંઈ દેખો કરો છો તે તમામ સત્ય જ છે એમ નાનો નહિ, જે બિના પિત્ર પુત્ર પરમ્પરાથી ચાલતી આવે છે, અથવા જે કેવળ દંતકથા રુપે જનોમાં રૂઢ થયેલ છે તેના પર શ્રદ્ધા રાખશો નહિ, કોઇ પણ બિના પુષ્કળ લોકોના મ્હેડેથી સાંભળવામાં આવે તો પણ તે ખરી છે એમ સલાહ માનો નહિ, એકાદ પુરાતન સાધુએ એકાદ બિના લખી રાખી હોય તો પણ તેના પર ભરૂસો રાખવો એવું કદાપિ સમઝશો નહિ, ખાલી કપોળ અનુમાન પર અથવા નિરાધાર કલ્પના પર વિશ્વાસ ધરશો નહિ, કેવળ અભ્યાસના લીધે જે વાત તમારા શરીર પર સ્થિત થઈ હોય, તો પણ તે સત્યતાથી મુક્ત છે એમ કલ્પના એ બાંધશો નહિ, કોઈ પણ વાત તમારા ગુરુ અથવા વડિલ માણસો કહી હોય તો પણ તેને ખરી ગણશો નહિ, પણ **યોગ્ય અવલોકન અને સત્યાસત્ય નિર્ણય કરી વિવેકપદ્ધતિએ** અનુસરતાં જે સિદ્ધ થાય તેનો અંગિકાર કરી, તદનુસાર સ્વવર્તન સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવો." આ પ્રમાણે બુદ્ધનો સ્વશિષ્ય પ્રતિ ઉદ્દેશ હતો.

બુદ્ધે, ગ્રન્થપ્રમાણ્ય, અને આ પ્રવચનપ્રમાણ્ય વિષયનો નિકાલ લાવવામાં માત્ર વિવેક શક્તિને જ પ્રાધાન્યત્વ આપ્યું હતું. જે અત્યંત ગૂઢ પ્રશ્ન વિચારી મનુષ્ય પોતપોતાના સામર્થ્યનુસાર અને ચિર રૂઢ પદ્ધત્તિ પ્રમાણે મુક્ત થવાના કામમાં ગુંથાયાં હતાં, તેનું પરિસ્ફોટન અને વિવેચન કરવાની પદ્ધત્તિ પ્રથમતઃ બુદ્ધે શરૂ કરી. તે વખતના આર્ય તત્વવેત્તાઓ, સત્યાસત્ય નિર્ણય માટે જે પ્રમાણો અવશ્ય કહેતા, તે મધ્યે આ પ્રવચન પ્રમાણ્યનુ માહાત્મ્ય હતું. જે બિના અતિન્દ્રિય હોય, જે વિષયે માનવ કાંઇ તર્ક કરી શકતો નથી, ત્યાં આ પ્રવચન પ્રામાણ્ય સત્યવત્ માનવું જોઇએ એવો તેનો નિર્ણય હતો. પરન્તુ બુદ્ધે તો ઘણે અંશે સર્વ સાધારણ પ્રવૃત્તિનો પ્રતિરોધ કરી એવું સ્થાપિત કર્યું, કે "જે બિના સ્વવિવેકના અંગે અગમ્ય જણાય, તે શ્રુત્યાદિ પરમ પૂજ્ય માનેલા ગ્રન્થમાં કદાચ હોય, કિંવા કોઇ પરમ સાત્વિક પુરુષે ઉપદેશ કર્યો હોય, અથવા ગમે તેમ હોય તો પણ ખરૂં માની શકાય નહિ." આત્મા વિષે પણ આવી કલ્પના બુદ્ધની વખતે સર્વત્ર રૂઢ થઇ હતી. તેનો તેણે લેશ માત્ર સ્વીકાર કર્યો નહિ. બુદ્ધના વિચારે 'પ્રત્યેક માનવ બુદ્ધિમાં સત્યનો અંશ રહેલો હોય છે." ઇશ્વર કપલ્પના સમ્બન્ધે પણ તેના આવા વિચાર હતાઃ "સંસૃતિ-યુક્ત દુઃખ નિવૃત્તિ રુપ જે મોક્ષ, તે માનવોને ઇહ લોકમાં પોતાના પરિશ્રમ વડે જ કેવળ પ્રાપ્ત થઇ શકે છે. એ પ્રાપ્ત થવા માટે, ઈશશક્તિનો અથવા દેવતા સમુદાયનો પ્રાસાદ જોડવાનો નિરર્થક પ્રયત્ન કરી મગ્ન બનવાનો મૂળથી હેતુ રાખવો હાસ્યાસ્પદ છે, આ દુઃખ વિમોચન કરવાનો માર્ગ મનુષ્ય જાતિ પરત્વે બુદ્ધે દેખાડયો, તેનું એવું કહેવુ હતું કે, "મોક્ષ

સિદ્ધિને જ્ઞાનની આવશ્યકતા છે." આ સિદ્ધાન્ત ઉપનિષદ્ ગ્રન્થોમાં પણ પ્રતિપાદન કરેલ છે, પરન્તુ, બુદ્ધના અભિપ્રાયે આત્મજ્ઞાન કાંઇ બ્રહ્મ સમ્બન્ધી અથવા દેવસમ્બન્ધી નથી, પણ માનવ અને ઇતર વસ્તુજાતની સ્વસ્વરૂપવાળી સ્પષ્ટ અને સત્ય ભાવનાને જ માત્ર જ્ઞાન કહેવામાં આવ્યું. આથી કરીને મોક્ષ સિદ્ધિના વાસ્તે ચિત્ત શુદ્ધિ અવશ્ય થવી જોઇએ એવું તેણે પ્રતિપાદન કર્યું. એકંદર રીતે જોતાં આ ચિત્તશુદ્ધિ ઉપર જ તેનો વિશેષ કટાક્ષ હતો. આની પાસે ઇતર સર્વ ધર્માચરણ ગૌણ છે એવું તેવું માનવું હતું. પવિત્રતા, વિનય, આર્જવતા, શાન્તિ, અખિલ ભૂત માત્ર માટે નિઃસીમ પ્રેમ ઇત્યાદિ સદ્વૃત્તિ મનુષ્યોમાં ઉત્પન્ન થવી જોઇએ. તે પ્રમાણે પોતાના અનુયાયી જનોનો પોતાના મોક્ષ પ્રાપ્તિનાં સત્પથપર પૂર્ણ ભરુસો બેસાયો. તેના નિયમે વિનયશીળ થવું જોઇએ, અસત્કર્મ કરવા માટે શરમ આવવી જોઇએ, સર્વ પ્રકારની સત્ય વિદ્યા સમ્પાદન કરવી, સદૈવ ઉદ્યોગશીલ થવું, પોતાના મનનો ઉત્સાહ કદી પણ કમતી થવા દેવો નહિ, સર્વ પ્રકારનું અનુભવ જ્ઞાન પ્રાપ્ત કરવું, પોતાના આચરણો લોકોમાં, અને એકાંતમાં નીતિના નિયમ પ્રમાણે જ રાખવાં જોઇએ. કેવળ બાહ્યકર્મ કાણ્ડ મધ્યે ગરક થવાથી, અથવા કોઈ ઇશ શક્તિની કૃપા સમ્પાદન કરવા ઠી ખટપટ કરી પરલોક પ્રાપ્તિની લાલસા ધરી. દુઃખ વિમોચનરૂપ મોક્ષ પ્રાપ્ત થવો અશક્ય છે." એવો બુદ્ધનો પોતાનો શિષ્ય પ્રતિ ઉપદેશ હતો.

કર્મ કાણ્ડ અને તપશ્ચર્યા કરતાં નીતિનું પ્રાબલ્ય વિશેષ છે.

આ સમયના ગૃહસ્થાશ્રમી લોકો, જે વિધિ, અને જે નિત્યનૈમિત્તિક કર્મો કરતા, તે સર્વ નિરર્થક અને નિષ્ફલ છે એમ બુદ્ધનું કહેવું હતું. તે પ્રમાણે વાનપ્રસ્થ જન જે ઘોર તપશ્ચર્યા કરી દેહને દંડ આપે છે, તે પણ નિરર્થક અને નિષ્ફલ છે એમ તેનું કહેવું હતું. પોને નિર્દિષ્ટ કર્યા પ્રમાણે પવિત્ર અને નિર્દોષ આચરણ તેમ જ પરોપકારના યોગે, માનવી ધારેલી પૂર્ણતા પ્રાપ્ત કરી ઇહ લોકમાં સ્વર્ગ તુલ્ય યોગ્યતાને પહોંચી શકે છે. એવો બુદ્ધની બુદ્ધિનો નિશ્ચય થવાથી તેણે સ્વાભિપ્રેત ધર્મ સ્વરૂપ ઇતર માનવી બંધુઓને ઉપદેશવાનો ક્રમ ઉત્સાહ પૂર્વક ચલાવ્યો. પોતાની પાછળ પોને નિયત કરેલ ક્રમ નિર્ધારતપણે ચલાવવો એવો તેણે પોતાના શિષ્ય સમુદાયને મોટા આગ્રહવડે ઉપદેશ કર્યો. કારણ કે મનુષ્ય માત્રની વિપત્તિ નષ્ટ થવી જ જોઇએ એવી તેની ઇચ્છા હતી. "મેં યોજેલા સ્વોન્નતિના અને સદાચરણના માર્ગનું અવલમ્બન કરવાથી મનુષ્યની એકંદર વિપત્તિ અને દુઃખ નિર્મૂળ થવાનું" એવું તે પોતાના મનથી માનતો. અને વળી મોક્ષ સિદ્ધિનો માર્ગ સર્વ પ્રકારે સુગમ તેમજ સાધ્ય હોવાના લીધે તેણે એકંદર હીન, દીન, અને ત્રસ્ત જનોને પોતાના માર્ગનું અવલમ્બન કરવાથી દુઃખ વિમોચન થવાનું બનશે, એવો ઉપદેશ કરવાનો આરમ્ભ કર્યો. મુમુક્ષુ જનોને પોતાની નીતિ બતાવી બુદ્ધિંગત કરાવી, દુર્વૃત્તિનું દમન કરવું, દુર્વાસના પરજય કરવો અને અખિલ મનુષ્યજાતિ પોતાનો બાન્ધવ વર્ગ છે, એમ સમજી તત્સમ્બન્ધે નિઃસીમ પ્રીતિ અંતરમાં રાખવી, એટલે તેને મોક્ષ પ્રાપ્તિ સુગમ થવાની એવો તેનો સર્વાંશે બોધનો સાર છે.

બુદ્ધના વિચાર પ્રમાણે બ્રાહ્મણ, અને શુદ્ર, ઉચ્ચ, અને નિચ, રાજા, અને રંક,

બુદ્ધધર્મપ્રસારનું વાસ્તવિક કારણ શું.

એવા જે કૃત્રિમ ભેદમાં કાંઇ પણ અર્થ સમાયલો નથી, સર્વ માનવજાતિ સરખી છે, મોક્ષ માર્ગનો અનધિકારી એક પણ નથી, આવો સર્વ કૃત્રિમ ભેદાભેદ વિનષ્ટ કરનાર સત્યધર્મ રહસ્ય બોધ જેને તેને કાને પડવા લાગ્યો, તેથી તે તમામ તેના અનુયાયી થયા. અને થોડા વખતની અવધિમાં તો બુદ્ધે પોતાના ધર્મનો પ્રસાર આખા એશિયાખણ્ડમાં પ્રસારી આપ્યો. ગરીબ ખેડૂતો ભોળા ભલો કારીગર વર્ગ, ધનાઢ્ય શાહુકાર, મોટા મોટા બળવાળા સરદાર અને રાજા વગેરે, સર્વ દરજ્જા અને જાતિના લોક તેના અનુયાયી થયા. સુશીલ, સુસ્વભાવી, સદાચારી. શાન્ત અને સૌમ્ય એવા તે કાલના સહસ્રાવધિ આર્યજનોએ તેના મોક્ષ માર્ગનું અવલમ્બન કરી, પોતાનાં ઐહિકજીવન સત્કર્મ અને પરોપકાર કરવાને વેચ્યાં. બુદ્ધના પહેલાં જે વિકટ ધર્મ વિધિ, અને સામાન્યજનોથી સહસા નહિ ઝેપલાઇ શકાય એવી જે યજ્ઞ યાગાદિ ક્રિયા વેદ વિહિત સર્વત્ર રૂઢ થઇ હતી, તે વિધિ, અને તે ક્રિયા કર્મ પ્રતિકૂલ સ્થિતિના લીધે અથવા અનધિકાર પરત્વે અસાધ્ય હોવા વિષે જેઓ સ્વીકારતા, તેઓને આ બુદ્ધનો ઉપદેશ હિતકારક તેમ જ સત્ય લાગ્યો. જેથી એવા સર્વે એ તે પંથનો સ્વીકાર કર્યો.

બુદ્ધના સમયે ધર્મ સમ્બન્ધી સાધારણ સ્થિતિ હોવાના સબબે બુદ્ધે ઉપદેશેલો મોક્ષ માર્ગ પુષ્કલ જનોએ અનુસરણ કર્યો. કારણ કે તે સુગમ અને દરેક પ્રકારની સગવડતાવાળો હોવાથી તેનું અવલમ્બન કરવાને સર્વ પ્રકારના મનુષ્યોને કોઇ પણ રીતે બાધ નહિ હતો.

બુદ્ધે, આ ભૂતલપર સ્વધર્મોપદેશ કરવાનો પ્રારંભ કર્યા પહેલાં લોકો મધ્યે ફરી પોતે આપવા ધારેલા ઉપદેશની સ્વઆચરણ યુક્ત લોકોને સારી રીતે ખાત્રી કરી આપી. જેના યોગે તત્સમ્બન્ધી પૂજ્યતા બુદ્ધિ તત્કાલિન લોકોમાં જે પ્રકારે હતી; તે પાછલથી પણ કાયમ રહી. સર્વ પ્રકારનાં સ્ત્રી-પુરુષો મધ્યે રહી પોતાનું આચરણ અત્યન્ત નિર્દોષ રાખનાર મહાપુરુષ માટે, જનોના હૃદય મંદિરમાં આદર બુદ્ધિ અને અમર્યાદ શ્રદ્ધા ઉત્પન્ન થવી શક્યજ છે.

આ પ્રકારે આ અદ્વિતિય અને અલૌકિક મહાપુરુષના વખતે આપણી **સામાજિક સ્થિતિ** હતી. આ ભારતભૂમિ મધ્યે એ અપ્રતિમનર રત્ન નિર્માણ થઈ, અખિલ માનવજાતિને પોતાના તેજમાં આંજી નાંખી **दोष मुक्ताफल प्रोक्ता वासना तन्तु सन्ततिः हृदि नग्रथिता यस्य मृत्युस्तेन जिघांसति** "શ્રી વસિષ્ઠ મુનિના કહેવા મુજબ "દોષરૂપ મુક્તાફલ જેના ઉપર પરોવ્યા છે એવી વાસના તેની માળા જેને હૃદયે ગુંથેલી નથી તેને જેમ મૃત્યુ હણવા ઇચ્છતું નથી, તેમ પરમ નિર્વાણ પદી પ્રાપ્ત કરી પોતાના નામને અમર કર્યું.

(ચાલુ.)

ઉપનિષદ્‌ની ઉપદેશ વાર્તા.

(મળેલું)*

શ્વેતકેતુ ઉપાખ્યાન.

(અનુસંધાન—પૃષ્ટ-૩૦૧ થી)

તે દહાડે મહર્ષિ અરૂણિની પાસેથી "ત્રિવૃત્કરણ" તત્વકથા સાંભળી, થોડાક દિવસ દિવસ સુધી યોગ્યતા પ્રમાણે અનેક તરેહની યુક્તિ વડે ખુબ સારી પેઠે મનમાં સમજી, શ્વેતકેતુ ફરી એક દિવસ મહર્ષિની પાસે આવીને બેઠો અને નમ્રતાપૂર્વક વિનય પૂર્વક કહ્યું:-"પિતાજી! "ત્રિવૃત્કરણ" તત્વ મનમાં હું સારી પેઠે સમજ્યો છું; આપે તે દિવસે કહ્યું કે, આ તત્વ બીજી રીતે તને કોઈ દિવસે સમજાવી આપીશ; માટે આપ કૃપા કરી આજે સમજાવો."

મહર્ષિ અરૂણિ ત્યારે કહેવા લાગ્યા-"હે પુત્ર! આ પૃથિવીસ્થિત સમસ્ત બાહ્યવસ્તુમાંની દરેક જ-તેજ-જળ-પૃથ્વી-પરમાણુ-આ ત્રિવિધ ઉપાદાનથી થઈ છે, આ વાત તને તે દહાડે કહી છે. ફક્ત બાહ્ય વસ્તુઓનું જ તેમ નથી, અંતઃકરણસ્થ માનસિક વૃત્તિયોનાં પણ ખરેખર તે ત્રણ જ ઉપાદાન છે. બાહ્યવિષય અને ઇન્દ્રિયાદિક, એક જ ઉપાદાનથી જન્મ્યાં છે. ફક્ત સ્થાન ભેદને લીધે તેમના નામનો અને કાર્યનો ભેદ થઈ પડયો છે. બાહ્યિક અથવા આંતરિક-યાવતીય પદાર્થ, તે "ત્રિવૃત્કરણ" નુંજ ફલ છે, તે તને ધીમે ધીમે દેખાડી આપીશ. પ્રાણ, મન વીગેરે આંતરિક વૃત્તિયોના ઉપાદાન તે. તેજઃ જળ, પૃથ્વી કેવી રીતે, તે તત્વકથા આજે તને કહીશ, ચિત્ત લગાડી વિચાર પૂર્વક સાંભળ.

પ્રાણી જે અન્નાદિ ખોરાક ખાય છે, તે જઠરાગ્નિદ્વારા પરિપક્વ થઈ, ત્રણ પ્રધાન ભાગથી વિભાગ થઈ પડે છે. તેમાં સઘળા કરતાં સ્થૂલતમ ભાગ પુરીષરૂપે પરિણત થાય છે. અન્નનો જે મધ્યમ ભાગ, તે રસાદિ રૂપે વિકૃત થઇ, છેવટે શરીરનું માંસ બની જાય છે; અને વળી ખોરાકનો જે સઘળા કરતાં સૂક્ષ્મતમ ભાગ, તે હૃદયમાં જઇ, રાગાદિ ઇન્દ્રિય સમૂહની અવસ્થિતિનું કારણભૂત મન રૂપે પરિણત થાય છે. મન રૂપે પરિણત થઇ, તે ક્રમાગત મનનું જ પરિસંપાદન કરે છે; ત્યારે આ ઉપરથી સમજી શકાય છે કે, જડ, પરમાણુ જાત હોવાને લીધે મન પણ ભૌતિક પદાર્થ જ છે; વૈશેષિક ન્યાયમાં મન નિત્ય અને નિરવયવ પદાર્થમાં ગણાતું નથી. મન અતિશય સૂક્ષ્મ હોવાને લીધે સ્થુલ, સૂક્ષ્મ, વ્યવહિત, વિપ્રકૃષ્ટ-યાવતીય પદાર્થનેજ વ્યાપ્ત કરવાને સમર્થ છે. આવી રીતે પ્રાણી જે જળ પીવે છે, તે પણ શરીરમાં જઇ ત્રણ ભાગથી વિભાગ થઇ પડે છે. તેના સ્થૂલમ ભાગથી મૂત્ર, મધ્યમ ભાગથી લોહી, અને સઘળા કરતાં સૂક્ષ્મતમ ભાગથી પ્રાણની પુષ્ટિ થાય છે. આ પ્રમાણે તેલ, ઘી, વીગેરે તૈજસપદાર્થો, શરીરમાં પેસી ભાગ થઇ પડે છે. તેના સ્થુલ ભાગથી સ્નાયુ અને સૂક્ષ્મ ભાગથી વાક્યનાં પુષ્ટિ સંપાદન થાય છે, તેલ, ઘી, વીગેરે તૈજસ વસ્તુઓ ખાવામાં આવે છે તેથી જ માણસ વાત કરી શકે છે. માટે આ ઉપરથી જણાઇ આવે છે કે, તન અન્નમય, પ્રાણ જલમય, અને વાક્ મનોમય, પદાર્થ છે.

---

* લખનાર—એક સન્યાસિ.

આ સ્થલે એવી એક શંકા ઉત્પન્ન થાય છે કે, આખુ (ઉંદર) વીગેરે જીવ જંતુઓ તો કેવળ અન્ન માત્રજ ભક્ષણ કરી દિવસ કહાડે છે, તેમનામાં પણ થોડાંક વાકશક્તિ વિશિષ્ટ પ્રાણવાલાં જોવામાં આવે છે; સમુદ્રમાંનાં મગર માછલાં વીગેરે ફક્ત જળ પીનેજ જ રહે છે, તેમનામાં પણ મન અને વાક શક્તિ છે, ત્યારે વળી કેવી રીતે કહી શકાય કે, મન અન્નમય, પ્રાણ જલમય, અને વાક તેજોમય? આ શંકાના ઉત્તરમાં આટલું જ કહેવું બસ છે કે, કોઇ તો અવિમિશ્ર અન્ન જલાદિ ભક્ષણ કરતાં નથી; પ્રાણી માત્ર સઘળાં "ત્રિવૃત્કૃત" અન્ન જલાદિ ગ્રહણ કરે છે. માટે આખુ વિગેરે જીવજંતુઓમાં, મન, વાણી, પ્રાણ છે, તેમાં શક લાવવા જેવો અસંગતિ દોષ ક્યાં છે?

શ્વેતકેતુએ આટલે સુધી સાંભળી પૂછ્યું,—"પિતાજી! અન્નાદિ સમસ્ત ભુક્ત પદાર્થ તો એકત્ર મિશ્રિત થઇ ઉદરમાં પ્રવેશ કરે છે; અને આ સમસ્ત ભૂતના સૂક્ષ્મ ભાગથી મન વૃદ્ધિને પામે છે, એમ અનુમાન કરી લેવું સ્વાભાવિક છે, ત્યારે આપ કેવી રીતે કહો છો કે, ફક્ત મનના જ સૂક્ષ્મ ભાગથી મનની ગોઠવણ થાય છે?

મહર્ષિ અરૂણિ ઉત્તરમાં કહેવા લાગ્યા—"હે પુત્ર! આ વાત એક દૃષ્ટાંતદ્વારા તને સમજાવી આપીશ, મનોયોગ પૂર્વક સાંભળ. દહીં મથન કરવાથી જેમ તેનો સૂક્ષ્મભાગ માખણ રૂપે ઉપર તરી આવે છે અને તેવળી ઘી રૂપે પરિણુત થાય છે; તેમજ અન્નાદિ પદાર્થ ખાધા પછી, વાયુની સાથે જઠરઅગ્નિદ્વારા મથિત થઇ સૂક્ષ્મત્વને પામી ઉર્ધ્વગામી થઇ મન રૂપે પરિણુત થાય છે. આ સૂક્ષ્મ ભાગો મનનાં અવયવોની સાથે મળીને જ મનની વૃદ્ધિ અને પુષ્ટિ સાધન કરે છે. આવી રીતે જલ અને તૈજસ પદાર્થોના સૂક્ષ્મ ભાગથી યથા નિયમાનુસાર પ્રાણ અને વાકની પુષ્ટિ થાય છે."

શ્વેતકેતુ. મહર્ષિના આ દૃષ્ટાંતથી વાત, જોઇએ તેટલી સ્પષ્ટ રૂપે સમજી શક્યો નહિ; પિતા અરૂણી તે જોઇ તરત જાણી ગયા. માટે આ તત્વ બીજી રીતે તેને સમજાવી આપવા સારૂ કોશેશ કરવા લાગ્યા.

મહર્ષિ અરૂણિ કહેવા લાગ્યા—"હવેથી ચિત્ત આપીને સાંભળ, ખાધેલાં અન્નાદિ સૂક્ષ્મત્વને પામી, મનની શક્તિ ઉત્પન્ન કરે છે, તે શક્તિ અન્નરસ જાત જ છે. આ અન્નરસ જાત શક્તિ સોલ ભાગથી વ્યાપક થાય છે. મનની આ સોલ શક્તિ રહેવાને લીધે જ જીવને "સોલ કલાત્મક" કહેવામાં આવે છે. અન્નરસ જનિત માનસિક શક્તિવાળા પુરૂષમાંજ નાના પ્રકાર સામર્થ્ય જોવામાં આવે છે. જીવદ્રષ્ટા, શ્રોતા, બોદ્ધા, કર્તા અને વિજ્ઞાતા તથા સર્વ ક્રિયા સમર્થ—તેનું એમ છે કે, તે સમસ્ત ભિન્ન ભિન્ન શક્તિ અન્નરસ (ખાધેલો ખોરાક આદિ) થી જ પુરૂષ સંગ્રહ કરી લે છે. અન્નરસાદિ ન ટાલવાથી તે સઘળી શક્તિયો ક્ષય પામતી જાય છે; માટે મનનાં શક્તિ અને સામર્થ્ય તે ખાધેલા પદાર્થજ સંગૃહિત થાય છે.

હે સૌમ્ય! પુરૂષની માનસિક શક્તિ સમૂહ જે અન્નરસાદિથી પરિપુષ્ટ થાય છે, તેનું જો પ્રત્યક્ષ પ્રમાણ જોવા માગતો હોતો આજથી પંદર દિવસ સુધી અન્ન ભક્ષણ કરીશ નહિ,

ફક્ત મરજી મુજબ જરાક જલ પીજે, કારણ કે પ્રાણ તો જલમય, તેથી જો કદાચ જળ પીવાનું બંધ કરશો તો, તમારી પ્રાણ—ક્રિયા પણ બંધ થઇ જશે. એટલાજ માટે એ યાદ રાખવું કે, કારણના વિનાશથી કાર્યનો વિનાશ ખચીત છે.)

શ્વેતકેતુ, પિતાજીના મુખમાંથી આ વાત સાંભળી "મન જે અન્નમય" તેનું પ્રત્યક્ષ પ્રમાણ લઇ ખરી ખાત્રી કરી જોવાને તત્પર થયો અને પંદર દિવસ સુધી અન્નાદિ કંઇપણ ચીજ ખાધી નહિ. આવી રીતે અનાહારથી પંદર દિવસ વીતી ગયા પછી સોળમા દિવસે શ્વેતકેતુ, પિતાજીની પાસે આવીને બેઠો.

મહર્ષિ અરૂણિએ ત્યારે કહ્યું—"હે વત્સ! તમે મારી પાસે ઋગ્વેદ ભણી મોઢે કર્યો છે, તેના કોઇ પણ ભાગમાંથી એકાદ મંત્ર મને સંભળાવો."

શ્વેતકેતુ એ ઝીણા સ્વરથી કહ્યું—"હે ભગવન્! ઋગવેદાદિના કોઇ પણ મંત્ર આજે મારા મનમાં સ્ફુર્તા નથી; અને ઘણી કોશેશ કરીને પણ તેમાંનું કશુંએ મનમાં હું યાદ કરી શકતો નથી જો કે હું સાંભલું છું, જોઉં છું, સઘળી તરેહનું ભાન છે, તથાપિ મારી સ્મૃતિ ક્રિયા એકદમ લોપ થઇ ગઇ છે."

મહર્ષિ અરૂણી પુત્રના મુખથી આવી વાત સાંભળી કહેવા લાગ્યા—"હે સૌમ્ય! કેટલાંક કાષ્ટ આહરણ કરી, તેમાં અગ્નિ સંયોગ કરવાથી જ્યારે સમસ્ત કાષ્ટ, પ્રજ્વલિત થઇ ઓલવાઇ જાય છે, અને ખદ્યોત સરખો એક કકડો જ્વલંતાગાર બાકી રહે છે, ત્યારે તે વતે જેમ ફરી દાહક્રિયાનો સંભવ થઇ શકતો નથી તેમ અન્નદ્વારા પરિપુષ્ટ તમારા મનનો પણ એક જ માત્ર ભાગ અથવા કળા બાકી રહી ગયો છે, તેટલા માટે તમારા મનમાં ઋગવેદની સ્મૃતિનો ઉદય થતો નથી. પછી જો જો સઘળું એની મેળે જ સ્ફુરી આવશે."

શ્વેતકેતુ, પિતાજીની આજ્ઞા મુજબ ત્યાંથી ઉઠી જઇ અન્ન ભક્ષણ કરી ફરીથી આવીને પિતાજીની પાસે બેઠો, ત્યારે જોયું કે ઋગ્વેદની પૂર્વ સ્મૃતિ તેના મનમાં જાગી અને તેના અમુક ભાગના મંત્ર સ્વર સાથે ઉચ્ચાર કરી સંભળાવવા લાગ્યો.

મહર્ષિ અરૂણિ ત્યારે ફરીથી કહેવા લાગ્યા-' હે પુત્ર! પૂર્વે જે અગ્નિનો દૃષ્ટાંત મેં આપ્યો હતો, તે ખદ્યોત સરખું અવશિષ્ટ જ્વલંત અંગારની સાથે જો હમણાં થોડાંક શુષ્કતૃણનો સંયોગ કરવામાં આવે તો, તે જેમ અગ્નિકકડાની સાથે સંયુક્ત થઈ, ફરીથી પ્રજ્વલિત થઇ પડશે અને આ પ્રજ્વલિત અગ્નિ વડે હવે મોટા મોટા પદાર્થોને પણ ભસ્મ કરી શકાય છે; તેમજ કલા માત્રાવશિષ્ટ તમારા મનની જે એક માત્ર શક્તિ અવશિષ્ટ રહી હતી તે ક્ષીણ શક્તિ અથવા કળા આજે ફરીથી અન્નરસદ્વારા પરિપુષ્ટ થઈ છે, માટે જ પંદરદિવસ પછી આજે પુનઃ તમારા મનમાં વેદની લોપ થઇ ગયલી સ્મૃતિ સ્ફુરી આવી છે. માટે હવે તમે તો પ્રત્યક્ષ જોઈ લીધું કે, મન અન્નરસાત્મક છે 'અન્નરસાદિથીજ મનની સમુદાયશક્તિની પુષ્ટિ સંપાદન થાય છે. આવી રીતે, પ્રાણ અને વાક (Speech) પણ, યથા નિયમસર જળ અને તેજોમય છે, તે પણ આ ઉપરથી સિદ્ધ

થઇ શકે છે. ત્યારે જુઓ, બાહ્યિક અને આંતરિક દરેક વસ્તુ "ત્રિવૃત્કૃત" થઇને ઉત્પન્ન થઇ છે અને "ત્રિવૃત્કૃત" થઇ પરિપુષ્ટ પણ થઇ રહી છે. માટે અંદર અને બહારના સમસ્ત પદાર્થ જ તે તેજસ, અપ અને પૃથ્વી-પરમાણુ-આત્મણ ઉપાદાનથી રચાયલા છે. વિશ્લેષણ (analysis) કરવાથી તે ત્રિવિધ મૂલતત્વવજ મળી આવે છે, અને વળી તે અવશિષ્ટ મહાતત્વ કાર્યકારણ સંબંધથી બંધાઇ એક માત્ર અદ્વિતીય બ્રહ્મમાં જ પરિસમાપ્ત થાય છે. બ્રહ્મથીજ સૃષ્ટિની ઉત્પત્તિ અને બ્રહ્મમાંજ પરિસમાપ્તિ."

શ્વેતકેતુ, આ સમસ્ત ઉપદેશકથા સાંભળી એકદમ વિસ્મિત થઇ ગયો. મનમાં યથાર્થરૂપે વારવાર વિવેચન અને આલોચન કરી હવે સમજી શકયો કે, મન વીગેરે આંતરિક શક્તિ અને બાહ્ય પદાર્થો વસ્તુતઃ અન્નાદિ ત્રણ તત્વ શીવાય ખરેખર બીજું કશુંએ નથી. અને વળી તે ત્રણ તત્વ કાર્ય કારણ સંબંધથી ગુંથાઇ એક અદ્વિતીય બ્રહ્મમાંજ પરિસમાપ્ત થયાં છે. સૃષ્ટિસ્થ પદાર્થમાત્રજ, આવી રીતે બ્રહ્મથીજ ઉત્પન્ન થઇ વળી બ્રહ્મમાં જ લીન થઇ રહ્યા છે. આવો આ સ્પષ્ટ અનુભવ થયા છતાં, શ્વેતકેતુના મનમાંની એક શંકા હજુ મટી નહિ. હજુ સુધી તે આ અઘરૂં તત્વ સુસ્પષ્ટરૂપે હૃદયંગમ કરી શકયો નહિ. તેના મુખ ઉપરથી મહર્ષિ અરૂણિ તરત સમજી ગયા. આ અઘરો વિષય અને કે દાખલા દૃષ્ટાંત આપી બીજી રીતે સહેલાઇથી સમજાવી આપવો પડશે, એમ મનમાં ઠરાવ કરી, મહર્ષિ અરૂણિએ શ્વેતકેતુને જે ઉપદેશ કર્યો હતો, તે ઉપદેશવાર્તા ફરી કોઇ દિવસ સુરસિક વાચનારને અમે સંભળાવીશું; આજે આટલું જ બસ છે.

(અપૂર્ણ.)

શ્રીકૃષ્ણ.

(અનુસંધાન—પૃષ્ટ—૨૯૮ થી.)

શ્રીકૃષ્ણે એક સમયે સાબિત કરી આપ્યું હતું કે, આ માત્ર મુખથી બોલવાની જ પ્રાર્થના નથી: જ્યારે પૂજ્ય પાંડવો ઋષિ દુર્વાસા વડે ઘણા ગુંચવાડામાં આણી મૂકાયા હતા, દુર્યોધનની પ્રાર્થનાથી, કે જેણે તેમને તેમના ૧૦૦૦૦ શિષ્યો સહિત પાંડવોના અતિથી થવાની પ્રાર્થના કરી હતી, અને તે પણ જ્યારે પાંડવો મધ્યાહ્નને જેમાં રહે ત્યાર પછી, કારણ કે પછી અન્યને માટે જરા પણ બાકી ન રહેતું. દુષ્ટ દુર્યોધનની ઇચ્છા પૂરી પાડવાને, પાંડવોના અતિથિ થઇને પોતાના શિષ્ય સમૂહ સહિત ઋષિ આવ્યા; પાંડવો વનવાસમાં હતા, આવા મોટા સમૂહનો આદરસત્કાર કરવાનાં સાધનો ન હતાં, અને વળી સૂર્યદેવે દ્રૌપદીને આપેલું વરદાન કે જેથી એક વાડકામાંથી અતિથિની ગમે તેટલી સંખ્યા જમાડી શકાતી હતી, તે પણ આજે દ્રૌપદીએ તેમાંથી પોતાનો અંતીમકવલ લઇ લેવાને લીધે નિરર્થક થઈ પડયો હતું. પાંડવોનું સંકટ મહાનમાં મહાન હતું, કારણ કે ઋષિ અને તેમના શિષ્ય વર્ગને જમાડાય નહિ તો તેમના ક્રોધને પુષ્ટિ મળશે, અને પાંડવોના નાશનું

કારણ થઇ પડશે. આવા સંકટમાં વનવાસમાં વસતા પાંડવો શું કરી શકે ? આવા અણીના પ્રસંગે તેમને કોણ મદદ આપનાર હતું ? તેઓ શ્રીકૃષ્ણભક્ત હતા, તેથી સર્વ પ્રાણિના સર્વજ્ઞ અને સર્વવ્યાપક પ્રભુને બોલાવવાની પ્રાર્થનામાં તેઓ સામટાં જોડાયાં-અને તે સર્વ કરતાં પૂજ્યતમ દ્રૌપદી, કે જે પોતાના પતીવિષયક નરમાશના સદ્ગુણને લીધે પરમભક્ત હતાં, તેણે પોતાના પ્રભુને ગુપ્ત પ્રાર્થનામાં વિનતી કરી, અને તે પરિણામ વિનાની નહિ, કારણ કે તેણે તેની પ્રાર્થના દ્વારકામાં સાંભળી, અને આ સંકટમાંથી પાંડવોને બચાવવા તે દોડતા આવ્યા. તેઓ આવ્યા અને દ્રૌપદીને ચિંતાનું કારણ પૂછ્યું. અક્ષય્યપાત્રમાંથી છેલ્લામાં છેલ્લો કણ પ્રાશન કરવાથી તે ખાલી થયું છે, એવું તેના જાણવામાં આવતાં, તેણે તે પાત્ર માગ્યું, એને તેમાંથી બાજુનો એક કટકો શોધી કાઢયો, આરોગ્યો અને કહ્યું, **प्रीतोस्मि**। "હું પ્રસન્ન થયો છું." પરિણામ એ આવ્યું કે વિશ્વાત્માશાંત થતાં, તેમાંથી આવતા અને દુર્વાસા તથા તેમના શિષ્યો જેવામાં વસતા દિવ્ય જીવાત્માઓ સંતોષ પામ્યા, અને તેમની ક્ષુધા શાન્ત કરવા માટે પાંડવોને આશિષ દઇને તે જગ્યાએથી ચાલી નિકળ્યા. આથી ગોપીઓને એમ શ્રદ્ધા હતી કે, તેને ખુશી કરવાથી તેઓ પોતાનાં સગાં સંબંધિઓને પણ ખુશી કરી શકશે, અને આ શ્રદ્ધા અસાધારણ ન હતી પરંતુ તેની દિવ્યપ્રકૃતિ તથા તેમની તેના પ્રતિની પરમભક્તિ સાથે બરોબર બંધ બેસતી હતી.

તેઓએ વળી વિશેષ ઉમેર્યું કે, તેમની કામનાઓ પૂર્ણ નહિ થવાને લીધે, જો તેઓ ઘેર જશે તો પણ તેઓ કોઈ પણ કાર્ય કરવાને અશક્તિવંત નિવડશે. કારણ કે તેમણે પોતાની સર્વ શક્તિ ખોઈ છે, કે જે માત્ર તેના પ્રતિ તેના મિષ્ટ સાથની ઇચ્છાના સ્વરૂપમાં લગાડવામાં આવી હતી.

તેમણે કહ્યું, "તેટલા માટે, પ્રથમપુરૂષના સમાન સ્વર્ગના રક્ષક તારો, વ્રજને ભીતિ, શોકમાંથી છોડવવાને, જન્મ થયો છે, તો આનંદ પૂર્વક તારા કમલ દલ સમાન હસ્તો તારા ગૂલામોના વક્ષઃસ્થલ અને મસ્તક ઉપર મૂક." અત્રે પણ શરીરના જે ભાગોને સ્પર્શવાનું કહેવામાં આવ્યું છે તે લક્ષ આપવા યોગ્ય છે, જ્યારે કોઇને અત્યંત ચિંતામાંથી મુક્ત કરવો હોય ત્યારે તેના વક્ષસ્ ઉપર હાથ મૂકવામાં આવે છે, એ ચિંતા હૃદય સ્પંદનથી પ્રદર્શિત થાય છે, અને જ્યારે ભક્તનામાં દિવ્ય અસર ઉપજાવવાની હોય છે ત્યારે શિષ્યના મસ્તિકનો સ્પર્શ કરવામાં આવે છે. ભક્તનું શિર અને ગુરૂ દેવના પાદ, દિવ્ય અસર સાથે અત્યંત સંબંધ ધરાવતાં સ્થાનો છે; પોતાના ગુરૂના પાદમાંથી નિકળતી અસરને ગ્રહણ કરવાને શિષ્યો પાદ સ્પર્શ કરે છે, અને પોતાની અસરને પ્રેરવાને ગુરૂ, શિષ્યના શિરને સ્પર્શે છે. શિષ્યનામાં, દિવ્ય જીવનના વહન માટે, આ પ્રકારે ગુરૂ અને તેના શિષ્ય વચ્ચે એક સંપૂર્ણ સંબંધ બંધાય છે. તેટલા માટે ગોપીઓનો આવા પ્રકારની ઇચ્છાને વૈષયિકની છાપ મારી શકાશે ? જન સમૂહે સ્ત્રી પુરૂષના સંસર્ગ સાથે અધમાધમ વિચારો યોજી કાઢયા છે માટે ગુરૂએ શું પોતાના શિષ્યોને આશિષ દેતાં દૂર રહેવું જોઇએ ? ચુંબનને વેશ્યા વૃતિ રૂપ ગણવામાં આવે છે માટે શું એક માતાએ પોતાના બાલકનું ચુંબન કરવાથી દૂર રહેવું જોઇએ ? અધમ વિચારો સાથે સાથે જોડાયલા છે માટે, શું એક પ્રેમી પિતાએ પોતાની પુત્રીનું આલિંગન કરવાથી

દૂર રહેવું જોઇએ ? વંઠેલાઓજ એવાં કાર્યોનો આશ્રય લે છે માટે શું એક પતિ પોતાની પત્નીને લાડ લડાવવાની આનાકાની કરશે ? પતિ રૂપે તેને પામવાને ભવે ભવે પ્રાર્થના કરતા શિષ્યોને આલિંગન આપવામાંથી તે દિવ્ય પ્રભુ શું દૂર રહેશે ? કદાપિ નહિ. પોતાનું જીવન લંબાવી સદા માટે દુઃખ વહોરી લેવાની ભીતિ કરતાં, કયો મૂર્ખ મનુષ્ય અમૃતપાનનો ત્યાગ કરશે ? સ્થૂલદુઃખની માલવિનાની ભીતિને જીતવા માટે, અનંત જીવનનો લાભ સંપૂર્ણ નથી ? સમાજના નિયમોનો સહજ ભંગ થવાથી તેમને અપવાદ આવશે માટે શું, "તેને પતિ રૂપે ભોગવવાની" તેમની અતી દીર્ઘ કાળથી પોતાની ઇચ્છાને સંપૂર્ણ કરવાને ઉતરી આવેલા દિવ્ય પ્રભુના સાથનો ગોપીઓએ ત્યાગ કરવો જોઇએ ? એમ થઇ શકે જ નહિ, અને પરિણામ એ આવ્યું કે, રાસલીલા રમવામાં આવી, જ્યાં ભક્તો અને તેમના પ્રભુ વચ્ચે વખાણ, ચુંબન અને આલિંગનનો અરસ પરસ બદલો કરવામાં આવ્યો હતો, સ્થૂલશરીરમાં ઇચ્છિશકાતું ઉચ્ચમાં ઉચ્ચ સુખ.

મૂખ્ય વિષયમાં આગળ કહેવાઈ ગયલી રાસલીલાનું વિસ્તારથી પુનઃ વર્ણન કરવાની મારે જરૂર નથી, પરંતુ મારા વાચકોને પૂર્વે કહેવાયલાનું માત્ર ભાન કરાવું છું કે, રાસલીલા રમાતા પૂર્વે, જ્યારે શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે વનોમાં ફરતા હતા ત્યારે તેમને પોતાના સાથમાં જરા પણ ગર્વિષ્ઠ જોઇને, એક દિવ્યઉપદેશક રૂપે તેમને અનુશાશન આપ્યા વિના રહ્યા નથી. આ પ્રમાણે જ્યારે તેઓ સર્વ તેના સાથ માત્રને લીધે, પોત પોતાની જાતને બાધ રૂપે ભાગ્યશાલિ ગણતી હતી, ત્યારે એવું દર્શાવવાને તે તેમના સાથમાંથી અદૃશ્ય થયો કે, આધ્યાત્મિક જીવનમાં અહંકારને સ્થાન મળવું જોઇએ નહિ, અને જ્યાં સુધી તેમનામાંથી તે દોષ દૂર થયો નથી ત્યાં સુધી તેઓ તેના સાથ માટે અયોગ્ય હતી આત્માનંદાવેશના મધ્યમાં તેનું અદૃશ્ય થવું, ઘણા શોકનું કારણ થયું, અને જ્યારે તેમને તેમની ખોડ માલૂમ પડી તથા ખરા દિલથી તે માટે પસ્તાવો કર્યો, ત્યારે તે ફરીથી તેમના સાથમાં દૃશ્ય થયો, તથા તેમને આપેલા વરદાનના પરિપૂરણાર્થે તેમને યોગ્ય વિચારીને, રાસલીલા રમ્યો, કે જે તેના ભક્તો તેમ જ અભક્તો માટે સદા માટે એક સંભ્રમ રૂપ જ છે.

મારા વિવાદના ટેકા રૂપે એક વાત કહેવાની છે, અને તેને મારે રહેવા દેવી જોઇએ નહિ. જો રાસલીલાને એક નિંદ્યવસ્તુરૂપે ગણવામાં આવી હોત, જો નીતિની ઇન્દ્રિયોને તે વિરોધકારક લાગતી હોત, તો આપણા દિવ્યવ્યાસ દેવ આટલી બધી હિંમત અને ભક્તિ પૂર્વક ભાગવતમાં તેને વર્ણવત નહિ. વળી એમ ધારીએ કે, એટલો વૃત્તાંત પાછળથી કોઇએ એ પુસ્તકમાં ઓઢવી દીધો છે, તો પણ એટલો વિચાર હું જણાવી શકું કે, જો તેને જરા પણ અનીતિમય ગણવામાં આવ્યો હોત, હાલ કરવામાં આવે છે તેમ તેને જો જરા શંકાની દૃષ્ટિથી જોવામાં આવતો હત તો, સારાસારના જરા પણ વિવેકવાળા કોઇએ ભાગ્યે જ તેને ભાગવત જેવા પવિત્ર અને આધ્યાત્મિક પુસ્તકમાં દાખલ કર્યો હત. આ પ્રમાણે સારાંશ કેઃ—

૧. શ્રી કૃષ્ણને તેમના પતિ રૂપે અર્પવાની કાત્યાયની પ્રતિની ગોપીઓની પ્રાર્થના.

૨. "વસ્ત્રાહરણ" ના દેખાવમાં શ્રીકૃષ્ણનું ગૂઢ રીતે દૃશ્ય થવું, ગોપીની કામનાઓને ખુલ્લી પાડવી—પોતાના શબ્દોમાં તેમના વિશ્વાસની પરિક્ષા—પછીથી શ્રીકૃષ્ણથી વરદાન અપાવું.

૩. પોતાની કામના પ્રાપ્તિમાં ગોપીઓનો અનહદ્દઆનંદ, તથા પોતાના ગૃહપ્રતિ જતાં તેના વિષેનું તેમનુ ધ્યાન.

૪. શ્રીકૃષ્ણ વડે ગોપીઓનું ગૂઢ રીતે બોલાવવું, તેમનું તેને મળવા આવવું, બહાર આવવામાંથી અટકાવાયલાંનું વર્તન.

૫. મેલાપના સમયે શ્રીકૃષ્ણના ચંડાગાર શબ્દો.

૬. ગોપીઓના પ્રત્યુત્તરો તથા આવા સમયમાં તેમનું વર્તન.

૭. તે સાથમાં વનમાં ભટકતાં હતાં ત્યારે, શ્રી કૃષ્ણના અદૃશ્યયવાદ્વારા ગોપીઓના ગર્વનું અનુશાશન.

૮. પોતાનાં પાપો માટે ગોપીઓનો પશ્ચાત્તાપ.

૯. તે સ્થલમાં શ્રી કૃષ્ણનું અગમ્ય પુનઃદર્શન.

૧૦. ઉપર દર્શાવ્યા પ્રમાણે રાસલીલા ઉજવવી.

૧૧. શ્રી કૃષ્ણના ગોપીઓના સાથેના ચારિત્ર સંબંધી રાજા પરિક્ષિતની શંકાઓનું સમાધાન.

૧૨. રાસલીલાના શ્રવણમનનનિદિધ્યાસન, વાચનવર્ણનદ્વારા પરિણામની. શ્રીકૃષ્ણે આપેલી ખાત્રી.

આ સર્વ ઉપરથી, રાસલીલા રમવામાં ગોપીઓ અને શ્રીકૃષ્ણના ચારિત્રમાં કોઇ પણ જાતના વિષયવાસનાના અભાવની કોઇની પણ ભાગ્યેજ ખાત્રી થયા વિના રહેશે. આટલું કહેતા સાથે શ્રીકૃષ્ણના લાંબા લેખને અત્રે સમાપ્ત કરૂં છું; મારાથી બની શકે તેટલી રીતે, શ્રી કૃષ્ણ અને ગોપીઓના વર્તનને અક્ષરશઃ અર્થમાં સમજાવવા મેં પ્રયત્ન કર્યો છે, અને તેને મારા વાચકોના ગંભિર વિચાર અથવા હાસ્ય માટે પ્રસિદ્ધ કર્યું છે; પરંતુ દિવ્ય શુકદેવ સાથે સદા માટે માનું છું કે—"જે કોઈ, વ્રજવધુઓ સાથેની વિષ્ણુના પૂર્ણાવતારની પ્રેમમય ક્રીડાઓના વર્ણનને ભક્તિપૂર્વક શ્રવણ કરશે તથા અનુભવશે, તેનામાં સમર્થ પ્રભુ માટેની ભક્તિનો ઉદય થશે તથા પોતાના અજ્ઞાનને જીતીને, અંતઃકરણની વાસનાસ્થાનની, તાલૈક્ય રૂપ ઇચ્છાઓનો શીઘ્રતાથી તે નાશ કરે છે." ૧૦—૩૩—૪૦.

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः
श्रद्धान्वितोऽनु शृणुयादथ वर्णयेद्यः ।
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥

(આગળ ચાલુ.)

ઉપતંત્રી.

જ્ઞાન.

" પ્રકૃતિનાં દિવ્યરહસ્યોની શોધ ચલાવવાની તમારી મરજી હોય તો, પ્રથમ તમારા મનસ્‌નીજ શોધખોળ ચલાવો, તથા તમારા હેતુની શુદ્ધતા માટે તમારી જાતને જ પ્રશ્ન કરો. તમને જે સારા ઉપદેશો મળે છે તે માનવ જાતના ભલા માટે વ્યવહારમાં મૂકવા માગો છો ? તમારા મનને ઘેરી લેતી તથા અનંત સત્યના સ્પષ્ટ પ્રકાશને જોવામાં તમને બાધ કરે છે, એવી સર્વ સ્વાર્થકામનાઓનો ત્યાગ કરવાને તમે તૈયાર છો ? દિવ્યજ્ઞાનના પ્રદર્શન માટે સાધનરૂપ થવાની તમારી મરજી છે ? તમારા ઉચ્ચસ્વસાથે ઐક્યભાવ પામવો, તમારા ભ્રન્તિ દર્શક સ્વનો નિરોધ કરવો, સર્વ વ્યાપક ઐક્યની જાગતી જોત જેવી શક્તિ સાથે અભેદ પામવો, તથા છાયા રૂપી માલ વિનાની ઐહિક વ્યક્તિતાથી તમારે તદ્દન વિદૂર થવું આ સર્વથી શું સૂચવાય છે, તે તમે જાણો છો ? અથવા, તમારી જીજ્ઞાસા તૃપ્ત થાય, તમે તમારી વિદ્યા માટે, ગર્વ ધરાવો, તથા બાકીની માનવ જાત કરતાં તમારી જાતને શ્રેષ્ઠ માનો, એટલા માટે જ માત્ર ઉચ્ચ જ્ઞાન પામવાની ઇચ્છા રાખો છો ? વિચારો કે દિવ્યતાનાં રહસ્યો દિવ્યાત્માથી પોતાથી જ શોધી શકાય છે, તથા તે તમારા આંતરમાં જાગ્રત છે. **યથાર્થ જ્ઞાન** આપણા પોતાના અંતરમાંથી જ આવવું જોઇએ, અને માત્ર બહિરનાં પરિવર્તનોથી જ નહિ; જેઓ માત્ર બહિર પદાર્થોમાં વસ્તુઓના સ્વરૂપ માટે શોધ ચલાવે છે, તેઓને વસ્તુનો કૃત્રિમવર્ણ માલૂમ પડે, પરંતુ સત્યવસ્તુ યથાર્થ સ્વરૂપમાં માલૂમ પડવાની નથી. "

જેકબ બોહિમ.

તંત્રી—
ડૉક્ટર ચમનલાલ દલપતરામ પરીખ, એમ. એ., પી. એચ. ડી.
પ્રકાશક—
વિશ્વવિહારી અમૃતલાલ
મુદ્રક—
ડાહ્યાભાઈ નથુભાઈ મણિયાર મણિલાલ પ્રેસ, ગોલ દરવાજા અમદાવાદ

સુદર્શન.

(ધર્મ-ગૃહ-સાહિત્ય-આદિ વિદ્યા અને તત્સબંધી વિચાર.)

"सत्यं परं धीमहि"—भागवतम्.

[પુસ્તક ૧૮. અંક ૧૧ ૧૨] (માસિક.) [અગષ્ટ-સપ્ટેમ્બર. ૧૯૦૩]

વિષયાનુક્રમ. પૃષ્ઠ

૧ ચાલ સખિ! ઉડિયે !..... ૩૨૧
૨ એકાંત..... ૩૨૩
૩ શું સમજે તુ ગુમાર !..... ,,
૪ વિવેક અને અભેદ..... ૩૨૪
૫. શ્રી ગૌતમ બુદ્ધ..... ૩૩૨
૬. ઉપનિષદની ઉપદેશ વાર્તા..... ૩૪૫
૭ શ્રીકૃષ્ણ..... ૩૪૮
૮ જ્ઞાન..... ૩૫૨
૯. એક મિત્રને..... ૩૫૩
૧૦. રાજયોગ..... ૩૫૭
૧૧. મરણ પછીનું જીવન..... ૩૬૩
૧૨. આત્મકથા..... ૩૭૭
૧૩. ન્યાય..... ૩૮૦
૧૪. વર્ષાનુક્રમ..... ૩૮૩

અમદાવાદ
ધી અમદાવાદ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ, કંપની લીમીટેડ.

દુનીયા ફાની ના ક્ષણિક જીવનમાં રંગશૌકર કંઈ ઉડે;
સુખ દુઃખની પ્યાલી પીતાં વિરહ-પૌડરદુરે !
પ્રિય સખિ ! " रज स्तमसावृत " પુતળાં રમે હસેને જીવે
ત્રિવિધ તાપથી ફડફડી સુતાં સઉ ઉઠે !

અસ્થિર મન તેમાં ભમે,
વિધિ વ્હેમથકી તે ભરે;
નવ હૃદય ખેલ શિખવે,
સઉ વિરસ બીચારાં રહે.

એ ધૂર્ત વિધિના પેચ ચળકતા અતિ તીક્ષ્ણવળ વાળા,
ભેસે, ખુંચે, કદી નહી નીકળવાના ! હા !
વીંટળાય પરિચય થકી પેચપરરક્ત નીકળતા સુધી;
લવણ અડયે બળતાં રડે, જાય રડી મુઈ !

× × × × ×

તિમિરતેજની સંધિ-ક્ષિતિજે પરવશ ભૂતડાં દીન નાચે !
અનુભવી શકે સત્વનું સ્વપ્ન કદી ના તે !

પ્રતિકૂલતાથી તે ખીંઝે !
અનુકૂલતાથી તે રીંઝે !
રીઝ ખીઝમાં જીવે મરે !
મૃદુભાવ ન હોય હૃદયે !

સખિ ! ન હોય નિર્મિત સ્થાન આપણું અસાર આ સંસારે !
નક્કી પ્રણય-અંશનો વાસ અન્ય સૃષ્ટિએ !
પ્રકૃતિજ પીંજરાં બાળી, મુઈ ભોંડી બાથ, ચિતા શય્યામાં,
ભૂત—ભભૂત ચોળીયે ચાલ પ્રણય—વેદીમાં !
અગણિત ગોળાપર થઇ, રચી અદ્વૈત, લોકમાં ભમશું,
ત્યાં વિશ્વ—યંત્રની ચીસ દૂર શુણીશું;
રસ—વિતરેલો ભવ તજી, સરલતા સજી, ચાલ, સખિ ! ઉડીયે !
આ અનંતતાના ઉદધિ મહીં રસ છણીએ !

લલિત.

પ્રકાશક
ગોકુળદાસ અનંતરાય કાપડિયા
બી. એ. એલ. એલ. બી.
એડવોકેટ—
વિધિવિદ્યાની અદાલત
મુંબઈ

સુદર્શન.

તંત્રી—
મણિલાલ નભુભાઈ દોશી, બી. એ.
સહાયક—અમૃતલાલ મણિલાલ દોશી
આ ઘાટ

(ધર્મ-ગૃહ-સાહિત્ય-આદિ વિદ્યા અને તત્સંબંધી વિચાર.)

"सत्यं परं धीमहि"—भागवतम्

[પુસ્તક ૧૮. અંક ૧૧-૧૨] (માસિક.) [અગષ્ટ-સપ્ટેમ્બર. ૧૯૦૩].

વિષયાનુક્રમ. પૃષ્ઠ.

૧. ચાલ સખિ! ઉડિયે !..... ૩૧૧
૨. એકાંત..... ૩૨૦
૩. શું સમજે તુ ગુમાર !..... ,,
૪. વિવેક અને અભેદ..... ૩૨૪
૫. શ્રી ગૌતમ બુદ્ધ..... ૩૩૨
૬. ઉપનિષદની ઉપદેશ વાર્તા..... ૩૪૫
૭. શ્રીકૃષ્ણ..... ૩૪૮
૮. જ્ઞાન..... ૩૫૨
૯. એક મિત્રને..... ૩૫૩
૧૦. રાજયોગ..... ૩૫૭
૧૧. મરણ પછીનું જીવન..... ૩૬૩
૧૨. આત્મકથા..... ૩૭૩
૧૩. ન્યાય..... ૩૮૦
૧૪. વર્ષાનુક્રમ..... ૩૮૩

અમદાવાદ.
ધી અમદાવાદ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ, કંપની લીમીટેડ.

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः
श्रद्धान्वितोऽनु शृणुयादथ वर्णयेद्यः ।
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥

(આગળ ચાલુ)

ઉપતંત્રી.

જ્ઞાન.

"પ્રકૃતિના દિવ્યરહસ્યોની શોધ ચલાવવાની તમારી મરજી હોય તો, પ્રથમ તમારા મનસ્નીજ શોધખોળ ચલાવો, તથા તમારા હેતુની શુદ્ધતા માટે તમારી જાતને જ પ્રશ્ન કરો તમને જે સારા ઉપદેશો મળે છે તે માનવ જાતના ભલા માટે વ્યવહારમા મૂકવા માગો છો ? તમારા મનને ઘેરી લેતી તથા અનન્ત સત્યના સ્પષ્ટ પ્રકાશને જોવામા તમને બાધ કરે છે, એવી સર્વ સ્વાર્થકામનાઓનો ત્યાગ કરવાને, તમે તૈયાર છો ? દિવ્યજ્ઞાનના પ્રદર્શન માટે સાધનરૂપ થવાની તમારી મરજી છે ? તમારા ઉચ્ચસ્વભાવે ઐક્યભાવ પામવો, તમારા ભ્રન્તિ દર્શક મનનો નિરોધ કરવો, સર્વ વ્યાપક શ્રેયની જાગતી જોત જેવી શક્તિ સાથે અભેદ પામવો, તથા છાયા રૂપી માલ વિનાની ઐહિક વ્યક્તિઓથી તમારે તદ્દન વિદૂર થવુ આ સર્વથી શું સૂચવાય છે, તે તમે જાણો છો ? અથવા, તમારી જીજ્ઞાસા તૃપ્ત થાય, તમે તમારી વિદ્યા માટે ગર્વ ધરાવો, તથા બાકીની માનવ જાત કરતા તમારી જાતને શ્રેષ્ઠ માનો એટલા માટે જ માત્ર ઉચ્ચ જ્ઞાન પામવાની ઇચ્છા રાખો છો ? વિચારો કે દિવ્ય તાના રહસ્યો દિવ્યાત્માથી પોતાથી જ શોધી શકાય છે, તથા તે તમારા આતરૂમા જાગ્રત છે **યથાર્થ જ્ઞાન** આપણા પોતાના અતરૂમાથી જ આવવુ જોઇએ, અને માત્ર બહિરૂનાં પરિવર્તનોથી જ નહિ, જેઓ માત્ર બહિરૂ પદાર્થોમા વસ્તુઓના સ્વરૂપ માટે શોધ ચલાવે છે, તેઓને વસ્તુનો કૃત્રિમનહું માલૂમ પડે, પરતુ સત્યવસ્તુ યથાર્થ સ્વરૂપમાં માલૂમ પડ વાની નથી."

જેડીબ બેહિમ

તંત્રી—
પ્રોફેસર આનંદશંકર બાપુભાઈ ધ્રુવ
એમ. એ. પી. એચ. ડી.
સ્વામી—
રા. રા. વિશ્વનાથ ભટ્ટ

સુદર્શન.

બાલકૃષ્ણ ભગવાનજી ધાબળિયા
પ્રોપ્રાઈટર-પ્રોસ્પરિટી પ્રેસ,
સુરત.

(ધર્મ-ગૃહ-સાંહિત્ય આદિ વિદ્યા અને તત્સંબંધી વિચાર.)

" सत्यं परं धीमहि. ".....भागवतम्.

પુસ્તક ૧૮. અંક ૧૨] (માસિક.) [ઑગસ્ટ, ૧૯૦૩.]

શ્રી મુંબઈ ગુજરાતી સભા
મુંબઈ-૬
૧૯૨૨૩
૧૮-૨-૧૯

ચાલ સખિ ! ઉડીયે !

(મળેલું.)

સખિ ! સહૃદયતાના અસ્ત બેદ સમજે ત્યાં ન કોઈ મૂઢ,
તે જડ જગમાં કદી ગમે કેમ વસવું ?

× × × × ×

સખિ ! તિમિર-તેજ-ના અગણિત થર અવનિ તલમાં ગે ખોવા !
માનુષીશક્તિયે રોતાં નિજ નખ ખોયા !

માટીના ઢેફાં જડે,
સોનાની રજ ચકચકે;
પણ સ્પર્શ થતાં તે ઉડે,
ભર ભર થઈ નીચે પડે;

કંઈ પડ ઉખેડતાં અગમ્ય વિધિનાં સૂત્ર ગૂઢ ઉકેલ્યાં;
નવ ત્યાંય જડ્યાં કંઈ દૃષ્ટિ મુખડાં ઘેલાં !

× × × × ×

દુનીયા ફાની ના ક્ષણિક જીવનમાં રંગશૌકર કંઈ ઉડે;
સુખ દુઃખની પ્યાલી પીતાં વિરહ-ખૌડસ્ટુંરે !
પ્રિય સખિ ! " **रज स्तमसावृत** " પુતળાં રમે હસેને જીવે
ત્રિવિધ તાપથી ફડફડી સુતાં સઉ ઉઠે !

અસ્થિર મન તેમાં ભમે,
વિધિ વ્હેમથકી તે ભરે;
નવ હૃદય ખેલ શિખવે,
સઉ વિરસ ખીચારાં રહે.

એ ધૂર્ત વિધિના પેચ ચળકતા અતિ તીક્ષ્ણવળ વાળા,
ખેસે, ખુંચે, કદી નહી નીકળવાના ! હા !
ચૌટળાય પરિચય થકી પેચપરરક્ત નૌકળતા સુધી;
લવણ અડયે બળતાં રડે, જાય રડી સુઈ !

× × × × ×

તિમિરતેજના સંધિ-ક્ષિતિજે પરવશ ભૂતડાં દૌન નાચે !
અનુભવી શકે સત્વનું સ્વપ્ન કદી ના તે !

પ્રતિકૂલતાથી તે ખૌઝે !
અનુકૂલતાથી તે રૌઝે !
રીઝ ખીઝમાં જીવે મરે !
મૃદુભાવ ન હોય હૃદયે !

સખિ ! ન હોય નિમિત સ્થાન આપણું અસાર આ સંસારે !
નક્કી પ્રણય-અશનો વાસ અન્ય સૃષ્ટિએ !
પ્રકૃતિજ પીંજરાં બાળી, સુઈ ભૌડી બાથ, ચિતા શય્યામાં,
ભૂત—ભભૂત ચોળીયે ચાલ પ્રણય—વેદીમાં !
અગણિત ગોળાપર થઇ, રચી અદ્વૈત, લોકમાં ભમશું,
ત્યાં વિશ્વ—યંત્રની ચીસ દૂર શુણીશું;
રસ—વિતરેલો ભવ તજી, સરલતા સજી, ચાલ, સખિ ! ઉડીયે !
આ અનંતતાના ઉદધિ મહીં રસ છણીએ !

લલિત.

એકાંત.

(મળેલું.)

(પૃથ્વી.)

'રહે પડી શું એકલો ? ચલનાં વાડીની મોજમાં,
જમી, રમત ગાન ધૂમ મચશેજ ગપ્પાં તણી.
ઉઠ એ ! નહિં શું આવતું ? અરર, કોણ તું જેહવો ?
બળેલ ! દિલ લહેજતો તુજ સરીખ માટે નહિ.'

ગયા. વિષય કીટએ દિલ લહેજતો શું લહે ?
ભરે પવન મસ્તકે, નહિ વિચાર મિત્રો મળે.
ભલે રમત એમની, મુજ કને મહાખેલ શા ?
અને ટિણુટિણી તણું મળતું શુષ્કકો કંઠમાં;
સુણી વદન, ગાન એ ગણી, મને ઘણું રાચતા,
—ક્ષમા સદય દેવિ, ધૃષ્ટ જનનાંજ અજ્ઞાનને :
પધાર, નિજ ભક્તનું હૃદય ત્હારૂં સિંહાસન,
મિલાવ ગુણ; પૂર સૂર, બહલાવ, તુજ બાનીને:
સુને, ગ્રહી રહે પ્રસાદ, તુજ ખ્યાસી આ મોરલો,
અને વિધુ સુધા થકી લમ ધરે કલાઓ બધી.

બળવંતરાય. ક. ઠાકોર.

શું સમજે તું ગુમાર !

(મળેલું.)

કાફી.

શું સમજે તું ગુમાર !

હૃદયની ! શું સમજે તું ગુમાર;—શું.

વિકલ્પ કહોવા સુત કહોવા: પરવા નાહી લગાર.—હૃદયની.
ડાહ્યો ડાહ્યો જગે ગણાયો: કલેશ છાયો નિરધાર;
દ્વેષ વસ્યો તવ અંતરમાં જ્યાં સુખવસે નહિ યાર.—હૃદયની.
લોભ મોહમાં સુખ થાવા તું, ધરતો હામ અપાર;

કેટલાકે બીજાનો કર્યો, અને કેટલાકે ઉભયને સ્વીકાર્યા: લાકના હર્બર્ટ સ્પેન્સર વગેરે કેટલાક તત્ત્વચિન્તકો પરમ તત્ત્વને અજ્ઞેય માને છે એમ આ પ્રાચીનોએ માન્યું નથી. એમણે એ "સત્" ને જ્ઞેય માન્યું: મનુષ્યમાં ઇન્દ્રિય અને બુદ્ધિ એવાં બે જ્ઞાનનાં દ્વાર માન્યાં, અને જગત્ ઇન્દ્રિયગ્રાહ્ય અને "સત્" બુદ્ધિગ્રાહ્ય, અતીન્દ્રિય—એમ વ્યવસ્થા કરી. જગત્ ઇન્દ્રિયગ્રાહ્ય અને "સત્" બુદ્ધિગ્રાહ્ય, અતીન્દ્રિય એમ વ્યવસ્થા કરી. તથા—ગ્રાહ્ય અને ગ્રાહક ભળતાં હોવાં જોઇએ એ નિયમાનુસાર, જગત્ ઇન્દ્રિયગ્રાહ્ય માટે જડ, અને સત્ બુદ્ધિગ્રાહ્ય માટે વિજ્ઞાન રૂપ! એ બેમાં વિજ્ઞાન એ બિમ્બ, અને જડ એ પ્રતિબિમ્બ—એમ માન્યું. અને એ રીતે એક પ્રકારના અદ્વૈતવાદનો સ્વીકાર કર્યો. આ થેલ્સથી પ્લેટો પર્યન્તનો પશ્ચિમના તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ થયો.

(૨.અ૦ ૫-અનાત્મ વિવેક.)

પ્રાચીન તત્ત્વચિન્તકોને અધિક તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થ

વિવેક [illegible]-દૃશ્ય અને તદધિષ્ઠાનભૂત સત્‌ના વિવેક કરતાં— [illegible] તત્ત્વજ્ઞાનના ઇતિહાસકારો કહે છે.

વિચારમાં આ[illegible]માં જે પડયાં—વર[illegible] જેવા એનું નામ "વિ[illegible] ડેકાર્ટ, સિમાસિ પામે છે—એમાં વિ

[illegible] આ દૃશ્ય અને સત્ સર્વ ભ્રાન્તિ [illegible] રે તો સર્વ શૂન્ય જ થઇ [illegible] શું? પણ વસ્તુતઃ એમ

(૩.) અભેદ.

પશ્ચિમના તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં આગળ વધતાં,–ડેકાર્ટ પછી મહાન તત્ત્વજ્ઞાની સ્પિનોઝા આવે છે. સ્પિનોઝાએ ડેકાર્ટની માફક આત્મા–અનાત્માનો–ચિત્ અને જડને—બે સ્વતન્ત્ર, અસન્તભિન્ન પદાર્થો ન માનતાં, બંનેને એક જ 'સામાન્ય સત્–' પદાર્થના વિશેષો–વિકારો–વિવર્તો માન્યા. પણ જેમ ડેકાર્ટના તત્ત્વજ્ઞાનમાં જડ ચિત્થી બહાર રહ્યું હતું–અનાત્મા આત્માથી અત્યન્તભિન્ન રહ્યો હતો–તેમ સ્પિનોઝાના તત્ત્વજ્ઞાનમાં 'સામાન્યસત્' પદાર્થ જડ અને ચિત્, આત્મા–અનાત્મા ઉભયથી બહાર રહ્યોઃ 'સામાન્ય સત્' માંથી જડ અને ચિત્ શી રીતે ફલિત થાય છે એનો ખુલાસો અપાયો નહિ‡

સ્પિનોઝા.

ડેકાર્ટનું દ્વૈત ટાળવાનો સ્પિનોઝાનો પ્રયત્ન વ્યર્થ ગયો. જેમ ડેકાર્ટમાં છેવટ સુધી આત્મ–અનાત્મવિવેક કાયમ રહ્યો, તેમ સ્પિનોઝામાં આત્મ–અનાત્મવિવેકને અભેદજ્ઞાનમાં લિલય પમાડવા જતાં, એક પાસ સામાન્ય નિર્વિશેષ સત્ અને બીજી પાસ આત્મા અને અનાત્માનું યુગલ—એ બે વચ્ચે અણધાર્યો ભેદ ઉત્પન્ન થયોઃ ડેકાર્ટનું એક પ્રકારનું દ્વૈત, સ્પિનોઝાનું અન્ય પ્રકારનું દ્વૈતઃ પણ ઉભય દ્વૈત જ. [આ વિચારની ચતુર્થ ભૂમિકાનો દક્ષિણ ખંડ.]

જેમ યુરોપનો અર્વાચીન આદ્ય તત્ત્વચિન્તક ડેકાર્ટ, તેમ ઇંગ્લંડનો અર્વાચીન આદ્ય તત્ત્વચિન્તક બેકન. પરન્તુ બનેનના તત્ત્વચિન્તનના માર્ગ જૂદા, જેમ ડેકાર્ટે શંકા–નિષેધ–થી આરંભ કર્યો, તેમ બેકને પણ કર્યો. પણ એકની શંકા આખા જગત્ પરત્વે હતી, બીજાની જગતના તે તે પદાર્થો પરત્વે હતી; આથી એકને વધારે ચોકસ ફિલસુફીની જરૂર જણાઈ, બીજાને સ્વતન્ત્ર 'સાયન્સ'ની જરૂર જણાઇ. જેમ એકનો સિદ્ધાન્ત આત્મ–અનાત્મ વિવેકમાં આવી ઠર્યો, તેમ બીજાએ શ્રદ્ધા અને તર્કના પ્રદેશ વચ્ચે વિવેક કરવા આગ્રહ કર્યો. પરન્તુ એ વિવેક એથી આગળ વધીને જગત્ આખાના અસ્તિત્વ અને સ્વરૂપના વિચાર પર્યન્ત પહોંચ્યો નહિ. આથી આપણે જેને સંકુચિત અર્થમાં 'તત્ત્વજ્ઞાની' યા 'ફિલસુફ' કહીએ છીએ એમાં બેકનની ગણના થતી નથી. તર્ક શ્રદ્ધાની શૃંખલાથી વિમુક્ત થયો કે તુરત પ્રશ્ન ઉઠ્યો આ જગતવસ્તુસત્ છે? કે કેવલ ભ્રાન્તિ જ છે? ડેકાર્ટને આ પ્રશ્ન થયો હતો અને એના ઉત્તરમાં એણે એમ ઠરાવ્યું હતું કે જગત્ કહેતાં 'અનાત્મા'—એ વસ્તુસત્ છે. ઇંગ્લંડમાં પ્રશ્નનો ઉત્તર લૉકે સૂક્ષ્મવિચારપૂર્વક આપવા યત્ન કર્યોઃ અને જણાયું કે જગતના પદાર્થોમાં બે પ્રકારના ધર્મ છે–કેટલાક વસ્તુગત છે, હું હોઉં યા ન હોઉં પણ એ તો પદાર્થમાં છે જ છેઃ જેમકે પરિમાણ, આકૃતિ વગેરે; બીજા મ્હારા ઉપર આધાર રાખી રહ્યા છેઃ જેમકે રૂપ, ગન્ધ વિગેરે. એકને પ્રધાન યા વસ્તુગત ધર્મ કહીએ છીએ એ આ

બેકન.

લૉક.

‡ સાધારણ રીતે સ્પિનોઝાનું તત્ત્વજ્ઞાન આ પ્રમાણે જ સમજવામાં આવે છે. આ લેખકને આ સમજણની યથાર્થતા માટે કાંઈક શંકા છે.

ધર્મોનું જ બનેલું છે. આ ધર્મોની પાછળ ધર્મી હોવો જોઇએ. પણ આપણું જ્ઞાન તો માત્ર ધર્મોને જ વિષય કરે છે, ધર્મી સદા-સર્વદા અજ્ઞેય જ છે.

બાર્કેલિ.

જે અજ્ઞેય જ છે એને 'છે' એટલું પણ શું કરવા કહેવું ? ' ધર્મ-ધર્મિરૂપ જગત-પદાર્થમાંથી અધિષ્ઠાનભૂત ધર્મી કાઢી નાંખ્યો એટલે ધર્મો માત્ર માનસિક આભાસ થઈ રહ્યા. અને ધર્મોમાંથી વસ્તુગત અને ઔપાધિક એ ભેદ ટળી ગયો. આ લૉક પછીનું **બાર્કેલિનું** તત્ત્વજ્ઞાન.

બાર્કેલિએ વિષયમાંથી અધિષ્ઠાન ઉડાવી દીધું, પણ જ્ઞાતાને-જ્ઞાનાધિષ્ઠાનને-કાયમ રાખ્યું. ડેકાર્ટનો અનાત્મા એક સ્વતન્ત્ર ધર્મી હતો. **બાર્કેલિનો** અનાત્મા આત્મધર્મ થઈ રહ્યો. યદ્યપિ ડેકાર્ટનું આત્મા-અનાત્માનું દ્વૈત બાર્કેલિના સિદ્ધાન્તમાં ન હતું, તથાપિ બાર્કેલિના સિદ્ધાન્તમાં અનેક આત્મા, આત્માઓના ધર્મો અને એ ધર્મો ઉપજાવનાર એક પરમાત્મા એવાં અનેક તત્ત્વો કાયમ રહેલાં હતા.

હ્યૂમ.

બાર્કેલિ પછીનો અંગ્રેજ તત્ત્વચિન્તક **હ્યૂમ. બાર્કેલિએ** જ્ઞેયમાંથી અધિષ્ઠાન ઉડાવી દીધું હતું, પણ જ્ઞાતામાં રાખ્યું હતું. આવો પક્ષપાત શા માટે જોઇએ ? બાહ્ય અને આન્તર સર્વ પદાર્થ ધર્મરૂપ જ, આભાસરૂપ જ છે-અધિષ્ઠાનનું અસ્તિત્વ માનવાની જરૂર જ શી ? આ દલીલને પરિણામે **હ્યૂમના** સિદ્ધાન્તમાં સકલ વિશ્વ, આત્મા અનાત્મા સર્વ, આભાસ માત્ર થઈ રહ્યું. સ્વયંપ્રકાશ આત્મદીપને નિષેધી, આભાસ માત્રને સ્વીકારનાર સિદ્ધાન્ત તે બૌદ્ધ વિજ્ઞાનવાદ, અર્ધશૂન્યવાદ, એ વેદાન્તનો અદ્વૈતવાદ નહિ. **બેકન** અને **લૉકથી** શરૂ થએલો ઇંગ્લંડના તત્ત્વચિન્તનનો પ્રવાહ **હ્યૂમમાં** એની પરાકાષ્ઠાએ પહોંચ્યો. [આ વિચારની **ચતુર્થ** ભૂમિકાનો **વામ** ખંડ.]

કાન્ટ

તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં આગળ ચાલતાં મહાન નામ **કાન્ટનું** આવે છે. ડેકાર્ટ અને એના અનુયાયિઓએ—છેક **વોલ્ફ** નામના તત્ત્વજ્ઞ પર્યન્ત-માની લીધું હતું કે મનુષ્યબુદ્ધિ આ મહાન પ્રશ્નોનો ખુલાસો કરવા સમર્થ છે: સમર્થ છે કે નહિ એ પ્રશ્ન જ એમના મનમાં ઉઠયો નહતો એમ કહેવું વધારે ઉચિત છે. **લૉક** અને એના અનુયાયિઓએ-**હ્યૂમ** પર્યન્ત-એમ માની લીધું હતું કે મનુષ્યબુદ્ધિથી જે કાંઈ ઉપજે છે એ કલ્પનામાત્ર જ છે. ઉભય પક્ષમાં મનુષ્યબુદ્ધિની શક્તિ પરત્વે વિચારશૂન્યતાજ હતી. પૂર્વે કોઇએ નહિ ઉઠાવેલો એવો પ્રશ્ન **કાન્ટે** ઉઠાવ્યો: આ સર્વ આત્મા-અનાત્માની વાત તો ઠીક, જે કાંઈ છે અને દેખાય છે એમ કહેવાય છે એ આભાસ માત્ર છે એ વાત પણ ઠીક-પરન્તુ આ બાબત કોઇએ એ નિર્ણય કર્યો કે મનુષ્યબુદ્ધિની અમુક પદાર્થે છે યા નથી એમ કહેવા માટે જોઇતી શક્તિ છે કે નહિ ? અને છે તો તે કેટલી છે ? એકે શક્તિ માની લીધી અને બીજાએ શક્તિનો અભાવ માની લીધો !—પણ કોઇએ વિચારપૂર્વક શક્તિનું અસ્તિત્વ ઠરાવવા અને એનું માપ નક્કી કરવા યત્ન કર્યો નહિ. આપણે જેને અનાત્મા યાને દૃશ્ય જગત્ કહીએ છીએ એને જાણવાની આપણામાં શક્તિ છે કે નહિ?

છે તો કેટલી છે ? કેટલે દરજ્જે એ જગત્ આ શક્તિનું જ પરિણામ છે ? અને એ જગત્ સ્વતઃ છે એમ કહી શકાય કે નહિ ?—આવા અવા પ્રશ્નોએ કાન્ટના મગજને મથ્યું, અને એ ઉપર બુદ્ધિવડે રીતસર વિચાર કરતાં કાન્ટને જણાયું કે દૃશ્ય જગતનું સ્વરૂપ—એનો આકાર—મ્હારા અન્તઃકરણથી જ નિર્માએલો છે, એનું તત્ત્વ—એનું સ્વતઃસિદ્ધ પોતાપણું—કાંઇક, અજ્ઞેય, અનિર્વચનીય છેઃ જેમ સંચામાં એક છેડે રૂ નાંખીએ એ બીજા છેડે કાપડરૂપે વણાઇને નીકળે, તેમ બહારથી કાંઈક આવી આપણા અન્તઃકરણમાં પડે છે, અને ત્યાં તે રૂપ-આકાર પામે છે. આ રીતે કાન્ટે આત્મ-અનાત્માના વિવેકથી ન અટકતાં, તેમ એ બંનેને નિરધિષ્ઠાન આભાસ માત્રમાં નિષેધી ન દેતાં, એ વિવેક અને એ નિષેધ બંનેની પાર જઇ, અનાત્મા આત્માથી અત્યન્તભિન્ન નથી, તેમ અનાત્મા આત્માનો ધર્મસમૂહ જ નથી, પણ અનાત્માનું સ્વરૂપ—અનાત્માનો આકાર—આત્માનો બનેલો છે એવું લગભગ અદ્વૈત પ્રાપ્ત કર્યું. 'લગભગ' કહેવાનું કારણ એટલું જ કે અનાત્મા સર્વથા આત્માનો બનેલો છે એમ ન માનતાં, અનાત્માનો આકાર માત્ર આત્માથકી ઘડાએલો—આત્માનો બનેલો છે, અર્થાત્ આપણે જેને અનાત્મા વા દૃશ્ય જગત્ કહીએ છીએ એ તો જો કે આત્માનું બનેલું છે પણ એ દૃશ્ય જગતની પાર કાંઇક અનિર્વચનીય સ્વતઃસિદ્ધ પદાર્થ રહેલો છે કે જે આત્માના પ્રદેશની બહાર છેઃ આવો કાન્ટનો સિદ્ધાન્ત હતો. અર્થાત્ હજી પણ દ્વૈત રહ્યું; અનાત્મપદાર્થ સર્વથા વિલય ન પામ્યો, તેમ એના અસ્તિત્વનો વિચાર કે ખુલાસો પણ ન થયો ! એકરસ અદ્વૈત ન થતાં, એ અદ્વૈતમાં કાંઈક વગરઓગળેલી કણી રહી ગઇ. પણ ડેકાર્ટ અને સ્પિનોઝા કરતાં, તેમ જ લૉક બાર્કલિ અને હ્યૂમ કરતાં કાન્ટે વિચારક્રમમાં એક પગલું આગળ ભર્યું એમાં તો સંદેહ નહિ જ. [કાન્ટનું તત્ત્વજ્ઞાન એ વિચારની પાંચમી ભૂમિકા.]

કાન્ટની મુશીબતમાંથી મુક્ત થવા કેટલાકે, જેમકે ફીશ્ટેએ, અનાત્માને સર્વથા આત્માનો ઉપસ્થાપેલો માન્યો. આ વિચાર ખરેખર બહુ ભવ્ય લાગે છે. આખું જગત્ મનોવિલાસમાત્ર થઈ રહે છે ! આવો જ વિચાર કાંઈક બાર્કલિએ પ્રતિપાદન કર્યો હતો. બાર્કલિના સિદ્ધાન્તમાં આ મનોવિલાસ પરમાત્મા ઉપર આધાર રાખે છે, અને ફીશ્ટેના સિદ્ધાન્તમાં એ મનોવિલાસ આત્મામાંથી જ ઉદ્ભવે છે એટલે બાર્કલિ કરતાં ફીશ્ટેમાં અદ્વૈતવાદ વિશેષ છે. આ પ્રમાણે આત્મા-અનાત્માના વિવેકને બદલે અનાત્મા આત્માનો કલ્પેલો છે એવો એક પ્રકારનો અદ્વૈતસિદ્ધાન્ત પ્રાપ્ત થયો. ફીશ્ટેનું અદ્વૈત એ આપણો " દૃષ્ટિસૃષ્ટિવાદ " યા " એકજીવવાદ "* બની રહે છે. [આ વિચારની છઠ્ઠી ભૂમિકા.]

ફીશ્ટે.

* આ લેખકના મતમાં ' એકજીવવાદ ' નો એકજીવ તે કેટલાક વેદાન્તીઓ સમજે છે તેમ આ જ્ઞાનો સરખો 'હું' નહિ, પણ હિરણ્યગર્ભ (Cosmic Soul):—એમ અર્થ થવો ઘટે છે. અને આ માનવું મધુસૂદનસરસ્વતીકૃત ' અદ્વૈતસિદ્ધિ ' જેવા આકરગ્રન્થના મનન પૂર્વક થયું છે. ફીશ્ટે પણ આ વિશાલ આત્માને જ અનાત્માનો ઉપસ્થાપક માને છે.

' એકજીવવાદ ' અને ' દૃષ્ટિસૃષ્ટિવાદ ' સંબદ્ધ છે.

હેગલ.

શ્રીસ્ટેનું તત્ત્વજ્ઞાન 'વાદ' 'સિદ્ધાન્ત' 'જ્ઞાન' એ નામને પણ પાત્ર નથી; 'વાદ,' 'સિદ્ધાન્ત,' 'જ્ઞાન' એ જ્ઞાતા ઉપરાંત જ્ઞાતા સાથે મૂળથી જ સાપેક્ષ સંબદ્ધ જ્ઞેય પદાર્થની અપેક્ષા કરે છે. 'તમે' ન હો, 'આ' ન હોય, તો 'હું' પણ ન બને. 'હું' છે એવો 'હું'નો વાદ-સિદ્ધાન્ત સ્થાપવા જતાં જ 'તું'-'આ' આવીને ઉભું રહે છે. 'હું' અને 'આ' ઉભયના દ્વૈતમાં જ ખરૂં અદ્વૈત રહેલું છે. આ હેગલનો સિદ્ધાન્ત. [આ વિચારની **સાતમી** ભૂમિકાનો દક્ષિણ ખંડ.]

મિલ.

હવે હ્યૂમના મુખ્ય વંશજો તરફ વળીએ. ઇંગ્લંડમાં હ્યૂમ પછી આગળ વધતાં જૉન સ્ટૂઅર્ટ મિલનું નામ આવે છે. મિલની ખ્યાતિ ન્યાયશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, અને રાજ્ય-શાસ્ત્રમાં છે. તત્ત્વચિન્તક તરીકે તો એ હ્યૂમના સિદ્ધાન્તનો જ અવલંબ કરે છે. પરન્તુ એના તરફથી સ્હામા પક્ષને અપાતી કબૂલાત જાણવા જેવી છે. મિલ જ્ઞેય(ભાસ)સન્તાન અને જ્ઞાન(ભાન)સન્તાન એવા બે સન્તાન (પ્રવાહ) સ્વીકારે છે.—અને હ્યૂમને અનુસરી, એ સન્તાનોની પાછળ અધિષ્ઠાન આલય (આશ્રય) માનવાનુ કાંઇ જ કારણ નથી એમ કહે છે. પરંતુ તે જ સાથે,'ભાસ ઉપજાવવાની સ્થિર યોગ્યતા' નું અસ્તિત્વ સ્વીકારી એ યોગ્યતાના આશ્રયભૂત પદાર્થનું અસ્તિત્વ અજાણ્યે સ્વીકારી દે છે.

કૉમ્ત.

સિદ્ધાન્તહાનિ ઉત્પન્ન કરનારી આવી ભૂલ ફ્રેંચ વિદ્વાન કૉમ્ત કરતો નથી. આં ભાસમાન—દૃશ્ય—જગતની પાછળ અધિષ્ઠાન છે એ વાત એને કબૂલ નથી. જે છે તે આ દેખાય છે તે જ છે: એની પાછળ (અધિષ્ઠાન) કાઇ નથી, છે તો તે અજ્ઞેય હોઇ નથી જ; તેમ એની સ્હામે (દ્રષ્ટા) પણ કાંઇ નથી. આત્મા પોતે પોતાને પોતાના ધર્મસહિત વા ધર્મરહિત જોઈ શકે એ અશક્ય છે; કારણ કે એક જ પદાર્થ કર્તા અને કર્મ ઉભય કેમ હોઈ શકે.? માટે આત્માને અને આત્માની આન્તરસ્થિતિને વિષય કરતું માનસશાસ્ત્ર સંભવતું નથી; શાસ્ત્ર માત્ર બાહ્યને જ વિષય કરે છે. આ એક પ્રકારનું અદ્વૈત છે પણ એ વેદાન્તનું અદ્વૈત નથી. આ અદ્વૈત અધિષ્ઠાનકારણનો નિષેધ કરી, માત્ર પ્રત્યક્ષને જ સર્વસ્વ માનવામાં રહેલું છે, અને તેથી વેદાન્તના અદ્વૈતથી તદ્દન ઉલટું છે. વેદાન્ત અધિષ્ઠાનનું પ્રતિપાદન કરી દૃશ્યનો એક રીતે નિષેધ કરે છે; કૉમ્ત દૃશ્ય માત્રને જ સ્વીકારી અધિષ્ઠાનને નિષેધે છે.

સ્પેન્સર.

હયાત અંગ્રેજ તત્ત્વચિન્તક હર્બર્ટ સ્પેન્સરને અધિષ્ઠાનનો નિષેધ અયુક્ત લાગે છે. કાન્ટની માફક ભાસ અને ભાસમાન પદાર્થ એ એનું દ્વૈત એ સ્વીકારે છે. ભાસ જ્ઞેય છે, ભાસમાન પદાર્થ અજ્ઞેય છે.' એક જ્ઞેય હોઇ પરિચ્છેદવાળું છે, બીજું અજ્ઞેય હોઈ અપરિચ્છિન્ન છે. એક સોપાધિક છે, બીજું નિરુપા-

પશ્ચિમનું તત્ત્વજ્ઞાન આ કરતાં આગળ વધ્યું નથી. આજકાલ પશ્ચિમમાં બે સિદ્ધાન્ત સામ્રાજ્ય ભોગવે છે: સ્પેન્સરનો અજ્ઞેયતાવાદ, અને હેગલનો વિશિષ્ટાદ્વૈતવાદ.

શાંકરવેદાન્ત.

શાંકરવેદાન્ત જોડે સરખાવતાં, સ્પેન્સરનો સિદ્ધાન્ત ખામી ભરેલો છે. સ્પેન્સરના સિદ્ધાન્તમાં શાંકરવેદાન્તનું " **नेति नेति** "નું સત્ય આવ્યું છે, પણ "**तत्त्वमसि**" અને " **सत्यं ज्ञानमनन्तं** " નું રહસ્ય દૂર રહી ગયું છે. સ્પેન્સર પરમતત્ત્વને અજ્ઞેય માનવામાં ' સત્ ' અને ' ચિત્ ' ને છૂટાં પાડે છે—એમનું દ્વૈત કરે છે. એમ કરવામાં દોષ એ રહેલો છે કે એ રીતે ' સત્ ' અને ' ચિત્ ' બેમાંથી એકે સિદ્ધ થતું નથી, બંનેની સ્વરૂપહાનિ—નાશ થાય છે: જે સત્ ચિત્માં પ્રકાશતું નથી એ અન્ધકાર અને શૂન્યતાથી ગ્રસ્ત હોઈ સત્ ગણાવા યોગ્ય નથી; અને જે ' ચિત્ ' ' સત્ ' ને પ્રકટાવતું નથી એ પ્રકાશરૂપ ચૈતન્યધર્મથી રહિત છે, અને નિઃસત્ત્વ હોઈ ખાલી—શૂન્ય છે. ' સત્ ' અને ' ચિત્ ' ને એકવાર એક એકથી જૂદાં રાખ્યાં તો તે પછી હમેશાં જૂદાં જ રહેવાનાં: એમનો સંબન્ધ અશક્ય જ થવાનો. જૂદા પદાર્થોનો સંબન્ધ તે સંયોગ, અને સંયોગ તો જડનો જ બને, ચિત્નો ન બને. માટે ' સત્ ' અને ' ચિત્ ' ને જૂદાં માન્યાં કે તત્ત્વજ્ઞાનની એક મ્હોટામાં મ્હોટી વૃથા મુશીબત ઉપજી. વસ્તુતઃ ' સત્ ' અને ' ચિત્ ' એક બીજામાં સમાએલાં છે એમ માનવાથી વસ્તુસ્થિતિને અનુસરાય છે, અને તે જ સાથે વૃથા મુશીબત ઉપજતી અટકે છે.

આ ખામીથી—સત્ અને ચિત્ના દ્વૈતની ખામીથી—હેગલનું તત્ત્વજ્ઞાન મુક્ત છે. બલ્કે એ એનું અદ્વૈત પ્રતિપાદન કરવું એ જ એના સિદ્ધાન્તનું પરમ તાત્પર્ય છે.

આત્મા—અનાત્મા યા ચિત્—અચિત્, અને ઉભયથી પર હોઈ ઉભયમાં અનુસ્યૂત પરમાત્મા, એ અદ્વૈત-તત્ત્વત્રયનો સ્વીકાર એ હેગલનો સિદ્ધાન્ત આજકાલ માન પામતો સિદ્ધાન્ત છે. પરન્તુ શાંકરસિદ્ધાન્તને તત્ત્વજ્ઞાનનું શિખર માનનાર આ લેખકને હેગલના સિદ્ધાન્તમાં એક મ્હોટી અસંગતિ લાગેછે: હેગલ પરમ તત્ત્વને વિશેષાતીત-વિશેષ થકી પર (Absolute) માને છે, તે જ સાથે એને વિશેષમાં અનુસ્યૂત-સવિશેષ પણ માને છે, અને વળી એ વિશેષોને સત્ય માને છે. વિશેષોની અને વિશેષાતીત પદાર્થની સત્તા સમાન નથી એ હેગલ-સિદ્ધાન્તવાળા કબૂલ કરે છે; એકની સત્તા ઉતરતી છે, અને બીજાની ચઢીઆતી છે એમ કહે છે. પરંતુ સત્તાના ચઢતા-ઉતરતાપણાનો શો અર્થ થાય છે એ સંબંધે તેઓ વિચાર કરતા નથી. ઉતરતી સત્તાનો અર્થ જ એ થાય છે કે ચઢીઆતી સત્તા આગળ એનું મિથ્યાત્વ સિદ્ધ છે-ચઢીઆતું દૃષ્ટિબિન્દુ પ્રાપ્ત થતાં ઉતરતા દૃષ્ટિબિન્દુને અવકાશ જ રહેતો નથી. હેગલ જેને Absolute યા પર દૃષ્ટિબિન્દુ કહે છે, એ જ્ઞાતા (Subject) અને જ્ઞેય (Object) નાં દૃષ્ટિબિન્દુનો સરવાળો નથી, પણ બનેના સમન્વયમાંથી પ્રત્યક્ષ થઈ આવતાં પર પદાર્થનું દૃષ્ટિબિન્દુ છે: અર્થાત્ ત્રણે દૃષ્ટિબિન્દુ સરખી રીતે ' છે ' કહી શકાય એમ નથી: નીચેનાં દૃષ્ટિબિન્દુઓ ઉચ્ચ દૃષ્ટિબિન્દુમાં સમાઈ જાય છે. જેમકે, મત્સ્યમાંથી ક્રમે ક્રમે મનુષ્યની ઉત્પત્તિ થઈ છે: ત્યાં મત્સ્યનું દૃષ્ટિબિન્દુ અને મનુષ્યનું દૃષ્ટિબિન્દુ બંને

સરખી રીતે ખરાં નથી: મનુષ્યનું દૃષ્ટિબિન્દુ પ્રાપ્ત થતાં મત્યનું દૃષ્ટિબિન્દુ મિથ્યા બને છે. માટે શંકરાચાર્ય બ્રહ્મને વિશેષાતીત માને છે, વિશેષોમાં અનુસ્યૂત પણ માને છે; પણ વિશેષોને મિથ્યા માની બ્રહ્મની નિર્વિશેષતાને અબાધિત સ્થાપે છે. એ તત્ત્વ ચકી પર તૃતીય તત્ત્વ શોધી કાઢવાનું પ્રયોજન જ એ છે કે બંને તત્ત્વના દૃષ્ટિબિન્દુને ખોટાં સમજી ઉચ્ચતર-તૃતીય-દૃષ્ટિબિન્દુ પ્રાપ્ત કરવું. જગતને સત્ય માનીને ચાલનાર જેટલી ભૂલ કરે છે, તેટલી જીવને એકલાને સત્ય માનીને ચાલનાર પણ ભૂલ કરે છે. એકનું જીવન ઐહિકતાથી દૂષિત છે, બીજાનું મનોરાજ્ય માત્ર છે. બંને દૃષ્ટિ-બિન્દુનો સમન્વય ઉચ્ચતર ભૂમિકાએ ચઢયા વિના અશક્ય છે. અને એ ભૂમિકાએ ચઢયા, એટલે નીચેનાં બંને દૃષ્ટિબિન્દુઓ અપૂર્ણ અને અર્થાત્ ભ્રમાત્મક સિદ્ધ થયાં. આ શંકરાચાર્યનો માયાવાદ. [આ વિચારનું પરમ શિખર-પાશ્ચિમાત્ય તત્ત્વજ્ઞાનની ભવિષ્યની અન્તિમ ભૂમિકા.]

તંત્રી.

શ્રીગૌતમબુદ્ધ.

(ગળેલું *

"True progress will begin when it is seen that the most important point in the National Education is character-making."

" यस्तूदार चमत्कारः सदाचार विहारवान् ।
सनिर्यातिजगन्मोहान्मृगेन्द्रः पञ्जरादिव " ॥

હર્બર્ટ સ્પેન્સર નામનો પાશ્ચિમાત્ય વિદ્વાન્ કહે છે, કે "જન સમાજની કેલવણીમાં સૌથી અગત્યની બાબત ચારિત્ર્યની ઉન્નતિ કરવાની છે એમ જ્યાં સુધી સમઝાયું નથી, ત્યાં સુધી ખરી ચઢતી થવાની નથી."

યોગી વસિષ્ઠજી પણ સત્ય જ વદે છે, કે "જે પુરુષાર્થરૂપ ઉદાર ચમત્કાર વાળો છે, સદાચાર વિહારવાળો છે, તે પંજરમાંથી મૃગેન્દ્ર છૂટી જાય તેમ જગન્મોહથી છૂટે છે."

બુદ્ધધર્મ પ્રવર્તક જગદ્ગુરુ મહાત્મા શ્રીગૌતમબુદ્ધના નિર્વાણને સુમારે અઢી હજાર વર્ષ વ્યતિત થઈ ગયાં છે. (૧) એટલે ક્રાઈસ્ટ; અને શંકરાદિ મહાત્માઓ તેની પછી ઉદ્ભવ્યા જણાય છે; બુદ્ધના ચારિત્ર્ય નિરુપકોએ ભિન્ન ભિન્ન રીતે એમા ચારિત્ર્યને ગ્રથિત કીધું છે, તો પણ સહુને વિલોકનારાએ (૧) **બુદ્ધના વખતની સામાજિક સ્થિતિ;** (૨) **તેનો ધર્મ પ્રસાર;** અને (૩) **આર્યાવર્તમાં તેનો ઉદયાસ્ત** એ ત્રિપુટી લેખને યથાન્યાય આપવા પ્રયત્ન કીધો છે.

---

(૧) પ્રોફેસર મેક્સમ્યૂલર કૃત "સેક્રેડ બુક્સ ઑફ ધી ઈસ્ટ" માં ઈ. સ. પૂર્વે ૫૫૭ માં બુદ્ધ જન્મ નિયત કરેલ છે.

* લેખક—રા. રા. મધુકર.

આ લખનાર પણ એજ પગલે ચાલી; મેક્સમ્યૂલર કૃત સેક્રેડબુક્સ ઑફધીઈસ્ટ; મી. દતના એન્સ્યન્ટ ઇંડિયા; અશ્વઘોષનું બુદ્ધચરિત; લલિત વિસ્તાર, મી. નારાયણ હેમચંદ્રનું બુદ્ધદેવચરિત; અને ગુજરાતી વર્તમાન પત્રમાં લખાયલા બુદ્ધચરિત એ તમામનો ઉપયોગી ભાગ સંકીર્ણ કરી, મરાઠી બુદ્ધચરિતનો વિશેષ આશ્રય લેઇ પોતાનું કર્તવ્ય આગળ ચલાવે છે.

બુદ્ધના વખતની સામાજીક સ્થિતિ.

બુદ્ધ ધર્મના સમયે આપણી સામાજિક સ્થિતિ કેવા પ્રકારની હતી, અને તેમાં તેણે સ્થિત્યન્તર કેટલે દરજ્જે આણ્યું? તેનું કાંઈક દિગ્દર્શન આ પ્રમાણે છે: બુદ્ધ ધર્મને વેદ ધર્મ માનનારાઓ નાસ્તિકમતવાદી તરિકે માને છે (?) પરન્તુ સમસ્ત પૃથ્વીપરના પૃથક્ પૃથક્ ભાગો પરત્વે બુદ્ધ ધર્મ અંગિકાર કરનારની જે સંખ્યા પ્રમાણમાં છે† તે રીતે જોતાં, અન્ય ધર્મ પાળનારાઓ કરતાં તે અધિક પ્રમાણમાં છે ખરી. વસ્તુતઃ સમસ્ત ભૂમણ્ડલની લોક સંખ્યાનો ત્રીજો હિસ્સો માત્ર બુદ્ધ ધર્મ પ્રવર્તક છે એમ કહેવું એ ખોટું નથી. કારણ, કે ક્રાઇસ્ટ ધર્માવલમ્બી બત્રીસ, આર્યધર્મપ્રવર્તક વીસ, અને મુસલમાન ધર્માનુયાયી સાડાપન્નર કરોડ જનો છે; ત્યારે બુદ્ધ ધર્મ પ્રવર્તક પચાસ કરોડ માનવ જીવન છે. એટલું જ નહિ પરન્તુ બુદ્ધે જે તત્વવિચાર નિર્ણયપદ્ધત્તિ પ્રચલિત કીધી, તેને આપણા ઉપનિષદો આદિનો કાંઈ સમ્બન્ધ હોવો જોઇએ, કે નવિન જ વિચાર પ્રદર્શિત કીધો? એ જાણવું પણ ઘણે દરજ્જે આવશ્યક છે. કદાચ તેના કેટલાક સિદ્ધાન્તો સાથે આર્યધર્મનું વિસંગત્વ પણ હશે, વળી આર્યાવર્તમાં બુદ્ધધર્મ માનનારાની સંખ્યા અધિક પણ નહિ હોય, પણ એટલા જ ઉપરથી તે પ્રતિ આપણે તિરસ્કારની નજરે નિહાળવું એ લજ્જાસ્પદ છે ગમે તેમ કહીએ તો પણ બુદ્ધ ધર્મનાં કેટલાંક તત્વો ખ્રિસ્તી ધર્મમાં દાખલ થયાનું પાશ્ચાત્ય તત્વ શોધકો—લિલિ, રેન, પ્રિન્સેપ, કેર્સાદિકોએ સ્વીકાર્યું છે. આ સર્વ બિનાનો વિગતેથી વિચાર અગાડી આપવામાં આવશે. માત્ર અત્ર જે વિવેચન કરવામાં આવે છે તે કેટલે અંશે ફલિતાર્થને પામે તેમ છે, એ વિવેકી વાચકોએ જોવાનું છે.

બુદ્ધમત પ્રસાર.

આ અલૌકિક ધર્મ સંસ્થાપકે આ ભૂતલપર નિર્માણ થઈ (૧) હિન્દુસ્તાન મધ્યે ઉપાધ્યાય વર્ગનો અપ્રતિમ જૂલમ શરુ થયો હતો તેના પર હુમલો કરી કમજોર કરી નાંખ્યો. (૨) હિન્દુસ્તાન મધ્યે જાતિભેદનું જે પ્રચણ્ડ

---

† બુદ્ધ ધર્માનુયાયી જનો ઉત્તર, અને દક્ષિણ દિશા તરફ આ પ્રમાણે પ્રસરેલા છે:— ઉત્તર દિશા તરફના ભાગો—જાવા વગેરે ડચ લોકોના તાબાના મુલકો ૫૦,૦૦૦; આસામ સિપટિ, હોંગ કોંગ વગેરે બ્રિટિશ તાબા નિચેના મુલકો ૫,૦૦,૦૦૦; રશિયા ૬,૦૦,૦૦૦; લ્યૂએન બેટ ૧૦,૦૦,૦૦૦; કોરિયા ૮૦,૦૦,૦૦૦; ભૂટન અને સિક્કિમ ૧૦,૦૦,૦૦૦; કૅસ્મીર ૨,૦૦,૦૦૦; ટિબેટ ૬૦,૦૦,૦૦૦; મંગોલીયા ૬૦,૦૦,૦૦૦ મૅન્ચુરિયા ૩૦,૦૦,૦૦૦; જપાન ૪,૦૪,૫૩,૪૬૧; નેપાલ ૫,૦૦,૦૦૦; ચીન ૪૧,૪૬,૮૬,૯૯૪; એકંદર ૪૭,૯૦,૦૦,૦૦૦ દક્ષિણ દિશા તરફના ભાગો—સિંહલદ્વીપ ૨૦,૦૦,૦૦૦; બ્રહ્મદેશ ૬૭,૮૮,૦૭૬; હિંદુસ્તાનના ઉત્તર પ્રાંત ૨,૪૩,૬૭૩; સિયામ ૧,૦૦,૦૦,૦૦૦; આસામ ૧,૨૦,૦૦,૦૦૦ એકંદર ૩,૧૦,૬૦,૦૦૦.

બણ્ડ ઉદ્દયું હતું. તેનો ઘણે અંશે પ્રતિકાર કર્યો; (૩) કેટલાક કાળથી ચાલતી આવતી-એક પુરુષ અનેક સ્ત્રીઓ સાથે વિવાહ કરી શકવાની પદ્ધતિપર આક્ષેપ કરી, તે અનીતિ યુક્ત છે એવું પ્રતિપાદન કર્યું; (૪) દાસત્વ સ્વીકારવાની રીતિ પણ સદોષ અને અન્યાય યુક્ત છે એવો શૂદ્રપ્રતિ ઉપદેશ કર્યો; (૫) સ્ત્રીને પશુતૂલ્ય ગણવાની અત્યન્ત ક્રૂર રસમ સર્વત્ર રૂઢ થઈ હતી તેને અસિદ્ધ ઠરાવી, તે પુરુષની સહચારિની છે, અર્થાત ધર્માચરણ કરવામાં તે સર્વથા યોગ્ય છે એમ સ્થાપિત કર્યું; (૬) યજ્ઞયાગાદિના મિષે ઉપાધ્યાય વર્ગ પશુહિંસા કરતા હતા તેનો નિષેધ કર્યો; (૭) દેશ જીતી રાજ્ય વિસ્તાર વધારવાની ઇચ્છા રાખનારા નૃપતિઓએ યુદ્ધ કર્મમાં મનુષ્ય સંહાર કરવો એ સર્વથા નિષિદ્ધ છે એવો ઉપદેશ કર્યો; (૮) પૂર્વાપર ધર્માચરણ કરવાની જે પદ્ધતિ હતી તેમાં ફેરફાર કરી, સંઘદ્વારા ધર્માચરણ કરવાની પદ્ધતિ દાખલ કરી; (૯) મનુષ્યના કર્તવ્ય કર્મનો નિશ્ચય, નીતિ, અને ન્યાયના શાશ્વત તત્વને અનુસરી કરવો; (૧૦) સ્વસંમત ધર્મ પન્થનો બોધ, બીજાને સ્વીકારાવવાના હેતુએ ઉપદેશકોને દેશોદેશ મોકલી પ્રચલિત કર્યો; અને (૧૧) સ્વધર્મ પ્રસારને સ્થાયભૂત એ નવી સંસ્થા—એક દેશેદેશ ફરી ધર્મ પ્રસાર કરવાની, અને બીજી ધર્માનુયાયી જનોને સમય પરત્વે ધર્મોપદેશ કરી તેની સ્વધર્મ પ્રત્યે શ્રદ્ધા દૃઢ કરવાની સ્થાપિત કરી.

બુદ્ધધર્મનો પ્રભાવ.

ઉક્ત એકાદશ નિયમોના પ્રભાવે બુદ્ધ ધર્મ આખા એશિયા ખણ્ડમાં પ્રસરી ગયો, એટલું જ નહિ પરન્તુ સિકન્દર પાદશાહના વખતે કોઈ બુદ્ધ ધર્મ પ્રસારકજન અલેકઝેન્ડ્રિયા ગયો હતો, આ બિના અશોક મહારાજાના વખતના જે કેટલાક લેખો અત્ર હયાતીમાં જણાયા છે તે પરથી સાચી માનવાને કારણ ભૂત છે. ઉચ્ચ પ્રતિનો યહુદી ધર્મપંથ, અને હિન્દુસ્તાન મધ્યેનો પશુયજ્ઞ નિષેધ—બુદ્ધધર્મ પંથ એ એક રૂપ જ છે એમ વિદેશિય તત્વશોધકોનું માનવું છે.

બાબિલન, પૅલેસ્ટાઇન, મિસર, અને ગ્રીસ દેશોમાં ઉપાધ્યાય વર્ગોએ હિંસવાળી ધર્મ પદ્ધતિ પ્રવૃત્ત કરી મુકેલ, તેને નષ્ટ કરવાનો પ્રયત્ન બુદ્ધ ધર્મ પ્રસારક જનો તરફથી પ્રથમતઃ થયો હતો. આ ઉપદેશકો ઉપરના દેશો મધ્યે ફરી નિરનિરાળા મણ્ડલો સ્થાપન કરવા શક્તિવંત નિવડ્યા હતા. આ મંડલના યોગે ખ્રિસ્તી ધર્મનો પ્રસાર અનુકૂળ રીતે થવાની સ્થિતિ પામ થઇ હતીઃ બુદ્ધધર્મ પ્રસારક જનો ઈ. સ. ના પાંચમા શતક મધ્યે અમેરિકા જઇ ત્યાંના રાજા પાસે પશુયજ્ઞ બંધ કરાવવાને ભાગ્યશાળી બન્યા હતા, એવો પુરાવો ચીનીલોકોના ગ્રન્થોમાંથી મળી આવે છે. બુદ્ધ લોકો અમેરિકા ગયા હતા એ વાતની સાક્ષીને સટે ત્યાં હાથી, સર્પ, બુદ્ધની પ્રતિમા ઇત્યાદિ ચિત્રો પુરાતન અવશેષ મધ્યે સમ્પાદન થયેલ છે. સરવિલિયમજોન્સાદિ વિદ્વાનોનું એમ માનવું છે, કે યુરોપના ઉત્તર ભાગમાં પ્રાચીનકાલે નૉર્સ, ઍંગ્લ, ગૉથ વગેરે જાતિઓ વસતી હતી, તેના મધ્યે બુદ્ધ ધર્મ પ્રસારકોએ જઈ પોતાના ધર્મનો ઉપદેશ કર્યો એવું તેના કેટલાક પુરાતન અવશેષથી દીસે છેઃ સ્કેન્ડેનેવિયન લોકોનો ઉપાસ્ય દેવ વૉડન, એ બુદ્ધનું અપભ્રંશનામ કાં ન હોય ? આ અનુમાનથી પણ એમ ધારી શકાય ખરૂં કે એક વખત બુદ્ધ યુરોપના ઉત્તર તરફના લોકોમાં પ્રભુ પદ ધારી સત્તા ભોગવતો હતો પરન્તુ આ વિષે વિદ્વજ્જનોમાં મત ભેદ છે.

આમ વાતનો વિચાર કરતાં એવું સમજાય છે કે આ એક અદ્વિતિય પુરુષના ધર્મ વિષયક વિચારોનો પ્રભાવ, સર્વ પૃથ્વીતલપર કમજાસ્ત પ્રમાણમાં પ્રસર્યો હતો, એમ તેના અનુયાયી જનોએ કોરેલા સ્મરણ સ્તમ્ભો, પૂતળાં સ્મારકલેખો સર્વત્ર દૃષ્ટિએ પડે છે તેથી માની શકાય છે. આ એવડો પ્રચણ્ડ ધર્મ વિસ્તાર બુદ્ધ ધર્માનુયાયી જનોએ કેવળ નીતિ બળે જ કર્યો હતો—તેણે કોઇનાપર જૂલમ કદાપિ પણ વાપર્યો નથી.

ભરતભૂમિ મધ્યે બુદ્ધનિર્માણ થયાના સુમારે આર્ય ધર્મની અને સમાજની સ્થિતિ કેવી હતી ? એ તપાસતાં; હિન્દુસ્તાનવાસી આર્યોનો પ્રાચીન ધર્મ જે વેદ તે મધ્યે કાલાન્તરે રુપાન્તર થતાં થતાં મૂલસ્વરુપ પુષ્કળ રીતે સ્થિત્યન્તર થઇ ગયું હતું. (૧) પૂર્વકાલે જે ધર્મવિધિ અંતઃકરણ પૂર્વક પળાતી હતી, તે પાછળથી કૃત્રિમતાએ પહોંચી હતી; (૨) ઋગ્વેદના સમયે દેવતાની આરાધના અને પૂજા, પ્રાચીન ઋષિ જે મોટા પ્રેમથી અને ઉત્કંઠાએ કરતા હતા, તેનો સમૂળગો નાશ થયો હતો; (૩) ઇન્દ્ર, ઉષા, વરુણ ઇત્યાદિ દેવતાના નામોચ્ચાર માત્રથી પ્રાચીન આર્યોના હૃદયમાં જે વૃત્તિ અને કલ્પના ઉત્પન્ન થતી, તેવી હવે કોઇના મનમાં ભાવના રહી હતી નહિ; (૪) સોમ, દૂગ્ધાદિ પદાર્થો પ્રાચીન ઋષિઓ પોતાના આરાધ્ય દેવને જે પ્રકારની પ્રેમ પુરઃસર ભક્તિ ભાવનાવડે અર્પણ કરતા, તે માંહેનું શેષ બિન્દુ પણ નામ નિશાન જાણવાને રહ્યું નહિ; (૫) આ પુરાતન રીતિમાં મોટી વિકટ વિધિ, અને નિયમવાળી આડમ્બર યુક્ત નિરર્થક યજ્ઞયાગાદિકની પદ્ધતિ શરુ થઈ—સાદા સરળ ભાવ પૂર્વક અને માત્ર પ્રેમ લક્ષણાથી સ્વદેવતા તર્પણ કરનારા પ્રાચીન ઋષિના વંશજો, આ સમયે એક મોટી જાતવાળા થઈ બેઠા. આ જાત એવા હક્ક સાબિત કરવા લાગી કે યજ્ઞાદિ વિધિ કરવાનો હક્ક માત્ર અમને જ છે. દેવતાનું આવાહન અને આરાધન કરવાના મંત્ર ભણવાનો અધિકાર અમારા વિના અન્યને નથી. અર્થાત્ ઋગ્વેદાન્તર્ગત સ્તોત્રના પ્રારમ્ભથી સ્વાભિમત દેવતાની આરાધના કરનારાના હૃદયમાં જે ધર્મવાસના, અને પ્રેમાળ વૃત્તિ હતી તે નષ્ટ થઈ, અને લોકો મધ્યે મહાન્ વિકટવિધિ, તથા નિરર્થક યજ્ઞાદિ પદ્ધતિ ઉદ્ભવી,

પ્રાચીન વેદ ધર્મનાં થયેલાં રૂપાન્તર.

પરન્તુ કાલાન્તરે આ અનિષ્ટ સ્થિતિ પરત્વે કેટલાક વિચારશીલપુરુષોને પ્રતિકાર થવા લાગ્યો. આ પ્રતિકાર ઈ. સ. ના પૂર્વે અગ્યારમા શતકના સુમારે શરુ થવા વિષે કેટલાકનો તર્ક છે. એટલે બુદ્ધના અવતાર પહેલાં સરાસરી પાંચ શતકે આ પ્રતિકાર થવો સમ્ભવિત છે. વેદકાલસમયનો જે બ્રાહ્મણકાલ—આ કાલે સર્વત્ર રુઢ થયેલા યજ્ઞ યાગાદિકની પદ્ધતિ વિષે કેટલાક મહાશય પુરુષના ચિત્તમાં અનાદર ઉત્પન્ન થવાથી તેઓ ગુંચવાયમાં પડી ગયા—અને આયુષ વ્યય કરતાં સ્વજિવિત્ સાર્થક્ય કાંઈ પણ બની શકતું નથી, એમ ધારી તેઓ જીવાત્મા અને પરમાત્માના વિષય સમ્બન્ધે વિચાર કરવા લાગ્યા. તેઓનો તત્વ વિચાર ઉપનિષદ્ના ગ્રન્થોમાં ગ્રથિત કરેલ છે. આ સર્વ વિચારોનો સાર એવો છે કે "તમામ ચરાચર વિશ્વ એક બ્રહ્મથકી નિર્માણ થયેલ તેનો-બ્રહ્મના કેવળ અંશરુપ છે. તદ્વત્ મૃત્યુ પરલોક પુનર્જન્મ ઇત્યાદિ ગૂઢ વાતોનું વિવેચન પણ કરેલું છે." આપણા લોકો મધ્યે નિરનિરાળી તત્વજ્ઞાન પદ્ધતિ જે નિર્માણ થઈ છે, તે સર્વનાં બીજરુપે આ ઉપનિષદ્ના ગ્રન્થો છે એમ સમજાય છે. આ પ્રમાણે એ કાલના આર્યો મધ્યે સ્વતંત્ર વિચાર જા-

ગૃત થઈ મોટા મોટા ગહન તત્વવિચાર નિર્માણ થયા હતા. અને એ કાલે આવા વિચારમાં નિમગ્ન થઇ ઇતર સર્વ કર્મ કાણ્ડ વિસ્મૃત થનાર પુરુષ બહુ થોડા હતા. સામાન્યજન પણ રુઢ થયેલા યજ્ઞ યાગાદિ કર્મ કાણ્ડમાં પોતાનો કાલ ગૂજારતા. એ કર્મ કાણ્ડ પ્રાચીનવેદ વિહિત છે. આથી તે કરવાથી પૂણ્ય પ્રાપ્તિ થશે એવો તેઓનો દૃઢ વિશ્વાસ હતો. ઉપાધ્યાય વર્ગના પ્રાબલ્યથી લોકોની આ અપ્રયોજક કર્મકાણ્ડ પરત્વેની શ્રદ્ધા કમતી થઈ નહિ, પણ અનેક પ્રકારના નૂતન ઉપાય શોધવા લાગ્યા. કર્મ કાણ્ડ પ્રસંશાપર નાના ગ્રન્થો લખી જનોમાં પ્રસિદ્ધ કરતા રહ્યા. સર્વાંશે તેઓ સર્વદા આ વિષયમાં પ્રવૃત્તિ રાખતા રહેવાથી નાના પ્રકારની યુક્તિઓ યોજવા લાગ્યા.

ઈ. સ. પૂર્વના છઠ્ઠા શતક સુધી હિન્દુસ્થાનવાસી આર્યજનોના હૃદય મંદિરમાં ખરી ધર્મ વાસનાએ જે વૈચિત્ર્ય સ્વરુપ ધારણ કર્યું હતું, તે ખરેખર વિલક્ષણ પ્રકાર હતોઃ જ્યાં ત્યાં શુષ્ક અને અપ્રયોજક કર્મ કાણ્ડની શરુઆત થઈ ગઈ હતા. આ સમયે જાતિભેદના વિષયે ઘણું ખરાબ સ્વરુપ પકડ્યું હતું. બ્રાહ્મણોએ પોતાના મનસ્વી તરંગોને વધારી વિશેષાધિકાર પ્રાપ્ત કરી લીધો હતો (!) શૂદ્ર સમ્બન્ધી અતિક્રૂર નિયમ પ્રચારમાં આવ્યા હતા. આ સબબોને લીધે બ્રાહ્મણોના કેટલાક ગ્રન્થદ્વારા સ્થાપિત થયેલા સામાજિક અને નીતિ સમ્બન્ધી ઉત્કૃષ્ટ નિયમ અવળાસવળા છે. આ સમયે બ્રાહ્મણ જાતિનું ગૌરવ એટલું બધું વૃદ્ધિગત થયું હતું, કે તે જાતિના સમાન બીજી એક પણ જાતિનો ઉત્કર્ષ થયો ન્હોતો. આમ થવાથી આર્યોનો આશ્રય છોડીને જે અન્યજાતિઓ રહી, તેને શુદ્ર કહેવાનો પરિપાઠ પડ્યો. આ આશ્રિત જનોને આર્ય ધર્મના ગ્રન્થ અને ધર્મ વિધિ શીખવાની સખ્ત મના કરવામાં આવી છે. સમાજની અંદર કોઈ પણ રીતે શૂદ્રને માન આપવામાં નહિ આવતું. તેઓને અધમગણી ઉચ્ચ વર્ણનજનો તિરસ્કાર કરતા. આવી તેમની હિનાવસ્થા બદલ તેમને અધિક ખેદ થવા લાગ્યો. અને તેથી તેઓને પોતાની સ્થિતિનો પુનરોદ્ધાર કરવાનુ અહર્નિશ સ્મરણ રહેવા લાગ્યું. પાછળથી આ શુદ્ર વર્ણની સંખ્યા વધતાં, તે નિરનિરાળા ઉપયુક્ત ધનોત્પાદક ધંધા કરવા લાગ્યા; તેઓ પૈકી કેટલાકના તાબામાં ગામ ગિરાસ આવવાથી મોટા વજનદાર ગૃહસ્થ થઈ ગયા. આવી રીતે તેઓની સ્થિતિમાં ઘણો સારો ફેરફાર થઈ ગયો. તો પણ તેના ધર્મ અને વ્યવહાર વિષયના એતદ્વિષયક ગ્રન્થો મધ્યે, અત્યન્ત અન્યાય યુક્ત (!) નિયમ પુનઃ પુનઃ પ્રણિત કરેલા તો રહીજ ગયા.

સમાજ સ્થિતિ.

જે પુરુષના મનમાં સત્ય અને ન્યાય વિષયની પ્રીતિ વસેલી છે, જેની બુદ્ધિમાં થોડા ઘણા સુસંસ્કારો ઉદ્દયભૂત થયેલા છે, જેના અંગમાં અવલોકન કરવાની શક્તિ લક્ષ પૂર્વક ચોંટેલી છે, પરદુઃખ દેખી જેનું હૃદય દગ્ધ થાય છે, અને જે પરોપકાર કરવામાં જ સ્વજિવિત સાર્થક્ય થયેલું જ માને છે, તેની દૃષ્ટિએ આ સમયની દુઃખસ્થિતિ પડી. એ કાળે આર્યોની જે ધર્મ સ્થિતિ અને ઇતર વિદ્યા ઉપલબ્ધ હતી, તે તમામ ગૌતમ બુદ્ધ શીખ્યો હતો. પોતે જે કાંઇ વિદ્યા પ્રાપ્ત કરેલી તે કેટલે અંશે હિતાવહ અને સત્ય યુક્ત છે, તેનો વિચાર પોતાના મન સાથે કરવા લાગ્યો. અને તેને એવું માલુમ પડ્યું કે માનવજાતિમાં

ભિન્ન ભિન્ન પ્રકારોના જે જાતિ સમ્બન્ધ છે, તે સર્વથા અયોગ્ય છે. તેના દુષ્પરિણામ અંતઃકરણમાં એવી ઉત્કૃષ્ટ ઇચ્છાએ પ્રવેશ કીધો, કે હીન, દીન, અને ત્રસ્ત જનોની સ્થિતિ સુધારવાને કોઇ પણ પ્રકારના ઉપાય યોજવા ખરા. યજ્ઞયાગાદિની ખટપટ સમ્બન્ધે બુદ્ધને એમ જણાયું, કે તેમાં કાંઇ સાર્થક્ય રહેતું નથી એવું જેઓ માને છે, તેઓ સંસાર વિષયે, અને કર્મ કાણ્ડપરત્વે વિચાર કરી પોતાના મનની પ્રવૃત્તિ કેઇ ઉચ્ચ પ્રકારનો ધર્મ માર્ગ છે કે નહિ ? તેના વિચારપર દોડાવે છે. આવો વિચાર કરનાર માણસ, વાનપ્રસ્થ બની આ વનમાં પર્ણકુટી બાંધી એકાંતમાં પોતાનો કાલ નિર્ગમન કરી શકે છે. સંસારિક બન્ધનથી આમ મુક્ત બનવાથી તેનું ચિત્ત આધ્યાત્મિક વિચારપાછળ નિઃશંકપણે લાગે છે. તે સૃષ્ટિનું સતત અવલોકન કરી પોતાના મન સાથે પુનઃ પુનઃ વિચાર કરી આત્મા, પરમાત્મા, પરલોકઆદિના ધર્મ તત્વો સમ્બન્ધી અનુમાન કરે છે. આ પ્રમાણે સ્વતંત્ર રીતે વિચાર કરતાં પોતાને જે બિના સયુક્તિક અને યથાર્થ લાગતી તેનું રહસ્ય સ્વશિષ્યોદ્વારા સમજાવતા.

આ પૈકી ઘણા વિચાર કરનારા ઋષિ; પુરાતન વેદના આધારપર પોતાનો તત્વવિચાર રચતા. તો પણ તે તમામનું સાધારણ ધોરણ " યજ્ઞાદિ કર્મો કરી સ્વકાર્યસિદ્ધિ માટે પશુ હિંસા કરવી યુક્ત નથી. " એવું પ્રતિપાદન કરી જનોના ચિત્ત મધ્યે ઉચ્ચતર ધર્મ કલ્પનાનો પ્રવેશ કરાવવાનું જ હતું.

પશુયજ્ઞ માટે વિચારી જનોનો તિરસ્કાર.

તત્વ વિચાર પાછળ આ પ્રમાણે વિચારી જનોની પ્રવૃત્તિ થયા પછી યજ્ઞવિષયે કેટલાક ઋષિઓએ એવી કલ્પના બેસારી કે યજ્ઞ કરી દેવ કૃપા સમ્પાદન કરવી, તે કોઇ પશુયજ્ઞ વડે કદાપિ પ્રાપ્ત થાય તેમ નથી; પરંતુ પ્રભુ કૃપાની પ્રાપ્તિ અર્થે આપણી અસદ્ વૃત્તિઓનો હોમ કરવો જોઇએ. વાસના અને તૃષ્ણાની મનરૂપી યજ્ઞમાં આહુતિ આપવથી દૈવત્વ પ્રાપ્તિ મેળવી શકાય છે. આવું યજ્ઞ કર્મને અંગે આધ્યાત્મિક સ્વરૂપ પ્રાપ્ત થતાં, બાહ્ય કર્મમાં આત્મોન્નતિ વિશેષ હિતકર બનતાં સુખની આપનાર છે. એવો ઉપદેશ કેટલાક ધર્મગુરુઓ કરવા લાગતા.

આ ઉપનિષદ્કાલે વેદના આધારવડે તત્વવિચાર કરનારા જે જન નિર્માણ થયા, તેનું આખર સુધીનું સાધારણ ધોરણ વેદાન્તમત સ્વીકારવાની પડેલી પ્રવૃત્તિજ હતી. સર્વ ચરાચર વિશ્વ એક બ્રહ્મ થકી ઉદ્ભવેલ છે. અને તે લીન પણ તેનામાં જ થનારું છે. નામરૂપ ભેદ જે આજ દૃગોચર થાય છે. તે તો માત્ર માયાનો ખેલ છે. એ તો માત્ર ભ્રાન્તિ જ છે. આ પ્રસરેલી ભૂતિઓ કેવળ ચંચળ અને અશાશ્વત છે; વાસ્તે અચલ અને શાશ્વત્ એવી વસ્તુ માત્ર તો એક બ્રહ્મ જ છે. આ વિના અન્ય કંઇ પણ નથી. નામરૂપભેદ ઉત્પન્ન થઇ આત્માધ્યાસ ઉપાધિત્રયનાયોગે, શોક અને જન્મ મરણ પ્રાપ્ત થયેલ છે. આ થકી મુક્ત થવા ઇચ્છનારાઓએ, ઐહિક અથવા પારલૌકિક સુખ વિષયની પ્રાપ્તિની લાલસા ધરવી નહિ. એટલું જ નહિ, પરન્તુ એ વિષયની કામનાનો તો સમૂળ ઉચ્છેદ કરવો જોઇએ. એટલે મોક્ષ સિદ્ધિ સુગમ થતાં અન્તે પરમાત્માની તૂલ્ય-પ્રત્યગાત્મ આ જડ કલેવરમાં પ્રાપ્ત થયેલા બન્ધનનો છેદ કરી લીન થાય છે.

બુદ્ધના પહેલાં પણ નામધારી તત્વજ્ઞાન પદ્ધતિ હતી. એટલે સાંખ્યમતવાદીઓ એ સમયે હતા ખરા, આ પદ્ધતિનો મૂળ પ્રવર્તક કપિલ કરીને એક મહા મુનિ હતો. કપિલ મુનિની વિચાર પદ્ધતિને નિરીશ્વર સાંખ્ય કહેવાનું કારણ એવું છે, કે "આ વિશ્વ કોઇ પણ ઇશશક્તિએ નિર્માણ કરેલું છે જ નહિ. અને તેના આધાર તરિકે તે એમ સાબિત કરે છે, કે જેમ મૂળમાં કાંઇ પણ હોતું નથી, તેમ કોઇએ કાંઇ પણ ઉત્પન્ન કરેલું નથી, પદાર્થને વિકાસ પામવાની શક્તિ અસલથી જ જો પદાર્થ મૂળે જ ન હોય તો તેને કોણ લાવી શકે તેમ છે? ગતિ પામવી, એ પરમાણુનો સ્વભાવ ધર્મ છે. આ પ્રકૃતિરુપ પરમાણુના પ્રેરકરુપે પુરુષ સ્થિત છે, તો તેના થકી કદાપિ અલગ રહેવાય જ નહિ. તેનાં પણ જડ અને ચૈતન્ય એવાં નામો આપવામાં આવ્યાં છે. કેમકે તે વિશ્વ મધ્યે સદુપ છે. આ યોગ થકી આ ચરાચર વિશ્વ ઉત્પન્ન થયું છે. સત્વ, રજ, અને તમ આ ત્રિગુણે કરી યુક્ત જે પ્રકૃતિ તેનો માત્ર પુરુષ જ સાક્ષી છે. અને પ્રકૃતિ સંગને અવલમ્બી સુખ દુઃખાદિકોનો અનુભવ કરે છે પુરુષ પ્રકૃતિબદ્ધ થવાના યોગે તેને ત્રણ પ્રકારનાં દુઃખ નડે છે; અર્થાત આધિદૈવિક—ઇન્દ્રિયો થકી થયેલું સુખ દુઃખ; આધ્યાત્મિક—આત્મા પરમાત્મા સમ્બન્ધી; અને આધિભૌતિક—પંચ મહાભૂતોથી થયેલું દુ ખ સુખઃ આ ત્રિવિધતાપથી મુક્ત થવું એ જ પુરુષને મોક્ષ છે. આ મોક્ષ, પુરુષની કર્મ વાસના નષ્ટ થઇ તેને સ્વસ્વરુપનું જ્ઞાન થાય એટલે પરિપૂર્ણ છે." આ પ્રમાણે સાંખ્યમતનો મુખ્ય સિદ્ધાન્ત છે. આ મતોનો અને પૂર્વે નિર્દિષ્ટ કરેલ વેદાનુસાર પ્રચલિત થયેલ, બહુવિધાનો. બુદ્ધમતપર પુષ્કલ સજ્જડ બંધ બંધાયો હતો.

સાંખ્યમત.

એકંદર રીતે જોતાં બુદ્ધના પહેલાં આર્યાવર્તમાં પુનર્જન્મની કલ્પના કર્માનુસાર ઘણી ખરા ગતિ પ્રાપ્ત કરનાર છે આ સિદ્ધાન્ત; ઐહિક જીવન કષ્ટમય અને અસાર છે એ સમજુતી; અજ્ઞાન નાશ થઇ સત્યજ્ઞાનના થોડો સંસ્કૃતિવડે દુઃખની નિવૃત્તિ થાય છે આ નિર્ણય; સર્વ ઐહિક સુખોનો ત્યાગ કરી દેહ દણ્ડન કરવાથી અથવા મનોજય કરવાથી શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે આવો ઉપદેશ એ તમામ સજ થયું હતું. તે પ્રમાણે શુદ્રાદિ નિચગણેલ જાતિને ઉચ્ચ વર્ણની સમાન મોક્ષ સાધવાનો અધિકાર નથી. મોક્ષ સિદ્ધિના માટે તપશ્ચર્યા કરી કષ્ટ સાધ્ય ઉપાયોની આવશ્યકતા અત્યની છે, યજ્ઞાદિકર્મ કાણ્ડ સ્વર્ગાદિ પ્રાપ્તિ બતાવનારાને ચિત્ત શુદ્ધિ માટે વિહિત કર્યાં હતાં. આ રીતની સમઝણ જ્યાં ત્યાં પ્રસરી ગઈ હતી; અને આવી સાધારણ સનજૂતી પ્રવૃત્ત થઈ હતી, ત્યારે આર્યવર્ત મધ્યે એ સમયે વિચાર સ્વાતન્ત્ર્યના યોગે તે પોતાની બુદ્ધિ અનુસાર, ધર્મ કલ્પના અને તત્વવિચાર જનોમાં પ્રકટ કરતા હતા. કોઇ કહેતું "..." આ વિશ્વ અનાદિ અને અનંત છે." તે પ્રારમ્ભ-

ક્ત અને સાંત છે." આ પ્રમાણે નાના પ્રકારના તર્ક કરતાં, મુખ્યત્વે બેવિચાર પદ્ધતિ નિર્માણ થાય છે; એક વિચાર પદ્ધતિ પ્રમાણે "જે કાંઈ ગોચર છે તેજ સત્ય છે." એવો સિદ્ધાન્ત સ્થાપિત થયો હતો. અને બીજી વિચાર પદ્ધતિ મુજબ "જે કાંઇ ગોચર છે, સાંજ તમામ ચંચલત્વ પાછલ અસત્ય છે." આ સિદ્ધાન્ત દૃઢ થયો હતો. આવી રીતે તત્વ વિચાર અને ધર્મ વિચાર મધ્યે મતભિન્નત્વ થતાં દેહ લોક વ્યતિરિક્ત પરલોક છે કે નહિ, મનુષ્ય મરણ પામવાથી તેનો આત્માશેષ રહેતો હશે વા નહિ, મનુષ્યે કરેલ પાતક બદલ તેને દેહ દણ્ડ થતો હોય તો કયા પ્રકારે થતો હશે? ઇત્યાદિ પ્રશ્નો ઉત્પન્ન થવા લાગ્યા અને તત્કાલ સર્વ વિદ્યાપારંગત પણ્ડિત જનો મધ્યે આ પ્રકરણે પ્રચણ્ડ વિવાદ ઉભો કર્યો આવી સ્થિતિ ઉપનિષદ્ કાલથી પ્રારમ્ભાઈ બુદ્ધના સમય સુધી–સમારે પાંચસો વર્ષ વિલક્ષણ સ્વરૂપ ધરી રહી હતી.

બુદ્ધ ધર્મનું સ્વરૂપ.

બુદ્ધ આ ભારત ભૂમિમાં નિર્માણ થઈ જે ધર્મ મત સ્થાપિત કર્યો તેનું ધોરણ કેવું હતું? એ વિષે સંક્ષિપ્ત નિરૂપણ કરતાં જણાય છે, કે "જે કાંઈ દેખાય છે તે સર્વે અશાશ્વત્-તેથી તે ભ્રમ અને શોક યુક્ત છે, તેની લાલસા રાખવાથી ખરું સુખ કદી પણ પ્રાપ્ત થવાનું નહિ જ." એવી સમજ સર્વત્ર દૃઢ થયેલ હોવાના લીધે સંસારના દુઃખથી છૂટવાનો માર્ગ કઈ દિશા તરફ હશે? તત્સમ્બન્ધે વિચારી જનો વિચાર કરતા. જે માર્ગ જેને યોગ્ય જણાય તેનો પુરસ્કાર કરવાની ઇચ્છા પ્રત્યેકના સ્વભાવે સિદ્ધ થતી. બુદ્ધ આવા વિચારી પુરુષો પૈકી એક હતો. તેના સમયે મૂખ્યત્વે બે પ્રકારના લોક સમાજ મધ્યે દૃષ્ટિએ પડતા. એક પ્રકારના લોક એવું કહેતા, કે "પુરાતન કાલથી ચાલતી આવેલી યજ્ઞયાગાદિ ક્રિયા કરવાથી જ જીવિત્ સાર્થક્ય છે." બીજા પ્રકારના લોકો એવું વદતા, કે "આશુંક કર્મ કાણ્ડમાં કાંઈ રહસ્ય સમાયલું નથી, માટે આ દુઃખમય સંસારનો ત્યાગ કરી નાંખવા સારુ વનમાં જઈ ધ્યાન ધારણા તપશ્ચર્યા ઇત્યાદિ કરવાં યોગ્ય છે, આમ કરવાથી જ જીવિત્ ક્ષય થયે ખરી સુખ પ્રાપ્તિ થવાની." પરન્તુ બુદ્ધે તો આ ઉભય પ્રકારના લોકોની સમજ અને કૃતિમાં કાંઈ પણ અર્થ સમાયલ નથી એમ માની, નવો જીવિત્ સાર્થક્યનો માર્ગ કહાડ્યો. તે એવા પ્રકારનો હતો, કે "મનુષ્યને યજ્ઞાદિ કર્મ કાણ્ડ કિંવા દેહ દણ્ડવાળી તપશ્ચર્યા, આપણા અમૌલિક જીવન ક્ષય કરવાને ત્યજી આપી પોતે વાસનાજય કરી સદાચારી બનવું, માનવની અનીતિ તરફ જે બિનાની પ્રવૃત્તિ થનારી જણાય તેનો નાશ કરવાનો પ્રયત્ન કરવો." આમ કરવાથી મનુષ્યોનાં આચરણો પવિત્ર થઇ તેના દુઃખનો અન્ત આવે છે, અને તેને સુખ શાન્તિના લાભ થઈ અન્તે સર્વ ઉપાધિનો ક્ષય થતાં નિર્વાણ પદ્ધી પ્રાપ્ત થાય છે. આવી નૈતિક ઉન્નતિ પ્રત્યેક પ્રાણીની થવી શક્ય છે, એવો બુદ્ધના મનનો નિશ્ચય હતો. તેથી તેણે મનુષ્ય જાતિને દુઃખથી છોડવનારો પોતાનો અભિમત દર્શાવી ઉપદેશ કરવા સારૂ ફરવાનું નિર્ધાર્યું. સર્વ પ્રકારના અને સર્વ જાતિના સ્ત્રી પુરુષ પ્રત્યે તેનો આ પ્રમાણેનો બોધ હતો. "તમે દુખ મુક્ત જ્યારે હો, ત્યારે જ તમે તમારી આધ્યાત્મિક ઉન્નતિ કરી શકો. આ ઉન્નતિ કર્મ કાણ્ડથી અથવા તપશ્ચર્યાથી થનાર નથી. ખરી નીતિ રાખ્યા વિના, અને સર્વ પ્રકારની વિષય વાસના તેમ જ સુખ તૃષ્ણાનો ઉચ્છેદ કર્યા વિના દુઃખ નિવૃત્ત થનાર નથી; આ દુઃખ નિવૃત્તિનો માર્ગ; સર્વ જાતિના, ન-

ણના, અને દરજ્જાના લોકોને સાધ્ય થવાને માટે કાંઈ પણ બન્ધનકારક નથી, તેમ આ માર્ગ સ્વીકારવાને કોઇ અનધિકારી છે એમ પણ નથી. આ પ્રમાણે તે વખતે આર્ય જન સમાજમાં જે વર્ણાદિનો ભેદ ઉત્પન્ન થયો હતો, અને અધિકાર તથા અનધિકાર પરત્વે જે સંશય ઉભો થયો હતો તેનો પ્રતિરોધ કરનાર બુદ્ધ પ્રથમ પ્રવૃત્ત થયો.

સત્યાસત્ય નિર્ણય કેમ કરવો ?

વેદ સંહિતા, બ્રાહ્મણ, અને ઉપનિષદ્ મધ્યે જે સત્ય અને હિતકર હોય તે આપણા વિવેક બલે ઉપજાવી કહાડવું એવો બુદ્ધનો જનો પ્રત્યે ઉપદેશ હતો. "તમે જે કાંઈ દેખો કરો છો તે તમામ સત્ય જ છે એમ માનો નહિ, જે બિના પિત્ર પુત્ર પરમ્પરાથી ચાલતી આવે છે, અથવા જે કેવળ દંત કથા રુપે જનોમાં રૂઢ થયેલ છે તેના પર શ્રદ્ધા રાખવી નહિ, કોઇ પણ બિના પુષ્કળ લોકોના મ્હેડેથી સાંભળવામાં આવે તો પણ તે ખરી છે એમ સલાહ માનો નહિ, એકાદ પુરાતન સાધુએ એકાદ બિના લખી રાખી હોય તો પણ તેના પર ભરૂસો રાખવો એવું કદાપિ સમઝશો નહિ, ખાલી કપોળ અનુમાન પર અથવા નિરાધાર કલ્પના પર વિશ્વાસ ધરશો નહિ, કેવળ અભ્યાસના લીધે જે વાત તમારા શરીર પર સ્થિત થઈ હોય, તો પણ તે સત્યતાથી મુક્ત છે એમ કલ્પના એ બાંધશો નહિ, કોઈ પણ વાત તમારા ગુરુ અથવા વડિલ માણસો કહી હોય તો પણ તેને ખરી ગણાશે નહિ, પણ **યોગ્ય અવલોકન અને સત્યાસત્ય નિર્ણય કરી વિવેકપદ્ધત્તિએ** અનુસરતાં જે સિદ્ધ થાય તેનો અંગિકાર કરી, તદનુસાર સ્વવર્તન સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવો." આ પ્રમાણે બુદ્ધનો સ્વશિષ્ય પ્રતિ ઉદ્દેશ હતો

બુદ્ધે, ગ્રન્થપ્રમાણ્ય, અને આ પ્રવચનપ્રમાણ્ય વિષયનો નિકાલ લવવામાં માત્ર વિવેક શક્તિને જ પ્રાધાન્યત્વ આપ્યું હતું. જે અત્યંત ગૂઢ પ્રશ્ન વિચારી મનુષ્ય પોતપોતાના સામર્થ્યનુસાર અને ચિર રૂઢ પદ્ધત્તિ પ્રમાણે મુક્ત થવાના કામમાં ગુંથાયાં હતાં, તેનું પરિસ્ફોટન અને વિવેચન કરવાની પદ્ધત્તિ પ્રથમતઃ બુદ્ધે શરૂ કરી. તે વખતના આર્ય તત્વવેત્તાઓ, સત્યાસત્ય નિર્ણય માટે જે પ્રમાણો અવશ્ય કહેતા, તે મધ્યે આ પ્રવચન પ્રમાણ્યનું માહાત્મ્ય હતું. જે બિના અતિન્દ્રિય હોય, જે વિષયે માનવ કાંઇ તર્ક કરી શકતો નથી, ત્યાં આ પ્રવચન પ્રામાણ્ય સત્યવત્ માનવું જોઇએ એવો તેનો નિર્ણય હતો. પરન્તુ બુદ્ધે તો ઘણે અંશે સર્વ સાધારણ પ્રવૃત્તિનો પ્રતિરોધ કરી એવું સ્થાપિત કર્યું, કે "જે બિના સ્વવિવેકના અંગે અગમ્ય જણાય, તે શ્રુત્યાદિ પરમ પૂજ્ય માનેલા ગ્રન્થમાં કદાચ હોય, કિંવા કોઇ પરમ સાત્વિક પુરુષે ઉપદેશ કર્યો હોય, અથવા ગમે તેમ હોય તો પણ ખરૂં માની શકાય નહિ." આત્મા વિષે પણ આવી કલ્પના બુદ્ધની વખતે સર્વત્ર રૂઢ થઇ હતી. તેનો તેણે લેશ માત્ર સ્વીકાર કર્યો નહિ. બુદ્ધના વિચારે 'પ્રત્યેક માનવ બુદ્ધિમાં સત્યનો અંશ રહેલો હોય છે." ઇશ્વર કલ્પના સમ્બન્ધે પણ તેના આવા વિચાર હતાઃ "સંસૃતિ યુક્ત દુઃખ નિવૃત્તિ રુપ જે મોક્ષ, તે માનવોને ઇહ લોકમાં પોતાના પરિશ્રમ વડે જ કેવળ પ્રાપ્ત થઇ શકે છે. એ પ્રાપ્ત થવા માટે, ઇશશક્તિનો અથવા દેવતા સમુદાયનો પ્રાસાદ જોડવાનો નિરર્થક પ્રયત્ન કરી મગ્ન બનવાનો મૂળથી હેતુ રાખવો હાસ્યાસ્પદ છે, આ દુઃખ વિમોચન કરવાનો માર્ગ મનુષ્ય જાતિ પરત્વે બુદ્ધે દેખાડયો. તેનું એવું કહેવું હતું કે, "મોક્ષ

સિદ્ધિને જ્ઞાનની આવશ્યકતા છે." આ સિદ્ધાન્ત ઉપનિષદ્ ગ્રન્થોમાં પણ પ્રતિપાદન કરેલ છે; પરન્તુ બુદ્ધના અભિપ્રાયે આજ્ઞાન કાંઇ બ્રહ્મ સમ્બન્ધી અથવા દેવસમ્બન્ધી નથી, પણ, માનવ અને ઇતર વસ્તુ જાતની સ્વસ્વરુપવાળી સ્પષ્ટ અને સત્ય ભાવનાને જ માત્ર જ્ઞાન કહેવામાં આવતું. આથી કરીને મોક્ષ સિદ્ધિના વાસ્તે ચિત્ત શુદ્ધિ અવશ્ય થવી જોઇએ એવું તેણે પ્રતિપાદન કર્યું. એકંદર રીતે જોતાં આ ચિતશુદ્ધિ ઉપર જ તેનો વિશેષ કટાક્ષ હતો. આની પાસે ઇતર સર્વ ધર્માચરણ ગૌણ છે એવું તેનું માનવું હતું. પવિત્રતા, વિનય, આર્જવતા, શાન્તિ, અખિલ ભૂત માત્ર માટે નિઃસીમ પ્રેમ ઇત્યાદિ સદ્વૃત્તિ મનુષ્યોમાં ઉત્પન્ન થવી જોઇએ. તે પ્રમાણે પોતાના અનુયાયી જનોનો પોતાના મોક્ષ પ્રાપ્તિનાં સત્પથપર પૂર્ણ ભરુસો બેસાર્યો. તેના નિયમે વિનયશીળ થવું જોઇએ, અસત્કર્મ કરવા માટે શરમ આવવી જોઇએ, સર્વ પ્રકારની સત્ય વિદ્યા સમ્પાદન કરવી, સદૈવ ઉદ્યોગ શીલ થવું, પોતાના મનનો ઉત્સાહ કદી પણ કમતી થવા દેવો નહિ, સર્વ પ્રકારનું અનુભવ જ્ઞાન પ્રાપ્ત કરવું, પોતાના આચરણો લોકોમાં, અને એકાંતમાં નીતિના નિયમ પ્રમાણે જ રાખવાં જોઇએ, કેવળ બ્રાહ્મકર્મ કાણ્ડ મધ્યે ગરક થવાથી, અથવા કોઈ ઇશ શક્તિની કૃપા સમ્પાદન કરવાની ખટપટ કરી પરલોક પ્રાપ્તિની લાલસા ધરી, દુઃખ વિમોચનરુપ મોક્ષ પ્રાપ્ત થવો અશક્ય છે." એવો બુદ્ધનો પોતાનો શિષ્ય પ્રતિ ઉપદેશ હતો.

કર્મ કાણ્ડ અને તપશ્ચર્યા કરતાં નીતિનું પ્રાબલ્ય વિશેષ છે.

આ સમયના ગૃહસ્થાશ્રમી લોકો, જે વિધિ, અને જે નિત્યનૈમિત્તિક કર્મો કરતા, તે સર્વે નિરર્થક અને નિષ્ફલ છે એમ બુદ્ધનું કહેવું હતું. તે પ્રમાણે વાનપ્રસ્થ જન જે ઘોર તપશ્ચર્યા કરી દેહને દંડ આપે છે, તે પણ નિરર્થક અને નિષ્ફલ છે એમ તેનું કહેવું હતું. પોને નિર્દિષ્ટ કર્યા પ્રમાણે પવિત્ર અને નિર્દોષ આચરણ તેમ જ પરોપકારના યોગે, માનવી ધારેલી પૂર્ણતા પ્રાપ્ત કરી ઇહ લોકમાં સ્વર્ગ તૂલ્ય યોગ્યતાને પહોંચી શકે છે. એવો બુદ્ધની બુદ્ધિનો નિશ્ચય થવાથી તેણે સ્વાભિ પ્રેત ધર્મ રહસ્ય ઇતર માનવી બંધુઓને ઉપદેશવાનો ક્રમ ઉત્સાહ પૂર્વક ચલાવ્યો. પોતાની પાછળ પોને નિયત કરેલ ક્રમ નિર્ધાસ્તપણે ચલાવવો એવો તેણે પોતાના શિષ્ય સમુદાયને મોટા આગ્રહવડે ઉપદેશ કર્યો કારણ કે મનુષ્ય માત્રની વિપત્તિ નષ્ટ થવી જ જોઇએ એવી તેની ઇચ્છા હતી. "મેં યોજેલા સ્વોન્નતિના અને સદાચરણના માર્ગનું અવલમ્બન કરવાથી મનુષ્યની એકંદર વિપત્તિ અને દુઃખ નિર્મૂળ થવાનું" એવું તે પોતાના મનથી માનતો. અને વળી મોક્ષ સિદ્ધિનો માર્ગ સર્વ પ્રકારે સુગમ તેમજ સાધ્ય હોવાના લીધે તેણે એકંદર હીન, દીન, અને ત્રસ્ત જનોને પોતાના માર્ગનું અવલમ્બન કરવાથી દુઃખ વિમોચન થવાનું બનશે, એવો ઉપદેશ કરવાનો આરમ્ભ કર્યો. મુમુક્ષુ જનોને પોતાની નીતિ બતાવી વૃદ્ધિંગત કરાવી, દુર્વૃત્તિનું દમન કરવું, દુર્વાસના પરજય કરવો અને અખિલ માનવજાતિ પોતાનો બાન્ધવ વર્ગ છે, એમ સમઝી તત્સમ્બન્ધે નિઃસીમ પ્રીતિ અંતરમાં રાખવી, એટલે તેને મોક્ષ પ્રાપ્તિ સુગમ થવાની એવો તેનો સર્વાંશે બોધનો સાર છે.

બુદ્ધના વિચાર પ્રમાણે બ્રાહ્મણ, અને શુદ્ર, ઉચ્ચ, અને નિચ, રાજા, અને રંક,

બુદ્ધધર્મપ્રસારનું વાસ્તવિક કારણ શું.

એવાં જે કૃત્રિમ ભેદમાં કાંઇ પણ અર્થ સમાયલો નથી, સર્વ માનવજાતિ સરખી છે, મોક્ષ માર્ગનો અનધિકારી એક પણ નથી, આવો સર્વ કૃત્રિમ ભેદાભેદ વિનષ્ટ કરનાર સત્યધર્મ રહસ્ય બોધ જેને તેને કાને પડવા લાગ્યો, તેથી તે તમામ તેના અનુયાયી થયા. અને થોડા વખતની અંધિમાં તો બુદ્ધે પોતાના ધર્મનો પ્રસાર આખા એશિયાખણ્ડમાં પ્રસારી આપ્યો. ગરીબ ખેડૂતો ભોળા ભલો કારીગર વર્ગ, ધનાઢ્ય શાહુકાર, મોટા મોટા બળવાળા સરદાર અને રાજા વગેરે, સર્વ દરજ્જા અને જાતિના લોક તેના અનુયાયી થયા. સુશીલ, સુસ્વભાવી, સદાચારી, શાન્ત અને સૌમ્ય એવા તે કાલના સહસ્રાવધિ આર્યજનોએ તેના મોક્ષ માર્ગનું અવલમ્બન કરી, પોતાનાં ઐહિકજીવન સત્કર્મ અને પરોપકાર કરવાને વેચ્યાં. બુદ્ધના પહેલાં જે વિકટ ધર્મ વિધિ, અને સામાન્યજનોથી સહસા નહિ ઝંપલાઇ શકાય એવી જે યજ્ઞ યાગાદિ ક્રિયા વેદ વિહિત સર્વત્ર રૂઢ થઇ હતી, તે વિધિ, અને તે ક્રિયા કર્મ પ્રતિકૂલ સ્થિતિના લીધે અથવા અનધિકાર પરત્વે અસાધ્ય હોવા વિષે જેઓ સ્વીકારતા, તેઓને આ બુદ્ધનો ઉપદેશ હિતકારક તેમ જ સત્ય લાગ્યો. જેથી એવા સર્વે એ તે પંથનો સ્વીકાર કર્યો.

બુદ્ધના સમયે ધર્મ સમ્બન્ધી સાધારણ સ્થિતિ હોવાના સબબે બુદ્ધે ઉપદેશેલો મોક્ષ માર્ગ પુષ્કલ જનોએ અનુસરણ કર્યો. કારણ કે તે સુગમ અને હરેક પ્રકારની સગવડતાવાળો હોવાથી તેનું અવલમ્બન કરવાને સર્વ પ્રકારના મનુષ્યોને કોઇ પણ રીતે બાધ નહિ હતો.

બુદ્ધે, આ ભૂતલપર સ્વધર્મોપદેશ કરવાનો પ્રારમ્ભ કર્યા પહેલાં લોકો મધ્યે ફરી પોતે આપવા ધારેલા ઉપદેશની સ્વઆચરણ યુક્ત લોકોને સારી રીતે ખાત્રી કરી આપી. જેના યોગે તત્સમ્બન્ધી પૂજ્યતા બુદ્ધિ તત્કાલિન લોકોમાં જે પ્રકારે હતી, તે પાછલથી પણ કાયમ રહી. સર્વ પ્રકારનાં સ્ત્રી-પુરુષો મધ્યે રહી પોતાનું આચરણ અત્યન્ત નિર્દોષ રાખનાર મહાપુરુષ માટે, જનોના હૃદય મંદિરમાં આદર બુદ્ધિ અને અમર્યાદ શ્રદ્ધા ઉત્પન્ન થવી શક્યજ છે.

આ પ્રકારે આ અદ્વિતિય અને અલૌકિક મહાપુરુષના વખતે આપણી **સામાજિક સ્થિતિ** હતી. આ ભારતભૂમિ મધ્યે એ અપ્રતિમનર રત્ન નિર્માણ થઈ, અખિલ માનવજાતિને પોતાના તેજમાં આંજી નાંખી **दोष मुक्ताफल प्रोक्ता वासना तन्तु सन्ततिः हृदि नग्रथिता यस्य मृत्युस्तेन जिघांसति** " શ્રી વસિષ્ઠ મુનિના કહેવા મુજબ "દોષરૂપ મુક્તાફલ જેના ઉપર પરોવ્યા છે એવી **વાસના** તેની **માળા જેને** હૃદયે ગુંથેલી નથી તેને જેમ **મૃત્યુ હણવા ઇચ્છતું નથી,** તેમ પરમ નિર્વાણ પદ્વી પ્રાપ્ત કરી પોતાનાં નામને અમર કર્યું.

(આગળ ચાલુ.)

ઉપનિષદ્‌ની ઉપદેશ વાર્તા.

(મળેલું)*

શ્વેતકેતુ ઉપાખ્યાન.

(અનુસંધાન—પૃષ્ટ-૩૦૧ થી)

તે દહાડે મહર્ષિ અરૂણિની પાસેથી " ત્રિવૃત્કરણ " તત્વકથા સાંભળી, થોડાક દિવસ દિવસ સુધી યોગ્યતા પ્રમાણે અનેક તરેહની યુક્તિ વડે ખુબ સારી પેઠે મનમાં સમજી, શ્વેતકેતુ ફરી એક દિવસ મહર્ષિની પાસે આવીને બેઠો અને નમ્રતાથી વિનય પૂર્વક કહ્યું:-" પિતાજી ! " ત્રિવૃત્કરણ " તત્વ મનમાં હું સારી પેઠે સમજ્યો છું; આપે તે દિવસે કહ્યું કે, આ તત્વ બીજી રીતે તને કોઈ દિવસે સમજાવી આપીશ; માટે આપ કૃપા કરી આજે સમજાવો."

મહર્ષિ અરૂણિ ત્યારે કહેવા લાગ્યા-" હે પુત્ર ! આ પૃથિવીસ્થિત સમસ્ત બાહ્યવસ્તુમાંની દરેક જ-તેજ-જળ-પૃથ્વી-પરમાણુ-આ ત્રિવિધ ઉપાદાનથી થઈ છે, આ વાત તને તે દહાડે કહી છે. ફક્ત બાહ્ય વસ્તુઓનું જ તેમ નથી, અંતઃકરણસ્થ માનસિક વૃત્તિયોનાં પણ ખરેખર તે ત્રણ જ ઉપાદાન છે. બાહ્યવિષય અને ઇન્દ્રિયાદિક, એક જ ઉપાદાનથી જન્મ્યાં છે. ફક્ત સ્થાન ભેદને લીધે તેમના નામનો અને કાર્યનો ભેદ થઈ પડયો છે. બાહ્યિક અથવા આંતરિક-યાવતીય પદાર્થ, તે " ત્રિવૃત્કરણ " નુંજ ફલ છે, તે તને ધીમે ધીમે દેખાડી આપીશ. પ્રાણ, મન વીગેરે આંતરિક વૃત્તિયોના ઉપાદાન તે. તેજઃ જળ, પૃથ્વી કેવી રીતે, તે તત્વકથા આજે તને કહીશ, ચિત્ત લગાડી વિચાર પૂર્વક સાંભળ.

પ્રાણી જે અન્નાદિ ખોરાક ખાય છે, તે જઠરાગ્નિદ્વારા પરિપક્વ થઈ, ત્રણ પ્રધાન ભાગથી વિભાગ થઈ પડે છે. તેમાં સઘળા કરતાં સ્થૂલતમ ભાગ પુરીષરૂપે પરિણત થાય છે. અન્નનો જે મધ્યમ ભાગ, તે રસાદિ રૂપે વિકૃત થઇ, છેવટે શરીરનું માંસ બની જાય છે; અને વળી ખોરાકનો જે સઘળા કરતાં સૂક્ષ્મતમ ભાગ, તે હૃદયમાં જઇ, રાગાદિ ઇન્દ્રિય સમૂહની અવસ્થિતિનું કારણભૂત મન રૂપે પરિણત થાય છે. મન રૂપે પરિણત થઇ, તે ક્રમાગત મનનું જ પરિસંપાદન કરે છે; ત્યારે આ ઉપરથી સમજી શકાય છે કે, જડ, પરમાણુ જાત હોવાને લીધે મન પણ ભૌતિક પદાર્થ જ છે; વૈશેષિક ન્યાયમાં મન નિત્ય અને નિરવયવ પદાર્થમાં ગણાતું નથી. મન અતિશય સૂક્ષ્મ હોવાને લીધે સ્થુલ, સૂક્ષ્મ, વ્યવહિત, વિપ્રકૃષ્ટ-યાવતીય પદાર્થનેજ વ્યાપ્ત કરવાને સમર્થ છે. આવી રીતે પ્રાણી જે જળ પીવે છે, તે પણ શરીરમાં જઇ ત્રણ ભાગથી વિભાગ થઇ પડે છે. તેના સ્થૂલમ ભાગથી મૂત્ર, મધ્યમ ભાગથી લોહી, અને સઘળા કરતાં સૂક્ષ્મતમ ભાગથી પ્રાણની પુષ્ટિ થાય છે. આ પ્રમાણે તેલ, ઘી, વીગેરે તૈજસપદાર્થો, શરીરમાં પેસી ભાગ થઇ પડે છે. તેના સ્થુલ ભાગથી સ્નાયુ અને સૂક્ષ્મ ભાગથી વાક્યનાં પુષ્ટિ સંપાદન થાય છે, તેલ, ઘી, વીગેરે તૈજસ વસ્તુઓ ખાવામાં આવે છે તેથી જ માણસ વાત કરી શકે છે. માટે આ ઉપરથી જણાઇ આવે છે કે, તન અન્નમય, પ્રાણ જલમય, અને વાક્ મનોમય, પદાર્થ છે.

---

* લખનાર—એક સન્યાસિ.

આ સ્થલે એવી એક શંકા ઉત્પન્ન થાય છે કે, આખુ (ઉંદર) વીગેરે જીવ જંતુઓ તો કેવળ અન્ન માત્રજ ભક્ષણ કરી દિવસ કહાડે છે, તેમનામાં પણ થોડાંક વાકશક્તિ વિશિષ્ટ પ્રાણવાલાં જોવામાં આવે છે; સમુદ્રમાંનાં મગર માછલાં વીગેરે ફક્ત જળ પીનેજ જ રહે છે, તેમનામાં પણ મન અને વાક શક્તિ છે, ત્યારે વળી કેવી રીતે કહી શકાય કે, મન અન્નમય, પ્રાણ જલમય, અને વાક તેજોમય? આ શંકાના ઉત્તરમાં આટલું જ કહેવું બસ છે કે, કોઇ તો અવિમિશ્ર અન્ન જલાદિ ભક્ષણ કરતાં નથી; પ્રાણી માત્ર સઘળાં "ત્રિવૃત્કૃત" અન્ન જલાદિ ગ્રહણ કરે છે. માટે આખુ વિગેરે જીવજંતુઓમાં, મન, વાણી, પ્રાણ છે, તેમાં શક લાવવા જેવો અસંગતિ દોષ ક્યાં છે?

શ્વેતકેતુએ આટલે સુધી સાંભળી પૂછ્યું,—"પિતાજી! અન્નાદિ સમસ્ત ભુક્ત પદાર્થ તો એકત્ર મિશ્રિત થઇ ઉદરમાં પ્રવેશ કરે છે; અને આ સમસ્ત ભૂતના સૂક્ષ્મ ભાગથી મન વૃદ્ધિને પામે છે, એમ અનુમાન કરી લેવું સ્વાભાવિક છે, ત્યારે આપ કેવી રીતે કહો છો કે, ફક્ત મનના જ સૂક્ષ્મ ભાગથી મનની ગોઠવણ થાય છે?

મહર્ષિ અરૂણિ ઉત્તરમાં કહેવા લાગ્યા—"હે પુત્ર! આ વાત એક દૃષ્ટાંતદ્વારા તને સમજાવી આપીશ, મનોયોગ પૂર્વક સાંભળ. દહીં મથન કરવાથી જેમ તેનો સૂક્ષ્મભાગ માખણ રૂપે ઉપર તરી આવે છે અને તેવળી ઘી રૂપે પરિણત થાય છે; તેમજ અન્નાદિ પદાર્થ ખાધા પછી, વાયુની સાથે જઠરઅગ્નિદ્વારા મથિત થઇ સૂક્ષ્મત્વને પામી ઉર્ધ્વગામી થઇ મન રૂપે પરિણત થાય છે. આ સૂક્ષ્મ ભાગો મનનાં અવયવોની સાથે મળીને જ મનની વૃદ્ધિ અને પુષ્ટિ સાધન કરે છે. આવી રીતે જલ અને તૈજસ પદાર્થોના સૂક્ષ્મ ભાગથી યથા નિયમાનુસાર પ્રાણ અને વાકની પુષ્ટિ થાય છે."

શ્વેતકેતુ, મહર્ષિના આ દૃષ્ટાંતથી વાત, જોઇએ તેટલી સ્પષ્ટ રૂપે સમજી શક્યો નહિ; પિતા અરૂણી તે જોઇ તરત જાણી ગયા. માટે આ તત્વ બીજી રીતે તેને સમજાવી આપવા સારૂ કોશેશ કરવા લાગ્યા.

મહર્ષિ અરૂણિ કહેવા લાગ્યા—"હવેથી ચિત્ત આપીને સાંભળ, ખાધેલાં અન્નાદિ સૂક્ષ્મત્વને પામી, મનની શક્તિ ઉત્પન્ન કરે છે, તે શક્તિ અન્નરસ જાત જ છે. આ અન્નરસ જાત શક્તિ સોલ ભાગથી વ્યાપક થાય છે. મનની આ સોલ શક્તિ રહેવાને લીધે જ જીવને "સોલ કલાત્મક" કહેવામાં આવે છે. અન્નરસ જનિત માનસિક શક્તિવાળા પુરૂષમાંજ નાના પ્રકાર સામર્થ્ય જોવામાં આવે છે. જીવદ્રષ્ટા, શ્રોતા, બોદ્ધા. કર્તા અને વિજ્ઞાતા તથા સર્વ ક્રિયા સમર્થ—તેનું એમ છે કે, તે સમસ્ત ભિન્ન ભિન્ન શક્તિ અન્નરસ (ખાધેલો ખોરાક આદિ) થી જ પુરૂષ સંગ્રહ કરી લે છે. અન્નરસાદિ ન મલવાથી તે સઘળી શક્તિયો ક્ષય પામતી જાય છે; માટે મનનાં શક્તિ અને સામર્થ્ય તે ખાધેલા પદાર્થજ સંગ્રહિત થાય છે.

હે સૌમ્ય! પુરૂષની માનસિક શક્તિ સમૂહ જે અન્નરસાદિથી પરિપુષ્ટ થાય છે, તેનું જો પ્રત્યક્ષ પ્રમાણ જોવા માગતો હોતો આજથી પંદર દિવસ સુધી અન્ન ભક્ષણ કરીશ નહિ,

ફક્ત મરજી મુજબ જરાક જલ પીજે, કારણ કે પ્રાણ તો જલમય, તેથી જો કદાચ જળ પીવાનું બંધ કરશો તો, તમારી પ્રાણ—ક્રિયા પણ બંધ થઇ જશે. એટલાજ માટે એ યાદ રાખવું કે, કારણના વિનાશથી કાર્યનો વિનાશ ખચીત છે!

શ્વેતકેતુ, પિતાજીના મુખમાંથી આ વાત સાંભળી "મન જે અન્નમય" તેનું પ્રત્યક્ષ પ્રમાણ લઇ ખરી ખાત્રી કરી જોવાને તત્પર થયો અને પંદર દિવસ સુધી અન્નાદિ કંઇપણ ચીજ ખાધી નહિ. આવી રીતે અનાહારથી પંદર દિવસ વીતી ગયા પછી સોળમા દિવસે શ્વેતકેતુ, પિતાજીની પાસે આવીને બેઠો.

મહર્ષિ અરૂણિએ ત્યારે કહ્યું—"હે વત્સ! તમે મારી પાસે ઋગ્‌વેદ ભણી મોઢે કર્યો છે, તેના કોઇ પણ ભાગમાંથી એકાદ મંત્ર મને સંભળાવો."

શ્વેતકેતુ એ ઝીણા સ્વરથી કહ્યું—"હે ભગવન્! ઋગવેદાદિના કોઇ પણ મંત્ર આજે મારા મનમાં સ્ફુર્તા નથી; અને ઘણી કોશેશ કરીને પણ તેમાંનું કશુંએ મનમાં હું યાદ કરી શકતો નથી જો કે હું સાંભલું છું, જોઉં છું, સઘળી તરેહનું ભાન છે, તથાપિ મારી સ્મૃતિ ક્રિયા એકદમ લોપ થઇ ગઇ છે."

મહર્ષિ અરૂણી પુત્રના મુખથી આવી વાત સાંભળી કહેવા લાગ્યા—"હે સૌમ્ય! કેટલાંક કાષ્ટ આહરણ કરી, તેમાં અગ્નિ સંયોગ કરવાથી જ્યારે સમસ્ત કાષ્ટ, પ્રજ્વલિત થઇ ઓલવાઇ જાય છે, અને ખદ્યોત સરખો એક કકડો જ્વલંતાગાર બાકી રહે છે, ત્યારે તે વતે જેમ ફરી દાહક્રિયાનો સંભવ થઇ શકતો નથી તેમ અન્નદ્વારા પરિપુષ્ટ તમારા મનનો પણ એક જ માત્ર ભાગ અથવા કળા બાકી રહી ગયો છે, તેટલા માટે તમારા મનમાં ઋગવેદની સ્મૃતિનો ઉદય થતો નથી. પછી જો જો સઘળું એની મેળે જ સ્ફુરી આવશે."

શ્વેતકેતુ, પિતાજીની આજ્ઞા મુજબ ત્યાંથી ઉઠી જઇ અન્ન ભક્ષણ કરી ફરીથી આવીને પિતાજીની પાસે બેઠો, ત્યારે જોયું કે ઋગ્‌વેદની પૂર્વ સ્મૃતિ તેના મનમાં જાગી અને તેના અમુક ભાગના મંત્ર સ્વર સાથે ઉચ્ચાર કરી સંભળાવવા લાગ્યો.

મહર્ષિ અરૂણિ ત્યારે ફરીથી કહેવા લાગ્યા-' હે પુત્ર! પૂર્વે જે અગ્નિનો દૃષ્ટાંત મેં આપ્યો હતો, તે ખદ્યોત સરખું અવશિષ્ટ જ્વલત અંગારની સાથે જો હમણાં થોડાંક શુષ્કતૃણનો સંયોગ કરવામાં આવે તો, તે જેમ અગ્નિકડકાની સાથે સંયુક્ત થઈ, ફરીથી પ્રજ્વલિત થઇ પડશે અને આ પ્રજ્વલિત અગ્નિ વડે હવે મોટા મોટા પદાર્થોને પણ ભસ્મ કરી શકાય છે; તેમજ કલા માત્રાવશિષ્ટ તમારા મનની જે એક માત્ર શક્તિ અવશિષ્ટ રહી હતી તે ક્ષીણ શક્તિ અથવા કળા આજે ફરીથી અન્નરસદ્વારા પરિપુષ્ટ થઈ છે, માટે જ પંદરદિવસ પછી આજે પુનઃ તમારા મનમાં વેદની લોપ થઇ ગયલી સ્મૃતિ સ્ફુરી આવી છે. માટે હવે તમે તો પ્રત્યક્ષ જોઈ લીધું કે, મન અન્નરસાત્મક છે અન્નર સાદિથીજ મનની સમુદાયશક્તિની પુષ્ટિ સંપાદન થાય છે. આવી રીતે, પ્રાણ અને વાક (Speech) પણ, યથા નિયમસર જળ અને તેજોમય છે, તે પણ આ ઉપરથી સિદ્ધ

થઇ શકે છે. ત્યારે જુઓ, બાહ્યિક અને આંતરિક દરેક વસ્તુ " ત્રિવૃત્કૃત " થઇને ઉત્પન્ન થઇ છે અને " ત્રિવૃત્કૃત " થઇ પરિપુષ્ટ પણ થઇ રહી છે. માટે અંદર અને બ્હારના સમસ્ત પદાર્થ જ તે તેજસ, અપ અને પૃથ્વી–પરમાણુ-આત્રણ ઉપાદાનથી રચાયલા છે. વિશ્લેષણ (analysis) કરવાથી તે ત્રિવિધ મૂલતત્વજ મળી આવે છે, અને વળી તે અવશિષ્ટ મહાતત્વ કાર્યકારણ સંબંધથી બંધાઇ એક માત્ર અદ્વિતીય બ્રહ્મમાં જ પરિસમાપ્ત થાય છે. બ્રહ્મથીજ સૃષ્ટિની ઉત્પત્તિ અને બ્રહ્મમાંજ પરિસમાપ્તિ. "

શ્વેતકેતુ, આ સમસ્ત ઉપદેશકથા સાંભળી એકદમ વિસ્મિત થઇ ગયો. મનમાં યથાર્થરૂપે વારંવાર વિવેચન અને આલોચન કરી હવે સમજી શક્યો કે, મન વીગેરે આંતરિક શક્તિ અને બાહ્ય પદાર્થો વસ્તુતઃ અન્નાદિ ત્રણ તત્વ શીવાય ખરેખર બીજું કશુંએ નથી. અને વળી તે ત્રણ તત્વ કાર્ય કારણ સંબંધથી ગુંથાઇ એક અદ્વિતીય બ્રહ્મમાંજ પરિસમાપ્ત થયાં છે. સૃષ્ટિસ્થ પદાર્થમાત્રજ, આવી રીતે બ્રહ્મથીજ ઉત્પન્ન થઇ વળી બ્રહ્મમાં જ લીન થઇ રહ્યા છે. આવો આ સ્પષ્ટ અનુભવ થયા છતાં, શ્વેતકેતુના મનમાંની એક શંકા હજુ મટી નહિ. હજુ સુધી તે આ અઘરૂં તત્વ સુસ્પષ્ટરૂપે હૃદયંગમ કરી શક્યો નહિ. તેના મુખ ઉપરથી મહર્ષિ અરૂણિ તરત સમજી ગયા. આ અઘરો વિષય અને કે દાખલા દૃષ્ટાંત આપી બીજી રીતે સહેલાઇથી સમજાવી આપવો પડશે, એમ મનમાં ઠરાવ કરી, મહર્ષિ અરૂણિએ શ્વેતકેતુને જે ઉપદેશ કર્યો હતો, તે ઉપદેશવાર્તા ફરી કોઇ દિવસ સુરસિક વાચનારને અમે સંભળાવીશું; આજે આટલું જ બસ છે.

(અપૂર્ણ.)

શ્રીકૃષ્ણ.

(અનુસંધાન—પૃષ્ટ—૨૮૮ થી.)

શ્રીકૃષ્ણે એક સમયે સાબિત કરી આપ્યું હતું કે, આ માત્ર મુખથી બોલવાની જ પ્રાર્થના નથી: જ્યારે પૂજ્ય પાંડવો ઋષિ દુર્વાસા વડે ઘણા ગુંચવાડામાં આણી મૂકાયા હતા, દુર્યોધનની પ્રાર્થનાથી, કે જેણે તેમને તેમના ૧૦૦૦૦ શિષ્યો સહિત પાંડવોના અતિથી થવાની પ્રાર્થના કરી હતી, અને તે પણ જ્યારે પાંડવો મધ્યાહ્ને જમી રહે ત્યાર પછી, કારણ કે પછી અન્યને માટે જરા પણ બાકી ન રહેતું. દુષ્ટ દુર્યોધનની ઇચ્છા પૂરી પાડવાને, પાંડવોના અતિથિ થઇને પોતાના શિષ્ય સમૂહ સહિત ઋષિ આવ્યા; પાંડવો વનવાસમાં હતા, આવા મોટા સમૂહનો આદરસત્કાર કરવાનાં સાધનો ન હતાં, અને વળી સૂર્યદેવે દ્રૌપદીને આપેલું વરદાન કે જેથી એક વાડકામાંથી અતિથિની ગમે તેટલી સંખ્યા જમાડી શકાતી હતાં, તે પણ આજે દ્રૌપદીએ તેમાંથી પોતાનો અંતીમકવલ લઇ લેવાને લીધે નિરર્થક થઈ પડયો હતું. પાંડવોનું સંકટ મહાનમાં મહાન હતું, કારણ કે ઋષિ અને તેમના શિષ્ય વર્ગને જમાડાય નહિ તો તેમના ક્રોધને પુષ્ટિ મળશે, અને પાંડવોના નાશનું

કારણ થઇ પડશે. આવા સંકટમાં વનવાસમાં વસતા પાંડવો શું કરી શકે ? આવા અણીના પ્રસંગે તેમને કોણ મદદ આપનાર હતું ? તેઓ શ્રીકૃષ્ણભક્ત હતા, તેથી સર્વ પ્રાણિના સર્વજ્ઞ અને સર્વવ્યાપક પ્રભુને બોલાવવાની પ્રાર્થનામાં તેઓ સામટાં જોડાયાં-અને તે સર્વ કરતાં પૂજ્યતમ દ્રૌપદી, કે જે પોતાના પત્નીવિષયક નરમાશના સદ્ગુણને લીધે પરમભક્ત હતાં, તેણે પોતાના પ્રભુને ગુપ્ત પ્રાર્થનામાં વિનતી કરી, અને તે પરિણામ વિનાની નહિ, કારણ કે તેણે તેની પ્રાર્થના દ્વારકામાં સાંભળી, . અને આ સંકટમાંથી પાંડવોને બચાવવા તે દોડતા આવ્યા. તેઓ આવ્યા અને દ્રૌપદીને ચિંતાનું કારણ પૂછ્યું. અક્ષય્યપાત્રમાંથી છેલ્લામાં છેલ્લો કણ પ્રાશન કરવાથી તે ખાલી થયું છે, એવું તેના જાણવામાં આવતાં, તેણે તે પાત્ર માગ્યું, એને તેમાંથી ભાજીનો એક કટકો શોધી કાઢયો, આરોગ્યો અને કહ્યું, प्रीतोस्मि । "હું પ્રસન્ન થયો છું." પરિણામ એ આવ્યું કે વિશ્વાત્માશાંત થતાં, તેમાંથી આવતા અને દુર્વાસા તથા તેમના શિષ્યો જેવામાં વસતા દિવ્ય જીવાત્માઓ સંતોષ પામ્યા, અને તેમની ક્ષુધા શાન્ત કરવા માટે પાંડવોને આશિષ દઇને તે જગ્યાએથી ચાલી નિકળ્યા. આથી ગોપીઓને એમ શ્રદ્ધા હતી કે, તેને ખુશી કરવાથી તેઓ પોતાનાં સગાં સંબંધિઓને પણ ખુશી કરી શકશે, અને આ શ્રદ્ધા અસાધારણ ન હતી પરંતુ તેની દિવ્યપ્રકૃતિ તથા તેમની તેના પ્રતિની પરમભક્તિ સાથે બરોબર બંધ બેસતી હતી.

તેઓએ વળી વિશેષ ઉમેર્યું કે, તેમની કામનાઓ પૂર્ણ નહિ થવાને લીધે, જો તેઓ ઘેર જશે તો પણ તેઓ કોઈ પણ કાર્ય કરવાને અશક્તિવંત નિવડશે. કારણ કે તેમણે પોતાની સર્વ શક્તિ ખોઈ છે, કે જે માત્ર તેના પ્રતિ તેના મિષ્ટ સાથની ઇચ્છાના સ્વરુપમાં લગાડવામાં આવી હતી.

તેમણે કહ્યું, "તેટલા માટે, પ્રથમપુરૂષના સમાન સ્વર્ગના રક્ષક તારો, વજ્રને ભીતિ, શોકમાંથી છોડવવાને, જન્મ થયો છે, તો આનંદ પૂર્વક તારા કમલ દલ સમાન હસ્તો તારા ગૂલાબોના વક્ષઃસ્થલ અને મસ્તક ઉપર મૂક." અત્રે પણ શરીરના જે ભાગોને સ્પર્શવાનું કહેવામાં આવ્યું છે તે લક્ષ આપવા યોગ્ય છે, જ્યારે કોઇને અત્યંત ચિંતામાંથી મુક્ત કરવો હોય ત્યારે તેના વક્ષસ્ ઉપર હાથ મૂકવામાં આવે છે, એ ચિંતા હૃદય સ્પંદનથી પ્રદર્શિત થાય છે, અને જ્યારે ભક્તનામાં દિવ્ય અસર ઉપજાવવાની હોય છે ત્યારે શિષ્યના મસ્તકનો સ્પર્શ કરવામાં આવે છે. ભક્તનું શિર અને ગુરૂ દેવના પાદ, દિવ્ય અસર સાથે અત્યંત સંબંધ ધરાવતાં સ્થાનો છે; પોતાના ગુરૂના પાદમાંથી નિકળતી અસરને ગ્રહણ કરવાને શિષ્યો પાદ સ્પર્શ કરે છે, અને પોતાની અસરને પ્રેરવાને ગુરૂ, શિષ્યના શિરને સ્પર્શે છે. શિષ્યનામાં દિવ્ય જીવનના વહન માટે, આ પ્રકારે ગુરૂ અને તેના શિષ્ય વચ્ચે એક સંપૂર્ણ સંબંધ બંધાય છે. તેટલા માટે ગોપીઓની આવા પ્રકારની ઇચ્છાને વૈષયિકની છાપ મારી શકાશે ? જન સમૂહે સ્ત્રી પુરૂષના સંસર્ગ સાથે અધમાધમ વિચારો યોજી કાઢયા છે માટે ગુરૂએ શું પોતાના શિષ્યોને આશિષ દેતાં દૂર રહેવું જોઇએ ? ચુંબનને વેશ્યા વૃતિ રૂપ ગણવામાં આવે છે માટે શું એક માતાએ પોતાના બાલકનું ચુંબન કરવાથી દૂર રહેવું જોઇએ ? અધમ વિચારો સાથે સાથે જોડાયલા છે માટે શું એક પ્રેમી પિતાએ પોતાની પુત્રીનું આલિંગન કરવાથી

દૂર રહેવું જોઇએ ? વંઠેલાઓજ એવાં કાર્યોનો આશ્રય લે છે માટે શું એક પતિ પોતાની પત્નીને લાડ લડાવવાની આનાકાની કરશે ? પતિ રૂપે તેને પામવાને ભવે ભવે પ્રાર્થના કરતા શિષ્યોને આલિંગન આપવામાંથી તે દિવ્ય પ્રભુ શું દૂર રહેશે ? કદાપિ નહિ. પોતાનું જીવન લંબાવી સદા માટે દુઃખ વહોરી લેવાની ભીતિ કરતાં, કયો મૂર્ખ મનુષ્ય અમૃતપાનનો ત્યાગ કરશે ? સ્થૂલદુઃખની માલવિનાની ભીતિને જીતવા માટે, અનંત જીવનનો લાભ સંપૂર્ણ નથી ? સમાજના નિયમોનો સહજ ભંગ થવાથી તેમને અપવાદ આવશે માટે શું, "તેને પતિ રૂપે ભોગવવાની" તેમની અતી દીર્ઘ કાળથી પોતાની ઇચ્છાને સંપૂર્ણ કરવાને ઉતરી આવેલા દિવ્ય પ્રભુના સાથનો ગોપીઓએ ત્યાગ કરવો જોઇએ ? એમ થઇ શકે જ નહિ, અને પરિણામ એ આવ્યું કે, રાસલીલા રમવામાં આવી, જ્યાં ભક્તો અને તેમના પ્રભુ વચ્ચે વખાણ, ચુંબન અને આલિંગનનો અરસ પરસ બદલો કરવામાં આવ્યો હતો, સ્થૂલશરીરમાં ઇચ્છિશકાતું ઉચ્ચમાં ઉચ્ચ સુખ.

મૂખ્ય વિષયમાં આગળ કહેવાઈ ગયલી રાસલીલાનું વિસ્તારથી પુનઃ વર્ણન કરવાની મારે જરૂર નથી, પરંતુ મારા વાચકોને પૂર્વે કહેવાયલાનું માત્ર ભાન કરાવું છું કે, રાસલીલા રમાતા પૂર્વે, જ્યારે શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે વનોમાં ફરતા હતા ત્યારે તેમને પોતાના સાથમાં જરા પણ ગર્વિષ્ઠ જોઇને, એક દિવ્યઉપદેશક રૂપે તેમને અનુશાશન આપ્યા વિના રહ્યા નથી. આ પ્રમાણે જ્યારે તેઓ સર્વ તેના સાથ માત્રને લીધે, પોત પોતાની જાતને બાધ રૂપે ભાગ્યશાલિ ગણતી હતી, ત્યારે એવું દર્શાવવાને તે તેમના સાથમાંથી અદૃશ્ય થયો કે, આધ્યાત્મિક જીવનમાં અહંકારને સ્થાન મળવું જોઇએ નહિ, અને જ્યાં સુધી તેમનામાંથી તે દોષ દૂર થયો નથી ત્યાં સુધી તેઓ તેના સાથ માટે અયોગ્ય હતી. અત્યાનંદાવેશના મધ્યમાં તેનું અદૃશ્ય થવું, ઘણા શોકનું કારણ થયું, અને જ્યારે તેમને તેમની ખોડ માલૂમ પડી તથા ખરા દિલથી તે માટે પસ્તાવો કર્યો, ત્યારે તે ફરીથી તેમના સાથમાં દૃશ્ય થયો, તથા તેમને આપેલા વરદાનના પરિપૂરણાર્થે તેમને યોગ્ય વિચારીને, રાસલીલા રમ્યો, કે જે તેના ભક્તો તેમ જ અભક્તો માટે સદા માટે એક સંભ્રમ રૂપ જ છે.

મારા વિવાદના ટેકા રૂપે એક વાત કહેવાની છે, અને તેને મારે રહેવા દેવી જોઇએ નહિ. જો રાસલીલાને એક નિંદ્યવસ્તુરૂપે ગણવામાં આવી હોત, જો નીતિની ઇન્દ્રિયોને તે વિરોધકારક લાગતી હોત, તો આપણા દિવ્યવ્યાસ દેવ આટલી બધી હિંમત અને ભક્તિ પૂર્વક ભાગવતમાં તેને વર્ણવત નહિ. વળી એમ ધારીએ કે, એટલો વૃત્તાંત પાછળથી કોઇએ એ પુસ્તકમાં ઓઠવી દીધો છે, તો પણ એટલો વિચાર હું જણાવી શકું કે, જો તેને જરા પણ અનીતિમય ગણવામાં આવ્યો હોત, હાલ કરવામાં આવે છે તેમ તેને જો જરા શંકાની દૃષ્ટિથી જોવામાં આવતો હત તો, સારાસારના જરા પણ વિવેકવાળા કોઇએ ભાગ્યે જ તેને ભાગવત જેવા પવિત્ર અને આધ્યાત્મિક પુસ્તકમાં દાખલ કર્યો હત. આ પ્રમાણે સારાંશ કેઃ—

૧. શ્રી કૃષ્ણને તેમના પતિ રૂપે અર્પવાની કાત્યાયની પ્રતિની ગોપીઓની પ્રાર્થના.

૨. "વસ્ત્રાવરણ" ના દેખાવમાં શ્રીકૃષ્ણનું ગૂઢ રીતે દૃશ્ય થવું, ગોપીની કામનાઓને ખુલ્લી પાડવી—પોતાના શબ્દોમાં તેમના વિશ્વાસની પરિક્ષા—પછીથી શ્રીકૃષ્ણથી વરદાન અપાવું.

૩. પોતાની કામના પ્રાપ્તિમાં ગોપીઓનો અનહદઆનંદ, તથા પોતાના ગૃહપ્રતિ જતાં તેના વિષેનું તેમનુ ધ્યાન.

૪. શ્રીકૃષ્ણ વડે ગોપીઓનું ગૂઢ રીતે બોલાવાવું, તેમનું તેને મળવા આવવું, બહાર આવવામાંથી અટકાવાયલાંનું વર્તન.

૫. મેલાપના સમયે શ્રીકૃષ્ણના ઠંડાગાર શબ્દો.

૬. ગોપીઓના પ્રત્યુત્તરો તથા આવા સમયમાં તેમનું વર્તન.

૭. તે સાથમાં વનમાં ભટકતાં હતાં ત્યારે, શ્રી કૃષ્ણના અદૃશ્યથવાદ્વારા ગોપીઓના ગર્વનું અનુશાશન.

૮. પોતાનાં પાપો માટે ગોપીઓનો પશ્ચાત્તાપ.

૯. તે સ્થલમાં શ્રી કૃષ્ણનું અગમ્ય પુનઃદર્શન.

૧૦. ઉપર દર્શાવ્યા પ્રમાણે રાસલીલા ઉજવવી.

૧૧. શ્રી કૃષ્ણના ગોપીઓના સાથેના ચારિત્ર સંબંધી રાજા પરિક્ષિતની શંકાઓનું સમાધાન.

૧૨. રાસલીલાના શ્રવણમનનનિદિધ્યાસન, વાચનવર્ણનદ્વારા પરિણામની શ્રીકૃષ્ણે આપેલી ખાત્રી.

આ સર્વ ઉપરથી, રાસલીલા રમવામાં ગોપીઓ અને શ્રીકૃષ્ણના ચારિત્રમાં કોઇ પણ જાતના વિષયવાસનાના અભાવની કોઇની પણ ભાગ્યેજ ખાત્રી થયા વિના રહેશે. આટલું કહેતા સાથે શ્રીકૃષ્ણના લાંબા લેખને અત્ર સમાપ્ત કરૂં છું; મારાથી બની શકે તેટલી રીતે, શ્રી કૃષ્ણ અને ગોપીઓના વર્તનને અક્ષરશઃ અર્થમાં સમજાવવા મેં પ્રયત્ન કર્યો છે, અને તેને મારા વાચકોના ગંભિર વિચાર અથવા હાસ્ય માટે પ્રસિદ્ધ કર્યું છે; પરંતુ દિવ્ય શુકદેવ સાથે સદા માટે માનું છું કે—"જે કોઈ, વ્રજવધુઓ સાથેની વિષ્ણુના પૂર્ણાવતારની પ્રેમમય ક્રીડાઓના વર્ણનને ભક્તિપૂર્વક શ્રવણ કરશે તથા અનુભવશે, તેનામાં સમર્થ પ્રભુ માટેની ભક્તિનો ઉદય થશે તથા પોતાના અજ્ઞાનને જીતીને, અંતઃકરણની વાસનારયાનની, તાલૈક્ય રૂપ ઇચ્છાઓનો શીઘ્રતાથી તે નાશ કરે છે." ૧૦—૩૩—૪૦.

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः
श्रद्धान्वितोऽनु शृणुयादथ वर्णयेद्यः ।
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं
हृद्रोगमश्वपहिनोत्यचिरेण धीरः ॥

(આગળ ચાલુ.)

ઉપતંત્રી.

જ્ઞાન.

" પ્રકૃતિનાં દિવ્યરહસ્યોની શોધ ચલાવવાની તમારી મરજી હોય તો, પ્રથમ તમારા મનસ્નીજ શોધખોળ ચલાવો, તથા તમારા હેતુની શુદ્ધતા માટે તમારી જાતને જ પ્રશ્ન કરો તમને જે સારા ઉપદેશો મળે છે તે માનવ જાતના ભલા માટે વ્યવહારમાં મૂકવા માગો છો ? તમારા મનને ઘેરી લેતી તથા અનંત સત્યના સ્પષ્ટ પ્રકાશને જોવામાં તમને બાધ કરે છે, એવી સર્વ સ્વાર્થીકામનાઓનો ત્યાગ કરવાને તમે તૈયાર છો ? દિવ્યજ્ઞાનના પ્રદર્શન માટે સાધનરૂપ થવાની તમારી મરજી છે ? તમારા ઉચ્ચસ્વસાથે ઐક્યભાવ પામવો, તમારા ભ્રન્તિ દર્શક સ્વનો નિરોધ કરવો, સર્વ વ્યાપક શ્રેયની જાગતી જોત જેવી શક્તિ સાથે અભેદ પામવો, તથા છાયા રૂપી માલ વિનાની ઐહિક વ્યષ્ટિતાથી તમારે તદ્દન વિદૂર થવું આ સર્વથી શું સૂચવાય છે, તે તમે જાણો છો ? અથવા, તમારી જીજ્ઞાસા તૃપ્ત થાય, તમે તમારી વિદ્યા માટે ગર્વ ધરાવો, તથા બાકીની માનવ જાત કરતાં તમારી જાતને શ્રેષ્ઠ માનો, એટલા માટે જ માત્ર ઉચ્ચ જ્ઞાન પામવાની ઇચ્છા રાખો છો ? વિચારો કે દિવ્યતાનાં રહસ્યો દિવ્યાત્માથી પોતાથી જ શોધી શકાય છે, તથા તે તમારા આંતરમાં જાગ્રત છે. **યથાર્થ જ્ઞાન** આપણા પોતાના અંતરમાંથી જ આવવું જોઇએ, અને માત્ર બહિરનાં પરિવર્તનોથી જ નહિ; જેઓ માત્ર બહિર પદાર્થોમાં વસ્તુઓના સ્વરૂપ માટે શોધ ચલાવે છે, તેઓને વસ્તુનો કૃત્રિમવર્ણ માલૂમ પડે, પરંતુ સત્યવસ્તુ યથાર્થ સ્વરૂપમાં માલૂમ પડવાની નથી. "

જેકોબ બોહિમ.

તંત્રી—
પ્રોફેસર આનંદશંકર બાપુભાઈ ધ્રુવ
એમ. એ. એલ એલ. બી.
ઉપતંત્રી—
ર. ર. દિવેટિયા બી એ

સુદર્શન.

પ્રકાશક
મણિલાલ નભુભાઈ
'સ્પેક્ટેટર-પ્રેસ' અમદાવાદ
કિંમત રૂપિયા ત્રણ

(ધર્મ-ગૃહ-સાહિત્ય આદિ વિદ્યા અને તત્સંબંધી વિચાર.)

" सत्यं परं धीमहि. ".....भागवतम्.

[પુસ્તક ૧૮ અંક ૧૨.] (માસિક.) [સપ્ટેમ્બર. સને ૧૯૦૩.]

એક મિત્રને.

* * * * * * *

(મળેલું.) *

(ગઝલ.)

પંથિ પ્રેમના ઓ તું પ્રેમિલા !
સુખ આશ વિશ્વ વિશે ધરે ?—પંથિ૦

નિશા જ્યાં ગણાતી પ્રકાશમાં !
દુઃખો સુખ સમ જોવાય જ્યાં !
જ્યાં રોગી નિરોગિ બનાય છે !
રહે બાલ ત્યારે જીવ્યું ગણે !—પંથિ૦

સ્વર્ગનર્કનું મિશ્રણ બન્યું !
કહો કોણ છૂટ્યું એ જાલથી ?
કર્મ રજ્જુએ બાંધી ડોક છે,
ક્યાં એ ચૂલામિ છૂટશે ?—પંથિ૦

---

* સ્વામિ શ્રી વિવેકાનંદના એક અંગ્રેજી કાવ્ય ઉપરથી સૂચિત.

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः
श्रद्धान्वितोऽनु शृणुयादथ वर्णयेद्यः ।
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥

(આગળ ચાલુ.)

ઉપતંત્રી.

ज्ञान.

" પ્રકૃતિનાં દિવ્યરહસ્યોની શોધ ચલાવવાની તમારી મરજી હોય તો, પ્રથમ તમારા મનસ્નીજ શોધખોળ ચલાવો, તથા તમારા હેતુની શુદ્ધતા માટે તમારી જાતને જ પ્રશ્ન કરો. તમને જે સારા ઉપદેશો મળે છે તે માનવ જાતના ભલા માટે વ્યવહારમાં મૂકવા માગો છો ? તમારા મનને ઘેરી લેતી તથા અનંત સત્યના સ્પષ્ટ પ્રકાશને જોવામાં તમને બાધ કરે છે, એવી સર્વ સ્વાર્થીકામનાઓનો ત્યાગ કરવાને તમે તૈયાર છો ? દિવ્યજ્ઞાનના પ્રદર્શન માટે સાધનરૂપ થવાની તમારી મરજી છે ? તમારા ઉચ્ચસ્વસાથે ઐક્યભાવ પામવો, તમારા ભ્રન્તિ દર્શક સ્વનો નિરોધ કરવો, સર્વ વ્યાપક શ્રેયની જાગતી જોત જેવી શક્તિ સાથે અભેદ પામવો, તથા છાયા રૂપી માલ વિનાની ઐહિક વ્યક્તિતાથી તમારે તદ્દન વિદૂર થવું આ સર્વથી શું સૂચવાય છે, તે તમે જાણો છો ? અથવા, તમારી જીજ્ઞાસા તૃપ્ત થાય, તમે તમારી વિદ્યા માટે ગર્વ ધરાવો, તથા બાકીની માનવ જાત કરતાં તમારી જાતને શ્રેષ્ઠ માનો, એટલા માટે જ માત્ર ઉચ્ચ જ્ઞાન પામવાની ઇચ્છા રાખો છો ? વિચારો કે દિવ્યતાનાં રહસ્યો દિવ્યાત્માથી પોતાથી જ શોધી શકાય છે, તથા તે તમારા આંતરૂમાં જાગ્રત છે. **યથાર્થ જ્ઞાન** આપણા પોતાના અંતરૂમાંથી જ આવવું જોઇએ, અને માત્ર બહિરૂનાં પરિવર્તનોથી જ નહિ; જેઓ માત્ર બહિરૂ પદાર્થોમાં વસ્તુઓના સ્વરૂપ માટે શોધ ચલાવે છે, તેઓને વસ્તુનો કૃત્રિમવર્ણ માલૂમ પડે, પરંતુ સત્યવસ્તુ યથાર્થ સ્વરૂપમાં માલુમ પડવાની નથી. "

જેકોબ બોહિમ.

રાગ ત્યાગ મનના મોહ છે ?
પ્રેમ પ્રેમ એક તું સત્ય રે!—પંથિ૦

જીવ બ્રહ્મ મર્ત્યને દેવમાં !
ભૂત પ્રેત આદિ અનેકમાં !
પશુ પક્ષિ પ્રાણિ સમૂહમાં,
હૃદે પ્રેમ આ સહુના વસે !—પંથિ૦

કે, કો અન્ય દેવનો દેવ છે ?
કોણ સર્વને ગતિમાં મૂકે ?
સારા ને નરસા સહુ ખેલ તે !
થતા પ્રેમ પ્રેરણા એકથી ! !—પંથિ૦

મન વાણિ માર્ગની પાર એ !
વસે સુખ દુઃખે બધે જ એ !
આવે કાલ રૂપે પણ એજ એ !
અને માતૃ રૂપે પણ તેજ એ !—પંથિ.

ગુણ દોષ અને દરિદ્રતા,
ફલો જે શુભાશુભ કર્મનાં;
સહુ માત્ર પૂજન તે તણું :
કહે જીવ બિચારો શું કરે ?—પંથિ૦

શોધે સુખ તે ફસ્યો મોહમાં !
દુઃખ શોધનારો ગાંડો ખરો !
ચહે મૃત્યુ તે પણ ગાંડો છે !
અમરત્વ—વ્યર્થ એ કલ્પના ! !—પંથિ૦

બહુ દૂર દૂર ફરી મરે,
ચઢે વેગથી મનઃ કલ્પને !
તેનો તેજ વિશ્વ સમુદ્ર એ,
સુખ દુઃખનાં મોજાં ઉછળે.—પંથિ.

શુણ પક્ષિ પક્ષ વિહીન તું,
નહિ માર્ગ એ બચવા તણો;
ફરીને ફરી ધાવ તું ખમે,
છતાં વ્યર્થ પૂડે કો આથડે—પંથિ.

જ્ઞાન પ્રાર્થનાઓ તજી હવે !
સ્વ-વિહીન પ્રેમ એ માર્ગ છે !
જુઓ જંતુ એ ઉપદેશ દે !
જઈ ભેટી પ્રેમથી દીપને ! !—પંથિ

ક્ષુદ્ર જંતુ સૌંદર્ય અર્ઘ એ !
તવ આત્મ પ્રેમથી મસ્ત છે !
ઓ પ્રેમી ! બની રસલીન તું !
હોમ અગ્નિમાં સ્વના પંકને ! !—પંથિ૦

કદિ સુખ દીઠું કે ભિક્ષુને ?
થાવું ભિક્ષુ એમાં શું સારૂં છે !
આપી દે અને માગ પાછું ના !
ભર્યું હોય જો ધન કે હૃદે ! !—પંથિ૦

છે તું અંશ વિભુ અનંતનો !
હૃદે પ્રેમ ઉદધિ ઉછળે !
"દૈદે" "દૈદે" જે કો પાછું ગ્રહે !
તેનો સિંધુ તો બિન્દુ બને ! !—પંથિ૦

અભ્રકીટને આણું સૂક્ષ્મમાં !
બધે એનો એ ભૂમા પ્રેમ છે !
દેતું મિત્ર આહૂતિ પ્રેમથી !
મન વાણી કર્મની, પાદમાં !—પંથિ—

સ્વરૂપ અનેક સમીપમાં !
તજીને પ્રભુ જુઓ ક્યાં બધે ?
જેને સર્વમાં સમ પ્રેમ છે !
તે ઉપાસે છે પ્રભુ નિજને ! !—પંથિ૦

दान्त.

રાજયોગ.

(અનુસંધાન-પૃષ્ટ-૨૬૪ થી.)

(પ્રવેશક)*

(૨)

દૃષ્ટિપથમાંના શ્રેષ્ટ હેતુને પામવાના માર્ગ વિશેનો, અંતિમ પ્રશ્ન વિચારવાનો રહે છે. તથાપિ આગળ ઉપર આને યોગ્ય રીતે વર્ણવવામાં આવશે. એટલું તો કહ્યા વિના પણ સિદ્ધ જ છે કે, ધારેલા હેતુની પ્રકૃતિ અનુસાર તે માર્ગમાં પણ ભેદ પડવો જ જોઇએ. વિવિધ જાતની યજ્ઞક્રીયાઓમાં ઉપયોગી થઇ પડતાં મંત્રો અને સુક્તોથી, મૂખ્યત્વે કરીને વેદો ઉભરાઈ જાય છે. અન્ય રીતે કહેવા માગીએ તો, આ પવિત્ર પુસ્તકોમાં સામાન્ય રીતે કહેવાતી **ઉપાસના** (ભક્તિ) અને **કર્મ** (વૈદિકવિધિ આચરણ.) નો આદેશ છે. સમય ઉપદેશના તત્વરૂપે, વેદોના અંતમાં (વેદાંતમાં) શુદ્ધ જ્ઞાન માર્ગ (જ્ઞાનમાર્ગ) દર્શાવવામાં આવ્યો છે. આ આમ હોવાથી, મોક્ષ અથવા ઉચ્ચમાં ઉચ્ચ સુખ પામવાના માર્ગ વિશે, તત્વવેત્તાઓ અન્યોન્યમાં ભિન્નમત ધરાવે છે. એવા કેટલાક છે કે જેઓ, સપ્ત રીતે ઉપાસના માર્ગાનુસાર વર્તે છે; કેટલાક એવા છે કે, જેઓ જ્ઞાનમાર્ગને જ વળગી પડે છે; વળી એવા કેટલાક છે જેઓ ઉપાસનાદ્વારા જ્ઞાનમાં પરિણામ પામે છે. નૈયાયિકો અને વૈશેષિકો, તેઓ તટસ્થેશ્વરના વાદમાં માનનારાઓ છે તો પણ પ્રાર્થનાની અગત્ય સ્વીકારે છે તથા પરમ પ્રભુ પ્રત્યે ભક્તિમાં મોક્ષ શોધે છે. અન્ય પાસા સાંખ્યવાળાઓને કોઈ પ્રભુને સંતોષ પમાડવાનો નહિ હોવાથી એમ માને છે કે, પુરૂષ, પ્રકૃતિ સાથે, પ્રકૃતિની ઉચ્ચમાં ઉચ્ચ વૃદ્ધિ માટે તથા પોતાના ભોગ માટે જોડાય છે. પ્રકૃતિના ગુણો ત્રણ છેઃ સત્વ, રજસ્, તમસ; અને આ ગુણોના પરસ્પર કાર્યદ્વારા તે સૃષ્ટિ પર્યંત પોતાનો માર્ગ યોજી કાઢેછે. પ્રકૃતિના ઉચ્ચગુણ-સત્વ ના નિયમાનુસાર જીવન ગાળવાદ્વારા ઉચ્ચમાં ઉચ્ચ સુખ અથવા મોક્ષ પમાય છે, કારણ કે સર્વ દુઃખ અન્ય બે ગુણોની સંતતિ છે. અન્ય બેને દબાવી માત્ર સત્વના નિયમને દૃઢાવવા માટે આ ગુણોનાં વિવિધ ચિહ્નો વર્ણવવામાં આવ્યાં છે. આપણી પ્રાર્થનાઓ સાંભળતા તથા તદનુસાર કાર્યોનાં ફલ અર્પતા તટસ્થેશ્વરના વાદ કરતાં નિઃસંશય આ એક આગળ વધતું પગલું છે. સાંખ્યના જેવો જ હેતુ લક્ષમાં રાખીને પતંજલિઆથી એક પગલું આગળ વધે છે તથા મન અને શરીરના નિયમન માટે અમુક નિયમો બાંધી આપે છે. તટસ્થેશ્વરની કૃપાથી આપણે મોક્ષ પામવાને શક્તિવાન થઇએ છીએ, એ વાદને એ ઉરાડતો હોય એમ લાગે છે. તેનો યોગમાર્ગ સમાધિમાં પરાકાષ્ટા પામે છે, તથા તેનો પણ ચિત્તવૃત્તિયોના નિરોધમાં સમાવેશ થાય છે. તે બે પ્રકારની છેઃ સબીજ, એટલે જેમાં તેના સમાપ્ત થયા પછી યોગીને દૃશ્યમાન્ જગત્ ક્ષુભિત કરે છે; અને નિર્બીજ, એટલે જેમાં વર્તમાનમાં તેમજ ભવિષ્યમાં, દૃશ્ય જગત્, ક્ષુભિત કરી શક-

* રા. રા. મણિલાલના અંગ્રેજી ગ્રંથને આધારે.

તું નથી. જ્યારે આ ભૂમિકાએ પહોંચાય છે ત્યારે યથાર્થ યોગ સધાય છે; અને પ્રકૃતિ પોતાની મેળે સંપૂર્ણ થતી હોવાથી, માત્ર પુરૂષ જ, પ્રકાશ અને સહજાનંદથી પ્રકાશી રહે છે. આમ છતાં આ યોગને પછીના કાલના લેખકોએ બે ભિન્ન દૃષ્ટિ બિંદુઓથી વિલોક્યો છે; અને આને લીધે તેના હઠ-(સ્થૂલ) અને રાજ-(માનસિક) યોગમાં વિભાગ થઇ ગયા છે.* ઉભયમાં જે અંતીમ સ્થાન પામવાનું છે તે તો તેનું તેજ છે-મનના કાર્યનો નિરોધ, પ્રાણને નિયમતાં અનેક સ્થૂલ આસનોદ્વારા તે પામી શકાય છે, એમ એકનું માનવું છે; તથા પ્રાણનિયમનદ્વારા મન નિયમી શકાય છે, એમ તેમનું માનવું છે; અન્ય તો બારોબાર, મન અને તેના નિયમથી જ પ્રારંભ કરે છે. સાંખ્ય અને યોગે આ પ્રકારે, અન્ય ધર્મો જેને માત્ર શિક્ષા વચનોરૂપે ઉપદેશે છે, તેને એક નિયમિત શાસ્ત્રમાં નિયમ્યું છે, અને આ પ્રમાણે આટલે સુધી જાણે કે એક અર્થમાં તેઓ ઉપાસના અને જ્ઞાન અથવા ન્યાય અને વેદાંત મધ્યસ્થિતિ જાળવી રહ્યાં છે. જૈમિની પ્રણિત પૂર્વમિમાંસા અથવા મિમાંસા યથાર્થ મૂખ્યત્વે કરીને વૈદિક સુકતો તથા આચારાનુસાર ધર્મ અને તત્વશાસ્ત્ર સાથેના તેમના સંબંધના વિવેચનોથી ભરપૂર છે. વેદમાં ઉપદેશાયલાં સર્વ આચાર અને ક્રીયાઓ કરવાની આવશ્યકતાને તે ઉપદેશે છે, અને જાણે પરોક્ષ રીતે સૂચવતું હોય તેમ સૂચવે છે કે, મોક્ષપર્યંત પરિણમતા જ્ઞાનનો માર્ગ ક્રીયાદ્વારા છે. બાદરાયણ વ્યાસની કૃતિ ઉત્તર-મિમાંસા અથવા વેદાન્ત યથાર્થ, ઉપનિષદો તથા વેદોના ઉતારાદ્વારા તત્વવિદ્યા અને આત્મવિદ્યાને સમજાવવાના તદ્દન વાદવિવાદમાં લાગેલું છે; અને તે દ્વારા બ્રહ્મની પ્રકૃતિને તથા બ્રહ્માનુભવના માર્ગને સમજાવે છે. પૂર્વે એક કરતાં વધારે વાર કહેતા આવ્યા છીએ તેમ વ્યાસનાં સુત્રો વૃદ્ધિક્રમના પરિણામ અથવા વિવર્તવાદને ઉપદેશે છે, એ વિશે ઘણો વાદવિવાદ ચાલે છે. આ ઘણાજ તકરારી વિષયનો નિર્ણય વિશેષ વિદ્વાન પંડિતોના હાથમાં રહેવા દઇને, આપણી શોધના મૂખ્ય હેતુ સાથે એ ઉભય વાદોનો શો સંબંધ છે, એ વિચારીને જ હાલતો આપણે સંતોષ માનીશું. પરિણામ વાદી તેમજ વિવર્તવાદી ઉભયે, બ્રહ્મ અને જીવના ઐક્યાનુભવમાં મોક્ષનો સમાવેશ થાય છે, એમ માનવામાં એકમત છે. પોતાથી જ પેદા થતા બંધનથી પદાર્થોને વિંટીલેવાના મનના વલનને દૂર કરવા ઉપર, એક ઘણો જ ભાર મૂકે છે, ત્યારે અન્ય સકલ વિશ્વને એક માત્ર માયા-અવિદ્યારૂપે સ્વીકારે છે, તથા તેને આપણા સંકુચિત દૃષ્ટિ પ્રદેશમાંથી દૂર કરવાનો ઉદ્દેશ હોય છે. ઉભયનો ઉદ્દેશ મનના તે ભાવ વિષયક વિસ્તાર માટે હોય છે કે જે, સર્વવ્યાપક આત્માના સમાનભૂમિકા રોકે છે તથા પછવાડે કંઇપણ અવશેષ રહેતુ નથી. એક, ભક્તિદ્વારા મનને વિશાલ બનાવીને આ હેતુ પામવા માટે મથે છે, અન્ય બુદ્ધિપૂર્વક પ્રયત્નકરણદ્વારા અવિદ્યાને દૂર કરીને, આ પરિણામ લાવવા મથે છે. પ્રથમ માટે

* ह ઍટલે સૂર્ય, પ્રાણનામના વાયુનું રૂપક; અને ठ ઍટલે ચંદ્ર, અપાન નામના વાયુનું રૂપક: સમાધિ અવસ્થા પ્રાપ્ત કરવા માટે આ ઉભયના યોગની આવશ્યકતા છે. માટે હઠ યોગ ઍટલે, આવા હેતુ માટે પ્રાણનું નિયમન કરવું તો ઘણું કરીને. રાજયોગ શબ્દ राज ઍટલે પ્રકાશવું ધાતુ ઉપરથી થયો છે, અને આ દાખલામાં શ્રુતિયોમાં વારંવાર વર્ણાતા આત્માનાં પ્રકાશ, દિવ્યતાનું સૂચન છે. સમાધિ માટે અન્ય શબ્દ રાજયોગ છે. તેનો અર્થ એમ થાય કે, મનનું આત્મામાં પ્રવિલાપન, ઍટલે બ્રહ્મ સમાધિ અથવા અભેદ.

એમ કહી શકાય કે, વ્યષ્ટિગત પ્રેમથી સમષ્ટિગત પ્રેમના વાદને ઉપદેશે છે; તથા અન્ય માટે એમ કહી શકાય કે, વ્યષ્ટિવિષયક યથાર્થ બુદ્ધિથી, સમષ્ટિ વિષયક યથાર્થ જ્ઞાનના વાદને ઉપદેશે છે. તાત્વિકરીતે સમજતાં જ્ઞાન અને ભક્તિ વચ્ચે આ વિરોધ છે, એ વિરોધ એવો છે કે, જેને લીધે મતમતાંતરો અને વાદવિવાદો, પંથો અને સમાજો, અંતવિનાના ઉપસ્થિત થયા છે. આ વિરોધને યથાર્થ કરતાં વૈખરીરૂપ ગણી કાઢવાનું અમારૂં તો વલન છે. ભક્તિ, ભાવનાની પક્ષમાં ઢળી પડે છે, જ્ઞાન બુદ્ધિની પક્ષમાં ઢળી પડે છે. આ આમ દેખાય પરંતુ યથાર્થ વાત તો એમ છે કે, ભક્તિ તદ્દન ભાવનાના જ બંધનમાં આવી પડે છે, જ્ઞાન તેને બુદ્ધિદ્વારા નિયમે છે. વેદાન્તનું જ્ઞાન ભાવના અને બુદ્ધિનું મિશ્રણ છે; કારણ કે અત્રે જ્ઞાન, શ્રદ્ધાનો પર્યાય છે અને શ્રદ્ધા જ્ઞાનના પર્યાય રૂપે છે. જે આપણે જાણતા નથી, તેના પ્રતિ ભક્તિમાં જોડાવું અશક્ય છે; તેમ તેવી જ રીતે આપણે જે જાણીએ છીએ તેના પ્રતિ ભક્તિસહ જોડાયા વિના જાણવું અશક્ય છે. તેથી, માત્ર ભાવનાનેજ, આપણી આંતરધાર્મિક પ્રકૃતિનું અંતીમકારણ ગણવાનું નથી; કારણ કે યથાર્થ ધર્મ તો, બુદ્ધિદ્વારા સિદ્ધ થવો જોઇએ તથા ભાવનાસહ અનુભવાવો જોઇએ. પરંતુ જ્યાં સુધી લક્ષ તેનું તેજ હોય છે ત્યાંસુધી સાધનોને દિક્કાલદેશાનુસાર તેમની મેળે યોજવા દેવાની જરૂર છે. કો કો સમયે મનને પ્રથમ તેની કોઇપણ ઉચ્ચ ભાવનાઓ—પ્રેમ જેવી, પોષાવાદ્વારા વિશ્વવિષયક વિસ્તારની ભૂમિકાએ લઈ જવું વિશેષ સુગમ થઇ પડે છે; અન્ય સમયે અન્યભાવનાઓને જેવી કે વૈરાગ્ય જ્ઞાન, ઉત્તેજન આપવાદ્વારા તેનું તેજ પરિણામ લાવવું. સુગમ થઈ પડે છે. પરંતુ મારા અભિપ્રાય પ્રમાણે આવા બનાવને લીધે, પંથ અને પંથ અથવા ધર્મ અને ધર્મ વચ્ચે દ્વેષી વિરોધ માટે ભાગ્યે જ સ્થિરભૂમિ પ્રાપ્ત કરી આપે છે.

બ્રહ્મની આ ભૂમિકાને પામવાની સામાન્ય રીતે રાજયોગના નામથી વર્ણવાતી વેદાન્તની રીતી તદ્દન માનસિક છે, તથા મનને નિયમવાના નિયમોથી તદ્દન ભરપુર છે. વિવર્તવાદના પ્રવર્તક શંકરાચાર્ય સાંખ્યનો વિશ્વોત્પત્તિવાદ તથા પતંજલિનો યોગ સ્વીકારે છે, તથા તે ઉભયમાંજ ઘણો જ સુધારો કરે છે. તેણે અભેદ્ય પુરૂષ અને પ્રકૃતિના નકામા ભેદને, મોક્ષાર્થે કોઇપણ જાતના કાર્યમાં નિરર્થક બંધનરૂપ થઇ પડવાને લીધે દૂર કર્યો, અને સિદ્ધ કર્યું કે સમગ્ર વિશ્વ સંપૂર્ણ પુરૂષ અથવા બ્રહ્મ છે.* વળી, મનોનિરોધમાં સ્થૂલયોગની નિરર્થકતા જોઇને, અનુભવ સિદ્ધ અને સુગમ રીતે તેણે માનસિકયોગના અભ્યાસનો પ્રચાર કર્યો. તેના ઉપદેશાનુસાર, જીવન પ્રવાહનાં કર્તવ્યોમાંથી દૂર નાસવું શુદ્ધ નૈતિક ભીરૂત્વ ગણાશે, તેમજ આવસ્યક કર્તવ્યોનાં સારાં નરસાં પરિણામને લીધે, તેમાંજ ગુંચવાઇ જવું અથવા ચીઢાઈ જવું, એ પણ તદ્દન માણસાઇ વિનાનું ગણાશે.

આપણા સર્વ સામર્થ્યથી દરેક ક્ષણે શોધાતા મહાન વિચાર—સુખનાં, યથાર્થ પ્રકૃતિ અને સ્વરૂપ ગ્રહણ કરીએ તો, પોણા ભાગનું અરે સમગ્ર, દુઃખનો કંઇણ હિસાબ રહેતો નથી. "નિજાત્મામાં સુખી કરવાના, પદાર્થની શોધ કરીને, તેની પ્રકૃતિને તપાસવી આવસ્યક

* સરખાવો—પુરૂષ સુક્ત—ઋગ્વેદ.

થઇ પડે છે; કે જેથી માલૂમ પડે છે કે તેને શી રીતે સુખી બનાવવું.....
.....સુખના યથાર્થ તત્વોમાં જેમ જેમ શોધ આગળ વધતી જાય છે તેમ તેમ આપણા કાલના દૃષ્ટિબિંદુથી એક અગત્યની વાત ખુલ્લી થતી જાય છે. આપણને માલૂમ પડે છે કે વ્યક્તિતા, સુખને માટે શોધનારનુંજ એવું બધારણ છે કે, અંતઃકરણમાં વિવર્ત વિના અસ્તિત્વ ધરાવવાને તે અશક્ત છે, તથા તેણે અસ્તિત્વ ધરાવવું જોઇએ, એ પણ જરૂરનું છે. જે અસ્તિત્વ ધરાવે છે, તે કદાપિ સંપૂર્ણ રીતે અસ્તિત્વ ધરાવતું નથી, એમ બની શકશે નહિ; એક પદાર્થ અને તેનો તદ્દન અભાવ, એ ઉભય વચ્ચે કોઇપણ જાતનો સંબંધ સિદ્ધ થઇ શકતો નથી. માટે, પોતાની પ્રકૃતિના અજ્ઞાનને લીધે વ્યક્તિતા, સુખની જે યુક્તિ યોજી કાઢે છે, તે તેના યથાર્થ સુખ માટે તેને દૂર કરવાની જરૂર છે. યથાર્થ રીતે સુખી થવા માટે, વ્યક્તિતાને પોતાની સદાની બદલાયાં કરવાની ટેવ જાણવાની જરૂર છે, તથા આવા અનુભવનું પરિણામ એ થશે કે, તેના અસ્તિત્વની કોઇપણ ખાસ સ્થિતિ અમુક વખત લબાય, એવી ઇચ્છાનો નાશ થશે, તેની પોતાની પ્રકૃતિના અજ્ઞાનમાંથી ઉદ્ભવતી ઇચ્છા..... .....
આપણા કાર્યના પરિણામરૂપે, ઉચ્ચમાં ઉચ્ચ રીતે સુખી થવા માટે સુખ માટેની સમગ્ર વાસનાનો આપણે ત્યાગ કરવો જોઇએ, પરંતુ તેને તે કાર્યમાં પોતામાં જ શોધી કાઢવું જોઇએ.* આ પ્રમાણે સુખના તત્વોના શોધની આવશ્યકતા સ્વીકારીને, આપણે સ્વાભાવિક રીતે રાજયોગમાં જાણીતી વિવેક નામની ભૂમિકાએ આવી પહોંચીએ છીએ. આત્માના બહિર સુખનું અસ્તિત્વ નથી, તેમજ પોતાના સ્વના વિશેષ પૃથક્કરણોદ્વારા સર્વપદાર્થ તન્મય જ લાગે છે. માટે નવશિષ્યના અપરોક્ષનિયમનાર્થે, પ્રારંભમાં યથાર્થ કરતાં એક વિશેષ કાલ્પનિક ભેદ બાંધવામાં આવે છે; આત્મા અને અનાત્મા પદાર્થો વચ્ચે. જ્યારે અભ્યાસિ, પદાર્થોની પ્રકૃતિને આ પ્રમાણે અવલોકતો જાય છે તથા પોતાના આત્માની વિવિધ સ્થિતિયોનો અભ્યાસ કરે છે, ત્યારે તેનામાં સ્વાભાવિક રીતે, સર્વમાં વ્યાપી રહેતા સર્વ વ્યાપક ફેરફારનો ભાવ ઉદય થાય છે, તે એટલો બધો કે. અમુક અવસ્થા અમુક સમય લંબાય, એવી વાસના તેના હૃદયમાં પ્રવેશ કરી શકતી નથી. વળી સામાન્ય રીતે વૈરાગ્યના નામથી જાણીની આ દ્વિતીય ભૂમિકા છે. પછી છ અવાંતર સાધનો ઉપસ્થિત થાય છે, તેમાં પ્રથમશમ છે. જ્યારે અભ્યાસિને સર્વ વાસનાના ક્ષણિકત્વની ખાત્રી થાય છે, ત્યારે સાહજીક રીતે જ પોતાની વિવર્તાધીન ચેતનાનો ઉચ્ચ અધ્યાત્મિક પ્રદર્શનોના અભ્યાસમાં તે લાગી જાય છે. આ સતત અભ્યાસના પરિણામરૂપે, તે આંતર તથા બાહ્ય ઉભય ઇન્દ્રિયોના પદાર્થોથી તે છૂટો થાય છે, તથા પોતાના ધ્યાનને આંતરમાં એક રસમય તત્વમાં લગાવી દે છે; તે તત્વને તેના યથાર્થ સ્વરૂપમાં સમજવાની તેની જીજ્ઞાસા હોય છે. (દમ.) આથી એટલું ફલિત થાય છે કે, આ સમયે અભ્યાસિ જે વૃદ્ધિ પામવાની આશા રાખી શકાય છે, તે જો તે યથાર્થ રીતે અનુભવે છે, તો તેનું મન માત્ર લક્ષમાંના હેતુ વિના સર્વમાંથી પાછું ફરે છે. આ ઉપરતિની ભૂમિકા આવે છે. સંસારનાં કહેવાતાં દુઃખોને ધીરજથી તથા ઉશ્કેરાયા વિના ખમવાનું કામ તિતિક્ષા. જ્યારે આ ભૂમિકાપમાય છે ત્યારે અભ્યાસિનો અહંકાર અથવા વ્યક્તિત્વ, જે વિશ્વવ્યાપક બ્રહ્મનું તે ચિંતવન કરતો હોય છે તેમાં સંપૂર્ણ રીતે પ્રવિલાપે છે: તથા તેના પોતાના નિશ્ચયોમાં તેમજ આત્મવિદ્યામાં આગળ વધે-

લાના શબ્દોમાં શ્રદ્ધાદ્વારા, વિશ્વના તત્વ અને સત્વ બ્રહ્મમાં તેની શક્તિયોનું દૃઢ અને સદા-વર્તતું પ્રવિલાપન (સમાધાન) થાય છે. જ્યારે આ ભૂમિકાઓની પાર જવાય છે ત્યારે તે મુમુક્ષુ થાય છે, એટલે પોતાની આસપાસના દૃશ્યમાન વિશ્વની યથાર્થ પ્રકૃતિને જાણવાને જીજ્ઞાસુ. આ અભ્યાસક્રમદ્વારા મનના સ્થૈર્ય સુધી પહોંચાય છે કે જે પછીથી " નિવાતસ્થાનસ્થિત સ્થિરદીપશિખાની પેઠે, તે ફરી રહે છે." આ પ્રમાણે પોતાના "આત્મા" નો અભ્યાસ કરતાં તે એવી ભૂમિકાએ આવી પહોંચે છે કે જેમાં તેની આંતર તેમજ બાહ્ય ઇન્દ્રિયો, જ્યાં જ્યાં દોરવામાં આવે ત્યાં, બ્રહ્મ વિના કશાને અવલોકતી નથી.*

અંતઃકરણની તે ભૂમિકા કે જે સદા આનન્દ અને જ્ઞાનથી પ્રકાશિત રહે છે, તે પામવાનાં અત્રે સુધી વર્ણવાયલી પ્રક્રીયાઓ માત્ર પ્રથમ સાધનરૂપે છે. જે આ પ્રથમારંભક સાધનોનો બરોબર અભ્યાસ કરે છે તે યોગ્ય રીતે વિક્ષેપના નામથી જાણીતી મૂસ્કેલીઓમાંથી બચવાને શક્તિવાન થાય છે; હેતુમાં વિક્ષેપ ઉપજાવતા પદાર્થ અથવા વિચારો દૂર પળે છે. જોવાતા પ્રત્યેક પદાર્થની યથાર્થ પ્રકૃતિ ખુલ્લી કરી આપે એવી પૃથક્કરણની આંતર્ જ્ઞાનની ટેવના અભ્યાસની, હમેશાં અને દરેક ક્ષણે અભ્યાસિને જરૂર છે. અભ્યાસથી પ્રારંભ કરવામાં આવે છે, આ વાતોને સમજાવતા ગ્રંથોનો અભ્યાસ, અથવા આ તત્વોમાં યથાર્થ સમજણ પાડી દીક્ષા આપનારા ગુરૂઓના શબ્દોનો અભ્યાસ, આનું નામ શ્રવણ કહેવાય છે. યથાર્થ રીતે થયલાં અભ્યાસથી, એક રીતે કહેવા માગીએ તો, નિશ્ચિત થયલા સિદ્ધાંતોનો વારંવાર વિચાર કરવાની ટેવ પડે છે, અને આ પ્રમાણે હમણાં જ વર્ણવાયલું આંતર્ જ્ઞાનનું પૃથક્કરણ આરંભાય છે. આને મનન કહેવામાં આવે છે. અભ્યાસમાં તમને, અભ્યાસ કરવાના વિષયનું, અભ્યાસના સાધનનું, દૂર કરવાના પદાર્થનું, ઇલાજનું ભાન હોય છે; પરંતુ પ્રજ્ઞાથી ઉદિત થતા પૃથક્કરણમાં અથવા ધ્યાનમાં, તમને તમારી જાતનું તથા જે વિશે વિચારતા હો તે પદાર્થનું ભાન હોય છે, અન્ય રીતે કહેવા માગીએ તો, તે પદાર્થ સાથે તમે અભિન્ન, એક છો. આ ઉભય ભૂમિકાઓ અનુક્રમે પંતજલિનાં ધારણા અને ધ્યાન સાથે મળતી આવે છે. આપણે ક્યારનુંએ કહ્યું કે, સર્વ જ્ઞાન, માત્ર મનનો વિવર્ત (વૃત્તિ) છે. શ્રવણમાં વૃત્તિ વિચારાતા પદાર્થનું રૂપ ધરીને પ્રયત્ન કરે છે, પરંતુ મનનમાં તો યથાર્થ રીતે તે તેજ થાય છે. પરંતુ મનનો આ વિવર્ત પણ ક્ષણિક છે. તેને ચિરસ્થાયિ, સ્થિર બનાવવું, યથાર્થ રીતે તેનામાંથી વિક્ષેપનો સંભવ સદા માટે દૂર કરવો, એ જ યથાર્થ અંતીમ ઉદ્દેશ છે. આને જ યોગમાં વૃત્તિનિરોધ અથવા યોગ કહેવામાં આવે છે; અને વેદાન્તિક રાજયોગમાં જેને નિદિધ્યાસ કહેવામાં આવે છે તેનાથી પણ આવું જ પરિણામ આવે છે. અન્ય વિચારોથી જરા પણ વિક્ષેપ પામ્યા વિના, સદા માટે, વિચારેલી વસ્તુના સ્વરૂપ જ થઈ જવું, એનું નામનિદિધ્યાસ. પરંતુ નિદિધ્યાસનો પણ નિર્વિકલ્પમાં અથવા જેમાં એક પણ વિક્ષેપ કરતા વિચાર નથી એવી મનની સ્થિતિમાં, પરિપાક પામવાની જરૂર છે; પ્રકૃતિ સાથે સંપૂર્ણ એકતાનતાની તે સ્થિતિ કે જેમાં સર્વને સર્વમાં જોવામાં આવે છે. આ ઉદ્દેશ

* The Theosophist Vol-6-No 6; સરખાવો વળી ભગવદ્ગીતા અધ્યાય —૨—૪૭—૪૮.

માટે ઉચ્ચમાં ઉચ્ચ વિરાગની એટલે કોઈ ખાસ અમુક પદાર્થ અથવા વિચાર પ્રતિરાગ નહિ હોવાની, તદ્દન આવશ્યકતા છે. કારણ કે ત્યાર પછી જ ખરેખરી રીતે સર્વ વિરૂદ્ધ વાસનાઓ વિદૂર થાય છે, તથા અંતઃકરણમાં સર્વના ઐક્યની એક શ્રેષ્ઠ વાસના સદા માટે જાગ્રત રહે છે. જે આ ભૂમિકા અનુભવે છે તે સદા માટે પ્રકૃતિ સાથે ઐક્ય, અભેદ પામે છે; આ સમાધિના સુખનો આનંદ એટલો બધો અગાધ છે કે અનુભવનું ભાન પણ દૂર રહે છે.

"સમયો સમય મળતા પાણીવાળા, તથા પોતાની પ્રાકૃતિક હદમાં સ્થિર ઠરીને રહેતા સમુદ્રની પેઠે, તેજ માત્ર શાશ્વત આનંદ ભોગવે છે કે જે, સર્વ જાતની ઇચ્છાઓના ભરતી ઓટમાં પોતાનું સ્થૈર્ય જાળવી શકે છે, આવી જાતનો મનુષ્ય શ્રી કૃષ્ણ કહે છે કે, "સંપૂર્ણ શાન્તિ પામે છે, અને જેને સુખ દુઃખનો દરેક ઝપાટો અત્ર તત્ર ભમાવે છે તે પામી શકતો નથી." આ ખરેખર યથાર્થ કહેવાયું છે, જે સર્વની અપેક્ષા છે તે માત્ર વાસના ક્ષયની જ છે; કાર્યો અથવા પ્રકૃતિના ક્રમનો અંત આવતો નથી, પરંતુ જેની વાસનાઓ ક્ષય પામી તેવાને તે અસર કરી શકતી નથી. ગીતાનો તેમ જ રાજયોગના કોઈ અન્ય ક્રમનો એવો ઉદ્દેશ નથી કે, મનુષ્યે પોતાનાં પ્રાપ્ત કર્તવ્યોને દૂર કરવાં; કારણ કે શ્રી કૃષ્ણ કહે છે કે, આ સર્વ જ્ઞાન સાધન માટે જે જીંદગીની જરૂર છે, એમ મનાય છે, તેનાં પ્રાકૃતિક કર્તવ્યો કર્યા વિના ભાગ્યે જ તે ટકી શકે છે. જેની જરૂર છે, અને અત્રે સુધી કહેવાયલા અભ્યાસ ક્રમનું સાહજી પરિણામ એ છે કે, આપણાં આવશ્યક કર્તવ્યોનાં પરિણામોની ગણનામાંથી છૂટા થવું જોઇએ. રાજયોગના આ ટુંક સારમાંથી, કે જે ભગવદ્ગીતામાં તેમ જ હવે પછી આવવાનાં ઉભય પુસ્તકોમાં વિસ્તારથી વર્ણવવામાં આવેલો છે, તેથી એટલું સ્પષ્ટ થાય છે કે, હઠયોગને જે ઉદ્દેશ સાધવાનો છે, તે અત્રે ઉત્સુક અભ્યાસિના હાથમાં, હઠયોગના પ્રાથમિક અભ્યાસમાં જેમ જરૂર પડે છે તેમ દુનિયા અને તેની જવાબદારીઓના ત્યાગની જરૂર વિના, ઘણી સહેલી રીતે મૂકવામાં આવે છે.

(આગળ ચાલુ.)

ઉપતંત્રી.

મરણ પછીનું જીવન.

(સ્વર્ગ—સૃષ્ટિ.)*

સ્વર્ગનું અસ્તિત્વ સ્વીકારવામાં, તથા સારી રીતે ગાળેલા ઐહિક જીવન પછી તેનો સુખોપભોગ આરંભાય છે, એમ ઉપદેશવામાં, સર્વે ધર્મો એક મતનાં છે. પરમેશ્વરને જેમણે પ્રસન્ન કર્યો છે, તેમને તે બદલા રૂપે મળે છે, એમ ક્રિશ્ચિયન અને મહમદીય ધર્મવાળાઓ સ્વીકારે છે, પરંતુ ઘણાં ખરા અન્ય મતમતાંતરો, અભેદવાદના દૃષ્ટિ બિંદુથી જેવું જીવન ગાળવું જોઇએ, તેવા સારા જીવનના પરિણામ રૂપે તેને સ્વીકારે છે. જો કે સર્વ ધર્મો આ સુખી જીવનનું વર્ણન કરવામાં મોહક શબ્દો વાપરવામાં એક મતના છે, તો પણ તેમનાં વર્ણનોમાં યથાર્થતાનો સંસ્કાર પેદા કરવામાં, તેમનામાં કોઈ પણ વિજયવંત નિવડ્યા નથી. સ્વર્ગ વિશે જે જે લખવામાં આવ્યું છે, તે આપણે જે કંઈ જાણીએ છીએ તેના કરતાં એટલું બધું વિચિત્ર છે કે, આપણને ઘણાં ખરાં વર્ણનો તો તદ્દન અસંગત લાગે છે. આપણને આપણી બાલ્યાવસ્થાથી પરિચિત વાર્તાઓના સંબંધમાં, આમ કબુલ કરવાની આનાકાની કરીએ, પરંતુ એકાદ મહાન ધર્મની વાર્તાઓ આપણા આગળ વાચવામાં આવે તો, આપણે તેમ કબુલ કરતાં જરા પણ અચકાઇશું નહિ. બુદ્ધ અથવા હિંદુ ધર્મના ગ્રંથોમાંથી, અપાર વાટિકાઓ કે જેમાંનાં સર્વ વૃક્ષો સુવર્ણ તથા રૂપાનાં છે અને વિવિધ જાતનાં મણિમાણિક્યાદિનાં તેમને ફલો છે, એવા મોટા મોટા વૃત્તાંતો તમને મળી આવશે; અને તમને હસવું આવ્યા વિના રહેશે નહિ; પરંતુ હિંદુ અથવા બુદ્ધ ધર્માનુયાયીને પણ આપણી સુવર્ણ માર્ગો અને મોતિના દરવાજાઓની વાતો, યથાર્થ રીતે તેટલી જ અસંભવિત લાગશે, એ વિચાર તમને સ્ફુરશે તો તમને તેમ કદાપિ થશે નહિ. યથાર્થ વાત એમ છે કે જ્યારે આપણે આ વૃત્તાંતોને અક્ષરશઃ અર્થમાં લઇએ છીએ ત્યારે તેમાં હાસ્યનું તત્વ ઉમેરાય છે, પરંતુ આપણે એટલું વિચારવાનું ભુલીએ છીએ કે, દરેક દ્રષ્ટા પોતાના દૃષ્ટિ બિંદુથી તેના તે જ કાર્ય માટે પ્રયત્ન કરે છે, તથા તે સર્વેના પાછળ રહેલું સત્ય તદ્દન અવર્ણ્ય હોવાથી, સર્વે સરખી રીતે ભુલ કરે છે. હિંદુ રાજાઓના ભપકાદાર બાગો કે જ્યાં તે વર્ણવે છે તેવા પ્રકારની શોભા સામાન્ય રીતે કરવામાં આવે છે, તે હિંદુ લેખકે નિઃસંશય કેટલાક જોયા હશે. જુ ધર્મનો લેખક આવા પદાર્થોથી ભોમીયો નહિ હોવાથી, તે મોટા અને ભપકાદાર શહેરમાં રહેવા લાગ્યો—ઘણું ખરૂં અલેકઝાંડરિયા; તેથી તેની શોભાની ભાવનાં શહેર થયું, અને તે પણ તેના અમૂલ્ય પદાર્થો તથા અલંકારોને લીધે પૃથ્વિ ઉપરના કોઈ પણ શહેર કરતાં તે વિલક્ષણ બન્યું. તેથી, પોતાના મનને જાણીતી હોય એવી ઉપમાઓ પ્રયોજવાદ્વારા શબ્દોને માટે અતિ વિશાલ સત્યને ચિતરવાનો દરેક જણે પ્રયત્ન કરે છે.

આદિનથી માંડીને આજ સુધીમાં એવા ઘણા થઈ ગયા છે કે જેમણે સ્વર્ગની કીર્તિને અવલોકી છે, અને તેમના નિર્મલ માર્ગાનુસાર તેને વર્ણવવાનો પ્રયત્ન કર્યો છે. આમાંના કેટલાક અમારામાંના અભ્યાસિયો છે, અને અભેદવાદ ગ્રંથમાલા—નં. ૬ માં તે દિશા પ્રતિનો મારો પોતાનો પ્રયત્ન તમારા જોવામાં આવશે. મોટામાં મોટા થઈ શકે એવા

* મી. લીડબીટરનું થીઓસોફીસ્ટમાં આવેલું ભાષણ.

સુધારાનો તથા વર્ણ અને રૂપનો સૌંદર્યનો વિચાર તમારામાં ઉપજાવવાની અમારી મરજી હોય છે ત્યારે હવે સુવર્ણ અને રૂપાવિશે અથવા માણિક્ય અને હિરા વિશે અમે બોલતા નથી; અમે અમારી સર્વ ઉપમાઓ સૂર્યાસ્તના રંગોમાંથી તથા આકાશ અને સમુદ્રના સૌંદર્યમાંથી મેળવીએછીએ, કારણ કે અમને અન્ય કરતાં આ વિશેષ સ્વર્ગીય લાગે છે. તથાપિ અમારામાંના સત્યને જાણનારા સારી રીતે જાણે છે કે, તે યથાર્થતા કે જે કદાપિ શબ્દોમાં ચિતરી શકાતી નથી, તેનું તમને સહજ ભાન કરાવતાં પણ પૂર્વ દેશીય દંતકથાઓની પેઠે જ, વર્ણવવાના પ્રયત્નોમાં અમે તદ્દન નિષ્ફલ નિવડયા છીએ. આમ છતાં એક દિવસે દરેક મનુષ્ય પોતાની જાતે તે જોશે તથા જાણશે.

કારણ કે આ સ્વર્ગ તે કંઈ એક સ્વપ્ન નથી; તે તો પ્રકાશિત સત્યવાત છે; પરંતુ તેનો સહજ પણ ખ્યાલ લેવાને પ્રથમ તે વિષય વિશેનો આપણો મૂલથી બંધાયલો વિચાર ફેરવવાની જરૂર છે. સ્વર્ગ એક સ્થાન નથી પરંતુ અંતઃકરણની એક ભૂમિકા છે. જો તમે મને પૂછો કે "સ્વર્ગ ક્યાં છે ?" તો હું તમને ઉત્તર આપીશ કે, તે અત્રે જ છે-આ ક્ષણે તમારી આસપાસ છે, તમે જે વાયુના શ્વાસ પ્રશ્વાસ લ્યો છો તેની પેઠે તમારી પાસે જ છે. ઘણા સમય પૂર્વે ભગવાન્ બુધ્ધે કહ્યું હતું તેમ, સર્વ પ્રકાશ તમારી આસપાસ છે; માત્ર તમારી અક્રિયોનાં બંધનો દૂર કરીને જોવાની જરૂર છે. પરંતુ બંધન દૂર કરવું એટલે શું ? એ શા રૂપકનું સૂચક છે ? અંતઃકરણને ઉચ્ચભૂમિકાએ સ્થાપવાનો, તેને સૂક્ષ્મ જડની ઉપાધિમાં સ્થિર કરતાં શિખવાનો જ માત્ર તે પ્રશ્ન છે. સૂક્ષ્મશરીરનાં સંબંધમાં આમ થઈ શકે છે તથા તે દ્વારા સૂક્ષ્મ સૃષ્ટિ અવલોકી શકાય છે, એ વાત મેં મારા પૂર્વના વ્યાખ્યાનમાં કહી છે; એની એજ વિધિની એક સહજ આગળની ભૂમિકાની આમાં જરૂર છે, અંતઃકરણને માનસિક ભૂમિકામાં સ્થિત કરવાની, કારણ કે મનુષ્યનામાં માનસિક ભૂમિકાનુ શરીર પણ હોય છે, અને તે દ્વારા તેનાં આંદોલનોનો અનુભવ પણ કરી શકે, અને આ પ્રમાણે સ્થૂલ શરીર હોવા છતાં સ્વર્ગની પ્રકાશિત દિવ્યતામાં તે જીવને ગાળી શકે-જો કે ખરેખરી રીતે આવો અનુભવ થયા પછી, સ્થૂલમાં પાછો ફરવાને ભાગ્યેજ તે લલચાશે.

સામાન્ય મનુષ્ય આ સુખી સ્થિતિને માત્ર મરણ પછી પામી શકે છે, અને તે પણ કેટલાક બંધરૂપ દાખલા વિના મરણ પછી તર્ત જ પામી શકાતી નથી. પ્રથમના ભાષણમાં મેં સમજાવ્યું કે, મરણ પછી જીવાત્મા ક્રમે ક્રમે પોતામાં કેવી રીતે નિવૃત્ત થાય છે. યથાર્થ રીતે સમગ્ર સૂક્ષ્મ જીવને પ્રતિનિવૃત્ત થવાની સતત ચાલતી ક્રીયા છે, અને જ્યારે સમયવીતતાં જીવાત્મા તે ભુવનના અંતને પામે છે, ત્યારે સ્થૂલ ભુવનના સંબંધમાં જેમ તે મરણ પામ્યો હતો તેમ સૂક્ષ્મ ભુવનના સંબંધમાં પણ તે મરણ પામે છે. એટલે, એ ભુવનના શરીરનો તે ત્યાગ કરે છે, તથા તેને પોતાની પાછળ રહેવા દઇને, તે તો ઉચ્ચ તથા હજુ પણ વધારે સંપૂર્ણ જીવનમાં પસાર થાય છે. આ અન્ય મરણ પૂર્વે કોઇ જાતનાં દુઃખ અથવા વ્યાધિ થતાં નથી, પરંતુ પ્રથમની માફક જ, સામાન્ય રીતે અમાનનો અમુક સમય હોય છે, તથા તેમાંથી મનુષ્ય ક્રમે ક્રમે જાગે છે. થોડાં વર્ષ પૂર્વે "દેવખા-

પ્રયત્ન કર્યો છે કે, તે શું જોશે, તથા મારાથી બની શકે ત્યાં સુધી આ કીર્તિવંત દિવ્ય ભૂમિના વિવિધ વિભાગોને ક્રમવાર ગોઠવ્યા છે, તથા સ્વર્ગીય—જીવન સંબંધના અમારા શોધ ક્રમમાં અવલોકાયલાં દૃષ્ટાંતો આપ્યાં છે. આજે એજ વાત તમારા આગળ અન્ય દૃષ્ટિ બિંદુથી દર્શાવવા માગું છું, તથા જેમની મરજી હોય તે, તે પુસ્તક વાંચીને આ વિચારમાં વધારો કરી લેશે.

કદાચ ઘણી વિશાલ પ્રથમ વાત એ કહેવાની છે કે, આ દિવ્યમનસ્નું જીવન છે, આપણે અત્રે વિચારના યથાર્થ પ્રદેશમાં હોઇએ છીએ, તથા મનુષ્ય જે જે વિચારી શકે તે સર્વ અત્રે યથાર્થતાથી પ્રકાશિ રહ્યું છે. જડ વસ્તુઓને સત્ય ગણવાની તથા જડ નહિ એવી સર્વ વસ્તુઓને સ્વપ્નવત્ તથા તેટલા માટે અસત્ય ગણવાની આપણી ટેવથી, આપણે મોટા ભૂલાવામાં પડીએ છીએ, યથાર્થ વાત એમ છે કે, જે જે જડ છે, તે તેના જડમાં ડટાયલું તથા સંતાયલુ છે, અને તેથી તેનામાં ગમે તેટલી યથાર્થતા હોય તો પણ, તેને ઉચ્ચ દૃષ્ટિ બિંદુથી અવલોકવા કરતાં, તેનામાં તે ઘણી જ થોડી સ્પષ્ટ તથા જાણી શકાય એવી છે. તેથી જ્યારે જ્યારે આપણે વિચારસૃષ્ટિ વિશે સાંભળીએ છીએ ત્યારે તૂર્ત જ આપણે એક અસત્ય સૃષ્ટિ વિશે વિચાર કરીએ છીએ, તથા કવીઓના કથનાનુસાર "સ્વપ્નવત્ પદાર્થથી તે બનેલી છે," એમ માનીએ છીએ, એટલું બરોબર વિચારો કે જ્યારે અમુક મનુષ્ય પોતાના સ્થૂલશરીરનો ત્યાગ કરે છે તથા સૂક્ષ્મભુવનમાં તેની ચેતના વિકસે છે, ત્યારે તેને તે જીવનની યથાર્થતાની તદ્દન સત્યતાનું પ્રથમ જ્ઞાન થાય છે, તેથી તે વિચારે છે, "જીવવું એટલે શું તે હું હવે પ્રથમ વારજ જાણું છું." પરંતુ ક્રમ પ્રમાણે ઉચ્ચ જીવન માટે તે જીવનનો ત્યાગ કરે છે, ત્યારે તેને તેવોને તેવો અનુભવ પુનઃ થાય છે, કારણ કે ક્રમમાં આ જીવન સૂક્ષ્મના કરતાં એટલુ બધું સંપૂર્ણ, વિશાલ તથા પ્રબલ છે કે, વળી એક વધારે વાર તેની અત્રે સરખામણી થઇ શકવી અસંભવિત છે. અને વળી આ સર્વની પાર એક અન્ય જીવન છે, અને તેની આની સાથે સરખામણી કરીએ તો, સૂર્યપ્રકાશ આગળ ચંદ્રપ્રકાશ સમાન છે: પરંતુ તેનો વિચાર કરવો પણ હાલતો નિરૂપયોગી છે.

એવા ઘણા હશે કે જેમને, સ્થૂલસૃષ્ટિ કરતાં વિચારપ્રદેશ વધારે સત્ય છે, એ વિચાર વિચિત્ર લાગે છે; તેમને આ જીવન કરતાં અન્ય ઉચ્ચ જીવનનો અનુભવ થાય ત્યાં સુધી, તે તેમને માટે તેમજ રહેવું જોઇએ, અને ત્યાર પછી તેમને ગમે તે શબ્દો કદાપિ કહી શકે તેના કરતાં તેઓ ઘણું વધારે જાણશે.

આ ભુવન ઉપર આપણને માલૂમ પડે છે કે, દિવ્યમનસ અનંત સંપૂર્ણતાથી અસ્તિત્વ ધરાવે છે, તથા દરેક જીવાત્મા પ્રતિ પોતાની અનહદ સર્વ સમૃદ્ધિ સહિત ખુલ્લું રહે છે, પરંતુ જે જીવાત્માએ પોતાની જાતને જેટલી સાધન સંપન્ન કરી હોય છે તેના પ્રમાણમાં આમ થાય છે. જો મનુષ્યે પોતાનો નિર્મિત વૃદ્ધિક્રમ સંપૂર્ણ કર્યો હોય છે, દિવ્યતા કે જેનો અંશ તેનામાં હોય છે તેને વિકસાવ્યો હોય, તો આ સર્વ ખુબી તેના જાણવામાં આવે છે: પરંતુ આપણામાંના કોઇએ પણ હજુ તેમ કર્યું નથી તેથી તથા તે ઉચ્ચ અંત પામવા પ્રતિ

આપણે ક્રમે ક્રમે વધ્યાં જઇએ છીએ તેથી, એમ થાય છે કે હજુ કોઇએ તે સંપૂર્ણતાને ગ્રહણ કરી નથી, પરંતુ દરેક જણ તેમાંથી પોતાની જાતને પૂર્વ પ્રયત્નથી તૈયાર કર્યાના પ્રમાણમાં આકર્ષે છે તથા અવલોકે છે. વિવિધ વ્યક્તિયો વિવિધ શક્તિયો વાળી હોય છે: એક પૂર્વ દેશીય ઉપમામાં છે તેમ, દરે મનુષ્ય પોતાનું પાત્ર લાવે છે, તથા કેટલાંક પાત્રો મોટાં તથા કેટલાંક નાનાં હોય છે, પરંતુ દરેક પાત્ર નાનું અથવા મોટું તેની વધારેમાં વધારે શક્તિ અનુસાર ભરેલું હોય છે; દરેકને માટે સંપૂર્ણ થઈ શકે તેના કરતાં સુખના સમુદ્રમાં વિશેષ હોય છે. સર્વ ધર્મો સ્વર્ગના આ સુખ વિશે ઉપદેશે છે, પરંતુ તેમાંનો કોઇએ પણ આ મુખ્ય વિચાર કે જે વિચાર પૂર્વક સમજાવે છે તે પૂરતી સ્પષ્ટતાથી તથા નિશ્ચયથી આપણી આગળ દર્શાવ્યો નથી કે સર્વ માટે સરખી રીતે આ સુખ કેવી રીતે સંભવિ શકે છે,—ખરેખર એ જ આ વિચારની ખરી કૂંચિ છે—સત્ય વાત કે પ્રભુનો પોતાનો વિચારની અંતર્ગત દિવ્યતાંગાંથી, દરેક મનુષ્ય પોતાનુ સ્વર્ગ પસંદગી અનુસાર બનાવી લે છે. પોતાના ઐહિક જીવનમાં પોતાની જાતને પેદા કરેલાં કારણો દ્વારા અમુક મનુષ્ય સ્વર્ગીય-જીવનનાં લક્ષણ અને ચારિત્ર નિશ્ચિત કરી શકે છે; તેટલા માટે તેને લાયક હોય તેટલો જથો બરોબર મળી શકવાનો છે તથા તેના તર્ક વિતર્કોને યોગ્ય થઈ પડે એવા પ્રકારનો આનંદ બરોબર મળવાનો છે, કારણ કે આ એક એવી સૃષ્ટિ છે કે જેમાં, પોતાની ચેતના ત્યાં હોવાની યથાર્થ વાતથી જ દરેક પ્રાણી પોતાથી બની શકે તેટલું ઉચ્ચમાં ઉચ્ચ આત્મિક સુખ ભોગવતું હોવું જ જોઇએ—એક સૃષ્ટિ કે જેની તેની કામનાઓને પ્રતિ ઉત્તર આપવાની શક્તિ તેની કામના કરવાની શક્તિના પ્રમાણમાં નિયમાયલી છે.

જેણે પોતા માટે ઐહિક જીવનના સમયમાં પોતાની ઇચ્છાઓ, કામનાઓ દ્વારા સૂક્ષ્મ શરીર પ્રાપ્ત કર્યું હોય છે, અને મારા પૂર્વના ભાષણમાં સમજાવ્યું તેમ, તેના સૂક્ષ્મ ભુવનના અસ્તિત્વના સમયમાં તેને તેમાં રહેવું પડે છે, તથા તેના ચારિત્રાનુસાર તે અસ્તિત્વ સુખી અથવા દુઃખી હોય છે. હવે તેનો પાપમોચનસ્થાનનો સમય પૂરો થયો હોય છે, કારણ કે તેની પ્રકૃતિનો તે અધમ ભાગ પોતાની મેળે ખલાસ થઈ જાય છે; હવે તેને માટે ઉચ્ચ અને વધારે સુધરેલા વિચારો બાકી રહે છે, ઐહિક જીવનના સમયમાં ઉમદા અને નિઃસ્વાર્થિ ભાવનાઓ તેણે બાંધી હોય તે આ તેની આસપાસ વિંટાઈ વળે છે, તથા તેની આસપાસ એક પ્રકારનું આવરણ પેદા કરે છે કે જેના દ્વારા આ સૂક્ષ્મજગતમાંના સ્ફુરણોની કેટલીક જાતિયોને પ્રત્યુત્તર આપવાને તે શક્તિવાન્ થાય છે. આ તેની આસપાસ વિંટાઈ વળતા વિચારો રૂપી શક્તિયો દ્વારા સ્વર્ગસૃષ્ટિની સમૃદ્ધિમાં તે ભાગીદાર થઈ શકે છે, તેને માલૂમ પડે છે કે તે તો એક અનંત વિસ્તારવાળો ભંડાર છે કે જેમાંથી તે આકર્ષવાને શક્તિવાન થાય છે, પરંતુ સ્થૂલ અને સૂક્ષ્મ જીવનમાં પેદા કરેલા વિચારો કામનાઓની શક્તિ અનુસાર તે આમ કરી શકે છે. તેનો ઉચ્ચમાં ઉચ્ચ સમગ્ર પ્રેમ તથા ભક્તિ, હવે તેમનાં પરિણામ લાવતાં હોય છે, કારણ કે અન્ય કંઈ બાકી હોતું નથી; જે જે સ્વાર્થિ તથા આકર્ષક હતું તે તો પાછળ વાસનાના ભુવનમાં મૂકવામાં આવ્યું છે.

પ્રેમના ઉભય પ્રકાર સંભવિ શકે છે. આવા ઉચ્ચ નામને પણ ભાગ્યે જ પાત્ર થઇ શકે એવો એક છે કે જે, પોતાના રાગ લગાડવાના પ્રમાણમાં બદલામાં તેને કેટલો પ્રેમ

મળે છે, તેનો જ તે સદા વિચાર કર્યા કરે છે, અન્ય પોતાને કેટલા પ્રમાણમાં પ્રેમ દર્શાવે છે, તેની યથાર્થતા કરવાની હાયપીટ કરે છે, અને તેથી તે હંમેશાં દ્વેષ અને શંકાનાં બંધનોમાં સપડાયાં કરે છે. રાગવાળી અને લોભથી પરિપૂર્ણ એવી આ વૃત્તિ, ઇચ્છાના ભુવન ઉપર દુઃખ અને શંકાનાં પોતાનાં પરિણામો ઉપજાવી શકે છે, તથા સ્પષ્ટ રીતે તે તે ભુવનની જ છે; પરંતુ એક અન્ય પ્રકારનો પ્રેમ છે, કે જે પોતે કેટલો પેમારપદ થઈ પડયો છે તેનો વિચાર પણ કરતો નથી, પરંતુ પોતાના પ્રેમપાત્રના પાદમાં લેશ પણ સંકોચાયા વિના, પોતાની જાતને સંપૂર્ણ સમર્પવાનોજ માત્ર તેનો ઉદ્દેશ હોય છે, તથા માત્ર એટલો જ વિચાર કર્યા કરે છે કે, પોતાના અંતઃકરણને સંપૂર્ણ ભરી લેતી ભાવનાને, કાર્યમાં ઉત્તમોત્તમ રૂપે શી રીતે દર્શાવવી. અત્રે આમાં લેશ પણ બંધન નથી, કારણ કે સ્વપ્રતિ, રાગ, આકર્ષણ નથી હોતું, બદલો પામવાનો વિચાર હોતો નથી, અને આને લીધે જ શક્તિનો મહાન પ્રવાહ આરંભાય છે, કે જેને કોઇ પ્રકારનું સૂક્ષ્મજડ દર્શાવી શકતું નથી, તેમજ સૂક્ષ્મ ભુવનની સીમામાં પણ તેનો સમાવેશ થઇ શકતો નથી. તેને તો તેથી પણ વધારે ઉચ્ચ ભૂમિકાનાં, સૂક્ષ્મજડ તથા વિશેષ વિશાલદિકની જરૂર છે, અને તેથી તે ઉદ્ભવેલી શક્તિ, માનસિક સૃષ્ટિની છે. આ પ્રમાણે એક ધાર્મિક ભક્તિનો પ્રકાર છે, કે જે મુખ્યત્વે કરીને પોતાની પ્રાર્થનાના બદલામાં શું મળશે, તેનો જ વિચાર કર્યા કરે છે, આ પ્રમાણે પોતાની ભક્તિને એક પ્રકારના અદલાબદલાના સ્વરૂપમાં લાવી મૂકે છે; વળી એક યથાર્થ ભક્તિ પણ છે, કે જે પોતાના પ્રભુના ચિંતવનમાં પોતાની જાતને તદ્દન ભૂલી જાય છે.

આપણ સર્વને માલૂમ છે કે, આપણી ઉચ્ચમાં ઉચ્ચ ઉપાસનામાં એવું કંઇક છે કે જેને આપણે હજુ સુધી સંતોષી શક્યા નથી, આપણી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ભાવનાઓ હજુ સુધી અનુભવી શકાઇ નથી, જ્યારે આપણે નિઃસ્વાર્થિ પ્રેમભાવના અનુભવીએ છીએ ત્યારે આપણી તે ભાવના આ સ્થૂલ ભુવનમાં પ્રદર્શિત કરી શકાવાની પારની હોય છે; શ્રેષ્ઠ સંગીતથી અથવા તદ્દન સંપૂર્ણ કલાથી આપણા અંતરમાં પેદા થતી ભાવના, એટલી બધી ઉચ્ચતા તથા ગંભિરતાએ પહોંચે છે કે તેનું આ સ્થૂલસૃષ્ટિને ભાન પણ નથી તથાપિ આપણી ગણત્રી બહારની આ એક અદ્ભૂત પ્રબલ શક્તિ છે, અને કોઇ સ્થાને કોઇ રીતે તેનું પરિણામ પણ આવવું જોઇએ, કારણ કે સામાન્ય યંત્ર શાસ્ત્રમાં હોય છે તેમ ખાત્રીથી વિચાર અને લાલસાનાં ભુવનોમાં શક્તિ-સંરક્ષણ (conservation of energy) નો નિયમ પ્રવર્તે છે. પરંતુ તેને જેણે ગતિમાં મૂક્યો હોય તેના ઉપર તેનું પ્રતિ કાર્ય થવું જ જોઇએ તેથી, અને વળી તે સ્થૂલભુવનમાં, સંકોચને લીધે તથા સરખામણીમાં તેના જડની વિશેષ સ્થૂલતા હોવાને લીધે તેમાં કાર્ય કરી શકતો નથી, તો તે કેવી રીતે અને ક્યારે તેનું અનિવાર્ય પરિણામ ઉપજાવશે ? મનુષ્ય તેની સ્થિતિએ પહોંચે ત્યાં સુધી તે તેની રાહ જુવે છે; તેનો સમય આવતો નથી ત્યાં સુધી તે તેટલી સંગૃહિત થયલી શક્તિ રૂપે રહે છે. મનુષ્યની ચેતના સ્થૂલ અને સૂક્ષ્મ ભુવનોમાં કેન્દ્રિત થયલી હોય છે ત્યાં સુધી, તે તેના ઉપર પોતાનું પ્રતિકાર્ય કરી શકતો નથી, પરંતુ તે પોતાની ચેતનાને માનસિક ભુવનમાં કેન્દ્રિત કરે છે કે તુર્ત જ તે તેને માટે તૈયાર થાય છે, તેના દરવાજા ખુલ્લા થઇ જાય છે, તથા તેનું કાર્ય આરંભાય છે. આથી જણાય છે કે સંપૂર્ણ ન્યાય થાય છે, તથા કંઇ પણ કદાપિ ખો-

વાતું નથી, જો કે આપણને આ અધમ સૃષ્ટિમાં એમ લાગે છે કે, તેનો ઉદ્દેશ નષ્ટ થયો છે, તથા તેનું પરિણામ કંઇ થયું નથી. હું કહી શકું તેના કરતાં ઘણી જ સુરસ રીતે કવી બ્રાઉનિંગે આ વિચાર એક સ્થલ દર્શાવ્યો છેઃ—

"કદાપિ એક પણ ગુમ થયલું શ્રેય હશે નહિ, જે હતું તેતો પૂર્વવત્ રહેશે; અશ્રેય નથી, તે કંઈ નથી, ધ્વનિ સૂચક શૂન્યતા છેઃ જે શ્રેય હતું તે તો શ્રેયજ રહેશે, અશ્રેયના હોવાને લીધે, તેટલું વધારે શ્રેય; પૃથ્વી ઉપરનાં ભાગલાં અર્ધવર્તુલો; સ્વર્ગમાં એક સંપૂર્ણ ગોલ. આપણે શ્રેય માટે જે જે ઇચ્છા કરી હશે અથવા આશા રાખી હશે અથવા સ્વપ્નાં બાંધ્યાં હશે, તે સર્વે અસ્તિત્વ ધરાવશે ખરાં પડશેઃ તેમના નમુના નહિં પરંતુ સ્વસ્વરૂપેજ; જ્યારે એક કલાકની ભાવનાને અનંતતા નિશ્ચિત કરે છે ત્યારે સ્વરમાધુર્યાનુભવીને માટે, સૌંદર્ય, શ્રેય, શક્તિ, જેનો જેનો અવાજ કેઠ પહોંચ્યો હોય છે, તેમાંનાં કોઇ પણ ગુમ થઈ જતાં નથી પરંતુ દરેક અસ્તિત્વમાં હોય છે. શ્રેષ્ઠ કે જે અતિ શ્રેષ્ઠ થઈ પડ્યું હતું, વીરકે જે પૃથ્વિ માટે અતિવીર થઈ પડયો છે, જે જે ભાવના જમીન છોડીને પોતાની મેળે આકાશમાં ગુમ થઈ જાય છે, તે પ્રેમીનાં ને કવીનાં પ્રભુને પાઠવેલાં કવનો છે."

તેણે એકવાર આ સાંભળ્યું તે બસ છે; આપણે તે ધીમે ધીમે સાંભળીશું: સ્વર્ગ સૃષ્ટિ વિશેનો અભેદવાદનો સિદ્ધાંત પણ આવો જ છે; પરંતુ તે અત્રે એક એવાએ કહ્યો છે કે જેને આ મંડલ સાથે કોઇ જાતનો સંબંધ નથી, અને તે પણ તેના સ્થાપના સમયના પૂર્વે કહેવાયો છે.

મનુષ્ય પોતાનું સ્વર્ગ શી રીતે યોજી કાઢે છે, એ બરોબર સમજવું, એમાં આ ભાવનાની ખરી કૂચિનો સમાવેશ થાય છે. આપણે કહેતા આવ્યા છીએ તેમ દિવ્યમંતસૃના આ ભુવનમાં કલ્પનામાં આવી શકે તેવા સર્વ સૌંદર્ય અને પ્રભાવનું અસ્તિત્વ હોય છે. પરંતુ મનુષ્ય, પોતાની જાતે જ નિર્માણ કરાયલી બારીયો દ્વારા માત્ર તે સર્વને અવલોકી શકે છે, તેનું પ્રત્યેક વિચાર—રૂપ એક આવા પ્રકારની બારી છે, તે દ્વારા બહિરની શક્તિયોમાંથી તે પ્રત્યુત્તર પણ મેળવી શકે, જો ઐહિક જીવનમાં મૂખ્યત્વેકરીને તેણે સ્થૂલ પદાર્થોનો જ વિચાર કર્યો કર્યો હોય છે તો, તે થોડી જ બારીઓ નિર્માણ કરે છે કે જેના દ્વારા તેના ઉપર ઉચ્ચ પ્રકાશ પ્રકાશે. તથાપિ દરેક મનુષ્યને શુદ્ધ નિઃસ્વાર્થા ભાવનાનો સહજ પણ રંગ લાગ્યો હોય છે, અને તે પણ તેના સમગ્ર જીવનમાં એક જ વખત હોય તો પણ તે અત્રે તેને માટે એક બારીરૂપે થઈ પડે છેઃ અસંત આરંભક સ્થિતિના તદ્દન અધમ વિના દરેક મનુષ્ય ખાત્રીથી આ અદ્ભુત સુખી જીવનનો સહજ પણ અનુભવ કરશે. ધર્મ પરાયણતા ઉપદેશે છે કે, કેટલાંક મનુષ્યો સ્વર્ગમાં જશે તથા કેટલાંક નર્કમાં જશે, એમ કહેવા કરતાં આ પ્રમાણે કહેવું વધારે યથાર્થ છે કે. ઉભય સ્થિતિયોનો દરેક મનુષ્યને પોતાનો ભાગ મળશે, (જો આપણેસૂક્ષ્મજીવનના અધમમાં અધમ જીવનને, નર્કના ભયંકર નામથી વ્યવહરીએ તો), તથા જે ભેદ પડે છે તે તો માત્ર તેમના આપેક્ષિક વિભાગો છે.

એટલું મનમાં સ્મરી રાખવાની જરૂર છે કે, સામાન્ય મનુષ્યમાં જીવાત્મા પોતાના વૃદ્ધિક્રમની હજુ માત્ર પ્રારંભક ભૂમિકાએ હોય છે. તેને જો તેની સ્થૂલઉપાધિ સરખામણીમાં સહેલી રીતે ઉપયોગમાં લેતાં આવડી હોય છે, તથા તે વળી સાધારણ રીતે સ્વતંત્રતાથી પોતાના સૂક્ષ્મશરીરદ્વારા પણ કાર્ય કરી શકે છે, તથાપિ પોતાની આ ઉદ્યોગિતાની સ્મૃતિ સ્થૂલમસ્તિક સુધી લઈ જવામાં તે ક્વચિત્ જ વિજયી નિવડે છે; પરંતુ તેનું માનસિકશરીર હજુ સુધી કોઈ પણ યથાર્થ અર્થમાં એક ઉપાધિ રૂપે નથી, કારણ કે પેલાં બે અધમ શરીરોનો તે ઉપયોગ કરી શકે છે તેમ તે આનો ઉપયોગ કરી શકતો નથી, તેમાં આસપાસ ફરી શકતો નથી તથા તેની ઇન્દ્રિયોને સામાન્ય માર્ગે જ્ઞાન પામવામાં પણ યોજતો નથી.

તેટલા માટે આપણે તેનો એવો વિચાર કરવો ન જોઇએ કે, તે કંઇ મહાન્ ઉદ્યોગિતાની સ્થિતિમાં છે અથવા તે જેમ સૂક્ષ્મભુવનનાં ઉપભુવનોમાં સ્વતંત્રતાથી ફરી શકતો હતો તેમ ફરી શકવાને તે શક્તિવાન નથી. તેની અત્રે મૂખ્યત્વે કરીને ગ્રાહકના જેવી સ્થિતિ હોય છે તથા જેનો બહિર્ દુનિયા સાથેનો સંબંધ માત્ર તેની પોતાની બારીઓદ્વારા હોય છે, અને તેટલા માટે ઘણો જ હદવાળો હોય છે. જે મનુષ્ય આ ભુવનમાં સંપૂર્ણ ઉદ્યોગિતા દર્શાવી શકે છે તે, ખરેખર ક્યારનોએ મનુષ્ય કરતાં વધારે છે, કારણ કે તે પ્રશંસનિય જીવાત્મા છે, મહાન્ અને ઉચ્ચ વૃદ્ધિ પામેલું સત્ત્વ છે. તેની સંપૂર્ણ ચેતના અત્રે જાગ્રત હોય છે, તથા સામાન્ય મનુષ્ય જેમ સ્થૂલશરીરનો ઉપયોગ કરે છે તેમ તેની માનસિક ઉપાધિનો છૂટથી ઉપયોગ કરે છે, અને તે દ્વારા ઉચ્ચ જ્ઞાનનાં વિશાલ ક્ષેત્રો તેને ખુલ્લાં થઈ જાય છે. પરંતુ આથી થોડી વૃદ્ધિ પામેલાનો આપણે હજુ વિચાર ચલાવીએ છીએ,—જેને પોતાની બારીયો છે. અને માત્ર તેમના દ્વારા જ જુએ છે. તેનું સ્વર્ગ સમજવા માટે આપણે બે વાતનો વિચાર કરવાની જરૂર છે; તે ભુવન પોતાની સાથે તેનો સંબંધ તથા તેનો તેના મિત્રો સાથેનો સંબંધ. ભુવન ઉપરનાં પોતાનાં પરિવર્તનો સાથેના પોતાનો સંબંધ વિશેનો પ્રશ્ન ઉભય વિભાગમાં વહેંચાઈ જાય છે, કારણ કે પ્રથમ તો તેના વિચારથી ઘડાયેલા તે ભુવનનો જડ વિશે વિચાર કરવાનો છે તથા તેની કામનાઓના પ્રતિ ઉત્તરમાં જાગ્રત કરાયેલી તે ભુવનની શક્તિયો વિશે અન્ય વિચાર કરવાનો છે. હું પ્રથમના વ્યાખ્યાનમાં સમજાવી ગયો છું કે મનુષ્ય પોતાની જાતે વિચાર-સ્વરૂપોથી કેવી રીતે વિંટળાય છે; અત્રે આ ભુવન ઉપર આપણે વિચારનો યથાર્થ સ્થાનમાં આવીએ છીએ, તેથી સ્વાભાવિક રીતે આ ઉભય વિચારોના સંબંધમાં આ સ્વરૂપો અત્યંત અગત્યનાં છે. અત્રે તેની આસપાસ જીવતી શક્તિયો હોય છે, ભુવનનો મહાન્ દિવ્ય દૂતો જેવા વસનારાઓ, અને તેમનો કેટલાક સમૂહો મનુષ્યની અમુક કામનાઓને જલદી ગ્રહણ કરે છે તથા જલદીથી તેમનો પ્રત્યુત્તર વાળે છે. પરંતુ સાહજીક રીતે જ તેના વિચારો અને કામનાઓ, ઐહિક જીવનમાં પ્રથમથી તૈયાર હોય છે તેવા પ્રકારનાં જ હોય છે. એમ લાગે કે, જ્યારે તે આ ઉચ્ચ શક્તિ અને દિવ્યતાના ભુવનમાં આવશે ત્યારે, તેને અદ્યાપિ સુધી માલૂમ નહતી તેવી દિશાઓમાં કાર્ય કરવાને તે ઘણી સારી રીતે તૈયાર થશે; પરંતુ આમ સંભવિત નથી. તેનું માનસ શરીર, તેની અધમ ઉપાધિયો જેવા જ કામમાં હજુ સુધી કોઈ પણ પ્રકારે નથી, તથા કોઇ પણ રીતે હજુ તે એટલું બધું તેના નિરોધમાં નથી. અનેક

પૂનર્જન્મોના ભૂતકાલદ્વારા અધમ પ્રદેશોમાથી જ સસ્કારો તથા કાર્ય કરવાનો ઉત્સાહ, મેળવવાની તેને ટેવ પડી ગઈ હોય છે, અધમ ઉપાધિયોદ્વારા, મુખ્યત્વે કરીને, સ્થૂલ શરીર તથા કોઈ કોઈ સમયે સૂક્ષ્મદ્વારા, માનસિક સ્ફુરણોને તેમના પોતાના ભુવનમાથી અપરોક્ષ અનુભવવાના માર્ગમા, તેણે ઘણું થોડુજ કર્યું હોયછે, અને તે કઇ એકદમ તેમને ગ્રહણ કરીને પ્રત્યુત્તર આપવાનુ શિખશે નહિ આનુભવિક રીતે જોઇએ તો મનુષ્ય કઈ નવા વિચારોનો આરભ કરતો નથી, પરતુ આ નવિ સૃષ્ટિમાં જે બારીઓદ્વારા જુએ છે, તે દ્વારા તેણે ક્યારનાએ જેટલા મેળવ્યા હોય છે તેટલા જ અનુભવે છે ।

આ બારીઓના સબધમા બે ભેદ ઉભા થવાનો સભવ છે,—કઇ દિશા તરફ પડે છે તથા કેવા પ્રકારના કાચની તે બનેલી છે, ઉચ્ચ વિચારને ગ્રહણ કરવાની અનેક દિશાઓ છે આમાની કેટલીક પ્રેમ અને ભક્તિ જેવી, સામાન્ય રીતે વ્યક્તિત્વના રગથી એટલી બધી રગાયલી હોય છે કે, મનુષ્યના અન્ય મનુષ્યો સાથેના સમધમા જ તેનો વિચાર કરવો ઉત્તમ છ આપણે પ્રથમ એક એવો દૃષ્ટાત લઇએ કે જેમા આ તત્વનો સમાવેશ થતો નથી જેમા માત્ર તેના પરિવર્તનોની અસરને જ લક્ષમાં રાખવાની છે ધારો કે અમુક મનુષ્યની સ્વર્ગમા ઉડતી બારી સગીત છે આ એક અત્રે મહાન્ શક્તિ છે, કદાચ તમે સારી રીતે જાણો છો કે, સગીત મનુષ્યને કેવી અદ્ભુત રીતે ઉચ્ચ સ્થિતિયે લાવે છે તથા તેટલો સમય તેને નવિન સૃષ્ટિનો નવિન માનવિ બનાવી દે છે જો તમે તેની અસર અનુભવી હશે તો તમે સમજી શકશો કે, આપણે આ સમયે એક સમથ શક્તિની હાજરીમાં હોઇએ છીએ જે મનુષ્યના પોતાના છવાત્મામા સગીતનો વાસ નથી તેને તે દિશાની કોઈ પણ બારી ખુલી હોતી નથી, પરતુ જે મનુષ્યને સગીતની બારી હોય છે, તે તે દ્વારા ત્રણ પ્રકારના તદ્દન જુદી જાતના સ્ફુરણો અનુભવે છે, તે સર્વ તેની બારીમા જે રગનો કાચ હોય છે તદનુસાર ભિન્ન પડે છે, એટલુ તો સ્પષ્ટ જ છે કે આ કાચ તેના દૃષ્ટિ પથમા મહા બાધરૂપ છે, તે રગાયલો હોય અને તેથી પ્રકાશના માત્ર અમુક કીરણોને ગ્રહણ કરે, અથવા તે સામાન્ય પદાર્થનો બનેલો હોય અને તેથી અદર પ્રવેશતા તમામ કીરણોને પાછા વાળે તથા ઝાખા પાડી દે દૃષ્ટાત તરીકે, આપણા મનુષ્યો ઐહિકસૃષ્ટિમા હોય છે, ત્યારે તેઓ એક જ પ્રકારના સગીતને અનુભવવાને શક્તિવાન્ હોય છે, ઇત્યાદિ પરતુ ધારો કે તેની સગીતની બારી સારી સ્થિતિમા છે, તો તેને તે દ્વારા શુ મળશે ?

પ્રથમ તો તે, તે સગીત અનુભવશે કે જે તે ભુવનની શક્તિયોની નિયમિત ગતિના પ્રદર્શન રૂપ છે ભુવનોનુ સગીત, એ કાવ્યમય વિચારમા નિશ્ચિતસત્યનો સમાવેશ થાય છે, કારણ કે આ ઉચ્ચભુવનો ઉપર, કોઇ પણ જાતના ગતિ તથા કાર્યથી, સ્વર, અને વર્ણ ઉભયની પ્રકાશિત અક્ષયતા ઉપજી આવે છે સર્વ વિચાર પોતાની મેળે આ પ્રકારે પ્રદર્શિત થતો જાય છે—તેનો પોતાનો તેમ જ અન્યનો—નારદની એક હજાર વીણાઓની પેઠે, મધુર તથાપિ સતત બદલાતા સૂરોના અવર્ણ્ય ક્રમમા પ્રદર્શિત થાય છે સ્વર્ગના યથાર્થ તથા પ્રકાશિત છવનના આ સગીતનુ પ્રદર્શન, તેના અન્ય અનુભવોના, સદાવર્તતા, અને સદા આનદી મૂલસ્થાન રૂપે થઈ પડે છે

બીજું, આ ભુવનના વસનારાઓમાં સત્વોનો એક વિભાગ છે—ક્રિશ્ચિયનો કહે છે તેમ દેવ દૂતોનો મહાન્ ગણ, જેઓ ખાસ સંગીત પાછળ જ લાગેલા હોય છે તથા તે સાધન-દ્વારા અન્યના કરતાં સંપૂર્ણ વિસ્તારથી હમેશાં પોતાની જાતને દર્શાવી શકે છે. પ્રાચીનહિંદુ પુસ્તકોમાં તેમને ગંધર્વોના નામથી ઓળખવામા આવે છે. જે મનુષ્યનો આત્મા સંગીતમા એકતાલ હોય છે તે ખાત્રીથી તેમનું ધ્યાન ખેંચે છે, તથા પોતાની જાતે તેમાંના કેટલાક સાથે સંબધમાં આવે છે, તથા તેથી તેઓથી ઉપયોગમાં લેવાતાં સુંદર નવાં મિશ્રણો, સદા વધતા જંતા આનંદ સાથે તે શિખે છે.

ત્રીજું, સ્વર્ગસૃષ્ટિમા તેના જાતભાઇઓથી થતા સંગીતનો સૂક્ષ્મપરિક્ષક શ્રવણકર્તા નિવડે છે: વિચારો કે તેના પૂર્વે કેટલા બધા ગાયનના ઉસ્તાદો થઈ ગયા છે; નારદ, તુમરૂ, નામમેનાદિ લાં છે, મરેલા નહિ પરતુ ઉદ્યોગિ જીવનથી સંપૂર્ણ છે, તથા તેઓ પૃથ્વિ ઉપર જાણતા હતા તેના કરતા ઘણાજ શ્રેષ્ટ સુરની મિલાવટો તેઓ મિલાવતા હોય છે. ખરેખર આ દરેક અદ્ભૂત એકતાનતાનું મૂલસ્થાન છે અને ઐહિક સંગીતવેત્તાઓની ઘણીક પ્રેરણાઓ યથાર્થ રીતે તેમના સંગીતના માધુર્યનો ઝાંખો તથા ઘણો દૂરનો પ્રતિઘોષ છે. આ અધમસૃષ્ટિમાં જે બુદ્ધિ જોવામા આવે છે તેના કરતા પણ ઘણુ વધારે હોય તે, આપણા પૂર્વે થઈ ગયલાઓની અબાધિત શક્તિયોના માત્ર પ્રતિબિંબ કરતા કઈ વિશેષ નથી; આપણે ધારીએ તે કરતાં વિશેષવાર, જે મનુષ્ય અત્રે ગ્રાહકરૂપે હોય છે તે તેમની પાસેથી કેટલોક વિચાર ગ્રહણ કરે, તથા તેને પુન પ્રદર્શિત કરે, આ અધમ ભુવનમાં બની શકે તેટલો. સંગીતના ઉસ્તાદોએ અમને કહ્યું છે કે, કેવી રીતે એક પ્રતિધ્વનિત થતા તારમાં, કોઈ સંપૂર્ણ મહાન ચીજ કોઈ મહાન્ પ્રસંગનું સંગીત અથવા કોઈ ઉચ્ચ ગમકના સૂરોની ખુબી, કોઈ કોઇ સમયે તેમના સાભળવામા આવે છે, તેમને આવી રીતે શાથી પ્રેરણા આવે છે, કારણ કે જ્યારે તેઓ તેને સુરોના રૂપમાં લખી લેવા માગે છે ત્યારે તેને દર્શાવવાને સંગીતનાં ઘણાં પાનાંની જરૂર પડે છે. આપણે અત્રે જાણીએ છીએ તેના કરતાં સ્વર્ગીય સંગીત કેટલુ ભિન્ન છે તે આથી બરોબર રીતે દર્શાવાય છે; અત્રે તેના જેટલી અસર ઉપજાવવાને કલાકના કલાકો થાય તેટલું ત્યા એકદા મહાન સૂરથી થઈ શકે છે.

જેની ખારી કલા હોય છે, તેના અનુભવો પણ આના સદૃશ જ હોય છે. તેને પણ આનંદની તેવીને તેવી જ ત્રણ સંભાવ્યતાઓ હોય છે, કારણ કે ભુવનનો ક્રમ વર્ણ તેમ જ સ્વરમાં પોતાની મેળે પ્રદર્શિત થાય છે, તથા સર્વ અભ્યાસિયો એ વાતથી જાણીતા છે કે દેવોની એક વર્ણ-ભાષા હોય છે-એક પ્રકારના સત્વોનો સમૂહ કે જેઓ અન્યો અન્ય સાથે પ્રકાશિત વર્ણના ચમકારાઓથી વ્યવહાર ચલાવે છે. વળી મધ્યકાલના સર્વ કલાનિર્મમ પુરુષો હજુ પણ કાર્ય કરે છે—બ્રશ અને કેનવાસ સાથે નહિ, પરતુ તેનાથી ઘણું જ સહેલું તથાપિ તેનાથી ઘણું જ સંતોષકારક, વિચાર શક્તિનડે માનસિક જડને સ્વરૂપ આપવા દ્વારા-દરેક કલા પરાવણ જાણે છે કે, કાગળ અથવા કેનવાસ ઉપરનું કલેહવંત પ્રદર્શન, તેના મનમાંની ભાવના કરતાં કેટલું બધું અસંપૂર્ણ છે, પરતુ અત્રે તો વિચારવું એટલે જ અનુભવવુ છે તથા નિરાશા અસંભવિત છે, વિચારની સર્વ દિશાઓ માટે આની

આજ વાત યથાર્થ છે, તેથી આપણાં સર્વનાં હૃદયવાળાં માનસો અત્રે ગ્રહણ કરી શકે તેના કરતાં યથાર્થ રીતે ઘણું જ ભોગવવાનું અને શિખવાનું ત્યાં છે.

પરંતુ આપણા વિષયના અન્ય વિભાગ તરફ વળીએ તથા જે મનુષ્યો સાથે તેને પ્રેમ હોય છે અથવા જેમને માટે ભક્તિ અથવા પૂજ્ય બુદ્ધિ ધરાવે છે, તેમની સાથે તેમો શો સંબંધ છે, એ વિચારીએ. અમને લોકો ફરી ફરી પૂછે છે કે, આ ઉચ્ચ જીવનમાં તેઓ તેમનાં પ્રેમપાત્રોને મળી શકે અથવા પીછાની શકે, તથા જે જ્ઞાત મૂખાકૃતિઓ વિના તેમને સર્વ વૃથાગર્વરૂપ લાગે તે તેમને માટે આ અતર્ક્ય દિવ્યતામાં તેઓને વૃથા શોધ ચલાવવી પડશે. સારા ભાગ્યે આ પ્રશ્નનો ઉત્તર સ્પષ્ટ તથા નિયત છે: જરા પણ શંકાના છાયા વિના મિત્રો ત્યાં હોય છે, અને તેઓ આપણી સાથે અદ્યાપિ હોય છે. તેના કરતાં વિશેષ સંપૂર્ણ તથા વિશેષ સત્ય. તથાપિ મનુષ્યો વારંવાર પૂછે કે કે, "સ્વર્ગ-જીવનના સુખોપભોગમાં કયારનાએ લાગેલા અમારા મિત્રો વિશે કેમ, તેઓ અત્રે અમને જોઈ શકે છે, તેઓ અમને અવલોકે છે અથવા અમારે માટે રાહ જુએ છે?" ભાગ્યેજ; કારણ કે આ ઉભયવાદના માર્ગમાં ગુંચવાડા ઉભા થાય છે. જો અમુક મૃત્યુપામેલો મનુષ્ય પાછું વાળીને પોતાનાં પ્રેમ પાત્રોને શોક તથા દુઃખમાં રગદોળાયલાં અવલોકે અથવા આથી પણ ઘણું ખરાબ પાપાચરણ આચરતાં જુએ, તો તે કેવી રીતે સુખી થઈ શકે? અને આપણે અન્ય માર્ગ ગ્રહણ કરીએ કે તે જોતો નથી પરંતુ વાટ જુએ છે, તો પણ સ્થિતિ ભાગ્યે જ ઉત્તમ થાય છે. કારણ કે ત્યારે તો તે મનુષ્યને વાટ જોવામાં લાંબો અને કંટાળા ભરેલો સમય વ્યતિત કરવો પડે, ચિંતાનો દુઃખી સમય પ્રાપ્ત થાય, ઘણી વખત તે પણ ઘણા વખત સુધી લંબાય, જ્યારે ઘણાં દૃષ્ટાંતોમાં તે મિત્ર એટલો બધો બદલાઈ જઇને આવે છે કે, તે તેની સાથે મૈત્રિમાં હવે વિશેષ વધારે વાર હોતો નથી. પ્રકૃતિએ આપણે માટે વિવેક પૂર્વક પૂરા પાડેલા નિયમદ્વારા, આ સર્વ ગુંચવણો દૂર થાય છે: મનુષ્યને જેઓ માટે અત્યંત પ્રીતિ હોય છે તેઓ સદા તેની સાથેજ હોય છે તથા સદા તેમની ઉચ્ચ અને શુભ પાત્રતામાં હોય છે, તથા વિરોધ અથવા ફેરફારની છાયા તેમના મધ્યમાં આવી શકતી નથી કારણ કે તે જે ઇચ્છતો હોય છે તદનુસાર તેમના તરફથી સર્વ સમયથી મળ્યાં કરે છે. માનવ કલ્પનાશક્તિ તેને બદલે અમને કંઇક પણ આપવાને શક્તિવાન્ થઈ છે, તેના કરતાં આ વ્યવસ્થા અનંત ઘણી શ્રેષ્ઠ છે; ખરેખર આપણે તેમ આશા પણ રાખી હતી. કારણ કે આ સર્વ શોધો, શ્રેય શું છે, એ વિશેનો માનવ વિચાર છે, પરંતુ સત્ય તો ઇશ્વરનો વિચાર છે. આને સમજાવવાને હું પ્રયત્ન કરીશ.

જ્યારે અમુક મનુષ્ય માટે આપણામાં ગાઢ પ્રેમ સ્ફુરે છે ત્યારે આપણે તેની પ્રબલ માનસિક મૂર્તિ ખડી કરીએ છીએ, અને તે વારંવાર આપણા મનમાં હાજર હોય છે. અનિવાર્ય રીતે આપણે આ પ્રતિમાને સ્વર્ગ-સૃષ્ટિમાં આપણી સાથે લઇ જઇએ છીએ, કારણ કે સાહજીક રીતે તે, તે ભૂમિકાના જડની હોય છે. પરંતુ જે પ્રેમ આ પ્રતિમાને બનાવેછે તથા ધારણ કરી રાખે છે તે એક મહાન્ પ્રબલ સત્તા છે—તે મિત્રનો જીવાત્મા યથાર્થ મનુષ્ય કે જેને માટે આપણને ખરો પ્રેમ હોય છે, ત્યાં પહોચીને તેનામાં અસર ઉપજા-

વવામાં એ સત્તા સંપૂર્ણ રીતે પ્રબલ છે. તે જીવાત્મા સત્વર ઉત્સુકતાથી પ્રતિઉત્તર આપે છે, તથા આપણે તેને માટે જે વિચાર-રૂપ બાંધ્યું હોય છે તેમાં પોતે એકરૂપ થાય છે, અને આ પ્રમાણે પૂર્વે કોઇ સમય કરતાં વધારે સ્પષ્ટતાથી આપણી સાથે, ખરેખરી હાજરીમાં આપણા મિત્રને જોઇએ છીએ. એટલું યાદ રાખો કે, આપણને જેને માટે પ્રેમ હોય છે તે જીવાત્મા માટે હોય છે, શરીર માટે નહિ; અને અત્રે આપણે જેની સાથે હોઇએ છીએ તે જીવાત્મા હોય છે. એમ પૂછવામાં આવે છે કે, "ઠીક, જો મિત્ર પણ મરણ પામેલો હોય તો આ આમ સંભવે; પરંતુ ધારો કે હજુ તે જીવે છે; તો તે ઉભયસ્થાનમાં એક સમયે હોઇ શકશે નહિ." યથાર્થ વાત એમ છે કે, આ ભુવનના સંબંધમાં તો તે ઉભય સ્થાનમાં એક સમયે હોઇ શકે, અને ઘણી વખત બે કરતાં વધારેમાં પણ; અને તે ગમે તો તે આપણે જેને સામાન્ય રીતે મરી ગયલો અથવા જીવતો કહીએ છીએ તેવી સ્થિતિમાં હોય તો પણ જરા ભેદ પડતો નથી. એક જીવાત્મા યથાર્થ રીતે શું છે, એ સમજવાને આપણે પ્રયત્ન કરીએ, અને આપણને સારી રીતે માલમ પડશે કે આ આમ કેમ હોય છે.

જીવાત્મા ઉચ્ચ જીવનની ભૂમિકાનો હોય છે અને તેનું કોઇ પણ પ્રદર્શન હોઈ શકે તેના કરતાં તે ઘણોજ વિશાલ અને મહાન્ છે. તેનો તેના પ્રદર્શનો સાથેનો સંબંધ, એક પરિમાણના (Dimension) અન્યોઅન્ય પરિમાણો સાથેના સંબંધ સદૃશ છે—એક લીટીનો એક ચોરસ સાથે, એક ચોરસનો એક ઘન સાથે. ગમે તેટલા ચોરસોની સંખ્યાથી એક ઘન પેદા થવાનો નથી કારણ કે ચોરસને માત્ર બેજ પરિમાણો છે જ્યારે ઘનને ત્રણ છે. તેથી, નીચેનાં કોઇ ભુવનો ઉપર ગમે તેટલાં વાક્યોથી જીવાત્માને સંપૂર્ણતાથી વર્ણવી શકાશે નહિ, કારણ કે તેની સ્થિતિ તો એક તદ્દન ઉચ્ચ ભૂમિકા ઉપર હોય છે. તે પોતાનો માત્ર સ્વલ્પઅંશ સ્થૂલશરીરમાં માત્ર આ ભુવન ઉપરજ મળી શકતો એવો કેટલોક અનુભવ મેળવવા માટે અવતારે છે; તે એક સમયે માત્ર આવું એકજ શરીર ગ્રહણ કરી શકે છે, કારણ કે નિયમ એમ છે; પરંતુ ગમે તો તે હજારો શરીરો ધારણ કરે તોપણ તે યથાર્થ શું છે તે દર્શાવવાને સંપૂર્ણ નથી.

તે માત્ર એક સ્થૂલ શરીર ધારણ કરે, તો પણ જો તેણે એક મિત્ર પ્રતિનો આવો પ્રેમ જગાવ્યો હશે તો, હંમેશાં તે મિત્રના વિચારમાં એક પ્રબલ માનસિક પ્રતિમા ખડી હોય છે, અને તે વિચારસ્વરૂપ સાથે પોતાના જીવનનું ઐક્ય કરવાથી તે પ્રેમનો પ્રતિઉત્તર આપવાને તે શક્તિવાન્ થાય છે, અને આ પ્રકારે આ ભૂમિકા જે સ્થૂલ કરતાં બે ભૂમિકા જેટલી ઉચ્ચ છે તેના ઉપર તેની યથાર્થ ભાવનામાં તેને તાદૃશ કરે છે, અને તેથી તે તેના ગુણો દર્શાવવામાં તેટલો વધારે શક્તિવાન્ હોય છે.

તે તેમજ આ ઉભય પ્રદર્શનમાં ચેતના શી રીતે ઉદ્યોગિ રહી શકે છે, એ સમજવું હજુ પણ અઘરૂં લાગે છે; આની સાથે એક સામાન્ય સ્થૂલઅનુભવ સરખાવો. આપણામાંના ખુરશીમાં બેઠેલા દરેકને એકજ સમયે વિવિધ સ્થૂલસંસર્ગોનું ભાન હોય છે. તે ખુ-

રશીના તલને સ્પર્શે છે; તેના પાદ ભૂમિ ઉપર આરામ લે છે, તેના હસ્તો ખુરશીના હાથાઓનો સંગ અનુભવે છે, અથવા કદાચ એક પુસ્તક ગ્રહણ કરે છે; અને તથાપિ તેના મસ્તિષ્કને આ સર્વ સંસર્ગો એકીજ વર્ગતે અનુભવવામાં જરા પણ મૂશ્કેલી પડતી નથી; ત્યારે જીવાત્મા કે જે માત્ર સ્થૂલચેતના કરતાં ઘણો જ મહાન છે તેને તેના કરતાં તદ્દન નીચેનાં ભુવનો ઉપર આવાં પ્રદર્શનોનું એકજ સમયે ભાન હોવું કેમ અસંભવિત ગણાય? આ વિવિધ સંસર્ગો અનુભવનાર યથાર્થ રીતે એકજ મનુષ્ય છે; એ વિવિધ વિચાર-પ્રતિમાઓમાં વ્યાપિ રહેતો એકજ પુરૂષ છે, અને તે સર્વમાં તે યથાર્થ છે, જીવે છે, પ્રેમી છે. સદા નિજ શ્રેય સાધતો તે ત્યાંજ હોય છે, કારણ કે અનુકૂલ પરિવર્તનો હોવા છતાં પણ સ્થૂલભુવન ઉપર કદાપિ આપી શકાય તેના કરતાં આ વિશેષ સંપૂર્ણ વર્ણન છે.

એમ પૂછવામાં આવે કે, આથી તેમિત્રના વૃદ્ધિ ક્રમમાં કંઇ અસર થઈ શકે? ખાત્રીથી તે થઇ શકે, કારણ કે તેથી તેને પ્રદર્શનનો એક વિશેષ લાગ મળે છે. જો તેણે સ્થૂલ શરીર ધારણ કર્યું હોય છે તો તે દ્વારા તેણે કયારનાએ સ્થૂલ ઉપદેશો ગ્રહણ કરવા માંડયા હોય છે, પરંતુ તમારાથી તેને અર્પાયલા માનસિક ભુવન ઉપરના વિચાર સ્વરૂપથી શીઘ્રતાથી પ્રેમના સ્વરૂપને કેલવવાને આથી તે શક્તિવાન્ થાય છે. તેથી તમારો તેના માટેનો પ્રેમ તેને માટે ઘણું ઘણું કરે છે આપણે કહેતા આવ્યા તેમ જો તેને માટે તેઓ નિર્માણ થવામાં તે ભાગ્યશાલિ નિવડયો હોય તો જીવાત્મા ઘણી પ્રતિમાઓમાં પ્રદર્શિત થઈ શકે. એક કે જેને માટે ઘણાને પ્રેમ છે, તેને એકજ સમયે અનેક સ્વર્ગોમાં ભાગ બજાવવાનો હોય, અને તેથી તે ઘણીજ શીઘ્રતાથી વિકાસ પામી શકે; પરંતુ આ વિશાલ વધારાનો લાગ એ, એવા પ્રેમમય ગુણોનું અપરોક્ષ પરિણામ તથા બદલો છે કે, જેથી તેના જાતિ ભાઇઓની પ્રેમ ભાવનાઓ તેના પ્રતિ આકર્ષાઈ હતી. તેથી આ સર્વ પાસેથી તે માત્ર પ્રેમ મેળવે છે એટલુંજ નહિ પરંતુ તે દ્વારા ગમે તો આ મિત્રો મરેલા યા જીવતા હોય તો પણ તે પોતાની મેળે પ્રેમમાં વૃદ્ધિ પામે છે.

તથાપિ આ વ્યવહારની સંપૂર્ણતામાં સંભવિ શકે એવાં ઉભય બંધનો છે, એટલું સ્મરી રાખવાની જરૂર છે. પ્રથમ તો તમારામિત્ર વિશેની તમારી પ્રતિમા ઝાંખી તથા અસંપૂર્ણ હોય, તેથી તેના ઘણા ઉચ્ચ ગુણો પ્રદર્શિત થઈ ન શકે, અને તેથી તે દ્વારા તેમને દર્શાવવાને તમે અશક્ત પણ હો. અન્યએ કે તમારા મિત્રના પક્ષે કંઈ વિઘ્ન હોય. તમે કેટલીક અયથાર્થતાથી તેની ભાવના બાંધી હોય; હજુ સુધી પણ જો, તમારો મિત્ર એક ઉચ્ચ વૃદ્ધિહીન જીવાત્મા હોય તો એટલું સંભવિત છે કે, તમે તેની કોઈ દિશામાં વિશેષ કિંમત કરી હોય અને એમ હોય તો તમારી વિચાર-પ્રતિમાનો કોઇ એવો દેખાવ હોય કે જે એ સંપૂર્ણ ન કરી શકે. આમ થવું અસંભવિત છે, તથાપિ કોઇ અયોગ્ય પદાર્થને વિવેક વિના ઉંચે ચઢાવી મારવામાં આવે ત્યારે જ માત્ર આમ થઇ શકે છે. ત્યારે પણ જે મનુષ્ય પ્રતિમાનિર્માણ કરે છે તેને તેના મિત્રમાં ફેરફાર અથવા ખોડ માલૂમ પડતાં નથી, કારણ કે અન્ય તો સ્થૂલ જીવનમાં હોય છે તેના કરતાં થોડો ઘણો પણ વધારે પોતાની ભાવનાને સંપૂર્ણ હોઇ શકે નહિ, પરંતુ તે પ્રથમના કરતાં કંઇક પણ વધારે સારો હોય છે તેથી સ્વર્ગમાં વસનારના સુખમાં કશાની ખામી નથી. તેનામાં જે ગુણો હોય છે તે વડે તમારો મિત્ર ઉ-

જરૂર પ્રતિમાઓ ખડી કરી શકે, પરંતુ જ્યારે તેનામાં એક ગુણ વૃદ્ધિ વિનાનો રહ્યો હોય છે ત્યારે તમે તેને તે પામી ચૂકેલો માન્યો હોય છે માટે તેનામાં તેનો એકદમ ઉદય થતો નથી. માટે જેઓ તેમને નિરાશ ન કરી શકે તેવાઓની પ્રતિમાઓ ખડી કરી શકે છે તેમનો મહાન્ ફાયદો અત્રે જ છે—અથવા કોઇ પ્રકારની નિરાશા સંભવિ શકતી નથી માટે, આપણે એમ કહેવું જોઇએ કે, તેવાઓ કે, જેઓ અધમ મનસ જે ઉચ્ચમાં ઉચ્ચ ભાવના ખડી કરી શકે તેના પણ પાર જવાને શક્તિવાળો. ગુરૂની પ્રતિમા પોતાના મનમાં ધારણ કરતા અભેદવાદીને માલૂમ છે કે અયથાર્થતા પોતાના પક્ષેજ સંભવે છે કારણ કે તેના માનસિક સૂત્રથી માપી ન શકાય એવી સત્તા અને ગાઢ પ્રેમને તે આકર્ષે છે.

પરંતુ એમ પૂછવામાં આવે કે, આ સ્વર્ગસૃષ્ટિના સુખને અનુભવવામાં આટલો બધો પોતાનો સમય જીવાત્મા વ્યતિત કરે છે તેથી તેની લાંબી સ્થિતિના સમયમાં વૃદ્ધિના તેને કેટલા પ્રસંગો પ્રાપ્ત થાય છે? તેના ત્રણ વર્ગ પડી શકે, તો પણ તે દરેકના અનેક ભેદ સંભવિ શકે. પ્રથમ તો તેણે કેટલાક ગુણોદ્વારા આ સ્વર્ગ-સૃષ્ટિમાં કેટલીક બારીઓ ખુલ્લી કરી હોય છે; આટલા બધા લાંબા સમય સુધી તે ગુણોના સતત અભ્યાસ દ્વારા તે તેમને ઘણાજ પ્રબલ બનાવશે, તથા તેના અન્ય પૂનર્જન્મમાં તે બાબતમાં તે ઘણોજ ઉમદા નિવડશે. પૂનરાવર્તન દ્વારા સર્વ વિચારો ઘટ્ટ થતા જાય છે અને જે મનુષ્ય નિઃસ્વાર્થિ પ્રેમ દર્શાવવામાં એક હજાર વર્ષ ગાળે છે તે ખાત્રીથી તે સમયના અંતે બલસહિત તથા સારી રીતે કેમ-પ્રેમ અનુભવવો તે જાણે છે.

અન્ય, જો તે પોતાની બારીદ્વારા એક એવી કામનાને મૂર્તિમતી કરે કે, જેથી તે સત્વોના મહાન્ ગણોમાંના એકાદના સંસર્ગમાં આવે, તો તેને તેમના સંસર્ગને લીધે નિઃસંશય ઘણું મળશે. તેને પૂર્વે અજ્ઞાત હતા એવા સૂરો અને રાગો તેઓ સંગીતમાં ઉપયોગમાં લેશે; જેનો તેને વિચાર પણ નથી એવાં અનેક દૃષ્ટાંતોથી તેઓ કલામાં પણ ભોમિયા હોય છે. પરંતુ આ સર્વ ક્રમે ક્રમે તેના ઉપર તેમનો સંસ્કાર કરશે, અને આ પ્રમાણે તે દિવ્યસ્વર્ગ—સૃષ્ટિમાંથી તેમાં દાખલ થયો તેના કરતાં વિશેષ વૃદ્ધિ પામેલો બહાર નિકળી આવશે.

ત્રીજું એમ છે કે, જો તે લોકો તેમની મેળે તેને શિખવવાને શક્તિવાન્ હોય એટલી સંપૂર્ણ વૃદ્ધિ પામ્યા હોય તો, તેણે નિર્માણ કરેલી માનસિક પ્રતિમાઓ દ્વારા તેને વધારાનું જ્ઞાન મળે છે. વળી એક અભેદાભ્યાસિકે જે ગુરૂની માનસિક પ્રતિમા ખડી કરે છે તેને તે દ્વારા ઘણો જ નિશ્ચિત ઉપદેશ અને મદદ મળે છે, તથા સાધારણ લોકો સાથે આ સાધારણ રીતે સંભવી શકે છે.

આ સર્વની ઉપર અને પાર જીવાત્માનું તેના પોતાના કારણ શરીરમાં જીવન આરંભાય છે—જન્મે જન્મ આ ઉપાધિ તેની સાથે હોય છે, ક્રમવૃદ્ધિ વિના તે બદલાતી નથી. આ દિવ્ય સ્વર્ગ—સૃષ્ટિનો પણ અંત આવે છે, અને ત્યાર પછી અન્ય શરીરોની માફક માનસિક

શરીર પણ મરણ શરણ થાય છે, તથા કારણમાં જીવન આરંભાય છે. અત્રે જીવાત્માને બાં-શોઓની જરૂર રહેતી નથી, કારણ કે આ તેનું યથાર્થ ભુવન છે, અને અત્રે તેનાં સર્વ બં-ધનો દૂર થઇ જાય છે.

માનવોના ઘણા ભાગને હજુ સુધી આટલી બધી ઉચ્ચતાનું ઘણું થોડુંજ ભાન હોય છે; તેઓ સ્વપ્નવત અવલોકયા વિના તથા ભાગ્યેજ જાગ્રત થયલા રહે છે; પરંતુ તેમને હોય છે તેવું દર્શન સત્ય છે, તેમની વૃદ્ધિની ખોટને લીધે ગમે તેટલું હલ્કાણું હોય તો પણ તેઓ પાછા આવે છે તે દરેક સમયે આ બંધનો નાનાં થતાં જાય છે, તથા તેઓ તેમની જાતે વિશાલ થતા જાય છે કે જેથી તેમને માટે આ સત્યજીવન વિશેષ વિશાલ તથા વિશેષ સંપૂર્ણ નિવડે. સુધરવાનું કાર્ય ચાલે છે તેમ તેમ આ કારણજીવન લાંબુને લાંબુ થયાં જાય છે, તથા અધમ ભૂમિકાઓના જીવન અસ્તિત્વની સરખામણીમાં વધતુને વધતું પ્રમાણ ગ્રહણ કર્યાં જાય છે, અને તે જેમ વૃદ્ધિ પામતો જાય છે તેમ માત્ર ગ્રહણ કરવાને નહિ પરંતુ અર્પવાને પણ શક્તિવાન્ થાય છે. ત્યાર પછી જ ખરેખર તે વિજય સમીપ આવી પહોંચે છે, કારણ કે તે પ્રભુનો ઉપદેશ ગ્રહણ કરે છે, યજ્ઞના દિવ્યરહસ્યને શિખે છે, પોતાના જાત ભાઇઓ માટે મદદમાં પોતાના સંપૂર્ણ જીવને સમર્પવાનો શ્રેષ્ટ આ-નંદ, સર્વપ્રતિસ્વની ભક્તિ, માનવ સેવામાં દિવ્યબલ, મેહેનતમાં લાગેલા પૃથ્વિમાતાના પુ-ત્રોની મદદ પરાયણ આ સર્વ દિવ્યસ્વર્ગીયશક્તિયો, આ સર્વ વિશે તે અનુભવ મેળવે છે. આપણા આગળના ભાવિના જીવનનો આ એક ભાગ છે: સુવર્ણ નિસરણીના અધોતલમાં હજુ અમે છીએ તેમને અમારા ઉપર ચઢતાં આવાં કેટલાંક પગથિયાં માલુમ પડે છે, કે જેથી હજુ સુધી તમે તેમને જોયાં નથી તેવા તમને તેમનું અમે ભાન કરાવીએ, તે એટલા માટે કે અત્રે અને હાલ આ દરરોજના ઝાંખા જીવનમાં તમારી આસપાસ વિંટાઈ રહેલી અતર્ક્ય દિવ્યતા પ્રતિ તમે પણ તમારી દૃષ્ટિ ઉઘાડો. અભેદવાદ તમારી પાસે જે શાસ્ત્ર લાવે છે તેનો આ વિભાગ છે—સર્વ માટે આ ઉચ્ચ ભાવિની ખાત્રી. તે નિશ્ચિત છે કારણ કે તે અત્રે કયારનું એ છે, કારણ કે તેનો વારસો મેળવવા માટે આપણી જાતને માત્ર યોગ્ય કરવાની હોય છે.

ઉપસંહાર.

આત્મ કથા.

(મળેલું.)*

પ્રકરણ—૧.

અહં.

(અનુસંધાન-પૃષ્ઠ—૨૭૪ થી.)

જડમાં વળી બે ભાગ, એક મૃત અને બીજો જીવીત—પ્રોટોપ્લાઝમ. ક્યાં જડનો શેષ, ચૈતન્યનો આરંભ, તે કશુંએ નિર્ણય કરી શકાતું નથી. દેહનાં જન્મ વૃદ્ધિ, શૈશવ યૌવન, તેજ સ્ફુરણ, વાર્ધક્યજરાહ્રાસ અને ક્ષયની સાથે આત્માનાં પણ જન્મ વૃદ્ધિ, યૌવન વાર્ધક્ય, ક્ષય વિગેરે અવસ્થાંતર હંમેશ જોવામાં આવે છે. શરીર તો કેવળ ઇન્દ્રિય યોગથી આત્માને બાહ્યજ્ઞાન શિખવાડી તેના અતર્વિહિત જ્ઞાનબીજને અંકુરિત કરી આપે છે, તેથી મનોવૃત્તિયો ફુલફળથી સુશોભિત થઈ ખીલી જાય છે. શરીરના ધ્વંસની સાથે આત્મા ક્યાં લોપ થઈ જાય છે તે કોઈ જાણતું નથી. દેહના ઉપાદાન અને ગોઠવણના વિશ્લેષણની સાથે આત્માની પણ ફરીથી આ દુનિયામાં કોઈ ખબર વાર્તા મળતી નથી. ભક્તની દૃષ્ટિમાં તે પરલોક ગત પણ જ્ઞાનીનાનાં ચક્ષુમાં અદૃશ્ય. અહંતત્વ શોધી કાઢવું બહુજ કઠણ કામ છે; સમજવાને માટે કોશેષ કરવાથી ઉલટી અજ્ઞાનતા વધે છે. પરંતુ જેને લઈ આખી જીંદગી કાઢની પડે છે, જેના નામથી જગતમાં એટલા બધા આડંબર આંદોલન, તે જો ન જોવાયું, ન જણાયું, ન સમજાયું તો સઘળુંજ વ્યર્થ, એ કંઈ સારી વાત નથી. ત્યારે આ શું ભૂતપ્રેતની લીલા, કે જાદુગરના જાદુના ખેલ, મોટા મોટા જ્ઞાની પંડિતોએ સ્વર્ગ-મર્ત્ય બધુંએ માથાકુટ કરી શોધ્યું, સૂક્ષ્મ-પરમાણુ, કીટાણુ, વાયુ, વિદ્યુત ઇથરત્વ સુધી જાણી શકાયું; દેહને કાપી કટકા કટકા કરી નાખ્યો તો પણ અહંત્વની ઠગાઈ પકડી શકયા નહિ. ધન્ય વિધાતાની સૃષ્ટિ જેના ઘુમવાથી સઘળા ઉન્મત્તવત ઘુમી રહ્યા છે, તેને ચોકુંક જોયા જાણ્યા વિના નિશ્ચિન્ત થઇને કેમ રહેવાય ? આટલું બધું લખવું વાચવું શિક્ષા કેલવણી; ભૂગોલ ખગોલનાં જ્ઞાનવિજ્ઞાના લોચન, તર્ક વિચાર ચિંતા ચતુરાઈ, પ્રત્નતત્વ (antiquiry) અને અતીન્દ્રિયતત્વ (occult science) નું અનુસધાન, તો પણ મૂલમાંજ ભૂલ ! અહંજ્ઞાન, શું પંચભૌતિક શરીર—ઇન્દ્રિયની સંયોગ ક્રીયા ? જેમકે ઘડીઆલનાં કળ કાંટા ? દેહેન્દ્રિયના મૂલ ઉપાદાનના મૂલમાં જે કંઈ જોવામાં આવે છે તેના સંવાય સંબંધથીઆવી જ્ઞાન ઇચ્છા વિશિષ્ટ જીવન ક્રીયા ઉત્પન્ન થવાનીતો કોઈપણ સંભાવના જણાતી નથી. આ કેવી અદ્ભૂત પ્રહેલિકા ! કેવું દુર્બોધ્ય રહસ્ય ! જે અહંત્વને માટે મારૂં સર્વસ્વ, હા ! તેને જોઈ શક્યો નહિ, પીછાની શક્યો નહિ. ચિરદિન કેવળ છાયાનેજ પકડીને બેસી રહ્યા છીએ, પદાર્થ ક્યાં ! હે અહં ! તું કોણ, કેવું અને કેટલું છે ? બે જેવું તો જણાય છે. બે જણમાં અનેક મતભેદ સમયે સમયે જોવામાં આવે છે. એક ઉચ્ચમાં, (up stair) અને

* લખનાર—એક સન્યાસિ.

બીજો (down stair) અધમમાં રહે છે. હે આત્મા ! તું શું વિભિન્ન પ્રવૃત્તિના ચિર પરિવર્તન શીલ ચંચલ તરલ તરંગ માત્ર ? ના, તે શિવાય બીજો કો અપરિવર્તનીય ચિરસ્થાયી સાર પદાર્થ ?

અસલ પદાર્થ તો એક, અખંડ વ્યક્તિ, તેમાં છે જ્ઞાન, ઇચ્છા, ભાવ; આ તો થોડું ઘણું સમજાયું. જડનું કોઈ પણ લક્ષણ એમાં નથી, સંપૂર્ણ રૂપે તે સૂક્ષ્મ અતીન્દ્રિય, એમ જણાયું; પરંતુ એની ઉત્પત્તિ શાથી ? મૂલ ક્યાં ? અને અવલંબન આશ્રય વળી શું છે ? શરીર ઇન્દ્રિય યોગથી ક્રીયાશીલ છતાં પણ શરીરનો કોઇ અમુક ભાગ તે નથી, અને કોઈ અમુક જગ્યામાં પણ તે બદ્ધ થઇને રહેતું નથી. ત્યારે પ્રથમ શરીરનું અને આદિતત્વનું અનુસંધાન કરી જોઇએ, ત્યાં પણ કંઇ પત્તો લાગે છે કે નહિ. . . . !

વનસ્પતિ, પશુ ને માણસ, આ ત્રણેનાં મૂલ ઉપાદાન વસ્તુતઃ અંતતઃ—દૃશ્યતઃ એકજ છે. આદૃશ્યમાન્ અણુવીક્ષણીય અતીવ સૂક્ષ્મ અચેતન મૂલ ઉપાદાનના ગંભીરતમ અજ્ઞાત પ્રદેશમાં અદૃશ્ય ભાવથી સૂક્ષ્મતમ સચેતન મૂલ ઉપાદાન ખચીત છે. તેનો વિચાર હમણાં રહેવા દઇને, પ્રથમ અચેતન દૃશ્યમાન્ મૂલઉપાદાનના વિચારમાં પ્રવૃત્ત થઇએ. ખુબ સ્વચ્છ ઘન (thick) તરલ (liquid) જળ જેવો એક તરેહનો પદાર્થ, ઉપર બતાવેલા ત્રણ પ્રકારના જીવ દેહની પ્રથમ અવસ્થા છે. એનું ચાલુ ઇંગ્રેજી નામ પ્રોટોપ્લાઝમ (Protoplasm) શુદ્ધ દેશી ભાષામાં જીવાણુ કહેવાય છે. આ જીવાણુથી વૃક્ષો, પશુ અને માણસ, ત્રણ પ્રકારના વિભિન્ન સંજ્ઞા ધારી જીવદેહની ઉત્પત્તિ છે. એકજ તરેહના મૂલઉપાદાનથી ત્રણ પ્રકારના જીવની સૃષ્ટિ તે ત્રણે નોખાં નોખાં સરજાયલાં જીવનો અભિન્ન જડ જીવ મિશ્ર (animate and inanimate Compound). મૂલપદાર્થ અર્થાત પ્રોટોપ્લાઝમ ઉત્તાપ (heat) દ્વારા ઉના કર્યા પછી તેમાં ત્રણ ચિહ્ન પ્રથમ ઉત્પન્ન થાય છે. તેમાંથી યોગ્ય સમયે એક ઝાડ અન્ય પશુ અને ત્રીજો માણસ માથું ઊંચું કરી નિસરે છે. ત્યારપછી ક્રમોન્નતિના નિયમ (Law of evolution.) વડે તેઓ વધે છે અને પોતપોતાના સ્વભાવનું (Nature) ઓળખાણ આવે છે. સ્વભાવ અને ગુણ સંબંધિ ત્રણેમાં કેટલીક બાબતની એકના દેખાય છે, અવશિષ્ટ બાબતોમાં મૂલગત ફરજોદ—તે એટલો ફરજોદ કે કોઇએ પોતાની વિધિનિર્દિષ્ટ સીમા અતિક્રમ કરી બીજાની પ્રકૃતિ ધારણ કરી શકતો નથી. પરસ્પરમાં સ્વભાવ સંબંધ છે, આદાનપ્રદાન ચાલે છે પરંતુ મૈલિક પ્રકૃતિનો (Elementary nature) વિનિમય (exchange) અસંભવિત છે. જોયું મૂલમાંજ આવું વિસ્મયકારક રહસ્ય !

જડ અને જીવ જગત તો સૃષ્ટિ સ્થલમાં પ્રોટોપ્લાઝમ—જડ અને જીવ શક્તિ મિશ્ર યૌગિક પદાર્થ છે. ઓક્ષીજન, હાઇડ્રોજન, નાઇટ્રોજન, કાર્બન, સલ્ફર, ફૉસ્ફરસ વિગેરે કેટલાક મૌલિક ઉપાદાનના મિશ્રણથી પ્રાકૃતિક અદૃશ્ય ગૂઢ શક્તિ પ્રભાવે તે પ્રોટોપ્લાઝમ રચાયલું છે. જીવજગતનું (animal world) મૂલતત્વ આટલા સુધીજ, ચર્મચક્ષુ, સૂક્ષ્મદર્શક યંત્ર અને વિજ્ઞાન બુદ્ધિની સન્મુખ પ્રતિભાસિત થયું છે. પ્રોટોપ્લાઝમનાં મૂલ ઉપાદાનો જે કે

પર બતાવવામાં આવ્યાં છે તે બધાંએ પૃથ્વીના સર્વ સ્થળે મળી શકે છે. તેમનાં વજન (weight) પરિમાણ (quantity) અને ગોઠવણપ્રણાલી (formation) નું જટિલ તત્વ જો કદાચ જાણી શકાય તો રસાયણ વિજ્ઞાનવિદ પંડિત પ્રોટોપ્લાઝમ પ્રસ્તુત કરી શકશે; માટે કોઇક વખતે જીવકર્તા, જીવસ્રષ્ટા થવાની બાબતમાં તેનો કોઇ વાંધો રહ્યો નહિ. પ્રોટોપ્લાઝમની ગોઠવણપ્રણાલી વજન પરિમાણ અને કુટિલ સન્નિવેશ કીયા અત્યાર સુધી કોઇ જાણી શક્યા નથી, તે માટે જ્ઞાનીઓ ઉદ્ભિજ્જ, પશુ મનુષ્ય સરજવામાં અશક્ત હતા અને હાલ પણ અક્ષમ છે. ઘણાએ આશા કરીને બેઠા છે કે, ભવિષ્યના વૈજ્ઞાનીકો એમ તેમ પડી રહેલા મૃતમૌલિક ઉપાદાન સંગ્રહણ પૂર્વક રસાણિક કીયાવડે તેથી પ્રોટોટેલાઝમ સરજી શકશે. જો કોઇ આ કામમાં સફલતા મેળવી શકે તો ભલે તેમાં મારી મના નથી, પરંતુ એકજ વિધ પ્રોટોપ્લાઝમથી એ ત્રિવિધ જીવ—વનસ્પતિ, પશુ, માણસ ઉત્પન્ન થાય છે તે શું અંધશક્તિનું (Blind force) આકસ્મિક કાર્ય? ના, મૂલમાં કોઇ એકજ ત્રણ ઇચ્છા શક્તિ જણાય છે? જો એમજ હોય તો પ્રોટોપ્લાઝમના મૌલિક ઉપાદાનના અંદરમાં (beyond) જે ત્રિવિધ ઇચ્છાશક્તિ છુપાઇ રહી છે, તે વૈજ્ઞાનિક પંડિતો ક્યાંથી લાવશે? જડ ઉપાદાનના સંયોગથી જીવની ઉત્પત્તિ કેમ થાય છે? આ "કેમ"ની અંદરજ અજ્ઞેય મહાજ્ઞાન અને મહાશક્તિ છુપાઇ રહેલાં છે. મનુષ્ય બુદ્ધિને અગમ્ય, ચર્મચક્ષુ સૂક્ષ્મદર્શક યંત્ર, રસાયણને અગોચર છે. તે ગમે તેમ હો પરંતુ જ્યાં સુધી જોવામાં આવ્યું તે લઇને હવે આપણે વિચાર કરીએ. વનસ્પતિ, પશુ, માણસ, આ ત્રણેનાં મૂલ ઉપાદાન એક જ છે. જે ત્રણ ચિહ્નોની વાત પહેલાં કહેવામાં આવી છે, તે પણ જોવામાં એક સરખાંજ છે: પણ એક ચિહ્નમાંથી શાખાપત્રવાળું ઝાડ, બીજામાંથી નખપાદ પુછતનું વાળો ચતુષ્પાદ પશુ દેહ અને ત્રીજામાંથી દિવ્યમસ્તક ધારી હાસ્યવદન બેપગવાળો માનવ જીવ મનુષ્ય સંતાન જન્મ્યું. નિર્દિષ્ટ નિયમ વડે વધી તેઓ પોતપોતાના માર્ગે ચાલી સ્વસ્વકર્તવ્ય અને ઉદ્દેશ્ય સાધન કરવા લાગ્યાં. સાબાશ! બલિહારી જાદુગરના ખેલની! ત્રણેનું મૂલ ઉપાદાન પ્રોટોપ્લાઝમમાં પ્રથમ જીવશક્તિ બિલકુલ હતી જ નહિ તે વિશે ઘણાએ ઘણી રીતે પરખી તપાસી જોયું છે; તે ફક્ત ચૈતન્ય વિહીન પરમાણુઓની સંહતિ માત્ર છે. કુંભાર જેમ એક જ માટીના પિંડમાંથી કોઇને ઘટ, કોઇને પાટલાનો, કોઇને વાઘનો, કોઇને ગાય, કોઇને લક્ષ્મીનારાયણ, કોઇને ભગવાન મહાદેવ એવા આકાર અર્પે છે તેથી એકજ પ્રોટોપ્લાઝમથી વિધાતા પુરૂષે, વનસ્પતિ, પશુ અને માણસ ઉત્પન્ન કર્યા છે. મૂલમાં તો જીવશક્તિ નહિ, પછી વળી ક્યાંથી તેમાં તે શક્તિ આવી? જેણે કુંભાર થઇ પ્રતિમા ઘડી છે, ચિત્રકાર થઇ ચિતર્યું છે, જ્યાં જે ચીજ જોઇએ તે ત્યાં બેસારી શણગારી છે, તે પોતે જ વળી પુરોહિત થઇ તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરી. અથવા એમ કહીએ તો ચાલે કે તે સ્વયં જીવન થઇ જીવદેહમાં વિચરવા લાગ્યું. આ વિશ્વદેહની તે એક જ જીવની શક્તિ વિશ્વાત્મા, પરમપુરૂષ છે. જે અહંનો એટલો બધો આડંબર તે તો આ અનંત વિશ્વાત્માની મહાશક્તિનો વિકાસ છે. તે માટે અહંની આટલી બધી શેખી? આ અવિભાગી અદ્ભુત જીવની શક્તિ દેહની કર્મેન્દ્રિય અને આધ્યાત્મિક જ્ઞાનેન્દ્રિયોને પોષણ કરનારી અને ચલાવનારી છે. તે દ્વારાએ દેહ આત્મા એક સાથે સંયુક્ત અને ઉભય જીવિત તથા કર્મશીલ છે. ને દેહ માત્રની જીવની શક્તિ વિદેહ આત્મામાં અનંતપ્રાણરૂપે પ્રતિષ્ઠિત છે.

આવી રીતે વિચાર કરવાથી અને મૂલતત્વ શોધવાથી શું સમજાયું ? પહેલાં કરતાં હમણાં વિસ્મય રહસ્ય વધારે અઘરૂં અને ઉંડું થઇ ગયું. ક્ષુદ્ર અહંને સમજી શકાતું નથી તે ઉપરાંત વળી તે જો અનંત સર્વ શક્તિમાન્ પરમાત્મા પરમ પુરૂષનો આભાસ બન્યું જાય તો, રહસ્ય વિસ્મય ખુબજ વધી ગયું. હવે આટલું જ રહેવા દો, વધારે ઉથલાવવાનું કામ નથી; છેવટે ખોદતાં સરપ નીસરી પડશે. આરંભતો આ સ્થળે, મધ્ય અને શેષ ભાગ કેવો, તે પરંપરા વિચાર કરી જોવું જોઇએ. પહેલ વહેલાં અધિકાધિક તત્વપ્રિય બનવાથી ચાલશે નહિ, અને ઘર સંસાર તથા કુટુંબ કબીલા પણ રહેશે નહિ. જે માટે જન્મ લેવો પડયો, તે કામ પ્રથમ થવું જોઇએ. હાલમાં તો હવે અનંતના ક્ષુદ્રદ્વાર સ્વરૂપ અહંત્વની અંદરથી તે ગંભીર વિસ્મયકારક રહસ્યના અનંત ભંડાર પરમાત્મા પરમ પુરૂષને વિસ્મિત વિનિત અંતઃકરણથી એકવાર પ્રણામ કરી, તદનંતર જીવન ગતિના અનુસરણમાં પ્રવૃત્ત થઇએ છીએ.

(આગળ ચાલું.)

ન્યાય.

(વ્યાપ્તિખંડ.)*.

પ્રકરણ—૩.

(અનુસંધાન—પૃષ્ટ—૨૭૩ થી.)

એકાદ યંત્રને ચલાવનાર કારણ કોઈ નદીનો પ્રવાહ છે, પરંતુ તે પ્રવાહથી યંત્ર ગતિમાં આવે તેને માટે યંત્ર અને પ્રવાહની વચ્ચે સંયોજન થવાની અપેક્ષા છે. આમ છે એટલે પ્રવાહ તો છે જ, પણ એ યંત્રથી દળવાનું, વણવાનું, કે જે કોઈ કાર્ય થતું હોય તે કાર્યના કારણરૂપે યંત્રાવયવોનાં સંયોજન, પ્રવાહને નિયમવાનાં સાધન, ઇત્યાદિને ગણી લેવામાં આવેછે.

ખોરાકનાં તત્વો હવામાંહેલા ઓક્ષીજન સાથે સંયોગ પાળે એજ જીવન શક્તિનું નિદાન છે. પરંતુ એ પ્રકારે ખોરાકનાં તત્વો અને હવાના ઓક્ષીજનનો યોગ થાય તે સારૂ એટલી બધી સંયોજનાની અપેક્ષા છે, કે આપણે મૂલ કારણને મૂકી તેના વિષે જ મુખ્ય વિચાર કરવો પડે છે. કોઈ માણસના સામર્થ્યનું કારણ આપણે સારી પાચનશક્તિ, મજબુત ફેફસાં, ઇત્યાદિ બતાવીએ છીએ; અને ખરા મૂલ કારણ ઉપર લક્ષ પણ કરતા નથી. એમ કારણ સ્પષ્ટજ છે કે પાચનક્રિયા, શ્વાસક્રિયા, ઇત્યાદિ અતિગુંચિત સંયોજનોના વિના ઓક્ષીજનના સર્વ સામાન્ય ભંડારમાંથી શક્તિનો વિનિમય સ્નાયુબલ, જીવનબલ, આદિરૂપે થવો અશક્ય છે.

---

* રા. રા. મણિલાલનો એક અપ્રસિદ્ધ અપૂર્ણ ગ્રંથ.

કોઈ માણસ છેક નબળાઈથી શિથિલ થઇને પડયો હોય તેને અશ્વીણના સત્વનાં બે ટીપાં પાવાથી તે ઉઠીને દોડવા માંડે તો ત્યાં કારણ તે કાર્યનું પરિમાણ અતિવિષમ છે. કારણની અમુક શક્તિ તેટલાજ વેગરૂપે પરિણામ પામી એમ નથી. એટલે જે સારી અસર થઇ તે શક્તિના વિનિમય રૂપ માનવાની નથી. પણ શરીરગત પોષણને શરીર વ્યાપાર રૂપ વેગ પરિણામ સુધી લાવવાને અપેક્ષિત જે સંયોજન તેમાં જે ખોગાડ હતો તે મટાડવાનું કામજ ઔષધે કરેલું છે એમ સંયોજન પ્રકાર રૂપે જ આ ક્રિયા માનવાની છે.

વેગસંધાનના નિયમનું આપણને જે જ્ઞાન છે તેથી કરીને પ્રત્યેક કાર્યનું કારણ—અંત્ય-કારણ—બતાવવામાં આપણને ઝાઝી અડચણ આવતી નથી. પણ જે વચલાં સંયોજન તે તેજ સમજવાં બાકી રહે છે. જ્વાલામુખી પર્વતો હોવાની વાતનું કારણ થોડાં વર્ષ ઉપર બરાબર સમજવામાં ન હતું. એ કારણ વેગસંધાનના નિયમને આધારે સમજાયું છે. પૃથ્વીની અંદરની ઉષ્માશક્તિ અમુકઅમુક સ્થાને, યાંત્રિકવેગરૂપે, પરિણામપામે છે. પરંતુ આવું કાર્ય થવામાં જે સંયોજનની અપેક્ષા છે તે હજુ જાણી શકાતું નથી. આજ પ્રકારે વિશ્વના વ્યાપાર માત્ર શક્તિના વિનિમય રૂપે કહી શકાય છે ખરા, પણ સંયોજનજ જણાતાં નથી.

૧૨. સંયોજનને શક્તિના પ્રકાર રૂપે પણ ગણી શકાય.

શક્તિ છે તે સ્થિતિમાં રહેલું બલ છે, સંયોજન ગતબલ છે, ફોડવાના દારૂમાં શક્તિ રહેલી છે, અથવા સંયોગ પામી શકે એવાં તત્ત્વો સંયોજનમાં આવી રહેલાં છે. આવી શક્તિના પ્રસંગોમાંજ આપણે પૂર્વનો કોઇ વેગ કે શક્તિનો વિનિમય વિનો કાર્યકારિત્વ ઉપજાવતા હોઇએ એમ લાગે છે. આવા પ્રસંગોમાં અમુક બલનો અમુક વિનિમય એ પ્રકારે કારણતા બતાવી શકાતી નથી. આખો તોપ એક બોલકના સ્પર્શથી ઉછળી ઉઠે, નાયકના એક શબ્દથી, કે રાજાના એક બિલાડાથી, આખો દેશ પાયમાલ થઇ જાય, આવાં બધાં પ્રસંગોમાં કારણતા કોઇ વિશેષ રૂપેજ રહેલી હોય છે. અત્ર શક્તિનો વેગ રૂપે વિનિમય થયેલો છે એમ નથી, પણ માત્ર અમુક આયાસ થકી શક્તિરૂપે સંયોજનનો વેગરૂપે સંયોજનને આકારે પરિણામ થયેલો છે. કોઇ વજનને ધારણ કરી રહેલી દોરીને કાપવી, પાણી આપવાનો દરવાજાને ઉંચો કરવો, દારૂને તણખો લગાડવો, એ બધાં એનાંજ ઉદાહરણ છે.

૧૩. જેમ કારણનો અર્થ સર્વદા, વેગ સંધાનના નિયમાનુસાર બલ વિનિમય એટલોજ થતો નથી તેમ કાર્યનો અર્થ પણ સામર્થ્યપ્રાપ્તિ એવો થતો નથી. સંયોજનના પ્રકારાન્તરને પણ કાર્ય એવું નામ આપવામાં આવે છે. ——

કાર્યકારિત્વ રૂપ સામર્થ્ય ઘણીવાર ખર્ચવામાં આવે છે, પરંતુ તેમ કર્યાથી ખર્ચેલા સામર્થ્યની બરાબર ફલ થાય એમ નથી હોતુ, સામગ્રીનું પુનઃસંયોજન કરવાનુંજ હોય છે. ખાણમાંથી પથરાને ઘર બાંધવા માટે ઉંચે આણી મૂકવા એ આવોજ પ્રકાર છે. અમુક ક્રિયાકારિત્વ રૂપ સામર્થ્ય વપરાયું પણ તેનુ ફલ પથરાના સંયોજનમાં ફેરફાર થયો એ વિના અન્ય નથી. ખાણમાંથી પથરા બહાર આવ્યા.

ત્યારે એટલું સિદ્ધ થાય છે કે કોઇ પણ કાર્યનું કારણ તેના પૂર્વભાવી—નિયતપૂર્વવર્તી—

પ્રસંગોમાં=સામગ્રી, સંયોજનમાં–શોધવું જોઇએ. એમાં પણ જે અનન્યથાસિદ્ધ અને નિયત પૂર્વવર્તી હોય તેજ કારણ એમ સમજવું.

કારણતાના સ્વરૂપ વિષે કેટલાક તત્ત્વવેત્તાઓના જે વિચાર છે કે કાલ, દિક્; અને કારણતા એ ત્રણનું આપણે જ્ઞાન પામી શકીએ, દ્રષ્ટ અને દૃશ્યનો દ્વૈતાનુભવ કરી શકીએ, તેની સામગ્રી રૂપજ છે–માત્ર મનોધર્મજ છે, વસ્તુતઃ બાહ્યવિશ્વમાં છેજ નહિ, તે વિષે અત્ર ચર્ચા કરવાથી અતિ પ્રસંગ આવી જાય એમ છે. પાશ્ચાત્ય તત્ત્વવેત્તાઓમાં કેન્ટ પ્રભૃતિ પંડિતોનું એવું મત છે, તેમ અત્રત્ય અદ્વૈતમતાનુયાયીમાં ગૌડપાદ, શંકર આદિનો અજાતિ વાદ પણ તેજ પ્રકારનો છે. આ લેખમાં તો કારણતાને બાહ્ય વિશ્વગત સંભવાદિમાં સિદ્ધ માની લેવામાં આવેલી છે, અને તેમ માનવા ઉપરજ વ્યાપ્તિ નિર્દેશનો આધાર છે, આટી વ્યાપ્તિખંડ રૂપ ન્યાયને સ્થાને કોઇ અન્ય પ્રકારનો, પાશ્ચાત્યપંડિતોમાં હેગેલે અને અત્રત્યમાં શંકરાદિએ રચ્યો છે તેવો ન્યાય રચવાની આવશ્યકતા આવી પડે.

૧૪. જ્યાં ઘણાંક કાર્યકારિત્વનો સંયોગ થાય ત્યાં કાર્ય તે બધાંનો સરવાળો કે અવશેષ રૂપ સમજવું; જો તે એક દિશાવાળાં હોય તો સરવાળો, અને વિરુદ્ધ દિશાવાળાં હોય તો અવશેષ.

એકજ દિશામાં બે કારણો બલ કરતાં હોય ત્યાં કાર્ય રૂપ ફલને ઉભયના સરવાળા રૂપ જ થવાનું; જ્યાં સામસામે બે કારણ તાણતાં હોય ત્યાં તેમનામાંથી જે બલવત્તર હોય તે, કોઇક ભાગ સામા કારણને અર્પી, અવશેષ બલાનુસાર કાર્ય ઉપજાવવાનું. જ્યાં કારણો આ પ્રકારે બરાબર સામસામે ના હોય ત્યાં તો યંત્રશાસ્ત્રમાં જેને "બલનો ચોખુણ" કહે છે તેના નિયમાનુસાર કાર્યની દિશા નક્કી થાય છે.

રસાયનિક પ્રયોગોમાં પણ ઘણાંક કાર્યકારિત્વના સંયોગ થાય છે; ઓક્સિજન અને હાઇડ્રોજન મળીને પાણી ઉપજે છે, પરંતુ આવો સંયોગ બલસંયોગ રૂપ નથી, પણ અમુક પ્રકારનું સંયોજન માત્રજ છે એમ સમજવું.

(આગળ ચાલુ.)

સુદર્શન.

(પુસ્તક—૧૮. ઇ. સ. ૧૯૦૨—૧૯૦૩)

" सत्यं परं धीमहि । "

તન્ત્રી.
આનન્દશંકર બાપુભાઈ, ધ્રુવ.
ઉપતન્ત્રી—
વિશ્વ વિહારી—અનુજ.

સુદર્શન.

પુસ્તક—૧૮—મું

અનુક્રમણિકા.

વિષય.	લેખક.	પૃષ્ઠ.
અ.		
અનુભવ વાક્યાવલિ	ઉપતંત્રી	૬૦.
આ.		
આત્મ કથા	એક સન્યાસિ	૨૭૨.
આધુનિક અવલોકન	શાન્ત.	૨૦૪.
આર્યાવર્ત	ઉપતંત્રી	૧૭૦.
ઉ.		
ઉપનિષદની ઉપદેશ વાર્તા	એક સન્યાસિ	૧૫૩–૧૮૩–૨૧૧–૨૯૮–૩૪૫
એ.		
એક સ્વપ્ન	કૃષ્ણ	૨૫૪
એમર્સન	(મળેલું)	૧૬૦.
ક.		
કાવ્ય.		
અખંડાનંદ	બાલ	૨૨૬.
અતિ દીર્ઘ આશા	(મળેલું)	૩૩
આત્મનિવેદન	ઉપતંત્રી	૯૭
આશક	વિલાસિ	૧૬૨.
આશાનો પાશ	મઢડાકર નાગર	૨૨૫.
એક મિત્રને	દાન્ત	૩૫૩.
એકાંત	બ. ક. ઠાકોર	૩૨૩.
ઉપદેશ	(મળેલું)	૨૫૯.
કુમુદાન્યોક્તિ	સાંકળ	૧૯૩.
કૃષ્ણનું સુદર્શન	પ્રા. છ. ત્રીવેદી	૨.
ચાલ સખિ ઉડીયે	લલિત	૩૨૧.
ચોટ	(મળેલું)	૧૬૧.
જમેઇકા	(મળેલું)	૨૯૦.
તારકમંત્ર	મઢડાકર નાગર	૨૫૪.
દિવ્ય સંગીત	દાન્ત	૧૧

પ્રાર્થના.....બ. ક. ઠાકોર.....૨૮૯.
પ્રેમમય જગત.....દાન્ત.....૧૩૩.
બ્રહ્માને ઉપાલંભ !.....ઉપતંત્રી..... ૧.
બોધ.....મયંક.....૧૬૪.
ભ્રાંતિમાં શાંતિ !.....ઉપતંત્રી..... ૬૬.
મનને ઉપદેશ.....(મળેલું)..... ૬૫.
મહેમાનોને પ્રાર્થના.....કાન્ત .....૨૫૭.
માયા.....ઉપતંત્રી.....૨૨૭.
મિત્રને દિલાસો.....દાન્ત.....૨૯૧.
મિત્રને મુક્તિ.....(મળેલું)..... ૬૭.
વિરહ જ્વાલા.....(મળેલું).....૧૩૨.
શાન્તિ ઉદ્ગાર.....ઉપતંત્રી.....૧૩૩.
શું સમજે તું ગુમાર !.....સાંકળ..... ૩૨૩
હૃદય વૃક્ષ.....મહાકર નાગર.....૧૯૩.
ક્રિશ્ચિયન મિશનરીઓ.....ઉપતંત્રી..... ૫૭.
કૃષ્ણ, શ્રી.....ઉપતંત્રી.....૧૯-૮૮-૧૫૬-૨૮૩.

ગ.

ગૌતમબુદ્ધ-શ્રી.....મધુકર..... ૩૩૨

જ.

જડવાદ અને ચૈતન્યવાદ.....બાલ.....૨૧૫-૩૦૨

દ.

દરેક વેદાન્તિને "અભેદ જ્ઞાન મંડલ" માં દાખલ થવાની શી જરૂર ! } ઉપતંત્રી.....૨૨૮.
દર્શનશાસ્ત્રની ઉત્પત્તિ અને ફેલાવ.....એક સન્યાસિ..... ૭૮.
દીક્ષાનાં સાધનો.....ઉપતંત્રી.....૧૯૬

ધ.

ધમ્મપદ..... .....ઉપતંત્રી.....૧૮૬

ન.

ન્યાય. (વ્યાપ્તિખંડ()).....મ. ન. દ્વિવેદી.....૧૪૯-૧૭૬-૨૨૨-૨૬૮

પ.

પ્રશ્નોત્તરમાલા.....ઉપતંત્રી.....૩૯-૧૧૦.
પ્રાસંગિક.....ઉપતંત્રી.....૯૫-૧૬૪-૨૫૫.
પ્રો. મેક્ષમુલર અને રહસ્યવાદ.....ઉપતંત્રી..... ૮.
પ્રેમતત્વ.....એક સન્યાસિ.....૧૧૩.

ભ.

ભારતવર્ષીય ઇસક્રસ ફેબલ્સ.....લ. જી. ગારતર.....
ભ્રાતૃત્વ ભાવના વાદ.....ઉપતંત્રી.....

મ.

મરણ પછીનું જીવન. (પાપમોચન સ્થાન)...ઉપતંત્રી.....
મરણ પછીનું જીવન. (સ્વર્ગ સૃષ્ટિ.).....ઉપતંત્રી.....
મહાવીર ચરિત.....ઉપતંત્રી.....
માર્ગ પ્રદીપિકા.....ઉપતંત્રી.....૩૬
મિતાક્ષરી.....બ. ક. ઠાકોર.....

ય.

યોગ.....ઉપતંત્રી.....૧૦૦–૧

૨.

રાજયોગ.....ઉપતંત્રી.....૪–૭૨–૧૩૪–૨

વ.

વિવેક અને અભેદ.....તંત્રી.....

શ.

શરીરિ અને તેનાં શરીરો.....ઉપતંત્રી.....
શિષ્ય વૃત્તિ.....ઉપતંત્રી.....

સ.

સદ્વિજ્ઞાન વધારવાની આવશ્યકતા.....અ. મા. ભટ્ટ.....
સુખશાંતિ.....ઉપતંત્રી.....
સુખ શાન્તિનો ઉદ્દેશ.....ઉપતંત્રી.....૧
સ્ટીમરમાં ધર્મકથા.....એક સન્યાસિ.....
સ્વામીશ્રી વિવેકાનંદનો પત્ર.....કૃષ્ણ.....

હ.

હું શા માટે હિંદુધર્મ પાળું છું ?.....ઉપતંત્રી.....

જ્ઞ.

જ્ઞાન.....ઉપતંત્રી.....

સાવધાન ! સાવધાન ! સાવધાન !

આશા છોડી બેઠેલા દરદીઓ સારા થયા છે

મદનમંજરી

લોહી સુધારી વિર્ય વધારી શક્તિ આપે છે કોઇ પણ કારણથી જતા વીર્યને અટકાવી નપુંશકપણાનો નાશ કરે, નીરોગી વાપરે તો આયુષ્યમાં વધારો કરે છે

રમણવીલાસીની—વીર્યવાન અને વીલાસી પુરૂષોને સ્ત્રી સમક્ષ સ્તંભન કરી આનંદ આપે છે કીંમત ગોળી ૧૬ ની રૂ ૧) પોસ્ટેજ જુદુ

નપુંશકત્વારીવૃત—આ દવા લગાડવાથી હસ્ત કર્મથી થયેલા પુરૂષના ગુપ્ત ભાગની શિથીલતા, વક્રતા નસોની કમજોરી, વગેરે દુર થઇ પરીપૂર્ણ શક્તિ પ્રાપ્ત થાય છે

મેહમર્દનચુર્ણ—ફક્ત ત્રણ વખતજ લેવાથી પેશાબમાં થતી બળતરા એકદમ શાંત થાય છે અને વીસે જાતના પ્રમેહ તેના થોડીજ મુદતના સેવનથી નાશ પામે છે કીંમત તોલો ૧૦ ની રૂ ૧) એક, પો૦ જુદુ

મોતીનો સુરમો—આખના તમામ દરદો મટાડેછે ફક્ત અમીરોનાજ માટે ઘીળો તોલા ૧ ના રૂ ૧૦ કાચો તોલા ૧ ના રૂ ૧૧ સવા, પો૦ જુદુ

અગત્યની સુચના—અમારી દવાઓનું મોટુ વેચાણ જોઇ તેની નકલો ઘણા લોકો કરવા લાગ્યા છે તો તેવા લોકોની મોટી મોટી જાહેર ખબરોથી ન ઠગાતાં અસલી કોણ અને નકલી કોણ તે જોઇ મેહરબાની કરજો વળી જણાવવુ જોઇએ કે અમારૂ કુટુંબ વૈદક તરીકે લગભગ બસો વરસ થયા પકડેલું છે

રાજવૈદ્ય નારાયણજી કેશવજી,
મારકેટ—આયુર્વેદોદય ઔષધાલય, જામનગર

જામનગરમાં અમારે ત્યાં વંશ પરંપરાથી બનતો આવેલો સાચા મોતીનો સર્વોત્તમ સુરમો

નેત્રોના લાખો દરદીને આરામ થએલો

રોગી અને નિરોગી બનેને લેવા લાયક શુદ્ધ સાચા મોતીનો સુરમો—શૉર્ટ સાઇટ (ટુંકી નજર) અને આખમાં સફેદ છારીયાને મેલનું નંખવુ તથા સાજી આખવાળા માણસે હમેશ આંજે તો આખના તેજમાં વધારો કરી નવા પેદા થતા દરદને અટકાવે છે તેમજ આ સુરમો આજતારને ચશમાની જરૂર પડતી નથી વળી ઘડપણમાં આધાશી થવાની દેહ મત દુર કરે છે આ સુરમો તમામ જાતના દરદો જેવા કે—રતાંધળાપણ, આખની ગરમી આખનું દુખવુ ગતાશ, કણ જાખ પડદી આજવાળાથી આજાઈ જવુ પાપણોનું ખરવુ પાણીનુ ઝરવુ આજણીનુ વારવાર થવ ટુંક મુદતમાં પડેલા ફુલા નજરો વીગેરે દરદનો આ સુરમો જડમુળથી નાશ કરે છે તેમ જ ઘણું વાચવાથી તથા ગામના ધુમાડાથી અઘલા બીજા હરકોઈ કારણોથી નબળી થઈ ગયેલી આખોને આ સુરમો ઘણો ફાયદો કરે છે, તથા મુળ સ્થિતિમાં લાવે છે નણ રૂપાની કીંમત તથા ગુણ સરખા જ છે એક તોલો સુરમો ઓછામાં ઓછો બાર માસ ચાલશે તોલા એકની કીંમત રૂા ૧-૮-૦ પોષ્ટે જુદુ

વોરા ઇસાજી મુસાજી સુરમાવાળા મુ. જામનગર

આતંકનિગ્રહ ગોળીઓમાં વપરાતી દવ

આતંકનિગ્રહ ગોળીઓમાં આવતી દવાઓ વિષે આજ સુધી ઘણા વિદ્વાનો અજાયબી સાથે વિચાર કર્યા કરે છે કે એમાં કઈ કઇ દવા વપરાતી હશે? અમારા તરફથીજ જણાવવું ઉપયોગી ગણાશે કે એ ગોળીઓમાં—તાકાત ર તેજને વધારનારી, દસ્તક સાફ લાવનારી, જ્ઞાન તંતુઓને મજબૂત કરનારી, યા તાજી કરનારી, પાચન શક્તિને, લોહીને, વીર્યને તથા ગર્ભાશયને સુધારનારી અને બાંધાને કદાવર તથા મજબૂત કરનારી વૈદ્યકશાસ્ત્રમા ખાસ વખણાયેલી તાજી વન વાપરવામા આવે છે, અને તેથીજ એ ગોળીઓ શરીરના દરેક અવયવની નબળા નપુંસકપણાને મટાડે છે, સ્વપ્નમાં તથા પેશાબમાં થતા ધાતુસ્રવને અટકાવે છે, કામના, કોઇની વાત સાંભળવાના તથા અભ્યાસના અણગમાને દૂર કરે છે ર તથા પ્રમેહનો નાશ કરે છે

કિંમત ગોળી ૩૨ ની ડબી ૧ નો રૂ ૧,એક

અમારે ત્યાંથી કામશાસ્ત્ર નામનું ઉપયોગી પુસ્તક મફત મળે

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદ

આતંકનિગ્રહ ઔષધાલય—સ્થાપિત ઇસ્વીસન ૧

હેડ ઓફીસ—જામનગર-કાઠિયાવાડ

બ્રાંચ ઓફીસો

ન ૧	ન. ૨	ન. ૩	ન ૪	ન.
મુંબાઈ	કલકત્તા	પુના-સીટી	વડોદરા	અમ
કાલબાદેવી રોડ.	હેરીસનરોડ	બુધવાર પેઠ	રાવપુરા.	રીચ